ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો

## (ભાગ–૨)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**૫૮૦, જૂની માણેકવાડી,**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭**

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨૩–૧૦–૨૦૧૪ (વીર નિર્વાણ કલ્યાણક દિન)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૨૪ + ૮ = ૪૩૨
પડતર કિંમત : ૮૦૦/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ડ, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈ રહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદ્રષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદ્રષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે તો સત્શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ

રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઈડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઇત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો

ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દૃશ્યો તાદૃશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ આઠ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્‌કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવ-કાળ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

તા. ૧૨-૮-૨૦૧૪, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૧૦૧મો જન્મ જયંતિ મહોત્સવ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

## 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રી વીતરાગ મુમુક્ષુ મંડળ, હૈદ્રાબાદ, હ. કમલભાઈ દેવચંદભાઈ શાહ | ૪૧,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, ભાવનગર | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કેનેડા | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, અમેરિકા | ૧,૦૦૦/- |
| સ્વ. ચંદ્રિકાબેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી અજીતભાઈ શાહ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, , ભાવનગર | ૧૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૨૯. | ૭ | ૦૦૧ |
| ૩૦. | ૮ | ૦૨૦ |
| ૩૧ | ૮ | ૦૩૮ |
| ૩૨ | ૮ | ૦૫૩ |
| ૩૩ | ૯ | ૦૭૨ |
| ૩૫ | ૧૧ | ૦૮૮ |
| ૩૬ | ૧૨ | ૧૦૪ |
| ૩૮ | ૧૩ | ૧૨૧ |
| ૩૯ | ૧૩ | ૧૪૦ |
| ૪૦ | ૧૩ | ૧૫૭ |
| ૪૧ | ૧૪ | ૧૭૪ |
| ૪૨ | ૧૪ | ૧૯૧ |
| ૪૩ | ૧૪-૧૫ | ૨૦૯ |
| ૪૪ | ૧૫ | ૨૨૫ |
| ૪૫ | ૧૫ | ૨૪૩ |
| ૪૬ | ૧૬ | ૨૫૯ |
| ૪૭ | ૧૭ | ૨૭૭ |
| ૪૮ | ૧૭-૧૮ | ૨૯૪ |
| ૪૯ | ૧૭-૧૮ | ૩૧૦ |
| ૫૦ | ૧૮-૧૯ | ૩૨૬ |
| ૫૧ | ૧૯-૨૦ | ૩૪૪ |
| ૫૨ | ૨૦-૨૧ | ૩૬૨ |
| ૫૩ | ૨૧-૨૨ | ૩૮૦ |
| ૫૪ | ૨૨-૨૩ | ૩૯૭ |


**નોંધ :- પ્રવચન નં. ૩૪માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**
**પ્રવચન નં. ૩૭માં શરૂઆતની અડધી કલાક સંભળાતું નહિ હોવાથી પ્રવચન લેવામાં આવેલ નથી.**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# અનુભવ પ્રકાશના કિરણો

(ભાગ-૨)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

**તા. ૧૫-૯-૧૯૮૫, પાના નં. ૭, પ્રવચન નં. ૨૯**

Paragraph. '**પ્રથમ સર્વ લૌકિક રીતિથી પરાંગમુખ થાય,...**' વિષયનું મથાળું છે કે નિજશ્રદ્ધા અથવા સ્વરૂપશ્રદ્ધા ક્યાંથી થાય ? એટલે કેમ થાય ? તે કહેવામાં આવે છે. તદ્દન શરૂઆત કરનાર જીવને માટેનો વિષય લીધો છે. નવી જ શરૂઆત કરતો હોય અને જેને સ્વરૂપશ્રદ્ધા કરવી છે તે કેવી રીતે સ્વરૂપશ્રદ્ધા કરશે એનો વિચાર અહીંયાં બતાવ્યો છે.

'**પ્રથમ સર્વ લૌકિક રીતિથી પરાંગમુખ થાય,...**' એટલે શું ? કે જગતમાં જે લૌકિક પદ્ધતિ છે એ પદ્ધતિમાં આ આત્મા પોતાનું કોઈને કોઈ સ્થાન નિશ્ચિત કરીને પ્રવૃત્તિ કરી રહ્યો છે. બરાબર છે ? અથવા આ જીવે પોતાની સૃષ્ટિ રચી છે. પોતાનું જગત એણે ઊભું કર્યું છે અથવા જે કાંઈ પોતાની આજુબાજુનું વર્તુળ છે એ એનું જગત છે, એ એની સૃષ્ટિ છે. અને એમાં એણે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે કે ઘરમાં હું આ સ્થાનમાં છું, સમાજમાં હું આ સ્થાનમાં છું, દેશમાં હું આ સ્થાનમાં છું, ધંધા-વ્યાપારમાં, વ્યવસાયમાં હું આ સ્થાનમાં છું. એ સ્થાનમાંથી પરાંગમુખ થાય એટલે શ્રદ્ધાનમાં તેનાથી ઉન્મુખ થાય. શ્રદ્ધા કેવી રીતે કરવી છે એમ કહે છે ને ? એ શ્રદ્ધા એનો સ્વીકાર છે. નિશ્ચયથી તો સ્વાનુભવ થતાં એ શ્રદ્ધા છૂટશે પણ પહેલા બુદ્ધિપૂર્વક એ શ્રદ્ધાનો એને નકાર આવે કે ખરેખર મારું સ્થાન કાંઈક બીજું છે. શું છે એ તો હજી શોધવાનો વિષય છે. અહીંયાં જે વિચાર લીધો છે એ સંશોધનનો વિચાર લીધો છે. શોધ ચલાવે છે. જીવ પોતાના સ્વરૂપની શોધ કેવી રીતે ચલાવે છે એ વિચાર અહીંયાં રજુ કર્યો છે. એ શોધપૂર્વક શ્રદ્ધાન કરશે. પોતાના સ્વરૂપને શોધીને શ્રદ્ધાન કરશે એમ કહેવું

છે. એ પહેલા શું થાય છે ? પહેલા એ સર્વ લૌકિક રીતથી પરાંગમુખ થાય. લૌકિક સ્થાન જે છે તેને, તે રીત એની એ સ્વીકારે તો એને બીજું જે કાંઈ શોધવું છે એ શોધવાની વાત ક્યાં રહી ? એને તો કાંઈ શોધવાની વાત જ રહી નહિ.

મુમુક્ષુ :– હું વેપારી, હું દિગંબરી.

પૂજ્ય ભાઈશ્રી :– એ બધું લૌકિકમાં જાય છે. હું આત્મા એમ કહેવું છે અહીંયાં. આત્મા એટલે કેવો એ હવે શોધવું છે. હું એક જીવ છું. વાસ્તવિકપણે હું એક જીવ છું પણ મારું અસલ મૂળ સ્વરૂપ કેવું છે ? એ જાણ્યું નથી, ઓળખ્યું નથી, અનુભવ્યું નથી. એની શોધ ચલાવવી છે અહીંયાં. તો હું જીવ છું એ સિવાયની જેટલી વાતો છે એ બધી વાતો ઉપરથી એને પરાંગમુખ થવું રહ્યું એનાથી વિમુખ થવું રહ્યું. આમ છે.

બહુ સાદી ભાષામાં કહીએ તો એક વાર સર્વ ઉપાધિથી જુદો છું. કોઈપણ પ્રકારનો ઉપાધિભાવ રાખીને હું મારા નિરૂપાધિક સ્વરૂપને સમજી શકું, અનુભવી શકું, ઓળખી શકું એ બની શકવા યોગ્ય નથી. છે, થોડો તકલીફવાળો વિષય છે. તકલીફવાળો વિષય એટલા માટે છે કે ઉપાધિભાવ તો કેમ એમ ને એમ ચાલ્યો જાય ? અને કેમ એમ ને એમ દૂર થાય ? નિરૂપાધિક સ્વભાવનું ગ્રહણ થયા વિના તો વાસ્તવિકપણે ઉપાધિભાવ મટતો નથી. પણ એને એ નિરૂપાધિક સ્વભાવ પ્રત્યે જવા માટે થોડોક દૂર કરવો પડે છે, અળગો કરવો પડે છે, ગૌણ કરવો પડે છે. એટલું તો એને કરવું જ રહ્યું. જોકે એ વાત એટલી અઘરી નથી. કોઈપણ કાર્ય કરવા માટે, કોઈપણ કાર્યની મુખ્યતા આપે ત્યારે એ બીજી બધી ઉપાધિને ગૌણ કરે છે.

જેમકે આ જગતમાં માણસને આજીવિકાનું સાધન છે. નોકરી, ધંધો, વ્યવસાય જે કાંઈ છે એ મુખ્ય છે. અને જીવનના ૨૪ કલાકના વધારે કલાકો એની અંદર પસાર કરવા રહે છે. બરાબર છે ? રીતસરની Office duty આપે ત્યારપછી પણ એના એ વિચારો ચાલુ રહે છે. પરિણતિની દૃષ્ટિએ વિચારીએ તો જીવની એ ૨૪ કલાકની પરિણતિ થઈ પડી છે. એનાથી નવરો થઈ શકતો નથી. કેટલી ઉપાધિ વ્હોરે છે. તોપણ માંદો થાય અને એને એમ ખ્યાલ આવે, થોડો ઘણો માંદો હોય તો તો એમ કહે કે ગમે તેમ સહન કરીને પણ Office નું કામ તો સંભાળ્યા વિના છૂટકો નથી એટલે જાવું પડે છે ને જાઉં છું, પણ એવી પરિસ્થિતિ હોય કે જો એ તબિયતને ન સંભાળે તો

Office કાયમ માટે રખડી પડે એવું હોય તો શું કરે ? હું બિલકુલ આવી શકું એમ નથી. અને એક વખત પૂરો સાજો થયા વિના એ કામ સંભાળવાની બીજી કોઈ પરિસ્થિતિ રહી નથી. તો એ કામ કરવાની ઉપાધિ પહેલેથી ઊભી કરી હોય તોપણ છોડીને આ કામ કરવું પડે છે કે નહિ ? કરે છે કે નહિ ? ટૂંકામાં જગતમાં પણ જે કાર્યનું વિશેષ મહત્ત્વ પોતાને ભાસે તે કામને તે Priority આપે છે–મુખ્યતા આપે છે, એને આગલું સ્થાન આપે છે. બાકીના કાર્યો પાછળ રહે છે. બરાબર છે ? ઘરે જાન આવી હોય તે દિવસે દુકાન બંધ રહે કે ન રહે ? કે ન રહે ? 'ગુરુદેવ' આવ્યા હોય તો દુકાન ખુલી રહે હજી. પણ ઘરે વેવાઈ આવ્યા હોય જાન લઈને તો ? એ વેવાઈ મોટો અને 'ગુરુદેવ' નાના. હવે પૂછે કે હું કેમ પામતો નથી ? પણ તારા એકેય લક્ષણ પામવાના નથી. ભાઈ ! બરાબર છે ? ભાષા થોડી કડક છે પણ ઠીક છે ને ?

મુમુક્ષુ :- બરાબર છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવ' એમ કહે કે આ ખંભે નાખીએ છીએ એ જળી ગયું છે, બીજું લાવવું છે. આગળ પાછળ Stock માં રાખતા ન હોય. જો એટલી વાતની ખબર પડે અને ચાર–આઠ જણા બાજુમાં ઊભા હોય તો આઠે આઠ દોડે. ખબર છે કે જેનું પહેલું આવ્યું એનું લેશે. અને બીજાનું રહી ગયું, નહિ લે. એ ખબર છે. આઠ સાંભળતા હોય, દસ સાંભળતા હોય દસે દસ લેવા જાય દોડી દોડીને. આપણું સ્વીકારે તો પતી ગઈ વાત. પણ રોજ બે કલાક ઘાંટો પાડીને એમ કહે કે સમ્યગ્દર્શન લાવો... સમ્યગ્દર્શન લાવો તો કોઈ દોડાદોડી કરતું નથી. ઓલો તો એક સંકેત કરે. લાવો એમ ન કહે, આ જરાક જળી ગયું છે હમણા. એટલું કહે. ઘસાઈ ગયું લાગે છે. ફાટી જાય છે જરાક ખેંચાઈ ત્યાં. તો કહે સાહેબ ! બદલી નાખોને. આ બીજું સરસ છે. ખાદીનું છે. મીલનું નથી, ચરબી વગરનું છે, ફલાણું છે. નિર્દોષ છે. આપને લેવા જેવું છે. વાપરવા જેવું છે એમ કરીને આપે. ભાઈ ! આપે કે ન આપે ? દોડીને આપે.

મુમુક્ષુ :- ... ચોવીસ વર્ષમાં પેઢી જ બદલાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બે Generation પાસ થઈ. ખરેખર તો એક Generation pass period ૨૦ વર્ષનો છે. Twenty years pass. એક પેઢી થઈ જાય છે. ૨૦ વર્ષ પછી એ જ દુકાને બાપની જગ્યાએ દીકરો ધંધો

કરતો જોવામાં આવે છે. સામાન્યપણે General ratio આ છે એનો. ૪૫ વર્ષ 'ગુરુદેવ' રહ્યા એટલે બે Generation બદલાઈ ગઈ. 'ગુરુદેવ' ઘણીવાર કહેતા, આ તમારા બાપના બાપની વાત કરીએ છીએ. કેટલાક એવા પ્રસંગ હોય કે જેની સાથે વાત કરતા હોય, જેને ઉદ્દેશીને વાત કરતા હોય (ત્યારે કહે), આ તમારા બાપના બાપની વાત છે. સંપ્રદાયમાં હતા ત્યારે અહીંયાં આવતા હતા, આમ કરતા હતા અને તેમ કરતા હતા. ત્રીજી પેઢીની વાત ચાલે.

અહીંયાં પણ એટલી વાત લેવી છે કે જેને સ્વરૂપશ્રદ્ધા કરવી છે તેને સૌ પ્રથમ બધી ઉપાધિક, બધા કામની ઉપાધિને, કામ તો કામની જગ્યાએ થવા યોગ્ય હોય તો થાય અને ન થવા યોગ્ય હોય તો ન થાય. પણ બધી ઉપાધિને ગૌણ કરીને આ કાર્યને મુખ્યતા આપવી પડશે તો કાર્ય થશે. ગૌણ રાખીને નહિ થાય. પહેલા બધા કામ કરી લઈએ અને પછી ફૂરસદ મળે તો વિચાર કરશું. વાંચશું, જોશું, સાંભળશું અને નહિતર પછી કાંઈ નહિ, કાલે વાત. આપણે કાંઈ ભાગી જાતું નથી. એ તો રોજ ચાલે જ છે. 'ગુરુદેવ'નું વ્યાખ્યાન તો રોજ ચાલે જ છે.

**'નિજ વિચાર સન્મુખ થાય.'** **'નિજ વિચાર સન્મુખ થાય.'** એટલે પોતાનો વિચાર કરવા માટે, શોધ ચલાવવા માટે અગ્ર સ્થાન એ વિષયને આપે, મુખ્ય સ્થાન એ વિષયને આપે. **'ચિદાનંદ રાજા...'** આત્મા એટલે એમ કહ્યું છે. નિજ રાજા પાઠાન્તર કોઈ અન્ય પ્રતમાં એવું પણ છે. નિજ રાજા અથવા **'ચિદાનંદ રાજા કર્મકંદરામાં (કર્મરૂપી ગુફામાં) છુપાયેલો છે.'** કંદરા એટલે ગુફા. કર્મની ગુફામાં છુપાયેલો છે. લ્યો, આ કર્મનો વિષય આવ્યો. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ. કર્મ એવા પ્રસિદ્ધ નામ ત્રણ જગ્યાએ આપવામાં આવે છે. જે કાર્મણવર્ગણા છે જગતની અંદર એને દ્રવ્યકર્મ કહે છે. પછી એની જુદી જુદી સ્થિતિ છે. પોતાના જીવના જે રાગ-દ્વેષ-મોહના દૂષિત પરિણામ છે એ ભાવકર્મ છે. જીવનો ભાવ ગણીને એને ભાવકર્મ કહ્યું છે. અને તે જીવ પોતાના દ્રવ્યકર્મના ઉદયમાં જોડાઈને એવા પરિણામ કરે છે. મોહનીય કર્મના ઉદયમાં જોડાઈને મોહ કરે છે. રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા આદિ પ્રકૃતિ જે તે ઉદયમાં હોય છે તેમાં જોડાઈને તેવા તેવા પરિણામ કરે છે. તેથી એને પણ કર્મ એવું નામ આપ્યું. છે જીવનો ભાવ, છતાં એને કર્મ એવું નામ આપ્યું. આ ભાવકર્મનો વિષય આટલો છે.

મુમુક્ષુ :- ... એને મન જનિત કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એ મનજનિત પણ મન એટલે મનની સાથે જોડાણો. સૂક્ષ્મપણે કર્મના ઉદયની સાથે જોડાણ છે. સ્થૂળપણે નોકર્મ સાથે એટલે શરીર, મન અથવા બીજા સંયોગો સાથે જોડાણ છે. એ બધા નોકર્મમાં જાય છે. કોઈએ પ્રશંસા કરી તો ખુશી થયો તો ત્યાં પ્રશંસા ઉપર તેનું જોડાણ છે. એ એનું નોકર્મ છે. કોઈએ અપમાન કર્યું તો દ્વેષ થયો, ખેદ થયો તો ત્યાં એના અપમાનના શબ્દો પ્રત્યે એનું જોડાણ છે. એ સ્થૂળ બહારમાં જોડાણ નોકર્મ સાથે છે.

કહે છે કે ત્રણ પ્રકારના કર્મ છે એમાં ચિદાનંદ રાજા છુપાયેલો છે એમ કહે છે. એમાં પહેલી જે કર્મકંદરા છે. ત્રણ કર્મકંદરા છે. ત્રણ ગુફા છે એમ કહે છે. એમાં '**પહેલી (શરીરાદિ નોકર્મ ગુફા)...**' આ શરીરમાં આત્મા છે. જ્યાં શરીર છે ત્યાં આત્મા છે. શરીરની ગુફામાં છે. દેહદેવળમાં બિરાજમાન છે, એમ કહે છે. પહેલી શરીરગુફા છે. '**બીજી (જ્ઞાનાવરણાદિ) દ્રવ્યકર્મની ગુફા છે.**' એ દ્રવ્યકર્મ અંદરમાં જેટલા કર્મ એણે બાંધ્યા છે એમ કહેવાય છે, સંચિત કર્મ કહેવાય છે, સંયોગરૂપ થયેલા કર્મ કહેવાય છે, એ પણ અનંત પરમાણુઓનો જથ્થો જ્યાં આત્મા છે ત્યાં જ એ બધા પરમાણુઓ રહેલા છે. આકાશ અપેક્ષાએ બંનેએ એક ક્ષેત્રને રોક્યા છે. શરીરના પરમાણુ જ્યાં છે ત્યાં આત્માના પ્રદેશો છે. આકાશના જેટલા પ્રદેશે આત્મા છે એટલા પ્રદેશે શરીરના પરમાણુ છે, એ જ જગ્યાએ આકાશમાં દ્રવ્યકર્મના પરમાણુ છે. એટલે એમ કહે છે. બીજી દ્રવ્યકર્મ ગુફા છે. અને '**ત્રીજી ભાવકર્મ ગુફા છે.**' ભાવકર્મમાં પણ ભાવકર્મ ગુફા છે, એ આત્મા નથી. એ ગુફાથી આગળ અંદર ઊંડે જવાનું છે એમ કહે છે. એટલે સંયોગોથી જુદો, શરીરથી, શરીરાદિ સંયોગોથી જુદો, દ્રવ્યકર્મથી જૂદો અને ભાવકર્મથી જુદો.

મુમુક્ષુ :- ભાવકર્મ થાય છે તો આત્માના પ્રદેશમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્માના પ્રદેશમાં ભાવકર્મ થાય છે તોપણ એ રોગરૂપ અવસ્થા છે.

મુમુક્ષુ :- જુદો કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :-- જુદો એટલે એના સ્વરૂપભૂત નથી. સ્વરૂપ જુદું છે. રાગ જુદો છે અને સ્વરૂપ જુદું છે. જેમકે દુબળા માણસને શરીરે સોજો

આવ્યો અને મોઢું સરખું લાગે. દેખાવડું થઈ જાય જરાક ગોળ. સોજો આવે ત્યારે ગોબો ઘડીયો ઉપડી જાય. શરીરની અવસ્થા છે. પણ શરીરના તંદુરસ્તીના તત્ત્વથી વિરુદ્ધ છે એ, રોગિષ્ટ છે એ દશા. દેખાવ સારો લાગતો હોવા છતાં તે સોજો રાખવા જેવો નથી. કે રાખવા જેવો છે ? સોજાને પુષ્ટ કરે, પાળીપોષીને પુષ્ટ કરે તો શું દશા થાય ? મરી જાય.

એમ રાગ ભલે જીવની અવસ્થા છે તોપણ જીવની દૂષિત અવસ્થા કેટલાક ગુણની જ છે. પૂરેપૂરો જીવ દૂષિત નથી. જેમકે રાગબંધન લઈએ. જીવને ખરેખર તો ભાવમાં રાગબંધન છે. દ્રવ્યકર્મ બંધન તો એને નિમિત્ત ગણીને ઉપચારથી કહેવાય છે.

'પરમાત્મ પ્રકાશ'માં ૬૮ ગાથામાં એક એવું દૃષ્ટાંત આપ્યું છે કે કોઈ એક માણસને એના પગે બાંધ્યો હોય. પગ બાંધી દીધા હોય અને હાથ ખુલ્લા હોય. બાકી બધા અંગ ખુલ્લા હોય, આ એક પગ જ બાંધ્યા હોય. અને એ માણસ રૂદન કરેરડે કે અરે..રે...! મને બાંધી દીધો છે રે... બાંધી દીધો છે. હું બંધાયેલો, હું બંધાઈ ગયો, હું બંધાઈ ગયો. મને કો'ક છોડાવો, છોડાવો. બુમાબુમ કરે. એને કોઈ ડાહ્યો માણસ એમ કહે કે ભાઈ ! ભલે તારા પગ બાંધેલા છે પણ હાથ તો તારા ખુલ્લા છે. હાથેથી તું એ દોરી બાંધી છે એને તું છોડી દે. જે દોરીથી તારા પગ બાંધ્યા છે એને હાથે કરીને ખોલી નાખ અથવા ચપ્પુથી કાપી નાખ. હાથ તો તારા છુટ્ટા છે. પછી તું આટલો બધો દુઃખી શા માટે થાય છે ?

એમ તારા એક પર્યાયઅંગમાં, જેમ આ એક અંગ છે ને ? પગ એનો એક અંગ છે, એમ તારા એક પર્યાયઅંગમાં ચારિત્ર આદિ જે કાંઈ ગુણો છે એના પરિણમનમાં રાગાદિ બંધન છે, પણ જ્ઞાનાદિ તારી પાસે ખુલ્લા છે. તારી પાસે સમજણ કરવી, જ્ઞાન કરવું એ ખુલ્લુ છે. તો તારા એ બંધનને તું છોડી દે. રાગ જીવની અવસ્થામાં થઈને એને પકડવો છે કે એને છોડવો છે ? એનું જ્ઞાન કઈ રીતે કરવું છે ? રાગ જીવની અવસ્થામાં (થાય છે), બરાબર. પણ હવે એને કયા દૃષ્ટિકોણથી તારે સમજવું છે ? છોડવાના દૃષ્ટિકોણથી સમજવો છે ? કે એને રાખવાના દૃષ્ટિકોણથી સમજવો છે ? દાળમાં કોકમ જોયું. દાળમાં કોકમ છે તો કાઢી શું કરવા નાખો છો ? એમ કહે. કાઢી નાખવા જેવું છે માટે કાઢી નાખ્યું. તો કહે કે નાખ્યું હતું શું કરવા ? અરે...! ભાઈ ! તું લડાઈ કરવા આવ્યો છો કે સમજવા આવ્યો છો ? ઈ કરને હવે.

આ વાદવિવાદ કરવાવાળાની આ તકલીફ છે. જીવનો રાગ છે ને ના કેમ પાડો તમે ? જીવનો રાગ છે ને ના કેમ પાડો ? જીવ શરીરથી કામ કરે છે ને તમે ના કેમ પાડો ? કેટલા કામ શરીરથી રોજ ઊઠીને કરે છે. આ કુટુંબ પરિવારને તમે ના કેમ પાડો ? કેમ બીજાના કુટુંબ પરિવાર સાથે એટલો સંબંધ નથી જેટલો પોતાના કુટુંબ પરિવાર સાથે છે ? માટે તમે જુદો જુદો જુદો કહીને આ બધી ખોટી માથાકૂટ ઊભી કરો છો. એનું છે, તમારે એક વખત એનું છે એમ કહેવું પડશે. પણ ભાઈ ! તું વિવાદ કરવા આવ્યો છો કે હવે એ બધું તારે એમાંથી કાંઈ કાઢવું છે ? તારું હિત થાય એવું કાંઈ કરવું છે ? એ વાદવિવાદે તો કાંઈ પાર પડે એવું નથી.

હિતબુદ્ધિથી કેવી રીતે ક્યા દૃષ્ટિકોણથી સમજવાથી, કયો દૃષ્ટિકોણ સમજણમાં અપનાવવાથી મારું હિત થાય, આ વાત મુખ્ય થાય તો જ કાંઈક એને કામ પોતાનું આગળ ચાલે એવું છે. નહિતર કોઈ રીતે આમાં નિવેડો આવે એવું નથી. એવી કોઈ ઘૂંચવાયેલી પરિસ્થિતિ છે. રાગ અને જડ કર્મો અને નોકર્મ સાથે જીવના સંયોગની એવી ઘૂંચવાયેલી પરિસ્થિતિ છે કે એમાં જો હિતબુદ્ધિએ એ સમજવાનો દૃષ્ટિકોણ ન રાખે તો એ ઘૂંચ ઉકલવી મુશ્કેલ છે. ઘૂંચ ઉકલે એવું નથી. શું કહ્યું ?

એ ત્રણ ગુફા છે. તેમાં પ્રથમ 'નોકર્મ ગુફામાં પરિણતિ પેસી...' શું કહે છે ? પરિણતિ એટલે અહીંયાં જીવની શોધકવૃત્તિ. એમ લેવું છે અહીંયાં. જે જીવ પોતાના આત્માને શોધે છે, મૂળ સ્વરૂપ કેવું છે એવું જાણવાની, સમજવાની જેની અત્યંત અપૂર્વ જિજ્ઞાસા છે એમ હવે લેવું છે. જિજ્ઞાસાનો વિષય સામાન્ય જિજ્ઞાસારૂપે હોય ત્યાં સુધી એ આગળ પ્રયત્ન નથી કરતો. જિજ્ઞાસા ઉપર ઉપરની થાય, જિજ્ઞાસાનો પ્રત્યુત્તર એને કાંઈક થોડાઘણા અંશે સંતોષજનક મળે એટલે એ છોડી દે છે એ વિષયને. ઠીક ચાલો, આ ખબર નહોતી હવે ખબર પડી. એમ કરીને મૂકી દે છે એ વાતને. પણ એ ખરી જિજ્ઞાસા નથી.

જિજ્ઞાસા ત્યાં સુધીની હોવી જોઈએ કે જ્યાં સુધી મને મારા સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થઈને મારો પુરુષાર્થ જાગૃત ન થાય અને હું કાર્યની પદ્ધતિએ બરાબર લાગી જાઉં, ચડી જાઉં એવી સ્થિતિ ન આવે ત્યાં સુધી સમજ્યો છું, જાણ્યું છે એ વાત એણે ભૂલી જવી જોઈએ. ગૌણ કરી નાખવી જોઈએ.

પહેલી નોકર્મ ગુફા એટલે શરીર છે તેમાં 'પરિણતિ પેસી કે અમારો

રાજા જોઉં.' શરીરમાં એણે પોતાના આત્માને શોધવાની શોધ ચલાવી તો એને ક્યાંય શરીરના રજકણમાં આત્મા દેખાણો નહિ. ન દેખાણો, હોં ! એમ લીધું છે. જે આકાશના ક્ષેત્રે શરીર છે તે જ આકાશના ક્ષેત્રે આત્મા હોવા છતાં શરીરમાં આત્મા ન જોયો, એમ કહે છે. શરીરમાં આત્મા કોણે ન જોયો ? જે એમ માને કે શરીરના કાર્યો હું કરી શકું છું એણે શરીરમાં આત્મા જોયો છે. એણે તો શરીરમાં આત્મા જોયો છે. પછી દુકાનનો વેપાર હું કરી શકું છું, બરાબર ચલાવી શકું છું, આટલુ મોટું કારખાનું ચલાવી શકું છું અથવા હું પૂજા-ભક્તિના કાર્યો અને દાન દેવાના કાર્યો કરી શકું છું, આ સ્વાધ્યાયમાં આવવાના, મંદિરમાં આવવાનું કાર્ય મેં કર્યું, એમ શરીરમાં આત્મા જે જુએ છે એણે આત્માની શોધ ચલાવીને આત્મા શોધ્યો છે એ વાત રહેતી નથી. અનાદિનું જે શરીરનું દેહાત્મબુદ્ધિપણું છે, જે સર્વ દુઃખ અને અનિષ્ટનું મૂળ છે એ વાત એણે એમ ને એમ પકડી રાખી છે.

એક બાજુથી જીવને દુઃખ જોઈતું નથી. બીજી બાજુથી એણે દુઃખનું કારણ છોડવું નથી, મૂળ છોડવું નથી. હવે એનું દુઃખ કે'દિ મટે ? કોઈ દિવસ મટી શકે નહિ. આ પરિસ્થિતિ જગતમાં જીવની છે તેથી એને જ્ઞાનીઓએ અજ્ઞાની કહ્યા. કે જે પોતાના જ દુઃખનો ઉપાય શોધતો નથી અને દુઃખ ટાળવાનો ઉપાય કરતો નથી. તેથી એને અજ્ઞાનદશા કહી છે.

મુમુક્ષુ :- શરીરમાં જીવ નથી તો શરીરમાં શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- શરીરમાં શરીરના રજકણો છે. 'ગુરુદેવ' કહેતા હતા કે જેમ છાણાનું મોઢવું ખડકે. મોઢવું કહે છે, ખબર છે ? અત્યારે તો કોઈ છાણા વાપરતા નથી. ગામડામાં છાણા ભેગા કરીને ઘરની અંદર એક ખૂણાની અંદર એને ભેગા  વ્યવસ્થિત ગોઠવીને રાખે. એમ ને એમ ઢગલો ન કરે. એક પછી એક વ્યવસ્થિત ગોઠવીને રાખે. એને મોઢવું કહે છે. એનું નામ આપ્યું છેમોઢવુંછાણાનું મોઢવું.

એમ આ શરીર છે એ દાળ, ભાત, રોટલા, ધાનનું ઢીંગલુંમોઢવું છે. મોઢવું એટલા માટે (કહે છે કેમકે) એ મોઢવું પડી જતા વાર નહિ. કેમકે એને કાંઈ પાયો હોતો નથી. તેમ એને કોઈ આ ઇંટ ઉપર ઇંટ મૂકે એવું Level હોતું નથી. એ તો એવું વિચિત્ર Level માં ખડકેલું હોય છે કે ગમે ત્યારે કોઈ એક છાણું હલે, ઉંદરડું- બુંદરડું કે અંદર કાંઈક જાય ત્યાં આખું મોઢવું પાડે હેઠું. કોઈક ને એમ થાય કે આવડું મોઢવું કોણે પાડ્યું ? એની મેળે કેમ પડી ગયું ?

પણ એ પડી જાય એવું જ હોય છે. એમાં આ શરીરનું પણ મોઢવા જેવું છે. ગમે ત્યારે ફૂ... વાર લાગે નહિ. એ મોઢવું એટલા માટે કહે છે. આ એક ધાનનું મોઢવું છે. દાળ, ભાત, શાક, રોટલાનું મોઢવું ખડકાઈ ગયું. એ બધા રજકણ ભેગા થઈને એવું એક ઢીંગલું થયું છે એમાં ક્યાંય આત્મા નથી, બધા જડ રજકણો છે.

મુમુક્ષુ :- મડદું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ મડદું જ છે. ખરેખર તો શરીર છે એ મડદું છે. નિર્જીવ પદાર્થ છે. મડદું છે એટલે નિર્જીવ અજીવ પદાર્થ છેજીવ વિનાનો એ પદાર્થ છે. એમાં ક્યાંય જીવ નથી. રજકણે રજકણ કામ કરે છે. આ લોહી ફરે છે. જીવતા જીવમાં ફરે છે ને લોહી ? લોહીમાં જીવ હશે ત્યારે ફરતું હશે ને લોહી ? કેમ મરી જાય ત્યારે એનું લોહી ફરતું બંધ થાય છે. જો એ લોહીમાં જીવ હોય તો એ લોહી થોડું ખેંચી લે છે ત્યારે જીવ ખેંચાઈ ગયો કે નહિ ? Syringe માં લે છે કે નહિ લોહી ? આ રક્તદાન કરે છે ત્યારે લોહી કાઢે છે કે નહિ ? તો એ ૩૦૦ શીશી લોહી કાઢ્યું એમાં જીવ કેટલો ગયો ? ન ગયો ? અંશ માત્ર નથી એમાં. કોઈ રજકણના અંશમાં જીવ નથી. એણે શોધીને નક્કી કરવું જોઈએ કે કોઈ રજકણમાં, શરીરના કોઈ રજકણમાં હું નથી. આ શરીરનું કોઈ રજકણ તેથી મારું નથી. છે એનું ? હોય તો તો એને Control માં રહેવું જોઈએ. પણ આ બહુ સ્પષ્ટ પરિસ્થિતિ છે કે શરીર છે અને આત્મા છે એ ભિન્ન ભિન્ન પદાર્થ છે. સંયોગમાં હોવા છતાં, દૂધમાં પાણી નાખ્યા છતાં દૂધ દૂધ છે અને પાણી પાણી જ છે. જુદા હતા ત્યારે દૂધ, દૂધ અને પાણી પાણી હતા અને ભેગા થયા ત્યારે પણ પાણી દૂધ થયું નથી અને દૂધ પાણી થયું નથી. બેય રજકણ જુદા રહ્યા છે.

એ તો સજાતીય પદાર્થો પણ એકબીજા રૂપ થતા નથી. તો આ તો વિજાતીય પદાર્થો છે. એક સચેતન પદાર્થ છે અને બીજા રજકણો છે તે અચેતન પદાર્થ છે. પણ જીવ અભિમાન કરે છે કે આ પૂજા મેં કરી. આ પૂજા મેં બરાબર કરી. ચોખાનો અર્ઘ ચડાવ્યો. વાત ખોટી છે તારી. એ અભિમાન કરવા જેવું નથી. મેં પૂજા કરી, મેં સંયમ પાળ્યો, મેં વ્રત પાળ્યું. મેં ઉપવાસ કર્યો. અત્યારે એ Season છે. મેં ઉપવાસ કર્યો. આ જેટલા શરીરના કામ છે એ બધા મેં કર્યાં એણે આત્માની શોધ કરી નથી. સ્થૂળપણે પણ કરી નથી. હજી તો ત્રણ ગુફા વીંધીને આગળ જાવું છે. એમાં આ પહેલી ગુફામાં

ભૂલ્યો છે.

જેણે શરીરના કાર્યો આત્માએમેં કર્યાં એમ જાણ્યું એવો ખોટો, જૂઠો, મિથ્યા અનુભવ કર્યો તે હજી તો પહેલી ગુફામાં ભૂલ્યો છે. બીજી અંદરની સૂક્ષ્મ સૂક્ષ્મ ગુફા છે એમાં તો એને પછી આગળ જવાનો પ્રશ્ન રહેતો નથી. એ જીવ દેહાત્મ બુદ્ધિમાં અટકેલો છે. એને તો કોઈ આગળની શોધ ચાલવાનો જ પ્રસંગ નથી.

અહીંયાં કહે છે કે નોકર્મ ગુફામાં શોધક પરિણતિ પેઠી, તપાસ કરી કે 'અમારો રાજા જોઉં. ત્યાં તેને કાંઈ ન દેખાયું.' કાંઈ ન દેખાયું એને. એને આત્મા દેખાયો નહિ. ત્યારે '**ચકરાવો થઈ રહ્યો ત્યારે (તે પરિણતિ) ફરવા લાગી.**' એ ફરતી શોધે છે અંદર શરીરમાં ક્યાંય લોહીમાં આત્મા છે ? માથામાં આત્મા છે ? અહીંયાં ક્યાંય મનમાં આત્મા છે ? હૃદયમાં આત્મા છે ? Heart માં આત્મા છે ? ક્યાં આત્મા છે ? Heart બંધ પડે ત્યારે માણસ (મરી ગયો એમ કહેવાય છે). તો Heart માં આત્મા છે ? લે, Heart તારું બદલી નાખ્યું. તો તારો આત્મા બદલાઈ ગયો ? અત્યારે બદલે છે કે નહિ ? જુદું એકની એક જગ્યાએ બીજું મૂકી દ્યે છે. પહેલું કાઢીને. તો આત્મા બદલાઈ ગયો ? કે નહિ, હું એનો એ છું. કયા અંગ ઉપાંગ તે આત્મા છે ? કે બધું થઈને આત્મા છે ? કાંઈ આત્મા નથી.

'**ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તું શું શોધે છે ? ત્યારે તે (પરિણતિ) કહેવા લાગી કે મારા રાજાને શોધું છું પણ તે ન જડ્યા.**' જોયું ! 'દિપચંદજી'એ વચ્ચે શ્રીગુરુને નાખ્યા.

મુમુક્ષુ :- પરિણતિ એટલે જ્ઞાનની ઉપયોગરૂપ પર્યાય લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- શોધ. જ્ઞાનની શોધક વૃત્તિ. ઉપયોગરૂપ પણ સંશોધક વૃત્તિ. જ્ઞાનમાં ચિકિત્સા કરવાનો સ્વભાવ છેધર્મ છે. જ્ઞાનના અનેક ધર્મ છે એમાં ચિકિત્સા કરવી એ જ્ઞાનનો ધર્મ છે. એ ગમે તે પ્રસંગમાં ચિકિત્સા કરી લે છે. આમ હોય કે ન હોય. આમ હોય કે ન હોય. એનો પછી જ્ઞાન નિશ્ચય કરે છે. ચિકિત્સા કરીને જ્ઞાન કોઈ એક નિશ્ચય ઉપર આવે છે. એ ચિકિત્સા પદ્ધતિ છે જ્ઞાનની પરિણતિમાં.

'**ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તું શું શોધે છે ?**' વચ્ચે શ્રીગુરુ લીધા. શું દૃષ્ટાંત લેવું છે ? જેણે આત્મા જાણ્યો છે એ આત્મા એને ચીંધે છે કે જો અહીંયાં આત્મા છે, એમ કહે છે. આમ ચાલ તું. તું શોધતો શોધતો તારી શોધ આ

દિશામાં કર. એમ તો પશ્ચિમના દેશોમાં જીવને શોધવાના સંશોધનના, Institute, Science ની Laboratory ઓ વર્ષોથી ચાલે છે. જર્મની જેવા દેશમાં તો વિશેષ પ્રકારે ચાલે છે. કેમકે એ લોકો તો આપણા શાસ્ત્રો પણ લઈ ગયા છે અને એ શાસ્ત્રો સંસ્કૃત માગધિમાં (છે). પોતે (સંસ્કૃત, માગધિ) શીખી લીધું છે પાછું. આપણા કોઈ વિદ્વાનને અહીંથી લઈ જતા નથી. કેટલા પગભર થઈને સંશોધન કરે છે ! જર્મન નાગરિકો, વિજ્ઞાનિકો પોતે સંસ્કૃત માગધિ, ભાષામાં તૈયાર થયા છે અને પોતે એ શાસ્ત્રો વાંચે છે, પોતાની દષ્ટિએ. અને ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંત અનુસાર એ જીવનું સંશોધન ચલાવે છે. શું ભૂલ થઈ છે ત્યાં ? કે શ્રીગુરુનો ત્યાં આધાર-મદદ લેતા નથી. જીવ તો એને શોધવો છે, કેવો છે એ નક્કી કરવું છે. પણ એને ત્યાં શ્રીગુરુ છે નહિ. આ પરિસ્થિતિ છે.

જેણે આત્મા જાણ્યો છે, જોયો છે, અનુભવ્યો છે એ શોધની દિશા સાચી બતાવે છે. નહિતર જ્યાં છે નહિ ત્યાં શોધ ચલાવ્યા કરે અને શોધ્યા જ કરે. શોધી શોધીને મરે પણ ત્યાંથી કાંઈ મળે નહિ. રેતીમાં તેલ શોધે. તલમાં તેલ શોધે તો કો'ક 'દિ મળે. પણ રેતીમાં શોધે તો ? ભોગાવાની રેતી તલ જેવડી જ બરાબર લઈ આવે. ભેળસેળ કરનારા તલમાં મિશ્રણ કરે છે. ચાળણો મારે તો તલની સાથે એ પણ સોંસરવી ઉતરી જાય. એટલે તલ રહે ત્યાં જ એ રહે. તલની સાથે વજનમાં જોખાઈને વઈ જાય. તલમાંથી તો તેલ નીકળે પણ ભોગાવાની રેતીમાંથી નીકળે કાંઈ ? Colour ભળતો હોય એટલે જુદી પડે નહિ. ભેળસેળમાં કામ આવે. તલ એ તલ છે.

એમ જીવમાં અજીવ નથી અને અજીવમાં જીવ નથી. ભલે સરખું દેખાય. આ સચેતન શરીર છે એમ કહે. ઓલું મડદું અચેતન શરીર છે એમ કહે. તેથી સચેતન શરીર કહેતાં એ શરીરમાં ચેતન આવ્યું કાંઈ ? નહિ. શરીરમાં ચેતન ક્યાંય આવતું નથી.

**'શ્રીગુરુએ કહ્યું કે તું શુ શોધે છે ?'** તો કહે છે, હું આત્માને શોધું છું. પણ તે જડતા નથી. મારા રાજાને શોધું છું. એમ એને ત્યાં રાજા કહીને મહિમા આપ્યો છે. રાજા એટલે સર્વોત્કૃષ્ટ. એટલી મહિમાથી શોધે છે. ઉત્કૃષ્ટ પદાર્થની શોધ છે. **'ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તારો રાજા અહીં જ છે. (હવે અહીંથી) પાછો ફરતો નહિ.'** એટલે તું તારા સ્વક્ષેત્રથીજ્યાં શરીર છે એ ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં તું શોધવા જઈશ નહિ. તારો પરમેશ્વર છે અહીંયાં,

પાછો તું ક્યાંય મંદિર-બંદિરમાં ગોતવા જઈશ નહિ, એમ કહેવું છે. ત્યાં જ છે. આવ્યો છો તું ઠેકાણે. પણ હવે હું તને કહું એમ તું આગળ ચાલ. બહાર શોધવાનો તો પ્રશ્ન રહેતો નથી.

**'તારો રાજા અહીં જ છે. અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં (તારો રાજા) વસે છે.'** આ ભાવકર્મ લીધું અહીંથી. દ્રવ્યકર્મમાં પણ નથી. દ્રવ્યકર્મ તો એ શોધવા જાય તોપણ મળે એવું નથી. કેમકે એ તો સૂક્ષ્મ અતીન્દ્રિય જ્ઞાનગોચર છે. ઇન્દ્રિયજ્ઞાનમાં એની શોધ ચાલતી નથી. એટલે કર્મની વાત એમને એમ મૂકી દીધી લ્યો, ઠીક ! કર્મની વાત છોડી દીધી.

મુમુક્ષુ :- દ્રવ્યકર્મ કોનું ?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યકર્મ, દ્રવ્યકર્મનું. દ્રવ્યકર્મ છે એ કાર્મણવર્ગણાના પરમાણુ છે. પરમાણુનો પરમાણુ છે. જીવનો કોઈ પરમાણુ નથી. સંબંધ અપેક્ષાએ એમ કહેવાય કે ફલાણા જીવે કર્મ બાંધ્યું એટલે એનું કર્મ છે. આ ફલાણાનું આયુષ્ય એટલે એનું આયુષ્ય કર્મ છે. જે જીવનું આયુષ્યકર્મ છે એ બીજા જીવનું આયુષ્ય કર્મ નથી. એમ બોલવામાં વ્યવહાર થાય પણ ખરેખર કાંઈ જીવનું કર્મ નથી. એ તો જુદું છે. જડ છે, કર્મ છે એ જડ છે.

અહીંયાં એમ કહ્યું. **'કે તારો રાજા અહીં છે. અહીંથી ત્રીજા ગુફા છે ત્યાં (તારો રાજા) વસે છે'** એમ કીધું. બીજી ગુફાની વાત વચમાં નથી લીધી. આ કર્મની માથાકૂટ બહુ કરે છે ને જૈનો ! જૈન સંપ્રદાયવાળા, જૈનો એટલે જૈનસંપ્રદાયવાળા કર્મની માથાકૂટમાં બહુ ઉતરે છે.

મુમુક્ષુ :- કર્મની પૂજા કરવી. અંતરાયકર્મ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ પ્રસિદ્ધ થઈ ગયું છે. અંતરાય કર્મની વાત બહુ પ્રસિદ્ધ થઈ ગઈ છે. અંતરાય જોઈતો નથી. અંતરાય કોણ કરે ? તારા સ્વરૂપમાં જે પરમાનંદ ભર્યો છે, અનંત આનંદ ભર્યો છે એનો અંતરાય કર્મ નથી કરતું, એનો અંતરાય તારો દુઃખભાવ એનો અંતરાય કરે છે. તારો વિભાવવિકાર છે એ અંતરાય કરે છે. તારા આનંદને અંતરાય કરનારું બીજું કોઈ નથી. હવે એ વળગ્યો કર્મની પૂજા કરવામાં.

અહીં તો કર્મની વાત જ 'દિપચંદજી'એ ઉડાડી દીધી. બીજી ગુફાની ચર્ચા જ ન કરી. બીજી ગુફામાં પરિણતિ ચકરાવો લેવા ગઈ ? ના, એ તો એને જરૂર જ નથી. કારણ કે કોઈ કર્મ તો દેખાતા નથી. એટલે પૂજનીય

હોય તેની પૂજા કરાય. પૂજવા યોગ્ય હોય તેની પૂજા કરાય. જે કર્મના પરમાણુઓ જીવના દોષિતભાવથીવિકારી ભાવથી જીવ સાથે સંબંધ ધરાવે એને સંબંધબંધ કહ્યો. સંબંધ ધરાવે તેને સંબંધબંધ કહ્યો. સ-બંધ એટલે ઘણો બંધ. એ પૂજવા લાયક છે ? એ પરમાણુ પૂજવા લાયક છે ? એ તો દોષિતભાવે સંયોગમાં આવેલા પરમાણુ છે. એ પૂજવાને યોગ્ય છે કે જેની પૂજા કરાય ? પણ એ એટલા માટે પૂજા ગોઠવે કે હવે તમે અમને આડા આવશો નહિ. કેવી પૂજા છે ? ભયપૂજા છે. નાગની પૂજા કરે છે કે નહિ ? આ વૈષ્ણવોમાં હિન્દુઓમાં ચાલે છે. નાગપૂજા. નાગ દેવ હશે કે નહિ ? નાગ દેવ નહિ ? એ તો તિર્યંચ છે. ઘણા ક્રોધી પ્રાણીને... કોઈપણ ગતિમાંનારકીમાં, મનુષ્યમાં, દેવમાં, તિર્યંચમાં ઘણો ગુસ્સો કર્યો ત્યારે એને આ નાગ જેવો, અજગર જેવો અવતાર આવે. બહુ ક્રોધી જીવોને એ અવતાર થાય છે. એના ફળમાં જાય છે. આને દેવ ઠરાવો કહે. શું કર્યું અજ્ઞાનીઓએ ? કે આને દેવ ઠરાવો અને એની પૂજા કરો. વર્ષમાં એક દહાડો એનો નાગ પાંચમ.

મુમુક્ષુ :- વેદાંતમાં વાક્ય છે, દુષ્ટેભ્યો નમઃ.

પૂજ્ય ભાઈશ્રી :- દુષ્ટેભ્યો નમઃ ! એવા દૂરથી નમસ્કાર કરો કે દુષ્ટો સામા મળે નહિ. એમ નાગને એવા ભયથી પૂજે છે કે કોઈ 'દિ બાપલા તું સામે મળતો નહિ. અંધારી રાતે તો નહિ પણ ધોળા દિવસે સામે મળતો નહિ. અને જો મળ્યો તો પછી સરખો કરી નાખવો પડશે. આમ થાય. હવે એની પૂજા કરવાની વાત છે કે એને માર મારવાની વાત છે ? એવા ઊંધા રવાડે ચડાવ્યા છે ગૃહીત મિથ્યાતમાં જીવોને. જાજુ તો આવું બધું ઊંધું માર્યું છે બ્રાહ્મણોએ.

એક બ્રાહ્મણની કોમ એવી થઈ કે એણે જોયું કે જીવોની અંધશ્રદ્ધાનો જો ગેરલાભ લેવો હોય તો આ ધંધો બહુ મોટા પ્રમાણમાં ફાલેફૂલે એવો છે. અને પેઢી દર પેઢી સુધી ચાલે એવું છે. આ દુકાન કોઈ ઉઠાડી શકે એવું નથી. કેમકે જગતમાંથી મિથ્યાત્વ મટવાનું નથી. અંધશ્રદ્ધા જાવાની નથી. અને અંધશ્રદ્ધાથી દુઃખી અને પીડીત જીવો ઈલાજ કરવા આવ્યા વિના રહેવાના નથી. અને એને ગમે એવો મુર્ખાઈ ભરેલો ઈલાજ આપો તોપણ ત્યાં બધુ ધતીંગ ચાલવાનું ને ચાલવાનું જ છે. એટલે આ પરિસ્થિતિ ઊભી થઈ. નાખો એને. લાવો એમાંથી પૈસા આપો. આમ કરીને એનો પણ એકાદો

શ્લોક ગોઠવીને, ચાલો.

મુમુક્ષુ :- બ્રાહ્મણોએ જોયું કે આ જૈન અંધશ્રદ્ધા મટાડી દયે એમ છે. એટલે સૂત્ર બાંધ્યું, હાથી પીછે આવે તો મર જાના મગર જૈન મંદિર મેં મત જાના.

પૂજ્ય ભાઈશ્રી :- મંદિરોજિનાલયો તોડી નાખતા હતા. જેમ મુસલમાનોએ હિન્દુના મંદિરો તોડ્યા છે, એમ હિન્દુએ જૈનોના મંદિર તોડેલા છે. ખાસ કરીને આ બાજુ એ ઓછું દેખાય છે પણ દક્ષિણની અંદર તમે જાઓ ત્યાં જે મોટા મોટા મહેલ છે. મોટા મોટા મંદિરો છે. 'મૈસુર'ની અંદર આ જે સવિઠા મહેલ કહે છે ને ? ત્યાંના રાજાનો રાણીના નામ ઉપરથી (બનાવ્યો છે). ટેકરી ઉપર છે. એની બાજુમાં એક ટેકરી છે. બહુ મોટું મંદિર છે. ચામુંડાનું કે એવું કોઈ મોટુ મંદિર છે. કેટલા સેંકડો થાંભલા છે અંદર. બહુ મોટું મંદિર છે. કહેવાય છે કે પહેલા જૈન મંદિર હતું. આ 'તિરૂપતિ'. 'તિરૂપતિ'નું બહુ મોટું મંદિર છે. ત્યાં પહેલા જૈન મંદિર હતું એમ કહે છે હોં ! સાંભળેલી વાત છે.

મુમુક્ષુ :- 'રામેશ્વર'માં એમ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'રામેશ્વર' માટે એમ કહેવાય છે. હિન્દુઓ પણ પહેલાં તોડતા હતા. કેમકે ખરેખર અંધશ્રદ્ધાને મટાડનાર સિદ્ધાંતો છે એ તો ધંધાદારી જ્યાં વિષય થઈ જાય છે ત્યાં તો એને દુશ્મન જેવું દેખાયા વિના રહે નહિ. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- અંધશ્રદ્ધા કેટલી બધી !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો જીવ પોતે અંધશ્રદ્ધા કરે છે તો એને એવા નિમિત્તો જગતમાં છે. પોતે ન કરે તો ?

મુમુક્ષુ :- સૂર્યના જાપ કરો, તમારું સારું થઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું કાંઈક કરાવે છે. એમાં પાર વગરની વાતો છે. અંધશ્રદ્ધામાં કોઈ એનો છેડો આવે એવું નથી. એટલી બધી નવી નવી ઊભી થાય છે પાછી. એની ક્યાં વાત કરો, દિગંબર સંપ્રદાય જ્યાં આવું સાહિત્ય પડ્યું છે, સત્ય પડ્યું છે ત્યાં પણ દેવ-દેવલા ઘૂસવા માંડ્યાં. ત્યાં પાર વગરના ડઝનબંધી ઘૂસી ગયા અત્યાર સુધીમાં. તો બીજાનો તો અફસોસ કરવો ક્યાં રહ્યો. બીજા સંપ્રદાયનો તો અફસોસ કરવાનું પણ રહેતું નથી.

શું કહે છે ? '**અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં (તારો રાજા) વસે છે. તેના (રાજાના) હાથની દોરી આ ગુફા સુધી આવી છે.**' આ ગુફા એટલે શરીર સુધી આવી છે. શું કહે છે ? કે આ તને જે શરીર હલતું ચલતું દેખાય છે, ચેતન જેવું દેખાય છે એ અંદરમાં રાજા બેઠો છે એ દોરી હલાવે છે. દોરી દોરી છે, દોરી રાજા નથી. અંદરમાં જે ચેતનરાજા બેઠો છે એ દોરી હલાવે છે. એટલે તને એ હલતી દોરી છે એટલે મડદામાં અને જીવતામાં ફેર લાગે છે. પણ ખરેખર દોરી દોરી છે અને રાજા રાજા છે.

'**તો આ દોરી તેના હાથની હલાવી હાલે છે.**' એટલે ત્યાં નિમિત્ત છે એમ કહેવું છે. ચેતનનું અસ્તિત્વ છે એ નિમિત્ત છે. તેથી કેટલી શરીરની ક્રિયાઓ મડદાથી વિલક્ષણ પ્રકારની જોવામાં આવે છે. પણ તેથી કરીને એ શરીર કાંઈ આત્મા થઈ જાય એમ છે નહિ. આત્માનો સંયોગ છે તો નિમિત્ત-નૈમિત્તિકપણે કેટલાક કાર્યો થતા જોવામાં આવે છે. પણ તેથી કરીને એ કાર્યો શરીરના થાય છે તે આત્મા છે એમ માનવું નહિ.

મુમુક્ષુ :- દોરી એટલે જ્ઞાનનો ઉપયોગ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ દોરી એટલે અહીંયાં શું છે કે હલનચલન છે એ લેવું છે. કેટલીક ચેષ્ટા છે એ લેવી છે. મન, વચન, કાયાના યોગની કેટલીક ચેષ્ટાઓ છે એમાં તને ચેતનપણાનો આભાસ થાય એવી છે પણ એ તો ચેતનનો સંયોગ છે એટલે એ બધું હલનચલન જોવામાં આવે છે. બાકી ખરેખર એ તો જડ છે તે જડ જ છે. કાંઈ ચેતન થતા નથી.

એટલે એમ કહ્યું કે '**આ દોરી તેના હાથની હલાવી હાલે છે. જો તે ન હોય તો દોરી પોતાની મેળે ન હાલે.**' હવે અહીંયાં એમ કહે કે જુઓ ! જડનું કાર્ય ચેતન કરે છે કે નહિ ? એમ નથી સાબિત કરવું અહીંયાં. એ ન હોય તો એટલે સંયોગરૂપ એનું અસ્તિત્વ ન હોય તો કેટલાક કાર્યો જોવામાં આવતા નથી. બીજા થાય છે.

જેમકે એક માણસનો દેહાંત થયો અને મડદું રહી ગયું. તો એનું વજન વધી જાય. વજન વધી જાય છે એમ નથી બનતું ? વજન વધી જાય. રોગિષ્ટ હોય, ખાટલે હોય ત્યારે વજન ઘટી ગયું હોય છે. પણ એ વજન વધી જાય ત્યારે શું એણે કાંઈ આહાર લીધો અને વજન વધી ગયું ? લોહી વધી ગયું ? શું વધી ગયું એને ? શેનું વજન વધ્યું ? એ પરમાણુઓ સ્વતંત્ર રીતે બીજી વિક્રિયા કરવા લાગ્યા. કોઈને કોઈ ક્રિયા કરવી એ પરમાણુનો

સ્વભાવ ધર્મ છે. તો એ કોઈને કોઈ પ્રકારે ક્રિયા કરે છે, વિક્રિયા કરે છેવિશેષ ક્રિયા કરે છે. તો જીવનો સંયોગ હતો ત્યારે અમુક પ્રકારની વિશેષ ક્રિયાઓ દેખાતી હતી. જ્યારે જીવનો સંયોગ ન રહ્યો ત્યારે અમુક પ્રકારની વિશેષ ક્રિયાઓ થાય છે. એ પોતાની ક્રિયા છે, એમાં કોઈ જીવ કાંઈ કરે છે એવું નથી.

ઔષધિમાં ઘણી ઔષધિ એવી હોય છે કે એ લીલી ઔષધિ હોય ત્યારે એનો પ્રયોગ થાય. કોઈવાર એ સુકાઈ ગયા પછી સૂકી ઔષધિ થયા પછી જ એનો પ્રયોગ થાય. લીલી હોય ત્યાં સુધી ન થાય. એ રજકણની ત્યાં સ્થિતિ બતાવવી છે. રજકણની સ્વયંની પ્રક્રિયા બતાવી છે. એમાં એ લીલાપણું હતું ત્યારે જીવ હતો માટે કાંઈક આમ થયું. હવે જીવ ન રહ્યો માટે જીવના કારણે આમ થયું એવું કાંઈ નથી. પરમાણુ સ્વયં પોતે પોતાના ગુણધર્મ અનુસાર પરિણમે છે અને જીવ અને પરમાણુના કેટલાક ગુણધર્મો એવા છે કે જે એકબીજાના સંયોગોમાં અમુક અમુક પ્રકારે વર્તે, પોતાને લઈને. એ પોતાના ધર્મો છે.

જેમકે અગ્નિના સંયોગમાં પાણીના પરમાણુ ઉષ્ણતાને પામે. એ પાણીના પરમાણુનો ત્યાં ધર્મ છે. ત્યાં એનો એ પોતાનો ધર્મ છે કે અગ્નિના સંયોગમાં ઉષ્ણ પર્યાયનું થવું. બરફના સંયોગમાં શીતપર્યાયનું થવું. પણ એ ધર્મ પોતાનો છે. એને અપેક્ષિત ધર્મ કહેવામાં આવ્યા છે. શું એને કહે છે ? બીજા પદાર્થની જે ધર્મના કાર્યમાં પરિણમનમાં અપેક્ષા લાગુ પડે તેને અપેક્ષિત ધર્મ કહે છે. પણ બીજાની અપેક્ષા લાગુ પડે માટે એ ધર્મ બીજાનો નહિ, એ ધર્મ પોતાનો છે. પણ એવા પર સાપેક્ષ ધર્મ કેટલાક હોય છે. એટલે પણ બે પદાર્થની એકતાબુદ્ધિ થવાનો ત્યાં જીવને ભ્રમ થઈ જાય છે.

**'માટે વિચારીને આ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા.'** હવે જુઓ ! અહીંયાં શબ્દ બદલ્યો. એ દોરીમાંથી શકિત લઈ લીધી. તારે શું જોવાનું છે ? તું શોધવા નીકળ્યો છો ને ? તો શકિતને પકડ અહીંથી. શકિત અથવા દોરી, દોરી અથવા શકિત. એક જ શબ્દનો અથવા કરીને અર્થાંતર કરી નાખ્યું. કેટલું વિચારીને લખેલું છે ! શબ્દ તો ઉપરથી ચાલ્યો જાય તો કાંઈ ન લાગે. એમ કહે છે કે આ જે કોઈ દોરી હલાવતો તને દેખાય છે તો તું શકિત એમાંથી શોધ. શકિતને શોધ એમાંથી. દોરીને ન જો. શકિતને જો. શકિતને શોધતા તું શકિતમાન છે એને જોઈ શકીશ, એમ કહેવું છે.

મુમુક્ષુ :- પર્યાય લીધી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યાય લીધી પણ પર્યાયમાં શક્તિને લેવી છે. એકલી પર્યાય નહિ. શક્તિને જો.

**'માટે વિચારીને આ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા.'** શક્તિને અનુસર એમ કહે છે. તારી શોધની જે જ્ઞાનપર્યાય છે એ સંશોધક પર્યાય શક્તિની પાછળ પાછળ જઈને શક્તિમાનને પકડે. એમ તું શક્તિને અનુસર. તારા સંશોધનમાં તું શક્તિને અનુસર. એટલા માટે એવું બધું કહેવાય છે, અનેક જાતના દૃષ્ટાંતો શક્તિ પકડવા માટે દેવાય છે. ભાઈ ! તું આઠ-દસ કલાક મહેનત કરીને માંડ માંડ પેટિયું કાઢે છો. એટલે ? પેટયું કાઢે છો એટલે તારી આજીવિકાને તું ચલાવવા માટે આઠ-દસ કલાકની મહેનત કરે છો. પણ તારા જીવમાં શક્તિ ઘણી છે. કેવી શક્તિ છે ? કે આ જીવ એક શુભભાવ એવો કરે, એક ક્ષણમાત્રમાં એવો શુભભાવ કરે કે ઊંચામાં ઊંચા દેવલોકમાં જાય કે જ્યાં પુણ્યના ઢગલા હોય. અનુકૂળતાના ગંજ હોય. તો એ જીવના વિકારી પરિણામમાં આટલી શક્તિ છે. તું રોજ ઉઠીને દસ કલાક સુધી શું મજુરી કરે છો. એ મજૂરી કર તોપણ તારા પૂર્વ પુણ્યના ઉદય પ્રમાણે અનુકૂળતા થાશે. પણ તારી શક્તિને તો સમજ. આ શક્તિ દસ-દસ કલાક વેડફી નાખવા જેવી નથી. શક્તિ બતાવવા માટે એમ કહે. ઊંધો પડે તો એવી શક્તિ છે કે ક્ષણમાત્રમાં એવો ભાવ કરે કે જાય નરકમાં. એવા પરિણામ પણ કરે. જીવની શક્તિ કેવી ? કે શક્તિ એવી કે શુદ્ધ પરિણામ કરે તો જાય સિદ્ધાલયમાં. પરાત્મદશાને પ્રગટ કરે એવી એની શક્તિ છે. એક ક્ષણમાં નરકનું ટાકુ બાંધે, એક ક્ષણમાં દેવલોકનું ટાકુ બાંધે તો એના વિકારી પરિણામમાંશુભાશુભ પરિણામમાં આટલી શક્તિ, શક્તિ પકડવી છે. એની શક્તિ કેવી ? કે એ જો અંતર્મુખ થાય તો સિદ્ધાલયમાં પહોંચે. સિદ્ધ થઈ જાય. એમ વિચારીને આ શક્તિને અનુસરીને ચાલ્યો જા એમ કહેવું છે.

**'કર્મમાં તેની ક્રિયા દેખ કે દોરીને કોણ હલાવે છે ?'** કોણ હલાવે છે ? એમ તું શક્તિમાન સુધી લંબાઈ જા. તારી સંશોધક વૃત્તિને ઠેઠ શક્તિમાન સુધી પહોંચાડ. **'દ્રવ્યકર્મ ગુફાની અંદર પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ એવા નામો તેના (રાજાના) નિમિત્તથી પડ્યાં છે.'** શું કહે છે ? દ્રવ્યકર્મની અંદર જે કર્મના પરમાણુ છે એમાં કાર્મણવર્ગણામાં રહેલા આખા લોકની અંદર જે પરમાણુ છે એ સામાન્ય દ્રવ્યકર્મ છે. કર્મ સામાન્ય. પુદ્ગલ દ્રવ્ય

હોવાથી એને દ્રવ્યકર્મ કીધા. પછી આ જીવના જેવા ભાવો નિમિત્ત પડે છે એવા અંદર પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ એવા નામ એને દેવાય છે. આ જીવ જેટલો રાગરસ, વિભાવરસ ઉત્પન્ન કરે એટલો એમાં કર્મના પરમાણુમાં પ્રકૃતિનો અનુભાગ ઉત્પન્ન થાય છે. ફળદાન શક્તિ જેને કહે છે. કર્મની ફળદાન શક્તિને અનુભાગ કહેવામાં આવે છે.

જેમકે એક નાની ફોડકી થઈ અને પીડા મોટી કરે. રાડ પડાવે. તો ત્યાં એનો અનુભાગ તીવ્ર છે. પણ એના પ્રદેશ એટલે જથ્થો ઓછો છે. ક્ષેત્ર નાનું છે. એનું ક્ષેત્ર મોટું હોય તો વધારે પીડા થાય એવું કાંઈ નથી. મોટું ગુમડું દેખાય. મોટું ભગંદર જેવું કાણુ પડ્યું હોય અને પીડા કાંઈ ન હોય. તો એને અનુભાગ ત્યાં ઓછો પડ્યો છે. પ્રદેશ વધારે છે અને અનુભાગ ઓછો પડ્યો છે.

એમ જીવ જેવા જેવા પરિણામ કરે એવા નામ દ્રવ્યકર્મને એવા નામ આપ્યા છે. જીવના ભાવને અનુસરીને, એમ કહેવું છે. પ્રકૃતિ એટલે જ્ઞાનાવરણીય, દર્શાનાવરણીય અથવા અશુભની, શુભની, પુણ્યની, પાપની, આયુષ્યની, નામની, ગોત્રની એમ અનેક પ્રકારની (પ્રકૃતિ છે). એવી પ્રકૃતિ એટલે એનો પ્રકાર, સ્વભાવનો પ્રકાર. પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા. સ્થિતિ એટલે કાળ. સ્થિતિ એટલે કાળ. જેમ આયુષ્યકર્મ કેટલી સ્થિતિનું બાંધ્યું છે ? આ આયુષ્યકર્મ ૭૫ વર્ષની સ્થિતિનું છે. તો એ સ્થિતિ છે એની. અને અનુભાગ એટલે ફળદાન શક્તિ. '**એવા નામ તેના (રાજાના) નિમિત્તથી પડ્યા છે.**' જીવે જેવા જેવા વિકારી પરિણામ કર્યાં, દૂષિત પરિણામ કર્યા, તેવા તેવા નામ એ કર્મની પ્રકૃતિ. પ્રદેશ સ્થિતિ, અનુભાગને આપવામાં આવ્યા છે.

ક્રોધ કર્યો. ભાવમાં જીવે ક્રોધ કર્યો. તો જગતની કાર્મણવર્ગણામાંથી સામે જે કર્મના પરમાણુઓ આવ્યા એણે આસ્રવ અને બંધ થતી વખતે ક્રોધની પ્રકૃતિ ધારણ કરી લીધી. પછી જેટલા રસથી એણે ક્રોધ કર્યો એટલો એની અંદર અનુભાગફળદાન શક્તિ પડી. એવી રીતે. જેટલા પ્રમાણમાં કર્યો એટલા પ્રમાણમાં એની સંખ્યા આવી. એટલા પરમાણુની સંખ્યા આવી. અને પ્રકૃતિ એની ક્રોધની, પ્રદેશ એટલે સંખ્યા, અનુભાગ એટલે એનો રસ. પ્રકૃતિ, પ્રદેશ. સ્થિતિ (એટલે) કયા કાળે એનો ઉદય આવે ? કેટલી સ્થિતિ સુધી એનું બંધન પડે ? પછી એનું ઉદયમાનપણું થાય. એવી સંયોગમાં

રહેવાની પણ એક મુદત એની અંદર નિશ્ચિત થાય છે એને સ્થિતિ કહેવામાં આવે છે.

જીવના વિભાવ પરિણામના નિમિત્તે એ બધા નામ પડ્યાં છે. **'તેની પરિણતિ એટલે તે (રાજાની) પરિણતિ જેવી જેવી થઈ તેવી તેવી વર્ગણા બંધાણી,'** જેવી જેવી થઈ. કામ, ક્રોધ, મોહ, લોભ, અનેક પ્રકારના ચિત્ર વિચિત્ર જે ભાવો થયા તેવી તેવી, જેવા ભાવ થયા તેવી તેવી કાર્મણવર્ગણા બંધાણી. **'ત્યાં પણ તેની (રાજાની) બનેલી સત્તાથી દ્રવ્યકર્મનું નામ પડ્યું'** ત્યાં એને દ્રવ્યકર્મ એવું નામ આપવામાં આવ્યું. અને **'તેના ભાવોના નિમિત્તથી પુદ્‌ગલ અનેકવિધ કર્મના નામ પામ્યા.'** જેવા જેવા ભાવ કર્યા, અહીંયાં ભાવનું નામ છે એવું અહીંયાં કર્મનું પાડ્યું. અહીંયાં ક્રોધનું નામ તો એને પણ ક્રોધનું નામ આપ્યું. વિશેષ લઈશું.

પરિણામનું અવલોકન કરવાનું કહેવામાં આવે છે. ત્યાં પણ પર્યાયબુદ્ધિ દૃઢ થાય, તેવો વિપર્યાસ થવો ન જોઈએ. તે ખાસ ધ્યાનમાં / લક્ષમાં લેવા યોગ્ય છે. અવલોકન વડે, પરલક્ષનો અભાવ કરાવવાનો હેતુ છે તે ઉપરાંત, સ્વભાવ ઓળખવા માટે જ્ઞાન નિજાવલોકનરૂપ અનુભવાતા ભાવોનો, પરિચય સાધી, સ્વભાવનો નિર્ણય કરાવવાનો હેતુ છે. પરિચયની પ્રક્રિયા (Process) નિજ ભાવોના અવલોકન સિવાઈ, અન્ય પ્રકારે થઈ શકતી નથી. પરંતુ માત્ર પરિણામને જ દેખતા રહેવાથી, સ્વભાવનો નિશ્ચય થવાનું રહી જાય, તો પર્યાયનું એકત્વરૂપ મિથ્યાત્વ દૃઢ થઈ જાય તેવો વિપર્યાસ થાય નહિ, તે અવલોકનમાં પ્રવેશતાં જ લક્ષમાં હોવું જોઈએ. અવલોકન કરવાનું કહેવામાં આવે કે અન્ય કાંઈ કરવાની વાત હોય, કોઈ પણ પર્યાયની મુખ્યતા રહેવી / થવી ન જોઈએ. પરંતુ સહજ તેમ થઈ જાય (સ્વરૂપ લક્ષે) – તેમ સમજવા યોગ્ય છે.

(અનુભવસંજીવની–૮૧૯)

**તા. ૧૭-૯-૧૯૮૫, પાના નં. ૮, પ્રવચન નં. ૩૦**

'અનુભવ પ્રકાશ', પાનું ૮. '**ભાવકર્મ ગુફામાં...**' વચ્ચેથી છે. '**રાગ, દ્વેષ, મોહના પ્રકાશમાં છૂપાયેલું સ્વરૂપ કહે છે.**' શું વાત ચાલે છે ? ચૈતન્યરાજાની સત્તા છે. તે ચૈતન્યના અસ્તિત્વમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન પોતાનું સ્વરૂપ જેવું છે તેવું જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં લેવું છે. ત્યાં દ્રવ્યકર્મ અને નોકર્મ તો પ્રગટરૂપે જડની પુદ્‌ગલની અવસ્થા છે પણ ભાવકર્મ ગુફા છે તે '**ભાવકર્મ ગુફામાં રાગ, દ્વેષ, મોહના પ્રકાશમાં છૂપાયેલું સ્વરૂપ કહે છે. તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે.**' રાગ, દ્વેષ, મોહની જે પર્યાય છે, જે ભાવો છે તે જીવનો અશુદ્ધ સ્વાંગ છે. જીવનું એ અશુદ્ધ સ્વરૂપ છે. અશુદ્ધનયથી તે જીવના ભાવો છે.

'**તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું ખોજ,...**' અહીંથી લીધું. આ રાગ-દ્વેષ કોણ કરે છે ? કે રાગ-દ્વેષ જીવ કરે છે. સામાન્ય રીતે સીધું ભેદજ્ઞાન જે નથી કરી શકતા એને ત્યાંથી પણ પકડાવે છે. જ્ઞાનને જુદું જે પાડી શકતા નથી અને રાગ-દ્વેષમય પરિણામ થઈ રહ્યા છે, રાગ-દ્વેષ, મોહમાં તન્મય જે પરિણામ થઈ રહ્યા છે અને જ્ઞાન જુદું દેખાતું નથી, જ્ઞાન જુદું જણાતું નથી એને રાગ-દ્વેષથી સમજાવે છે કે આ રાગ-દ્વેષ થાય છે તે જીવનો અશુદ્ધ સ્વાંગ છે. ત્યાંથી સમજાવે છે. એ કોઈ જડની પર્યાય નથી પણ જીવની અશુદ્ધ પર્યાય છે. જીવની પર્યાય છે એટલું નહિ પણ જીવની અશુદ્ધ પર્યાય છે, એમ કહ્યું. તેમાં ખોજ. એટલે તેમાં ચેતના શું છે તે જો. રાગ-દ્વેષ એકલા દેખાય છે એમ કોઈ કહે કે એકલા રાગ-દ્વેષ સિવાય બીજું શું દેખાય છે ? આત્મા જોવો કેવી રીતે ? જાણવો કેવી રીતે ? અહીંયાં તો રાગ-દ્વેષ સિવાય અવસ્થામાં બીજું કાંઈ દેખાતું નથી અને એટલો ને એવડો જ આત્મા દેખાય છે, કરવું શું ? એને એમ કહે છે કે એમાં ખોજ તું. તેમાં ખોજ.

'**ભય ન પામ, નિઃશંક જા, આ રાગ-દ્વેષમોહની દોરી સાથે જઈ ખોજ.**' હવે પદ્ધતિ લે છે. કે '**(આ રાગ-દ્વેષમોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે. દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તેને વળગ્યે**

**તુરત મળશે.'**

મુમુક્ષુ :- અહીંયાં રાગ-દ્વેષને ન દેખ ?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ-દ્વેષને ન જો એમ કહે છે. બહુ સારી પદ્ધતિ લીધી છે. કેમકે એવો પ્રશ્ન સંભવિત છે કે જે જીવ મિથ્યાત્વ અને અજ્ઞાનમાં અનાદિનો પડ્યો છે એ જરૂર એમ કહેશે કે તમે એમ કહો છો કે આત્મા જુઓ, ભિન્ન જ્ઞાન જુઓ. પણ અમને એકલા રાગ-દ્વેષ સિવાય બીજો અનુભવ થતો નથી. કરવું શું અમારે ? જુદું પાડવું, જુદું પાડવું વાત તમને હા પાડીએ પણ અંદર જુદું કાંઈ દેખાવું તો જોઈએ ને ? આ એક સંભવિત પ્રશ્ન છે. જીવની આ સમસ્યા છે કે આ પરિસ્થિતિમાં અમારે શું કરવું ? જ્યારે અમે આ પરિસ્થિતિમાં છીએ કે એકલા રાગ-દ્વેષથી તન્મયપણે રાગ-દ્વેષનો જ પોતાપણે અનુભવ (થઈ રહ્યો છે), આ સિવાય બીજું કાંઈ થતું નથી. તો હવે ત્યાં શું કરવું ?

એને એમ કહે છે કે એ રાગ-દ્વેષની દોરી, રાગ-દ્વેષ કાંઈ એકના એક તો રહેતા નથી. પલટતા જાય છે... પલટતા જાય છે... પલટતા જાય છે... હવે જ્યાં રાગ કરે છે, જ્યાં દ્વેષ કરે છે ત્યાં સાવધાની કરે છે કે નહિ ? ત્યાં સંભાળ કરે છે કે નહિ ? આ હું. આ હું.. આ હું.. આ મારું એમ સંભાળ કરે છે કે નહિ ? તો કહે છે કે એ પણ ચેતન વિના ન થાય. જીવનો એ અશુદ્ધ પર્યાય છે પણ એ ચેતન વિના એવું બને નહિ.

જેમ અરીસામાં પ્રતિબિંબ પડે અને પ્રતિબિંબ જોનાર એમ કહે કે અરીસામાં જે આકારો દેખાય છે એ અમને દેખાય છે. અરીસાની શુદ્ધ પર્યાય અમને નથી દેખાતી. આકાર વિનાની પ્રતિબિંબ વિનાની અરીસાની શુદ્ધ પર્યાય નથી દેખાતી. કેમકે અરિસામાં જે આકાર છે એ જ જોવામાં આવે છે. અમારે શુદ્ધ પર્યાય જોવી કેવી રીતે ?

એને એમ કહે છે કે ભાઈ ! એ પ્રતિબિંબ પણ અરીસાની પર્યાયમાં શુદ્ધતા છે માટે પડ્યું છે. ત્યાં લાકડાનું પાટિયું હોત કે પૂઠું મૂક્યું હોત તો એમાં કાંઈ પ્રતિબિંબ પડત ? એ પ્રતિબિંબ પડયું છે એ પણ અરિસાની કોઈ શુદ્ધતાને સૂચવે છે.

મુમુક્ષુ :- શુદ્ધતાને કે સ્વચ્છતાને ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીં તો શું છે કે પ્રતિબિંબ વિનાની જે અવસ્થા છે એ તો અરીસાની શુદ્ધ અવસ્થા છે ને ? એ તો ચોખ્ખી અવસ્થા છે ને ? એ

અવસ્થા ચોખ્ખી હતી તો એમાં પ્રતિબિંબ ઉઠ્યું. એના ઉપર મેલ લાગેલો હોત તો ન ઉઠત. એ અરીસાની જગ્યાએ બીજું કાંઈક હોત, લાકડું હોત તો પણ ન ઉઠત, પતરું હોત તો પણ ન ઉઠત. તો કહે છે, રાગ-દ્વેષ થાય છે... રાગ-દ્વેષ થાય છે... રાગ-દ્વેષ થાય છે એમ તું કહે છે. તો કહે છે, કયા પ્રદેશમાંથી રાગ-દ્વેષ ઉઠ્યા ? આમ પકડાવે છે. સત્તાનું ગ્રહણ કરાવવું છે ને ? ક્યા પ્રદેશમાંથી રાગ-દ્વેષ ઉઠ્યા ? જડના પ્રદેશમાંથી ઉઠ્યા કે ચેતનના પ્રદેશમાંથી ઉઠ્યા ? એમ કહે તું. ક્યાં થયા ? ચેતનમાં થયા કે જડમાં થયા ? આ સીધો સવાલ કર્યો છે.

મુમુક્ષુ :- શુદ્ધ ન વિચારે, અશુદ્ધ વિચારે એનું શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ભૂલ્યો છે. શુદ્ધ સ્વરૂપને ભૂલ્યો છે. પોતે સ્વરૂપે કરીને શુદ્ધ છે એનું ભાન નથી. એક રીતે. બીજી રીતે પોતે મનુષ્ય છે, ફલાણો છે, ઢીકણો છે, આમ છે, તેમ છે, તેમ છે એવું એણે સ્વીકાર્યું છે. એનું ભાન છે એને. હું તો માણસ છું. માણસ છું એવા ભાનમાં મનુષ્યોચિત વ્યવહાર કરે છે, પરિણામ કરે છે. આત્મા છું એવું ભાન નથી એટલે તેના અભાનમાં આત્માને જે ઉચિત પરિણામ થાય એ નથી કરતો. સીધી વાત છે.

મુમુક્ષુ :- રાગ-દ્વેષના પરિણામને પકડીને આગળ વધ. આધાર તો રાગ-દ્વેષનો થયો.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પકડીને નહિ. દોરીને છોડી દે એમ કહે છે. દોરીને ન દેખ. રાગ-દ્વેષ ક્યાંથી ઊઠે છે ? કોના પ્રદેશમાં ઉત્પન્ન થાય છે ? એમ જો. એમ કહે છે.

મુમુક્ષુ :- એ વાત બરાબર છે પણ આ પકડીને...

પૂજ્ય ભાઈશ્રી :- પકડીને એટલે એમાં છોડી દેવાની વાત છે. પકડીને એનો અર્થ એમ છે. જ્યાં એ રાગ-દ્વેષ દેખાય છે, તને રાગ-દ્વેષ જણાય છે એમાં એ રાગ-દ્વેષ કોના પ્રદેશમાંથી ઉત્પન્ન થાય છે એમ જો ને. એકલા રાગ-દ્વેષને શું કરવા જોવે છે ? દોરીની મારફત એમ કહેવું છે. રાગ-દ્વેષની દોરીની સાથે જઈને ખોજ, તપાસ કર કે કયા પ્રદેશમાંથી ઊઠે છે ? આમ એને ગુફામાં લઈ જાય છે.

મુમુક્ષુ :- Train હાથમાં આવે એટલે Platform છોડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- છોડી દેવું જોઈએ એણે. પ્રદેશ બાજુ લઈ જાય છે

એને. જુઓ ! એની સત્તા પકડાવવી છે ને. કોના પ્રદેશમાં આ રાગ-દ્વેષ ઊઠ્યા ? ચૈતન્યના પ્રદેશમાં કે જડના પ્રદેશમાં ? કોના ક્ષેત્રમાં પ્રતિબિંબ પડ્યું ? અરીસાના ક્ષેત્રમાં કે કોઈ બીજી જગ્યાએ પડ્યું છે ? તો એ અરીસાનો આકાર એમ સૂચવે છે, અરીસામાં પ્રતિબિંબનો આકાર એમ સૂચવે છે કે અરીસો એક એવી ચીજ છે કે જેની નિર્મળતામાં જેની શુદ્ધતામાં પ્રતિબિંબ ઊઠી શકે. તો પ્રતિબિંબ ઉપરથી નિર્મળતા પકડાય કે ન પકડાય ? આમ વાત છે.

રાગ-દ્વેષ થયા એમ જાણ્યું કોણે ? કે જાણ્યું જ્ઞાને. છતાંય પ્રશ્ન કરે કે ભલે જ્ઞાને જાણ્યું તો પણ જ્ઞાન જુદુ પડતું નથી. હવે શું કરવું ? ન્યાયથી ના પાડી શકાતી નથી કે રાગ-દ્વેષ થયા એમ જ્ઞાને જાણ્યું ત્યારે ખબર પડી કે ક્રોધ થયો, રાગ થયો એમ જાણ્યા વગર કેમ ખબર પડી ? પણ એવું જાણવા છતાં પણ એ જ્ઞાન જુદું નથી પડતું ત્યાં શું કરશું ? આવી એક સમસ્યા ઊભી થાય ત્યારે એને રસ્તો બતાવે છે કે પણ કોના પ્રદેશમાંથી એ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ? કઈ ભૂમિ છે ? કયુ ક્ષેત્ર છે કે એમાંથી રાગ-દ્વેષ થાય છે ? એ એક ચૈતન્ય સત્તાધારી પદાર્થ છે. જડમાં રાગ-દ્વેષ થતાં નથી પણ જીવના પ્રદેશમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. એ રાગ-દ્વેષની દોરીને જોવી નથી. રાગ-દ્વેષના હલનચલનને લક્ષમાંથી ગૌણ કરીને જે સત્તામાં રાગ-દ્વેષ થાય છે એ સત્તાને ગ્રહણ કરવી છે.

'સમયસાર'માં તો એક દાખલો એવો લીધો છે કે જ્યારે પાણી ડહોળું છે ત્યારે પાણીની સ્વચ્છતાનું જ્ઞાન થઈ શકે છે. પ્રતીત એટલે વિશ્વાસ થઈ શકે છે અને ત્યારે ડહોળા પાણીમાં ફટકડી વગેરે ઔષધિ નાખીને તે પાણીને સ્વચ્છ કરવામાં આવે છે. ત્યારે કોઈ એવી પક્કડ કરે કે પાણી ચોખ્ખે ચોખ્ખું ડહોળું છે એમાં એ સ્વચ્છ પાણી દેખાય ક્યાંથી ? આવી પક્કડ કરે તો ? માટી અને કાદવ સાથે જે ડહોળાઈને એકદમ ડહોળું પાણી દેખાય છે એમાં સ્વચ્છ પાણી કેવી રીતે જોવું અમારે ? તો કહે છે, પાણી ડહોળું તેં કહ્યું કેમ ? જો પાણીનું સ્વરૂપ જ એવું હોય તો એ પાણી ડહોળું એમ ન કહેવાય. એને પાણી જ કહેવાય. પણ તેં પાણી ડહોળું કેમ કહ્યું એને ? ડહોળું પાણી એમ કહ્યું એનો અર્થ એમ કે આ પાણીનું સ્વરૂપ નહિ, આ પાણીનું સ્વરૂપ નહિ. નીકળે છે કે નહિ ? ક્યારે ? ડહોળું પાણી અવસ્થામાં છે ત્યારે પણ. અને ત્યારે જો એવું એનું સ્વરૂપજ્ઞાન પાણીનું ન થઈ શકતું હોય તો પાણી સ્વચ્છ

કરવાની પ્રક્રિયા પણ થઈ શકે નહિ. તું એમ કહે છે કે હું જીવ છું. હું જીવું છું. હું કાંઈ મડદું નથી. પણ આ રાગ-દ્વેષ થાય છે એમાં દુઃખ થાય છે, આકુળતા થાય છે ત્યારે એમ કહે છે કે તો તારું સ્વરૂપ કાંઈક બીજું છે એ વાત નક્કી થાય છે.

મુમુક્ષુ :- એમાં તો સ્વચ્છ પાણીનો અનુભવ છે, ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ બતાવશે કે આ રાગ-દ્વેષને જાણનાર જે જ્ઞાન છે એમાં રાગ-દ્વેષ નથી. હું તો ત્યાં સુધી કહું છું કે એ ડહોળા પાણીમાં નિર્મળ પાણીનો ખ્યાલ કરવો અઘરો છે. ડહોળા પાણીમાં નિર્મળ પાણીનો ખ્યાલ કરવો અઘરો છે. પણ જે જાતિ સ્વભાવથી જુદા છે એવા રાગ-દ્વેષ અને જે જાતિ સ્વભાવથી જુદું છે એવું જે જ્ઞાન, એ તો પ્રગટ અવસ્થાએ ભિન્ન ભિન્ન છે. ઓલા અવસ્થાએ ભિન્ન નથી પડ્યા. આ તો એથી (વધારે) આની અંદર તો જાણવાની સુવિધા છે. એક જ અવસ્થામાં ભિન્ન ભિન્ન જાતિએ છે.

દૂધમાં પાણી નાખ્યું હોય તો પાણી ન દેખાય જુદું. કેમકે પાણી પારદર્શક છે અને દૂધનો સફેદ રંગ છે તો પાણી જુદું ન દેખાય. તો એમાં પાણીને જુદું શોધવું કે દૂધને (જુદું) શોધવું અઘરી વાત છે. પણ અહીંયાં તો એક જ અવસ્થામાં અંધારા અને અજવાળા જેટલો જેમાં ફેર છે. શું કહે છે ? કેટલો બધો ? કે રાત-દિવસ જેટલો જેમાં ફેર છે. જીવ એ દૃષ્ટિકોણથી જોતો નથી. તકલીફ ક્યાં છે ? કે જે દૃષ્ટિકોણથી એણે એ જોવું જોઈએ એ દૃષ્ટિકોણથી જોતો નથી. નહિ તો ફેર બહુ મોટો છે.

'ધર્મદાસજી ક્ષુલ્લક'ને શું કહ્યું એમના ગુરુએ ? કે પ્રસિદ્ધ સિદ્ધ છે અને તું જોતો નથી તો તું આંધળો છો ? આંધળો થઈ ગયો છો તું ? પ્રસિદ્ધ સિદ્ધને જોતો નથી તું ! એમ કહ્યું. એટલે જ્ઞાન અને રાગ તો જાતિ સ્વભાવથી એટલા બધા જુદા છે કે એ માટી મળી ગઈ છે કે દૂધમાં પાણી મળી ગયું છે, એના કરતાં તો ત્યાં એને જુદાં જુદાં જોવાની સગવડ વધારે છે. પણ એને જુદા જોવાનો પ્રયાસ કરવો જોઈએ. જુદાં છે તો જુદાં જાણવાની એણે અંતર ખોજ કરવી જોઈએ. ખોજી જીવે વાદી મરે, 'બનારસીદાસ' કહ્યું.

પ્રશ્ન એ ચાલ્યો કે રાગ-દ્વેષથી જ્ઞાન જુદું ન દેખાતું હોય ત્યારે શું કરવું ? આ પ્રશ્ન ચાલ્યો છે, બરાબર આ પ્રશ્ન ચાલ્યો છે અત્યારે. તે '**રાગ-**

**દ્વેષમોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે છે. તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે.**' એ જીવનો અશુદ્ધ સ્વાંગ છે-વેશ છે, મૂળ સ્વરૂપ નથી. એણે એક વેશ ધારણ કર્યો છે. વેશનો અર્થ જ એ છે કે અસલમાં કોઈક એ જુદો છે. તેમાં ખોજ.

'**આ રાગ-દ્વેષમોહની દોરી સાથે જઈ ખોજ.**' કેવી રીતે ? કે '**(આ રાગ-દ્વેષમોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે. દોરીને ન દેખ.**' દોરીને જોવાનું છોડી દે. તારા જ્ઞાનમાં રાગ-દ્વેષ, મોહનું પ્રતિબિંબ પડ્યું છે. તો એ પ્રતિબિંબને છોડી દે એમ કહે છે. પ્રતિબિંબને જોવાનું છોડી દે. પ્રતિબિંબ ત્યારે પડી શકે કે જ્યારે એ જ્ઞાનની અંદર પ્રતિબિંબ પડવા યોગ્ય જ્ઞાન હોય ત્યારે. એવી સ્વચ્છતા તો જીવની સદાય છે. સ્વચ્છત્વ શક્તિ જુદી છે. ૪૭ શક્તિમાં સ્વચ્છત્વશક્તિ જુદી છે. છતાં જ્ઞાનને સ્વચ્છત્વનું રૂપ છે. સ્વચ્છત્વશક્તિનું જ્ઞાનને રૂપ છે. જેમ આનંદનું રૂપ છે એમ સ્વચ્છત્વશક્તિનું પણ જ્ઞાનને રૂપ છે. એ સ્વચ્છતામાં રાગ-દ્વેષનું પ્રતિબિંબ પડે છે. તો એ રાગ-દ્વેષને ન જો. જરાક પ્રયત્ન કરીને ધીરો થઈને જુદું જ્ઞાન, જે જાણનાર છે એવું જુદું જ્ઞાન જો. તું રાગ-દ્વેષને જોવાનું છોડી દે. રાગ-દ્વેષને અનાદિથી તું એકત્વપણે વળગ્યો છો એ પક્કડ તારે ઢીલી કરવી રહી. એટલે જ્ઞાનીઓએ એમ કહ્યું કે ભાઈ ! જ્યારે અજ્ઞાનદશામાં રાગ-દ્વેષથી એકતાબુદ્ધિ થઈ રહી છે એકત્વ અનુભવ થઈ રહ્યો છે, એકપણે, ત્યારે પણ જ્ઞાન રાગરૂપ થયું નથી અને રાગ જ્ઞાનરૂપ થયું નથી. ભિન્ને ભિન્ન જ રહ્યા છે. એ ભિન્ને ભિન્ન રહ્યા હોવાથી એની એકતાના અનુભવને મિથ્યાત્વ અનુભવ કહીએ છીએ. એ અનુભવ તારો જૂઠો છે ખોટો છે. એમ છે નહિ. વસ્તુસ્થિતિ એમ છે નહિ.

મુમુક્ષુ :- અહીંયાં એમ લેવાનું ને કે પ્રતિબિંબ અને સ્વચ્છતા એક થયા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. પ્રતિબિંબ, પ્રતિબિંબ છે અને સ્વચ્છ અરીસાની જે પર્યાય છે એ ધ્રુવપર્યાય છે. પ્રતિબિંબનો વિલય થતાં પ્રતિબિંબનો નાશ થતાં અવસ્થાનો નાશ નહિ થાય. અરીસો એમ ને એમ રહી જશે. જો બે એક થઈ ગયા હોય તો તો એ પ્રતિબિંબનો નાશ થતાં અરીસો ફૂટી ગયો હોત. અથવા પ્રતિબિંબમાં અગ્નિ દેખાતો હોત ત્યારે અરીસો ઊનો થયો હોત. પ્રતિબિંબમાં બરફનું પ્રતિબિંબ હોત ત્યારે

અરીસો ઠંડો થઈ ગયો હોત. પણ કાંઈ થાતું નથી.

એમ હાથમાં રહેલી સોનાની લગડી કોઈ ભરબજારે આંચકી જાય અને જોઈ રહેવું પડે કે આ લઈ ગયો. એ તો આ તમારે 'બિહાર'માં થાતું ને ? છરી બતાવે ભરબજારે. ચાલો, આપી દ્યો જે હોય એ. લઈ લ્યો. આપી દેવું પડે. તો એ વખતે એને જણાયું છે. જે બન્યું તે જણાયું છે. દુઃખ તો મારું સોનું ગયું, મારા રૂપિયા ગયા એનું દુઃખ છે. જાણ્યું એનું દુઃખ નથી. બીજાને પણ જણાયું છે. એને પણ જણાયું છે અને બજારમાં બીજા હતા એણે પણ એ જાણ્યું છે. પણ મારાપણું હતું એને દુઃખ થયું છે. જાણ્યું એનું દુઃખ થયું હોય તો બધાને એકસરખું થાત.

મુમુક્ષુ :- મારાપણાનું દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મારાપણાનું દુઃખ છે. તો જો તારા જ્ઞાનમાંથી શું ગયું ? જ્ઞાનમાંથી એ વખતે શું ઓછું થઈ ગયું ? કેટલી ઘટ્યું જ્ઞાન ? જ્ઞાન કેટલું લુટાયું ? સોનું લુટાયું ત્યારે જ્ઞાન કેટલું લુટાયું ? કોણે લુટ્યું જ્ઞાનને ? લુટીને કેવી રીતે લુટી લીધું ? કાંઈ નથી થયું. સંભાળ તું તારા જ્ઞાનને કે જ્ઞાન તો અવ્યાબાધ સ્વરૂપે છે અને એને કોઈ લઈ જઈ શકે, કાંઈ કરી શકે એ વસ્તુસ્થિતિ નથી. 'नैनं छेदन्ति शस्त्राणी' આવે છે કે નહિ ? 'नैनं दहति पावकः न क्लेरयन्तो न शोषयति मारुतः' એ તો તે 'દિ મોઢે કરેલા બાળપણમાં.

મુમુક્ષુ :- રાગ-દ્વેષની દોરીનો અર્થ ચારિત્રમોહની વિકારી પર્યાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચારિત્રમોહ. રાગ-દ્વેષ છે એ ચારિત્રમોહની વિકારી પર્યાય છે. એટલે ગુણનું પરિણમન છે પણ અશુદ્ધ પરિણમન છે. ગુણનું અશુદ્ધ પરિણમન હો કે ગુણનું શુદ્ધ પરિણમન હો, ગુણનું સ્વરૂપ તો બંનેના પરિણમન કાળે જેવું છે તેવું છે. આમાં એ વિષય લેશે. શુદ્ધ હો કે અશુદ્ધ હો, ગુણ તો જે છે તે છે. અને ગુણ વિના પરિણમન નથી. જો એ ગુણ ન હોય તો પરિણમન નથી. આત્મામાં જ્ઞાનગુણ ન હોય તો જ્ઞાનનો પર્યાય ન હોય. આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ ન હોય તો ઊંધી શ્રદ્ધા પણ ન હોય. સવળી તો બીજી વાત છે. જીવ ઊંધી શ્રદ્ધા કરે છે, ભલે મેલડીને માને છે, પણ એનામાં શ્રદ્ધા નામનો ગુણ છે એ ત્યાં સાબિત થાય છે. એમ તો ખરું કે નહિ ? રાગ-દ્વેષ થાય છે તો ચારિત્ર નામનો ગુણ સાબિત થાય છે. દુઃખ છે તો સુખ નામનો ગુણ સાબિત થાય છે. થાય છે કે નહિ ?

મુમુક્ષુ :- અશુદ્ધમાંથી શુદ્ધને પકડાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણનેશક્તિને જોવી છે. ગુણ કહો કે શક્તિ કહો. શક્તિને જોવાનો જેને દૃષ્ટિકોણ છે તે શક્તિને બરાબર જોવે છે. પણ એ દૃષ્ટિકોણ અપનાવે નહિ તો શક્તિ ક્યાંથી દેખાય ? અહીંયાં ફેરવી ફેરવીને એ વાત લેશે. અશુદ્ધતા ઉપરથી એય શુદ્ધતા પકડાવે છે. અશુદ્ધતા તેં કેમ કીધી ? એ અશુદ્ધતા એનું નામ કેમ ? પાણી ડહોળું કેમ ? એને અશુદ્ધતા કેમ કહો છો ? માટે શુદ્ધતા છે એમ નક્કી થાય છે. નહિતર એને અશુદ્ધતા કહેવાય નહિ. આમ ક્યાંથી એ ઉપાડે છે.

(અહીંયાં કહે છે), '**તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે.**' '**જે પ્રદેશથી એ રાગ-દ્વેષ ઉઠ્યા એ જ તારો નાથ છે. દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત મળશે.**' એટલે શક્તિ. જેના હાથમાં (દોરી છે તેને દેખ). શક્તિ છે તો પરિણમન છે ને ? શક્તિ વિના પરિણમન ક્યાંથી થયું ? જો તને જણાય છે, એવું જાણવાનો ખ્યાલ આવે છે કે હું જાણું છું તો જાણવાની શક્તિ છે ને જાણે છે ? કે જાણવાની શક્તિ નથી ને જાણે છો ? શક્તિ કોઈ દિવસ અપૂર્ણ હોય ?

અગ્નિનો તણખો નાનો હોય પણ એની શક્તિ નાની હોય ? તણખો નાનો માટે શક્તિ નાની. એમ નથી. શક્તિ તો એની અંદર આખા વિશ્વને બાળે એટલી હોય છે. શક્તિ અધૂરી હોય નહિ કોઈ દિવસ. એમ ઉઘાડ જ્ઞાનમાં પર્યાયમાં જ્ઞાન ભલે ઓછું દેખાય પણ એની શક્તિ અધૂરી છે એ રીતે શક્તિનું બની શકે નહિ. શક્તિને જોવી જોઈએ શક્તિના દૃષ્ટિકોણથી. તો બરાબર શક્તિની પરિપૂર્ણ અમાપ શક્તિ છે એવી પ્રતીત થઈ શકે છે.

શ્રુતજ્ઞાનમાં, મતિ-શ્રુતજ્ઞાનમાં એવી તાકાત છે કે ઉણી અધૂરી ઊંધી પર્યાય ઉપરથી પણ શક્તિને ઓળખીને એની અમાપ શક્તિનું માપ-અમાપ શક્તિ એવું માપ, મતિ-શ્રુતજ્ઞાન કરી શકે છે. આ મતિ-શ્રુતજ્ઞાનની તાકાત છે.

એક દૃષ્ટાંત કાલે લીધો કે ચરુ છે એનો કાંઠો જોયો. કેટલો ? એક Foot જેટલો. તો એમાં કેવડો ચરુ છે એ ખબર પડી ગઈ. ગોળાઈ આખી તો જોઈ નથી. પણ જો છ ઈંચ Diametere નો ચરું હોય તો એનો એક Foot કાંઠો દેખાય નહિ. એની ગોળાઈ એક Foot પહેલા જ પૂરી થઈ જાય. પણ એક Foot કાંઠામાં હજી અંશ દેખાણો છે, તો એને અંશી કેવડો છે એ પણ

દેખાણો છે, વગર ફૂટપટ્ટી લીધે. હજી તો અહીંયાં હજી વાંક પૂરો દેખાતો નથી, આ તો બહુ મોટો ચરુ લાગે છે. શું કહે ? એની ગોળાઈ પણ બહુ આછી જ છે, આટલી એક Foot જેટલી જગ્યામાં. તો આ ચરુ બહુ મોટો હોવો જોઈએ. એમ સાબિત થાય છે કે નહિ ?

એમ અંશ ઉપરથી અંશીનું માપ લેવાનું જ્ઞાનમાં સામર્થ્ય છે. જો જ્ઞાનઅંશ તારી પાસે છે તો જ્ઞાનશક્તિનું માપ લેવાનું એ જ જ્ઞાનની અંદર, જે જ્ઞાન અંશરૂપ ઉઘાડરૂપ છે એ જ જ્ઞાનને પકડીને એના જ આધારે એ જ જ્ઞાનશક્તિને માપવાનું એ જ જ્ઞાનમાં સામર્થ્ય છે. જાણનાર પોતે અને જણાનાર પોતે થઈ જાય છે ત્યાં. ત્યારે એને પોતાની નિજ શક્તિની અભેદતાનો પણ ખ્યાલ આવે છે. કે અરે...! આ જેમાં જણાય છે એ તો હું જણાઉ છું. જણાનાર હું, જાણનાર હું. આમાં તો વચ્ચે કોઈ છે નહિ. કોઈ પરાધીનતા નથી. કોઈ સાધનની જરૂર નથી.

રાગ-દ્વેષ જોવે છે એના બદલે જ્ઞાન, જ્ઞાનસ્વરૂપે એકલું જ્ઞાન જ છે. જ્ઞાન તો જ્ઞાનના સ્વરૂપે એકલું જ્ઞાન જ છે અને એ જ્ઞાનમાં એકલા જ્ઞાન સિવાય બીજું કાંઈ આવવું અશક્ય અને અસંભવિત છે. તો પછી એને એમ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવું જો ન્યાયથી, વિચારથી સંમત થતું હોય તો એ સંમત થઈને અટકી જવું નથી. એને એમ જોવાનો અંદરમાં પ્રયત્ન ઉપડવો જોઈએ. તો એવું એ મને જણાવું જોઈએ. જેવું મને સમજની અંદર સમજણની અંદર ઠીક લાગે છે કે આમ હોય. જ્ઞાનમાં જ્ઞાન હોય અને જ્ઞાનમાં બીજું કાંઈ પેસી શકે નહિ. કેમકે એનું સ્વરૂપ પણ નિવીડ છે. જ્ઞાન છે એ પણ જ્ઞાનઘન જ્ઞાન છે. જ્ઞાનમાં જ્ઞાનની ઘનિષ્ટતા છે. ક્યાંય પોલાણ નથી કે બીજું કાંઈ પ્રવેશી શકે. એક પરમાણુ કે રાગનો કણ એમાં પ્રવેશી શકે એવી કોઈ એમાં સ્થિતિ નથી. બીજા ગમે તેટલા પદાર્થો ઘનિષ્ઠ હોય, આ જડના દેખાય છે ને ? કે ટીપી ટીપીને ઘનિષ્ઠ કરી નાખ્યું છે. હવે એમાં કાંઈ બીજું થાય એવું નથી. આ Machinery માં Press કરે છે કે નહિ ? તોપણ એની અંદર જગ્યા રહે છે, તોપણ એની અંદર જગ્યા રહે છે. પણ જ્ઞાનમાં...

મુમુક્ષુ :- એમાં ... વચ્ચે હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોય છે. પણ એ તો માનો એક ક્ષેત્ર લ્યે પણ પરમાણુ, પરમાણુ બે પરમાણુ એક તો થતા નથી. પોતાનું જુદું જ સ્વરૂપ રાખે છે. અને સ્કંધ છે એ ગમે તેટલો ઘન હોય તો પણ એની અંદર વચ્ચે

જગ્યા રહે, રહે ને રહે જ છે. આ કાટ જામે છે કે નહિ ? એકદમ Bolt nut ને Full tight કરે. કેટલો ? જરાય જગ્યા ન રહે. એમ તો નહિ, આ Truck wheel ના Tight કરે છે ને ? હવામાં રહેલો Oxygen ત્યાં જાય છે ત્યારે ત્યાં કાટ જામે છે. એને વિજ્ઞાનની ભાષામાં Oxydation થાય છે એમ કહેવાય છે. આપણે ચાલુ ભાષામાં એમ કહીએ કે આ લોઢાને કાટ લાગી ગયો. પણ ખરેખર તો ત્યાં Oxygen ને લઈને રાસાયણિક પ્રક્રિયા થાય છે.

મુમુક્ષુ :- જ્યાં આકાશના પ્રદેશ છે ત્યાં જીવના પ્રદેશ પણ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ બધાયના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધાયના છે. છએ દ્રવ્યો એક જગ્યાએ રહેલા છે. એ તો એકબીજામાં અવગાહનત્વ છે.

અહીંયાં તો એમ કહેવું છે કે જ્ઞાનનો પર્યાય છે એમાં પ્રતિબિંબ પડે છે પણ પોલાણ નથી ક્યાંય. ક્યાંય પોલાણ નથી કે એમાં કાંઈ પેસી શકે. જો જ્ઞાન પોતાના સ્વરૂપથી ઘનિષ્ટ સ્વભાવે છે તો એ એકલું રહી શકે છે. કોઈની સાથે ભળતું નથી, ભેળવી શકાતું નથી. જો એ ભળતું નથી અને ભેળવી શકાતું નથી તો એને એના જે સ્વરૂપે છે એ સ્વરૂપે જોવાનો પ્રયાસ કરે તો અવશ્ય જણાય છે. કારણ કે જોનાર પોતે છે અને જણાનાર પણ પોતે છે એટલે જણાય. બીજો હોય તો હજી છૂપાવે અને ન જણાવે. પણ અહીં તો પોતાને જ પોતાનું સ્વરૂપ જોવાનું છે. જ્ઞાનને જ પોતાનું સ્વરૂપ જોવાનું છે. અને ન જણાય એવું બને નહિ. પણ એવું જોવાનો એણે દઢ સંકલ્પ પણ કર્યો નથી દઢ નિર્ણય પણ કર્યો નથી. નિર્ણયની દિશામાં પણ એ એટલો તૈયાર થયો નથી તો અનુભવની દિશામાં ક્યાંથી આવે ? નિર્ણયની દિશામાં તો તૈયારી કરવી જોઈએ કે મારે આ પ્રયત્ન સતતપણે કરીને એક વખત તો આ જુદું જ્ઞાન છે એનું જુદું સ્વરૂપ તો જોવું જ છે, બરાબર જોવું જ છે. અંદર એક વાત નિશ્ચય કરી નાખે કે આ કામ કરવું છે તો એ કાર્યની કેટલીક સુગમતા એના એ નિશ્ચયમાં થઈ જાય છે. અને નહિતર અઘરું છે, અઘરું છે. કેમ થાય ? કેમ થાય ? ખબર પડતી નથી, દેખાતું નથી, સમજાતું નથી. એમ ને એમ એમાં ને એમાં રહી જાય તો એ કાર્ય નથી થતું.

મુમુક્ષુ :- શકિત છે એની પ્રતીત થવી, એનું જ્ઞાન થવું અને લીન થવું એ એક જ મોક્ષમાર્ગ છે કે એ સિવાય બીજો પણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ સિવાય કોઈ ત્રણકાળ ત્રણલોકમાં બીજો

મોક્ષમાર્ગ નથી. સ્વરૂપ શક્તિની પ્રતિત થવી, એનું જ્ઞાન થવું અને એમાં લીન થવું, બસ ! આને જ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણીમોક્ષમાર્ગઃ 'ઉમાસ્વામી'એ જે કહ્યો છે એ આ જ છે. અને આટલો અને આવડો જ મોક્ષમાર્ગ છે. આ સિવાય બધું મોક્ષમાર્ગની બહાર છે, જે કાંઈ છે એ. પછી ઉપચાર ગમે તેના ઉપર કરો તમે. બાકી બધું મોક્ષમાર્ગની બહાર છે. મોક્ષમાર્ગનું એ સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- વ્રત, તપના પરિણામ એમાં સહજ ઊભા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ કે અશુદ્ધિ ઘટી ગઈ ને ? કષાય તૂટી ગયો. ત્રણ કષાયની ચોકડી જેને સ્વરૂપસ્થિરતા વધતા, શુદ્ધતા થતાં તૂટી ગઈ તો એને સકષાય પરિણામ ક્યાંથી થવાના ? જે કષાયનો અભાવ થઈ ગયો એ ક્યાંથી થવાના ? એક સજ્જન માણસને એમ કહે કે આ લ્યો છરી આપો અને ખૂન કરો. ભાઈ ! તમારી દરિદ્રતા ટાળી દેશું. તમે સજ્જન છો પણ તમને લાખ-પાંચ લાખ, પચ્ચીસ લાખ આપી દઈએ. આ એક માણસનું જરા ખૂન કરી આવો. કરી આવશે એ ? એ પરિણામ લાવવા ક્યાંથી અમારે ? એમ કહે. એ થઈ ન શકે એનાથી. તો એ મુનિરાજ છે એ ત્રણ કષાયના અભાવસ્વભાવે થઈ ગયા. પછી એને કષાય લાવવો ક્યાંથી ? થઈ જ શકે નહિ એનાથી. જે કષાય તૂટી ગયો એ કેવી રીતે થાય ? ત્યાં જે પછી સંજ્વલન રહી ગયો એમાં જે પંચ મહાવ્રત આદિના વિકલ્પો રહી ગયા તે રહી ગયા. એ પંચ મહાવ્રતના વિકલ્પ રહી ગયા એ કોઈ મોક્ષમાર્ગ નથી. જો એ મોક્ષમાર્ગ હોય તો દ્રવ્યલિંગીને મોક્ષમાર્ગ થઈ જાય. શાસ્ત્રનું વાંચન એ કોઈ મોક્ષમાર્ગ નથી. તો એ અભવી વાંચે છે એને પણ મોક્ષમાર્ગ થઈ જાય. એ કોઈ મોક્ષમાર્ગ નથી. અંદરમાં સ્વરૂપશક્તિને અવલોકવી, અનુભવવી, પ્રતીતવી, લીન થવું એટલો જ મોક્ષમાર્ગ છે. આ સિવાય મોક્ષમાર્ગનું સ્વરૂપ નથી. નિશ્ચય, વાસ્તવિક, ચોખ્ખેચોખ્ખો આટલો જ મોક્ષમાર્ગ છે. એટલે તો સૂત્ર બાંધી દીધું છે.

મુમુક્ષુ :- આ બધો વિસ્તાર એને માટે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ વાત સમજાવવા, એ એક જ વાત સમજાવવા અને એ પામવા માટે જ ફેરવી ફેરવીને બધી વાત કરી છે. કેમકે વિષય સૂક્ષ્મ છે, ગહન છે અને જીવને એનો અભ્યાસ નથી. એનાથી સદાય દૂર જ રહ્યો છે. અત્યાર સુધી એના સંસ્કાર પણ મેળવ્યા નથી. એ બધું

હોવાથી એને થોડું કઠણ પડે છે. પણ એ કઠણાઈ શરૂઆતની છે. એ પણ ક્યાં સુધી ? કે જીવ પોતે કૃતનિશ્ચયી ન થાય ત્યાં સુધી.

એક નિશ્ચય કર્યો, જ્યારે જ્ઞાનીએ એમ કહ્યું કે ભાઈ ! અમે તને એમ કહીએ છીએ કે આ તારાથી થાય એવું કામ છે. તું આદર એ કામ. કોઈ પૈસાવાળો માણસ એમ કહે કે આ વેપાર તું કર, અમે તારી પડખે ઊભા છીએ. તને ક્યાંય તકલીફ આવવા દઈશું નહિ. જોર કરી ને કરે છે કે નહિ ? એમાં તો એના ભાગ્ય પ્રમાણે થાય. ઓલાની ઈચ્છા હોય તોય કામ ન આવે. અહીંયાં તો એવું છે કે જ્યારે કોઈ જ્ઞાની એમ કહે, એ તો પાત્રતા જોઈને કહે કે તું આ કર, આ કામ તારાથી થઈ શકે એવું છે અને કર એવું છે. એટલે એમાં પછી એને બીજી તકલીફ થવાનો પ્રશ્ન રહેતો નથી. પણ એને પોતાને વિશ્વાસ આવવો જોઈએ. પાત્ર જીવને વિશ્વાસ આવી જાય છે કે ખરેખર જ્યારે જ્ઞાની મને આમ કહે છે, નક્કી વાત છે. હવે મને કોઈ એમાં અવિશ્વાસ આવે એવો સવાલ નથી. એ એમ કહી શકે છે કે મારી પડખે જ્ઞાની છે. મારી પડખે છે. જેમ પેલો કહે ને મારી પડખે આ ઓથ છે. એને વિશ્વાસ આવી જાય છે અને એ પોતાનું કાર્ય નિઃશંકપણે સાધી લે છે.

'**(તારો નાથ) નિજજ્ઞાન મહિમાને છુપાવી બેઠો છે.**' શું કહે છે ? તું એને વળગ એમ કહે છે. તારો નાથ એટલે તારું સ્વરૂપ નિજજ્ઞાન મહિમાને છુપાવીને બેઠો છે. 'ગુરુદેવ' આ નાથનો અર્થ કરતા. જે રક્ષા કરે, સંરક્ષણ કરે અને જોઈતું મેળવી આપે. જે જરૂરિયાત હોય એ મેળવી આપે અને જે હોય એની રક્ષા કરે એને નાથ કહેવામાં આવે છે. કહે છે કે તારો નાથ અહીંયાં કેમ કહ્યો ? કે તારે અનંત સુખ, અનંત આનંદ એ વગેરે તારે જોઈએ છે એ અંદરથી મેળવી આપશે તને અને એની પૂરેપૂરી સુરક્ષા થઈ શકશે. કરનાર એ પોતે જ છે. પ્રાપ્ત કરનાર પોતે, અનુભવ કરનાર પોતે, રક્ષા કરનાર પોતે છે.

એ '**નિજજ્ઞાન મહિમાને છુપાવી બેઠો છે.**' છૂપાવીને બેઠો છે એટલે અંદર ઘણું ભર્યું છે. પ્રગટ નથી અત્યારે પણ છે ઘણું. છૂપાવીને બેઠો છે એટલે એની હસ્તી લીધી. એ નિજ મહિમાને એટલે એની પોતાની મોટાઈને, મહાનતાને છુપાવીને બેઠો છે '**(તેને) તું પિછાણ.**' એને તું ઓળખ. જેમ કોઈ મહાપુરુષનો દેખાવ સામાન્ય હોય તેથી કાંઈ તેની મહાનતા ઘટી જતી નથી. અને એ પોતે મહાન છે એવો દેખાવ ન કરે તેથી કાંઈ એની મહાનતા ઓછી થતી નથી. ઉલટાની વધી જાય છે કે અરે...! જેમ શ્રીમંત માણસ હોય

અને સાદાઈથી રહેતો હોય તો શું કહે ? ભાઈ ! એને કોઈ શ્રીમંતાઈનું પ્રદર્શન કરવાનો ડોળ, આડંબર કરવાનો એને એવો વિભાવ કે સ્વચ્છંદ થતો નથી. ભલે ગમે એટલું (હોય પણ) સાદાઈથી રહેવું. ખાણી-પીણીમાં સાદાઈ, રહેણીકરણીમાં સાદાઈ. તો એનો એ ગુણ ગણવામાં આવે છે. એમ મહાનતા હોવા છતાં મહાનપણું પ્રદર્શિત ન કરવું અને છુપાવવું એ (એનો ગુણ છે).

આ પાત્રતાના લક્ષણમાં 'શ્રીમદ્જી'એ નાખ્યું છે. પોતાની મહાનતાને છુપાવનાર, પોતાની મહત્તાને છુપાવનાર એમ લીધું છે. શબ્દ શું વાપર્યો છે ? ગુરુતા દબાવનાર આવો શબ્દ વાપર્યો છે. ગુરુતા દબાવનાર, લ્યો ઠીક છે. છુપાવનારને બદલે દબાવનાર શબ્દ વાપર્યો છે. ભારે એમનું તો ! વ્યક્ત કરવાની શક્તિ ઘણી છે ! પોતાની મોટાઈ છે, ગુરુતા છે પણ દબાવીને રાખે છે. પાછળ રહે. કો'ક મોઢા આગળ થતો હોય તો કહે આપણે પાછળ રહો. આપણે આગળ મોઢાઆગળ થાવું નથી પણ આપણે પાછળ રહો. ગુરુતાને દબાવનાર ગુણ છે એનો, પાત્રતાનો ગુણ લીધો છે.

**'નિજજ્ઞાન મહિમાને છૂપાવીને બેઠો છે. (તેને) તું પિછાણ. આ ગુપ્તજ્ઞાન થયું એટલે (તારો) નાથ છુપાયેલો રહેશે નહિ.'** જ્યાં તને એની ગુપ્તતાનું જ્ઞાન થઈ ગયું કે અંદર શક્તિ પડી છે એ બેહદ છે, અપરિમિત છે, કોઈ માપ નથી એટલું આત્મમાં સામર્થ્ય છે, ત્યારે પછી એ પ્રગટ થયા વિના રહી શકશે નહિ. એનું શુદ્ધ પરિણમન છે એ આપોઆપ પ્રસિદ્ધ થઈ જશે. પછી એ શક્તિ છૂપાઈને પણ રહી શકશે નહિ. **'આ ગુપ્તજ્ઞાન થયું એટલે તારો નાથ છૂપાયેલો રહેશે નહિ.'**

**'(ત્યાં તું) ચેતનાપ્રકાશરૂપ ચિદાનંદરાજાને પામી સુખ પામીશ.'** પછી જે ચેતનનો પ્રકાશ છે, જેમાં ચેતનનું ચેતનપણે વેદવું છે, પ્રગટ થવું છે એવો જે ચૈતન્યરાજા છે, રાજા કોઈનો પરાધિન હોતો નથી, એને પામીને એટલે અનુભવીને સુખ પામીશ. એના અનુભવથી તને સુખની પ્રાપ્તિ થશે અને તને દુઃખની ઉત્પત્તિ કદી થશે નહિ.

બહુ મોટી વાત એ છે કે એ સ્વરૂપ એવું સર્વાંગ સમાધાનરૂપ છે કે જેનો આંશિક અનુભવ થતાં. અનુભવ આંશિક છે, હોં ! વિષય આંશિક નથી, એનો અનુભવનો વિષય તો પૂર્ણ હોવાથી સર્વાંગ સમાધાન આવી જાય છે. ક્યાંય અસમાધાન થવાનો પ્રશ્ન રહેતો નથી. બધે સમાધાન રહે. ક્યાંય એને

અસમાધાન થવાનું એક પડખું નથી. પછી એ જીવ પૂર્વકર્મને લઈને નારકીમાં હોય તોપણ સમાધાન છે, તિર્યંચમાં હોય તો એને સમાધાન છે. આ તિર્યંચનું ખોળિયું મને શું કરવા ? એ વાત એને નથી. એ એમ જોવે છે કે આ તિર્યંચનું ખોળિયું મને નથી પછી મારે વાંધો શું ? અસમાધાન અને મૂંઝવણ ક્યાં છે ? આ જ્ઞાની છે ને એને ગરીબાઈ કેમ ? આ જ્ઞાની છે અને એને રોગ કેમ ? એ બધા દુઃખના કારણો જગતમાં કહેવાય છે ને ? પણ એ તો મને છે એનું દુઃખ છે. એ કહે છે કે પણ હું એનાથી ભિન્ન છું અને મને એ છે નહિ પછી મને એનાથી દુઃખ એ પ્રશ્ન રહેતો નથી. એને અસમાધાન નથી. આમ છે.

એવો મજાનો સુખનો આનંદનો વિષય છે કે એને ક્યાંય કોઈ પડખે અસમાધાન ન થાય એ તો કેવડી મોટી વાત છે !! માણસને પોતાની સમસ્યા ઉકેલવા ક્યાંક ને ક્યાંક ડાહ્યા માણસની ઓથ લેવી પડે છે કે ભાઈ ! અમારી મૂંઝવણ છે એનો રસ્તો બતાવશો ? હવે મૂંઝાઈ ગયા છીએ અમે, એમ કહે. આ કદી મૂંઝાતો નથી. જ્ઞાનીનું આ લક્ષણ છે કે એ કદી મૂંઝાતો નથી.

મુમુક્ષુ :- .... મૂંઝાવા દે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વભાવિક છે કે એને મૂંઝાવાનો પ્રશ્ન (નથી). એને ઉકેલ મળી જાય છે. એને એનું સમાધાન મળી જાય. સીધી વાત છે. એટલે તો કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખજે.

મુમુક્ષુ :- માર્ગનો અજાણ...

પૂજ્ય ભાઈશ્રી :- તું માર્ગનો અજાણ ક્યાં જઈશ ? શું કરીશ ? તું એને સાથે રાખજે. મોટા પુરુષથી ડરવું એ તારા દોષથી ડરવા જેવું છે. એમ કરીને વાત કાઢી છે. શું કહે છે અહીંયાં ?

આ સુખને તું પામીશ. '**(આ તને મેં) નિજસુખનો ઉપાય કહ્યો.**' પ્રશ્ન અહીંયાંથી ઉઠાવ્યો છે ને ? કે નિજસુખ કેમ થાય તે અહીંયાં કહે છે. એ વાત લીધી છે ક્યાંથી ? શ્રદ્ધાથી લીધી છે ને ? મારું અનંત સુખ મારા ઉપયોગમાં છે, ત્યાંથી એ વાત ઉપાડી છે. એ નિજસુખ કેવી રીતે થાય ? છઠ્ઠે પાને. એ નિજ સુખ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે. કે તારા '**ચેતનાપ્રકાશરૂપ ચિદાનંદ રાજાને પામીને તું સુખી થઈશ. આ રીતે નિજસુખ થવાનો ઉપાય મેં તને કહ્યો. આ નિજ સુખ તો નિજ**

**ઉપયોગમાં કહ્યું.**' જે વાત પહેલા કહી હતી એ અહીંયાં ફરીને દોહરાવી. '**મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.**' તે ઉપયોગને હું સદા ધારણ કરી રહ્યો છું. ક્યાંય મારે આઘુપાછું જાવાનું નથી. એ વાત લીધી છે એમણે.

'**આ નિજસુખ તો નિજઉપયોગમાં કહ્યું. (છતાં આ સુખ) દુર્લભ કેમ થઈ પડ્યું છે ? તે કહેવામાં આવે છે.**' છે, અંદરમાં ભર્યું છે. અનંત અનંત સુખનો સાગર ભર્યો છે અને અવસ્થામાં છાંટો નથી આવતો. વાછટ પણ આવતી નથી આનું કારણ શું ? મોઢું ફેરવીને ઊંધો પડીને ઊભો છો, ઊંધો થઈને બેઠો છો એટલે તને એ દેખાતું નથી. 'શ્રીમદ્જી'એ એવા દૃષ્ટાંત બહુ સારા લીધા છે. અનુભવ થાય ત્યારે તો સાક્ષાત્ નિજસુખનો અભેદપણે અનુભવ થાય છે પણ એની નજીકતા થાય સમ્યક્ સન્મુખતામાં ત્યારે પણ એનો અણસાર આવે છે. એ નિજસુખ કેવું હોય એનું ભાસ્યમાનપણું થાય છે ત્યાં પણ એની નજીકતામાં એની હવા આવે છે. શીતળતાની હવા આવે છે, એમ કહ્યું છે. દસ ઈંચ વરસાદ પડવાનો હોય, એક કલાક પછી શરૂ થવાનો હોય અને સાંબેલાની ધારે દસ ઈંચ પાણી પડવાનું હોય તો એક કલાક પહેલા હવામાન ઠંડુ ઠંડુ થઈ જાય. બળબળતો ઉનાળો હોય પણ Sir condition ચાલુ થયું હોય એવું ઠંડુ હવામાન થઈ જાય. નજીકતા થઈ ગઈ છે.

એમ અંદરમાં પરમાત્માની પધરામણી થવાની છે તો એનું આંગણું પહેલેથી એવું સાફસૂફ ચોખ્ખું થાય છે કે એ પરમાત્મા પધારે એવી એની યોગ્યતા થઈ જાય છે. આસન બરાબર તૈયાર થઈ જાય છે એનું. ઈન્દ્રને જેમ ઈન્દ્રાસન હોય છે કે નહિ ? એ તો હજી બહારમાં મર્યાદિત પુણ્યવાળો છે પણ આ તો ત્રણલોકનો નાથ છે. એના પ્રમાણમાં એની તૈયારી થાય કે ન થાય ?

મુમુક્ષુ :- ચક્ષુનું દાન કરો. એને માટે લોભ શા માટે રાખો છો ?

પૂજ્ય ભાઈશ્રી :- ન રાખવો. પણ એવી રીતે દાન કરવું કે ચક્ષુ મારા નથી જેને લઈ જવા હોય એ લઈ જાય. મારા રાખીને કરવું નહિ. લૌકિકમાં આ ચક્ષુદાનની વાત કરે છે એની વાત છે ને ?

મુમુક્ષુ :- નહિ, હું તો આપને બીજું કહું છું. આપ બતાવો તો... અમારી પાસે ચક્ષુ નથી એટલે ચક્ષુનું દાન...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં ઈ તો વાત ચાલે છે. વિધિનો તો વિષય ચાલે

છે, વિધિનો તો વિષય ચાલે છે. આમ એમ કહેવાય છે, જ્ઞાની હોય એના નિમિત્તે જ્ઞાન થાય ત્યારે એવું કહેવાય છે, એક વિનય કરવાનો પ્રકાર છે કે સદ્ગુરુ અંજન કરે. સદ્ગુરુ ચક્ષુની અંદર અંજન કરે. એટલે એમ કે ચક્ષુ છે એ ચોખ્ખા થાય અને પરમાત્માના દર્શન કરે. એમ કહે છે ને ?

મુમુક્ષુ :- પરમ નિધાન...

પૂજ્ય ભાઈશ્રી :- 'પરમ નિધાન પ્રગટ મુખ આગળ, જગત ઉલંઘી જાય જિનેશ્વર.' ગાવું હો રંગ શું... 'આનંદઘનજી'એ ગાયું છે ને ? એટલે એમ કહે છે કે પરમાત્માનું નિધાન તો તારી અંદરમાં છે. તું ઉલંઘન કરે છો, ઊંધો ચાલીને ઉલંઘન કરે છો. સીધી વાત છે. એમાં જે કહે છે એની અત્યંત રુચિથી જીવ ગ્રહણ કરવા માટે તૈયાર કરે છે તો આપોઆપ એના ચક્ષુ ચોખ્ખા થઈ જાય છે. પોતાની રુચિથી જો એ આગળ વધે છે, અનન્ય હિતનું કારણ સમજીને-પરમ હિતનું કારણ સમજીને. કો'ક મોટો કોહિનૂર હીરો ભેટ આપે ને તો અડધો અડધો થઈ જાય. કેવો ? આંખો મિંચાઈ જાય. પણ અહીંયાં પરમાત્મા ભેટ ધરે છે. જ્ઞાનીગુરુ તો પરમાત્માની ભેટ આપે છે ! એને એની કિંમત આવવી જોઈએ. એને કિંમત આવવી જોઈએ કે આ શું ચીજ છે !

શું કહે છે ? '**નિજસુખનો ઉપાય કહ્યો. આ નિજસુખ તો નિજ ઉપયોગમાં...**' થઈ પડ્યું. નિજ ઉપયોગમાં રહ્યું છે. '**છતાં (આ સુખ) દુર્લભ કેમ પડ્યું છે ? તે કહેવામાં આવે છે.**' ફેરવી ફેરવીને વાત કહે છે.

'**આ પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઈ વિવેકમલ્લને જીતી જયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે.**' આ નિદાન કર્યું છે. શું જીવની સ્થિતિ છે ? '**પરિણામભૂમિકામાં...**' હોં ! અંદર તો પરમાત્મા બિરાજમાન છે. આ '**પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને...**' મોહરૂપી દારૂ પીને. આમ કોઈ એમ કહે કે દારૂ તો અમે અડીએ નહિ. પીવાનો તો સવાલ નથી પણ એનો અમે સ્પર્શ સુધ્ધા ન કરીએ. એમ કહે કે ન કહે ? અને આ મોહનો મદિરા ? ઓલો તો હજી તો કલાક બે કલાકે એનો કેફ ઉતરે. આનો કેફ ઉતારવો મુશ્કેલ છે.

મુમુક્ષુ :- સાત વ્યસનથી પણ મોટી મદિરા છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વના પાપને સાત વ્યવસ્થનથી મોટું પાપ કહ્યું છે. મિથ્યાત્વ કહો, અનુતાનુબંધી કહો.

કહે છે કે '**મોહમદિરા પીને અવિવેકમલ્લ...**' પાછો મલ્લ. (એની) શક્તિ છે. ઉન્મત્ત, પાગલ થઈને જેમ કોઈ દારૂ પીને ગાંડો થાય, ગમે તેમ બકે, બોલે એમ આ '**ઉન્મત્ત થઈને વિવેમલ્લને જીતીને...**' જ્ઞાનના હિત અહિતના, પોતાના જ હિત અહિતના વિચારને, ઉપાયને વિવેક કહેવામાં આવે છે. એને તો પાડી દીધો. એનો નાશ કરી નાખ્યો. એને જીતી લીધો છે. એની શક્તિ રહી નથી. એવી સ્થિતિમાં '**અવિવેકમલ્લ વિજયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે.**' તગડો થઈને ઊભો છે. અવિવેક છે. મોહમદિરા પીને જોર કરીને ઊભો છે. '**તેથી પોતાની સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી.**' પર્યાયની પાછળ સુખનિધિ છે, સુખનું નિધાન ભર્યું છે એનો એને ભોગવટો કરવા દેતો નથી. નજીક જ છે. આ લીધું ને ? 'યમનિયમ સંયમ આપ લિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો' એ લીધું એમાં. શું કહ્યું ? 'ચતુરાંગુલ હૈ દગસે મીલ હૈ.' ચાર આંગળ. કેટલું છેટું છે ? એ તો એક છેટું નથી એમ કહેવા માટે ચાર આંગળ કહ્યા છે. બાકી ત્યાં ચાર આંગળ પણ ક્યાં છે ? એટલું પણ છેટું ખરેખર નથી.

જે દર્પણમાં પ્રતિબિંબ છે તેનાથી દર્પણ કેટલુ દૂર છે ? એકમેક જેવું છે. દર્પણના પ્રતિબિંબથી દર્પણ દૂર છે ? એમ જ્યાં રાગ-દ્વેષમોહ છે એનાથી આત્મા કેટલો દૂર છે ? રાગ-દ્વેષમોહ વિનાનો. ત્યાં જ છે, કહે છે. એક એને દિશા અંતર્મુખની પકડવી રહી. બાકી છે ત્યાંનો ત્યાં જ.

એક બહુ સરસ વાત એ કરી છે કે આત્મા જ્ઞાનસ્વભાવી છે અને જ્ઞાનલક્ષણથી એનું ગ્રહણ થાય છે, જ્ઞાન દ્વારા એનું ગ્રહણ થાય છે. પ્રજ્ઞાથી ગ્રહવો. તો તું એ જ્ઞાનમાં ઊંડો ઉતર. એક વાત તો બંધ થઈ ગઈ કે હવે બીજે ક્યાંય તો જવા જેવું નથી. કોઈ અન્ય ક્ષેત્રમાં, અન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તો પ્રયત્ન કરવાનો પ્રશ્ન ન રહ્યો. એથી આગળ બાદ શું કર્યું ? કે રાગનો પ્રયત્ન કરવાનો ન રહ્યો. જ્ઞાનમાં ઊંડું ઉતરવાનું છે, રાગમાં નહિ. રાગની દોરી તો છોડવાની વાત છે. ભલે ચેતનને રાગ થાય છે તો પણ એ દોરી તો છોડવાની જ છે. કોના પ્રદેશમાંથી રાગ ઉત્પન્ન થયો ? એમ સીધું પકડાવે છે. તો ત્યાં એને પ્રયત્નનું જે ક્ષેત્ર છે-ભાવ છે એ મર્યાદિત કરી નાખ્યું કે અહીંથી તો હવે જવાનું નથી. જ્યાં સુધી ન મળે ત્યાં સુધી ત્યાં ને ત્યાં જ પ્રયત્ન કરવો અને બીજે પ્રયત્ન કરવો નહિ.

આમાં થયું છે શું ? કેમ લોકો બીજે રવાડે ચડી ગયા ? કે અહીં તો

મળતું નથી. અંદર આત્મામાં જવાતું નથી. તો કહે, હવે કરો ઉપવાસ, હવે કરો જાત્રા, હવે કરો પૂજા. ત્યાં ગોતો. અરે...! શાસ્ત્ર વાંચો. શાસ્ત્રમાંથી ક્યાંક આત્મા ગોતો. ત્યાં નથી. જ્ઞાનમાં આત્મા છે. ક્યાં છે આત્મા ? આત્મા જ્ઞાનમાં છે. જ્ઞાનસ્વરૂપી છે અને ત્યાં ઊંડો ઊતર તો ત્યાંથી મળે એવું છે અને બીજે ક્યાંયથી મળે એવું નથી. આટલી તો ચોખ્ખેચોખ્ખી મર્યાદા બાંધી દીધી છે. જીવને વ્યર્થ પરિશ્રમ કરવાનો એ સમજ્યા પછી પ્રસંગ રહેતો નથી.

'**તેથી પોતાની સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી.**' જો વિવેકમલ્લનું જોર થાય તો. '**વિવેકમલ્લનું જોર થતાં...**' હિત અહિતનો વિચાર જોર કરે કે મારે મારું હિત જ કરવું છે અને જરા પણ અહિત થાય ત્યાં સાવધાન થઈને બચવાનો મારે પ્રયત્ન કરવો છે '**તો અવિવેક હણ્યો જાય.**' તો પોતાના નુક્સાનના પરિણામનો નાશ કરી શકાય છે. જો એનો વિવેક જોર કરે તો. વિવેક છે એ જરા પ્રયોજનનો વિષય લીધો છે. પોતાનું પ્રયોજન મુખ્ય કરે તો. જો પ્રયોજન મુખ્ય ન કરે તો એને બીજે રસ્તે જતા વાર લાગે નહિ. (વિશેષ લઈશું...)

પુદ્‌ગલ વિષયોમાં જ્યાં સુધી દઢ રાગ-રસ છે. ત્યાં સુધી તત્ત્વજ્ઞાન થઈ શકે નહિ, કેમ કે ત્યાં દર્શનમોહનું પ્રાબલ્ય વર્તે છે. તેવો દઢ રાગ-રસ તોડવા નિજદોષ દર્શન અનિવાર્ય છે. તે વિના આ મહાવિપરીત, સ્વભાવને આવરણ કરનારો ભાવ આડો આવીને ઊભો રહે છે. સ્વભાવ દર્શન થવા દેતો નથી. તેથી રાગ-રસને દૂર કરવા માટે, સ્વદોષનું અવલોકન તે અમોઘ ઉપાય છે. દરિદ્રીને ધનવાનની સંપત્તિ જોવા કે સ્પર્શ કરવા મળે, તો તેને તેથી કાંઈ પ્રાપ્તિ થતી નથી. તેમ પરિણામ દરિદ્રીને (પુદ્‌ગલની યાચનાવાળાને / વિષયીને) આત્માનું શ્રવણ, મનનથી પણ આત્માની પ્રાપ્તિ થતી નથી તે અનુભવનો વિષય હોવાથી. (અનુભવસંજીવની – ૬૨૩)

## તા. ૨-૧૦-૧૯૮૫, પાના નં. ૮, પ્રવચન નં. ૩૧

'અનુભવ પ્રકાશ' પાનું ૮. આત્માનું અસ્તિત્વ શોધવાનો વિષય છે. શરૂ કર્યો છે એને મથાળે એટલી વાત લીધી છે કે '**નિજ શ્રદ્ધા આવતા નિજ અવલોકન થાય...**' એટલે અહીંયાં પોતાની રુચિ પ્રગટે તો અનુભવ થાય અને આ શ્રદ્ધા અથવા આ રુચિ પોતાના સ્વરૂપની ઓળખાણથી થાય છે. તે કેવી રીતે થાય છે ? એ વિષય લીધો ત્યારે આત્માના અસ્તિત્વને શોધવા માટે શરીરાદિ નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મની ગુફા સુધી શોધને લીધી છે.

શરીરમાં આત્મા નથી. નોકર્મમાં, દ્રવ્યકર્મમાં નથી અને ભાવકર્મ કે જે જીવના પરિણામ છે ત્યાં ભાવકર્મ ગુફામાં રાગ-દ્વેષ, મોહના પ્રકાશમાં છૂપાયેલું સ્વરૂપ કહે છે. શું કીધું ? કે ભાવકર્મ ગુફા છે એ ભાવકર્મમાં તો એકલા રાગ-દ્વેષ, મોહ છે. પણ એમાં પણ સ્વરૂપ છૂપાયેલું છે. 'સમયસાર'ની ૧૩મી ગાથામાં નવ તત્ત્વમાં છૂપાયેલી ચૈતન્યજ્યોતિ એવું નામ લીધું છે. તો નવ તત્ત્વમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધ છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધમાં પણ ચૈતન્યજ્યોતિ છૂપાયેલી છે ? હા. એમાં પણ ચૈતન્યજ્યોતિ છૂપાયેલી છે. કેવી રીતે એને શોધવી ?

ભાવકર્મ ગુફામાં રાગ-દ્વેષ-મોહના પ્રકાશ છૂપાયેલું સ્વરૂપ કહે છે. તે રાગ-દ્વેષમોહનો જે પ્રકાશ એટલે પ્રગટ થવું. અહીંયાં પ્રકાશ એટલે જ્ઞાન નહિ. રાગ-દ્વેષ, મોહના પ્રગટપણામાં છૂપાયેલું સ્વરૂપ છે. તે પ્રકાશ એટલે તે પ્રગટપણું તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. એ જુદો સ્વાંગ વિરુદ્ધ ભાવનો સ્વાંગ સજીને આત્મા ત્યાં ઊભો છે. ત્યાં આત્મા છે પણ એનો સ્વાંગ એને જોઈએ એવો નથી. જે સ્વાંગ એનો હોવો જોઈએ તે નથી. એક અશુદ્ધ સ્વાંગ રાગ-દ્વેષ, મોહનો વિરુદ્ધ વેશ પહેરીને એ ત્યાં રહેલો છે. તેમાં તું ખોજ. ત્યાં છે એટલે એને ત્યાં તું શોધ. એમાં તું શોધ, ભય ન પામ. અથવા નહિ મળે, મળશે કે નહિ એવી શંકા અને ભય ન કર. જ્યાં શંકા છે ત્યાં ભય છે. 'જ્યાં શંકા ત્યાં

ગણ સંતાપ.' નિઃશંકપણેનિઃશંક થઈને તું ખોજ. નિઃશંકપણે શોધ ચલાવ. ભય ન પામ.

**'આ રાગ-દ્વેષમોહની દોરી સાથે જઈને ખોજ.'** કેવી રીતે ? એ હવે લેશે. આ રાગ-દ્વેષ, મોહની દોરી એ દોરીનો દોરનાર, એમ લેવું છે અહીંયાં. દોરીને નહિ પણ એ દોરીનો જે દોરનાર છે તેને શોધ. એટલે કે... કેવી રીતે ? '**(આ રાગ-દ્વેષ, મોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે. દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત જ મળશે.**' આમ લીધું છે. શું કહ્યું ? જે ક્ષેત્રમાંથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થઈ રહી છે એ ક્ષેત્ર છે એ આત્માનું ક્ષેત્ર છે. ક્ષેત્રસ્વભાવ છે એને શાસ્ત્રીય ભાષામાં અસ્તિત્વ સ્વભાવ કહે છે.

અસ્તિત્વ છે એ દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ જ્યારે નિજ અસ્તિત્વને વિષય કરે છે ત્યારે પરિણામ બધા જ ગુણોમાં શુદ્ધ થવા લાગે છે. એટલે કે ત્યારે પુરુષાર્થ પણ જોર કરે છે. પુરુષાર્થનું પરિણમન પણ ત્યારે જ બળ કરે છે. આમ હોવાથી રાગ-દ્વેષ ઉપરથી જ્યાંથી રાગ-દ્વેષ થાય છે, જેમાં રાગ-દ્વેષ થાય છે એ તો કોઈ અસ્તિ ધરાવનાર પદાર્થ છે. એમ ક્ષેત્રની વાત સીધી લીધી.

અધ્યાત્મના પ્રકરણમાં જેમ જ્ઞાનને જ્ઞાનપદને દૂર કરી શકાતું નથી. તેવી જ રીતે અસ્તિત્વનું એક પદ છે. અસ્તિત્વનું પદ એવું છે કે જેમાં હુંપણું થાય છે. જ્ઞાનમાત્ર આત્મા એમ કહેતા હું જ્ઞાનમાત્ર આત્મા એમ લેવાનું છે. જ્ઞાનમાત્ર આત્મા એટલે કોઈ ત્રીજા ધણીની વાત છે એમ નથી. હું જ્ઞાનમાત્ર આત્મા એમ જો આવે તો જ એને પોતાની સમીપ જવાનો પ્રસંગ છે, સ્વરૂપની સમીપ જવાનો પ્રસંગ છે. અને હુંપણામાં જીવને રસ ઊપજે છે. પોતાનું હોય પોતાપણું હોય ત્યાં જીવને રસ ઊપજે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, દર્શનસ્વભાવી છે, આનંદસ્વભાવી છે, અસ્તિત્વસ્વભાવી છે, ધ્રુવસ્વભાવી છે. એમ અનેક પદથી વિચાર કરવા છતાં પણ જ્યાં સુધી એમાં અહંપણુ સ્થપાતું નથી એટલે કે જ્યાં સુધી એના અસ્તિત્વનું ગ્રહણ થતું નથી, સત્તા અને હયાતી પકડાતી નથી, ત્યાં સુધી એ બધા વિકલ્પ જ રહે છે, અધ્ધર અધ્ધર. ત્યાં સુધી અનુભવની સમીપતા થતી નથી, અનુભવ થતો નથી. એટલે અસ્તિત્વ

અને પ્રદેશ એ એક પરિણામને આધારભૂત ભાવ છે કે જેના અસ્તિત્વ ઉપર જેના આધારથી પરિણામ શુદ્ધ થઈને પરિણમવા લાગે છે.

અહીંયાં 'અનુભવ પ્રકાશ'માં અંતર શોધનો વિષય છે ત્યાં પણ પ્રદેશની વાત શરૂ કરી દીધી છે. કે જે પ્રદેશથી તે દોરી ઊઠી એટલે જે પ્રદેશથી રાગ-દ્વેષ, મોહની વૃત્તિનું હલનચલન દેખાય છે, રાગ-દ્વેષ, મોહની પરિણતિનું ચલન દેખાય છે-ચાલતું પરિણમન દેખાય છે, એ ક્ષેત્ર છે ત્યાં તારો નાથ એટલે ત્યાં જ તારું સ્વરૂપ છે. ત્યાં જ તું છો. હવે એ છોડીનેએ પ્રદેશ છોડીને તારે ક્યાંય શોધ, તારી સત્તા છોડીને અસ્તિત્વ છોડીને તારે ક્યાંય શોધ કરવાનું રહેતું નથી. આ અંતરશોધનો વિષય મર્યાદિત કરી નાખ્યો. કોઈ અન્ય ક્ષેત્રમાં-મંદિરમાં કે મહાવિદેહક્ષેત્રમાં ક્યાંય ત્યાં તારા આત્માની શોધ ચલાવવાથી ક્યાંય શોધ મળે એવું નથી.

હવે અહીંયાં દોરી એટલે રાગ-દ્વેષના હલનચલનથી ક્ષેત્ર સુધી પહોંચાડતા એક એવી સૂચના કરી કે એ ક્ષેત્રને જોતા તું પછી રાગ-દ્વેષ, મોહને ભૂલી જજે, એને નહિ જોતો. જેમ કોઈ આંગળી ચીંધે છે કે આ જગ્યાએ વસ્તુ છે. ત્યારે તે જગ્યા બાજુ જોવાય છે, આંગળી બાજુ જોવાનું તરત છોડી દેવાય છે. જેને શોધવું છે એને જોવાય છે પણ ચીંધનારને છોડી દેવાય છે. એમ રાગ-દ્વેષ મોહની સામે જોવાનું નથી. દોરીને ન દેખ એમ કરીને લીધું છે.

'**જેના હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત મળશે.**' અથવા જેની હયાતીને લઈને, જેના કારણને લઈને રાગ-દ્વેષ, મોહ જે પ્રદેશમાંથી ઉત્પન્ન થયા છે તેને વળગ્યે એટલે તેનો આશ્રય લેવાથી 'આ હું છું' એમ અંદરમાં એનો આશ્રય લેવાથી તરત મળશે. તરત મળશે એટલે તરત જ પછી ત્યાં કાંઈ નહિ મળવા માટે બીજો સમય નથી. એ તરત જ મળશે.

'**જેના હાથમાં દોરી છે તેને વળગ્યે...**' વળગ્યે એટલે તેમાં હુંપણું કરીને અભેદભાવ થવાથી તરત જ તને તેનો અનુભવ થશે. મળશે એનો અર્થ એ છે કે તરત જ તને તત્કાળ તને અનુભવ થશે. '(તારો નાથ) નિજજ્ઞાનમહિમાને છૂપાવી બેઠો છે.' તારું જે સ્વરૂપ છે એમાં તો સ્વ જ્ઞાનનો અનંત મહિમા છે. સ્વ જ્ઞાનનું અનંત સામર્થ્ય છે. એવા

બેહદ સામર્થ્યને અવર્ણનીય સામર્થ્યને ધારણ કરીને પણ છૂપાઈને બેઠો છે. રાગ-દ્વેષના ધૂમાડામાં ચૈતન્યઅગ્નિ દેખાતો નથી. છુપાઈ ગયો છે, આવરિત થઈ ગયો છે. દેખાતો નથી, આડશ છે એની. અગ્નિ નથી એમ નથી. વાદળાની પાછળ સૂર્ય નથી એમ નથી પણ જેને એવા સ્થાનમાં રહેવાનું થાય છે કે વચ્ચે વાદળા આવે છે એને સૂર્ય દેખાતો નથી. એમ જે રાગ-દ્વેષ આડા આવે એવી રીતે રાગ-દ્વેષની આડશમાં હુંપણું કરીને ઊભો છે ત્યારે એને ચૈતન્ય અનંત જ્ઞાન મહિમાધારી આત્મા દેખાતો નથી. હુંપણું એમાં કર્યું છે એ એની આડશ છે.

રાગ-દ્વેષ, મોહ ચારિત્રમોહના જ્ઞાનદશામાં છે પણ ચૈતન્યને જોવા, અનુભવવા એ રાગ-દ્વેષ એને નડતા નથી. એની આડશ એને નથી થતી. છે તો એને પણ. ચોથા ગુણસ્થાને તો જેવા અજ્ઞાનીના દેખાય એવા જ્ઞાનીના દેખાય. પૂજા, ભક્તિ, સ્વાધ્યાયનો રાગ બહારમાં જે પ્રકારનો પૂર્વકર્મનો ઉદય બીજાને હોય અને આને હોય એવો રાગ, એવો દ્વેષ, એવો મોહ બધું એવું દેખાય. સરખું દેખાય. પણ એકને આડશ છે. રાગ-દ્વેષ, મોહમાં હુંપણું કરીને રહ્યા છે એવા જીવોને ચૈતન્ય આત્મા દેખાતો નથી. જે એની ઉપર છે, વાદળાની ઉપર Plane જાય છે તો નીચે ઘટાટોપ અંધારું હોય ધોળા દિવસે. ઉપર પૂરેપૂરો સૂર્યનો પ્રકાશ હોય છે. ત્યાં એને કાંઈ વાદળા નડતા નથી. એમ રાગ-દ્વેષની ઉપર જે આવી ગયા (એને) રાગ-દ્વેષ નીચે રહી ગયા. પોતે એનાથી પર થયા. ઉપર આવ્યા એટલે એનાથી પર થયા, ભિન્ન પડ્યા. ભિન્ન પડ્યા એટલે એનાથી પર થયા. ત્યારે એને અપરોક્ષપણે પ્રત્યક્ષપણે પોતાનો શુદ્ધ આત્મા ચૈતન્ય સ્વભાવ વેદનગોચર થાય છે-અનુભવગોચર થાય છે. એ રાગ-દ્વેષ, મોહ એના પોતાના અવલોકનને-અનુભવને અટકાવી શકતા નથી.

મુમુક્ષુ :- અપરોક્ષ અને પ્રત્યક્ષપણે એટલે કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ જે પરોક્ષ છે એવું નહિ એને અપરોક્ષ કહીએ, નાસ્તિથી. પરોક્ષપણું નહિ તેને અપરોક્ષ કહીએ. અને પ્રત્યક્ષપણું અસ્તિથી કહીએ. નાસ્તિ અને અસ્તિ બંનેથી. શું કહે છે ?

**'તારો નાથ...'** એટલે તારું સ્વરૂપ-અનંત મહિમાવંત તારું સ્વરૂપ નિજ જ્ઞાનમહિમાને છૂપાવીને બેઠો છે. એટલે એટલી ને એટલી એની

કિંમત છે. મહિમા એટલે મૂલ્ય. નિજ જ્ઞાન અનંત મૂલ્યવાન અનંત મહિમાધારી આશ્ચર્યકારી મહાપદાર્થ પોતે ! પોતે જૈન પરમેશ્વર છે. મૂળમાં તો અંદરમાં પોતે જૈન પરમેશ્વર છે. પોતે જ જિનેન્દ્ર છે. સિદ્ધપદ સ્વરૂપે સાક્ષાત પોતે જ છે. તે પોતાના સ્વરૂપને છૂપાવીને બેઠો છે. પ્રગટ નથી. એવી અવસ્થા એની પ્રગટ નથી એટલે એ સ્વરૂપે છૂપાઈને બેઠો છે. પણ છે ખરો. મોટી વાત એની હયાતીની છે. તેને તું પીછાણ. તેની તું પહેલા ઓળખાણ કર. તેવા નિજ સ્વરૂપની-અનંત મહિમાવંત નિજ સ્વરૂપની તું પીછાણ કર. નિજ જ્ઞાન મહિમા લીધો ને ?

'પૂજ્ય બહેનશ્રી' સાથે જ્ઞાયકની ચર્ચા ચાલે છે ત્યારે એવી વાત કરે છે કે આત્મા જ્ઞાયક છે એટલે લુખ્ખો જ્ઞાયક છે એમ ભાવમાં ન આવવું જોઈએ. એ જ્ઞાયક એટલે અનંત મહિમાવંત જ્ઞાયક છે એમ લક્ષમાં આવવું જોઈએ. ભાવમાં એવો જ્ઞાયક કહેતા એના મહિમા સહિતનો ભાવ ઊપજવો જોઈએ. જ્ઞાયક જ્ઞાયક એમ લુખ્ખું જ્ઞાયક જ્ઞાયક વિકલ્પનું પરિણમન થાય એથી કાંઈ જ્ઞાયકની સમીપ નહિ જવાય, એમ કહે છે. જ્ઞાયકનો ઓળખતા જ્ઞાયકનો મહિમા આવશે તો જ્ઞાયકની સમીપ જવાશે. નહિતર જ્ઞાયકની સમીપ જવાશે નહિ.

એટલે અહીંયાં જ્યાં શોધ થઈ ત્યાં કહે છે કે એ મહિમાધારી આત્મા છે. શોધનો વિષય છે એ નિજ જ્ઞાનના મહિમાધારી આત્મા છે. અને અનંત અનંત મહિમાવંત એ તત્ત્વ છે એનો મહિમા લઈને આશ્ચર્યકારી અને અદ્‌ભૂતથી અદ્‌ભૂત એ સ્વરૂપ છે, એ સ્વરૂપને તું ઓળખ, એની તું પીછાણ કર. એની પરખ કર તું.

જેમ Roughમાં હીરાની પરખ કરવામાં આવે છે. હીરાનો જે પથ્થર છે એને Rough કહે છે. એની અવસ્થામાં અત્યારે હીરો નથી. હીરાનો જે પથ્થર છે એમાં હીરો બનેલો તૈયાર નથી. છતાં એમાં હીરો છૂપાયેલો છે. એનો જે પારખુ છે એ એને પકડે છે. પરખનો વિષય બહુ મોટો છે. સામાન્ય પથ્થર જેવો પથ્થર દેખાય. એવા પથ્થર ઘણાય દેખાય. છતાં જેમાંથી હીરા બને છે તે હીરાનો પથ્થર છે. બાકીના બધા પથ્થરની કોઈ કિંમત નથી. એની કિંમત થાય છે. પરખ કરે ત્યારે પરખ કરવામાં કિંમત થવાની વાત સાથે સાથે જોડાયેલી છે, દૂર રહેતી નથી.

નહિતર તો જો કિંમત ન થઈ તો પરખ્યું શું ? તો કાંઈ પરખવાનો પ્રશ્ન રહેતો નથી. કિંમત થઈ એ પરખવાની ફલશ્રુતી છે. પરખવાની ફલશ્રુતી એ છે કે એની કિંમત થાય છે.

જ્યારે અનંત મહિમાવંત આત્મા ઓળખાય છે ત્યારે ઓળખનારને અનુભવ થયા પહેલા ઓળખાતાવેંત એનો અનંત મહિમા ઊપજે છે, અપૂર્વ મહિમા ઊપજે છે કે અરે...! આ તત્ત્વ કોઈ અપૂર્વ તત્ત્વ છે. પહેલા નહિ લક્ષમાં આવેલું આ તત્ત્વ છે, નહિ સમજમાં આવેલું આ તત્ત્વ છે. કે જેના અપૂર્વ મહિમાના ફળમાં સમ્યગ્દર્શન આદિ બધી દશાઓ પ્રગટવા લાગી જાય છે. એનો વિકલ્પ પણ કરવો પડતો નથી કે હવે મને સમ્યગ્દર્શન ક્યારે પ્રગટશે ? એવો વિકલ્પ એને કરવો પડતો નથી. એવી સહજપણે ઉત્પન્ન થતી દશાનું મૂળ કારણ એની પરખ છે એની ઓળખ છે કે જ્યાં ઓળખાણની સાથે એનો મહિમા ઉત્પન્ન થયા વિના રહેતો નથી. ઓળખ થઈ એનું ચિહ્ન જ એ છે કે એને મહિમા અપૂર્વ મહિમા ઉત્પન્ન થયો.

શાસ્ત્રથી આત્માના સ્વરૂપની વાત ધારણામાં પરલક્ષી જ્ઞાનમાં લીધી હોય તો એને તો પૂછવું પડે કે આત્મા આવો છે એ વાત તો બરાબર છે, ખ્યાલમાં આવે છે પણ એ વાત ખ્યાલમાં આવતી હોવા છતાં એનો મહિમા અમારે કેવી રીતે લાવવો ? એમ પૂછે. એનો મહિમા કેવી રીતે લાવવો ? એમ મહિમા કાંઈ પરાણે લાવવાની ચીજ છે ? મહિમા કોઈ પરાણે કરવાની ચીજ થોડી છે ? એ મહિમાવંત સ્વરૂપ છે. જો ખરેખર એ મહિમાવંત સ્વરૂપ જો તારી સમજમાં આવ્યું હોય તો તને મહિમા કેમ લાવવો એ પ્રશ્ન હોઈ શકે નહિ. અને મહિમા કેમ આવે ? એ પ્રશ્ન જ્યાં સુધી... લાવવો નહિ, આવે, લ્યોને. મહિમા કેમ આવે એ જ્યાં સુધી પ્રશ્ન છે ત્યાં સુધી ભલે આત્માની વાત શાસ્ત્રથી ધારી હોય, ધારણામાં લીધી હોય તોપણ પરખ સુધી જીવ આવ્યો નથી.

શું કહે છે અહીંયાં ? એટલે એમ જ્યાં પીછાણવાની વાત આવી છે ત્યાં નિજ મહિમાને છૂપાવીને બેઠો છે એ વાત સાથે લીધી. '**આ ગુપ્તજ્ઞાન થયું એટલે (તારો) નાથ છૂપાયેલો રહેશે નહિ.**' આમ કહે છે. આને ગુપ્ત જ્ઞાન કહ્યું છે. અનાદિથી આવું જ્ઞાન જીવને થયું નથી. પોતાના નિજ સ્વરૂપની ઓળખ અથવા પરખ થઈ નથી. એટલે કે સાચો

સ્વરૂપનો નિશ્ચય અથવા નિર્ણય થયો નથી. જેવું મહિમાવંત આત્મતત્ત્વ છે એનો પ્રતિભાસ આવ્યો નથી. તેથી એને મહિમા ઊપજતો નથી. મહિમાની પરિણમનમાં રુચિ પણ પ્રગટી ગઈ છે, જ્ઞાન સ્વરૂપ સન્મુખ થયું છે, નિજ સ્વરૂપ સન્મુખ થયું છે અને પુરુષાર્થ જાગૃત થયો છે. જેને સ્વરૂપની રુચિ પ્રગટે એને તો રુચિ અનુયાયી પુરુષાર્થ પ્રગટ્યા વિના રહે નહિ. એના સ્વરૂપસન્મુખ જ્ઞાનમાં મુખ્ય મુખ્ય બધા ગુણો પરિણમવાની તૈયારીમાં આવી ગયા. પરિણમન તો અનંત ગુણ શુદ્ધ થઈને અનુભવ થશે ત્યારે થશે, પણ પૂર્વ તૈયારી બધી થઈ ગઈ.

આ મંદિરમાં દર્શન કરાવે છે. વૈષ્ણવોના મંદિરમાં એવી પદ્ધતિ છે. આ નાથદ્વારા ને મોટા મોટા મંદિર છે ને ? ત્યાં ભગવાનને શ્રૃંગાર (કરે છે). એ તો માર્ગ જ શ્રૃંગારમાર્ગ જ છે. દેવના જેટલા કોઈ શ્રૃંગાર કરવાના હોય એ બધા કરી લે, પડદો પાડીને, એટલે પાડેલો રાખીને. બધી પૂર્વતૈયારી થઈ ગયા પછી પડદો ખેંચે ત્યારે બધાને ભગવાનના દર્શન થાય.

આ પૂર્વ તૈયારી તો થઈ જવી જોઈએ ને, એમ કહે છે. દર્શન થાય એ પહેલા અનંત દિવ્યગુણોનો જેને શ્રૃંગાર છે. પુદ્ગલના આભૂષણોનો નહિ, પુદ્ગલના વસ્ત્રોનો નહિ. આ તો સંપ્રદાયનું નામ પણ દિગંબર સંપ્રદાય છે. એટલે કોઈ વસ્ત્ર આભૂષણ નહિ. પણ અનંત દિવ્યગુણોથી જે શોભિત છે. જેનાથી શોભાયમાન પામે એને શ્રૃંગાર કહે છે. શ્રૃંગાર તો શોભા કરે છે ને ? દિવ્યગુણોનો શ્રૃંગાર છે. એનાથી પરમેશ્વર પોતે શોભાયમાન છે. એ જ્યારે એણે પોતાના મહિમા સહિત પોતાની ઓળખાણ કરી ત્યારે હવે આ ગુપ્તજ્ઞાન થયું. આ જ્ઞાન થયું અહીંયાં. આવું ઓળખવાનું જ્ઞાનમાં થયું છે તેથી એને અહીંયાં ગુપ્તજ્ઞાન કહ્યું છે. અત્યાર સુધી જે જગતમાં પ્રસિદ્ધ નથી એવા પદાર્થનું જ્ઞાન થયું. જગતમાં લોકો એના મહિમાને સમજી શકતા નથી.

માણસને શરીરનો મહિમા છે, ધનનો મહિમા છે, દર-દાગીનાનો ઝવેરાતનો મહિમા સોના-ચાંદીનો છે, કુટુંબ-આબરૂનો મહિમા છે. જગતમાં જે જે વસ્તુ મોટી ગણાય છે, કહેવાય છે અને જે જે પ્રસંગો મોટાઈના કહેવાય છે અને ગણાય છે એ બધાની મહિમા અહીંયાં હવે જીવ ખોવે છે. આ એક બીજું એનું પડખું છે. જ્યારે પોતાને નિજ

પરખથી પોતાની ઓળખાણથી પોતાની મહિમા આવે છે ત્યારે એને જગતમાં જેની મહિમા થઈ રહી છે એની મહિમા એને જાય છે. આ અસ્તિપૂર્વક નાસ્તિ અહીંયાં પહેલીવહેલી થઈ. જ્ઞાનમાં, હોં ! એવા જ્ઞાનને અહીંયાં ગુપ્તજ્ઞાન કહ્યું. કેમકે હજી બધું બહારનું એમ ને એમ છે. સંયોગોમાં કોઈ ફેર પડ્યો નથી. અંદરમાં ફેર પડ્યો. ગુપ્તજ્ઞાન અંદરમાં થઈ ગયું. એટલે બહારના પ્રસંગો એમ ને એમ ઊભા છે હજી, એમ ને એમ ચાલુ છે હજી. અંદરમાં જીવે પડખું ફેરવ્યું છે-સ્વસન્મુખ થયો. એવું એને ગુપ્તજ્ઞાન થયું. અને આ ગુપ્તજ્ઞાન થતાં હવે એ આત્મા છુપાયેલો રહે-અપ્રગટ રહે અને એને પ્રત્યક્ષ અનુભવ ન થાય એમ બનશે નહિ. એમ સીધું લઈ લીધું. ઓળખાણ અનુભવનું કારણ છે એ વાત અહીંયાં સીધી સાબિત કરી દીધી છે. શું કહ્યું ?

**'આ ગુપ્તજ્ઞાન થયું એટલે (તારો) નાથ છૂપાયેલો રહેશે નહિ'** એટલે તારું સ્વરૂપ હવે પ્રગટપણે અનુભવગોચર થયા વિના નહિ રહે, રહેશે નહિ. **'(ત્યાં તું) ચેતનાપ્રકાશરૂપ ચિદાનંદ રાજાને પામી સુખ પામીશ.'** જ્યારે એ પ્રગટ થશે ત્યારે ચૈતન્યના પ્રકાશરૂપ એટલે સાક્ષાત ચેતનાના સ્વસંવેદનરૂપ ચૈતન્યરાજાનો અનુભવ કરીને, પામીને એટલે અનુભવ કરીને તું સુખ પામીશ. તને ત્યાં નિરાકુળ સુખ પ્રગટ થશે. વિશેષ વાત લીધી. અનુભવ થશે અને અનુભવમાં તને નિરાકુળ સુખનો અનુભવ પણ થશે. તારું આત્મિકસુખ તને વેદનમાં આવશે.

જે સુખનું વર્ણન કરવા માટે જગતમાં કોઈ પદાર્થની ઊપમા નથી તેથી તેને અનુપમ સુખ કહેવામાં આવે છે. એવું એક અનુપમ સુખ, અવર્ણનીય સુખ, તૃપ્તિરૂપ સુખ, વિશ્રામરૂપ સુખ, એકદમ આકુળતાના અભાવરૂપ, સર્વાંશે આકુળતાના અભાવરૂપ સુખ છે. જેનું સુખનું સ્વરૂપ એવું છે એવું સુખ તને અનુભવમાં આવશે.

'શ્રીમદ્જી'એ બહુ વિચારવાન જીવને વિચારમાં આવી શકે એવી એક વાત લીધી છે. જે આ રાગ-દ્વેષ વધ-ઘટ થતાં દેખાય છે, એમાં જે દુઃખ છે એ પણ વધતું-ઘટતું દેખાય છે તો એ કોઈ કાયમી ચીજ છે એમ ન રહ્યું. જે વધે છે, જે ઘટે છે તો તેનો અભાવ પણ થઈ શકે છે. આમ લીધું છે. તો વર્તમાન આકુળતાના વેદન ઉપરથી એ આકુળતાનું વેદન વધે છે, ઘટે છે, ઘટે છે. ઘટતા... ઘટતા... ઘટતા... ઘટતા...

અભાવ થઈ શકે એમ સમજી શકાય એવી વાત છે. એમ ત્યાં સુધી પહોંચાડ્યું છે. જો આ આકુળતા ન જ હોય તો એક અનાકુળ ભાવ રહી જાય, આકુળતારહિત ભાવ રહી જાય, જેમાં સુખ વેદન અવશ્ય હોય છે. એને અહીંયાં આત્મિક સુખ કહેવામાં આવે છે. આત્મિક શાંતિ એને કહેવામાં આવે છે. એવા સુખને તું પામીશ.

હવે ઓળખાણ થઈ છે એમાં જે સુખ પામવાનો છે એના કરતા અનંતગુણ સુખસમૃદ્ધ આત્માની ઓળખાણ થઈ છે. કેમ એ પરિણતિ આત્મા તરફ દોરાઈ ગઈ ? કેમ એ પરિણામ આત્મા તરફ આકર્ષિત થયા ? અરે...! આકર્ષિત થયા નહિ પણ કેમ આત્મામાં અંતર નિમગ્ન થઈ ગયા, ડૂબી ગયા ? કે એ સુખનો ભંડાર આત્મા પોતે છે એમ અનંત સુખના ભંડારને પોતે જોયો છે તેથી ત્યાં એકાગ્ર થઈ ગયા, નિમગ્ન થઈ ગયા. અને તેથી ત્યાં સુખાનુભવ થયો. એ સુખને અમૃતની ઉપમા આપી. (આ અમૃત) એકવાર પણ (પીવે) તો તેને તત્ક્ષણ જન્મ-મરણનો નાશ થાય છે. એટલે એને મરતો નથી એમ ગણીને સદાય પોતાના શાશ્વત અસ્તિત્વના આધારે જીવતો, પરિણમનમાં જીવતો પોતાને અનુભવે છે તેથી તેને અમર થઈ ગયો એમ પણ કહેવામાં આવે છે. ભાવથી તો અમર થઈ ગયો. પછી બે-પાંચ ભવ રહ્યા હોય તો એ દ્રવ્યમરણ એ ખરેખર એને માટે મરણ નથી. એને તો જેમ વસ્ત્ર ફાટ્યું, જીર્ણ થયું અને નવું પહેર્યું. તો એને કાંઈ જૂનું વસ્ત્ર જીર્ણ વસ્ત્ર છોડવાનું દુઃખ કોને હોય ? ઉલ્ટાનું નવું પહેરીને જુએ અરીસામાં. વાહ ! સરસ છે. ચાલો આજથી હવે આ નવું પહેરશું. જૂનું છોડી દો. જરાય એને દુઃખ થાય છે ? ફાટી ગયેલું, જીર્ણ થઈ ગયેલું વસ્ત્ર છે એમાં પછી એને કાંઈ આકર્ષણ કે મોહ રહેતો નથી. સહેજે એને છોડવાનું થાય છે અને નવાને ગ્રહણ કરવાનું થાય છે.

એમ જીર્ણ શરીર થયું હોય ને છૂટે અને નવું શરીર આવે તો અહીંયાં સમ્યગ્જ્ઞાનમાં જીર્ણ શરીરનો પણ મોહ નથી. અરે...! નવા શરીરનો પણ એને મોહ નથી. પછી જીર્ણનો તો હોય જ ક્યાંથી ? દૃષ્ટાંતમાં તો નવા શરીરનો મોહ થાય છે અને જૂનાનો મોહ નથી રહેતો પણ મોહ ચાલુ ને ચાલુ રહે છે. અહીંયાં જૂના દેહ કે નવા દેહ સંબંધી દેહ રહિત પોતે છે એમ જ્યાં એને પોતાનું ગુપ્તજ્ઞાન થયું છે ત્યાં એને

શરીરના આવવા-જવા સંબંધિત હર્ષ વિષાદ નથી.

શું કહે છે ? '**(ત્યાં તું) ચેતનાપ્રકાશરૂપ ચિદાનંદ રાજાને પામી સુખ પામીશ.**' ગુપ્તજ્ઞાન થયું એટલે ચિદાનંદ રાજાનો અનુભવ થશે. એ અનુભવ થશે એટલી વાત અધૂરી નથી રાખવી પણ એ અનુભવમાં સુખાનુભવ થશે. સુખામૃતનો અનુભવ થશે એ અમૃતની વાત પણ લીધી છે. આ પ્રકારે '**(આ તને મેં) નિજસુખનો ઉપાય કહ્યો.**' જો તારે સુખ જોઈતું હોય, સુખી થવું હોય તો આ ભાવકર્મની ગુફામાં જઈને જે પ્રદેશમાંથી ભાવકર્મરૂપ રાગ-દ્વેષ, મોહની વૃત્તિ ઉત્પન્ન થઈ છે તેના અસ્તિત્વને શુદ્ધ અસ્તિત્વની ઓળખાણ કર. એની ઓળખાણ કરતાં તને નિજ સુખ પ્રગટ થશે. આ ઓળખાણ છે એ નિજ સુખનો ઉપાય છે. બીજો કોઈ સુખનો ઉપાય નથી.

'ટોડરમલજી'એ તો બહુ સાફ સાફ લખ્યું છે કે જગતના જીવો સુખનો ઉપાય નહિ જાણતા હોવાથી ભ્રમણાથી સુખ પ્રાપ્ત કરવા માટે દુઃખના ઉપાયને સેવે છે. આવી બહુ સાફ વાત લખી છે. 'શ્રીમદ્જી'એ તો સોળમા વર્ષે લખી. '**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.**' જે સુખ પ્રાપ્તિ માટેનો તારો પ્રયત્ન છે, તારા ભાવ છે અથવા જે પૌદ્ગલિક સુખમાં તને સુખ નહિ હોવા છતાં સુખ લાગે છે-અનુભવાય છે તેથી તેની પ્રાપ્તિ અર્થે તારા પરિણામ દોડે છે. એ તને સુખની પ્રાપ્તિ નહિ કરાવે પણ તને દુઃખની પ્રાપ્તિ કરાવશે.

જીવને દુનિયાભરની ઇચ્છા પડી છે અને એમાં એકલું એ ઇચ્છાઓમાં એકલું આકુળતારૂપ દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. એની સમજણ અહીંયાં બહુ સંક્ષેપમાં આપી દીધી છે. તારા ઇચ્છાના ભડકા તને દુઃખના રસ્તે ધકેલે છે. તું દુઃખી જઈશ અનંત, અનંત દુઃખી થઈ જઈશ. તેથી એ ભ્રમણાથી તું પાછો વળ અને આ ગુપ્તજ્ઞાન જો તને થાય તો સુખનો અનુભવ થયા વિના રહેશે નહિ. ગુપ્ત શબ્દ વાપર્યો છે. ગુપ્ત તત્ત્વ સૃષ્ટિને, ગુપ્ત ચમત્કાર સૃષ્ટિને લક્ષમાં નથી. 'શ્રીમદ્જી'એ આ વચન વાપર્યું છે. ચમત્કારીક એવો જે ચૈતન્યઆત્મા, ચમત્કારીક શક્તિ ધરાવતો એવો જે આ ચૈતન્યઆત્મા એ જગતને ગુપ્ત છે. જગતના જીવો એને જાણતા નથી તેથી ઊંધી દિશામાં દોડે છે. એટલે સૃષ્ટિને-જગતના જીવોને આ લક્ષમાં નથી એવી વાત લીધી છે.

મુમુક્ષુ :- વિકલ્પ, રાગ અને સંયોગોની મહિમા જે બેસેલી છે એ તૂટે કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :- તેનાથી રહિત એવા પોતાના સ્વરૂપને ઓળખે ત્યારે. ઓળખાણ થતાં સ્વરૂપનો મહિમા આવે છે. ઓળખાણ થતાં આ વિકલ્પમાં સુખ નથી, રાગમાં સુખ નથી, સંયોગોમાં સુખ નથી એવું સ્પષ્ટ એને સમજાય છે, જ્ઞાનમાં ભાસે છે. સુખથી ખાલી એવા એ પદાર્થોમાં સુખની મને ભ્રમણા થઈ હતી એમ એને ભાસે છે. એ ભ્રમણાની ભૂલ દેખાય છે ત્યારે ભ્રમણા રહેતી નથી. જે પદાર્થો અને જે ભાવો સુખથી એકદમ ખાલી છે-સુખથી એકદમ રહિત છે એવું ચોખ્ખેચોખ્ખું જ્ઞાનમાં જણાય પછી એની મહિમા ક્યાંથી થાય ? મહિમા થતી હતી એનું કારણ સુખાભાસ હતો. આભાસ તો જોકે જ્ઞાની કહે છે એને તો ખરેખર સુખ લાગતું હતું એટલે એની મહિમા છૂટતી નહોતી. હવે એ પ્રશ્ન નથી. આત્માને ઓળખે, સ્વરૂપની ઓળખાણ થાય એટલે અનાદિની એ વાતમાં ફેર પડે છે. પહેલોવહેલો ફેર અહીંયાં પડે છે. જેને અહીંયાં ગુપ્તજ્ઞાન એમ કહ્યું. આને ગુપ્તજ્ઞાન કહી દીધું. અંદરમાં થયું ને ? બહારમાં હજી કાંઈ ફેર નથી પડ્યો. અંદરમાં આખો મહિમા ફરી ગયો એને. જગતના તમામ પદાર્થોનો મહિમા ફરી ગયો, બદલાઈ ગયો એને. આ પરિસ્થિતિ થઈ.

મુમુક્ષુ :- જીર્ણ-શીર્ણ કપડાં હોય અને બીજા નવા જોવામાં આવે, જ્ઞાનની અંદર પહેર્યા પહેલા તે છૂટવાનું પ્રયાણ થઈ જાય. તો અહીંયાં નવા કપડાંનો જેમ મહિમા આવે છે એમ જ્ઞાનનો મહિમા, ઓળખાણ કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનો મહિમા આવે છે એટલે અનંત જ્ઞાનનું સામર્થ્ય છે, જ્ઞાનનું અનંત જ્ઞાનસામર્થ્ય એ એને પૂરેપુરું જેટલું છે એટલું એને નિશ્ચિત થાય છે અવભાસિત થાય છે. ઓ..હો...હો...! અનંત... અનંત... અનંત... જ્ઞાન અને અનંત... અનંત... અનંત... સુખનું તત્ત્વ છે. જ્ઞાનરસનો કંદ અને સુખરસનો કંદ છે આત્મા. એ આખું દળ એને ભાસનમાં આવે છે. પછી એને મહિમા નહિ થવાનો શું પ્રશ્ન છે ? થાય જ થાય. જેટલું જેવડું છે એટલું તત્ત્વ જ્ઞાનમાં આવ્યું અને એનો મહિમા ન થાય એમ કેમ બને ?

જગતમાં અસાધારણ પ્રસંગ જોવે છે તોપણ તેની અસર પરિણામ ઉપરથી જતી નથી. તો સાક્ષાત સિદ્ધ પરમાત્માની મૂર્તિ અંદરમાં જોવે, મૂર્તિ જ તે આખેઆખી પોતા સ્વરૂપે (જોવે), લોટરી લાગી ગઈ એને તો. એના પરિણામ ઉપરથી અસર ભૂંસાડી કેવી રીતે શકાય ? કેટલી અસર આવે ઊંડી ? કે ભૂંસાડવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. એટલે એને કહ્યું કે એને પ્રગટ થશે. હવે એ છૂપાયેલો નહિ રહી શકે. એની દશા પ્રગટ્યા વિના રહેશે નહિ. અંદર નાથ-સિદ્ધપદ છૂપાયેલો છે પણ હવે છૂપાઈને નહિ રહી શકે. ભાળી ગયો...

ઘરમાં ચોર ભાળી જાય તો પણ ભયથી ઊંઘતો નથી. સર્પ ભાળી જાય, સર્પ શું, કાનખજુરો ભાળી જાય તોપણ ઊંઘી જતો નથી. એક સામાન્ય આ તો પ્રસંગ છે. આ તો આખું સિદ્ધપદ છે. અખંડ સિદ્ધપદ ! સાક્ષાત જિનેન્દ્ર પરમાત્મા પોતે ! મૂર્તિ આખી બિરાજમાન છે. એ જેને લક્ષમાં આવે એનું લક્ષ પછી ફરી જાય એ વાત રહેતી નથી.

તમામ શાસ્ત્રો રચવાનો હેતુ, જ્ઞાનીઓને કે આચાર્યોઓને, મુનિઓને, ગણધરોને આ એક જ રહ્યો છે, જે 'શ્રીમદ્જી'એ આત્મસિદ્ધિમાં કહ્યું કે 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' ફક્ત જીવ જો અહીંયાં લક્ષ સુધી પહોંચે, આટલું ગુપ્તજ્ઞાન એને થાય તો એ આત્મા પ્રગટ થયા વિના રહેશે નહિ. આમ વાત લીધી છે. કેમકે આવી ચીજ લક્ષમાં આવી એને લક્ષમાંથી કેવી રીતે એ છોડે ? છોડવાનો પ્રશ્ન રહેતો નથી. જો લક્ષમાં એ રહી જાય તો પરિણમનમાં એ પ્રગટ ન થાય એ વાત અસંભવિત છે અને અશક્ય છે. એ પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ. એનું જોર એવું ઉત્પન્ન થાય છે - એનું બળ એવું ઉત્પન્ન થાય છે કે જેટલા સમયો પસાર થાય છે, લક્ષગત થયા પછી, એમાં એ બળ વધતું જ વધતું ચાલે છે.

રાગાદિ ઉપરથી તો લક્ષ જ છૂટી ગયું, સંયોગ ઉપરથી લક્ષ છૂટી ગયું. તેથી તે દેખાતા હોવા છતાં દેખાતા નથી. જેમ લક્ષ ન હોય ત્યારે આંખ ખુલ્લી હોય તો પણ જોતો હોવા છતાં જોતો નથી, દેખતો હોવા છતાં દેખતો નથી. એમ છે કે નહિ ? એવી સ્થિતિ લક્ષ બદલાતા થાય ત્યારે આત્મા પ્રગટ થયા વિના, એની દશા પ્રગટ થયા વિના રહે નહિ. દશા પ્રગટ થવામાં બીજું કાંઈ નથી, જે બુદ્ધિપૂર્વકના રાગાદિ ભાવોની

આડશ હતી કે જે પડદો રાગનો એવો હતો, મિથ્યાત્વનો એવો હતો કે જેમાં હુંપણું કરતા એને આત્મા દેખાતો નહોતો, અનુભવાતો નહોતો તે ઉત્પન્ન થતો બંધ થયો. તે ભાવની ઉત્પત્તિ જ નથી. પછી તો એકલો આત્મા અને એનો અનુભવ રહી જાય છે, થઈ જાય છે, બસ ! જેનો હુંપણે અનુભવ કરતો હતો એ લક્ષ બદલાતા એના ઉપરનું હુંપણાનું વજન છૂટી ગયું અને એ એટલું વજન છૂટી ગયું અને જે લક્ષમાં ચીજ આવી એના ઉપર હુંપણાથી એટલું બધું વજન વધી ગયું કે પછી પેલો હુંપણે ઉત્પન્ન થતો મિથ્યાત્વભાવ, વિભાવમાં હુંપણે ઉત્પન્ન થતો મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતો બંધ થઈ ગયો. તેથી જે ઉત્પન્ન ન થયો એનો અનુભવ થતો નથી. જે રહ્યો તેનો, એ તો લક્ષમાં હતો હુંપણે એથી એનો સાક્ષાત પ્રત્યક્ષ અનુભવ થઈ જાય છે. એ એક જેમ યંત્ર સ્વસંચાલિત Automatic હોય છે. એમ Automatic પરિણામની આ સ્થિતિ આવ્યા વિના રહે નહિ.

એટલે અહીંયાં એમ કહી દીધું કે હવે તારો નાથ છૂપાયેલો રહેશે નહિ. અને આ નિજ સુખનો પામવાનો ઉપાય છે. આ જન્મ-મરણ મટાડવાનો ઉપાય છે. સર્વ પ્રકારના ચારેય ગતિના દુઃખ, અશાતા વેદનીના તમામ પ્રકારના દુઃખ, મુંઝવણના તમામ પ્રકારના દુઃખ, સર્વ પ્રકારના જગતના સર્વ દુઃખોને મટાડવાનો આ એક અમોઘ રામબાણ ઉપાય કહ્યો. એમ કહે છે. ખાલી જાય નહિ એવો. કો'કને મટે અને કો'કને ન મટે એવી આ દવા નથી. આ તો રામબાણ ઉપાય છે.

રામનું બાણ ખાલી જાય નહિ. વિદ્યા સાધી હતી. 'રામચંદ્રજી' ૭૨ વિદ્યામાં પ્રવિણ હતા. જગતની ૭૨ (વિદ્યા) એટલે તમામ (વિદ્યા). જેટલી Technique છે-કળાકૌશલ્ય છે એ બધી એમને સાધ્ય હતી. તેથી એ રીતે પુરુષોત્તમ પુરુષ પણ કહેવાયા. આવા કોઈક જ માણસ હોય કે જગતની બધી વિદ્યાઓને જાણતા હોય. એમાં એમની બાણની વિદ્યા હતી એ પણ એવી જ સાધ્ય હતી. એનું બાણ છૂટ્યું એટલે જેના ઉપર છૂટ્યું એ છૂટ્યું. પછી એ બાણ એના નિશાનને લીધા વિના ખાલી જાય એવું કદી બને નહિ. એ તો થવું હોય તો થાય પણ આ તો ખાલી જાય એવું નથી.

જેણે આત્મા ઓળખ્યો એણે આત્મા અનુભવ્યો. અનુભવ્યો એને

સુખ થાય, થાય ને થાય જ. જગતમાં કેવા દષ્ટાંતો બને છે ! 'સોગાનીજી'ના જીવનમાં એમ કીધું સીત્તેર લાખની વસતીમાં હું એકમાત્ર સુખી છું. આર્થિક વ્યવસ્થા કોઈ નહોતી. પણ અંદર સુખનો અનુભવ હતો. ઠીક ! ત્યાં આ દિવસોમાં રાત્રે 'સોગાનીજી'ના પત્રોમાંથી બે પત્રો વાંચ્યા હતા. ત્યાં કેટલાક મુમુક્ષુઓને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપર સારો રસ છે ઘણા વરસથી.

મુમુક્ષુ :- અભ્યાસી હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભ્યાસી છે. રાત્રે એક વખત આ લેવું છે. 'સોગાનીજી'ના પત્રોમાંથી. દિવસે સવારના લેતા હતા, 'સંવર અધિકાર'ની પહેલી ત્રણ ગાથાઓની ટીકા.

**'આ નિજસુખ તો નિજ ઉપયોગમાં કહ્યું.'** આવું જે સુખ એ ક્યાં રહ્યું છે ? પ્રગટપણે તો નિજસુખ નિજ શુદ્ધોપયોગમાં રહ્યું છે. નિજ અવલોકન છે... આગળ એક જગ્યાએ આવશે. નિજ અવલોકન છે તેનાથી ઉપયોગ શુદ્ધ થાય છે. એવી વાત આવે છે.

મુમુક્ષુ :- નિજની શ્રદ્ધા આવતા નિજ અવલોકન થાય છે, એક ઈ પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ શુદ્ધ થાય છે (એમ આવે છે). ૧૫ પાનાની આસાપાસ છે. ૧૫ થી ૧૮ પાના સુધીમાં (છે). મારી પાસે પ્રત હતી એમાં ૧૫ પાને હતું. જુદી જુદી પ્રતમાં પાના બદલાયેલા છે. નિજ અવલોકનથી ઉપયોગ શુદ્ધ થાય છે એ શબ્દો સ્પષ્ટ કર્યા છે. આવી ગયું તો નથી ને ? જોઈશું પછી આવશે તો.

અહીંયાં તો એટલું જ લીધું છે કે નિજ સુખ તો નિજ ઉપયોગમાં કહ્યું. પ્રગટપણે સુખ ક્યાં રહ્યું છે ? કે નિજ ઉપયોગ થાય-શુદ્ધોપયોગ થાય એટલે કે જ્ઞાન સ્વપણે વેદાય, સ્વસંવેદનમાં સ્વપણે જ્ઞાન વેદાય ત્યાં પ્રગટપણે નિજ સુખ રહેલું છે, તે અનુભવમાં આવે છે. આમ નિજ ઉપયોગમાં સુખ રહ્યું હોવા છતાં, એમ કહે છે કે ઉપયોગમાં સુખ હોવા છતાં તે **'દુર્લભ કેમ થઈ પડ્યું છે ?'** કેમ અનુભવગોચર થતું નથી ? **'તે કહેવામાં આવે છે.'** એટલે ભૂલ શું છે ? અથવા સુખાનુભવ જીવને કેમ નથી અને એકલા દુઃખને એકાંતે કેમ અનુભવી રહ્યો છે એનું કારણ કહે છે.

**'આ પરિણામ ભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઈને વિવેકમલ્લને જીતી જયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે.'** શું પરિસ્થિતિ છે અત્યારે ? કે પરિણામની જે આ ભૂમિકા છે તેમાં મોહમદિરા પીધેલો છે. જેમ મદિરા પીવાવાળાને વિવેક રહેતો નથી તેમ આ જીવ પણ નિજ હિતનો વિવેક ખોઈ બેઠેલો છે. એટલે કે જે પરિણામથી તેનું અહિત થાય છે તે પરિણામમાં તે ઉત્સાહિત થાય છે, તે પરિણામમાં તે રુચિ ધરાવે છે, તે પરિણામમાં તેને રસ છે. પોતાનું પોતે નુકસાન કરે છે એને અવિવેક કહેવામાં આવે છે.

**'આ પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઈ...'** ઉન્મત્ત એટલે પાગલ ગાંડો થઈને. ગાંડપણમાં ગાંડપણનું જોર હોય છે. એમ અહીંયાં અવિવેકનું પણ જોર છે એમ કહીને તેને મલ્લની ઊપમા આપી છે. મલ્લ શરીરે બળવાન હોય છે ને ? તો કહે છે કે મિથ્યાત્વ પણ પોતાનું બળ ધરાવે છે. એ અભેદવિવિક્ષા છે. પુરુષાર્થની મુખ્યતાથી કહીએ તો જ્યારે પરિણામમાં મિથ્યાત્વ વર્તતું હોય ત્યારે પુરુષાર્થ એટલે પરિણામબળ એને પુરુષાર્થ કહીએ એ પણ ઊંધી દિશામાં જ જોર કરતું હોય. એટલે એ જોરથી ઊંધી દિશામાં પ્રવર્તવું જે મિથ્યાત્વ સહિતનું પરિણમન, અજ્ઞાન સહિતનું પરિણમન (છે) એમાં પણ એવું બળ અને એવી શક્તિ છે કે જીવને નિજ હિતનો વિવેક ઉત્પન્ન થાય નહિ.

પહેલું કામ જ્ઞાનમાં થાય છે. સારાસારનો વિચાર જ્ઞાનમાં થાય છે તેથી એ સારાસારને હિતઅહિતના જ્ઞાનપર્યાયને એક અપેક્ષાએ વિવેક કહેવામાં આવે છે. વિવેક શબ્દ ત્યાં વાપર્યો છે. વહેંચણી કરે છે. વિવેક છે તે વહેંચણી કરે છે કે આ મને મારા હિતનું સુખનું કારણ છે. વિશેષ લઈશું...

**તા. ૪-૧૦-૧૯૮૫, પાના નં. ૮, પ્રવચન નં. ૩૨**

નીચેનો Paragraph છે. '**આ પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઈ વિવેકમલ્લને જીતી જયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે.**' અનાદિથી જીવની અજ્ઞાન અને મિથ્યાત્વ દશામાં જે સ્થિતિ છે એનું વર્ણન કરે છે. અવિવેકમલ્લ એટલે જ્ઞાનમાં હિત અહિતનો વિચાર ન રહે, સારાસારનો વિચાર ન રહે એને અવિવેક કહે છે. એવા અવિચારી ભાવનું જોર થાય ત્યારે એને અહીંયાં પહેલવાનની, જોરદારની, જોરપણાની ઉપમા, મલ્લની ઉપમા આપી છે. અજ્ઞાનભાવ એકલો નથી પણ જોરદાર અજ્ઞાનભાવ છે. એ મોહમદિરા પીને જોરાવર થયો છે.

માયકાંગલો માણસ હોય પણ દારૂ પીએ તો જરા જોરથી ધમપછાડા કરે. એમ મોહમદિરાથી જીવ અનાદિથી પોતાના પરિણામમાં પોતાનું અહિત કરી રહ્યો છે. બીજું કાંઈ કરી શકતો નથી પણ પોતાનું અહિત કરી રહ્યો છે. જોર જોરથી પોતાનું અહિત કરી રહ્યો છે.

પર્વતોની મોટી મોટી ખીણ હોય છે. 'હિમાલય' અને એ બાજુ એવડી મોટી ખીણ છે કે માણસ કે વાહન પડી જાય તો એનો પત્તો ન લાગે. મડદું ન મળે. એવી ઊંડી જ્યાં માણસની નજર ન પહોંચે એવી ખીણ હોય છે. એમ અહીંયાં પણ અજ્ઞાનથી દુર્ગતિમાં જીવ જાય છે, ક્યાં ગયો એનો પત્તો લાગે નહિ. અવિવેકથી મોહમદિરા પીને જ્યારે પોતાનું અહિત કરે છે ત્યારે દુર્ગતિમાં એ ક્યાં જાય છે એનો પત્તો લાગતો નથી. નિગોદના અનંતા જીવો ચૌદ બ્રહ્માંડમાં અપરાધ કરીને જીવ ક્યાં જાય છે ખબર પડતી નથી કે ક્યાં ગયો. એવી દશા થાય છે.

'**તેથી પોતાની સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી.**' અંદરમાં સુખનો નિધિ, નિધિ એટલે દરિયો પડ્યો છે. એનો જે અનુભવ કરવો જોઈએ એ અનુભવ અવિવેકમલ્લ એને કરવા દેતો નથી. દરિયો એમ ને એમ રહી જાય છે. જેમ દાટેલું ધન એમ ને એમ રહી જાય છે. એનો

ઉપભોગભોગવટો થઈ શકતો નથી. અનંત અનંત કાળ ગયો. એવા અવિવેકમાં પરિભ્રમણ કરતાં આ જીવને અનંત અનંત કાળ ગયો. ક્યાંય સુખ ન થયું એમ કહે છે.

પણ જ્યારે '**વિવેકમલ્લનું જોર થતાં અવિવેક હણ્યો જાય.**' જ્ઞાનમાં જ્યારે વિવેક પ્રગટે, સારાસારની બુદ્ધિ પ્રગટે, હિત અહિતનો વિચાર જોર કરે ત્યારે એને વિવેકમલ્લ ઊભો થયો એમ કહેવામાં આવે છે. અવિવેકમલ્લ ભલે અનાદિનો છે. છતાં પણ વિવેકમલ્લ ઉત્પન્ન થાય તો અવિવેકમલ્લ હણ્યો જાય. એનો નાશ થઈ શકે. અનંત કાળનું ભલે એનું જોર રહ્યું અને જમાવટ રહી પણ જો વિવેક ઉત્પન્ન થાય તો એનો નાશ થઈ શકે છે અને પછી ફરીને ક્યારેય એ અવિવેક જોર કરી જાય એવું બનતું નથી. આ એક વિવેકના બળની વિશિષ્ટતા છે. વિવેકમાં બળ છે એ આવું જોરદાર છે.

જ્યારે '**વિવેકમલ્લનું જોર થતાં...**' એટલે જે આત્મા પોતાનું હિત કરવા જાગ્યો એને અવિવેક એટલે અજ્ઞાન એનું હણાય જાય છે, અજ્ઞાન એનું નાશ પામી જાય છે. અનાદિનું સ્વપન જ્ઞાન થતાં દૂર થાય. 'શ્રીમદ્જી'એ 'તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.' ભલે વિભાવ અનાદિનો છે તોપણ જ્યારે પોતાના ધ્રુવ સ્વરૂપનું જ્ઞાન થાય છે કે હું મારા સ્વરૂપથી પરિપૂર્ણ શુદ્ધ છું અને અનંત જ્ઞાનાદિ શક્તિઓથી પરિપૂર્ણ છું ત્યારે એને પોતાનું જ્ઞાન થતાં જેમ સપનું નાશ થઈ જાય એવી રીતે વિભાવનો નાશ થઈ જાય છે. સ્વપનદશામાં જેમ પોતાની કલ્પના અન્યથા કરી હતી એવી જ એની કલ્પના વિલિન થઈ જાય કે હું માણસ નહિ. મનુષ્યભવ તે મારો ભવ નહિ. જેટલા પૂર્વકર્મના ઉદયે જેટલા કોઈ સંબંધો છે તે સંબંધો ખરેખર મારા નહિ. કહેવામાત્ર છે. જગતનો વ્યવહાર ચલાવવા એ બધી વાત છે, મૂળમાં કાંઈ વાત છે નહિ. આમ એને અંદરમાં પ્રતીત થઈ જાય છે, ખાતરી થઈ જાય છે.

મુમુક્ષુ :- વિવેકમલ્લનો જય થાય તો પછી ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ મર્યાદિત કાળ માટે થાય છે. એ પછી અનંત કાળ રહે એવું ન થાય. જે જીવ એકવાર ચોથા ગુણસ્થાનમાં આવે પછી ભલે એ ચોથાથી પડી જાય કે અગિયારમાંથી

પડી જાય આગળ જઈને, પણ ફરીને પાછો એ મોક્ષમાર્ગમાં આવી જાય.. આવી જાય... અને આવી જ જાય. એકવાર ગ્રંથીભેદ થયો એટલે એનો અનંત સંસાર રહે એવું ન બને. એ જીવ અનંત કાળ સંસારમાં રખડવાનો છે એવું ન બને. એનો કાળ મર્યાદિત થઈ ગયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલું ઉપશમ જ થાય. અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવને પહેલું ઉપશમ સમ્યગ્દર્શન થાય. પછી ભલે ક્ષયોપશમમાં પણ ન આવે. ક્ષાયિકનો પ્રશ્ન નથી. પણ એકવાર ઉપશમ સમ્યગ્દર્શન થઈ ગયું એટલે એ જીવનો છૂટકો થઈ ગયો. એની મુક્તિનું Reservation થઈ ગયું સિદ્ધાલયમાં. એની seat ત્યાં reserve થઈ ગઈ. કાળ થોડો લાગશે પણ અનંત કાળમાં મર્યાદિત કાળનો હિસાબ શું ? જે અનંત કાળ છે એમાં મર્યાદિત કાળનો શું હિસાબ ? એનો કોઈ હિસાબ નથી. ક્યાં અનંત કાળ અને ક્યાં મર્યાદિત કાળ ! એનો કોઈ હિસાબ છે નહિ.

અનંત કાળ તો દરિયા જેટલો કાળ છે એમાં મર્યાદિત કાળ તો કાંઈ એની ટકાવારી લાગુ ન પડે. Point zero zero કરીને કરીએ તો પણ કાંઈ ગણતરીમાં આવે જ નહિ. ગણતરી બહાર જવું પડે. એટલો કાળ અનંત છે. એટલે એને એમ કહેવાય છે કે હવે એ પડ્યો-બડ્યો વચ્ચેની થોડી ગડબડ થઈ એ થઈ પણ એનું કાંઈ એટલું મહત્ત્વ નથી. ચડી ગયો એનું મહત્ત્વ છે. એની પૂર્ણતા થશે, થશે ને થશે જ.

'**વિવેકમલ્લનું જોર થતાં અવિવેક હણ્યો જાય. ત્યારે નિજનિધિ વિલસે,...**' ત્યારે એને અંદરની જે પોતાની નિધિ છે-ગુણનિધિ છે એ પ્રગટ થાય, એનો વિકાસ થાય. અને એનો વિલાસ થાય એટલે એનો અનુભવ થાય. પ્રગટ પર્યાયનો અનુભવ થાય. '**પરરુચિરૂપ ખોટો આહાર સેવતા (આત્માને) મિથ્યાજ્વર આવ્યો,...**' રોગનો દૃષ્ટાંત આપ્યો છે. જેમ કોઈ ખોટો આહાર એટલે નહિ લેવા યોગ્ય આહારને સેવે તો એને તાવ આવે. ખોટો આહાર એટલે જે એને નડે એવો આહાર હોય એ આહાર લે તો તાવ આવે. ખટાશ ઘણા ખાય છે. કાતરા ખાય છે. એ ખાય એટલે એને તાવ આવે. એવી શરીર પ્રકૃતિ હોય એ ખાય એટલે એને તાવ આવે. એ ખોટો આહાર છે એના માટે. એની રુચિ, એ ખાવાની રુચિ એને ન હોવી જોઈએ અને ન થવી જોઈએ.

એમ અહીંયાં પરરુચિ છે એ ખોટો આહાર છે. જીવને પરપદાર્થમાં રુચિ થાય છે એટલે 'આ ઠીક છે' એમ જે ઇષ્ટપણું થઈ જાય છે. પરપદાર્થ એને રુચે છે. કલ્પના કરે છે ને અનુકૂળતાની, આ મને અનુકૂળ છે, આ મને ઠીક છે. એ મિથ્યાજ્વરને ઉત્પન્ન કરે છે. એ મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે.

મિથ્યાત્વથી છૂટવું એટલા માટે દુષ્કર થઈ પડ્યું છે, એટલા માટે અઘરું થઈ પડ્યું છે કે પ્રત્યેક ક્ષણે જે કાંઈ ઉદય આવે છે એમાં આ જીવ કાં તો ઠીકપણું કરી લે છે અને કાં તો અઠીકપણું કરી લે છે. સૂક્ષ્મપણે કે સ્થૂળપણે. પણ એવી જ રીતે એ પરિણમે છે.

પદાર્થ તો એવો છે નહિ. સારો નથી અને નરસો નથી. પદાર્થ તો પોતે જ્ઞાનસ્વરૂપી હોવાથી જ્ઞેયમાત્ર છે. પોતાના જ્ઞાનમાં જ્ઞેયમાત્રપણે રહેવાને બદલે એ ઠીક અને અઠીકપણું કરે છે. અને એવા ભાવની અંદર પોતે એકમેક થઈને પરિણમે છે-એકત્વ કરીને પરિણમે છે ત્યારે એને મિથ્યાત્વ સાથે સાથે થાય જ છે. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ વધારાનું. રાગ-દ્વેષ તો ખરા ઠીક-અઠીક કર્યું એણે, પણ એ મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ ત્યાં થાય છે.

એ '**પરરુચિરૂપ ખોટો આહાર સેવતા.**' બહુ સારી ઊપમા આપી છે. જેમ કોઈ માણસ વિપરીત આહાર, પ્રતિકૂળ પડે એવો આહાર ખાધે જાય, એમ આ પરરુચિ છે એમાં પરિણમ્યે જ જાય છે. પરપદાર્થની રુચિમાં પરિણમ્યે જ જાય છે. આથી એને મિથ્યાત્વનો તાવ આવ્યો છે. મિથ્યાજ્વર લાગુ પડ્યો. મિથ્યાત્વનો એને તાવ આવ્યો '**ત્યારે વિવેક નિર્બળ બન્યો.**' જેમ તાવ આવતા શરીરમાં નબળાઈ આવે છે એમ અહીંયાં વિવેક છે એ નિર્બળ બન્યો છે. વિવેક નબળો પડી ગયો. મિથ્યાજ્વર ઉત્પન્ન થતાં શું થયું ? એનું જ્ઞાન છે, હિત અહિતનો વિચાર કરવાની જેનામાં શક્તિ છે, એ જ્ઞાન નબળું પડી જાય છે. એટલે અહિત બાજુ ખેંચાવા માંડે છે. હિત બાજુ જવાને બદલે અહિત બાજુ જવા લાગે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રીગુરુ વૈદ્ય સુજાણ. સારી રીતે ભવરોગને, મિથ્યાત્વરોગને જાણવાવાળા, સુજાણ એટલે સારી રીતે

જાણવાવાળા શ્રીગુરુ વૈદ્ય છે. એ આ નિદાન કરે છે. જ્ઞાની છે એ બધા જ્ઞાની છે એ ગુરુ જ છે. જેના ઉપદેશનું નિમિત્ત છે એ બધા ગુરુ જ છે. ગુરુની વ્યાખ્યા જ એવી કરી છે. અત્યારે ભાવલિંગી દિગંબર મુનિ જોવામાં આવતા નથી. ભાવલિંગી. હવે ગુરુનું શું કરવું ? 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોય.' જ્યાં આત્મજ્ઞાન હોય એના ઉપદેશમાં દેશનાલબ્ધિનું નિમિત્ત હોવાથી એ સાચા ગુરુ છે.

'શ્રીમદ્જી' તો એક સત્પુરુષમાં વિદ્યમાન પ્રત્યક્ષ સત્પુરુષમાં દેવ, ગુરુ ને શાસ્ત્ર ત્રણે લઈ લ્યે છે. એકમાં જ ત્રણનો સમાવેશ કરે છે. કેમકે ત્રણેનું નિમિત્તત્વ અહીંયાં એકમાં આવી જાય છે. જે નિમિત્ત મોક્ષમાર્ગનું છે આ એ આ એકમાં છે એટલે. જે કામ દેવ કરે, જે કામ ગુરુ કરે, જે કામ શાસ્ત્ર કરે, જે કામ સત્પુરુષથી થાય છે એટલે.

'શ્રીમદ્જી' તો આમ ગૃહસ્થ અવસ્થામાં હતા. બહારમાં બાહ્ય એમનો જે ઉદય હતો એ તો કુટુંબ, પરિવાર, વેપાર, ધંધો (હતો) પણ એમના અનુયાયીઓને ભક્તિ બહુ હતી. એમના પ્રત્યે ભગવાન જેવી ભક્તિ. એટલે એમને 'રાયચંદભાઈ' એમ કોઈ ન કહે. તોછડું લાગે. એમને 'કૃપાળુદેવ' કહેતા. 'શ્રીમદ્' ન કહે. કૃપાળુદેવ કહેતા. આ પણ ગૃહસ્થ છે, હજી તો ગુરુની દશામાં ઉપર ત્યાગની દશામાં નથી ગયા અને ઠેઠ દેવ તરીકે કહી દીધા ? એને 'કૃપાળુદેવ' તરીકે જ બધા વાતમાં સંબોધન કરે છે. 'કૃપાળુદેવ' આમ અને 'કૃપાળુદેવ' આમ. એમાં તર્ક વિતર્ક કોઈ ન કરે પાછા. અત્યારે તો બુદ્ધિની વક્રતા એવી વધી છે, ગુરુ કેમ કહો છે ? ક્યાં નગ્ન દિગંબર છે ? ગુરુ શું આ તો દેવ કહે છે.

મુમુક્ષુ :- આમ વેપાર-ધંધા કરતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- વેપાર, ધંધો, કુટુંબ, પરિવાર, દરજીના સીવેલા કપડા (પહેરે). કોઈ ત્યાગની કોઈ બહારમાં અવસ્થા લાગે નહિ. છતાં એમના ઉપદેશ પ્રત્યેના ઉપકારવશ એમને 'કૃપાળુદેવ' કહેતા હતા. એટલી ભક્તિ ! એ કાગળો નથી બહાર પડ્યા. એમના ભક્તો લખતા હતા એ. આ તો 'શ્રીમદ્જી'ના બધા પત્રો છે, જે ગ્રંથમાં છે. પેલા પત્રો તો વાંચ્યા હોય, અમુક વાંચ્યા છે. અમુક અમારા હાથમાં આવે છે. અઢીસો-ત્રણસો કાગળો હતા. એક paragraphતો વિશેષણ અને

બહુમાનનો લખેલો હોય. પાંચ-સાત-આઠ લીટી. અને જેવા સર્વજ્ઞના વિશેષણ વાપર્યા હોય એવા વિશેષણ વાપરે. જિનેન્દ્રને જે વિશષણો વાપરે એવા વિશેષણો વાપરે. શું થાતું હશે ? મિથ્યાત્વ થાતું હશે ત્યાં ? મિથ્યાત્વ ગળી જાય. સત્પુરુષનું બહુમાન એ સત્‌નું બહુમાન, સત્‌નું બહુમાન એ મિથ્યાત્વ ગળવાનો પ્રસંગ છે. દર્શનમોહ ત્યાં મંદ પડી જાય. વિદ્વાન, પંડિત શાસ્ત્ર ભણ્યો હોય તો ખાય ગોથું અહીંયાં. લ્યો જિનેન્દ્રની ભક્તિ કરો એવી તમે છદ્મસ્થની ભક્તિ કરો ? એ પણ નીચે ચોથા ગુણસ્થાનવાળાની કરો ? કે હા. ઈ સમજવાની તને બહુ વાર લાગે એવું છે.

મુમુક્ષુ :- અત્યારે ... તો એને ન સમજ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- એવો વિષય છે. અતિશય બહુમાન કર્યું છે. જેને ઉપદેશનો પ્રસંગ પડ્યો એણે અતિશય બહુમાન કર્યું.

મુમુક્ષુ :- આપણને સદ્‌ગુરુ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... એવી જ વાત એમણે કરી છે, એવી વાતો કરી છે. સૂત્રો અને સિદ્ધાંતો જેવી કેટલીક વાત કરી છે.

(અહીંયાં) કહે છે, જ્યારે મિથ્યાત્વ તીવ્ર થાય છે ત્યારે જ્ઞાનમાં એવી નિર્બળતા આવે છે કે જ્ઞાન પણ ઊંધું ઊંધું વિચારવા લાગે છે. પોતાનું અહિત થાય એવું જ્ઞાન વિચારતું થાય છે. એ નબળું જ્ઞાન થઈ ગયું, નિર્બળ જ્ઞાન થઈ ગયું. એ જ્ઞાન હણાઈને છેલ્લે અક્ષરના અનંતમા ભાગે નિગોદ સુધી નિર્બળ થઈ થઈને એવું અવરાઈ જાય છે.

**'તેથી સ્વ-આચારરૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી (શુદ્ધ કરી) તેનું સેવન કરે તો વિવેકમલ્લ, મિથ્યાજ્વર મટાડી સબલ થઈ અવિવેકને પછાડે, ત્યારે આનંદનિધિનો વિલાસ થાય.'** શું કહે છે ? **'તેથી સ્વઆચારૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારીને...'** સ્વ-આચાર એટલે સ્વરૂપાચરણ-પોતાના સ્વરૂપમાં આચરણ કરવું, પોતાના સ્વરૂપમા આચરવું-ચરવું એ પારો છે. બહુ મહારોગ થાય ને ત્યારે આયુર્વેદની અંદર પણ આવી બધી ભારે દવાનો પ્રયોગ થાય છે. પારો વાપરે. પારો, સોનું, હીરાની ભસ્મ, માણેકની ભસ્મ, મોતીની ભસ્મ (વાપરે). એ બધી ઔષધીની એક જુદી જ આખી Line છે. અમુક એવી ઔષધી છે કે જે મોટા જબરદસ્ત

ફેરફાર કરી નાખે. અને ઘર કરી ગયેલા એવા મોટા રોગને પણ ઉથલાવી નાખે.

અહીંયાં મિથ્યાત્વનો અનાદિનો જ્વર છે. અનાદિનો આ જ્વર લાગુ પડેલો છે, ઉતર્યો જ નથી. એને ઉતરતો જ નથી. તીવ્ર મંદ થાય છે પણ ઉતરતો નથી. તો એને પારાની, અહીંયાં એને પારો આપ્યો. કેવો પારો છે ? કે સ્વ-આચારરૂપ પારો. એ પારો કેવી રીતે તૈયાર કર્યો ? પાછું એમ કહે છે. સીધો કાચેકાચો ન આપે. એને જડીબુટ્ટી અને ઔષધીઓના પુટ આપે.

'**શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી...**' એ પોતાનું નિજ સ્વરૂપનું શ્રદ્ધાન છે એ એક જડીબુટ્ટી છે, એમ કહે છે. એક એવી મૂળની અંદર બુટ્ટી છે, એવી ઔષધી છે કે જેનાથી સ્વરૂપાચરણ પ્રગટ થાય છે. એ વારંવાર શ્રદ્ધાન પરિણમે છે એટલે એનો પુટ લાગે છે, એમ કહે છે. જ્યારે કોઈ ઔષધીને વારંવાર પુટ આપવામાં આવે છે ત્યારે ઔષધી તેની તે હોવા છતાં તેની કાર્યશક્તિ વધી જાય છે. એને પુટ આપે છે ને ? સહસ્ત્ર પુટી અબરખ ભસ્મ, એમ નથી કહેતા ? આ અબરખ આપે છે. સહસ્ત્ર પુટી-હજાર વખત એને પુટ આપ્યો હોય. આખી હોમિયોપથી આ Theory ઉપર છે. પુટ જ આપે છે ને, બીજું શું ? પુટ આપવું એટલે ઘસવું.

શ્રદ્ધાનોનિજ શ્રદ્ધાનો નિજ સ્વરૂપ ઉપર શ્રદ્ધાનનો જે ઘસારો લાગે છે, ઘસીને આવે છે ત્યારે એ જડીબુટ્ટીનો-શ્રદ્ધારૂપી જડીબુટ્ટીનો પુટ લાગે છે. જેનાથી સ્વરૂપાચરણ થાય છે. એ પારાનું સેવન કરે તો વિવેકમલ્લ છે એ જોર કરે છે. જ્ઞાનનું પણ બળ વધે છે. મિથ્યાજ્વર નાશ થાય છે, મિથ્યાજ્વર મટી જાય છે. વિવેકમલ્લ સબળ થાય છે અને અવિવેકને પછાડી દ્યે છે. અજ્ઞાનનો નાશ કરે છે. આમ લડાઈ લીધી છે. લડાઈની ઉપમા આપી છે. એનું પણ એક કારણ છે કે અનાદિથી જીવને ઊંધા સંસ્કાર છે. મિથ્યાત્વના પણ ઊંધા સંસ્કાર એટલે ઊંધી માન્યતા એને ચાલુ છે. જ્ઞાનમાં પણ એને જ્ઞાનના વિપર્યાસ ઊભા છે. આ બધા જે ઊંધા પરિણમનમાં જીવને ઊંધાઈનો જે પ્રકાર છે, એ મટવા માટે એક અંદરમાં દ્વંદ્વ ઊભું થાય છે. આપણે નથી કહેતા લડાઈ થાય છે. દ્વંદ્વ-ઘર્ષણ ઊભુ થાય છે કે આવું અત્યાર

સુધી માન્યું હતું એનું શું ? એ સાચું કે આ સાચું હવે ? જ્યારે એની વિરુદ્ધ સામે વાત આવે છે અને જ્ઞાન કાંઈક વિચારવા જ્યારે તૈયાર થાય છે ત્યારે અંદરમાં એક ઘર્ષણ ઊભું થાય છે. એને મંથન પણ કહે છે, ગડમથલ પણ કહે છે, એને દ્વંદ્વ ઊભુ થયું એમ કહેવામાં આવે છે. સામે સામે લડાઈ થાય છે. એ ઘર્ષણ અંદરમાં ચાલે છે ત્યારે વિવેકમલ્લ છે એનું બળ વધે છે અને અવિવેક છે એનું બળ ઘટે છે. એટલે એનો નાશ થાય છે. ઊંધી માન્યતા અંતે નાશ પામે છે. કેમકે સત્ એ સત્ રહે છે અને અસત્ એ અસત્ રહે છે. સત્યનો જય થાય છે હમેશાં, અસત્યનો જય નથી થતો. કાયમ, હોં ! પાછો. ઘડીક કો'કને એવું લાગે કે અત્યારે આનું આમ છે. એનું જોર છે. પણ એવું કાંઈ નથી. મૂળમાં તો સત્યનો જ જય થાય છે. સત્યમેવ જયતે, એમ કહે છે ને ? સત્યનો જ જય થાય છે.

'સોગાનીજી'એ એક બહુ સરસ વાત લખી છે. ઓલા અસત્યવાળા એમ કહે કે અમારી બહુમતી ઘણી છે. જગતમાં અમે અજ્ઞાનીઓ ઘણા કે જ્ઞાનીઓ ઘણા ? લ્યો, કહો. કોણ જાજા ? અજ્ઞાની. પણ સરવાળો શું આનો ? કે સરવાળો એ કે જગતમાં દિવસે દિવસે અજ્ઞાનીઓ ઘટવાના અને જ્ઞાનીઓ વધવાના. છ મહિનામાં ૬૦૮ જીવ સિદ્ધદશામાં જશે. પણ અનંત કાળમાં એક પણ સિદ્ધ જગતમાં પછા નહિ આવે. અનંત કાળે. અનંત કાળમાં અને અનંત કાળે પણ તે અનંતા સિદ્ધોમાંથી એક સિદ્ધ પણ સંસારમાં નહિ આવે. જ્યારે અનંતા સંસારીઓમાંથી Regular છ મહિના અને આઠ સમયે ૬૦૮ ઓછા થવાના, થવાના અને થવાના જ. કોની હાર થઈ ? બહુમતીવાળાની હાર થઈ કે લઘુમતીવાળાની થઈ ? હાર જીતનો આધાર સંખ્યા ઉપર કદી હોતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું નહિ. તોપણ નહિ થાય. એટલી બધી અનંત સંખ્યા છે... કેમકે આ સંખ્યાત્માં વધે છે અને સંખ્યા અનંતી છે. જે ફેરફાર છે એ સંખ્યામાં ત્રણ આંકડામાં થાય છે. ૬૦૮. ત્રણ Digit છે. જ્યારે જે balance છે એમાં અનંત છે. અંત નથી એનું નામ અનંત છે. અનંત એટલે શું ? જેનો અંત નથી એનું નામ અનંત

છે. એટલે એ અનંતની સામે સંખ્યાનો ફેરફાર નગણ્ય રહે છે. એટલે અનંત કાળે પણ અનંતા સિદ્ધાલયમાં છે એના કરતા અહીંયાં અનંતગુણા સંસારી રહેશે. અથવા અનંતગુણા સંસારીથી સિદ્ધાલયના જીવો અનંતમા ભાગે અનંત રહેશે. એવી સ્થિતિ રહેશે. એટલે એમાં એ અનંતતામાં ફેર નહિ પડે. પણ છતાં અંદર જુઓ તો આ ફેરફાર છે કે એક પણ સિદ્ધ સંસારી થતા નથી. જ્યારે અનંતા જીવો સંસારીમાંથી સિદ્ધ થયા કરશે. અનંતી ચોવીશી થઈ ગઈ. એ તો તીર્થંકરો પણ એ સિવાયના કેવળીઓ પણ અનંતા થઈ ગયા. એ થયા જ કરવાના. પણ છતાંય તે આ પરિસ્થિતિ છે.

લોકમાં પણ એમ કહેવાય છે. મહાભારતનું યુદ્ધ છે એ બહુ પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. કૌરવોની સેના અઢાર અક્ષોણી સૈન્યની હતી. ગણિતનો મોટો આંકડો છે, અબજ ઉપરનો. અત્યારે તો હિન્દુસ્તાનમાં સીત્તેર કરોડ માતા નથી. તે 'દિ અઢાર અક્ષોણી સૈન્ય એક ખાલી 'હસ્તિનાપુર'ના મેદાનમાં (ઉમટતી). પાંડવોનું સૈન્ય બહુ નાનું હતું. પહેલાની પાસે તો 'હસ્તીનાપુર'નું રાજ હતું, ભારતનું. આ તો હજી વનવાસ ખેડીને આવ્યા હતા યુદ્ધમાં હજી તો. વનમાં એને રહેવું પડ્યું હતું. પણ છતાં હાર્યા કોણ ? કૌરવો હાર્યા છે, પાંડવો નથી હાર્યા. સંખ્યા ઓછી હતી ને. સંખ્યા નહિ, શક્તિ કોની કેટલી હતી એના ઉપર આધાર છે. એણે જ્યાં ગાંડીવનો ટંકાર કર્યો ત્યાં ઓલા બધાએ પીઠ ફેરવી કે માર્યા, મરી ગયા ! મોત દેખાણું બધાને. સંખ્યા શું કામ લાગે છે ? શક્તિ કામ લાગે છે. વળી ત્યાં તો પછી ધાર્મિક ગ્રંથ છે એટલે (એમ કહે છે કે) આ પક્ષમાં તો ભગવાન હતા. આ પક્ષમાં તો ભગવાન હતા તો પછી ભગવાન કાંઈ હારે કે ભગવાનની જીત થાય ? એમ કરીને પછી કહે.

મુમુક્ષુ :- સિદ્ધમાં અનંત થાય...

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધમાં અનંત છે અને અનંત વધ્યા જ કરવાના. એનો ઉમેરો થયા જ કરવાનો. છે અનંત. એમ ને એમ વધતું જ જવાનું. પણ છતાંય તે સંસારીની સંખ્યા કરતા અનંતમા ભાગે કોઈપણ કાળે (રહેશે). ભવિષ્યના કોઈપણ અનંત કાળે (રહેશે).

મુમુક્ષુ :- અનંત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભવિષ્યકાળ ખૂટવાનો નથી. એનું કારણ શું ? કે અનંત છે માટે. કેમ શું કરવા ન ખૂટે ? સમયો તો ઘટતા જ જાય છે. જેટલા ઝડપથી સમયો ઘટે છે કે એક સેકન્ડમાં અસંખ્ય સમય ઓછા થઈ જાય છે. કાળના ભવિષ્યના અનંત કાળના માંથી એક સેકન્ડમાં અસંખ્ય સમય ઓછા થાય છે. એક સેકન્ડ જાય અને અસંખ્ય સમય ઓછા થાય. કાળ કેમ ઘટતો નથી ? ... અનંત કાળમાંથી અનંત કાળ જે ભવિષ્યનો છે એમાંથી અનંતનો પ્રવાહ ચાલ્યો જાય પછી એમાં બાકી શું રહે ? બાકી અનંત જ રહે. અનંત સમયો ચાલ્યા ગયા પછી શું રહે ? કે અનંત રહે. અનંત કાળના અનંત સમયો વહી ગયા પછી પાછળ શું રહે ? પાછળ અનંત જ રહે.

મુમુક્ષુ :- અનંતની...

પૂજ્ય ભાઈશ્રી :- એટલી સંખ્યા છે. ગણિતના દૃષ્ટિકોણ એની અંદર જો લાગુ કરવામાં આવે તો એ માણસ આ વિષયને ન સમજી શકે. કેમકે ગણિતથી પાર આ વિષય છે.

મુમુક્ષુ :- 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, બાકી કુળગુરુ કલ્પના...' બહારમાં સાધુ જોયા હશે..

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર એમને ખ્યાલ હતો કે સંપ્રદાયના જે અત્યારે સાધુઓ ગુરુસ્થાને બેઠા છે એને આત્મજ્ઞાન નહિ હોવા છતાં, આત્માનુભવ નહિ હોવા છતાં ગુરુપદવીમાં પોતે પોતાને માને છે ને બીજાને મનાવે છે એમાં ગુરુ તો નથી, જ્ઞાની તો નથી પણ આત્માર્થીપણું પણ નથી. એમ કીધું છે એમણે. કેમકે ગૃહીત મિથ્યાત્વને સેવે છે અને બીજા ગૃહીત મિથ્યાત્વને સેવનારામાં નિમિત્ત થાય છે. એને પણ એમ કહે, બરાબર પકડી રાખ એને. ત્યાં જાશો નહિ. એ 'રાયચંદ' પાસે કોઈ જાશો નહિ એમ કહેતા. પછી જે ઉદય અહીંયાં ચાલુ હોય તો એમ કહે, ત્યાં 'સોનગઢ' કોઈ જાશો નહિ. શું કહે ? કહે શું પણ એ ? દુકાન માંડી છે તો ઘરાકને પકડી રાખે. બીજી દુકાને જાશો નહિ, તમને માલ સારો નહિ મળે એમ કહેશે. અમારો માલ સારો છે.

જ્ઞાની તો એમ કહે છે કે તમે વિવેક કરજો. જ્યાં જાવ ત્યાં વિવેક કરજો. તમારા આત્માને શુદ્ધ થવાનું, તમારા શુદ્ધ સ્વરૂપનું અવલંબન

લેવડાવે છે કે નહિ ? વિવેક કરી લેજો, વિચાર કરી લેજો. કે તમને બીજે રસ્તે ચડાવે છે કે આમ કરો અને તેમ કરો, ફલાણું કરો એ ઢીકણું કરો કે તમારા આત્માનું અવલંબન લઈને આત્માની શુદ્ધિકરણનો ઉપાય બતાવે છે ? આટલો વિવેક તમે કરી લેજો. સીધી વાત છે.

એટલે તો એમના પ્રત્યે પણ બહુ દ્વેષ વર્તતો હતો. વર્તમાન જે સાધુસમાજ હતો એને ઘણો દ્વેષ હતો. કેમકે જ્યારે એ સાચી વાત કહે ત્યારે તો પેલાને નુકસાનમાં જ જાય. wested interest જે છે તો એનો જે લાભ છે એ ઘવાય છે કે આપણને તો આત્માર્થી પણ ગણતા નથી. સાધુ તો ગણતા નથી, આત્માર્થી પણ ગણતા નથી. જગતમાં આ વાત જાહેર થાય તો તો પછી આપણી તો પેઢી જ ઊઠી જાય આખી. દુકાન જ બંધ થઈ જાય એવી વાત છે આ તો. થાતી નથી જોકે. કેમકે સત્ અને અસત્ અભિપ્રાય અનાદિ રહે છે. સત્ય અભિપ્રાય ધરાવનારા જીવો અને અસત્ય અભિપ્રાય ધરાવનારા જીવો ત્રણે કાળે હોય છે. એમાં બીજો ફેરફાર થતો નથી પણ એને ભય થાય છે કે મારી વિરુદ્ધમાં જો આ વાત ફેલાઈ જાય તો આપણને મોટું નુકસાન થઈ જાય. એટલે એ દ્વેષ કરે.

(અહીંયાં કહે છે), જ્યારે '**અવિવેકને પછાડે ત્યારે આનંદનિધિનો વિલાસ (સ્વયં) થાય.**' આપોઆપ થાય એમ કહે છે. સ્વયં થાય એટલે સહેજે ઉત્પન્ન થાય. અંદર જે શક્તિરૂપ આનંદ પડ્યો છે એ આનંદ પ્રગટ થાય-અનુભવગોચર થઈ જાય. જ્યાં અંદરમાં મિથ્યાત્વનો જ્વર નાશ પામે, ઊતરી જાય અને જ્યાં જ્ઞાન ચોખ્ખું નિર્મળ શુદ્ધ થઈને પરિણમવા લાગે ત્યારે અંદરથી આનંદ પણ ઊભરાઈને દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપી જાય છે. એ આનંદનો અનુભવ થાય છે, આનંદનો વિલાસ થાય છે. એમાં '**સ્વઆચાર શું ? શ્રદ્ધા કઈ રીતે થાય ? તે કહેવામાં આવે છે.**' બે શબ્દ વાપર્યા ને ? '**સ્વઆચારૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી તેનું સેવન કરે તો..**' એ બે વાતને અહીંયાં ફરીને લેવી છે હવે.

'**આ અનાદિ સંસારમાં અનાદિકાલથી (મેં) પર વિચાર કર્યો.**' જુઓ ! કેવી સરસ શૈલી છે ! પોતાની જાતને લ્યે છે હવે. એટલે વાંચવાવાળો જીવ, આ ગ્રંથ વાંચવાવાળો જીવ પોતાને તપાસી લે કે આ

અનાદિ સંસારમાં મેં અનાદિકાળથી શું કર્યું છે ? કે પરનો વિચાર કર્યો છે. શરીરનો વિચાર કર્યો, કુટુંબ, પરિવારનો વિચાર કર્યો, ઘર-મકાન-આબરૂ-માન-સન્માનનો વિચાર કર્યો. એમ એકાંતે પરનો વિચાર કર્યો છે કે સ્વનો વિચાર કર્યો છે ? દુકાન-ધંધાનો વિચાર કર્યો. બધામાં શું છે ? ક્યાંય આત્મા આવે છે ? આત્માને છોડીને મેં અનાદિથી આ અનાદિ સંસારમાં પર વિચાર કર્યો છે. આ એક એક વાતે અનુભવ સિદ્ધ થાય છે.

'**(તેથી) મારી જ્ઞાનચેતના અશુદ્ધ થઈ.**' મારી જે જ્ઞાનચેતના છે એ પર વિચારથી અશુદ્ધ થઈ. એકલી પરની ચિંતા, પરની સાવધાની. જ્ઞાનની અંદર પરની ચિંતના અને પરની સાવધાની એટલી રહી એટલે મારું જ્ઞાન પણ મલિન થયું. એ જ્ઞાનની અંદર પર રસ ચડ્યો. પર રસ ચડ્યો એટલે જ્ઞાન અશુદ્ધ થયું. એમાં નિર્મળતા ન રહી. '**(તેથી) મારી જ્ઞાનચેતના અશુદ્ધ થઈ.**'

'**હવે સ્વ-આચારરૂપ પારાનું સેવન કરવામાં આવે તો અવિનાશી પદને ભેટીએ.**' હવે જો પોતાના સ્વરૂપની સંભાળ કરીને જો સ્વરૂપાચરણ કરવામાં આવે પરિણામ જો સ્વરૂપમાં રમે તો એ એક પારા જેવું કામ છે. એક ક્ષણની એકાગ્રતા. પ્રથમ સમ્યગ્દર્શનમાં, શુદ્ધોપયોગમાં કેટલું સ્વરૂપાચરણ છે ? એક ક્ષણની એકાગ્રતા જબરદસ્ત ફેરફાર કરે છે. વીજળીનો આંચકો મારે એમ. આખો સંસાર તોડે છે.

જેમ એક વીજળી પડતા પર્વતના ભૂક્કા બોલાવે તેમ સંસારરૂપી પર્વતના ભૂક્કા બોલાવે છે. એક ક્ષણનું સ્વરૂપાચરણ છે ત્યાં હજી. એટલે એને આ પારાની ઉપમા આપી છે. પારાનું ઔષધ એવું શક્તિશાળી છે એમ આ સ્વરૂપાચરણ પણ એવું શક્તિશાળી છે કે ગજબની અંદરથી શક્તિ પ્રગટે છે આત્માની. જેમ જેમ જીવ સ્વરૂપમાં શુદ્ધોપયોગમાં એકાગ્ર થાય છે, અંદરથી જે શક્તિ પ્રગટે છે એ કોઈ ગજબની શક્તિ પ્રગટે છે. ગજબની એટલે એને કોઈ બહારમાં માપ કરવા માટે બધા માપ છે એ નાના પડે છે. એને એ શક્તિને કાંઈ પછી માપી શકાતી નથી. બધા માપ એને ટૂંકા પડે છે.

કહે છે કે જ્યારે 'સ્વ-આચારરૂપ પારાનું સેવન કરવામાં આવે તો અવિનાશી પદને ભેટીએ.' તો જે શાશ્વતપદ છે એ સ્વરૂપાચરણ થતાં એનો ભેટો થાય છે. એનો ભેટો થાય છે એટલે એનો અનુભવ થાય છે.

શાશ્વત પરમાત્મા. 'જિન સો હી હૈ આત્મા.' જિનેન્દ્ર પોતે છે. સિદ્ધ. સાક્ષાત સિદ્ધપદસ્વરૂપે પોતે જ છે. તેનો સાક્ષાત્કાર થાય છે. સ્વરૂપાચરણમાં એનો સાક્ષાત્કાર થાય છે. નિજનો નિજને ભેટો થયો એમ કહેવાય. કારણ કે પોતે જ છે, બીજું નથી કોઈ.

બહારમાં ભગવાનના દર્ઈન થાય તો ભક્તિ કેવી કરે ! સમવસરણમાં જાય છે. થનગનાટ હોય ભક્તિનો, બહુમાન આવે. તોપણ એ તો રાગસહિતની ક્રિયા છે. આ તો વીતરાગભાવથી સ્વરૂપના દર્શન છે. વીતરાગી જ્ઞાન, વીતરાગી દર્શન એ સ્વરૂપને નિજ સ્વરૂપને, નિજ જિનેન્દ્રને, નિજ જિનચંદ્ર આત્મા છે. પોતે જ જિનચંદ્ર છે. એનો સ્વાનુભવ કરે છે. પ્રદેશે પ્રદેશે જ્ઞાનના દીવાથી એની આરતી ઉતારે છે, બહુમાન કરે છે.

'**(તે અવિનાશી પદને ભેટવા માટે) હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? (તે) કેવી રીતે પામીએ ? (તેનો વિચાર કરવો).**' શું કહે છે ? એવું સ્વરૂપાચરણ કરવા માટે પ્રથમમાં પ્રથમ ક્યાંથી શરૂઆત કરવી ? એમ કહે છે. કેવી રીતે શરૂઆત કરવી ? કે અહીંથી કરો. હું કોણ છું ? એટલે કે મારું સ્વરૂપ શું છે ? અને તેનો અનુભવ કેવી રીતે થાય ? પામીએ એટલે એનો અનુભવ કેવી રીતે થાય ? તેનો વિચાર કરવો. પહેલામાં પહેલી વાત આ છે. પછી બીજી વાત છે. અહીંથી શરૂઆત થવી જોઈએ.

'**(તેનો વિચાર કરવો). (વળી વિચારવું કે)...**' આ તો સ્વરૂપની વાત આવે તો કહે, એ તો બહુ ઊંચી વાત છે, એ બહુ ઊંચી વાત છે, એ બહુ ઊંચી વાત છે એમ કરીને હડસેલો મારે. ભાઈ ! એ ઊંચી હોય કે નીચી હોય આ કર્યે તારે છૂટકો છે. આજ કર, કાલ કર અનંત કાળે કર. આ કર્યે છૂટકો છે. બીજી રીતે ક્યાંય છૂટકો થાય એવું નથી. ઉલ્ટાનો બંધાઈશ. બીજી રીતે કાંઈ કરવા જાઈશ તો ઉલ્ટાનો બંધાઈશ.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ આવું જ કીધું છે ને..

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'બહુ પુણ્ય કેરા પુંજ...'માં આ જ વાત છે. હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? મારું ખરું સ્વરૂપ મૂળ સ્વરૂપ (શું) ? ૧૬મા વર્ષે કાવ્ય લખ્યું છે. એમાં વિચારણાના આ જ બોલ છે. અંતર વિચારણા, સ્વરૂપ વિચારણા કરવી એમ કહે છે. બજારમાં માલ લેવા જાય ને તો એને ઊંચામાં ઊંચો માલ જોઈએ.

કાપડ ? સારામાં સારું ખરીદે. મકાન ? તો કહે, સારામાં સારુ બાંધો. કોઈ પણ ચીજ બજારમાં ખરીદવા જાય છે તો એને મોળી ગમે છે ? સારી Quality આપો, ભાઈ ! ઊંચામાં ઊંચી કઈ છે બતાવી દો. ખીસ્સામાં ત્રેવડ ન હોય તોપણ એને એમ થાય કે એકવાર જોઈએ તો ખરા આપણે લઈ શકીએ એમ છીએ કે નહિ. છેવટે ન લઈ શકે તો ભાવના રાખે કે ફરીને પૈસા જ્યારે આટલા થાય ત્યારે આ જ લેવું છે. ત્યાં એમ નથી કહેતો કે આ ઊંચું છે એટલે મારું કામ નહિ, ભાઈ ! ઊંચું છે એટલે મારું કામ નહિ. ત્યાં તો એને ઊંચામાં ઊંચુ જોઈએ છે. અને અહીંયાં ઊંચી વાત જરાક જરાક ઊંચી વાત લાગે (તો કહે), આ વાત નથી, ભાઈ ! અમારા કામની નહિ. તને શું થયું છે પણ આ ? એને રુચતું નથી. ઊંચું છે, સારું છે છતાં એને રુચતું નથી તો અરુચિથી એને હડસેલો મારે છે. આ ઊંચુ છે અમારે ન ખપે. જેની રુચિ છે એમાં તો ત્રેવડ ન હોય તોપણ ભાવે છે-એની ભાવના રાખે છે. એકવાર આપણે આ ખરીદવું જ છે. ગમે ત્યારે પણ આ આપણે લેવું. કુદરતી છે કે નહિ ?

મુમુક્ષુ :- એ જીવને ત્યાં સારું લેવાનું રુચે છે, અહીંયાં નથી રુચતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે ઊંધાઈ છે ને એની ? અહીંયાં કહે એમ કે આ ઊંચું છે. અને છતાંય એ એને ધક્કો મારે કે ના, અમારું કામ નહિ આમાં. આ તો ઊંચું છે. એનો અર્થ શું ? કે એની અવળાઈ છે, ઊંધાઈ છે. સારુ હોય અને ઊંચું હોય તો તું ત્યાં તો પ્રયત્ન કરે છે. તમે કોઈ વેપાર માંડ્યો. વેપાર કરતા હોય એમાં (તમને) એમ કહે કે ભાઈ ! તમે ૧૦-૨૦ હજારનો નફો થાય એવો તમે વેપાર કરો છો પણ એમાં લાખ મળે. તો એમ કહો કે આ બહુ ઊંચો નફો મારે ન કામ આવે ? મારું કામ નહિ એમાં. એમ કહે છે ? કેમકે હું તો ભાઈ ! પહેલેથી બહુ ગરીબ છું ને એટલે લાખ મેળવવામાં મારું કામ નહિ. અરે...! ગરીબમાં ગરીબ હોય પણ કહે, લાખ શું કરોડ મેળવવા છે, એમ કહે. અબજ મેળવવા છે, એમ કહે. માપ જ નથી. કેટલા મેળવવા છે એનું માન નથી કોઈને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે નીચું કહી શકે એવું નથી. નીચું તો કહેવાય એવું છે નહિ. હવે ઊંચું છે પણ હવે ગમતું નથી, રુચતું નથી, એ ઉંધાઈ છે તો શું કરે ? બહુ ઊંચું, અમારું કામ નહિ, બહુ ઊંચી વાત છે. એ જીવની ઉંધાઈ છે, વક્રતા છે, અવળાઈ છે એ જાતની. એને પરમ આદર આવવો જોઈએ. ઊંચું હોય તો એનો આદર વિશેષ આવવો જોઈએ. એના બદલે એનો તને નકાર આવે છે એ તારા ભવિષ્યની હોનહારને સૂચવે છે. તારી હોનહાર સારી નથી. એમ બતાવે છે. શું કહે છે ?

તે વિચાર કરવો તેમાં એવી રીતે વિચાર કરવો કે '**પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે.**' ઉપયોગથી વાત લે છે. મૂળ વાતમાં, મૂળ સ્વરૂપ તો, મૂળપદ તો પોતાનો ઉપયોગપ્રકાશ છે. ઉપયોગથી વાત લે છે. જ્ઞાનક્રિયામાં જ્ઞાન છે. 'સંવર અધિકાર'માં એ વિષય લીધો. જ્ઞાનથી વાત ઊપાડે છે બધે. ઉપયોગથી અહીંયાં વાત લીધી. કેમકે ઉપયોગથી પરનું જુદાપણું થાય છે. ભિન્ન જ્ઞાનને જાણતા પરથી જુદાપણું થાય છે અને ઉપયોગથી પોતાનું ઉપયોગાત્મક મૂળ સ્વરૂપ ગ્રહણ થાય છે. બેય કાર્ય ઉપયોગથી થાય છે. સ્વભાવનું ગ્રહણ પણ ઉપયોગથી થાય છે.

'પ્રજ્ઞાથી ગ્રહો નિશ્ચયે જે દેખનારો તે જ હું, જાણનારો તે જ હું.' આ બાજુ પ્રજ્ઞાછીણીથી જ એને રાગાદિથી ભિન્ન પાડવો. બેય જગ્યાએ પ્રજ્ઞા લીધી છે. પ્રજ્ઞાને જ સાધન બનાવ્યું છે. આ 'સંવર અધિકાર'માં તો પ્રજ્ઞામાં ઉપયોગમાં જ્ઞાનક્રિયામાં આધાર-આધેય સંબંધ લીધો છે. તું જ્ઞાનના આધારે જ્ઞાનની મુખ્યતામાં તું તારું સ્વકાર્ય કર. રાગની મુખ્યતામાં તારું કાર્ય સવળું નહિ થાય, ઉલટાનું તારું કાર્ય અવળું થશે. એટલે બધે જ્ઞાનની મુખ્યતા કરાવી છે. આત્માનો મહિમા ? તો કહે, જ્ઞાનની મુખ્યતા. આત્માનો વિચાર ? તો કહે, જ્ઞાનની મુખ્યતામાં. એ મુખ્યતાને અહીંયાં આધાર શબ્દ લીધો છે. આધાર કહીને તેની મુખ્યતા બતાવવી છે.

અહીંયાં કહે છે કે વિચાર શરૂ કરવો આત્માનો વિચાર કરવો તે કઈ રીતે કરવો ? '**પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે, (એક) દર્શનજ્ઞાન ઉપયોગ, (બીજો) ચારિત્રઉપયોગ.**' બે ભેદ પાડી નાખ્યા.

એક આચરણનો અને એક દેખવા, જાણવાનો. એમ બે ભેદ પાડ્યા. ઉપયોગની પ્રવૃત્તિ લીધી એને અહીંયાં આચરણમાં લઈ લીધું. જે ઉપયોગ પ્રકાશ છે એમાં એક દર્શનજ્ઞાન ઉપયોગ છે અને બીજો ચારિત્રઉપયોગ છે.

**'તેમાં દર્શન દેખે છે. જ્ઞાન જાણે છે અને ચારિત્ર પરિણામ વડે આચરે છે.'** ચારિત્ર પરિણામ દ્વારા આચરણનું કામ કરે છે. એટલે સ્થિર થવાનું કામ કરે છે. **'એવા (પર)જ્ઞેયનું દેખવું, જાણવું, આચરવું અનાદિથી કર્યું,...'** હવે આ કાર્ય તો એ અનાદિથી કેવી રીતે કરે છે ? કે પરજ્ઞેયને જાણે છે, દેખે છે અને પરજ્ઞેયમાં ઉપયોગ રમે છે. પરજ્ઞેયને ઉપયોગ છોડતો નથી. પરજ્ઞેયને જાણીને પોતાપણે જાણે છે. આ શરીર મારું, આ ઘર મારું, આ કુટુંબ મારું, આ આબરૂ મારી, આ પૈસા મારા, આ આખું જગત મારું. એણે ઊભી કરેલી સૃષ્ટિ. આ બધું મારું એમ જાણવા, દેખવામાં પરને સ્વપણે જાણે છે અને પછી ઉપયોગ ત્યાંને ત્યાં જ રમ્યા કરે છે. ત્યાંથી ઉપયોગ બહાર નીકળી શકતો નથી. એ પરાચરણ થઈ ગયું. એવું પરજ્ઞેયનું દેખવું, પરજ્ઞેયનું જાણવું અને પરનું આચરવું અનાદિથી કર્યું.

**'(પણ) મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો).'** અનાદિથી અનેક પરપદાર્થમાં ઉપયોગ આપ્યો. પણ એણે ક્યારેય પોતાના નિજપદમાં નિજ શુદ્ધપદમાં અમ. વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો. આમ કર્યું. પરમાં ઉપયોગ એટલો બધો દીધો અને આચરણ એટલું બધું કર્યું કે એને શરીર છૂટવા ટાણે ખ્યાલ આવી ગયો કે હવે આ ક્ષેત્ર બદલવું પડશે. મારું માન્યું છે એનાથી છૂટા પડવું પડશે. તો એને ક્યાંય ગમતું નથી. આ પરિસ્થિતિ થાય છે. ત્યાંથી એને ખસવું ગમતું નથી પણ ત્યાં એને રહેવા માટે કાયમી લખાણ કોઈએ કરી દીધું નથી.

મુમુક્ષુ :- મૂંઝારો બહુ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી બેશુદ્ધ થઈ જાય છે. બહુભાગ જીવ મૃત્યુકાળમાં એકદમ બેશુદ્ધ થઈ જાય છે. શુદ્ધતા ગુમાવે છે, મૂંઝારો અતિશય વધી જતા. એટલો બધો મૂંઝારો વધે છે. સેકંડોમાં, હોં ! બહારમાં કોઈને ખબરે ન પડે કે અંદર આને શું ચાલ્યું હતું. એકદમ થઈ જાય. કેમકે એને ખ્યાલ આવી ગયો કે એરે..રે..! આ બધું પરિશ્રમ

કરીને-મહેનત કરીને અનેક પ્રકારના પરિણામ બગાડીને આ બધું માંડ માંડ ભેગું કર્યું, ત્યાં તો જવાનો ટાણું આવી ગયું. હવે શું થાય ? અને લાચારપણે જવું પડે છે. ત્યારે એને દુઃખ એટલું બધું ઉત્પન્ન થઈ આવે છે કે જેને માપવાની પારાશીશી ડૉક્ટરો પાસે નથી. એમ કહે કે હવે આ બેશુદ્ધ થઈ ગયા છે. નાકમાં ને એમ નળી-બળી મૂકી દ્યો. ગળામાં નળી મૂકી દ્યો, આહાર થયા કરે થોડો થોડો. Liquide ગયા કરે, બસ ! હવે ભાઈ કોમામાં આવી ગયા છે.

મુમુક્ષુ :- અંદરની શુદ્ધિ...

પૂજ્ય ભાઈશ્રી :- અંદરની શુદ્ધિ એટલે કેવી રીતે ?

મુમુક્ષુ :- અંદરનો શુદ્ધાત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં એવું છે કે જીવ પોતાની બાજુ કેટલો ગયો છે એના ઉપર આધાર છે. જ્ઞાનીને તો એવી બેશુદ્ધિ આવતી નથી. કોઈવાર બેશુદ્ધ બહારમાં દેખાય તોપણ અંદરમાં જાગૃત હોય છે. અને કોઈ કોઈ વિચારવાન જીવ હોય છે, જેની વિચારદશા ઘણી ઊંડી છે એવા જીવને અંતર જાગૃતિ રહેવાનો સંભવ છે. બાકી તો જેણે જિંદગી આખી સંયોગના રસ લીધા છે, પરપદાર્થના જ રસ લીધા છે, ઘણું કરીને એ તો બેશુદ્ધ જ ઓચિંતો થઈ જાય છે. કાંઈ સાવધાની આવે એ પહેલા તો એ મુંઝવણના હુમલાની અંદર ઘેરાઈને બેશુદ્ધ થઈ જાય છે. સાધ ગુમાવે છે, સુધ સાન રહેતી નથી. લગભગ મરણની આ સ્થિતિ મનુષ્યમાં તો જોવામાં આવે છે.

અરે...! નામ આ કેન્સર-ફેન્સરનું સાંભળે ત્યાં માણસના ટાંટ્યા ભાંગી જાય. હજી તો મૃત્યુ તો આગળ છે. મૃત્યુનું કારણ જોવે ને ત્યાં એને એમ થાય કે અરે..રે...! હવે શું થયું ? પતિ ગયું. મૃત્યુતુલ્ય દુઃખ તો હજી એને ત્યાં Biopsyના Detection roomમાં લઈ જાય ત્યાં એને ગડબડ થવા માંડે. કારણ શું છે આનું ? એણે એટલો બધો એકત્વનો રસ લીધો છે. દેહાત્મબુદ્ધિ 'આ હું અને આ બધું મારું' એ એને ઘણા દુઃખનું કારણ છે, અત્યંત દુઃખનું કારણ છે. ત્યારે નથી સમજાતું. જ્યારે એણે મારાપણું કરી લીધું છે ત્યારે જ એણે ઝેર તો ખાઈ લીધું છે. હવે એ ઝેરના ફળ આવે છે ત્યારે એને થાય છે કે આ ન જોઈએ, મારે આ ન જોઈએ. પણ ક્યાંથી નહી જોઈએ હવે ? વાવ્યું

છે તેં, હવે ઊગીને ભોગવવાનું છે તારે. એમાં કાંઈ બીજાનું કામ આવે એવું નથી.

'ગુરુદેવ' એમ કહેતા કે ભાઈ ! તું આ બધી હરખ અને હોંશની વાતો રહેવા દે. એ..ય.. બહુ કમાણા. એ..ય.. અમારું કુટુંબ ફાલ્યું ફૂલ્યું અને એ..ય.. અમારે હવે તો એવી અનુકૂળતા અને લીલાલહેર છે. આ બધી હોંશ અને હરખ રહેવા દે. ક્યાં ચાલ્યો જઈશ એ હોંશના ફળમાં... પરિણામ છે ને હોંશના ? એ મિથ્યાત્વ સહિતના અત્યંત પાપના પરિણામ છે. એ એવી દુર્ગતિમાં તને લઈ જશે કે ત્યાં કોઈની પછી સિફારશ કામ આવશે નહિ કે ભાઈને અહીંથી બચાવો. કોઈની સિફારશ નહિ કામ આવે. એ કુદરત છે એ કુદરતનો રસ્તો લેશે. કુદરત, કુદરતનો રસ્તો લેશે. એમાં ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનો અધિકાર કાંઈ કરવાનો નથી.

મુમુક્ષુ :- ... એના બદલે અહીંયાં ચાલુ હોય તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- આધાર કોનો છે ? એવી Lineમાં આધાર કોનો છે ? અહીંયાં એમ કહે છે. એટલે તો ઉપયોગપ્રકાશ મૂળ પદ છે એમ લીધું. કોના આધારે એવી Line છે ? રાગના આધારે છે ? રાગમાં શું શક્તિ છે ? એ તો ક્ષણવર્તી અશુદ્ધ-મેલી પર્યાય છે. એમાં શક્તિ કેટલી ? રાગના આધારે એમાં ટકી શકાશે નહિ. અને એ રાગનું એકત્વ છે એ જ મૂળમાં તો મિથ્યાત્વ છે. એવા રાગનું એકત્વ કરવું એ જ મિથ્યાત્વ છે. મંદ કષાય (હોય) કે તીવ્ર કષાય (હોય) પણ આધાર તો કષાયનો લીધો ને ? તો આધાર જ્યારે કષાયનો લીધો ત્યારે એણે પરમાત્માનો અનાદર કર્યો. આધાર તો નિજ પરમાત્માનો લેવાનો હતો.

'ગુરુદેવે' એક જગ્યાએ ભેદજ્ઞાનનું લક્ષણ બાંધ્યું છે. ભેદજ્ઞાનનું લક્ષણ શું ? ભેદજ્ઞાન થાય છે એનું લક્ષણ શું ? નહિતર તો શું છે કે ભેદજ્ઞાનનો વિચાર કરે એને ભેદજ્ઞાન સમજી લે. જ્ઞાન અને રાગ જુદા છે, દેહ અને આત્મા જુદા છે. એવો બધો વિચાર આવે તો ભેદજ્ઞાન (થયું). એમ ભેદજ્ઞાન નથી. બહુ સારી વાત લીધી છે. ૩૦૭ નંબરનો બોલ છે. '**જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદરભાવ જાગે છે.**' આ એનું લક્ષણ છે. કષાયનો આધાર ન લે પણ એને કષાય પ્રત્યે, રાગ પ્રત્યે તીવ્ર અનાદર

ભાવ જાગે. આ નહિ.. આ નહિ.. આ નહિ... આ નહિ. જ્ઞાનની મુખ્યતા ક્યારે આવી કહેવી ? **'તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે.'** હવે આગળ કહે છે કે **'આત્મામાં..'** મૂળ પદમાં તો **'રાગની ગંધ નથી.'** રાગ રહિત પરમાત્મા છે અંદર. **'રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું. તેમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે.'** આટલા શબ્દો લીધા છે. ઝેરને સારું માની થોડું ટીપું નાખ્યું હોય તો ? દૂધપાકના તપેલામાં એકાદ ટીપું પડી જાય તો ? તીવ્ર ઝેર નથી. તરત નહિ મરે પણ ઝાડા-ઊલટી થાય તો એમાં શું વાધો ? કોઈ પસંદ કરતું નથી. 'અનાદિથી આ કર્યું.

**'(પણ) મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો). અતીન્દ્રિય (સ્વાધીન) સુખની પ્રાપ્તિ વિના (હું) ખાલી રહ્યો.'** અત્યાર સુધી આ વાત બાકી રહી ગઈ છે. અહીંયાં તીર્થંકર ભગવાનની વાત લેવી. આધાર લઈને એમ કહે છે કે આ રીતે જ કાર્ય થાય છે અને બીજી રીતે કાર્ય થતું નથી. (વિશેષ લઈશું...)

'અવલોકન' વિના વેદન સંબંધિત વિષય ખરેખર સમજાતો નથી. નાસ્તિરૂપ ભાવોમાં આકુળતા છે. વિકલ્પ માત્ર દુઃખરૂપ છેવગેરે આગમ, ન્યાય, યુક્તિ, અનુમાનથી સમજાવા છતાં, ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિમાં, ઇચ્છાપૂર્તિને લીધે, કષાયની અલ્પમંદતા થવાથી, કલ્પના માત્ર રમ્ય લાગવાથી, ભોગ ઉપભોગના ભાવો – અશુભ ભાવો, જે તીવ્ર કષાયરૂપ હોવાથી, તીવ્ર આકુળતા સહિત હોવા છતાં, 'અવલોકન' ના અભાવને લીધે, ત્યાં દુઃખ લાગતું / સમજાતું નથી અને સુખની ભ્રાંતિ ચાલુ રહી જાય છે; જો 'અવલોકન' હોય તો જ દુઃખ ભાસે અને ભ્રાંતિ મટવાનો અવસર આવે. બીજો કોઈ ઉપાય નથી. (અનુભવસંજીવની-૪૯૯)

## તા. ૫-૧૦-૧૯૮૫, પાના નં. ૯, પ્રવચન નં. ૩૩

'અનુભવ પ્રકાશ'. અનાદિથી પરપદાર્થને જાણવું, દેખવું અને પરપદાર્થને વિષે આચરણ કર્યું. પરંતુ '**મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો).**' શું કહે છે ? કે અનંત ગુણનિધાન પોતાનું સ્વપદ છે. નિજ પદને ઓળખ્યું નહિ, એની સામું જોયું નહિ.

'**અનંત તીર્થંકર થયા, તેમણે સ્વરૂપ શુદ્ધ કર્યું,...**' અનંત તીર્થંકર થયા એમણે ઉપદેશ આપ્યો એમ ન કહ્યું, તીર્થંકરે અનંતને તાર્યા એમ ન કહ્યું. પણ અનંત તીર્થંકર થયા એમનું સ્વરૂપ શુદ્ધ કર્યું. શું એમણે કર્યું ? પોતાના પરિણામમાં જે મલિનતા છે તે મલિનતા મટાડી પરાચરણ અને પર તરફના ઉપયોગને છોડીને પોતાના વિશુદ્ધ પદમાં ઉપયોગને લગાવીને સ્વરૂપને શુદ્ધ કર્યું. ભાવમનને હણી નાખ્યો, ભાવમનનો અભાવ કર્યો. અને પવિત્ર શુદ્ધ પરિણમનને પ્રાપ્ત કર્યું અને '**અનંત સુખી થયા.**' એ તીર્થંકરો અનંત સુખી થયા. સાદિ અનંત કાળ પર્યંત પરમાનંદમાં બિરાજમાન રહ્યા.

એના ઉપરથી '**હવે મારે પણ એવી જ રીતે (એમની જેમ જ) સ્વરૂપ શુદ્ધ કરવું છે.**' ભગવાનની સામે જોઈને આમ... જેને પોતાનું હિત કરવું છે એ ભગવાનના દર્શન આવી રીતે કરે છે કે તેમણે પોતાનું સ્વરૂપ શુદ્ધ કર્યું, (અને) અનંત સુખી થયા છે, હું પણ મારું સ્વરૂપ શુદ્ધ કરીને નિજ સુખની પ્રાપ્તિ કરું. એમ લેવું છે. આદર્શના સ્થાને રાખે છે. આવો મારો આદર્શ છે. આ પ્રતીક છે આદર્શ છે એ પ્રતીક છે. પૂર્ણ શુદ્ધ થયા. ... એવા સ્થાનમાં, એવી હદે, એવી પર્યાયે પહોંચવાનું મારું પણ ધ્યેય છે, એવો મારો પણ આદર્શ છે. એમ નથી કહેતા કે તીર્થંકરને માનીશ તો મને પુણ્ય બંધાશે અને પુણ્યના ફળમાં અનુકૂળતાઓ, સ્વર્ગ આદિ મળશે. એવી રીતે ભગવાનના દર્શન કરવાના હોય ? એ તો પાપ પરિણામ છે.

......અનાત્મામાં આત્મા માન્યો, અચેતનને ચેતન માન્યું, દુઃખને

સુખ માન્યું. એ સંસારની ગાડી... હવે પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખે, પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખીને એમાં જે સુખ ભર્યું છે, એમાં શુદ્ધતા અને પવિત્રતા છે તેને શ્રદ્ધે, તેમાં જ ઉપયોગ રાખીને તેમાં જ રમણતા કરે. તો એને બાહ્યપદાર્થોનું પણ યથાર્થ ..... તીર્થંકર આદિ પણ આ પ્રકારે શુદ્ધ થયા. મારે પણ એ રીતે શુદ્ધ થવું યોગ્ય છે અને એમના જેવું થવું. એટલા ખાતર હું એમને વંદન કરું છું, એમણે જે ગુણો પ્રગટ કર્યા, દોષને ટાળ્યા તેમજ કરવા અર્થે હું .... '**वन्दे तद्गुणलब्धये**'.

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।**

મોક્ષમાર્ગના નેતા એવા તીર્થંકરો કર્મના પર્વતનો ...... બોલાવનાર એવા એ તીર્થંકરો જગતના તત્ત્વોને માત્ર જ્ઞાતાદૃષ્ટા ભાવે જાણનારા, એમના ગુણની પ્રાપ્તિ અર્થે, એવા ગુણની પ્રાપ્તિ અર્થે હું તેમને નમસ્કાર કરું છું. સાંસારિક પદાર્થોને મેળવવા માટે પુણ્ય થાય એવા પ્રકારે હું એમને નમન કરતો નથી. જૈનદર્શન જ ગુણપ્રધાન છે. ગુણપ્રધાન દર્શન છે. એની પ્રાપ્તિ કરવા માટેની વાત છે, કોઈ બીજી વાત આની અંદર ચાલે એવું નથી. આવો સમ્યક્ એકાંત છે, આવો સમ્યક્ એકાંત છે. હવે મુનિજનની વાત કરે છે.

મુમુક્ષુ :- અહીંયાં તો ઉપયોગ પલટાવવાની જ વાત છે ને ?

પૂજ્ય ભાઈશ્રી : પર ઉપર ઉપયોગ દેતો હતો. ઉપયોગને સ્વપદ ઉપર દે. ખરેખર આચારમાં તો ટૂંકું જ છે. સમજવામાં વાત લાંબી લાંબી છે પણ આચરણમાં તો ટૂંકું જ છે. આચરણમાં તો શુદ્ધ... નિરંતર સ્વરૂપસેવન કરે છે. મુનિઓ શું કરે છે ? મુનિઓ જંગલમાં વિચરે છે, નિરંતર સ્વરૂપસેવન કરે છે. એક જ વ્યવસાય છે, બીજો કોઈ વ્યવસાય એમને નથી. એક જ વ્યવસાય છે કે પોતાના સ્વરૂપનું સેવન કરવું. એટલે સ્વરૂપમાં અંદર રમે છે. મહા ચૈતન્યસત્તાધારી પોતે છે એની મુખ્યતા તો પહેલેથી આવી ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા વધારતા વધારતા પૂર્ણ થવા અર્થે નિરંતર સ્વરૂપસેવન કરે છે, આંતરો પડવા દેતા નથી. જગતની સર્વ પ્રવૃત્તિથી દૂર થઈને એક જ પ્રવૃત્તિ આરંભી છે અને એક જ પ્રવૃત્તિમાં પડ્યા છે. બીજી કોઈ પ્રવૃતિ મુનિને માથે હોતી નથી.

ધર્મના લોભી જીવો આવે, ધર્મોપદેશની માગણી કરે તોપણ મુનિને વિકલ્પ ઊઠે તો બે વાત કરે, નહિતર ન પણ કહે. પછી સામે રાજા હોય, ચક્રવર્તી હોય, ... મોટો હોય, એ માગે એટલે ઉપદેશ દેવા માટે બંધાયેલા છે એ વાત પણ મુનિને નથી. ધર્મને ટકાવી રાખવાનો વિકલ્પ આવે તો ઉપદેશ કરે, શાસ્ત્ર રચે. વિકલ્પ આવે તો પ્રવૃત્તિ થાય પણ બંધન નથી એમને. કામ કરવું પડશે, આમ કરવું એવું બંધન એમને નથી. 'વિચરે ઉદય પ્રયોગ' એમ લીધું છે. જેવો ઉદય. પૂર્વકર્મના ઉદય અનુસાર ઈષ્ટ-અનિષ્ટપણું કર્યા વિના માત્ર જ્ઞાતા-દૃષ્ટા ભાવે વીતરાગ ભાવે વિચરે છે. સ્મશાનની અંદર ધ્યાન કરવા જાય છે કે જંગલની અંદર સિંહ-વાઘના ટોળા વચ્ચે ધ્યાન કરવા બેસે છે. આ ફરતા દેખાય છે. જેમ ગામમા કૂતરા ફરતા હોય એમ જંગલમા સિંહ-વાઘ ફરતા હોય એવી શીલા ઉપર ધ્યાનમાં બેસી જાય. ... અહીંયાં આવશે તો ? એ તો 'જાણે પામ્યા પરમ મિત્રનો યોગ જો...'

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- શરીરની ભિન્નતા એટલી વર્તે છે કે ઉપયોગ જ જાણે શરીરનો છૂટી ગયો. પછી શરીરને એ પ્રાણી ખાય તોપણ એ બેઠા બેઠા જોવે છે, આનંદથી. શાંતિમાં બેઠા બેઠા જોવે છે. એ ખાય ત્યારે વેદના થાય એ વેદનાને પણ શાંતિમાં બેઠા બેઠા જોવે છે. એટલા ભિન્ન પડી ગયા છે અંદરમાં. અલૌકિક પરિણમન છે !

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના નથી અને એ કલ્પનામાં આવે એવું નથી કે આ કેમ થાય. એવી વીતરાગતાની અંદર જમવટ છે, શાંતિમાં એવા ડુબેલા છે કે જાણે બહારની ખબર પડતી નથી. ક્ષણમાં પાછા અંદર ચાલ્યા જાય. અહીં ઉપસર્ગ ચાલતો હોય, વેદના શરૂ થઈ હોય અને ડુબકી મારે અંદર, સીધા જ. એવો ઉપયોગ અંદરમાં ઝપટ કરીને જાય છે.

એવા '**મહામુનિજનો નિરંતર સ્વરૂપસેવન કરે છે. માટે (મારે પણ) મારું ત્રૈલોક્યપૂજ્ય, સર્વોત્કૃષ્ટ પદ અવલોકી (નિજ) કાર્ય કરવું છે.**' શું કહે છે ? મુનિજનો આવું કરે છે તેથી હું પણ એવું જ કાર્ય કરવાનો અભિલાષી છું. પદ્ધતિ જ એવી લીધી છે. પહેલા paragraphમાં એ લીધું, '**આ અનાદિ સંસારમાં અનાદિકાલથી (મેં)**

**પર વિચાર કર્યો.**' પોતાની જાતને અંદરમાં ભેળવીને વાત કરે છે. મેં અત્યાર સુધી આમ કર્યું. મુનિઓ આમ કરે છે માટે હવે મારે આમ કરવું છે. કથનની શૈલી આવી છે. વસ્તુસ્વરૂપનું નિરૂપણ તો કરતા જાય છે પણ પોતાની જાતને ભેળવીને આ લ્યે છે. એટલે વાંચનારને પોતાની જાતને અંદર ભેળવવાનો પ્રકાર ઝભો થાય. એવી શૈલીથી નિરૂપણ (છે). માટે '**મારે (મારે પણ) મારું...**' તારે આમ કરવું, તારે આમ કરવું તારે આમ કરવું, તારે આમ કરવું આમ શાસ્ત્ર નથી લખ્યું. પદ્ધતિ બહુ સારી છે. એ અંતર વિચારમાં પોતાને ભેળવીને વાંચે તો એને એમ થાય કે હું આમ કરું, હું આમ કરું, મેં આમ કર્યું છે, હવે હું આમ કરું (એમ) સ્વવિચારથી વાંચન ચાલે. એવી પદ્ધતિવાળું આ શાસ્ત્ર છે.

'**માટે (મારે પણ) મારું ત્રૈલોક્યપૂજ્ય, સર્વોત્કૃષ્ટ પદ અવલોકી (નિજ) કાર્ય કરવું છે.**' આવું મારું પદ છે, જેની મુખ્યતા ક્યારે પણ છૂટે નહિ, છોડવાયોગ્ય નથી. એવા મારા સર્વોત્કૃષ્ટ ત્રૈલોક્યપૂજ્ય પદને મારે અવલોકવું છે અને એ અવલોકીને મારે સ્વરૂપરમણતાનું મારું કાર્ય કરવું છે. આવું મારું પદ સ્વરૂપસૂર્ય છે. સ્વરૂપસૂર્ય છે.

'**કર્મઘટામાં મારો સ્વરૂપ સૂર્ય છૂપાયો છે.**' કર્મના વાદળાની પાછળ આવો સૂર્ય છે એ એમ ને એમ તપે છે, તપાયમાન છે, આખે આખો. '**મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી.**' સૂર્યનો પ્રકાશ એનાથી હણાય ગયો છે ? પ્રકાશ તો એટલો ને એટલો પ્રકાશિત સૂર્ય છે. વાદળા થાય એટલે કાંઈ સૂર્યનો પ્રકાશ હણાય એવું બનતું નથી. પ્રકાશ તો પૂરેપૂરો પ્રકાશે છે. આ બાજું બાદળાની નીચે ઊભો રહે તો એને વાદળાને આડા રાખીને એમ લાગે કે આમાં સૂર્ય દેખાતો નથી. પણ વાદળાની ઉપર જઈને જોવે તો પૂરેપૂરો સૂર્ય પ્રકાશે છે, પૂરો પ્રકાશમાન છે. એનામાં વાદળાએ કાંઈ કરી દીધું નથી કે કરી શકે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- Plane તો બધા ઉપર જ ચાલે છે ને, ગમે એટલા વાદળા હોય. એ તો Level એટલું પકડે છે કે એને વાદળામાંથી ચાલવું પડે નહિ. ગમે ત્યાં વાદળા આવે ત્યારે ઊંચાઈ વધારી દે. નીચે ગમે એટલા વાદળાને લઈને પ્રકાશ ઓછો આવતો હોય પણ ઉપર તો પૂરોપૂરો આખેઆખો (સૂર્ય છે). સૂર્યમાં વાદળાએ શું કર્યું ? વાદળા

વાદળાના સ્થાનમાં છે, સૂર્ય સૂર્યના સ્થાનમાં છે. હું ચૈતન્ય સૂર્ય મારામાં મારા સ્વરૂપમાં બરાબર છું. કર્મઘટા કર્મઘટામાં છે. કર્મઘટાની ઓથમાં રહ્યો કે મને કર્મ નડે છે, મને કર્મ નડે છે (એમ જે માને છે) તો એ સૂર્યને જોઈ શકતો નથી. જો કર્મઘટાની ઓથ પકડે તો. કર્મની ઘટાને છેદીને ઉપર જુએ તો આખેઆખું ચૈતન્ય સ્વરૂપ એમ ને એમ અખંડિત છે. એમાં વાદળાએ કર્મઘટાએ કાંઈ કર્યું નથી. કર્મ કર્મમાં અને ચૈતન્ય ચૈતન્યમાં.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે...

પૂજ્ય ભાઈશ્રી : જ્ઞાનાવરણીય.. એમ છે કે શાસ્ત્ર તો વિદ્વાનો વાંચતા હતા પણ પોતાના દષ્ટિકોણથી વાંચતા હતા.

મુમુક્ષુ :- વિદ્વાનોએ જ છબરડા વાળ્યા.

પૂજ્ય ભાઈશ્રી : શું થાય ? દષ્ટિકોણ ઊંધો હોય ત્યાં શું થાય ? દષ્ટિકોણ જ્યાં ઊંધો હોય ત્યાં એવું થાય. 'દાદર' છેલ્લું વાંચ્યું ત્યારે એ વિષય લીધો હતો કે શાસ્ત્ર વાંચવામાં દષ્ટિકોણ કયો અપનાવ્યો છે એના ઉપર આધાર છે. ક્યા દષ્ટિકોણથી જીવ શાસ્ત્ર વાંચે છે ? એક પોતાના સ્વરૂપનો પ્રયત્ન વધારવા અંદર સાધન આરાધનમાં વિશેષપણે ઉગ્રતા લાવવા શાસ્ત્રવાંચન કરવું છે ? સ્વરૂપનું શ્રદ્ધા, જ્ઞાન કરવા શાસ્ત્રવાંચન કરવું છે કે આ હેતુ શાસ્ત્રવાંચનમાં બાદ થઈ ગયો છે ? તો બીજો કોઈપણ હેતુ હોય તો એ દષ્ટિકોણ વિપરીત છે. શાસ્ત્ર વાંચવાનો દષ્ટિકોણ અયથાર્થ છે, વિપરીત છે. એમાંથી લાભ થવાને બદલે નુકસાન થવા લાગે છે.

જેમ ઉપવાસાદિ બીજી ક્રિયા કરનારાઓ તેને ધર્મ માનીને મિથ્યાત્વને દઢ કરે છે એમ આ પણ શાસ્ત્ર વાંચીને વિપર્યાસને વધારે છે, મિથ્યાત્વને દઢ કરી બેસે છે. એક જ વાત લીધી છે. એકાંતે આત્માર્થી થઈને એક આત્મહિતના હેતુથી જરાય આઘોપાછો ગયા વિના, એ વિષયમાં તો જરાય આઘોપાછો ગયા વિના જો શાસ્ત્ર વાંચે તો એને એ શાસ્ત્રો ઉપકારી થવાનું કારણ બને છે અને નહિતર કાં સ્વચ્છંદ થાય, શાસ્ત્રિયઅભિનિવેશ થાય, મિથ્યાત્વ દઢ થાય, કાંઈને કાંઈ ગડબડ થયા વિના રહે નહિ. શું કહે છે ?

કે '**મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી, (માત્ર) અવરોધાયેલો છે.**' પ્રકાશને ફેલાવામાં અવરોધ છે. અહીંયાં

ક્ષયોપશમ છે એટલે એની ક્ષયોપશમની નીચે દબાય છે તો એને એમ લાગે છે કે જેવો સૂર્ય છે એનો પ્રકાશ પૂરેપૂરો આ બાજુ હજી આવતો નથી, વચ્ચે કર્મઘટા છે. એ રીતે વચ્ચે પ્રકાશને અવરોધક કારણ છે પણ સ્વરૂપમાં એ અવરોધકપણું નથી. એમ છે. '**(માત્ર) અવરોધાયેલો છે. ગમે તેટલું (કર્મ) ઘટાનું જોર હોય, (તોપણ તે) મારા સ્વરૂપને હણી શકે નહિ.**' નીચેથી પણ આમ જુએ છે કે ભલે એ કર્મઘટા ગમે તેટલી હોય તોપણ મૂળમાં જે મારું સ્વરૂપ છે ત્યાં એની પહોંચ નથી. કર્મની પહોંચ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે પણ મૂળ સ્વરૂપમાં નથી. પાંચ ભાવ લીધા છે ને ? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પરમપારિણામિક. એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર ભાવોને કર્મના સદ્ભાવનું અને કર્મના અભાવનું નિમિત્ત લાગુ પડે છે પણ પરમપારિણામિકભાવને એક પણ કર્મનું નિમિત્ત લાગ પડતું નથી. કર્મનો સદ્ભાવ, અભાવ એને કાંઈ લેવાદેવા નથી. પોતે છે એ અહીંયાં સ્વરૂપસૂર્ય લીધો છે. પોતે એટલે સ્વરૂપસૂર્ય-પારિણામિકભાવ.

'**ગમે તેટલું (કર્મ) ઘટાનું જોર હોય (તોપણ તે) મારા સ્વરૂપને હણી શકે નહિ.**' કોઈ એમ કહે કે ભાઈ ! શહેર આખું લૂંટાઈ ગયું પણ તમારું ઘર અને તમારી દુકાન બધું સહિસલામત છે. બધું લૂંટાંઈ ગયું, સળગાઈ ગયું, હુલ્લડ થઈ ગયું, ધમાલ થઈ ગઈ પણ તમારું ઘર અને તમારી દુકાન સલામત છે. પછી કાંઈ વાંધો ખરો ? (અહીંયાં) એમ કહે છે કે સ્વરૂપ તો સલામત છે. આ એક સુંદર વસ્તુ વ્યવસ્થા છે કે જીવ અનંત કાળ નિગોદમાં રહ્યો, અનંત કાળ સંસારમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરતો રહ્યો. અનંત અનંત કર્મના સંયોગે કર્મથી બંધાયેલો રહ્યો તોપણ મૂળ સ્વરૂપ છે એ સ્વરૂપમાં કાંઈ કોઈ જગ્યાએ ક્યાંય હાનિ થઈ નથી, ઈજા થઈ નથી. કાંઈ ક્ષતિ થઈ નથી, કાંઈ ઘટ્યું નથી, કાંઈ ઘસારો પણ થયો નથી. એને કાંઈ (થયું નથી). એમ ને એમ નવુંનકોર એમ ને એમ પડ્યું. જેમ સોનાની લગડી એમ ને એમ પડી રહી હોય. એમ આત્મા ચૈતન્યલગડી છે એમ ને એમ છે.

'**(કર્મ) ઘટાનું જોર ગમે તેટલું હોય, (તોપણ તે) મારા સ્વરૂપને હણી શકે નહિ, ચેતનને અચેતન કરી શકે નહિ.**' ચેતન તો ચેતન જ સદાય રહે છે. સોએ સો ટકા પરિપૂર્ણ ચૈતન્ય પરિપૂર્ણ ચૈતન્ય સ્વરૂપે

જ રહે છે. એમાં એક ટકાનો કે કોઈ અંશે ફેર થતો નથી. અનંતમા ભાગે પણ કોઈ ફેર થતો નથી. '**મારી જ ભૂલ થઈ છે.**' અવસ્થામાં મેં આમ ન જાણ્યું, આમ ન શ્રદ્ધયું, આમ ન સ્વીકાર્યું એ ભૂલ થઈ છે. અથવા હું જેવો છું એવો મેં ન સ્વીકાર્યો. કર્મ સંયોગે કર્મ પ્રસંગમાં, દેહાદિ પુદ્ગલ પરમાણુના સંયોગમાં મેં એવા સંબંધવાળો એવો એવો એવો મેં માન્યો. મારા શુદ્ધ સ્વરૂપને ઓળખ્યું નહિ અને મેં મને સંયોગવાળો માન્યો. બસ ! આ ભૂલ થઈ છે. '**મારી જ ભૂલ થઈ છે. જ્યારે સ્વપદ ભૂલ્યો (છું) ભૂલ જ મટાડું.**' જ્યારે સ્વપદ ભૂલ્યો છું, મારી જ ભૂલ થઈ છે અને હું પોતે જ જ્યારે સ્વપદને ભૂલ્યો છું ત્યારે હું પોતે જ એ ભૂલને મટાડું. કોઈએ ભૂલ કરાવી નથી કે મટાડવા એની પાસે જાવ. ભૂલ મેં કરી છે, ભૂલને હું સુધારું. જે ભૂલ કરે તે સુધારે કે ભૂલ કરે કો'ક અને સુધારે બીજો ? એ ક્યાંયનો ન્યાય નથી. જે ભૂલ કરે તે ભૂલ સુધારે, આ એક જ નિયમ છે, સુધરવા માટેનો.

'**જ્યારે સ્વપદ ભૂલ્યો (છું) ભૂલ જ મટાડું. (કારણ કે) મારું સ્વપદ જેમનું તે બની રહ્યું છે.**' મારું જે સ્વપદ છે એ તો જેવું છે તેવું જ અનાદિઅનંત છે. નવું એને કરવાનું કે નવું બનાવવાનું નથી. ફક્ત જે છે એને અવલોકનમાં લેવાનું છે. જે છે એને અનાદિથી અવલોકનમાં લીધું નથી. અને પોતાની અન્યથા કલ્પના કરી છે એ ભ્રમણા, જેવું સ્વરૂપ છે એવું જાણીને એ ભ્રમણા છૂટી જાય. બસ, આટલું કાર્ય કરવાનું છે. આટલું જ કાર્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : એ પર્યાય પ્રધાનતાથી દ્રવ્યનું કથન છે. શાસ્ત્રમાં અનેક પ્રકારે કથનની પદ્ધતિ છે. એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ ભેદ લઈએ તો દ્રવ્ય પ્રધાનતાથી દ્રવ્યનું કથન આવે. ગુણ પ્રધાનતાથી પણ દ્રવ્યનું કથન આવે અને પર્યાય પ્રધાનતાથી પણ દ્રવ્યનું કથન આવે. તો જ્યારે આત્માને વિકાર થાય છે ત્યારે આખો આત્મા વિકારી થઈ ગયો છે એમ કહેવું તે પર્યાય પ્રધાન દ્રવ્યનું કથન છે. એમાં ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે એ અણિશુદ્ધ, શુદ્ધ જ રહ્યો છે એ વાત એમ ને એમ રાખીને વાત છે. એમાં સ્વભાવમાં મલિનતા પણ થઈ ગઈ છે એ પ્રશ્ન નથી. એનું કારણ શું છે ? કે જે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એ સામર્થ્યરૂપે

છે અને શુદ્ધિ અશુદ્ધિ એ પર્યાયનો ધર્મ છે. એ સામર્થ્ય જે શક્તિરૂપ ભાવ છે એનો એ ધર્મ જ નથી પછી એને એ ધર્મ કેવી રીતે લાગુ પડે ? જેનો જે ધર્મ નથી એ એને કેવી રીતે લાગુ પડે ? કથન એવું આવે.

કથનમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને પુરુષાર્થ અને આનંદ આ બધા ગુણોની મુખ્યતા છે. તો કોઈ એક ગુણની મુખ્યતાથી, કોઈ એક ગુણના પરિણામની મુખ્યતાથી બાકીના કોઈ ગુણનું કથન આવે એટલે શ્રદ્ધાપ્રધાન જ્ઞાનનું કથન આવે, શ્રદ્ધાપ્રધાન ચારિત્રનું કથન આવે, શ્રદ્ધાપ્રધાન પુરુષાર્થનું કથન આવે. એવી રીતે જ્ઞાનની મુખ્યતાથી શ્રદ્ધાનું કથન આવે, જ્ઞાનની મુખ્યતાથી ચારિત્રનું કથન આવે, જ્ઞાનની મુખ્યતાથી આનંદનું આવે, જ્ઞાનની મુખ્યતાથી પુરુષાર્થનું આવે. તો આમ કેમ કહ્યું ? એમાં મૂંઝાવાની જરૂર નથી. આ રીતે આ વાત કહેવા (માગે છે), આની મુખ્યતાથી આ વાત કહેવા માગે છે. એટલી વાત છે.

મુમુક્ષુ :- અનુભવ માટે...

પૂજ્ય ભાઈશ્રી : અનુભવ માટે જ્ઞાનપ્રધાનતા અને શ્રદ્ધાપ્રધાનતાની મુખ્યતા છે. કોઈવાર પુરુષાર્થની પ્રધાનતાથી પણ વાત ચાલે છે. જેમ કે કોઈવાર આનંદની પ્રધાનતાથી પણ (કથન આવે). જેની શરૂઆત છે એને વિધિની પદ્ધતિમાં જ્ઞાનની પ્રધાનતા છે. અને અંતર આશ્રયની ઉગ્રતામાં શ્રદ્ધાની પ્રધાનતા છે. અને શ્રદ્ધા ને જ્ઞાન કાંઈ વારાફરતી પરિણમતા નથી પણ એકસાથે પરિણમે છે. પણ બેય પોતપોતાનું કામ કરે છે. શ્રદ્ધા, શ્રદ્ધાનું કામ કરતા એમાં શ્રદ્ધાબળ ઉત્પન્ન કરીને આશ્રય કરી લે છે. જ્ઞાન છે એ બરાબર માર્ગને જાણીને ક્યાંય આડેઅવળે ન જાય એની સાવચેતી રાખીને બરાબર વિવેક કરીને પરિણમન કરે છે. ઓળખે છે જ્ઞાન, સમજે છે જ્ઞાન, વેદે છે જ્ઞાન. છતાં આશ્રયનું જોર કરે છે, શ્રદ્ધા અસ્તિત્વનું ગ્રહણ કરે છે. શ્રદ્ધાને એ એક જ વિષય હોવાથી એનું પૂરેપૂરું બળ એક જ દિશામાં એવું કામ કરે છે કે ક્યાંય પછી દિશાન્તર થવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ.

મુમુક્ષુ :- શ્રદ્ધા પ્રધાનતા...

પૂજ્ય ભાઈશ્રી : .... એમ શ્રદ્ધા, જ્ઞાન મુખ્ય છે. શરૂઆતવાળાને શ્રદ્ધા, જ્ઞાન મુખ્ય છે. અને શરૂઆત થઈ ગઈ એને પુરુષાર્થ અને આચરણચારિત્રની મુખ્યતા છે. તબક્કો બદલાઈ છે ત્યાં પુરુષાર્થ અને ચારિત્રની મુખ્યતા છે. પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એવું કહેવાય કે

દૃષ્ટિના બળથી બધા ગુણો ખીલવા લાગે છે. દૃષ્ટિનો પુટ એવો લાગે છે કે બધા ગુણો ખીલવા લાગે છે અથવા એને જ બધા ગુણો અનુસરે છે. છતાંય તે ગુણો સ્વતંત્ર છે. કેમકે દૃષ્ટિ તો બધાને સરખી થાય છે. સર્વ સાધકોને શ્રદ્ધાન તો સરખું છે. શ્રદ્ધાનનો વિષય એવો પરમાત્મા પણ બધાને પૂરો શ્રદ્ધાય છે, કાંઈ અધૂરો શ્રદ્ધામાં આવતો નથી. અખંડ શ્રદ્ધાન છે. છતાં ચારિત્રમાં, આચરણમાં, પુરુષાર્થમાં હિનાધિકપણું જોવામાં આવે છે.

તેથી વધારે વિચિત્રતા તો આગળ ઉપર છે. એક જીવ અંતર્મુહૂર્તમાં જ સિદ્ધ થાય. મુનિદશા પહેલા અંગીકાર કરી લીધી હોય. સમ્યગ્દર્શન ન થયું હોય. એમાં સમ્યગ્દર્શન થાય અને એમાં ને એમાં અંતર્મુહૂર્તમાં છૂટે જ નહિ, ઉપયોગ જ બહાર ન આવે. સ્વરૂપાચરણ ચારિત્રમાંથી આગળમાં ક્ષાયિકચારિત્ર સુધી ચાલ્યા જાય, કેવળજ્ઞાન પ્રગટી જાય. અંતર્મુહૂર્તમાં આયુષ્ય છૂટીને સિદ્ધદશાને પામે. અને કોઈ જીવને કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યા પછી અસંખ્ય અબજો વર્ષ સુધી એમ ને એમ કેવળજ્ઞાનની દશામાં અરિહંતપદે બિરાજમાન રહે અને પછી સિદ્ધ થાય. પુરુષાર્થ ત્યાં કેટલો છે ? કહે પૂર્ણ પુરુષાર્થ વ્યક્ત થઈ ગયો છે. અધૂરો પુરુષાર્થ તો ત્યાં છે નહિ. છતાં પણ પૂર્વકર્મની સ્થિતિ એવી છે અને પોતાની યોગ્યતા એવી છે. કરોડો, અબજો વર્ષ સુધી એ અરિહંતદશામાં (રહે). 'સીમંધર' ભગવાન, લ્યો ને. 'સીમંધર' ભગવાન 'મુનિસુવ્રતનાથ' ભગવાન વીસમા તીર્થંકર થયા ત્યારે કેવળજ્ઞાન થયું. આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર જ્યારે થશે ત્યારે નિર્વાણ (પામશે).

... એ બાકીના જે ગુણોને પરિણમવાનું થયું એ ચાર અઘાતિ છે એમાં ચાર ગુણ વિકાસ પામવા બાકી છે કે નહિ ? અવ્યાબાધત્વ ને એ બધું. તો એ ક્યારે પૂરા થશે ? એ એટલા સ્વતંત્ર છે. એમાં કાંઈ કેવળજ્ઞાન ને પુરુષાર્થ ને યથાખ્યાત ચારિત્ર બધું બરાબર, એની ના નહિ પણ આની પણ ના નહિ. એમ છે. એ તો સ્વતંત્ર પરિણમન છે.

મુમુક્ષુ :- મારું ત્રિકાળ સર્વોત્કૃષ્ટ અસ્તિત્વ છે, ત્રૈલોક્યપૂજ્ય !

પૂજ્ય ભાઈશ્રી : આવું પદ છે પોતાનું. '**મારું ત્રૈલોક્યપૂજ્ય સર્વોત્કૃષ્ટ પદ...**' છે. અત્યારે એવું પદ છે.

મુમુક્ષુ :- અવલોકવાનું જ બાકી રાખ્યું અનાદિકાળથી.

પૂજ્ય ભાઈશ્રી :- જોવાનું બાકી છે. એની સામું અનાદર કર્યો છે. સામું નહિ જોઈને પોતે પોતાનો અનાદર કર્યો છે. પોતાના નિજ પરમતત્ત્વનોપરમાત્માનો અનાદર કર્યો છે. આના જેવડો મોટો અપરાધ બીજો કોઈ નથી. ઘરે પરમાત્મા પધારે અને સામું ન જુએ એના જેવો ઊંધો કોણ ? એમ કહે છે. એવી વાત છે આ. એની સામે જોવાની વાત છે. એક રાગની દીનવૃત્તિ છે એની સામે જુએ છે અને પરમાત્મા સાક્ષાત જિનચંદ્ર આત્મા છે. શીતળ શીતળ છે ને ? ચંદ્ર શીતળ છે. આત્મા પણ પૂર્ણ શીતળતાનો પિંડ છે એની સામે ન જુએ. એક ભિખારણ વૃત્તિ છે રાગની એની સામે જુએ છે. મોટો અપરાધ છે. આથી બીજો મોટો કયો અપરાધ હોઈ શકે ?

'**જેમકે-કોઈ રત્નદ્વીપનો પુરુષ હતો.**' દૃષ્ટાંત લે છે. '**ત્યાં રત્નના મંદિરો હતાં. (તે) રત્નસમૂહમાં રહેતો હતો. પરખ જાણતો ન હતો.**' એને પરખ નહોતી કે આ બધા રત્નો છે. જન્મ ત્યાં થઈ ગયો પણ એને પરખ નહોતી. '**(પારખતા આવડતું ન હતું). તે અન્યદેશમાં આવ્યો, (પોતાના) કટિસૂત્રમાં...**' એટલે કંદોરામાં '**હરિકાંતમણિ વળગેલા હતા.**' મણિ આવે છે કે જે પાણીમાં પડે તો આખું પાણી લીલા રંગનું દેખાય. લીલા પ્રકાશવાળું. એને હરિકાંતમણિ કહે છે. હરિ એટલે લીલો. '**(પોતાના) કટિસૂત્રમાં હરિકાંતમણિ વળગેલા હતા. એક દિવસ (તે) સરોવરે સ્નાન કરવા ગયો. ઝવેરીએ જોયું (કે) તેની મણિપ્રભાથી સરોવરનું પાણી લીલું બન્યું છે.**' એકદમ જેમ લીલું સરબત જોઈએ પણ આ તો પ્રકાશવાળું સ્વરૂપ છે. Geen light જેને કહેવામાં આવે છે. આ Geen light આપે છે ને ? એવું Geen light જેવું પાણી થઈ જાય. ખાલી લીલું નહિ પણ પ્રકાશવાળુ લીલું થાય. મણિમાં તો પ્રકાશ છે ને ? એવું '**પાણી લીલું બન્યું છે.**'

'**ત્યારે (પેલો ઝવેરી) તેની પાસેથી નંગ લઈ તે પુરુષને રાજા પાસે લઈ ગયો. (પેલા ઝવેરીએ રાજા પાસેથી) એક નંગના મૂલ્યમાં ક્રોડ મંદિર ભરાય એટલી દીનાર (સોનામહોરો) તેને અપાવી.**' કેટલા ? એક ગોડાઉન ભરાય એટલા નહિ. મંદિરમાં તો ઘણા હોય. મંદિર એટલે મહેલ. ક્રોડ મહેલ ભરાય એટલી સોનામહોર એને અપાવી. એક

મણિની સામે એટલી કિંમત હતી એની. આ કંદોરે લટકાવી ફરતો હતો ઊઘાડું, એને ખબર નહોતી કે આ મણિ છે, કો'ક લઈ જશે કે નહિ લઈ જાય, કાંઈ સંભાળ નહોતી એને. આવી દશા જીવની છે, એમ કહે છે. '**ત્યારે તે (રત્નદ્વીપનો) પુરુષ પસ્તાયો. મારું નિધાન મેં ન પિછાણ્યું.**' મારી પાસે શું હતું એની મને ખબર નહોતી.

'**તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે.**' અનંત અનંત અનંત ગુણોનું નિધાન પોતાની પાસે છે. 'ગુરુદેવશ્રી' જ્યારે પ્રવચનમાં આત્માનો મહિમા કરે, મસ્તીમાં આવી જાય ! એમ કહે કે કેટલા અનંત ગુણ છે આત્મમાં ? કે આ છેલ્લો ગુણ એવી કોઈ વાત નથી. જ્ઞાનગુણ, આનંદગુણ, ફલાણો ગુણ, ફલાણો ગુણ... હવે આ છેલ્લો ગુણ એવી સ્થિતિ નથી જ્યાં. ગણતરીએ એટલા અનંત છે કે કોઈ છેલ્લો ગુણ નથી. જેમ આકાશને છેલ્લો પ્રદેશ નથી, જેમ કાળને છેલ્લો પર્યાય નથી. છે ? એમ જીવને અનંત ગુણમાં કોઈ છેલ્લો ગુણ નથી કે હવે આ ગુણ પૂરા થઈ ગયા. એવો છેલ્લો ગુણ કોઈ નથી. એટલા તો સંખ્યાએ અનંત ગુણ છે. અને એક એક ગુણને કોઈ મર્યાદા નથી એટલું સામર્થ્ય છે.

જાણવાનો ગુણ. હવે જાણવાનું પૂરું થયા પછી હવે નહિ જાણે એવું ક્યાં છે ? કે આટલું જણાઈ ગયું. હવે જાણવાનું કાંઈ આવે તો હવે જ્ઞાન જાણતું બંધ થઈ ગયું. છે ક્યાંય ? હવે કોઈ સામે પદાર્થ આવે તો જ્ઞાન નહિ જાણે, (એમ) છે કેવળજ્ઞાનમાં ? જેને જાણવાની હદ નથી જેની. એવા આનંદની-સુખની હદ નથી. એક એક ગુણને જેની શક્તિના પરિણમનમાં મર્યાદા નથી, હદ નથી. અને જેની ગણનાએ જેની કોઈ હદ નથી કે હવે આ ગુણ પૂરા થઈ ગયા. એવી ગણનાએ હદ નથી, સંખ્યાએ હદ નથી. એવું સર્વોત્કૃષ્ટ ત્રૈલોક્યપૂજ્ય પદ આત્મા પોતે છે, એમ કહેવું છે. બહુ વર્ણન તો ઘણું કર્યું છે ને 'ગુરુદેવે' !

કહે છે કે '**મારું નિધાન મેં ન પીછાણ્યું.**' આવું ગુણ નિધાન મારું આત્મપદ મેં ન પિછાણ્યું. તેની મુખ્યતા મને ન આવી. મને રાગની મુખ્યતા રહી. રાગના વિષયરૂપ સંયોગની મુખ્યતા રહી. તેવી રીતે મેં ન કર્યું. મેં મેં... પદ્ધતિ કેવી છે ! પોતાની વિચારણાથી વાત લીધી છે. તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે. '(**તેને**) **પિછાણતાં જ સુખ થાય છે.**' એને પિછાણે એને સુખ ન થાય એવું બનતું નથી.

વાસ્તવિક સુખની ઉત્પત્તિ સ્વરૂપને પિછાણતાં થાય છે. આવું સ્વરૂપ છે.

**'મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે.'** હવે જુઓ ! સ્વરૂપવિચાર ચાલે છે કે **'મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનંત ચૈતન્ય શક્તિથી મંડિત અનંત ગુણમય છે. મારાં ઉપયોગને આધીન તે બની રહ્યું છે.'** મારે ઉપયોગ દેવાની ખાલી જરૂર છે. છે તો છે જ. બની રહેલું જ છે. ફક્ત મારા ઉપયોગને આધીન છે. ઉપયોગ દઉં તો વસ્તુ પડી છે આવી. ઉપયોગ ન દઉં તો જાણે ખોઈ બેઠો છે. બીજું કાંઈ નથી. માણસને મુઠ્ઠીમાં રાખેલું સોનું ભૂલી જાય ત્યારે શું લાગે છે એને ? કે મારું સોનું ખોવાઈ ગયું. ખોવાઈ ગયું હોય એવા ભય અને દુઃખને અનુભવ છે. પણ ખોવાયું નથી.

એમ આવું ગુણનિધાન આત્મપદ છે એ તો બની રહેલું જ છે. એ કાંઈ લાવવાનું, મેળવવાનું બાકી નથી કાંઈ. પણ ઉપયોગને આધીન છે. ઉપયોગ મૂકે એના ઉપર કે આ છે એમ એની હસ્તીને જુએ એટલે એ છે. અને ઉપયોગ ન મૂકે તો ખલાસ, જાણે ખોઈ બેઠો છે. પછી તો રજકણ રજકણ માટે ભીખ માગે અને રાગના કણ કણ માટે ભીખ માગે. એ દશા ઊભી થાય છે. બહુ રસિક વિષય લીધો છે, એકદમ !

આવા ગુણનિધાનની રુચિ પ્રગટે તો રુચિ અનુયાયી વીર્ય. તો એ પુરુષાર્થની સ્ફુરણા થઈને તમામ પરિણામને અંતરમગ્ન કરીને ખેંચે. પણ એને પોતાનું ગુણનિધાન એવું સ્વરૂપ નિજપદ એને અંદરમાં રુચવું જોઈએ. ગુણની રુચિ થાય તો એ આત્મરુચિ છે અને તો એ પુરુષાર્થને પ્રગટ કરે. નહિતર શું કરે છે જીવ ? કે શાસ્ત્ર તો વાંચી લ્યે છે. બુદ્ધિ લગાવે છે એટલે સમજી લે છે. પણ એની રુચિ ઉપડતી (નથી), રુચિ થતી નથી ત્યાં સુધી એને પુરુષાર્થ પણ કાર્યગત થતો નથી. અને અનાદિની જે દોષની રુચિ, પુદ્ગલની રુચિ, જડની રુચિ, પુણ્યની રુચિ આ રુચિમાંથી જીવ છૂટતો નથી. તેથી તેને તે તે પ્રકારના રાગાદિ ભાવ થતા તે સોહાય છે, ગમે છે, રુચે છે, એમાં જ એ રમે છે અને દુર્ગતિમાં ચાલ્યો જાય. આ સ્થિતિ થાય.

શું કહે છે ? કે **'મારું નિધાન મેં ન પિછાણ્યું.'** ન ઓળખ્યું. **'તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે. (તેને) પિછાણતાં જ સુખ થાય છે.'** સુખનો ભંડાર છે. અનંત સુખનો ભંડાર છે. જ્યાં નજર પડે

છે ત્યાં અંદરમાં પર્યાયમાં પણ સુખ વ્યાપી જાય છે, એકદમ. ભલે બહારમાં ચાર ગતિમાં ગમે એ ગતિ હોય, અંદર પ્રદેશે પ્રદેશે સુખનો અનુભવનિરાકુળ સુખનો અનુભવ વર્તે છે. ત્યાં બહારની સ્થિતિ તો કાંઈ એને દુઃખ પહોંચાડી શકતી નથી. બહારમાં પૂર્વકર્મને લઈને પાપનો ઉદય હતો ને ? પાપનો ઉદય ઉદયમાં પડ્યો રહ્યો અને અદંરમાં આત્મા ઉદયથી છૂટો પડીને અનઉદય ભાવે પોતાના નિજ નિધાન-નિજ સુખના નિધાનમાં ડૂબ્યો તે ડૂબ્યો. એને કોઈ પાપનો ઉદય દુઃખી કરી શકતો નથી. ઉદય ઉદયમાં પડ્યો રહે છે. આમ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહેતા, પાંચ ડિગ્રી ..

પૂજ્ય ભાઈશ્રી : પાંચ ડિગ્રી શું ? ગમે તે થાય નહિ. ઉપયોગ નથી ત્યાં શું ? ઉપયોગથી ગેરહાજર થઈ ગયો. માણસ નથી કહેતા ? કે તમે મને સાદ પાડ્યો હશે પણ મેં સાંભળ્યો નથી. એનો અર્થ શું ? કે ઉપયોગ નહોતો. બસ, તો એ ચીજ એનામાં રહી ગઈ. જ્યાં ઉપયોગ મૂકે છે ત્યાં ઉપાધિ ધારણ કરે છે. ઉપયોગ જ્યાં ફરીને નિરૂપાધિક તત્ત્વમાં નિરૂપાધિક ભાવે સ્થિર રહી ગયો ત્યાં બહારના કોઈ પ્રસંગની ઉપાધિ જીવના પરિણામમાં આવતી નથી.

મુમુક્ષુ :- ઉપસર્ગ પરિષહ હોય પણ એને ..

પૂજ્ય ભાઈશ્રી : બધું બહારનું બહાર રહી ગયું. આવી સ્થિતિ ન હોય તો તો કોઈ ઉપસર્ગ પરિષહ જીતી શકે નહિ. એવી એક દેહની મન-વચન-કાયાના યોગની સ્થિતિ છે કે જો ઉપયોગથી છૂટો ન પડી શકતો હોય તો વેદનાથી છૂટવાનું શું સાધન છે ? કેવી રીતે છૂટી શકે જીવ ? બીજું બધું તો દૂર રહ્યું પણ વેદનાથી કેવી રીતે છૂટે ? ઉપયોગ ફરે છે ત્યારે વેદના વેદનામાં અને અંદર સુખમાં સુખની લહેરું ઊઠે છે. ફુવારા, સુખના ફુવારા, શાંતિના ફુવારામાં મુનિઓ ન્હાય છે. પાછું એ પરિણમન એવું છે કે જેમ કોઈક માણસ દોડતો હોય એમાં એને ઢાળ મળી જાય તો કવી ગતિમાં રહે ? વગર પરિશ્રમે જાણે Speed પકડે. એમ જેમ જેમ પરિણમન જામતું જાય, જામતું જાય એમ ઠરતું જ જાય, ઠરતું જ જાય. એને સ્વભાવનો ઢાળ મળી જાય છે. એટલે પછી એને બહારની પરિસ્થિતિની કોઈ ઉપાધિ કરવાનું કારણ રહેતું નથી.

એ તો સિદ્ધપદ લીધું કે લેશે. બસ ! સિદ્ધપદની સાથે એના પરિણામની રમતો શરૂ થઈ જાય છે. પરિણામ રમવા લાગે છે સિદ્ધપદ

સાથે અને સાક્ષાત સિદ્ધપદસ્વરૂપ પરિણામ થઈ જાય છે. જેવું પદ છે એવા જ પરિણામ થઈ જાય છે. પછી એને બાધક અને અવરોધક ને એ બધું કાંઈ નથી. લોકોને સમજાવવા ગમે તેટલી વાત કરે પણ એને કાંઈ લેવા કે દેવા.

**'પીછાણતાં જ સુખ થાય છે. મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે.'** મારા ઉપયોગને આધિન તે બની રહ્યું છે. જ્યાં ઉપયોગ મૂક્યો ત્યાં ખબર પડે છે કે સોનું તો મારી પાસે જ છે. આવું અનંત ગુણના નિધાનનો કબજો તો મારી પાસે જ છે. કાંઈ મારે કોઈ પાસેથી Possession મેળવવું એ વાત પણ નથી. court તો degree કરી દ્યે પણ મેળવવું બીજી વાત છે. અહીંયાં તો એવું પણ નથી, એમ કહે છે. તારા કબજામાં જ છે.

દૃષ્ટિએ જ્યાં નિજ નિધાનનો કબજો લીધો કે પતી ગયો, એ શ્રીમંત થઈ ગયો. અનંત ગુણની લક્ષ્મીનો સ્વામી પોતે જ છે. એને પછી વાપરવાનો લોભ નથી. કે આ વાપરું તો ઠીક. એ લોભ એને નથી. આપોઆપ જ એને ભોગવે છે. અધ્યાત્મ શાસ્ત્રોમાં આવા બધા વિષય, આવો જ વિષય એકલો ચાલે, બીજી પછી એમાં આડીઅવળી કોઈ વાત નહિ.

**'હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ.'** આ પોતે ને પોતે જ વિચાર કરે છે. **'હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ,...'** મારા સ્વરૂપના શરણે ઉપયોગને હું લઈ જઈશ. મારે હવે ઉપયોગને ક્યાંય બીજે લઈ જઈને મારું કાંઈ કામ કરવાનું બાકી રહેતું નથી. જગતના કોઈ કામ કરવા કે નહિ એ પ્રશ્ન અહીંયાં રહેતો નથી. દુઃખી થાવું હોય તો જાય એ બાજુ. બાકી અંદર સુખનિધાન પડ્યું છે એનો અનુભવ કરે. સુખથી, એનો સુખે કરીને અનુભવ કર એટલી વાત છે.

ઉપયોગ અંદરમાં ખેંચાય છે એનું કારણ છે કે કેટલું સુખ ભર્યું છે કે જેની કોઈ હદ નથી એટલું સુખ ભર્યું છે. જેની પાસે દરિયા ટૂંકા પડે છે. સુખનો સાગર કહે પણ ઉપમા સાચી નથી. કેમકે સાગરને તળિયું છે. સ્વયંભૂરમણસમુદ્રને પણ તળિયું છે. આ તો બધા ખાબોચિયા છે. અત્યારે આપણી દુનિયામાં જે પેસિફિકને આ બે મોટા સમુદ્ર છે ને ?

એટલાન્ટિક અને પેસેફિક. અમેરિકા પાસેના બે દરિયા એ બે ઊંડા દરિયા છે. બાકી બધા છીછરા છે. પણ એ બધા સાડા પાંચ છ માઈલથી ઊંડો એક્કે દરિયો નથી, આ પૃથ્વીના ગોળા ઉપર તો. પર્વત ઊંચો સાડા પાંચ છ માઈલ હિમાલય છે, માઉન્ટ એવરેસ્ટ. ટેકરો તો ખાડો એટલો જ છે. બસ ! આ બાર માઈલની અંદર ઊંચું-નીચુ જે ગણો ઈ છે. છ માઈલ ઊંચુ અને છ માઈલ નીચું. જ્યાં ખાડો છે ત્યાં પાણી ભર્યા છે. એને આપણે દરિયો કહીએ, પણ એ તો ખાબોચિયા છે. જે આ સ્વયંભુરમણ સમુદ્ર છે એની પાસે તો ખાબોચિયા છે. પણ એ દરિયો પણ અહીંયાં ટૂંકો પડે એમ છે. એને પણ નીચે તળિયું છે. આ સુખના સાગરને નીચે તળિયું જ નથી. ગમે તેટલો ચાલ્યો જાય નહિ, એમ કહે છે. જોવે તો ખબર પડે ને. સમ્યગ્દર્શનનું સુખ આ છે કે પહેલી નજરે પૂરેપૂરો દેખાય છે. તળિયું ન હોય તોપણ પૂરો દેખાય છે. પાછું એમ નહિ કે તળિયું નથી એટલે અધૂરો દેખાય છે. આ એની વિશેષતા છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ આ બધું જોઈ લે છે.

પૂજ્ય ભાઈશ્રી : બધું જોવાય જાય છે. જોવાય જાય છે એમ નહિ, અનુભવમાં એને આવી જાય છે. અનુભવમાં આવી જાય. આખેઆખું સિદ્ધપદ એને અનુભવમાં આવે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ એટલે શું ! સમ્યગ્દષ્ટિ એટલે !

પૂજ્ય ભાઈશ્રી : સમ્યગ્ષ્ટિ એટલે આ સમ્યગ્ષ્ટિ. જેણે પોતાના મહાન પદને શ્રદ્ધા, જ્ઞાન અને પુરુષાર્થમાં ધારણ કરી લીધું અને આખા જગતથી ઊઠી ગયો એ. આખા જગતથી એ ઊઠી ગયો, ફરી ગયો આખો.

‘**મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ. સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે.**’ સ્વરૂપને અનુભવવાનો આ બહુ સહેલો, સરળ, સુગમ આ રસ્તો છે. રાહ એટલે રસ્તો, ઉપાય. સ્વરૂપ પામવાનો એટલે સ્વરૂપાનુભવનો આ સુગમ રસ્તો છે. ‘**દૃષ્ટિગોચર કરવો જ દુર્લભ છે.**’ એક દૃષ્ટિ ફેરવવામાં તેને તાકાત પડે છે, ... વાત છે. દૃષ્ટિ અનાદિનો ફેરવતો નથી એટલે આ બધી માથાકૂટ ઊભી છે. આખા સંસારની માથાકૂટ. ચારે ગતિનો રજળપાટ એક દૃષ્ટિ નહિ ફેરવવાને લીધે છે. દૃષ્ટિ ફેરવી કે ખલાસ વાત છે. સંસાર આખો તોડ્યો. એક દૃષ્ટિ ફેરવતા એણે આખો સંસાર તોડ્યો. સંસારને તરી ગયો એ.

એ તો 'શ્રીમદ્‌જી'એ એવી ઊપમા આપી છે કે ભૂજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરે. હાથથી, હોં ! નાવમાં બેસીને નહિ. ઝપટા મારીને. એના કરતાં પણ આ સમ્યગ્દર્શન કરીને, પુરુષાર્થ કરીને જે મહાત્માઓ મોક્ષમાર્ગમાં આવ્યા એનો પુરુષાર્થ એ સ્વયંભૂરમણ સમુદ્ર તરવા કરતાં પણ વધારે છે. નમસ્કાર કર્યા છે કે નહિ ? સમ્યગ્દષ્ટિને મફતના નથી કર્યા. એણે કેટલી શક્તિથી કામ લીધું છે કે સ્વયંભૂરમણ સમુદ્ર તરી જાય એના કરતાં વધારે. એવા મહાત્માઓને અપૂર્વ પુરુષાર્થને (નમસ્કાર હો), એમ કરીને પોતે નમસ્કાર કરે છે. પોતે નમસ્કાર કરે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનને નમસ્કાર કર્યા છે.

પૂજ્ય ભાઈશ્રી : કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર હો. કેવું નામ આપ્યું ? કલ્યાણમૂર્તિ. હવે એના ધારકને નમસ્કાર કરવા કે નહિ ? શું થઈ ગયું ? કહે છે.

મુમુક્ષુ :- જે જ્ઞાન..

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાન ભવહેતુ રૂપ થતું હતું તે જ જ્ઞાન... મતિશ્રુતનો ક્ષયોપશમ એટલો ને એટલો જ રહ્યો ને ? તે જ જ્ઞાન ભવ નિવૃત્તિરૂપ પરિણમવા લાગ્યું એવું જેને કારણ મળ્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર હો !!

**'સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે.'** ભલે **'દષ્ટિગોચર કરવો જ દુર્લભ છે.'** તોપણ સંતોએ-અનુભવીઓએ **'તે માર્ગને સુગમ કરી દીધો છે. તેમના પ્રસાદથી હું (એ માર્ગને) પામ્યો છું.'** એમ કહે છે. ઠીક ! સંતોએ, શ્રીગુરુએ માર્ગને સુગમ અને સહેલો કર્યો. હું પણ એમની કૃપાથી આ માર્ગને પામ્યો છું. પામ્યા છે પુરુષાર્થથી પણ વિનય કરે છે. એમની કૃપાથી હું પણ પામી ગયો છું એમ કહે છે. એટલું લખતા જાય છે. આગળ ઓલો સ્તંભ રોપ્યો છે એમ કહ્યું ને ? અહીંયાં કહે છે, મારી પરિણતિ પાછી નહિ ફરે એમ ત્યાં કહેવું છે. બે જગ્યાએ એ વાત આવે છે. એક મેં જયસ્તંભ રોપ્યો છે એટલે હવે હું પાછો ફરીશ નહિ. એ પરિણતિની દઢતા બતાવે છે. (વિશેષ લઈશું...)

**તા. ૯-૧૦-૧૯૮૫, પાના નં.૧૧, પ્રવચન નં. ૩૫**

**નોંધ :– પ્રવચન નં. ૩૪માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

'અનુભવપ્રકાશ' પાનું ૧૧. '**છતી વસ્તુને અણછતી કેમ કરું ?**' ત્યાંથી છે. શું છે ? કે અનુભવી જીવ એમ અનુભવે છે આ મારો જ્યોતિસ્વરૂપનો પ્રકાશ હું છું. જ્ઞાનપ્રકાશ, જ્ઞાનની જ્યોતિ પ્રગટપણે પ્રકાશમાન છે. એ છૂપાયેલી ચીજ નથી. એ કોઈ છૂપાયેલી ચીજ નથી. જ્ઞાનનો પ્રગટ પ્રકાશ એ આત્મવસ્તુનો ચૈતન્યનો જ પ્રકાશ છે, ચૈતન્ય વસ્તુનો જ પ્રકાશ છે. એ પ્રગટ છે. એ પોતે દેખે છે, તે પોતે જાણે છે. જે પોતે જાણે છે, પોતે દેખે છે એ વસ્તુ ગુપ્ત કેમ રહે ? પોતે જ જાણે છે એ પોતાથી, જાણનાર પોતે પોતાથી ગુપ્ત કેવી રીતે રહે ?

વસ્તુ પ્રગટ છે. છતી વસ્તુ છે. મોજૂદ વસ્તુ છે. જેની હયાતી પ્રગટપણે પ્રકાશમાન છે. એવી છતી વસ્તુને અણછતી કેમ કરું ? એટલે કે એ તો અણછતી થઈ શકે એવું નથી. પ્રશ્નચિહ્ન એટલા માટે કર્યો કે આ કેમ અણછતું થાય ? જે પ્રગટ છતી ચીજ છે એ અણછતી કેમ થાય ? એ તો અણછતી કરવી હોય તોપણ થઈ શકે એવું નથી. એમ કહેવું છે.

'**છતી વસ્તુને અણછતી કેમ કરું ?**' અર્થાત્ છતી વસ્તુ અણછતી થતી નથી, થઈ શકતી પણ નથી. શું છે કે બીજી બાજુની મુખ્યતા છે. આત્માને છોડીને રાગ અને અને રાગના વિષયભૂત અન્ય પદાર્થો છે, એની જે મુખ્યતા છે, ઉદયની જે મુખ્યતા છે એમાં આ વસ્તુ-છતી વસ્તુ છે એ અણછતી જેમ રહી જાય છે. છે તો વસ્તુ છતી પણ અણછતી જેમ રહી જાય છે. જો એની મુખ્યતા બદલાય, એના જ્ઞાનપૂર્વક એની મુખ્યતા આવી જાય તો એ વસ્તુ એવી છે કે જે અણછતી થઈ શકે એવી નથી. કરવી હોય તોપણ થઈ શકે એવી નથી.

વસ્તુનું સ્વરૂપ એવું છે.

વસ્તુનું સ્વરૂપ એવું શુદ્ધ છે કે એમાં અશુદ્ધતા કરવી હોય તો થઈ શકે એવું નથી. સ્વરૂપે કરીને વસ્તુ એટલી શુદ્ધ છે કે એમાં અશુદ્ધતા કરવી હોય તો ન થઈ શકે. જેમ આત્માને શીત ઉષ્ણરૂપે કરવો અશક્ય છે. જેવી રીતે આત્માને ઠંડો-ઊનો કરવો અશક્ય છે, એવી જ રીતે એને રાગાદિરૂપ કરવો પણ અશક્ય છે, સ્વભાવે કરીને. એવી જ રીતે એમાં કોઈપણ પદાર્થની ભેળસેળ કરી શકાય નહિ એવું એ શુદ્ધ તત્ત્વ છે. એમાં રાગ મેળવી શકાય નહિ. એમાં પરમાણુને તો મેળવી શકાય નહિ, પરમાણુની કોઈ ઝાંય મેળવી શકાય નહિ. પોતાના સ્વભાવથી જ એટલું સ્વભાવથી ઘનિષ્ટ તત્ત્વ છે એટલે તો આનંદઘન, જ્ઞાનઘન એમ કહેવાય છે. સ્વભાવથી એટલું ઘનિષ્ટ છે કે એમાં કાંઈ બીજું થવું કે આવવું અશક્ય છે. એવી વસ્તુ છે કે અણછતી થતી નથી.

પૂર્વે,... હવે અનુભવ થયો છે ને એટલે પોતે એમ વિચારે છે કે **'અનુભવ થયા પૂર્વે જૂઠી રીતે છતીને અણછતી માની હતી.'** પૂર્વે, અનુભવ પૂર્વે છતી ચીજને જૂઠી રીતે, ખોટી રીતે અણછતી માની લીધી. વસ્તુ તો છતી જ છે. હું... હું... હું.. તો બધે કરે જ છે. પછી ભલે રાગમાં હુંપણું કરે છે, દેહાદિમાં હુંપણું કરે છે, બીજે જ્યાં જ્યાં એને પોતાનો હક્ક, હિસ્સો, દર, દાવો, માલિકી ક્યાંય પણ લાગે છે ત્યાં એને હુંપણું થાય છે. એમ હું.. હું... હુંપણું તો કર્યા જ કરે છે. એ હુંપણે તો વસ્તુ છતી છે પણ જૂઠી રીતે અણછતી કરી હતી. રીત જૂઠી હતી. જ્યાં પોતે નહોતો ત્યાં પોતે હુંપણું કર્યું હતું. એ રીત જૂઠી હતી.

**'પૂર્વે જૂઠી રીતે છતી વસ્તુને અણછતી માની હતી.'** આમ કહેવા પાછળ પણ આશય છે. કે જેને ભલે અનુવભ થઈને વસ્તુ છતી અનુભવગોચર થઈ નથી, તે જીવને પણ આ અનુભવના કથનથી ખ્યાલમાં આવે કે અનુભવ થયા પછી પોતાના મિથ્યા અનુભવને સમ્યક્જ્ઞાનમાં કઈ રીતે જાણવામાં આવે છે ? પૂર્વે એમ કહ્યું એટલે કે અનુભવ પૂર્વે વસ્તુનો અનુભવ કેવો જૂઠો હતો એ પણ જ્ઞાન એને થાય છે. એના ઉપરથી ચાલતા અનુભવના જૂઠપણાની સમજણ કરી શકાય છે.

અનુભવીઓએ બંને દશાની વાત કરી. પોતાની અનુભવ દશાની પણ વાત કરી અને અનુભવ દશા નહોતી થઈ એ પહેલા પોતે કેવી રીતે

ભૂલ કરે છે એ વાત પણ કરી. એ તો પોતાની ભૂલની વાત સમજાવે છે પણ એના ઉપરથી જેને ભૂલ પકડવી છે એને એ વાત સમજાય છે કે આવી રીતે ભૂલ થાય છે એમ કહેવા માગે છે. એમ.

જગતમાં પણ એ રીતે માણસ બોધપાઠ લ્યે છે. અનુભવી ડાહ્યા માણસો સાથે મળે અને અનેક પ્રકારના પોતાના ભૂતકાળના અનુભવની વાતો કરે કે અહીંયાં આમ ભૂલ થઈ હતી ત્યારે આમ છેતરાઈ ગયા હતા. ત્યારે આમ થયું હતું, ત્યારે આમ થયું હતું. ત્યારે કેટલાક વિચક્ષણ માણસો એવી ભૂલનો ભોગ થયા પહેલા એવી ભૂલ ન થાય એમ સમજીને શીખી લે છે કે નહિ ? કે નથી શીખતા ? અહીંયાં તો એને ભૂલ થઈ રહી છે એ બતાવે છે.

**'પૂર્વે જૂઠી રીતે જ છતીને અણછતી માની હતી. અનાદિથી તેના ફળમાં દુઃખ ઉપજ્યા કરતું હતું.'** અને અનાદિથી એ રીતે જૂઠી રીત પકડી હોવાથી તે જૂઠી રીતના ફળમાં દુઃખ અને ઉપાધિ સદાય ચાલુને ચાલુ રહેતી હતી. નિરૂપાધિક એવું જે પોતાનું તત્ત્વ છે, નિરૂપાધિક સ્વભાવભાવે છે, જેમાં ઉપાધિ લાવી શકાય કે કરી શકાય એવો અવકાશ પણ જેમાં નથી, એવા તત્ત્વને ભૂલીને, એવા નિજ સ્વરૂપને ભૂલીને પોતે મફતની અમથી અમથી ઉપાધિ વ્હોરી હતી. એનું જ્ઞાન થાય છે. ઉપાધિ વ્હોરી હતી.

માણસ નથી કહેતા ? કે તમે શા માટે કો'કનો ઝઘડો વ્હોરો છો ? કોઈ માણસ ઉતાવળી પ્રકૃતિથી કો'કનો ઝઘડો માથે લઈને બીજાની સાથે ઝઘડવા માંડે, જેમાં પોતાને કાંઈ પ્રયોજન ન હોય. એવી ઘણાને પ્રકૃતિ હોય છે કે બીજાને અન્યાય થતો હોય તો પણ લડી લે પોતે. કે એને તમે કેમ અન્યાય કરો છો ? પેલો કહે, પણ તને તો નથી કરતો. મને ભલે ન કરતો હોય પણ એનેય શું કરવા ? એમ કરીને (લડે). ત્યારે કોઈ માણસ એમ કહે કે ભાઈ ! તમારે કાંઈ લેવા દેવા નથી. તમે શા માટે અમથો અમથો.. એમ કહે છે આપણે ગુજરાતીમાં. અમથો અમથો ઝઘડો વ્હોરે એને. .... ખાસ શબ્દ છે. એવો ઝઘડો તમે.. અધિયારી... અધિયારી વ્હોરો છો ? તમે શા માટે અધિયારી વ્હોરી લ્યો છે ? અધિયારી એટલે કાંઈ તમારે (લેવા દેવા નથી).

એમ આ જીવ સ્વરૂપે પરિપૂર્ણ છે. પોતાની ગુણસંપત્તિથી પૂર્ણ છે.

જેને કોઈની આવશ્યકતા અને જરૂરિયાત નથી એટલે એવું પોતે પૂર્ણ તત્ત્વ છે. છતાં એને પોતાના નિરૂપાધિક સ્વભાવને, પૂર્ણ સ્વભાવને ભૂલીને અમથી અમથી અધિયારી વ્હોરી છે. ઉપાધિ કરે છે એ તદ્દન વ્યર્થ ઉપાધિ કરે છે. નિરર્થક ઉપાધિ કરે છે. પછી દુકાનની કરતો હોય તોપણ નિરર્થક, કુટુંબની કરતો હોય તોપણ નિરર્થક છે. અને ગામની અને દેશની કરતો હોય તોપણ નિરર્થક કરે છે.

**'અનાદિથી તેના ફળમાં દુઃખ ઊપજ્યા કરતું હતું, (હવે) શરીરને આત્મા કેમ માનું ?'** હવે એમ કહે છે કે જ્યારે મને આત્માનું જ્ઞાન થયું. હું આત્મા છું, ચૈતન્ય પદાર્થ છું એવું જ્યારે મને જ્ઞાન થયું, ત્યારે હું હવે શરીરને આત્મા કેમ માનું ? જો શરીરને આત્મા ન માનું તો પછી શરીરને છોડીને બીજામાં તો અહંપણુ કરીને ઉપાધિ કેમ વ્હોરું ? આમ લેવું છે. આ શરીર છે એ જ પારકી ચીજ છે. એ પરમાણુનું બનેલું છે. હું આત્મા તો ચૈતન્યપિંડ છું. બે વિજાતીય તત્ત્વો તદ્દન ભિન્ને ભિન્ન છે. પોતાનું માને તોપણ પોતાનું થઈ શકે એમ નથી. આત્માને છોડીને ક્યાંય પોતાનું માને તો પણ પોતાનું થઈ શકે એમ નથી. અને પોતાનું માનીને ઉપાધિ કરે તોપણ કાંઈ સરખું રાખી શકે એમ નથી, પોતાની કલ્પના અને ઇચ્છા પ્રમાણે. એ હવે જ્ઞાન થયા પછી હું કેમ એમને પોતાનું માનું ? એમ કહે છે. હવે શરીરને આત્મા કેમ માનું ? શરીરને હુંપણે કેમ માનું ? એમ કહે છે.

**'આ શરીર તો લોહીથી, વીર્યથી, સાત ધાતુથી બનેલું, જડ, વિજાતીય, વિનશ્વર અને પર છે,...'** આટલા વિશેષણ લીધા. જડ છે. પરમાણુની અવસ્થાઓ અનેક જાતની છે. જેને શરીરની સપ્ત ધાતુ કહેવામાં આવે છે. એ સાત ધાતુનું બનેલું જડ છે. વિજાતીય છે. ચૈતન્યજાતિથી તદ્દન વિરુદ્ધ જાતિનું, ઉલટી જાતનું વિજાતીય છે. વિનશ્વર છે એટલે એ પરમાણુની પર્યાય પણ એમ ને એમ રહે તેમ નથી. પર્યાય વિનશ્વર છે. પર્યાયની મુખ્યતાથી એ શરીર વિનશ્વર છે એમ કહેવામાં આવે છે. પણ શરીર એ પર્યાય જ છે.

આમ તો મરણમાં ન તો જીવ મરે છે કે ન તો પરમાણુ મરે છે. જીવ મરે છે એટલે સર્વ નાશ જીવનો નથી કે સર્વનાશ કોઈ પરમાણુનો નથી. બંને પદાર્થોની અવસ્થા બદલાય છે. જીવ મનુષ્ય ગતિ છોડીને

કોઈ બીજી ગતિને પ્રાપ્ત કરે અથવા મનુષ્યને મનુષ્ય થાય તો પણ બીજી અવસ્થામાં થાય. પરમાણુ પણ પરમાણુની પોતાની અવસ્થા પલટીને રાખ થાય. એ પાછા ફરીને બીજી રીતે પરિણમવા લાગે છે. એમાં એક પરમાણુ નાશ તો પામતો નથી. દેહના જેટલા પરમાણુ છે એટલા ને એટલા જ અવસ્થાથી અવસ્થાંતર થાય છે. એક પરમાણુનો નાશ થતો નથી. પણ પર્યાય આખી નાશ પામે છે તેથી એને વિનશ્વર કહેવામાં આવે છે. અને પર છે. નાશવંત છે. અને શરીર છે એ બીજી ચીજ છે, બીજું છે એ, પારકું છે. જ્યારે પારકી ચીજને પારકી જાણવામાં આવે છે ત્યારે એનો એ ચીજ ઉપર રસ ટકી શકતો નથી, રસ રહી શકતો નથી. જીવને પરપદાર્થમાં રસ આવવાનું કારણ શું ? એમાં પોતાપણું થાય તો જ રસ આવે અને નહિતર રસ આવે નહિ.

'સમયસાર'માં પહેલા અધિકારમાં એક દૃષ્ટાંત લીધું છે કે કોઈ સજ્જન માણસને ત્યાં ધોબીને ત્યાંથી બીજાનું વસ્ત્ર પોતાને ત્યાં આવી જાય છે. એક જ મીલની અંદર વસ્ત્રો બને તો એકસરખા બને. જેમ કે સાડી એકસરખી બને, ધોતીયા એકસરખા બને. એમાં તો કાંઈ બીજું છે નહિ. સીવડાવવાની ચીજ નથી. ચાદર એકસરખી બને. પોતે ચાદર ઓઢીને સૂતો છે. રંગ અને રૂપ બધા એકસરખા છે એટલે પોતાની માનીને સૂતો છે.

જેની બદલાઈ ગઈ હતી એણે નક્કી કર્યું કે છે તો એવી ને એવી પણ ફેર છે. નવી જૂનીમાં ફેર દેખાય. ઓછી નવી, જૂની હોય તો પણ ફેર દેખાય. સાધારણ ફેર હોય તો દેખાય. એણે ચિહ્ન તપાસ્યું. બરાબર, બીજાની જ છે, આપણી નથી. પેલાને અમ કહ્યું કે જુઓ ભાઈ ! ચિહ્ન જુઓ. સરખી દેખાય છે, એક મીલની છે. તમારી ચીજ જુદી છે અને મારી ચીજ જુદી છે. ઓઢ્યું ત્યારે મારી સમજીને ઓઢ્યું હતું પણ જોયું એટલી વારમાં એની માલિકી ઊડી ગઈ.

જ્ઞાન થતાં જ, આ ચીજ પારકી છે એવું ઓળખાણ જ્ઞાન થતાં હજી એ ચીજ શરીર ઉપરથી દૂર નથી થઈ. એ ક્રિયા નથી થઈ, ત્યાગની ક્રિયા નથી થઈ. Physically કોઈ હજી લેણદેણ થઈ નથી, અવસ્થા બદલી નથી પણ જ્ઞાનમાં, સમજણમાં મમત્વ ઊડી ગયું કે આ ચીજ મારી નહિ. પછી એ નવી છે, જૂની છે, કાણાવાળી છે, ફલાણું છે,

ઢીકણું છે એ કાંઈ તપાસતો નથી. કેમકે જે ચીજ મારી નથી એમાં એને રસ શું ? દુનિયામાં પણ જીવ પારકી ચીજોમાં કેટલો રસ લે છે ? એટલો રસ નથી લેતો. કહે છે કે સોનાનું હોય તોપણ એ તમારે અને ગારાનું હોય તોપણ એ તમારે, અમારે કાંઈ લેવાદેવા નથી. એને રસ નથી આવતો.

એમ જ્યારે આ જીવ પોતામાં સ્વપણું અનુભવ કરે છે ત્યારે એ દેહાદિ પર પદાર્થમાં પરપણું અનુભવ કરે છે. અને પરપણે અનુભવતા એમાં એને રસ રહેતો નથી. સામાન્ય રીતે જગતના બધા જીવો સંસારી તમામ જીવો સંયોગમાં પોતાપણું માનીને સંયોગની વૃદ્ધિ, સંયોગની જાળવણી, સંયોગની સાવધાનીમાં પડ્યા છે. શું છે ? પછી એક વાંદરો લ્યો તો એ છે, વાંદરાનું બચ્ચુ લ્યો તો એ છે. તિર્યંચો પણ એ રીતે (વર્તે છે). અજ્ઞાનદશામાં તો એ જ થાય, બીજું થાય શું ? દેહને સ્વપણું માનીને એની સાવધાનીમાં પડેલા જીવો છે. એ એમાં એવા ઘૂંચવાઈ જાય છે, એવા ઘૂંચવાઈ જાય છે પછી તો એ ઘૂંચવણમાંથી બહાર નીકળવાનો એને વિચાર સુદ્ધા રહેતો નથી. એવી ગુંચવણ ઊભી થાય છે.

જ્યારે કાંઈક વિચાર કરી શકે એવી શક્તિ છે ત્યારે એને સ્વ-પરનો વિચાર, સ્વ-પરનો વિવેક કરી લેવા જેવો છે. કે આ દેહાદિ તે હું નથી. એ પર છે, પારકું છે. શરીરથી માંડીને જેટલા સંયોગોમાં વધ-ઘટ થાય એ સંયોગોને અને મારે કાંઈ લેવાદેવા નથી. જ્યાં સુધી એ સંયોગોથી પરપણું જાણીને પોતાની ભિન્નતા ન થાય ત્યાં સુધી સંયોગોમાં જીવ વળગ્યો રહે છે. શું થાય છે ? જીવ સંયોગોમાં વળગ્યો રહે છે. આ અનુભવથી નિર્ણય કરવા જેવો વિષય છે કે જીવ ક્યાં વળગ્યો રહે છે ? કે જીવ સંયોગોમાં ને સંયોગોમાં જ વળગ્યો રહે છે. આમ કરું ને તેમ કરું, આમ કરું અને તેમ કરું, એની ઘટમાળમાંથી તેના પરિણામ ક્યારેય નિવૃત્ત થતા નથી અને પોતાના ભિન્ન ચૈતન્યતત્ત્વની, પોતાની હયાતીને સંભાળી શકતો. ભિન્ન હયાતીને સંભાળતો નથી.

એવું '**આ પર છે. તે આ મારી ચેતના નથી.**' શરીર છે એ કોઈ મારી ચેતના નથી. શરીરના સંગમાં મારી ચેતના છે પણ શરીર કોઈ મારી ચેતના નથી. એ તો જડ છે, પર છે. '**જ્ઞાનાવરણીય વર્ગણા**

**વિજાતીય છે.**' શરીર લીધું પછી હવે કર્મ લીધા. દ્રવ્યકર્મ. જ્ઞાનાવરણીય વર્ગણા પણ વિજાતીય છે. એ પણ જડપરમાણુની પર્યાય છે. વિરુદ્ધ જાતિની. સ્વરૂપના '**આવરણરૂપ અચેતન બંધક વિનશ્વર અને રસવિપાકહીન છે, તે મારી નથી,...**' રસવિપાકહીન લીધી છે એને. રસવિપાકવાળી નથી લીધી. આ જ્ઞાનાવરણીય જે કાર્મણવર્ગણા છે એ પણ વિરુદ્ધ જાતિરૂપ જડ પરમાણુની રચના છે. સ્વરૂપને નિમિત્તે કરીને આવરણરૂપ કહેવામાં આવે છે. સ્વરૂપનું આવરણ એટલે સ્વરૂપભૂત પર્યાય ઉત્પન્ન થવામાં જે ભાવાવરણ છે એને એ નિમિત્ત છે. તેથી એને પણ આવરણ કહેવામાં આવે છે. મૂળ સ્વરૂપને તો આવરણ નથી. નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ છે. આત્મા મૂળ સ્વરૂપે તો ત્રિકાળ નિરાવરણ છે. એની અવસ્થામાં જે ભાવઆવરણ છે એના નિમિત્તરૂપ આ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યઆવરણ ગણવામાં આવે છે. તે અચેતન છે. ચેતન રહિત છે. બંધક છે એટલે જોડાવાનો, બંધ થવાનો, સંબંધ કરવાનો એનામાં સંયોગે સ્વભાવ છે. વિનશ્વર છે તે પણ ટળતી જાય છે. અથવા પર્યાય પલટતી જાય છે અને રસવિપાકહિન છે. એનો રસ એનામાં, એનામાં કોઈ મારો રસ નથી. તે મારી નથી. એમ કરીને દ્રવ્યકર્મને જુદા કર્યા. અહીંયાં પણ ભેદજ્ઞાનનો વિષય લીધો.

ત્રીજું લે છે કે '**વિભાવ સ્વભાવને મલિન કરે છે, કર્મ-ઉદયથી થયો છે, (તે) મારો નથી.**' આમ લીધું. વિભાવ જીવની અવસ્થામાં કર્મના ઉદયને જે જીવ અવસ્થા અનુસરી, ઉદયને અનુસરી જે જીવઅવસ્થા તે જીવની અવસ્થામાં વિભાવભાવ ઉત્પન્ન થયો. કર્મના ઉદયને અનુસરનારો જીવનો ભાવ જીવનો અપરાધ છે. એ જીવનો દોષ છે અને જીવનો અપરાધ છે. તે '**વિભાવ સ્વભાવને મલીન કરે છે,...**' એટલે જ્ઞાન જે છે એમાં મલિનતા આવે છે. જ્ઞાન જ્યારે સઉપાધિક ભાવે પરિણમે છે કે '**આ રાગ મારો, આ રાગ મને થયો, રાગ મેં કર્યો**' એમ જ્ઞાનમાં જ્યારે પોતે રાગમાં હુંપણું જ્ઞાન કરવા લાગે છે ત્યારે તે જ્ઞાન પણ મલિન થાય છે.

કર્મને અનુસરીને થયેલો ભાવ હોવાથી કર્મ ઉદયથી થયો એમ કહીએ. કર્મ ઉદયથી થયો એટલે કર્મના ઉદયને નિમિત્ત બનાવીને પોતે ઉત્પન્ન થયો. એવો તે ભાવ મારો નથી. કર્મોદયને અનુસરનારો ભાવ

મારો નથી. આત્માને અનુસરનારો ભાવ મારો છે. સમ્યગ્જ્ઞાનમાં તો ત્યાં સુધી જ્ઞાની અધ્યાત્મની વાતને, અધ્યાત્મના દૃષ્ટિકોણને દૃઢ કરે છે, અધ્યાત્મને દૃઢ કરે છે કે આ ઉપયોગ બીજા ઉપર જાય છે એ ઉપયોગ મારો નહિ. એ પણ ઉપયોગ મારો નહિ. રાગ તો મારો નહિ પણ જ્ઞાનનો ઉપયોગ (પર તરફ જાય એ ઉપયોગ મારો નહિ). એ જ્ઞાનની અંદર બે ભાગ છે. એ આત્મજ્ઞાન પ્રમાણજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાનરૂપ છે પણ એમાં એક ભાગ એવો છે કે જ્યાં સુધી જ્ઞાનનો પર્યાય પોતે કેવળજ્ઞાનપણે પરિણમતો નથી ત્યાં સુધી એનો ઉપયોગ ચંચળ થઈને, અસ્થિર થઈને અંશે-દેશે તે અન્ય પદાર્થને એટલે કર્મના ઉદયને અને નોકર્મને અનુસરે છે. એનો નિષેધ છે. અધ્યાત્મમાં એનો નિષેધ છે. તેથી એમ કહે છે કે એ ચીજ મારી નહિ. એ હું નહિ અને એ મારું નહિ. એ જ્ઞાન જ નહિ એમ કહે છે. એવા જ્ઞાનને જ્ઞાન કહેતા નથી.

ઉપયોગ તો ભગવાન ઉપર જાય. સાક્ષાત્ સમવસરણમાં બિરાજમાન અરિહંત સર્વજ્ઞ જિનેન્દ્ર પરમાત્મા હોય એના ઉપર પણ જ્ઞાનીનો, મુનિનો, સમવસરણમાં બેઠા હોય તો ઉપયોગ જાય કે ન જાય ? એ ઉપયોગ મારો નહિ. ઠીક ! મારો તો છે. એ ખબર છે મારો છે પણ એમાં હું મમત્વ કરતો નથી. એમાં હું મારાપણું કરતો નથી. એમાં મને મારાપણે રસ નથી. એનો નિષેધ કરવા માટે એ પ્રકારના બહિર્મુખ ભાવને છોડવા માટે એ બહિર્મુખ ભાવનો હું આદર કરતો નથી પણ હું નિષેધ કરું છું. વિધિ નિષેધ બે પ્રકાર છે ને ? તો એનો નિષેધ છે ત્યાં. કેમકે પરને અનુસરનારો એ ઉપયોગ છે.

'परदव्वादो दुग्गई' લીધું છે. 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્યદેવ' (કહે છે). પરદ્રવ્યને અનુસરનારો ભાવ દુર્ગતિને ઉત્પન્ન કરે છે. એનાથી તો સ્વર્ગ મળે. ભગવાનને અનુસરે તો શુભભાવ, શુભોપયોગ થાય. જિનેન્દ્ર પરમાત્માને અનુસરનારો ઉપયોગ તો શુભોપયોગરૂપ છે અને શુભોપયોગથી તો સ્વર્ગ મળે કે મનુષ્યપણું મળે. દેવ હોય તો મનુષ્ય થાય અને મનુષ્ય હોય તો દેવ થાય. (એ પણ) દુર્ગતિ ? હા. એ બંને દુર્ગતિ છે. પંચમગતિ, મોક્ષગતિ તે સુગતિ છે. ચારેય ગતિ સંસારની દુર્ગતિ છે. એ એકેયમાં રહેવા જેવું નથી. ચારે ચાર એમ લીધું. ચારે સંસારની ગતિ લીધી. એક મોક્ષની ગતિ લીધી. પંચમગતિ. એ એક જ

ઉપાદેય છે.

**‘વિભાવ સ્વભાવને મલિન કરે છે, કર્મ-ઉદયથી થયો છે, (તે) મારો નથી.’** એ વિભાવ પણ મારો નથી. અનુભવીના કોઈપણ શાસ્ત્ર લ્યો. વિભાવ છે એ જીવની અવસ્થાનો રોગ છે અને રોગને ઈષ્ટ માનીને કોઈ રાખે તો મરણ થાય. બીજું કાંઈ થાય નહિ. અહીંયાં ભાવમરણ થાય છે. ‘(તે) **મારો નથી.**’

**‘મારું ચેતનાપદ હું પામ્યો.’** અથવા જે નિરાવરણ ચેતનાપદ છે, જે નિર્વિકાર અને અવિકાર સર્વ શુદ્ધ સર્વાંગ શુદ્ધ એવું જે ચેતનાપદ છે, એમાં જેને પોતાનું સ્વરૂપ અનુભવગોચર થયું. પોતારૂપપણું અનુભવગોચર થયું, એ વિભાવઅંશને કેમ કરીને પોતાનો જાણે ? વિચારવા યોગ્ય શું છે ? કે જેણે પોતાનું શુદ્ધ ચેતનાપદ, પરમાત્મપદ સ્વપણે અનુભવગોચર કર્યું એ વિભાવઅંશને, વિભાવના કોઈપણ એક અંશને જ પોતાનો કેમ કરીને જાણે ? જે એનાથી વિરુદ્ધ જાતિનો છે અને એકબીજા પરસ્પર એકબીજાના ઘાતક છે. જેનું જે બળવાનપણું હોય ત્યાં. જ્યાં રાગનું, વિભાવનું બળવાનપણું છે ત્યાં સ્વભાવભાવની ઉત્પત્તિ થઈ શકતી નથી અને જ્યાં સ્વભાવનું જોર પ્રગટ્યું ત્યાં જેટલો વિભાવ બાકી રહ્યો એનો સ્વભાવ ઘાત કરે છે. એકબીજાના વેરી છે. પરસ્પર એકબીજાના ઘાતક છે. એટલે તો તેરમાં ગુણસ્થાને ભગવાનનું નામ અરિહંતપદ લીધું છે. અરિ એટલે વેરી. અરિ એટલે દુશ્મન. જે વિભાવભાવો વેરી હતા, શુભાશુભ ભાવો વેરી હતા એને હણીને જે પદને પ્રાપ્ત થયા પરિપૂર્ણ વીતરાગપદને પ્રાપ્ત થયા, કોઈપણ પ્રકારનો રાગ-અંશ જ્યાં રહ્યો નહિ, હણી નાખ્યો ત્યારે ભગવાનને અરિહંત કહેવામાં આવ્યા. એવા ‘મારા ચેતનાપદને હું પામ્યો.’ પામ્યો એટલે એનો મેં અનુભવ કર્યો.

**‘જ્ઞાનલક્ષણથી લક્ષને ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી કરીને (હું) સુખી થાઉં છું.’** અનુભવી જીવ, પોતાની અનુભવ દશાનું વર્ણન કરે છે કે પહેલા મને ઓળખાણ નહોતી, મારી જે શુદ્ધ ચેતના છે એની મને ઓળખાણ નહોતી, જ્ઞાનલક્ષણથી મેં મારા સ્વરૂપને લક્ષ્યગત કર્યું. જ્ઞાનલક્ષણથી લક્ષ્યને ઓળખ્યું. ઓળખાણ થયા પછી શ્રદ્ધાન થાય છે અને શ્રદ્ધાન થતાં આનંદની અનુભૂતી થાય છે. જ્યારે નિર્વિકલ્પ

સ્વરૂપાનંદનો અનુભવ થાય છે ત્યારે જીવને ઈચ્છાઓની આકુળતા શાંત પામે છે. ઈચ્છાઓ શાંત પામે છે. ત્યાં સુધી આનંદની તૃપ્તિ આવ્યા વિના અવસ્થામાં અતૃપ્ત એવો જે ઈચ્છાભાવ, ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતો વિકલ્પ, ઈચ્છારૂપ વિકલ્પ એ શાંત થતો નથી. એની તૃપ્તિ ક્યારેય થતી નથી. એક નિજાનંદમાં જ એની તૃપ્તિ થાય છે. ત્યાં સુધી એ તૃપ્તિ બીજી કોઈ રીતે અને બીજા કોઈ ઉપાયથી કોઈને થઈ શકતી નથી.

એ સ્વરૂપશ્રદ્ધાથી ઉત્પન્ન થયેલા આનંદકંદ એવા આત્મામાં કેલી કરીને રમત કરીને રહું. '(હું) **સુખી થાઉં છું.**' હવે હું સુખથી જીવન જીવું છું. હું મારા આત્મિક સુખે પરિણમું છું. બાહ્ય પદાર્થની અનુકૂળતા, પ્રતિકૂળતા સાથે મારે સુખ-દુ:ખનો સંબંધ નથી. જેટલા અંશે મારા સ્વરૂપના આશ્રયે મારું અંતર્મુખી પરિણમન છે એટલું મને સુખ છે અને જેટલા અંશે હજી સાધક અવસ્થામાં સિદ્ધિ પૂરી નહિ હોવાથી સાધક અવસ્થામાં જેટલી કચાશ છે એટલું પરિણમન બહાર જાય છે, જેટલા અંશે, એટલો દુ:ખનો અનુભવ થાય છે. પણ એ સુખ સહિત દુ:ખનો અનુભવ છે. એક જ કાળે સુખ અને દુ:ખ બેય અનુભવગોચર સાધક અવસ્થામાં થાય છે.

દુ:ખ છે એ વિભાવ હોવાથી અને સ્વભાવથી જ જીવ એને ઈચ્છતો, ચાહતો નહિ હોવાથી ત્યાંથી જીવ હટતો જાય છે અને સુખ પ્રત્યે જીવ વધુને વધુ વળતો જાય છે. આમ સાધકદશામાં સુખની વૃદ્ધિપૂર્વક એ આગળ વધતો જાય છે અને છેલ્લે સર્વાંશે દુ:ખને મટાડીને પરિપૂર્ણ સુખને પ્રાપ્ત કરે છે. એને પરમાનંદની દશા કહેવામાં આવે છે.

**'તે આનંદકંદની કેલી સ્વરૂપશ્રદ્ધાથી કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.'** ઉપર તો લીધું. ટૂંકામાં process લઈ લીધો કે જ્ઞાનલક્ષણથી સ્વરૂપની ઓળખાણ કરી. ઓળખાણ કરતાં નિર્વિકલ્પ પ્રતીતિ-શ્રદ્ધાન કર્યું. નિર્વિકલ્પ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થયું ત્યારે આનંદ ઊપજ્યો. હવે એ આનંદની અંદર હું મસ્તુ છું. કેલી કરું છું એનો અર્થ કે હું આનંદની અંદર મસ્ત છું.

ચોથા ગુણસ્થાનથી જીવને મુક્તિની મસ્તી ચડવા માંડે છે. કેમકે લોટરી તો લાગી ગઈને ? આખો પૂરો ખજાનો એણે કબજે કર્યો. દૃષ્ટિએ અનંત ગુણના નિધાનને કબજે કર્યો. ભંડાર આખો એના

કબજામાં આવ્યો. એની મસ્તી ચડે છે. એની હૂંફ ચડે છે ? ૨૯મું વર્ષ છે 'શ્રીમદ્જી'નું. બહારમાં ગૃહસ્થ અવસ્થા છે. બહારની ઉદયની અવસ્થા તો બધી ગૃહસ્થની છે. એમ કહે છે કે, હે ! ભૂલા પડેલા જગતના જીવો ! આ વર્તમાનના મહાવીરને ભૂલીને ભૂતકાળના મહાવીરને શોધવા ક્યાં ચાલ્યા ? ક્યાં જાવ છો ? ઠીક ! શું કહ્યું ? આ મસ્તીની વાત છે. લખ્યું છે પોતાની ડાયરીમાં અંગત નોંધ કરી છે. બીજા જીવો, મહાવીરે શું કહ્યું ? લાવોને એમના શાસ્ત્રોમાંથી શોધીએ. પછી શાસ્ત્ર વાંચતા આવડે નહિ એટલે થાય એમાંથી તકરાર. નહિ, અહીંયાં આમ કહે છે અને અહીંયાં આમ કહે છે. એ તો કાંઈ આવડે નહિ. હવે એ 'મહાવીર'ને શોધવા જા છો કે 'મહાવીર' આવા હતા ને તેવા હતા. પણ આ વર્તમાનમાં તારી સામે 'મહાવીર' ઊભો છે એને કાં ભૂલી જાય છે ? કે તું ભૂતકાળના 'મહાવીર'ને શોધવા જા છો. ઠીક છે.

મુમુક્ષુ :- પાગલ જેવું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે કે પાગલોને ડાહ્યા માણસ પાગલ લાગે છે. પાગલની હોસ્પિટલમાં ડાહ્યા માણસો ખબર પૂછવા જાય તો પાગલ અંદરોઅંદર ચર્ચા કરે કે આ લોકો પાગલ છે કે આપણને પાગલ સમજીને આપણી ખબર કાઢવા આવે છે. પણ જ્યારે એને પાગલપન થાય છે ત્યારે એને પોતાને ખબર નથી રહેતી કે આ મારું ગાંડપણ કેવું થાય છે ? સહેજ કાંઈક ઠીક મગજ ઠેકાણે હોય ત્યારે એને એવો વિચાર આવે કે આ અમથા અમથા આપણને પાગલ સમજીને અહીંયાં આવે છે જોવા માટે. આપણે ક્યાં પાગલ છીએ ? આ જોવા આવનારા કો'ક પાગલ લાગે છે. ઠીક ! એટલું પાગલપન પાછું એને થઈ જાય છે કે એ ડાહ્યાને પણ પાગલ સમજે છે.

કેવી વાત કરી છે ! આ કાળના અમે બીજા 'શ્રીરામ' છીએ. કેવું લખ્યું છે ! એવી મુક્તભાવની મસ્તી છે. અંદરમાં મુક્તભાવની અંદર રમણ કરે છે ને ! પોતાનો જે પરિપૂર્ણ ત્રિકાળ મુક્ત પોતાનો જે આત્મા છે એ આત્મામાં વેગથી સંવેગથી, સમ્યક્ પ્રકારનો જે સંવેગ છે એમાંથી એમાં પરિણામ પુરુષાર્થયુક્ત પરિણામ એની અંદર જાય છે. જોરવાળું પરિણમન છે. એ જોરમાં ને જોરમાં એમ કહે છે કે પરિપૂર્ણ શુદ્ધાત્મા અમને અનુભવગોચર થયો અને એ પરિપૂર્ણ શુદ્ધાત્માનો બોધ આ

કાળમાં કોઈની પાસેથી મળી શકવા યોગ્ય હોય તો તે અમે છીએ. હાજર છીએ અમે.

હવે જ્યાંથી તમને બોધ મળી શકે તેવી પરિસ્થિતિ નથી ત્યાં તમે ક્યાં જાવ છો ? ભૂતકાળના મહાવીરને ગોતવા જાવ તો કાંઈ પત્તો નહી લાગે, એ તો સિદ્ધાલયમાં ગયા છે. ત્યાં કાંઈ તમારી પહોંચ નથી. ક્યાં હશે ? મંદિરમાં હશે ? આ સ્થાપના કરી છે ત્યાં હશે ? ક્યાં હશે ? ક્યાંક આવતા હશે, જતા હશે.. એ ગમે તેટલું શોધે (તોપણ કાંઈ મળે એમ નથી). એ તો શું છે કે લોકો પરમેશ્વરને શોધે છે મંદિર, મસ્જિદ બનાવીને. કોઈ પહાડ ઉપર ચડે છે અને કોઈ સમુદ્રમાં જાય છે અને કોઈ નદીમાં જાય છે. ક્યાંક મળી જાય. ક્યાંય જંગલમાં પણ કોઈ ચીજ મળે એવું નથી.

એ સમ્યગ્દર્શન છે એ આંશિક મુક્તિનો અનુભવ છે. પરિપૂર્ણ મુક્તદશાની અપેક્ષાએ તેને આંશિક મુક્તિ કહીએ. પણ જેટલો ભાવ મુક્તિરૂપ છે એટલો ભાવ તો સદંતર મુક્તરૂપ જ છે, એમાં બંધભાવ નથી. જે શુદ્ધભાવ છે તે શુદ્ધ જ છે. એમાં અશુદ્ધતા નથી. નફામાં નુકસાન નથી. અને જે બંધભાવ છે એમાં મુક્તભાવ નથી. રાગનો કોઈપણ કણ હો, એ બંધભાવરૂપ છે. એમાં કાંઈ મુક્તિનો ભાવ નથી. એવું પરિણમન છે.

તે આનંદકંદનું પરિણમન, આનંદકંદ એવો જે આત્મા જેમાંથી આનંદની ગાંઠમાંથી આનંદ ઊપજ્યા જ કરે. છે ને ? આ કેળની ગાંઠ વાવે છે. આ પતરવેલીયાના પાંદડાની ગાંઠ વાવે છે. એમાંથી ઊગ્યા જ કરે. તમે કાપ્યા કરો (તોપણ) એ ગાંઠમાંથી નવા નવા અંકૂર ફૂટ્યા જ કરે. એક ગાંઠ વાવી હોય એમાંથી અનેક અંકૂર નીકળે. ફેલાતું જ જાય. એ કંદ છે. ગાંઠ છે એટલે કંદ છે. એમ આત્મા આનંદનો કંદ છે એમ કહે છે. કેવો ? કે અક્ષયકંદ છે આત્મા. અક્ષય આનંદનો કંદ છે. એમાંથી આનંદ કદી ક્ષય ન થાય એટલો આનંદ એમાં પડ્યો છે. એ ઊપજ્યા જ કરે... ઊપજ્યા જ કરે... ઊપજ્યા જ કરે. તે કેવી રીતે થાય ? '**સ્વરૂપ શ્રદ્ધારૂપ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.**' એમ કરીને એ વિષયને ફરીને સ્પષ્ટ કરે છે.

'**અનંતચૈતન્ય ચિહ્ન સહિત અખંડિત ગુણપુંજના અને પર્યાયના**

**ધારક દ્રવ્યનો જ્ઞાનાદિગુણપરિણતિરૂપ અને પર્યાય-અવસ્થારૂપ વસ્તુનો નિશ્ચય થયો.**' પહેલો નિર્ણય લીધો. લક્ષણથી લક્ષને જ્યારે ઓળખે છે ત્યારે આખો પદાર્થ પોતે કેવો છે ? કઈ રીતે ઓળખવામાં આવે છે એનું અહીંયાં વર્ણન છે. આ સવા બે લીટીમાં જે વર્ણન છે એ એટલું છે. '**અનંતચૈતન્ય ચિહ્ન સહિત,...**' જે ઓળખવામાં આવે છે એ પોતાનો આત્મા જેમાં અનંત ચૈતન્ય પડેલું છે. કેટલું ચૈતન્ય છે જ્ઞાન-દર્શન ? તેને ચૈતન્ય કહીએ. કેટલું છે જ્ઞાન-દર્શન ? કે અનંત... અનંત... અનંત.. છે. જેનું ક્યાંય પાછળ તળિયું નથી, છેડો નથી, હદ નથી. એવું અનંત ચૈતન્યસહિત અખંડિત, જેમાં ખંડ એટલે બાધા થઈ શકતી નથી. અવ્યાબાધ સ્વરૂપ અખંડિત ગુણપૂંજ, જે ગુણને જુદા જુદા ખંડ ખંડરૂપ કરી શકાય નહિ. અખંડિત ગુણપૂંજના અને પર્યાયના ધારક. ગુણપુંજને પણ ધારે છે અને પર્યાયને પણ જે ધારણ કરે છે. એવા દ્રવ્યનો નિશ્ચય થયો એમ કહેવું છે. એવા દ્રવ્યનો નિશ્ચય થયો. એટલે પ્રમાણનું દ્રવ્ય છે એ પણ એના ખ્યાલમાં આવ્યું. કેવી રીતે ખ્યાલમાં આવ્યું ? કે એના અનંત ચૈતન્ય સ્વભાવ સહિત ખ્યાલમાં આવ્યું. અનંત સ્વભાવમાં એને ગુણ-પર્યાયનો ખ્યાલ પણ આવ્યો એમ કહે છે.

જ્ઞાનાદિ ગુણપરિણતિરૂપ અને પર્યાય અવસ્થારૂપ વસ્તુ. જ્ઞાનાદિ ગુણપરિણતિ એટલે જ્ઞાન, આદિ, અનંત ગુણોનું સાથે રહેવું એને ગુણપરિણતિ કહે છે. અહીંયાં પરિણતિ એટલે પર્યાય નહિ. પર્યાય પછી લેવી છે. પર્યાય એટલે અવસ્થા એ પછીની વાત છે. ઉત્પાદવ્યયરૂપ પર્યાય અવસ્થા લીધી. અને અહીંયાં પરિણતિ એટલે છે... છે... છે... છે... છે... છે... છે... એમ ત્રિકાળ જે અન્વયપણે જેનું રહેવું છે અનંત ગુણોનું, એ અન્વયને અહીંયાં ગુણપરિણતિ કહે છે-સામાન્ય. એવા દ્રવ્યનો નિશ્ચય થયો. એવું દ્રવ્ય નિર્ણયમાં ખ્યાલમાં આવ્યું.

શું છે કે જે નિર્ણય થાય છે એમાં તો દ્રવ્ય, ગુણ, પર્યાયની ભૂલ નથી એમ કહેવું છે. નિર્ણયમાં આવેલી જે વસ્તુ છે એમાં દ્રવ્ય, ગુણ, પર્યાયની ભૂલ નથી. ગુણ-પર્યાયને જાણવા છતાં એનું વજન છે એ અનંત ચૈતન્યસ્વભાવ ઉપર એનું વજન રહે છે. ગુણભેદ અને ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયઅંશ, એ બંને જણાવા છતાં એ બંનેનું જ્ઞાન થવા છતાં એના ઉપર વજન રહેતું નથી. કેમકે એ એના આલંબનનો વિષય નથી.

એ એના પ્રયોજનનો વિષય નથી. પ્રયોજનનો વિષય ત્રિકાળી અભેદ જે પરમતત્ત્વ છે, અનંત ચૈતન્યચિહ્નથી મંડિત છે, અનંત ચૈતન્ય જેનું લક્ષણ છે એમ કહેવું છે, એવો જે સ્વભાવ છે, એ સ્વભાવ લક્ષણથી સ્વભાવને ઓળખ્યો એ એના પ્રયોજનનો અને વજનનો વિષય છે. પદાર્થનો નિર્ણય બરાબર થવા છતાં એનું વજન આ એક જ જગ્યાએ રહે છે. બાકીના વિભાગને જાણવા છતાં એના ઉપર વજન રહેતું નથી. એવો નિશ્ચય થયો તો તે નિશ્ચય યથાર્થ છે, એમ લેવું. નહિતર શું થાય ?

શાસ્ત્રથી આવું જાણીએ તો છીએ. દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ તો ખ્યાલમાં આવે છે. ત્યારે ઓળખાણ નિશ્ચય થયો કે ન થયો ? નિશ્ચય ક્યારે થયો ? કે જ્યારે એનું વજન ગુણભેદ અને પર્યાય અવસ્થા ઉપરનું વજન છૂટી જાય ત્યારે. અથવા લક્ષમાં એકલો ત્રિકાળી અનંત ચૈતન્યચિહ્નિત સ્વભાવ જ રહી જાય અને ગુણભેદ અને પર્યાયઅંશ ઉપરનું લક્ષ છૂટી જાય. લક્ષનો એ વિષય નથી. એનું લક્ષ છૂટી જાય. એ જાણવાનો વિષય છે, લક્ષનો વિષય નથી. ત્યારે એને નિશ્ચય થયો એમ કહેવામાં આવે છે.

'**જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવામાત્ર...**' આ ભિન્ન ભિન્ન જે ગુણો છે (એની વાત કરે છે). '**સત્તા અસ્તિત્વમાત્ર, (તથા) વીર્ય વસ્તુનિષ્પન્ન સામર્થ્યમાત્ર. કેવળ એવા પ્રતીતિભાવને, રુચિભાવને આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ.**' શું કહે છે ? કે આમ તો જે શ્રદ્ધા છે, જે પ્રતીતિભાવે છે, જે અત્યંત અનન્ય રુચિભાવે છે જે આસ્તિક્યતાના ભાવે છે એમાં ભેદ પડતા નથી. જાણવાના, દેખવાના, અસ્તિત્વના અથવા સામર્થ્યના. આ ચાર ભેદ લીધા ને ? દર્શન, જ્ઞાન, અસ્તિત્વ અને પુરુષાર્થ (એવા) ચાર ભેદ લીધા. એ ચાર ભેદ છે એ જ્ઞાનમાં ઓળખાણ વખતે જણાયેલા ભેદ છે.

પ્રતીતિ તો નિર્વિકલ્પ છે. એમાં રુચિ પ્રતીતિમાં એવા ભેદ ઉત્પન્ન થતા નથી. પણ અહીંયાં લેવાનું કારણ એટલું છે કે ઓળખાણપૂર્વક શ્રદ્ધા થઈ છે એમ કહેવું છે. નહિતર શ્રદ્ધા, શ્રદ્ધાને નામે ઘણા આત્માને કૂટી મારે છે. અમને આત્માની શ્રદ્ધા છે. અમને આત્મા સિવાય બીજે ક્યાંય શ્રદ્ધા નથી. અમારી શ્રદ્ધા નિર્વિકલ્પ છે. વચનાતીત અમારી શ્રદ્ધા છે. શ્રદ્ધા ભલે નિર્વિકલ્પ અને વચનાતીત છે પણ એ શ્રદ્ધા કોઈ

સ્વરૂપની ઓળખાણ અને જ્ઞાનપૂર્વક સ્વરૂપની શ્રદ્ધા થઈ છે કે એમને એમ અધ્ધરથી થઈ છે ? કે તિર્યંચને થાય તો પણ ત્રણકાળમાં કોઈ જીવને ઓળખાણ વિના શ્રદ્ધા થાય નહિ એમ અહીંયાં બતાવવું છે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે. જાણ્યા વિનાનું શ્રદ્ધાન સસલાના શિંગડા જેવું હોવાથી એ મિથ્યાશ્રદ્ધાન છે. ખરેખર શ્રદ્ધાન નથી. એટલે આટલા બોલ સાથે લઈ લીધા છે.

**'જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવામાત્ર, સત્તા અસ્તિત્વમાત્ર...'** એટલે હયાતીમાત્ર. માત્ર એટલે એમાં બીજું ન લેવું. અને વીર્ય એટલે વસ્તુની સ્વભાવ દશાને ઉત્પન્ન કરવાનું જેનું સામર્થ્ય છે. સ્વરૂપરચનાનું સામર્થ્ય જેનામાં છે એને વીર્યગુણ કહેવામાં આવે છે. **'કેવળ એવા પ્રતીતિભાવને....'** એ કેવળ એમ કહીને ત્યાં અભેદ લઈ લેવું છે. માત્ર... માત્ર... માત્ર.. તો ચારેયને કહેતા આવ્યા. હવે કેવળ એમ કહેતાં એવા એવા અભેદ સ્વભાવનો જે પિંડ છે, કેવળ અભેદ છે. કેવળ કહેતાં ત્યાં અભેદ લઈ લેવું છે.

**'કેવળ એવા પ્રતીતિભાવને રુચિભાવને આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ.'** આટલી ચોખવટ કરી છે. એટલે શ્રદ્ધાની અંદર પ્રતીતિ છે. નિર્વિકલ્પ પ્રતીતિ છે. શ્રદ્ધાની અંદર અનન્ય રુચિ છે અને શ્રદ્ધા છે એ અસ્તિને હયાતીને, હયાતીને ગ્રહણ કરનારો ભાવ છે એને શ્રદ્ધા કહેવામાં આવે છે. આમ એના ત્રણ મુદ્દા લીધા છે. એક શ્રદ્ધાભાવના ત્રણ મુદ્દા લીધા છે. નિર્વિકલ્પ પ્રતીતિ, પછી અનન્ય રુચિ, અભેદ રુચિ અને આસ્તિક્યને એટલે અસ્તિત્વને ગ્રહણ કરનાર, હયાતીને ગ્રહણ કરનાર, હોવાપણાને અભેદપણે ગ્રહણ કરનાર એવા શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ. એને શ્રદ્ધા કહીએ. આ ત્રણમાંથી એક ન હોય તો એ શ્રદ્ધા નથી, કાંઈક બીજું છે. શ્રદ્ધાની કલ્પના થઈ ગઈ છે.

એટલે નિર્વિકલ્પ શ્રદ્ધા પહેલા જ્યારે મુમુક્ષની ભૂમિકાના વિષયને વિચારવામાં આવે છે ત્યારે એક વાત બહુ સ્પષ્ટપણે કહેવામાં આવે છે કે ગુણની રુચિ છે કે દોષની રુચિ છે ? જે સ્વભાવ છે એ તો ગુણનો પૂંજ છે. નિર્દોષ છે. સ્વભાવ પરિપૂર્ણ નિર્દોષ ગુણનો પૂંજ છે. દોષથી તદ્દન વિરુદ્ધ ભાવ છે. દોષની રુચિ (હોય) એને સ્વરૂપશ્રદ્ધાન કદિ થાય નહિ. દોષની રુચિના ચિહ્નો શું ? લક્ષણો શું ? કે જે દોષને ઈષ્ટ માને તે. તે

દોષની રુચિવાળો જીવ છે. રાગ ? તો કહે, દોષ છે. કોઈપણ રાગને તું ઈષ્ટ માને છે ? તો દોષની રુચિ છે.

અશુભરાગને દોષ માનીને તેની અરુચિ કરે અને શુભરાગની રુચિ કરે (તો) રાગનો ત્યાગ નહિ થાય, રાગનો નાશ નહિ થાય. જે વીતરાગમાર્ગમાં રાગનો અભાવ થઈને વીતરાગમાર્ગ પ્રગટે છે તેમાં પ્રથમ રાગની રુચિ મટે છે અને પછી રાગ મટે છે. સીધો કોઈને રાગ મટે છે એવું ત્રણ કાળમાં બનતું નથી. એટલે રાગની રુચિ રૂપ મિથ્યાત્વ એમ કહેવામાં આવે છે. મિથ્યાત્વની પરિભાષા કોઈ કોઈ જગ્યાએ એવી રીતે કરવામાં આવે છે કે રાગની રુચિરૂપ મિથ્યાત્વ અને ગુણની રુચિરૂપ-સ્વભાવની રુચિરૂપ સમ્યક્ત્વ. એમ પરિભાષા કરવામાં આવે છે. એની પાછળ એની રુચિ લેવી છે. અને એ રુચિ એવી અનન્ય રુચિ છે કે જેમ પ્રકાશમાં-દીવાના પ્રકાશમાં પતંગિયું જેમ દીવામાં પોતાની જાતને હોમી દે છે, સ્વાહાઃ કરે છે પોતાની જાતને. એક ક્ષણમાત્રનો વિચાર, વિકલ્પ કર્યા વિના સીધી જ દીવા ઉપર ઝપટ મારે છે. એવી એને પ્રકાશની રુચિ છે ત્યાં. આકર્ષણ એવું છે. એવી આ રુચિની સ્વરૂપ ઉપરની ગુણ ઉપરની ઝપટ છે કે જેથી એ રુચિને અનન્ય રુચિ એમ કહેવામાં આવે છે. અન્યતા જેમાં નથી, અન્યપણું જેમાં નથી. એ ગુણના પિંડને ગુણપૂંજને એ પોતારૂપે અનન્યપણે રુચિમાં એટલે હદે લ્યે છે, એને રુચે છે કે જેથી પરિણામ એનાથી જુદું રહી શકે નહિ. અભેદભાવે, નિર્વિકલ્પભાવે, અભિન્નભાવે, અનન્યભાવે, તન્મયભાવે પરિણમી જ જાય એની અંદર. એનું મૂળ કારણ રુચિ છે.

એટલે રુચિવાળો જીવ-ગુણની રુચિવાળો જીવ આ માર્ગનો પાત્ર જીવ છે. એમ પાત્રતાના લક્ષણમાં રુચિ છે એ બહુ મોટું લક્ષણ છે. પાત્રતાના લક્ષણની વાત ઘણી વાર આવે છે ને ? એમાં રુચિ બહુ મોટું લક્ષણ છે. એટલે પૂછે છે કે ભાઈ ! શાસ્ત્રવાંચન કરે છે એને શેની રુચિ છે ? એને ક્ષયોપશમની રુચિ છે ? એને શુભની રુચિ છે ? એ બધું તપાસવામાં આવે છે. એમાંથી આત્મા નહિ મળે. એ શાસ્ત્રનો વિષય ભલે આત્મા હોય, પણ એની રુચિ આત્માની નહિ હોવાથી એમાંથી એને આત્મા મળે એવું નિમિત્તપણું બનશે નહિ. એમ લેવામાં આવે છે. વિશેષ લઈશું...

## તા. ૧૨-૧૦-૧૯૮૫, પાના નં.૧૨, પ્રવચન નં. ૩૬

પરિભાષા કરી છે. નિશ્ચયશ્રદ્ધાન કોને કહીએ ? જેને રત્નત્રય, નિશ્ચયરત્નત્રયનું એક રત્ન ગણ્યું છે. એવું જે નિશ્ચયશ્રદ્ધાન તે શુદ્ધાત્માના પ્રતીતિભાવને, રુચિભાવને અથવા આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનભાવને શ્રદ્ધાન કહીએ. ત્રણ પડખા બતાવ્યા છે. એક તો અભેદ વસ્તુની નિર્વિકલ્પ અભેદ પ્રતીતિ, તેને શ્રદ્ધા કહીએ છીએ. ઉપર જે ભેદ પાડ્યા છે એ જ્ઞાન અપેક્ષાએ છે. જ્ઞાન જાણવા માત્ર, દર્શન દેખવામાત્ર, સત્તા અસ્તિત્વમાત્ર અને વીર્ય વસ્તુ નિષ્પન્ન સામર્થ્યમાત્ર. એવા ચાર ભેદ લીધા છે. એ મુખ્ય ગુણોથી વસ્તુ વિશિષ્ટ છે. એવા મુખ્ય ગુણોથી વસ્તુ વિશિષ્ટ છે. એક વસ્તુ અભેદ વસ્તુના એ ચાર ભેદ વસ્તુને કહેવા માટે, બતાવવા માટે પાડવામાં આવ્યા છે. શ્રદ્ધાનમાં એવા કોઈ ભેદ નથી. શ્રદ્ધાનમાં જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવામાત્ર એવા શ્રદ્ધાનમાં ભેદ પડતા નથી. એક અસ્તિત્વમાત્ર, સત્તા અસ્તિત્વમાત્ર (એવો ભેદ પડતો નથી). ભલે શ્રદ્ધાનનો વિષય સત્તા છે તોપણ સત્તા અસ્તિત્વ માત્ર એવો ભેદ, એમાં એક ગુણનો ભેદ ઉત્પન્ન થતો નથી.

જો કે જ્ઞાનમાં પણ જ્યાં સુધી આવો ભેદ રહે છે ત્યાં સુધી જ્ઞાન પણ એકાગ્રતા ઉપયોગરૂપ અથવા નિર્વિકલ્પ ઉપયોગરૂપ નથી થતું. પણ જ્ઞાનમાં તો સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને પ્રકારની અવસ્થા થઈ શકે છે, હોઈ શકે છે. શ્રદ્ધાનમાં તો એ પરિસ્થિતિ જ નથી. ઉલટી શ્રદ્ધા હોય ત્યારે એ પરને હુંપણે નિર્વિકલ્પપણે ગ્રહણ કરે છે. જેમ કે અત્યારે 'શરીર તે હું. ફલાણો માણસ તે હું' એવો વિકલ્પ એને શ્રદ્ધામાં નથી. એવી નિર્વિકલ્પ પ્રતીતિ પડી જ છે અથવા એવી પ્રતીતિ પરિણમી જ રહી છે. એ વિપરીત શ્રદ્ધા છે. પરમાં હુંપણાની વિપરીત શ્રદ્ધા છે. એ પણ નિર્વિકલ્પ છે. કેમ કે એમાં તો વિકલ્પ થવાનો કોઈ ગુણ નથી, ધર્મ નથી કે જેથી શ્રદ્ધા એવા વિકલ્પભાવે પરિણમે.

સ્વરૂપમાં અનંત ગુણનું અભેદ રૂપ છે એ પણ સમજવાનો વિષય છે. એ સમજણપૂર્વક શ્રદ્ધા તો 'આ હું' એમ પોતાના સ્વરૂપમાં હુંપણે નિર્વિકલ્પભાવે, રુચિભાવે અને હોવાપણાના આસ્તિક્યરૂપ એટલે આસ્તિક્યતારૂપ એટલે હોવાપણે, 'આ હું' એમાં હોવાપણાના શ્રદ્ધાનભાવે શ્રદ્ધા પરિણમે છે. એને સમ્યક્શ્રદ્ધાન કહીએ. આ ગૃહસ્થ જ્ઞાની છે અને શ્રદ્ધાનની વ્યાખ્યા કરે છે.

આવી શ્રદ્ધાની વ્યાખ્યા સંપ્રદાયના સાધુઓ પાસે નથી. ત્રણે સંપ્રદાયના જે કહેવાતા સાધુઓ છે એને પૂછો કે સમ્યક્શ્રદ્ધાનની વ્યાખ્યા કરો તો આ વસ્તુ મળવી મુશ્કેલ છે. કે સ્વરૂપ શ્રદ્ધાન કોને કહેવું ?

બહુ બહુ તો એટલું સ્થૂળ કર્યું છે કે, દેવ-ગુરુ, વીતરાગ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા તે શ્રદ્ધા, તે સાચી શ્રદ્ધા. સાચા દેવ, સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર. હવે એ સાચા કોને કહેવા ? એમાં પાછું કોઈ ઠેકાણું નથી. કેમકે ન તો એ કેવળજ્ઞાનનું સ્વરૂપ જાણે છે. આવી શ્રદ્ધા થઈ હોય તે કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજી શકે. કેવળજ્ઞાનના સ્વરૂપની ખબર નથી. સર્વજ્ઞના સ્વરૂપની ખબર નથી એટલે સાચા દેવના સ્વરૂપની ખબર નથી. જેને દેવના સ્વરૂપની ખબર નથી એને ગુરુ અને શાસ્ત્ર કેવા હોય એ વાત તો આપોઆપ જ સાચી હોતી નથી. અથવા ત્રણમાંથી કોઈ એક જગ્યાએ ભૂલ હોય એટલે એની ત્રણેયમાં ભૂલ છે એ વાત સ્પષ્ટ છે. પણ કદાચ એ ત્રણમાં ભૂલ ન હોય જાણપણાથી, તોપણ સ્વરૂપશ્રદ્ધાનનો વિષય તો તદ્દન જુદો રહે છે. સ્વરૂપશ્રદ્ધાનનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર નથી કાંઈ કે સ્વરૂપશ્રદ્ધાનનો વિષય નવ તત્ત્વનું શ્રદ્ધાન નથી. નવના ભેદ સ્વરૂપની શ્રદ્ધામાં નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રના ભેદ પણ સ્વરૂપની શ્રદ્ધામાં નથી.

સ્વરૂપ તો જેવું સ્વરૂપ છે, નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે એવી જ નિર્વિકલ્પ અભેદ પ્રતીતિ, તદ્રૂપ શ્રદ્ધાને સ્વાકાર પરિણામે પરિણતિ છે. શ્રદ્ધાના પરિણામ છે, એવું સ્વ છે, એવા આકારે શ્રદ્ધાન થઈ જવું, એવા આકારે જ્ઞાન થઈ જવું, સાકારભાવે જ્ઞાન થવું. સ્વઆકાર ભાવે શ્રદ્ધા થવી અને એવો જ ચારિત્રનો શુદ્ધઉપયોગ થવો, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ અથવા ધર્મ કહેવમાં આવ્યો છે.

**'તેનાથી એટલે (તે) શ્રદ્ધાથી ઉત્પન્ન થયેલા આનંદકંદમાં કેલી કરીને હું સુખી થાઉં છું,...'** હું હવે મને આવી શ્રદ્ધા ઉત્પન્ન થઈ હોવાથી, તેનાથી ઉત્પન્ન થયેલો જે આનંદરસ, એ આનંદરસ દ્વારા હું સુખી થાઉં છું. કેવો છે ? કે આનંદકંદમાં કેલી કરનારો આ પરિણામ છે. જેની રમત આનંદકંદ સાથે છે. અગાધ આનંદનું સત્ત્વ પડ્યું છે એમાં હું કેલી કરું છું. એની સાથે હું રમણતા કરું છું. એ મારા આકર્ષણનો વિષય થઈ ગયો છે. હવે જગતનો કોઈ પદાર્થ મને આકર્ષિત કરે એવી ભ્રાંતિ ચાલી જવી એને નિર્ભ્રાંતપણું કહેવામાં આવે છે. જગતના કોઈ પદાર્થમાં ઠીકપણાનો, ઈષ્ટપણાનો, સુખાભાસપણાનો પ્રકાર જ ઉત્પન્ન ન થાય એ નિર્ભ્રાંત દશા છે. એને નિર્ભ્રાંત માર્ગ કહેવામાં આવ્યો છે. એવું કહેનારું દર્શન તેને નિર્ભ્રાંત દર્શન કહેવામાં આવ્યું છે. જગતના આ સિવાયના તમામ દર્શનો ભ્રાંતિગતપણે ઉત્પન્ન થયેલા દર્શનો છે. એટલે જૈનદર્શનને નિર્ભ્રાંત દર્શન પણ કહેવામાં આવે છે.

એ **'આનંદકંદમાં કેલી કરીને હું સુખી થાઉં છું,...'** એટલે વારંવાર હું એમાં જ ડૂબકી લગાવું છું. એમાં જાણવાથી થતો આનંદ તે જ્ઞાનાનંદ છે. હવે વિશેષ વાતને વધારે મલાવવી છે એટલે કહે છે કે સ્વરૂપને **'જાણવાથી થતો આનંદ તે જ્ઞાનાનંદ છે.'** આનંદસ્વરૂપ આત્મા, એને જાણતા આનંદ થયો તો કે એ શું છે ? કે એને જ્ઞાનાનંદ કહીએ. જ્ઞાનથી ઉત્પન્ન થયેલો આનંદ એ જ્ઞાનાનંદ છે.

**'સ્વરૂપને દેખવાથી થતો આનંદ તે દર્શનાનંદ છે,...'** અને પરિણમવાથી થતો આનંદ, સ્થિર રહેવાથી, લીન રહેવાથી, મગ્ન રહેવાથી થતો આનંદ, તન્મયપણે રહેવાથી થતો આનંદ તે ચારિત્રાનંદ છે. એક જ પરિણામમાં આનંદ છે એના આ ત્રણ ભેદ લીધા છે. આનંદ તો જે છે એ છે. એવા **'સર્વ ગુણોના આનંદનું મૂળ નિજસ્વરૂપ આનંદકંદ,...'** અભેદ એમ લેવું છે. **'એવા સર્વ ગુણોના આનંદનું મૂળ નિજસ્વરૂપ આનંદકંદ તેની કેલી સ્વરૂપમાં (પોતાની) પરિણતિ રમાવવી (તે છે).'** શું કહે છે ? એવા સમસ્ત ગુણોની પરિણતિ સ્વરૂપને વિશે જ મગ્ન થાય. તે આનંદનું મૂળ નિજ સ્વરૂપ છે, એ મૂળ નિજ સ્વરૂપ છે એનું આનંદનું મૂળ જ આ છે. પોતાનું જે

સ્વરૂપ છે એ આનંદનું મૂળ છે.

ધર્મીજીવને આ આનંદની પ્રધાનતા ઘણી છે. સ્વરૂપાનંદની પ્રધાનતા ઘણી છે. ખાસ કરીને 'સોગાનીજી'ની ભાષામાં એ વિષય વધારે વ્યક્ત થાય છે. એ જ્યારે ચર્ચા-વાર્તા કરતા હોય ત્યારે આનંદપ્રધાન વાત વધારે કરે છે. અંદર આ આનંદ ભર્યો છે ને ! આ આનંદ અંદર ભર્યો છે. જે આનંદનું કોઈ માપ નથી એટલો આનંદ જે સ્વરૂપમાં પડ્યો છે એને આનંદકંદ એવું નામ આપ્યું. કંદ એટલે અક્ષયકંદ છે. એમાંથી આનંદ મટે એવું નથી. એની મહત્તા અને એની મુખ્યતામાં મોક્ષમાર્ગી પરિણામના સમસ્ત પરિણામનો આખો દોર એ આનંદની મુખ્યતાના આશ્રયે આનંદમયપણે વહ્યા જ કરે છે, એનો પ્રવાહ છે એ એ રીતે આનંદમયપણે ચાલ્યા જ કરે છે. એમાં આનંદની ઘણી મુખ્યતા છે.

મુમુક્ષુ :- આનંદગુણ ધ્રુવ પડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ આનંદગુણ પડ્યો છે પણ એ એવો ધ્રુવ છે કે જેને જોતાં જોનારને આનંદ થયા વિના રહે નહિ. અથવા આનંદગુણ જેમાં ધ્રુવ છે એવી જે ધ્રુવ વસ્તુ આત્મા, આનંદવાન આત્મા, આનંદથી ગુણવાન, આનંદગુણવાન આત્મા, એને જોતા જોનારના પરિણનમાં પર્યાયમાં આનંદ...આનંદ... આનંદ... આનંદ... છવાય જાય છે. એવો અલૌકિક આનંદ છે કે જેના પ્રથમ ઉત્પાદમાં, જઘન્ય અંશના ઉત્પાદમાં જગતના સર્વ વૈભવો સડેલાં તરણા જેવા લાગે એવો એ આનંદ છે.

'ગુરુદેવ' તો એવી ઉપમા આપતા હતા કે ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલા મીંદડાના શરીર જેવા લાગે. મીંદડાનું શરીર, મરી ગયું હોય મીંદડું અને એનું શરીર સડીને ગંધાતું હોય તો જેમ માણસને ઘૃણા અને દુર્ગંછા થાય છે, એવું જે મલિનપણું શરીરનું ત્યાં છે. ઇન્દ્રનું ઇન્દ્રાસન છે એ સ્વરૂપના, ચતુર્થ ગુણસ્થાનના પ્રથમ આનંદ આગળ એવું લાગે. તેથી ધર્મીજીવ જેમ જેમ આનંદમાં મગ્ન થતો જાય છે તેમ તેમ સાંસારિક પ્રવૃત્તિ છોડતો જાય છે એનું કારણ એ છે કે સાંસારિક પ્રવૃત્તિમાં એને આનંદ નથી પણ ક્લેશ છે અને દુઃખ છે.

દેશની અને સમાજની પ્રવૃત્તિ તો એક બાજુ રહો પણ એને

પોતાના ઉદયમાં જે પ્રવૃત્તિ છે, કુટુંબ, પરિવાર, શરીરાદિની જે પ્રવૃત્તિ છે, એ બધા કાર્યો કરવામાં એને બોજો લાગે છે. બોજો તો પહેલેથી લાગ્યો છે. ભાવના ઉત્પન્ન થઈ ત્યારથી જ બોજો લાગ્યો છે. એ પ્રકરણ તો આપણે ગુરુવારે રાત્રે ચાલ્યું. કે જેને સ્વરૂપને તીખી ભાવના હોય એને પોતાના જે બહારના કાર્યો છે (એ) કરવા પડે છે. એ બોજો છે અને કરવા પડે છે. બોજો લાગે છે ત્યાં, એમ કરવા પડે છે.

જ્ઞાનીને તો બોજો લાગે જ લાગે, એમાં કોઈ પ્રશ્ન નથી. પણ ચક્રવર્તી છ ખંડના સિંહાસન ઉપર બેઠો હોય, છ ખંડનું રાજ મેળવીને સાધીને, એને એ બોજો લાગે છે. એ બાહ્ય દૃષ્ટિથી સમજાય એવું નથી. એટલે સર્વને એની પ્રતીતિ આવે એવું એ ગુણસ્થાન નથી અને એવો એ બહારનો પ્રકાર નથી. મુનિદશાની વાત એવી છે કે ગમે તેવા નાસ્તિકને પણ એકવાર પ્રતીતિ આવી જાય કે સ્વરૂપમાં આનંદ છે એને વળગેલા આ મહાત્માઓ છે કે જેથી એને જગતના કોઈ પદાર્થની અપેક્ષા નથી. તિલતુષમાત્ર પરિગ્રહ નથી એ એમ બતાવે છે કે પરિગ્રહના કોઈપણ પ્રકારમાં એને સુખ, સગવડ, અનુકૂળતા અને આનંદની વાત વિકલ્પમાત્રપણે પણ રહેવા દીધી નથી. મુનિની નિર્વિકલ્પ દશાની વાત તો સમજવી મુશ્કેલ છે પણ વિકલ્પમાત્રથી અને પ્રવૃત્તિમાત્રથી પણ જેનો સદ્ભાવ જોવામાં આવતો નથી, એવી એની બાહ્ય દશા છે. અંતર દશાની તો વાત જ કોઈ એવી અલૌકિક છે કે એને તો કહેવાનું સામર્થ્ય વાણીમાં પણ નથી.

મુમુક્ષુ :- આનંદના આશ્રયે આનંદ પ્રગટ્યા જ કરે. આનંદ એટલે અહીંયાં ધ્રુવ લેવો કે પર્યાય લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય. ધ્રુવ તો છે જ પણ ધ્રુવના આશ્રયે એને આનંદ પર્યાયમાં છે, પરિણમીત છે, પ્રગટ છે અને એ પ્રગટ મોક્ષમાર્ગમાં પ્રગટ આનંદ વધતો વધતો ચાલે છે ઉપર ઉપરના ગુણસ્થાને. મુનિદશામાં એટલો આનંદ વધી ગયો છે કે ટાઢ, તડકો, વરસાદ એની પ્રતિકૂળતા એના આનંદ આડે એને દેખાતી નથી. ખુલ્લું શરીર છે. ડાંસ, મચ્છર અનેક પ્રકારના જીવ, જીવાંત આવીને બટકા ભરે છે તોપણ એને એની ખબર જાણે (કે નથી). જાણે કે એની ખબર નથી. ઉપયોગ નથી.

'પદ્મપ્રભમલ્લધારીદેવ' 'નિયમસાર'ના બધા અધિકારમાં અધિકાર પૂરો કરે છે ત્યારે આ વાત લખે છે. વચ્ચે પણ એક જગ્યાએ લખી છે. પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત એટલે સ્પર્શનો ઉપયોગ નથી. સ્પર્શેન્દ્રિયમાં ઉપયોગ ફેલાતો નથી. શરીર આખું સ્પર્શેન્દ્રિય છે. આખું શરીર. ક્યાંય ઉપયોગ જાણે કે નથી. ખોખું એક છે. આત્માની નજીકમાં, બાજુમાં, પાડોશમાં એક હાડકા, ચામડા માંસનું ખોખું છે. બસ ! ઉપયોગ નથી એની અંદર. એવા ફેલાવ રહિત દેહમાત્ર (છે) પણ એને પણ પરિગ્રહ કહી દીધો. દેહમાત્ર જેને પરિગ્રહ છે, એવા આ 'પદ્મપ્રભમલ્લધારીદેવ' આ શાસ્ત્રની ટીકા કરે છે. પોતે એવું લખે છે. પોતા માટે.

એમાં ઉપયોગ નથી તો ઉપયોગ ક્યાં છે ? ઉપયોગ વગરનો આત્મા થઈ ગયો ? એમ વાત છે. આત્મા આનંદના ઉપયોગમાં છે. આનંદસ્વરૂપ જે ધ્રુવતત્ત્વ છે ત્યાં ઉપયોગ એને લાગેલો છે. ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ ઉપયોગમાં એ જામી જાય છે, ડૂબી જાય છે, લીન થઈ જાય છે. બહારમાં આવ્યા, ન આવ્યા પાછા અંદર ચાલ્યા જાય છે.

**'એવા સર્વ ગુણોના આનંદનું મૂળ નિજસ્વરૂપ આનંદકંદ,...'** એ નિજ સ્વરૂપ આનંદકંદ છે એ ધ્રુવ છે. **'તેની કેલી સ્વરૂપમાં...'** તેની કેલી એટલે **'સ્વરૂપમાં (પોતાની) પરિણતિ રમાવવી (તે છે). તેથી સુખસમૂહ થયો છું.'** તેથી મને અત્યંત સુખ છે. સુખસમૂહ થયો છું. હું કાંઈ થોડો સુખી નથી, એમ કહે છે. આમ તો આવે છે કે નહિ શાસ્ત્રમાં ? 'एगत सूही मुनि वीतरागी'. જગતમાં સુખી કોણ છે ? કે એકલા મુનિ જ. એક આ જગતમાં વીતરાગી મુનિ છે, એકાંતે એ એક જ સુખી છે. બીજા કોઈ સુખી નથી. બાકી બધાયને દુઃખમાં લઈ લીધા. એકલો મુનિદશાનો આનંદ અને મુનિદશાનો સુખસમૂહ થયો છે, એમ કહે છે.

**'આનાથી (બીજો કોઈ) ઊંચો ઉપાય નથી.'** 'અનુભવ પ્રકાશ'માં તો અનુભવમાં જે જે ભાવો આવે છે એવા અનેક ભાવોનું બહુ ભાવપૂર્ણ વર્ણન છે. હજી આગળ આવશે. અનુભવમાં આવતા, અનુભવગોચર થતાં અનેક ભાવોનું ઘણું અત્યંત ભાવપૂર્ણ વર્ણન છે આની અંદર. ખૂબ ભાવનામાં આવીને વર્ણન કર્યું છે. કહે છે **'આનાથી**

**(બીજો કોઈ) ઊંચો ઉપાય નથી. (પરમ કૃપાળુ) ભગવાન ભવ્ય જીવોને એ શિવરાહ (શિવમાર્ગ, કલ્યાણમાર્ગ, મોક્ષમાર્ગ) સહેલો દર્શાવ્યો છે.'** પરમકૃપાળુ ભગવાને ભવ્ય જીવોને, ભવ્ય જીવોને લીધા. બતાવ્યો છે એમાં કાંઈ લખ્યું નથી. એ તો સીધી વાણી તો નીકળે છે પણ ભવ્યો જ અંદર હોય છે. સમવસરણમાં અભવ્ય કોઈ હોતા નથી. આવે જ નહિ. એને આવવાનું મન ન થાય. એને એનો નકાર આવે. ત્યાં કાંઈ જવા જેવું નથી. કુદરતી એને એ પ્રકાર પરિણામ ભજે છે.

પણ ભવ્યજીવ છે એ આ માર્ગને અંગીકાર કરવા લાયક છે અને અંગીકાર કરવાની ભાવનાવાળો છે. તેથી ભગવાને ભવ્યજીવોને માર્ગ બતાવ્યો છે એમ કહે છે. આવો કલ્યાણનો માર્ગ, મોક્ષનો માર્ગ સહેલો કરીને, સુગમ કરીને દર્શાવ્યો છે. સુગમ કરીને દર્શાવ્યો છે. આંટીઘૂંટીવાળો માર્ગ નથી એમ કહે છે.

તું વેદનાર પોતે છો. સ્વયંસંવેદ્યમાન છો તું પોતે. સ્વયં એટલે આપમેળે. પોતાની મેળે સંવેદન તું તારું કરે. તારા સંવેદનમાં તું આવે એવો જ તું છો. બસ ! એમાં તેં બીજાનું સંવેદન લેવા જતા તારું સંવેદન ખોયું છે. તું પોતે સ્વંય સંવેદ્યમાન હોવા છતાં બીજાનું સંવેદન લેવા ગયો, જગતના પદાર્થોના સ્વાદ લેવા ગયો એમાં તારું સ્વસંવેદન તેં ખોયું છે, ગુમાવ્યું છે. બીજું કાંઈ આમાં નથી. આંટીઘૂટી બીજી કોઈ આમાં નથી. એવો સહેલો માર્ગ દર્શાવ્યો છે.

**'ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા.'** પોતે ભગવાન છે. સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ ધ્રુવપદ છે. એની ભાવનાથી, જોયું ! સંતો મહંત થયા. જે સંતો મહાન દશાને પ્રાપ્ત થયા. મહાન પવિત્ર દશાને જે સંતો પ્રાપ્ત થયા તે પોતાના સ્વરૂપની ભાવનાથી થયા છે. જેણે પોતાનું નિર્દોષ પરમ પવિત્ર ધ્રુવપદ ભાવ્યું, ભાવનામાં ભાવ્યું એ ભાવનાથી સંતો મહંત થયા.

**'મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે.'** જુઓ ! કેવી વાત લીધી છે ! 'દિપચંદજી' એમ કહે છે, કે મેં પણ મારી ભાવનાનો-આ સ્વરૂપની ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે. કેવી છે મારી સ્વરૂપની ભાવના ? કે પરમ અવગાઢ છે. એકદમ અવગાઢ છે. એનો સ્થંભ મેં રોપ્યો છે. એટલે જેમ રણની અંદર વિજય સ્થંભ રોપે

પછી ત્યાંથી પાછા ન હટે. એ આગળ વધતા જાય ત્યારે અમુક જગ્યાએ સ્તંભ રોપે કે અહીં સુધીનો આપણા વિજય પાકો. હવે લડાઈ ચાલુ હોય તોપણ અહીંથી પીછેહઠ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ પહેલા માથુ કપાય તો ભલે કપાય. શીરચ્છેદ થાય તો બહેતર છે. પણ આ વિજય મેળવ્યો ત્યાંથી પાછા હઠવાનો પ્રશ્ન રહેતો નથી.

એમ અહીંયાં જેની પરિણતિમાં ભાવનાની અવગાઢતા અથવા ઢતા ઘણી વધી ગઈ છે. એની જેની પોતાને ખાતરી અને પ્રતીતિ છે, એ એમ કહે છે કે 'મેં પણ આ જ ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે.' હવે મારી પરિણતિ અહીંથી પાછી વળે એવું નથી. મારી પરિણતિ હવે અહીંથી પાછી નહિ વળે એ વાત સોએ સો ટકા છે. આગળ ગમે એટલી વધશે પણ હવે પાછળ જવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આગામી અનંત કાળની વાત અહીંયાં છે. સર્વ ભૂતકાળને આવરી લીધો. હવે પછીના કોઈકાળમાં મારી પરિણતિ અહીંથી પાછી વળશે એ વાત બનવાની નથી. મારે આત્માની સાક્ષીએ પરિણમીને, આત્માને સાક્ષાત કરીને આ વાત હું જાહેર કરું છું કે હવે કાંઈ આમાં ફેર પડવાનો નથી. એવી જોરદાર વાત છે. લખતા લખતા કેવું લખી નાખે છે ! ભાવનાનો વિષય આવ્યો છે ને ?

**'ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા. મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે.'** ખાસ કરીને અધ્યાત્મપ્રધાન ગ્રંથો છે, અધ્યાત્મ ગ્રંથો છે એ શાસ્ત્રોમાં સ્વરૂપની ભાવના ખુબ હોય છે, અત્યંત હોય છે. અને એ ભાવનાપ્રધાન શૈલીથી એ બધા વિષયો ત્યાં ચાલે છે. કથનમાં જે કાંઈ ચાલે છે એ બધી શૈલી ભાવનાપ્રધાન વિશેષ હોય છે. જેને પોતાને ભાવના હોય છે એને એ વિષય બહુ રુચે છે કે અરે...! મારી ભાવનાનો વિષય શાસ્ત્રમાં બરાબર આવે છે. એટલે એને પોતાની ભાવનાને પુષ્ટિ મળે એવું નિમિત્ત ગણવામાં આવે છે. અધ્યાત્મ શાસ્ત્રો છે એ ભાવનાવાળા જીવને ભાવના વૃદ્ધિમાં નિમિત્ત થાય છે, ભાવનાની પુષ્ટિમાં નિમિત્ત થાય છે. ભાવનાથી જે મંથન ચાલે એ મંથનના નિષ્કર્ષમાં એને આત્મલાભ થાય, થાય ને થાય જ. ન થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- 'નિયમસાર' ભાવાનાનો ગ્રંથ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાનો ગ્રંથ છે. 'નિયમસાર' ભાવનાનો ગ્રંથ છે. એવો જ 'યોગીન્દ્રાચાર્ય'નો 'પરમાત્મ પ્રકાશ' ગ્રંથ છે એ ભાવનાનો છે. 'ગુરુદેવ'ના પ્રવચનો આપણે 'પરમાત્મપ્રકાશ' .. આવ્યા છે ને ? બહુ સારા પ્રવચનો છે. પ્રત્યક્ષ 'ગુરુદેવ'ને સાંભળતા. 'ગુરુદેવ' તો 'પરમાત્મ પ્રકાશ'ના પ્રવચનોમાં મસ્ત થઈ જતા.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- અપૂર્વ અવસર એમની ભાવનાનું કાવ્ય છે. અપૂર્વ અવસર છે ને ? એ લાંબુ કાવ્ય લખ્યું છે. બધું ભાવનાનું જ આખું કાવ્ય છે. શું કહે છે ?

**'મેં પણ આ જ ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે. સમ્યગ્દૃષ્ટિને એવો નિરંતર અભ્યાસ રહે છે.'** સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વરૂપની ભાવનાનો નિરંતર અભ્યાસ રહે છે. એ પોતાના સ્વરૂપને પોતાની ભાવનામાં નિરંતરપણે ભાવ્યા જ કરે છે. ક્યારે પણ પોતાની ભાવનામાં ફેર પડતો નથી.

મુમુક્ષુ :- ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના એ ભાવના જ છે. જેમ માણસ નથી કહેતા કે અમને આ ભાવે છે ? બસ ! એ પછી એ ભાવવું એટલે ભાવવું. એને એનું પોષાણ છે, એને એની રુચિ છે, એને એ જ જોઈએ છે અને બીજું જોઈતું નથી. એ સર્વસ્વ થઈ પડે છે, પોતાનું સ્વરૂપ જ એને સર્વસ્વ થઈ પડે છે. બહુ ભાવનાનો વિષય ગજબનો છે. 'નિયમસાર'ની ઘણું કરી ૯૬ નંબરની ગાથા છે.

'નિશ્ચયપ્રત્યાખ્યાન અધિકાર' છે. આ શાસ્ત્રમાં એવા અધિકારો લીધા છે. નિશ્ચયપ્રત્યાખ્યાન-વ્યવહારપ્રત્યાખ્યાન, નિશ્ચયભક્તિ-વ્યવહારભક્તિ. નિશ્ચયપ્રતિક્રમણ- વ્યવહારપ્રતિક્રમણ, નિશ્ચયઆલોચના-વ્યવહારઆલોચના. એવા બધા પ્રકરણ લીધા છે. નિશ્ચય એટલે પોતાના શુદ્ધાત્માના આશ્રયે નિર્વિકલ્પ દર્શન-જ્ઞાન-ચારિત્રનું જે પરિણમન છે એ પરિણમનના હજારો નામ છે. એને નિશ્ચયપ્રતિક્રમણ કહેવાય છે, નિશ્ચયપ્રત્યાખ્યાન કહેવાય છે, નિશ્ચયઆલોચના કહેવાય છે, નિશ્ચયભક્તિ કહેવાય છે. અને એવા એવા બીજા હજારો નામ છે. હજારો ગુણ છે એના હજારો નામ પણ છે. અહીંયાં ભાવનાપ્રધાન ગ્રંથ

છે ને ? કહે છે કે

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

જ્ઞાની ચિંતવે છે. '**આ અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.**' અનંતચુતષ્ટયાત્મક નિજ આત્મા છે. એનું જે ધ્યાનનિર્વિકલ્પ ધ્યાન થાય ત્યારે એ ધ્યાન કેવું હોય એ બતાવનારું આ કથન છે. 'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિર્વશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.' ભલામણ કરવામાં આવી છે. શિખામણ એટલે ભલામણ કરવામાં આવી છે. ક્યા પ્રકારે ? કે આ પ્રકારે.

'**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂત-વ્યવહારથી...**' પરમાત્મા તે હું છું, એમ કહેવું છે. અહીંયાં જરા વિચારવા જેવો વિષય છે. ભાવના શું ચીજ  છે, એ અહીંથી નીકળે છે. '**આ પ્રકારે :- સાદિ-અનંત,...**' સાદિ એટલે જેની શરૂઆત થઈ છે. કેવળજ્ઞાનની શરૂઆત થાય છે. કેવળજ્ઞાન કોઈને અનાદિથી હોતું નથી. સાદિ પછી અનંતકાળ રહે છે. '**અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી...**' એટલે અતીન્દ્રિય જે કેવળજ્ઞાન છે, અતીન્દ્રિય પરિણમનવાળું જ્ઞાન છે. આનંદ પણ ત્યાં અતીન્દ્રિય છે. એવો જેનો સ્વભાવ છે. એવો જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. વ્યવહારથી એટલે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયથી. એવા શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયનો જે વિષય છે. '**શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્‌ગલ- પરમાણુની માફક,...**' એ દૃષ્ટાંત લીધો. એકલો પરમાણુ જેને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શુદ્ધ છે. એવા શુદ્ધ પુદ્‌ગલ પરમાણુની માફક '**જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી.**' અત્યારે તો પરમાત્મા નથી. આ નયથી હું આમ છું એમ ભાવના કરવી. આમ વાત લીધી છે. શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયથી હું પરમાત્મા છું એમ ભાવના કરવી. આવી વાત લીધી છે.

'ગુરુદેવ'શ્રીનું આ ગાથા ઉપર જ્યારે જે પ્રવચન આવ્યું છે, ગજબ પ્રવચન આવ્યું છે ! જ્ઞાની કેવી પરમાત્મભાવનામાં મસ્ત હોય

છે અને મસ્ત થાય છે, બસ ! બિલકુલ આબેહૂબ ચિતાર છે. અત્યારે જ હું પૂર્ણ છું. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્યથી અત્યારે જ હું પૂર્ણ છું. એવી ભાવના એવી પરમાત્મભાવના, પૂર્ણતાની ભાવના, પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ છે ને ? તો પૂર્ણતાની ભાવના આવી છે. પર્યાયદૃષ્ટિ છતાંય થતા નથી. વિષય સમજવા જેવો એ છે કે પર્યાય સંબંધિત આવી ભાવના હોવા છતાં સાદિ-અનંત એમ લીધું છે. સાદિ તો કેવળજ્ઞાનની થાય છે. એટલે આ ત્રિકાળીની વાત નથી. નહિતર આ શાસ્ત્રમાં ત્રિકાળીની મુખ્ય વાત છે. ટીકાકાર મુનિરાજને કારણપરમાત્માની ધૂન છે. એવી આ ટીકા છે. છતાં અહીંયાં ભાવના લીધી છે એ પૂર્ણપદની લીધી છે. સાદિઅનંત એમ કહીને વાત લીધી છે. દ્રવ્યે તો હું પૂર્ણ છું જ. એમાં તો કોઈ વિવાદાસ્પદ વિષય નથી, પણ હું તો મારી ભાવનાએ પર્યાયે પણ પૂર્ણ છું. આમ લીધું છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન વર્તે છે, એ હજી ત્રિકાળીની સામે જોઈને કહે છે. અહીં તો પર્યાયનો વિષય લીધો છે. બહુ જબરદસ્ત વિષય લીધો છે.

મુમુક્ષુ :- કઈ ગાથા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ૯૬ ગાથા છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્' ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ વાત મસ્તીમાં આવી છે. મહાવીર છીએ એ વાત મસ્તીમાં આવી છે. પણ અહીં તો અનંતચતુષ્ટયથી હું પૂર્ણ છું, અત્યારે જ જાણે હું પૂર્ણ છું એમ ભાવનામાં છેટું રહેવા દીધું નથી. પોતાને ભાન છે કે કેવળજ્ઞાન અવસ્થામાં પ્રગટ થયું નથી. પણ ભાવનામાં એ વાત નથી. એ જાણવાનો વિષય છે, ભાવનાનો એ વિષય નથી. ભાવનાનો વિષય તો કેવળજ્ઞાનને આંબી ગયો હું, પહોંચી ગયો કેવળજ્ઞાનને, એ ભાવનાનો વિષય છે. એવી ભાવના પર્યાય અપેક્ષાએ પણ જ્ઞાનીએ ભાવવી એમ અહીંયાં શિખામણ આપવામાં આવી છે. કોને ? જ્ઞાનીઓને શિખામણ આપી છે. શું કહે છે ? તત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે એમ લખ્યું છે. 'परमतत्त्वज्ञानियो जीवस्य शिक्षा प्रोक्ता।' પરમતત્ત્વજ્ઞાનીને. સાધારણ

તત્ત્વજ્ઞાનીને નહિ. જે તત્ત્વજ્ઞાનમાં નિપૂણ છે, નિજ તત્ત્વના જ્ઞાનમાં નિપૂણ છે એને એમ કહે છે કે ભાવનાનો વિષય જરાય ઊણો, અધૂરો, ઓછો પાલવતો નથી. એવો ભાવનાનો વિષય છે. ૯૬ ગાથામાં ગજબ વાત કરી છે !

'**એમ જ્ઞાનીએ ભાવના કરવી. અને નિશ્ચયથી હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...**' આ ધ્રુવની વાત છે. '**નિશ્ચયથી હું સહજજ્ઞાનસ્વરૂપ છું, સહજદર્શનસ્વરૂપ છું, સહજચારિત્રસ્વરૂપ છું અને સહજચિત્શક્તિસ્વરૂપ છું,...**' સહજ એટલે ત્રિકાળ સ્વભાવથી. '**એમ ભાવના કરવી.**' એમ નિશ્ચયથી પણ આમ ભાવના કરવી અને વ્યવહારથી પણ આ જ ભાવના કરવી. ભાવનાનો વિષય પરમાત્મપદ સિવાય બીજું કાંઈ નથી. નિશ્ચયભાવનાનો વિષય પણ એ જ છે અને વ્યવહારભાવનાનો વિષય પણ એ જ છે. વ્યવહારથી આમ ભાવના કરવી અને નિશ્ચયથી પણ આમ જ ભાવના કરવી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય અને દ્રવ્ય બેની વાત લીધી છે. દ્રવ્ય અપેક્ષાએ પણ પૂર્ણ પરમાત્મપદની ભાવના કરવી કે હું આમ જ છું અને પરમાત્મા ન થયો હોય ત્યારે પણ પરમાત્મા જ છું, એવી ભાવના કરવી. વ્યવહાર અપેક્ષાએ પણ આમ ભાવના કરવી. ભૂલ નહિ થાય ? કે નહિ. ભગવાન ! ભાવનામાં ભૂલ નહિ થાય. ભાવના તો ભૂલને મટાડનારી ચીજ છે. ભાવના ભૂલને કરનારી ચીજ નથી.

એટલે તો 'પૂજ્ય બહેનશ્રી' તો પહેલેથી જ આ વાત ઉપાડે છે ને ? ભાવનાની વાત તો એ પાયામાંથી લે છે. એકદમ પાયામાંથી લે છે. કેમકે ક્ષયોપશમજ્ઞાન ક્યાંક ગોથું ખાશે તારું. તારી બુદ્ધિ ક્યાંક ગોથું ખાશે. ભાવના ગોથું નહિ ખાય. કેમકે ભાવનાનો વિષય જ એકલો શુદ્ધપદ છે. એટલે અશુદ્ધતા છે એ શુદ્ધતાની અવરોધક છે. એ વાત તને ભાવનામાં સમજાઈ જશે. ભાવના હશે તો ભાવનાવાળા જીવને સમજાય જશે. ભાવના નહિ હોય તો તને બુદ્ધિની રમતમાં ક્યાંક ગોથું ખાવાનું બનશે. પણ અહીંયાં એ પ્રકાર આવશે નહિ. એ બહુ અનુભવનો નિષ્કર્ષ છે. ભાવનાની એ વાત જે પ્રધાનપણે આવી છે એ અનુભવનો નિષ્કર્ષ છે. શાસ્ત્રોમાં તો એ વાત ઠામ ઠામ છે જ, નથી

એ પ્રશ્ન નથી. પણ એ અનુભવનો આખો નિષ્કર્ષ છે, નિચોડ જ છે ત્યાં.

એ અહીંયાં પણ 'દિપચંદજી'એ લીધું. મેં આવી અવગાઢ ભાવનાનો, ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે. મારી ભાવના કોઈ સાધારણ વાત નથી. 'બહેનશ્રી'એ તો પોતે એવી વાત લીધી કે ચૌદ બ્રહ્માંડને તોડી નાખે એવી વાત છે આ. ભાવના કેવી ચીજ છે ? કે ચૌદ બ્રહ્માંડને એક વાર તોડી નાખે. એક-બે વાતની ક્યાં સંબંધ છે. જૈનદર્શનમાં પણ જ્ઞાનીઓને કેટલાક એવા પ્રકાર બન્યા છે.

આ 'સુદર્શનશેઠ' ને એ બધા છે. જેને લોકો ચમત્કાર કહે છે. ચમત્કાર કહે છે ને ? ભાવનાની પ્રબળતામાં એ બધા પ્રકાર ઊભા થાય છે. ત્યાં બ્રહ્મચર્યનો પ્રશ્ન હતો. તો બ્રહ્મચર્યના નિમિત્તે શુભભાવથી કોઈ જીવ દેવ થયેલો એનું આસન હલવા માંડ્યું. કે આ છે શું ? આ મને કોઈક નીચે પાડવા માગે છે કે છે શું પણ આ ? એને અવધિજ્ઞાન હોય છે. અરે...! આ તો કોઈ ધર્મીજીવ ઉપર આળ આવ્યું છે. ધર્મી ઉપર આરોપ આવ્યો છે. ગજબ છે આ તો ! ફડાક શૂળી ઉપર સિહાંસન બનાવ્યું. છે. ભાવનામાં તો... આ તો એક પ્રસંગ છે પણ ચૌદ બ્રહ્માંડને ફરવું પડે એવો એ વિષય છે.

મુમુક્ષુ :- ... એ જ ભાવના આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ દૃષ્ટિકોણથી જો શાસ્ત્ર જુઓ તો ભાવનાનો ઊછાળો જ વૃદ્ધિગત થઈ જાય, એવા બધા અધ્યાત્મગ્રંથો (છે). તમામ અધ્યાત્મગ્રંથોમાં એ પડખું બહુ છે. આમાં એ વિષય બહુ આવશે. 'અનુભવ પ્રકાશ' છે ને ?

કહે છે કે '**સમ્યગ્દૃષ્ટિને એવો નિરંતર અભ્યાસ રહે છે.**' ભાવનાનો પ્રવાહ એના પરિણમનમાં ચાલતો જ ચાલતો રહે છે. એટલે એ તો નિરંતરનો એનો અભ્યાસ છે. અભ્યાસ એટલે જેનું પરિણમન છે એને અહીંયાં અભ્યાસ કહે છે. યાદ કરે છે, વાંચે છે એમ નહિ. અભ્યાસ એટલે અહીંયાં વાંચવું એમ નહિ, સાંભળવું એમ નહિ, પરિણમન જે સતત રહે છે એને અભ્યાસ કહે છે.

'**કર્મના અભાવથી સ્વરસમંડિત સુખનો પુંજ પ્રગટે...**' બેયમાં પાઠાન્તર પણ છે. નિજસ્વભાવતે. પોતાના સ્વભાવથી સ્વરસમંડિત

સુખનો પુંજ પ્રગટે. એ તો અસ્તિ-નાસ્તિથી વાત છે. કર્મનો અભાવ નાસ્તિસૂચક છે અને નિજ સ્વભાવ છે એ અસ્તિસૂચક છે. તેનાથી **'સ્વરસમંડિત સુખનો પુંજ પ્રગટે ત્યારે જ્ઞાન કૃતકૃત્ય થાય છે.'** જ્યારે પોતાના આત્મરસ ભરપૂર સુખ પ્રગટે, અનંત સુખ પ્રગટે ત્યારે જ્ઞાન કૃતકૃત્ય થાય છે. ત્યારે હવે એ જ્ઞાનને કાંઈ કરવાનું બાકી રહ્યું એ વાત રહેતી નથી. આખરમાં જીવ સુખસ્વભાવી હોવાથી એને સુખ મળ્યું એટલે બધું મળ્યું. પછી એને કાંઈ મેળવવું બાકી રહે છે એ વાત રહેતી નથી. એને કૃતકૃત્ય કહેવામાં આવે છે. કરવા યોગ્ય બધું કરાઈ ગયું. એવું જ્ઞાન થાય છે.

**'આ આત્માનું સ્વરૂપ ગુપ્ત થઈ રહ્યું છે.'** આ આત્માનું સ્વરૂપ છે એ ધ્રુવ અંદરમાં સામર્થ્યરૂપ હોવાથી તે ગુપ્ત થઈ રહ્યું છે, ગુપ્તપણે રહ્યું છે. જેમ પર્યાય પ્રગટ છે એવું એ રીતે પણ એ પ્રગટ નથી અને જગતના જીવોને પાંચ ઈન્દ્રિયના ઉપયોગ દ્વારા જે જે પ્રકારે અન્ય વિષયો જ્ઞાનમાં જ્ઞાનગોચર થાય છે, એ પ્રકારે ઈન્દ્રિયજ્ઞાન ગોચર નહિ હોવાથી પણ એને ગુપ્ત કહેવામાં આવ્યું છે.

'શ્રીમદ્જી'એ ૭૦૦ વચનોમાં એ વાત લખી છે કે ગુપ્ત ચમત્કાર સૃષ્ટિને લક્ષમાં નથી. એટલે શું ? કે આત્મામાં ચમત્કારીક એવી અનંત શક્તિઓ પડી છે. એક એક શક્તિનો ચમત્કાર અનંતો છે. એવો અનંત ચમત્કૃત, ચમત્કારી શક્તિઓનો પિંડ આત્મા છે. પણ જગતમાં કોઈનું એના ઉપર ધ્યાન નથી, લક્ષ નથી. બધા જીવો એને છોડીને જગતમાં બીજે રસ્તે આગળ વધી રહ્યા છે. એવું આ આત્માનું સ્વરૂપ ગુપ્ત છે. ગુપ્ત થઈ રહ્યું છે.

'(તે) **સાક્ષાત કેવી રીતે થાય** ?' તે પ્રત્યક્ષ અનુભવમાં કેમ આવે ? એમ લેવું છે. સાક્ષાત કેવી રીતે થાય એટલે પ્રત્યક્ષ અનુભવમાં કેવી રીતે આવે ?

કહે છે કે **'પરોક્ષજ્ઞાન વડે ભાવના વધારવાથી (તે સાક્ષાત્ થાય છે).'** અહીં ભાવનાનું પ્રકરણ ચાલ્યું બરાબર. મેળમાં વિષય આવ્યો. પરોક્ષજ્ઞાન (એટલે) અત્યારે મતિ-શ્રુત જે પરોક્ષજ્ઞાન તને વર્તે છે તે પરોક્ષજ્ઞાનમાં ભાવના વધારવાથી તે સાક્ષાત્ થાય છે. જો સ્વરૂપ જેવું છે, ગુપ્તપણે જેવું સ્વરૂપ છે એ સ્વરૂપની જેટલી ભાવના તને વધે, એ

ભાવના વધે તો એ સાક્ષાત થઈ જશે, પ્રગટ થઈ જશે અથવા પ્રગટ અનુભવમાં આવશે. મન દ્વારા પણ, પરોક્ષજ્ઞાન મનના આશ્રયે વર્તે છે ને ? એમાં પણ તારે સ્વરૂપની ભાવના જ ભાવવી, એમ કહે છે. એ જ ભલામણ છે અને એ જ શિખામણ છે કે સ્વરૂપની ભાવના જ ભાવવી. અમારે કરવું શું ? લ્યો, આ પ્રશ્ન છે ને ? ભાવના ભાવવી. સ્વરૂપની ભાવના ભાવવી. અથવા જે ભાવના હોય તે ભાવનાને વૃદ્ધિગત કરવી. બસ ! આ ભાવનાપ્રધાન વિષય છે. એ ભાવનાથી તને તારું સ્વરૂપ જે પરોક્ષ છે, ગુપ્ત છે તે પ્રગટ થશે. ભાવનાથી સ્વરૂપ પ્રગટ થશે. બીજો કોઈ એનો ઉપાય નથી. આ એક જ ઉપાય છે. એમ લેવું છે. એ વાત ફેરવી ફેરવીને અનેક પ્રકારે 'દિપચંદજી'ના વચનોમાં આ શાસ્ત્રની અંદર છે. આ વાત. ફેરવી ફેરવીને (કરે છે). કેવી રીતે સાક્ષાત થાય ?

આ બાજુ ૧૩મે પાને છે, Bold typeમાં સામેના પાના ઉપર. **'જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** તોપણ **'કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરી સ્વસંવેદન વધારે છે.'** આ પ્રતીતિ અપેક્ષાએ ભાવના લીધી છે. મારી જ્ઞાનમાત્ર વસ્તુ કેવળ જ્ઞાનમાત્ર છે એવી જે પ્રતીતિ છે એમાં પ્રત્યક્ષતા લાવી લાવીને, વસ્તુ તો સહજ પ્રત્યક્ષ છે, વસ્તુ પોતે સહજ પ્રત્યક્ષ છે એ સહજ પ્રત્યક્ષની ભાવનામાં ઉગ્રતા લાવીને જ્ઞાની જીવ સ્વસંવેદનને વધારે છે. સ્વસંવેદનને ઉગ્ર કરે છે. આગળ જ એ વાત અહીંયાં નજીકમાં જ છે. એ પ્રતીતિ અપેક્ષાએ ભાવના લીધી છે.

મુમુક્ષુ :- વિધિપૂર્વક નિશ્ચય કરવો એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં તો વસ્તુ સહજ પ્રત્યક્ષ છે એ જ્ઞાનમાં જણાય છે અને ભાવનામાં એને પ્રત્યક્ષ હુંપણે આમ છું એમ વિશેષ ભાવનાથી ભાવવામાં આવે છે ત્યારે જ્ઞાનીને પણ એનું સ્વસંવેદનમાં વૃદ્ધિગતપણું થાય છે. સ્વસંવેદન એનું તીવ્ર થઈ આવે છે. એ વાત લીધી છે.

મુમુક્ષુ :- ખરેખર તો સહજતાના અભ્યાસથી...

પૂજ્ય ભાઈશ્રી :- સહજ જ છે. બધું જ પરિણમન સહજ છે. જ્ઞાનદશામાં બધું જ પરિણમન સહજ છે. ભાષા ભલે એમ કરવામાં આવે કે આમ કરે છે ને તેમ કરે છે. પણ સહજ છે એમ જાણવું. એ

ભાષાનો વિષય તો એટલા માટે સમજાવવામાં આવે છે કે સામે કર્તૃત્વબુદ્ધિએ ઊભેલો જીવ છે એટલે એમ કહેવામાં આવે છે. નહિતર એ સમજે નહિ. એને તો કરું કરુંમાં Force છે. એનું જોર ક્યાં છે ? કરું કરુંમાં છે. એટલે એને જોર તો દેખાડવું છે કે ભાવનામાં એક ભાવનાનું બળ છે. ભાવનાનું બળ તો ચૌદ બ્રહ્માંડને ફેરવે એવું છે. એમ એનું બળ તો બતાવવું છે. એટલે એની ભાષામાં કહેવું પડે છે કે આમ કરે છે, આમ કરે છે, આવી ભાવના કરે છે. એને એવી ભાવના થાય જ છે.

ઉપદેશમાં તો ઉપદેશાત્મક જ ભાષા આવે કે આવી ભાવના કરવી. એમ આવે. આવી ભાવના કરવી, એમ જોરથી કહે. ઉપદેશમાં તો આદેશાત્મક Tone છે ને ? આવી ભાવના હોવી ઘટે છે કે થવી ઘટે છે. એમાં એકદમ Tone mild થઈ જાય છેહળવો થઈ જાય છે. એટલે એનું જોશ બતાવવા માટે ભાષા છે. એમાં કર્તા- અકર્તાપણું સ્થાપવું નથી. જ્યાં કર્તા-અકર્તાપણાની વિવિક્ષા ચાલતી હોય ત્યાં કર્તા-અકર્તાપણું સ્થાપવાની વાત છે. જ્યાં એ વિવિક્ષા ન ચાલતી હોય ત્યાં એ વસ્તુ સમજાવવી નથી. એટલે એ મુદ્દો અહીંયાં લેવો નહિ.

મુમુક્ષુ :- ...એટલે વિકલ્પમાં પણ સ્વરૂપની ભાવના કરવી ?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પાત્મક સ્થિતિમાં પણ એણે ભાવના વધારવાથી જે સ્વરૂપ ગુપ્ત છે તે પ્રગટ અનુભવગોચર થાય છે. ખાસ કરીને સમ્યક્ સન્મુખ જે જીવ છે એ સમ્યકદર્શનમાં પ્રથમ પ્રત્યક્ષ દશામાં આવે છે. એ પહેલાં એનું જ્ઞાન અનાદિથી પરોક્ષ જ વર્તે છે. તો ત્યાં એને શું છે કે ? એનું જે સહજ પ્રત્યક્ષ સ્વરૂપ છે એ સન્મુખ જ્ઞાનમાં આવ્યું છે. જ્ઞાનમાં આવવાથી ગુણનિધાન હોવાથી ગુણની રુચિમાં અત્યંત અનન્ય રુચિ ઉત્પન્ન થઈ ગઈ છે. અને એ અત્યંત રુચિપૂર્વકનું જે ઘોલન અને મંથન ચાલે છે એમાંથી એ પ્રત્યક્ષ થઈ જાય છે. તો એ ઘોલનમાં મુખ્ય શું છે ? કે સ્વરૂપની ભાવના છે.

જે ભાવનામાં અભેદ સ્વરૂપ, નિર્વિકલ્પ સ્વરૂપ ઘૂંટાયા જ કરે છે, ઘૂંટાયા જ કરે છે, રગડાયા જ કરે છે (તો) એ પ્રત્યક્ષ સ્વરૂપ પ્રત્યક્ષપણે અનુભવમાં આવી જાય છે. ત્યાં પરોક્ષજ્ઞાન એકવાર બંધ થઈને અને અપરોક્ષ જ્ઞાનની પ્રત્યક્ષ જ્ઞાનની ઉત્પત્તિ થઈને સંવેદ્યમાન એવો પદાર્થ પ્રત્યક્ષપણે, તીવ્રપણે સારી રીતે તારતમ્યતાથી પ્રદેશે પ્રદેશેથી વેદનગોચર

થઈ જાય છે. એ ભાવના વધારવાથી થાય છે. ભાવનાપ્રધાનતાથી એ વાત લીધી છે. (અહીં સુધી રાખીએ)....

જ્ઞાન સ્વયંનું અવલોકન કરે અર્થાત્ સ્વયંના અનુભવ ઉપર ઉપયોગ લાગે, કે જેથી પરપ્રવેશભાવ મિથ્યા લાગે - પર / રાગના વેદનરૂપ અધ્યાસ / ભૂલ ભાસે, તો ભૂલ ભાંગે, અનુભવ સંબંધી ભૂલ મટે. સાચી સમજણ આ પ્રકારે થવી ઘટે છે. સ્વરૂપનિશ્ચય અર્થે સ્વભાવને શોધવાના ઉદ્દેશ્યપૂર્વક અવલોકનનો પ્રયોગ - અભ્યાસ હોવો - થવો આવશ્યક છે.

સૂક્ષ્મ અનુભવદૃષ્ટિપૂર્વક જ્ઞાન સામાન્યનાં અવલોકનમાં પ્રસિદ્ધ / પ્રગટ સ્વસંવેદન વડે જ્ઞાન સ્વભાવ લક્ષમાં આવે છે, સ્વભાવની નિર્વિકલ્પતા, પ્રત્યક્ષતા, નિર્વિકારતા આદિ ભાસે છે. અનંત સુખાદિ અનંત સામર્થ્યના અસ્તિત્વ ગ્રહણથી સ્વરૂપ મહિમા ઉમટી પડે છે, અત્યંત આત્મરસને અહીં સુધારસની સંજ્ઞા મળે છે. તદુપરાંત સ્વસન્મુખી પુરુષાર્થ શરૂ થાય છે. - આ સ્વરૂપ નિશ્ચયની વિધિ અને યથાર્થ પરિણમન છે. સ્વરૂપ નિશ્ચય થયા પછી - સર્વ પરિણામો સ્વરૂપ લક્ષે જ થાય છે. પરિણામોમાં શુભાશુભ ભાવોનું મહત્વ નથી, પણ લક્ષ કોના ઉપર છે ? તદ્નુસાર આરાધના - વિરાધનાનો આધાર છે. સ્વાનુભવ, સ્વરૂપના ઉક્ત નિશ્ચય સાથે પ્રતિબદ્ધ છે.

(અનુભવસંજીવની - ૮૯૬)

**નોંધ :- પ્રવચન નં. ૩૭માં શરૂઆતની અડધી કલાક સંભળાતું નહિ હોવાથી પ્રવચન લેવામાં આવેલ નથી.**

**તા. ૧૪-૧૦-૧૯૮૫, પાના નં.૧૩, પ્રવચન નં. ૩૮**

પાનું ૧૩. મતિજ્ઞાનમાં સ્વસંવેદન થયું તે અનુસાર શ્રુતજ્ઞાનમાં પણ સ્વસંવેદન થાય છે. શ્રુતજ્ઞાનમાં વિશેષ વિચાર છે. મતિજ્ઞાનમાં સીધું જાણપણું છે. છતાં સ્વસંવેદનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, આ મતિજ્ઞાન છે અને આ શ્રુતજ્ઞાન છે, એવો અભેદ વેદનમાં ભેદ ઊઠતો નથી. સમજાવવા માટે આ બધા વિષય ભેદથી સમજાવાય છે અને વિચારાય છે પણ ઉપયોગ સ્વરૂપ ઉપર સ્થિર થયો અથવા ઉપયોગની સ્વરૂપમાં લીનતા અને મગ્નતા થઈ એટલે મતિ-શ્રુતજ્ઞાનમાં સ્વસંવેદન ઊપજે છે. અહીંયાં પાંચ જ્ઞાનનીજ્ઞાનના ભેદની વાત લીધી છે. એટલે એ બધું હવે સ્પષ્ટ કરશે.

'**હું જ્ઞાનરૂપ છું, હું આનંદરૂપ છું. એ રીતે ચાર જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.**' શું કહે છે ? કે પ્રત્યક્ષ અને પરોક્ષ એવા જે જ્ઞાનના પરિણામભેદ છે તેમાં મતિ-શ્રુતને પરોક્ષ જ્ઞાન કહ્યા છે. અવધિ, મનઃપર્યયજ્ઞાનને દેશપ્રત્યક્ષ કહ્યા છે અથવા અંશપ્રત્યક્ષ કહ્યા છે અને કેવળજ્ઞાનને સર્વપ્રત્યક્ષ, સકલપ્રત્યક્ષ કહેવામાં આવ્યા છે. એવા ભેદ આગમ પરિભાષામાં છે. આગમના વિષયમાં એવા ભેદ છે તે સત્ય છે. તોપણ અહીંયાં એથી થોડું સૂક્ષ્મ કથન છે.

ચાર જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો તે પ્રત્યક્ષ છે. એમ લીધું. એટલે જ્યાં વેદનનો વિષય ચાલે છે ત્યાં તો મતિજ્ઞાન સ્વરૂપાનુભવમાં છે. શ્રુતજ્ઞાન સ્વરૂપાનુભવમાં છે ત્યાં એની પ્રત્યક્ષતા છે. ત્યાં તે જ્ઞાનને પરોક્ષ કહ્યું નથી. અથવા પોતે પણ સમજી શકે છે કે પોતે પોતાને અંતર્મુખ જ્ઞાન દ્વારા પ્રત્યક્ષપણે અનુભવી રહ્યો છે. મતિ-શ્રુતજ્ઞાનમાં પોતે અંતર્મુખ ઉપયોગમાં પોતાને પ્રત્યક્ષપણે અનુભવ કરે

છે. તેથી એને સ્વસંવેદન પરિણતિ વડે તો તે પ્રત્યક્ષ છે. ચાર જ્ઞાન હોય એને ચાર અને બે હોય એને બે. અવધિજ્ઞાનનું કાર્ય અને મનઃપર્યયજ્ઞાનનું કાર્ય તો આત્માને વેદવાનું કે જાણવાનું નથી. એ હવે કહે છે.

'**અવધિજ્ઞાન-મનઃપર્યય જ્ઞાન પરને જાણવાથી એકદેશ પ્રત્યક્ષ છે.**' એટલે પરને જાણવા માટે આંશિક પ્રત્યક્ષ છે. '**શાથી ? કે સર્વાવધિ વડે સર્વવર્ગણા પરમાણુમાત્ર દેખે. તેથી એકદેશ પ્રત્યક્ષ મનઃપર્યય પણ પારકા (બીજાના) મનનું જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે.**' અથવા અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનનો વિષય પર પદાર્થ છે. સ્વપરપ્રકાશકપણાને લીધે જે સ્વનું પ્રકાશવું પરિણતિમાં છે, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનના કાળમાં, એ તો છે જ, પણ અહીંયાં તો અવધિ અને મનઃપર્યયનો જે ઉપયોગ છે એ વાત લેવી છે કે એનો વિષય તો પર છે, એનો વિષય સ્વ નથી. ત્યાં તે કેટલાક સૂક્ષ્મ પદાર્થોને જાણે અને કેટલાક સૂક્ષ્મ પદાર્થોને ન જાણે. એને અવધિ કહી છે. અવધિ એટલે મર્યાદા. કેટલાક ક્ષેત્રને જાણે અને કેટલાક ક્ષેત્રને ન જાણે. તો એવું જે જાણવું છે એ એનું પ્રત્યક્ષ છે. એમાં કોઈ ઇન્દ્રિયનું નિમિત્ત નથી. સીધું જ જાણે છે ઉપયોગથી. તેથી તેને એકદેશ પ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે. અથવા એકદેશ પ્રત્યક્ષ છે.

મનઃપર્યયજ્ઞાનનો વિષય બીજાના મનના પરિણામને જાણવાનો છે. એટલે મન જે આંઠ પાખડીના કમળના આકારે સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુ છે, જે ઇન્દ્રિયજ્ઞાન ગોચર નથી તે મનઃપર્યયજ્ઞાન ગોચર થાય છે અને એના હલનચલન ઉપરથી બીજાના મનમાં શું વિચાર ચાલે છે એ પણ મનઃપર્યયજ્ઞાની સ્પષ્ટપણે સમજી શકે છે. જેમ અત્યારે વાત સાંભળે તો શબ્દવર્ગણાના પરમાણુથી શું શબ્દ બોલાયો એ સમજી શકાય છે. હોઠ ઉપરથી સમજી શકાય છે કે શું બોલવામાં આવે છે. એવું જ એ મન ઉપરથી સમજી લે છે કે શું વિચારવામાં આવે છે. એટલું સીધું મનઃપર્યયજ્ઞાન બીજાના મનને વિષય કરી લે છે. એવું જ્ઞાન માત્ર મુનિદશાની પવિત્રતાના કાળમાં જ પ્રગટ થાય છે. અવધિજ્ઞાન તો કોઈપણ સંજ્ઞી પ્રાણીને થાય છે. નારકીના જીવને પણ થાય છે અને દેવલોકના જીવને પણ હોય છે. એ બંનેને તો હોય જ છે. મનુષ્યોને

કોઈને હોય છે, કોઈને નથી હોતું. કોઈ કાળમાં કોઈને હોય છે, કોઈ કાળમાં કોઈને નથી હોતું. મનઃપર્યયજ્ઞાન તો ભાવલિંગી સંત, જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય એવા મુનિને જ્ઞાનની લબ્ધિઓમાં એક મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ પ્રગટ થાય છે. તે પણ બધા મુનિને થાય છે એવું નથી. કોઈ મુનિને થાય છે. અને તેનું કાર્ય બીજાના મનના પરમાણુને જાણવાનું છે.

મુમુક્ષુ :- તીર્થંકર ભગવાનનું દ્રવ્ય હોય, એ દરેક તીર્થંકર ભગવાનને દીક્ષા લે એટલે મનઃપર્યયજ્ઞાન પ્રગટ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રગટ થઈ જાય છે. ગણધરદેવને પણ પ્રગટ થઈ જાય છે. ગણધરદેવને અને તીર્થંકરદેવને તો પ્રગટ થાય જ છે. બીજા મુનિઓમાં કોઈને થાય, કોઈને ન થાય. તીર્થંકર અને ગણધર તો ચાર જ્ઞાનના ધણી છે. જેવા દીક્ષા લઈને ધ્યાનમાં બેસે એટલે એમને મતિ, શ્રુત છે અને અવધિ, મનઃપર્યય પ્રગટે. તીર્થંકર તો ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે. મતિ, શ્રુત અને અવધિ લઈને આવે છે. એક મનઃપર્યય જ બાકી છે એ સાતમે ગુણસ્થાને ધ્યાનમાં પ્રગટે છે. બાકી ત્રણ જ્ઞાન તો તીર્થંકરને છદ્મસ્થ અવસ્થામાં, ગૃહસ્થ અવસ્થામાં જન્મે ત્યારથી, માતાના ઉદરમાં પણ (હોય છે). કેમકે આવે છે દેવલોકમાંથી. દેવલોકમાં અવધિ છે એ અવધિ એ અવધિ બીડાતું નથી. એમનું અવધિજ્ઞાન ચાલુ જ રહે છે. એ ત્રણ જ્ઞાન લઈને જ આવે છે. ચોથું મનઃપર્યયજ્ઞાન છે એ માત્ર મુનિદશામાં જ પ્રગટ થાય છે. એ પહેલા કોઈને પ્રગટ થતું નથી. એ અવધિ મનઃપર્યયનો જાણવાનો વિષય થયો. કેમકે એનાથી આત્માનુભવ નથી. એ કોઈ આત્માના અનુભવમાં પ્રયોજનનો વિષય નથી.

**'કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે.'** જે કેવળજ્ઞાન છે એ સંપૂર્ણ નિરાવરણજ્ઞાન હોવાથી સ્વપર પદાર્થોને સંપૂર્ણપણે, પ્રત્યક્ષપણે જાણે છે. સર્વ ગુણધર્મો સહિત અને સર્વ પર્યાયો સહિત, ભૂત અને ભાવિ સર્વ પર્યાયો સહિત સર્વને જાણવાનું સામર્થ્ય પ્રગટપણે કેવળજ્ઞાનમાં પ્રગટ થયેલું છે.

**'પોતાનું જાણવું જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી સમ્યક્ નામ પામ્યું.'** હવે અનુભવના વિષય ઉપર આવે છે. પાંચે જ્ઞાનના

ભેદનું સ્પષ્ટીકરણ કરીને કહે છે કે પોતાનું જાણવુંજ્ઞાન પોતાને જાણવા લાગ્યું, અનુભવવા લાગ્યું. જ્ઞાનમાત્ર વસ્તુ છું એમ. હું જ્ઞાનમાત્ર વસ્તું છું, એવું જાણવું અને પ્રતીતિ થઈ, જાણવું પોતાનું થયું અને પ્રતીતિ બીજાની રહી એમ નહિ.

અનાદિથી જીવને પરમાં હુંપણાની પ્રતીતિ છે. રાગમાં વિકારમાં હુંપણાની પ્રતીતિ છે અને દેહમાં શરીરાદિ સંયોગમાં હુંપણાની પ્રતીતિ છે. એ પરની પ્રતીતિ એમની એમ રહે અને હું જ્ઞાનસ્વરૂપ, જ્ઞાન વસ્તુમાત્ર, જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા છું એવું જાણ્યું તો એને ત્યાં સમ્યક્જ્ઞાન એવું નામ મળતું નથી અથવા ત્યાં જ્ઞાન સમ્યક્ થતું પણ નથી. જ્ઞાન ત્યારે સમ્યક્ થાય છે કે સ્વને જાણતાં સ્વમાં હુંપણાની પ્રતીતિ સહિત જાણે ત્યારે. ત્યાં સુધી તે જ્ઞાન સમ્યક્પણું પામતું નથી અને એને સમ્યક્જ્ઞાન કહેવાતું પણ નથી. એ અહીંયાં સ્પષ્ટ કર્યું કે '**પોતાનું જાણવું...**' નહિતર તો શાસ્ત્ર વાંચીને કોઈ એમ કહે કે અમે તો આત્માને આત્મા જ જાણીએ છીએ. હું જ્ઞાનસ્વરૂપી જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા છું, એમ બરાબર હું એમ જ જાણું છું, બીજી રીતે હું જાણતો નથી. તો કહે છે કે ઊભો રહે.

તારું હુંપણાનું વેદન રાગમાં થાય છે, રાગના થવા કાળે ? અને તને તારા દેહાદિ સંયોગોમાં પોતાપણાનો ભાસ થાય છે ? તો એ પ્રતીતિ વિના એ ભાસ થતો નથી. પ્રતીતિને તું નહિ પકડી શકે. પણ તને ભાસ થાય છે, રાગમાં અને સંયોગમાં હુંપણાનો ભાસ થાય છે તો તને પરમાં હુંપણાની પ્રતીતિ વર્તે છે. તો હું જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા છું, એવું જાણપણું તે ત્યાં સમ્યક્ નથી. તે માત્ર જાણપણું છે, ભણતર છે પણ એમાં સમ્યક્પણું નથી.

મુમુક્ષુ :- અગિયાર અંગ, નવ પૂર્વનો ભણેલો હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એ આવી જાય છે. આત્મા જ્ઞાનમાત્ર વસ્તુ છે એ વાત એમાં-અગિયાર અંગ અને નવપૂર્વમાં આવે છે, પણ પ્રતીતિ નથી ત્યાં. ત્યાં એને પ્રતીતિ નથી. એટલે અહીંયાં આગળ એક જગ્યાએ હજી કહેશે. જ્યાં સાધ્ય-સાધકના બોલ આવશે ત્યાં. કે પ્રતીતિ સહિત વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. હવે ત્યાં પ્રતીતિ એટલે વિશ્વાસ. જે કંઈ તને જાણવા મળે છે એમાં તારા

વિશ્વાસને તું સાથે ભેળવજે. જો તને વિશ્વાસ સહિત જાણપણું નહિ થાય તો એ કોરું જાણપણું રહીને એ જાણપણું બીજે રસ્તે જાશે. આત્માના રસ્તે અંતર્મુખમાં એ જાણપણુંજ્ઞાન પરિણમશે નહિ.

અહીંયાં તો નિર્વિકલ્પ પ્રતીતિ થઈ. પોતાનું જાણવું એટલે અનુભવવું. જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ. જાણવું અને પ્રતીતિ જ્ઞાનમાત્ર વસ્તુમાં થઈ તેથી પોતાનું જાણવું એવું જે પરિણમન તેને સમ્યક્ નામ આપ્યું. તેથી તે પ્રતીતિને પણ સમ્યક્ એવું નામ આપ્યું. નામ પામ્યું એ. બાકી '**જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ,...**' જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયથી સર્વ શુદ્ધતા થાય છે. ત્યાં સુધી સર્વ શુદ્ધતા થતી નથી. ભલે જ્ઞાન સમ્યક્ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણે મુખ્ય ગુણ અથવા પુરુષાર્થ સમ્યક્ થયા પણ ત્યાં સર્વ શુદ્ધ નથી થયા, સમ્યક્ થયા છતાં. સમ્યક્માં અલ્પ સમ્યક્ છે એવું નથી, સમ્યક્ થયા, ત્યાં તેના આચરણને અસમ્યક્ આચરણ ન કહેવાય, તેના જ્ઞાનને અસમ્યક્જ્ઞાન ન કહેવાય, પ્રતીતિમાં તો ભેદ પડતા નથી. કેમકે પ્રતીતિ તો પરિણમનમાં જ પૂરેપૂરી સમ્યક્ છે, પણ જ્ઞાનમાં કેટલોક હજી પરસન્મુખતાનો, પરસત્તા અવલંબવાનો ઉપયોગ છદ્મસ્થ સાધકને ચાલે છે. આચરણની અંદર પણ શુભાશુભ આચરણ ગુણસ્થાન અનુસાર થાય છે. તોપણ તે જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેને અસમ્યગ્દર્શન-જ્ઞાન અને અચારિત્ર, અસમ્યક્ચારિત્ર એમ કહેવાય નહિ.

મુમુક્ષુ :- જાતિ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- જાતિ સમ્યક થઈ ગઈ છે પણ હજી પૂર્ણપણે શુદ્ધતા થઈ નથી. જાતિ સમ્યક્ થયા છતાં પૂર્ણતા થઈ નથી.

કોઈપણ વિષયમાં બે પડખા વિચારાય છે. એક Qualityના, એક Qualityના. તો અહીંયાં ફરી છે. Quality હજી પૂરી થઈ નથી. એમ લેવું. એટલે જાતિ અપેક્ષાએ અલ્પ સમ્યક્ છે, અધૂરું સમ્યક્ છે, દેશસમ્યક્ છે, અંશ સમ્યક્ છે એમ ન કહેવાય. છતાં શુદ્ધતાની અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ ચારિત્ર નથી. આચરણમાં સમ્યક્આચરણ જે છે, સ્વરૂપાચરણ પણ છે એટલે સ્વરૂપનું ચારિત્ર છે. સ્વરૂપમાં લીનતારૂપ ચારિત્ર છે અને અચારિત્રભાવ પણ છે. જેટલો રાગ છે તેટલો

અચારિત્રભાવ છે. જ્ઞાનમાં પણ જ્ઞાન સમ્યક્ હોવા છતાં અપૂર્ણ જ્ઞાન છે, અધૂરું જ્ઞાન છે અને એટલા એવા જ્ઞાનને અજ્ઞાન પણ કહેવામાં આવે છે. બારમા ગુણસ્થાને પણ ગણધરદેવને અધૂરા જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાન કહે છે. પણ ત્યાં અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન નહિ. ત્યાં અજ્ઞાનનો અર્થ ઊણું જ્ઞાન, ઓછું જ્ઞાન, અલ્પ જ્ઞાન, અધૂરું જ્ઞાન કે કેવળજ્ઞાન નથી માટે. બારમા ગુણસ્થાન સુધી. એમ અજ્ઞાન શબ્દનો પ્રયોગ બારમા ગુણસ્થાન સુધી શાસ્ત્રમાં થાય છે. પણ ત્યાં અજ્ઞાનનો અર્થ મિથ્યાજ્ઞાન એવો નથી કરવાનો. જ્ઞાન સમ્યક્ છે ચતુર્થ ગુણસ્થાનથી. ભલે તે દેડકા, ચકલાનું હોય તોપણ. અને બારમા ગુણસ્થાનવાળાનું જ્ઞાન પણ સમ્યક્ છે. બધાના જ્ઞાન ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના જ્ઞાનના પરિણામ સમ્યક્ છે. પછી મતિ, શ્રુત હોય, મતિ, શ્રુત, અવધિ હોય, મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય હોય, ગમે તે હોય, જ્ઞાન સમ્યક્ છે.

મુમુક્ષુ :- સાધકને બે ધારા ચાલે છે. એમાં જ્ઞાનધારા કહે છે એમાં બધા ગુણો અંશે... ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા ગુણો. 'સર્વ ગુણાંશ તે સમ્યક્' ત્યાં થયું છે. બધા ગુણો સમ્યક્ શુદ્ધ થયા છે. કેટલાક ઓછાવત્તા પ્રમાણમાં શુદ્ધ થયા છે, પણ થયા છે આંશિકપણે તો બધા જ. પ્રતીતિ સર્વશુદ્ધ છે ત્યાં.

**'જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે.'** ત્યાં સુધી તે પૂરેપૂરું સર્વ ભેદો સહિત, સર્વ ગુણધર્મો સહિત જ્ઞાનમાં પ્રગટપણે અનુભવગોચર થતું નથી અથવા જાણવામાં આવતું નથી. એટલે ગુપ્ત કહી દીધું. અનુભવની અપેક્ષાએ ગુપ્ત છે.

**'કેવળજ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરી સ્વસંવેદન વધારે છે.'** નીચેનો વિષય લેવો છે એટલે અહીંથી એનું અનુસંધાન લે છે. કે એવું જે કેવળજ્ઞાન થયે વસ્તુ શુદ્ધ થાય છે. જ્ઞાનમાત્ર વસ્તુ કેવળજ્ઞાન થયે જે શુદ્ધ થઈ એવી શુદ્ધ તો મૂળમાં સત્ત્વપણે, તત્ત્વપણે તો હતી જ વસ્તુ. એવું જે સ્વતત્ત્વ છે તે કેવળજ્ઞાનમાત્ર વસ્તુ અહીંયાં કહી છે. એવી કેવળજ્ઞાનમાત્ર વસ્તુ જે પોતાના સત્ત્વપણે છે, તેની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને અથવા પ્રતીતિ દ્વારા તેની પ્રત્યક્ષતા વારંવાર

ભાવમાં આવિર્ભાવ કરી કરીને, એમ કહેવું છે.

હું કેવળજ્ઞાનમાત્ર વસ્તુ એટલે સંપૂર્ણ શુદ્ધ વસ્તુ છું. એની જે અંતર નિર્વિકલ્પ પ્રતીતિ થઈ એ પ્રતીતિપૂર્વક પ્રત્યક્ષ હું આવો છું. કેમકે એમાંય પ્રત્યક્ષતા છે ને ? એ સહજ પ્રત્યક્ષ છે. જેમ કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે એમ કેવળજ્ઞાનમાત્ર વસ્તુ છે એ પણ સકળપ્રત્યક્ષ છે અંદરમાં. ઓલાપણે કહે છે કે ગુપ્ત છે. કેવળજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી ગુપ્ત છે. પણ ક્યાં ? અવસ્થામાં. અવસ્થામાં એ સર્વ ભેદેથી નથી જણાતો. પણ પ્રતીતિ શેની છે ? કે સહજ પ્રત્યક્ષ છું એવી પ્રતીતિ છે. તો સહજ પ્રત્યક્ષ છું એ પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને એટલે પોતાના પ્રત્યક્ષપણાનો વારંવાર આવિર્ભાવ કરીને, એમ કહેવું છે. આવો જ છું હું પ્રત્યક્ષ, આવો જ છું, એમ પ્રત્યક્ષ કરીને સ્વસંવેદનને વધારે છે. અથવા કોઈપણ ભાવમાં આવિર્ભાવ કરવો હોય, ભાવનું ભાવમાં વેદન વધારવું હોય તો તેને વારંવાર પ્રત્યક્ષવત્ કરવાનું થાય છે.

બહારમાં પણ એવું થાય છે. પરિવારની અંદર સ્વજનનું મૃત્યુ થાય છે ત્યારે એ નથી છતાં એના હોવાપણાને પ્રત્યક્ષવત્ કરીને વારંવાર એની વેદનાથી માણસ શોકને વેદે છે, ભોગવે છે. શું પ્રયોગ ચાલે છે ? પરિણમન લઈએ તો. કે આમ બોલતા હતા, આમ ખાતા હતા, આમ આવતા હતા, આમ બેસતા હતા, અહીંયાં બેસતા હતા, બાળકની સાથે આવી રીતે બોલતા હતા. એ બધું શું છે ? ભલે બોલે નહિ ને સ્મરણમાં લાવે. શું કરે છે ? સ્મરણમાં લાવવું પડતું નથી, સ્મરણમાં આવી જાય છે. તો વારંવાર એ ભાવનો આવિર્ભાવ કરે છે. એવા પરિણામ દ્વારા શું કરે છે ? કે પરોક્ષ ચીજને પ્રત્યક્ષવત્ કરી કરીને, પ્રત્યક્ષ કરી કરીને ભાવનો આવિર્ભાવ કરે છે અને ત્યાં વેદન વધે છે. ત્યાં વેદન ઉગ્ર થાય છે અને એ ઉગ્ર વેદન થાય છે એ આંસુ અથવા રૂદન દ્વારા બહાર સ્પષ્ટ બીજાને પણ જાણવામાં આવે છે. પછી ત્યારપછીની આ બધી જે પ્રક્રિયા છે એ બધું એ ભૂલાડવા માટે છે. એ સ્મરણને ભૂલાડવા માટે બારમાના દિવસે જમાડો અને મીઠાઈ બનાવીને ખવડાવો બધાને. એ વાત કાંઈ ઠીક છે ? એક તો માણસ મરી જાય, એનો વિયોગ હોય અને બીજી બાજુ મીઠાઈ કરવાની વાત આવે. પણ એ બધી વિચિત્રતાની પાછળ થોડોક માનસિક treatment નો પ્રકાર છે. જેને એ સ્મરણ

વિસ્મરણરૂપ થતું નથી તેને વિસ્મરણ કરાવવા અર્થે એવા બધા પ્રસંગો વ્યવહારિક રીતે અનુચિત દેખાય એવા સીધા commonsense થી પણ અનુચિત દેખાય એવા પ્રસંગો પણ ત્યાં ગોઠવી દેવામાં આવ્યા છે. ઉપલક દૃષ્ટિએ અનુચિત લાગે છે પણ એ ખરેખર તો જેને શોક છે એને શોક મટાડવા માટેના પ્રસંગો ઊભા કરેલા, ગોઠવેલા છે. એમાં શું છે કે (શોકનો ભાવ) આવિર્ભાવ થતો ઓછો થાય છે.

જોકે કુદરતી તો પ્રકાર એ છે કે જેમ જેમ સમય જાય છે તેમ તેમ વિસ્મરણ આપોઆપ થતું જાય છે. મતિ-શ્રુતજ્ઞાન છદ્મસ્થનું એવું પાગળું છે કે જે વિષયથી એ દૂર થાય, જે વિષયના સન્નિકર્ષથી એ દૂર થાય તે વિષયનું વિસ્મરણ એને આપોઆપ થતું જાય. એ સહજ કુદરતી છે. એટલે લોકો એ કહેવત પણ એ અનુભવથી પાડી કે દુઃખનું ઓસડ દહાડા. જેમ જેમ દિવસો જશે એમ દુઃખ ઓછું થતું (જશે). બાકી દુઃખ ઓછું કરવાનો જગતમાં કોઈ ઉપાય નથી. ભલે તમે ભૂલવાડો પણ એમ કોઈ ભૂલતા નથી. એમ કરીને કહે છે કે નહિ ?

એ જેમ બહારમાં એ પ્રયોગથી ભાવનો આવિર્ભાવ થાય છે, અંદરમાં આ અંતરપ્રયોગ છે કે જે કેવળજ્ઞાનમાત્ર વસ્તુ છે આત્મા પોતે સત્ત્વસ્વરૂપે એની પ્રતીતિપૂર્વક એની પ્રત્યક્ષતા વારંવાર કરવામાં આવે છે. ત્યારે ત્યાં સ્વસંવેદન વધે છે. જ્ઞાનીને જ્ઞાનમાં પરિણતિ ચાલતી હોય છે એ જ્ઞાનીની પરિણતિમાંથી પાછા તે ઉપયોગમાં ક્યાંથી આવે છે ? શુદ્ધોપયોગમાં કેવી રીતે આવે છે ? કે એ સ્વસંવેદન વધે છે ત્યારે શુદ્ધોપયોગમાં આવે છે. એ સ્વસંવેદન એને કેમ વધે છે ? એનો અહીંયાં ઉત્તર છે.

**'કેવજ્ઞાનમાત્ર વસ્તુની જે પ્રતીતિ...'** એમાં પ્રત્યક્ષતા વારંવાર કરી કરીને સ્વસંવેદનને જ્ઞાની પણ વધારે છે. એવું જે વધારવું થાય છે, વધવું વધવું થાય છે એમાં જ્ઞાનમાં સ્વસંવેદન વધે છે. આચરણમાં સ્વરૂપસ્થિરતારૂપ ચારિત્ર વધે છે, સ્થિરતા વધે છે એમ વધતા વધતા આગળના ગુણસ્થાનમાં એ જાય છે ચારિત્ર અપેક્ષાએ. અને ત્યાં પુરુષાર્થ પણ વધે અને ત્યાં સુખનો-સુખામૃતનો અનુભવ પણ ત્યાં (વધે છે), સુખ પણ વધે છે. એમ બધા ગુણોની અંદર વૃદ્ધિગતપણું થાય છે.

અહીંયાં એકલા સ્વસંવેદનથી વાત લીધી છે પણ બધા ગુણોની અંદર એ રીતે (વધવું થાય છે). સર્વ ગુણોમાં એ સ્વરૂપને સાધવાનું, એની સાધના વધતી ચાલે છે. અને એ સાધના વધતી ચાલે છે એનું કારણ શું ? કે જે પ્રતીતિ થઈ છે એમાં એ પુટ આપે છે. જેમ દવાને ઘસે છે, પીપરને ઘસે છે એમ એની તાકાત બહાર આવે છે, અંદર હતી એમાંથી. એમ એ પ્રતીતિ દ્વારા પ્રત્યક્ષતાને વારંવાર આવિર્ભાવમાં લે છે. આ શું છે વિધિ છે અંદરની એ વિષય ચાલે છે. તેથી તેને સ્વસંવેદન મોક્ષમાર્ગમાં આગળ વધવું થાય છે.

'**જઘન્ય જ્ઞાની...**' એટલે ચોથા ગુણસ્થાનવાળો '**જ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે ? તે કહેવામાં આવે છે.**' આવી જે વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદન વધારે છે તો એ કેવી રીતે કરે છે ? એને અહીંયાં હવે વધારે સ્પષ્ટ કરીએ છીએ. કેટલી શક્તિ છે કહેવાની ! વિષયને એક વાતમાં કહીને સંકેલી નથી દેતા. વાતને રજુ કરે છે અને પછી એના ઉપરનું સ્પષ્ટીકરણ પોતે ને પોતે આપે છે.

મુમુક્ષુ :- ....જ્ઞાન અને ચારિત્ર બંને અંશે અંશે શુદ્ધ થાય છે, તો કોઈ વખતે એવું બને કે ધર્મીને એક સાથે.. શુદ્ધત્વ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણેય પરિણમીને... ?

મુમુક્ષુ :- પૂર્ણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય જ છે ને.

મુમુક્ષુ :- એમ નહિ. એકસાથે એકસમયે બધા...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવું કદી નથી બનતું. અંતર્મુહૂર્તનો સમય લાગે, લાગે ને લાગે.

મુમુક્ષુ :- ગઈ કાલે ચર્ચામાં હતી વાત.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગઈકાલે એ વાત ચાલી હતી કે ચારિત્રગુણનો ધર્મ એવો છે કે એ ક્રમશઃ શુદ્ધ થાય. શ્રદ્ધાની જેમ એકસાથે શુદ્ધતા થવાનો એનામાં ગુણ નથી. એવું જ જ્ઞાનમાં પણ છે કે જ્ઞાન પણ સમ્યક્‌જ્ઞાન થાય એ જ કાળે કેવળજ્ઞાન થાય એવું ન બને. જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન થાય ત્યારે એને ક્ષયોપશમ જ્ઞાન હોય, ઉપશમ સમ્યગ્દર્શન હોય અને સ્વરૂપાચરણ ચારિત્ર હોય ચોથા ગુણસ્થાનને

યોગ્ય. પછી એ જીવે મુનિદીક્ષા પહેલેથી જો અંગીકાર કરી લીધી હોય, એટલા એના કષાય ઠરી ગયા હોય અને એની ચારિત્રમોહની પ્રકૃતિમાં પણ એટલું જોર વિપરીતતાનું ન હોય, એ બધા પ્રકારમાં તો એ આવી ગયો હોય અને અહીંયાં શ્રેણી માંડે, પાછો પુરુષાર્થ હોય, એકલો હોય તો એમ નહિ. અહીંયાં પાછો પુરુષાર્થની શ્રેણી માંડે તો એ અંતર્મુહૂર્તમાં પૂર્ણ થવાની આત્મામાં શક્તિ છે. થાય જ એવું નહિ, પણ શક્તિ છે. અને કોઈ થાય છે પણ ખરા. જગતમાં જે અનંતા સિદ્ધો થયા ભૂતકાળમાં એમાં અનેક આત્માઓ એવી રીતે અંતર્મૂહૂર્તમાં સિદ્ધિને પામ્યા છે. અને કેટલાને ઘણા વર્ષો પણ ગયા છે. એનો કોઈ નિયમ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યાન ન છૂટે. જે સમ્યગ્દર્શનમાં જે ધ્યાન લગાવ્યું છે એ ધ્યાન ન છૂટે અને એમ ને એમ બે ઘડી સુધી અંદરમાં લીનતા રહે અને અંદર શ્રેણી માંડી દે. એમ ને એમ ચોથું ગુણસ્થાન, સાતમું ગુણસ્થાન સીધુ જ તે ઠેકડો મારે. ચોથાથી સીધો સાતમે આવે. સાતમેથી આઠમે, છઠ્ઠે ન આવે. પાંચમે ન આવે. સીધા આઠમે, નવમે, દસમે, બારમે, સીધા તેરમે કેવળજ્ઞાન પ્રગટ કરી લે છે અંતર્મૂહૂર્તમાં, પણ એ ક્રમશઃ છે. અગિયારમે ન આવે. પાંચમે, છઠ્ઠે ન આવે એમ અગિયામે ન આવે. દસમાંથી સીધા બારમા આવીને તેરમા ગુણસ્થાનમાં.

મુમુક્ષુ :- આત્મા સ્વભાવે તો સહજ પ્રત્યક્ષ છે, પણ અવસ્થામાં પ્રત્યક્ષપણું નથી તો જ્ઞાનમાત્રભાવ તો કેવી રીતે પ્રતીતિમાં રહે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જે જ્ઞાને સ્વરૂપનો નિશ્ચય કર્યો, જે જ્ઞાનમાં સ્વરૂપનો પ્રતિભાસ આવ્યો તો એ પ્રતિભાસ કેવો છે ? કે જેવો આત્મા છે એવો જ પ્રતિભાસ છે. જ્ઞાનલક્ષણ ઉપરથી... લક્ષણમાં પ્રત્યક્ષતા છે. કાલે એક વાત લીધી હતી. ફરીને સ્પષ્ટ કરીએ, રાગના દૃષ્ટાંતે. ઇન્દ્રિયજન્ય રાગ છે અને અતીન્દ્રિય રાગ પણ છે. જે રાગ પાંચ ઇન્દ્રિય દ્વારા પ્રવર્તે છે (અર્થાત્) શ્રવણનો રાગ, સ્પર્શનો રાગ વગેરે, એ દૃષ્ટાંત લીધા હતા. એ સિવાયનો એક સીધો રાગ છે કે જે કર્મના ઉદય સાથે પરિણમે છે, જે બુદ્ધિગોચર થતો નથી. એને અબુદ્ધિપૂર્વકનો રાગ કહેવામાં આવે છે. આ વિષય ચર્ચ્યો છે. 'રાજમલજી'એ પુણ્ય-પાપ

અધિકારના ૧૧૦ નંબરના કળશમાં ચર્ચા કરી છે.

જ્ઞાનની અંદર પણ જે જ્ઞાન સામાન્યજ્ઞાનરૂપે પરિણતિમાં છે, જે સામાન્યજ્ઞાન છે એને કોઈ જ્ઞેય સાથે સંબંધ નથી. તે જ્ઞેયાકારે જ્ઞાન નથી. જેમ અરીસાની અવસ્થામાં પ્રતિબિંબનો આકાર પણ છે અને પ્રતિબિંબના આકાર વગરની પણ અવસ્થા તો છે જ. કે નથી ? પ્રતિબિંબ હટી જાય ત્યારે એ અવસ્થા પ્રત્યક્ષ જણાય છે. પ્રતિબિંબમાં પ્રતિબિંબને જોનારની અવસ્થાનો ખ્યાલ ન પહોંચે પણ જેને અરીસાનું જ્ઞાન કરવું હોય એ તો સમજી શકે છે કે આ પ્રતિબિંબ છે એ તો એક ઉપરની વાત છે, અંદર તો અવસ્થા જે છે એ તો શુદ્ધ અવસ્થા જ છે. છે કે નહિ ?

(એમ) જ્ઞાનની અંદર જે જ્ઞાનસામાન્ય જે છે એ જ્ઞાનસામાન્યને જ્ઞેય સાથેનો સંબંધ નથી. બહારનું જે ઇન્દ્રિયજ્ઞાનથી ઉપયોગ ચાલે છે, ચક્ષુઇન્દ્રિયનો ઉપયોગ, સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ, શ્રવણેન્દ્રિયનો ઉપયોગ તેને ઇન્દ્રિયજનિત જ્ઞાન કહીએ. આ ઇન્દ્રિયજનિત જ્ઞાન નથી. આ તો જ્ઞાનમાંથી સીધો થયેલો જ્ઞાનનો પર્યાય છે. જ્ઞાનગુણ પોતે, જ્ઞાનશક્તિ પોતે જ્ઞાનરૂપે જ્યારે પરિણમે છે ત્યારે તે સામાન્ય વિશેષાત્મકપણે પરિણમે છે. એનું જે સામાન્ય છે એ સામાન્ય સ્વભાવ સદશ હોવાથી, સ્વભાવરૂપ હોવાથી લક્ષણ ઉપરથી આખો સ્વભાવ લક્ષ્યગત થઈ જાય છે. તો ત્યાં પ્રત્યક્ષ થાય છે.

જેટલું આત્માના સ્વભાવનું રૂપ છે એવું લક્ષણમાં રૂપ છે. લક્ષણ એટલે રૂપ જ ખરેખર તો એમ કહેવાય છે. એ રૂપ એટલે એ લક્ષણ અને એ લક્ષણ એટલે એ રૂપ. કોઈ જગ્યાએ ભાષાની અંદર લક્ષણ શબ્દનો પ્રયોગ પણ થાય છે અને કોઈ જગ્યાએ રૂપનો પણ પ્રયોગ થાય છે. લક્ષણ કેવું છે ? કે સ્વભાવરૂપે છે. લક્ષણ પોતે કેવું છે ? કે સ્વભાવરૂપે છે. નહિતર તો સ્વભાવ ક્યાંથી ઓળખાય ? જો સ્વભાવરૂપે લક્ષણ ન હોય તો સ્વભાવ ઓળખવાનો પ્રસંગ નથી. તો ત્યાં પણ પ્રત્યક્ષતા છે.

જેણે પ્રત્યક્ષ અંશના આધારે પરિપૂર્ણ પ્રત્યક્ષતાનો નિશ્ચય કર્યો, રાગના આધારે નહિ, અનુમાનના આધારે નહિ, એને પ્રત્યક્ષતા, સ્વરૂપની પ્રત્યક્ષતા શું છે એ એના જ્ઞાનમાં આવી છે. ત્યારે તો એને

સન્મુખ કહ્યો. મિથ્યાદૃષ્ટિ છે, હજી સમ્યગ્દર્શન નથી થયું છતાં એને સન્મુખ એવું નામ કેમ આપ્યું ? સમ્યક્સન્મુખ મિથ્યાદૃષ્ટિ એવું નામ શું કરવા આપ્યું ? કે ત્યાં એની દિશા ફેર થયો. નિર્ણય ફર્યો ત્યાં દિશા ફેર એનો થયો. જ્યાં દિશા ફેર થયો પછી દશાફેર થશે-સમ્યક્ દશા થશે. તો ત્યાં પ્રત્યક્ષતા ખ્યાલમાં આવી છે, જ્ઞાનમાં આવી છે. તો એ સમ્યગ્દર્શન થવા અર્થે પ્રત્યક્ષતાનો આવિર્ભાવ કરે છે. અથવા એને પ્રત્યક્ષતાસ્વરૂપની પરિપૂર્ણ પ્રત્યક્ષતા જણાઈ આવી છે, એ પ્રત્યક્ષતા વારંવાર ઉપયોગ છટકીને એના ઉપર જાય છે, લાવવો પડતો નથી.

જેમ શોકગ્રસ્ત મનુષ્યને શોક માટેનું સ્મરણ લાવવું પડતું નથી. લાવવું પડે છે એને ? છતાં એમ કહેવાય કે એ વારંવાર સ્મરણ કરે છે ને એટલે એને દુઃખ વધારે થાય છે. કરે છે ? કે થઈ જાય છે એને ? થઈ જાય છે એને કરે છે એમ કહેવું પડે છે.

એમ અદ્ભુતથી અદ્ભુત ગુણનિધિ જેના લક્ષમાં આવ્યો, એનો વારંવાર એ બાજુના આવિર્ભાવનો ઉપયોગ જાય છે કે હું આવો છું. હું આવો છું. કેમ વારંવાર જાય છે ? કે એની પ્રવૃત્તિ વિરુદ્ધ છે. પ્રવૃત્તિ મનુષ્યોચિત્ત કરે છે. પાણી પીએ છે. ઠંડક પડે છે. ઉષ્ણતા થઈ છે ગળામાં. ભૂખ લાગી છે. ઉષ્ણતા જઠરાગ્નિ વિષે ઠંડક થાય છે. બધી પ્રવૃત્તિ છે એ વિરુદ્ધ છે. પરિણામની પ્રવૃત્તિ એના આત્માને અનુકૂળ નથી. તો એણે આત્મા જે જોયો છે એનું શું ? આત્મા લક્ષમાં આવ્યો છે એનું શું ? કે એકદમ એનું લક્ષ ફરે છે. હું તો પ્રત્યક્ષ આવો છું ને ! હું પ્રત્યક્ષ આવો છું ને ! એમ વારંવાર ત્યાં પણ પ્રત્યક્ષતા વધારી વધારીને જ સ્વસંવેદન સુધી પહોંચે છે. જે વિધિએ એ સ્વસંવેદન સુધી પહોંચે છે એ જ વિધિએ એ સ્વસંવેદનને વધારે છે. બસ ! એમ કહેવું છે. બીજી રીતે વાત નથી.

અહીંયાં તો બહુ સરસ વિષય લીધો છે કે કેવી રીતે એ પ્રતીતિ કરે છે ? આ બહુ એકદમ પ્રયોગનો વિષય લીધો છે. કે કેવી રીતે એ પ્રતીતિ કરે છે ? અથવા કેવી રીતે એ પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને એ સ્વસંવેદન સુધી આવે છે ? એ સ્વસંવેદનને વધારે છે ? ત્યાં મોક્ષમાર્ગમાં પણ જ્ઞાની વિકલ્પાત્મક ઉપયોગમાંથી નિર્વિકલ્પ થાય છે ને ? તો એનું લક્ષ આ રીતે જાય છે.

**'મારા દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'** શું કહે છે ? વચમાં ઇન્દ્રિયનું સાધન છે હવે અહીંયાં ? જુઓ ! જે દર્શન-જ્ઞાનશક્તિ વિદ્યમાન છે, મોજૂદ છે એવી શક્તિનો પ્રકાશ ઊઠે છે અંદરમાં. જેને બંધ કરી શકાતો નથી. કરી દ્યો બંધ. દર્શન, જ્ઞાનને બંધ કરી દ્યો. થાશે ? નહિ થાય. તો ક્યાંથી થાય છે ? કે મારા ક્ષેત્રમાંથી ઊઠે છે, મારા પ્રદેશમાંથી ઊઠે છે. આ વિચારનો વિષય છે કે જોવાનો વિષય છે ? જોવાનો વિષય છે, અવલોકનનો વિષય છે. આમ વિચારમાત્રથી ન વિચારે પણ અવલોકનથી જોવે એમ કહેવું છે. એનું નામ પ્રયોગ છે. વિચાર અને પ્રયોગ વચ્ચેનું આ અંતર છે.

મારા દર્શન-જ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે. સીધો એના સ્વક્ષેત્રમાંથી ઊઠતો જે દર્શન-જ્ઞાનનો પર્યાય છે-પ્રકાશ છે, એના ઉપર ઉપયોગને લઈ જાય છે. સ્વરૂપનું ચિંત્વન-મનન કરવું એક વાત છે અને આ સીધું અવલોકન કરવું એ બીજી વાત છે.

એટલે 'સોગાનીજી'એ કહ્યું કે પણ વિચાર કર કર કરકે તૂ ક્યા કરેગા ? એમ કહી દીધું. એનો અર્થ શું છે કે વિચારથી તું થાકી જઈશ. જો તું એકલો વિચારમાં જ રહીશ, ભલે શુદ્ધાત્માના વિચાર કરતો હોઈશ, પરમાત્મ સ્વરૂપના વિચાર કરતો હોઈશ પણ એમાંય તને વિકલ્પમાં થાક લાગશે. એમાં તારો રસ છે એ ઠંડો પડી જશે. રસ વધશે નહિ એની અંદર. કેમકે એ આખરમાં રાગ છે અને રાગ છે એ વિભાવ છે અને વિભાવ છે એ તારો સ્વભાવ નથી. એટલે એમાં તું થાકી જઈશ. જે પ્રત્યક્ષપણે અવલોકન કરવું છે એમાં તો રસનું-આત્મરસનું વૃદ્ધિગતપણું થશે. એમાં ચિદ્‌પરિણતિ છે એમાં ચૈતન્યરસ આત્મરસ ઉત્પન્ન થશે. એ રસ ઉત્પન્ન થવાની આ વિધિ છે.

મુમુક્ષુ :- આમાં ઉપાદાનની પ્રત્યક્ષતા થાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રત્યક્ષતા થાય એટલે રસ વધે. પ્રત્યક્ષતા થાય, પ્રત્યક્ષ ચીજ હોય જ્ઞાનના પરિણામ સામે ત્યારે જ્ઞાન ઉપર એની બહુ અસર રહે છે. જેમ કે પ્રત્યક્ષ-પરોક્ષનો દૃષ્ટાંત લઈએ કે એક માણસે છાપામાં વાંચ્યું કે ફલાણાનું ખૂન થયું અને ફોટો અંદર હોય ખૂન થયેલા માણસનો. લોહીનું ખાબોચિયું બધું દેખાતું હોય અને એ જ માણસને ખૂન થયું હોય ત્યારે જોયો હોય તો એને ? ત્યાં પોતાની

હાજરી હોય તો ? બેય વસ્તુ જ્ઞાનમાં તો જણાય છે. વિચારજ્ઞાનમાં તો સરખી જ જણાણી છે. પણ પ્રત્યક્ષ અને પરોક્ષનો જે ફેર છે એ એટલી બધી અસરમાં ફેર કરે છે કે જેણે નજરોનજર જોયું હોય એને એ વાત ભૂલી શકતા નથી. ભૂલી શકતા નથી એમ નહિ...

આ ભાઈના Accidentની એક વાત કરું. જેણે એમને પાટા Platform ઉપરથી ઉપાડીને ઉપર મૂક્યા એને કોઈએ પૂછ્યું, ભાઈ ! તમે ક્યાંથી લીધા હતા ? કે એ મને યાદ નહિ કરાવતા. મને તમે એ વાત નહિ પૂછતા. એ માણસને આ જે Accident થયો એની જોયાની અસર એટલી બધી હતી. Accident નહોતો જોયો. પડેલા જોયા. એની અસર એટલી બધી હતી કે એ વાતનું એ સ્મરણ કરે તો એને બેચેની થઈ જાય. શરીર ઉપર, દેહ ઉપર જીવનું મમત્વ છે ને ? દેહ તે હું, એવી કેવી ગાઢ પ્રતીતિ છે કે દેહનું એક અંગ કપાણું એ પ્રત્યક્ષ જોયું, એ જોવાનો એને ઇન્કાર છે કે મારે જોવું નથી. છતાં જોવાઈ ગયું તો એના સ્મરણનો એને ઇન્કાર છે કે મારે સ્મરણ કરવું નથી, મને સ્મરણ કરાવશો નહિ. આ એને પ્રત્યક્ષતાની અસર છે. એ સાધારણ વાત છે.

આત્મા તો અદ્‌ભુતથી અદ્‌ભુત ગુણનિધિ ચૈતન્યનિધિ છે. એની પ્રત્યક્ષતાની અસર જબરજસ્ત છે. એટલી જબરજસ્ત છે કે એ અસરમાં આવેલો જીવ સ્વસંવેદનને વધારતો જાય છે. સ્વસંવેદનને પામે છે. વધારતો જાય છે અને અવસ્થાએ કરીને પૂર્ણ શુદ્ધ સિદ્ધ પરમાત્મા એ થઈ જાય છે. કેવી અસર છે એ ! મૂળમાં એવી અસર છે. એને ભગવાને શાસ્ત્રમાં સંસ્કાર કહ્યા છે. એ અસરને સંસ્કાર કહ્યા છે.

જાણે અજાણે સત્ય સ્વરૂપને સાંભળતાં, જે જ્ઞાનીઓની વાણીમાં એ પ્રત્યક્ષવત્ પ્રગટ થાય છે. કેમકે જ્ઞાનમાં પ્રગટ છે ને ? એમાં એનો જે રણકાર છે એના ઉપરથી કોઈને પોતાના જ્ઞાનમાં એ સંસ્કાર ઝલાઈ જાય છે. એનો બેડો પાર થઈ જાય છે. એટલી તો એ સંસ્કારમાં તાકાત છે એમ લીધું છે.

‘શ્રીમદ્‌જી’એ તો સંસ્કાર ઉપર બહુ જોર આપ્યું છે. સ્વાધ્યાયનો પણ હેતુ એટલા માટે લીધો છે. કે સ્વાધ્યાયમાં સત્‌સ્વરૂપ સત્યની આત્માની વાત છે. પરમાત્માની વાત સ્વાધ્યાયમાં ચાલતી હોય છે.

એમાં કોઈ જીવને સંસ્કાર પડે. કેમકે સત્‌શાસ્ત્ર છે. જ્ઞાનીઓના, આચાર્યોના શાસ્ત્રો નિમિત્ત હોય છે. પ્રત્યક્ષ જ્ઞાની તો ક્યાંક મળે અને ક્યારેક મળે. એ કાંઈ ચોવીસ કલાક સંભળાવવા કે બોલવા નવરા નથી. આ તો સત્‌શાસ્ત્ર છે એ તો નિત્યબોધક છે. એટલે જ્યારે પણ એ સમૂહમાં કે એકલો સ્વાધ્યાય કરે તો ત્યારે એને વસ્તુ મોજૂદ છે. એમાંથી જો એને સંસ્કાર પડ્યો,... 'શ્રીમદ્‌જી' તો ત્યાં સુધી કહે છે કે સમ્યગ્દર્શન થયેલો જીવ ભલે એકવાર કદાચિત્ મિથ્યાત્વમાં આવે પણ પાછો એ સમ્યગ્દર્શનમાં આવશે એનું કારણ એને સંસ્કાર પડ્યા તે છે. ... વાત લીધી છે.

... ગમે એવો જોયો હોય તો એ ભૂલી જાય. કદાચ આ ભવ સુધી ન ભૂલે તો બીજા ભવે તો સાવ ભૂલી જાય. પણ સંસ્કાર પડ્યા હોય એ કોઈ ભવમાં જતા નથી. આટલી બધી પ્રત્યક્ષતાની અસર છે કે જેને એકવાર સંસ્કાર પડી ગયા એને એ સંસ્કાર સાદિઅનંત કાળ રહે છે. સંસ્કારરૂપે તો રહેવાનો પ્રશ્ન નથી પણ એ સંસ્કારનું બીજ ફાલી ફૂલીને આગામી કાળમાં એ સિદ્ધપદ સુધી પહોંચાડે છે. આ સ્થિતિ થાય છે. આટલી બધી કિંમત એક સંસ્કારની છે. બીજ છે એ. એટલી બધી કિંમત છે એની.

મુમુક્ષુ :- મહત્તા સંસ્કારની વધી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી છે મહત્તા એની. એટલા માટે 'ગુરુદેવ'ને કોઈએ પૂછેલું કે આપ અનેક વર્ષોથી અહીંયાં સત્શાસ્ત્રો વાંચો છો. પૂછનારા તો એમ કહે કે ને ઉપદેશ આપો છો. એમ જ કહે ને ? તો કેટલા સમ્યગ્દૃષ્ટિ થયા ? એને ટકાવારી ગણવી હશે. ભાઈ ! ભલે સમ્યગ્દૃષ્ટિ કો'ક થયા હોય પણ સંસ્કાર લઈને ઘણા જાશે. ઠીક ! એ પણ બીજા જીવને સંસ્કાર પડે છે, પડવાના છે એવું એમના નિર્મળ શ્રુતજ્ઞાનમાં આવી જાય છે. આવી વાત છે. બહુ સ્પષ્ટ વાત થઈ હતી.

એટલે અહીંયાં એમ કહે છે કે માત્ર વિચારની મર્યાદામાં આ વિષયને ન રાખવો. જ્યાં પોતાના દર્શન-જ્ઞાનના પ્રકાશને અવલોકનમાં લેવો છે ત્યાં એને વિચારની મર્યાદાથી આગળ વધીને, એક પગલું આગળ આવીને એને અવલોકનમાં લેવું કે અરે...! મારા ક્ષેત્રમાં સર્વ ક્ષેત્રથી દર્શન-જ્ઞાનનો પ્રકાશ તો ઊઠે છે. જે ગુણનું

પરિણમન છે એ તો આખા ચૈતન્યપિંડમાં છે. જેટલો પિંડ છે, ચૈતન્ય પિંડ અરૂપી (છે) એમાં ગુણનું પરિણમન છે. કોઈ પ્રદેશ એમાં ખાલી નથી. કોઈ પ્રદેશ ખાલી નથી એમ નહિ, કોઈ પ્રદેશનો અંશ પણ ખાલી નથી. જો કે પ્રદેશ જ નિરંશ છે.

હમણાં 'ઘાટકોપર'માં પ્રદેશની ચર્ચા થોડી ચાલી. દ્રવ્યના પ્રદેશ ને પર્યાયના પ્રદેશ, વિકારના પ્રદેશ ને જ્ઞાનના પ્રદેશ. ત્યાં તો Ajenda ઉપર જ્ઞાન અને રાગના ભેદજ્ઞાનનો વિષય હતો. 'સંવર અધિકાર'નો. 'જયચંદ્રજી' એ વાત લખી છે કે રાગના પ્રદેશ ભિન્ન છે અને જ્ઞાનના પ્રદેશ-આત્માના પ્રદેશ ભિન્ન છે. ત્યારે શું સમજવું અહીંયાં ? આ પ્રદેશ ભિન્નતાનો જે પ્રશ્ન છે, વિષય છે એ આપણે ત્યાં થોડો વિવાદગ્રસ્ત થયો છે. તો એનું સ્પષ્ટીકરણ તો હવે ત્યાં શાસ્ત્રમાં જ વિષય આવ્યો એટલે કરવું રહ્યું. તો કહ્યું કે આગમનો વિષય છે કે અધ્યાત્મનો ? આ નક્કી કરવું પહેલા.

અહીંયાં 'સંવર અધિકાર' હોવાથી અધ્યાત્મનો વિષય ચાલે છે. તો અધ્યાત્મમાં ભાવની પ્રધાનતા છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પ્રધાનતા છે ? ભાવની પ્રધાનતા છે. તો અહીંયાં રાગભાવ અને આત્મભાવ, એમ બે ભાવની ભિન્નતા લેવી. જ્યાં આગમનો વિષય ચાલે, દ્રવ્યાનુયોગનો વિષય ચાલે ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિષય ચાલે. તો ત્યાં ક્ષેત્રમાં ક્ષેત્રની વાત ચાલે. હવે આગમથી આ વિષય જો લેવા જાવ, દ્રવ્યાનુયોગથી (લ્યો) તો ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવશે. કેમ ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવશે ? કે કોઈપણ ગુણ વિકારપણે કે અવિકારપણે નિરંતર જે પરિણમી જ રહ્યો છે, સર્વ ગુણો પરિણમી રહ્યા છે. એમ અહીંયાં ચારિત્રગુણ રાગપણે પરિણમી રહ્યા છે. તો એ ચારિત્રશક્તિમાં જે રાગપણે વિકૃતિ અથવા વિકારની ઉત્પત્તિ છે એ એક પ્રદેશમાં છે કે સર્વ પ્રદેશમાં છે ? કે સર્વ પ્રદેશમાં છે. કેમકે ગુણ તો સર્વપ્રદેશમાં (વ્યાપક) છે.

હવે કોઈ એમ કહે કે પ્રદેશ અંશમાં છે. તો પ્રદેશ અંશમાં છે તો પ્રદેશ પોતે નિરંશ છે એનું શું કરશો ? જો આગમની વિવિક્ષાથી જુઓ તો પ્રદેશ તેને કહીએ કે જેની કલ્પનામાં પણ બીજો અંશ ન કરી શકાય એને પ્રદેશ કહેવાય. Physically તો ન કરી શકાય પણ જેની ભેદ,

કલ્પના ન થઈ શકે. ક્ષેત્ર અપેક્ષાએ જેનો ભેદ કલ્પી ન શકાય એવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જગ્યાને પ્રદેશ કહેવામાં (આવે છે). (એટલા) ક્ષેત્રફળને એક પ્રદેશ કહ્યો છે. નાનામાં નાનો ભાગ કે એનાથી નાનો ભાગ કલ્પનામાં પણ ન થાય. અમથો તો ન થાય પણ કલ્પનામાં પણ ન થાય. એ પ્રદેશ પોતે નિરંશ છે એમાં તમે અંશ કલ્પના કેવી રીતે કરી ? એ તો આગમથી તમારી સમજણ ખોટી પડશે.

અહીંયાં આગમની વિવિક્ષા નથી પણ અધ્યાત્મની વિવિક્ષા છે. અને આ રીતે કોઈપણ બોલને તમે આગમ અધ્યાત્મની શૈલીથી જો વિચારો તો ક્યાંય તમને પરસ્પર વિરોધ નહિ આવે. અને નહિતર અનેક જગ્યાએ, આ એક જગ્યાએ નહિ પણ સત્શાસ્ત્રોમાં એવા સેંકડો બોલ છે કે તમને એનો વિરોધ આવ્યા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- આ જે 'જયચંદ્રજી'એ લખ્યું, એમાં પ્રદેશ ભિન્નતામાં શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશ ભિન્નતામાં એવું છે કે જીવની પક્કડ ઘણી છે. રાગ ઉપર અને પર્યાય ઉપર. પક્કડથી છૂટવાનો નિયમ એવો છે કે જેટલી પક્કડ મજબૂત એટલો છૂટવા માટેનો આંચકો મારવો મજબૂત જોરથી, તો પક્કડથી છૂટે. નાના છોકરાએ હાથ પકડયો હોય એને છોડાવવો હોય તો રમતમાત્રમાં છોડાવે પણ કોઈ પહેલવાને પકડ્યો હોય તો ? એટલું જોર હોય તો છૂટે, નહિતર ન છૂટે. એમ આ જીવ રાગની પક્કડમાં અને પર્યાયના આશ્રયમાં પર્યાયબુદ્ધિની પક્કડમાં અનાદિથી આ સંસ્કાર લઈને ઊભો છે. ઘણા ગાઢ અને દઢ સંસ્કાર છે. એમાંથી છૂટવા માટે એને ભાવમાં આંચકો મારવો જરૂરી છે.

જગતમાં પણ કહેવત છે કે મોતને બાજે તો તાવ આવે. સરળ માણસ પાસે સમજવા જાય તો એમ કહે કે ભઈ ! જુઓ મારા આટલા લેણા છે. વ્યાજ આટલું થાય પણ વ્યાજ ન દયો તો વાંધો નહિ. તમારી પરિસ્થિતિ જોઈને વ્યાજ હું છોડી દઉં છું. પણ આટલા મારા લેણા છે, મને તમે આપો. સામો માણસ સરળતાથી એમ કહે કે ભાઈ ! પૂરા નહિ આટલા અધૂરા આપી શકું એમ છું. બહુ સારું. પણ એક માણસ એવો હોય કે છતાં પૈસે ન દેતો હોય, એવી વૃત્તિ હોય. તો એને એમ કહેવું પડે કે આટલું વ્યાજ, આટલું મુદ્દલ છે, આટલું વ્યાજ થાય અને

ચક્રવર્તી વ્યાજ ગણો તો આટલું થાય. અને તમારે બધા પૈસા મને ચક્રવર્તી વ્યાજ સીખે ન્યાયની દૃષ્ટિએ તો આપવા જોઈએ. આપવા જ પડશે એમ કહે. મોતને બાજે તો તાવ આવે. ઓલો કહે કે વ્યાજ નહિ દઉં, મુદ્દલ દઉં. ઓલો તો પહેલેથી સમજેલો છે કે વ્યાજ ન આપે તો કાંઈ નહિ. મુદ્દલ તો ઘરભેગા કરો.

એમ સામે પક્કડવાળું કેટલું છે એનાં પ્રમાણમાં જ એનો વ્યવહાર થાય તો જ કાર્યસિદ્ધિ થાય અને નહિતર કાર્યસિદ્ધિ ન થાય. એ એક Practical પરિસ્થિતિ છે.

અહીંયાં પણ અનાદિની રાગબુદ્ધિથી અને પર્યાયબુદ્ધિથી છૂટવા માટે આંચકો ભાવમાં લેવાનો છે. અધ્યાત્મમાં આત્માનો આધાર લેવાની વાત છે. પણ આત્માનો આધાર લેવો અને આત્માનો આધાર જોરથી લેવો, એ બે વચ્ચે કાંઈ ફરક છે કે નહિ ? તો આ જોરથી લેવાની વાત છે. એ જોરથી લેવામાં માટે આવી ભાષાપ્રયોગ થાય. ભાષાપ્રયોગ થાય ત્યારે જ્ઞાન તો જેમ છે એમ જાણે છે, પણ અંદરમાં ભાવની અંદર વિશેષ આવિર્ભાવ કરવાનો ત્યાં પ્રયોગ ચાલે છે, ભાષા કરનારને અથવા સાંભળનારને. એટલે એવા વચનો પણ સત્શાસ્ત્રની અંદર હયાતી ધરાવે છે. એમ સમજવું જોઈએ. અને સીધી સાદી સમજાય એવી વાત છે.

'સોગાનીજી'ના કથનો બહુ આવા આવ્યા છે તો એમણે પણ કુદરતી એક જગ્યાએ ખુલાસો કર્યો છે. વાત આવી ગઈ છે. નહિતર તો એ વસ્તુસ્થિતિ છે. દ્રવ્ય મેં પર્યાય નહિ ઐસા કૌન કહતા હૈ ? દ્રવ્ય મેં પર્યાય હૈ, લેકિન પર્યાયઅંશમેં દ્રવ્ય નહીં હૈ. દ્રવ્યઅંશ ત્રિકાળી મેં પર્યાયઅંશ નહિ હૈ, પર્યાય અંશમેં ત્રિકાળી નહીં હૈ. ઐસા બતાને હેતુ મોતકા બાજા તાવ સે છૂટતા હૈ. એમ કરીને પોતે વાત લખી છે. આ તો મોતને બાજવાની વાત છે, તો તાવથી પતે. નહિતર તાવથી એ પતે નહિ એમ સમજીને આ વાત ભાવથી ભિન્નતા કરવાની લીધી છે.

'પૂજ્ય બહેનશ્રી'એ તો આનો ખુલાસો ભાવભિન્નતાનો અનેક જગ્યાએ કહ્યો છે પણ એ ખુલાસો 'ગુરુદેવે' ચર્ચામાં પણ કર્યો છે. 'જ્ઞાનગોષ્ઠી' કરીને એક Volume 'જયપુર'થી બહાર પડ્યું છે, 'ટોડરમલ સ્મારક ભવન'નું. 'જ્ઞાનગોષ્ઠી'. એમાં એક પ્રશ્ન આ ઉઠાવ્યો

છે-પ્રદેશભિન્નતાનો. એનો ઉત્તર 'ગુરુદેવે' આપ્યો છે. એમાં એક ઉત્તરમાં ત્રણ જગ્યાએ ભાવભિન્નતાની અહીંયાં વાત છે, એવું સ્પષ્ટીકરણ આપ્યું છે. એ એક મુમુક્ષુભાઈએ કાઢીને બતાવ્યું કે જુઓ અહીંયાં 'ગુરુદેવે' પોતે પણ ભાવભિન્નતાની વાત કરી છે. અને ઉત્તર દેતી વખતે એક Paragraphમાં ઉત્તર દીધો છે એમાં ત્રણ જગ્યાએ ભાવભિન્નતાનો શબ્દપ્રયોગ છે. ભાવભિન્નતાની વાત બરાબર બેસે છે. ભાવભિન્નતાનો ખુલાસો બરાબર આવે છે આની અંદર. એ વાત સ્પષ્ટ છે. એ પાછું એવું નથી કે બીજા કોઈએ પ્રગટ કરેલું છે. ત્યાંથી જ પ્રગટ થયેલું છે. એટલે પણ એમાં કાંઈ શંકા રાખવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં વિશેષ તો વિસ્તારથી તો આવતીકાલે લેશું. બે Minute છે ને ? અહીંયાં એટલી વાત લેવી છે કે જ્યારે જ્ઞાન અને દર્શનનો પ્રકાશ પ્રગટ થાય છે ત્યારે એનું પ્રગટપણું થાય છે એવી પણ એક વાત છે. જ્ઞાન-દર્શનનું પ્રગટપણું થાય છે અને જ્ઞાન અને દર્શનમાં વેદનનો ધર્મ હોવાથી વેદન પણ પ્રગટ થાય છે. જ્ઞાન અને દર્શનમાં જ્ઞાન-દર્શનનું વેદન પણ રહેલું છે. અને સ્વ પરને જાણવાનો પ્રકાશ પણ રહેલો છે. બંને વાત રહેલી છે. એ બંને એણે પોતાના ભાવની અંદર જે પ્રગટ છે અને અનુભવગોચર છે અને ઉપયોગ મૂકે, અવલોકન કરે તો એનું સ્વરૂપ સારી રીતે સુનિશ્ચિત થાય છે તેથી તે સાકાર છે. કેવા છે ? પ્રગટ છે, સાકાર છે અને અનુભવગોચર છે.

એવા જે જ્ઞાન-દર્શનના પ્રકાશને અવલોકનમાં એવી રીતે લેવો કે આ ક્યાંથી ઊઠે છે ? છે તો એક સમયનો પર્યાય પણ આવે છે ક્યાંથી ? એને ઉત્પન્ન થવાને આધારભૂત કોઈ ભૂમિ છે, કોઈ ક્ષેત્ર છે અને એ છે ચૈતન્યસ્વરૂપી આત્મા. આત્માના એ પ્રદેશ છે. એમ પર્યાય ઉપરથી સીધુ વસ્તુ ઉપર આવવાનો એ વિષય છે. પ્રદેશ લઈને સીધી વસ્તુ ઉપર આવવાનું છે, માત્ર પર્યાયને ગ્રહણ કરવી નથી. વિશેષ લઈશું...

**તા. ૧૫-૧૦-૧૯૮૫, પાના નં.૧૩, પ્રવચન નં. ૩૯**

પાનું ૧૩. '**જઘન્ય જ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે ? તે કહેવામાં આવે છે.**' શું કહે છે ? જઘન્યજ્ઞાની એટલે અહીંયાં સાધક. સાધક જ્ઞાની કેવી રીતે પોતાના શુદ્ધાત્મ સ્વરૂપની પ્રતીતિ કરે છે ? તે કહે છે. જઘન્ય જ્ઞાની કહેવાનું તાત્પર્ય એ છે કે અહીંયાં હજી કેવળજ્ઞાન પ્રગટ થયું નથી. કેવળજ્ઞાન એટલે પૂર્ણ જ્ઞાન નથી. કેવળજ્ઞાનની સંપૂર્ણ શુદ્ધ અવસ્થાની સરખામણીમાં સાધકની અવસ્થા ઘણી અલ્પ છે, અત્યંત અલ્પ છે તેથી તેને જઘન્ય એવું નામ આપે છે. જઘન્ય છે એ ક્ષતિનું દ્યોતક છે, ક્ષતિ બતાવે છે. સાધકદશામાં હજી ક્ષતિ રહી છે. સંપૂર્ણ શુદ્ધ અવસ્થા થઈ નથી. પણ કાંઈને કાંઈ ક્ષતિ રહી છે. એવી સ્થિતિમાં પણ મોક્ષમાર્ગી ધર્મી જીવ કેવી રીતે સ્વરૂપની પ્રતીતિ કરે ? તે અહીં કહે છે.

મારા જ્ઞાન-દર્શનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે. દેહપ્રમાણ જે આત્માનું ક્ષેત્ર છે તે ક્ષેત્રમાં એક અભેદ અખંડ પ્રદેશી ચૈતન્યપુંજ આત્મા રહેલો છે. પ્રત્યેક જીવને પોતાના દેહપ્રમાણ (એટલે) જેટલું દેહનું ક્ષેત્ર છે એમાં સળંગ એક પ્રદેશે અખંડ પ્રદેશે ચૈતન્યપિંડ આત્મા શાશ્વતપણે રહેલો અરૂપી ચૈતન્ય પદાર્થ છે. તેની અવસ્થામાં જેમ સમુદ્રમાં પાણીના તરંગ ઊઠે છે એમ જ્ઞાન-દર્શનના તરંગ ઊઠે છે. એવા જે જ્ઞાન-દર્શનના તરંગ ઉત્પન્ન થાય છે તે પ્રત્યેક તરંગ અશાશ્વત છે-ક્ષણિક છે. પરંતુ જાણવું, દેખવું-એવું જાણવું એ માત્ર જે તરંગરૂપ અંશ છે એટલામાં જ છે એને અહીંયાં ઉપયોગ કહે છે. માત્ર ઉપયોગમાં જાણવું દેખવું થાય છે.

જે ચૈતન્યપિંડ આત્મા છે એ અનંત દિવ્યગુણોનો ખજાનો છે. અનંત અમર્યાદિત સામર્થ્યવાળી શક્તિઓ એ ચૈતન્યપિંડમાં રહેલી છે. તેની અવસ્થામાં જે તરંગ ઊપજે છે તે સંસારી જીવોને પણ જ્ઞાન-દર્શનનો પ્રકાશ માત્ર ઉપયોગમાં છે. જેને પોતાની શક્તિઓનું જ્ઞાન અને

ભાન નથી એવા જીવને પણ જ્ઞાન-દર્શનનો પ્રકાશ તેના ઉપયોગમાં છે.

અહીંયાં તો એવા જીવ લીધા છે કે જેને જ્ઞાન થયું છે. જઘન્ય જ્ઞાની એવા જીવ લીધા છે. ભલે સંપૂર્ણ જ્ઞાનપ્રકાશ નથી થયો. પણ જેને નિજ સ્વરૂપનું જ્ઞાન, ભાન થયું છે તેને પોતાના શાશ્વત ચૈતન્ય સ્વરૂપમાં પોતાના ક્ષેત્રમાંથી-પોતાના પ્રદેશમાંથી જ્ઞાન-દર્શનનો પ્રકાશ થાય છે, જ્ઞાન-દર્શનનું વેદન થાય છે, સ્વરૂપનું સંવેદન થાય છે, એમ એને અનુભવગોચર થાય છે. પોતાના ઉપયોગમાં જે અનુભવનું કાર્ય છે એમાં એમ અનુભવગોચર થાય છે કે મારું પરિણમન મારા ક્ષેત્રમાંથી આવી રહ્યું છે. કોઈ પરક્ષેત્રમાંથી, બીજાના રજકણના ક્ષેત્રમાંથી મારું પરિણમન આવતું નથી. જડ રજકણોના ક્ષેત્રમાંથી મારું પરિણમન થતું નથી. પણ હું ચૈતન્યપિંડ આત્મા છું એમાંથી મારું પરિણમન થાય છે. અને તે પરિણમન જ્ઞાન દ્વારા સમજાય છે. એ પરિણમન માત્ર જ્ઞાનથી સમજવામાં આવે છે. બીજી કોઈ રીતે સમજવામાં આવતું નથી. કેમકે જ્ઞાનથી જાણવું થાય છે, જ્ઞાનથી વેદવું થાય છે. અથવા જ્ઞાનની ઊર્ધ્વતામાં જ્ઞાનની મુખ્યતામાં સ્વ-પર પદાર્થનું, સ્વ-પર તત્ત્વનું જાણવું થઈ રહ્યું છે.

એવું જ્યારે પોતાના ક્ષેત્રમાંથી જ્ઞાન-દર્શનનું ઊઠવું થાય છે, પ્રગટ થવું. ઊઠે છે એવો શબ્દ લીધો છે. તે ઊઠે છે એમ બતાવે છે એમાં એ પોતે પ્રગટ થતાં પરિણમનને જુએ છે કે આ મારા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થાય છે. તર્ક વિતર્કથી વિચાર કરવો છે કે અહીંથી થાય છે કે ત્યાંથી થાય છે ? શરીરમાંથી વેદન થાય છે કે આત્મામાંથી વેદન થાય છે ? એવી તર્કણાનો વિષય નથી લેવો. જ્યાંથી જ્ઞાન-દર્શનનો ઉપયોગ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્રને પકડે છે. તે ક્ષેત્રને એટલે સત્તાને જોવે છે તો એને ચૈતન્યસત્તા, પોતાનું ચૈતન્યસત્તા સ્વરૂપી ક્ષેત્ર છે એ ક્ષેત્રનો પણ એને ખ્યાલ જાય છે.

‘**જાણપણું મારામાં છે...**’ આવું મારા ક્ષેત્રમાંથી જે જ્ઞાન-દર્શનનો પ્રકાશ ઉત્પન્ન થાય છે તેથી ‘**જાણપણું મારામાં છે એવી પ્રતીતિ કરતાં આનંદ થાય તે નિર્વિકલ્પ સુખ છે.**’ જાણપણું એટલે જાણવાનો સ્વભાવ મારામાં છે. સ્વભાવ હોય તે મર્યાદિત ન હોય. અવસ્થામાં મર્યાદા સંભવે છે પણ સ્વભાવમાં મર્યાદા નથી.

દિવાસળીના ટોપકામાંથી એક તીખારો નીકળે તો એ તીખારો ભલે અવસ્થાએ મર્યાદિત છે પણ એની શક્તિ અમર્યાદિત છે. બાળવાની શક્તિ છે એ અમર્યાદિત છે. એમ જાણપણું મારા પ્રદેશમાંથી ઉત્પન્ન થાય છે એ જાણપણું છે, જાણવાનું ઉત્પન્ન થાય છે એમાં જાણપણું છે તે સ્વભાવ છે. સ્વભાવ મારામાં છે. એટલે અમર્યાદિત જ્ઞાન સામર્થ્ય મારામાં છે એમ આખી ખાણ હાથમાં આવે છે.

અમર્યાદિત જ્ઞાન સામર્થ્ય મારામાં છે. એવી નિર્વિકલ્પ પ્રતીતિ થતાં, એવી સમ્યક્ પ્રતીતિ થતાં આનંદ આપોઆપ ઉત્પન્ન થાય છે તે નિર્વિકલ્પ સુખ છે. ત્યારે જે આનંદનો અનુભવ થાય તેને આત્માનું આત્મિક સુખ, આત્માનો આનંદ, નિર્વિકલ્પ આનંદ કહેવામાં આવે છે. વિકલ્પ જનિત આ આનંદ નથી. આવું સુખ ભોગવું, આવો આનંદ ભોગવું એવો ત્યાં વિકલ્પ નથી. માત્ર પોતાના અનંત સામર્થ્યની નિર્વિકલ્પ પ્રતીતિ જ્યાં પરિણમિત થઈ, તત્ક્ષણ જે આનંદનો અનુભવ થયો તે આનંદ, આનંદના વિકલ્પ વિનાનો આનંદ છે. બીજો તો વિકલ્પ ત્યાં સંભવતો જ નથી, હોઈ શકતો નથી પણ તે આનંદ, આનંદના વિકલ્પ વિનાનો આનંદ છે. આનંદ સંબંધી પણ વિકલ્પ ત્યાં નથી થયો. એવી નિર્વિકલ્પ પ્રતીતિ થતાં આનંદ થાય તેને ભગવાન નિર્વિકલ્પ સુખ કહે છે, તેને આત્માનું સુખ કહે છે.

તે સુખ અને આનંદ પાસે જગતના કોઈપણ સુખ અને આનંદના જે કોઈ નામ અપાયા છે, એવા તમામ દ્રવ્યો અને ભાવો દુઃખના ખાતામાં જાય છે. સુખના ખાતામાં જતા નથી પણ દુઃખના ખાતામાં જાય છે. ઈન્દ્રનો ઈન્દ્રાસન ઉપર બેસવાનો આનંદ એ આનંદ નથી પણ દુઃખ છે. એવી રીતે એ દુઃખના ખાતામાં જાય છે. એના ઉપરથી ત્રિરાશિ મૂકવી. કે જો ઈન્દ્રને ઈન્દ્રાસનનું સુખ પણ દુઃખ કહેવાતું હોય તો આત્માનું સુખ શું કહેવાતું હશે ? એ એક જિજ્ઞાસાનો વિષય થઈ જવો જોઈએ. તેથી એવા આનંદને અનુપમ આનંદ અથવા અનુપમ સુખ પણ કહેવામાં આવે છે. એવો જે આનંદ છે, એવું જે સુખ છે એને અનુપમ સુખ કહે છે. કેમકે એની જગતમાં ક્યાંય ઉપમા જડતી નથી.

મુમુક્ષુ :- સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળે એમાં તો આનંદ આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અઠ્યાવીસ મૂળગુણ પાળવાના પરિણામમાં કષાયની મંદતાની શાતા છે પણ એ પરિણામમાં સ્વરૂપનું સુખ નથી. કેમકે તે શુભઉપયોગરૂપ શુભ કષાય, અલ્પ કષાય, મંદ કષાય યુક્ત પરિણામ છે. કષાયમાં સુખ છે કે દુઃખ છે ? તત્ત્વદષ્ટિએ તો એમાં સુખતત્ત્વ નથી પણ દુઃખતત્ત્વ છે. ઉપલક દૃષ્ટિએ તીવ્ર કષાયની સરખામણીમાં મંદ કષાયની શાતાને લોકો સુખ જાણે છે પણ એ તત્ત્વદષ્ટિ નથી, એ તત્ત્વદષ્ટિ નથી.

તત્ત્વદષ્ટિ તેને કહીએ કે જેમાં જે હોય તેમાં માત્ર તેના તત્ત્વને પકડે. એને તત્ત્વદષ્ટિ કહે છે. ત્યાં કષાય છે એ દુઃખતત્ત્વરૂપ છે. તેમાં દુઃખ છે. મુનિ પણ એવા દુઃખભાવમાંથી છૂટીને નિરાકુળ આનંદની દશામાં વારંવાર આવે છે. અને એ વારંવાર એટલા માટે આવે છે કે ફરીને એને એ પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના પરિણામ કરવા ન પડે. એવો પુરુષાર્થ ત્યાં એનો ચાલે છે કે જે અરિહંત દશામાં પહોંચી જાય. અંતર્મુહૂર્તમાં શ્રેણી માંડીને અરિહંત દશાને પ્રાપ્ત કરે ત્યારે તે મહામુનિ થયા, ત્યારે મુનિન્દ્ર થયા. મુનીઓમાં ઈન્દ્ર.

ભગવાનને અરિહંત દશામાં મુનિન્દ્ર કહેવામાં આવે છે. મુનિન્દ્ર એટલે શ્રેષ્ઠ. દેવોમાં શ્રેષ્ઠ તેને દેવેન્દ્ર કહે છે. નાગોમાં શ્રેષ્ઠ તેને નાગેન્દ્ર કહે છે. એમ આ મુનિઓમાં શ્રેષ્ઠ છે. તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા તે મુનિન્દ્ર છે. તેમને પછી પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ પણ હોતો નથી અને એ સંબંધિત ક્રિયા પણ હોતી નથી. રાગાંશ પણ નથી અને રાગાંશને અનુસરતી મન, વચન, કાયાની ક્રિયા પણ ત્યાં હોતી નથી. એ દશા આપોઆપ એમ સૂચવે છે, એ દશામાંથી આપોઆપ એમ પ્રદર્શિત થાય છે કે છોડવા યોગ્ય હતું તે છૂટ્યું અને ગ્રહણ કરવા યોગ્ય હતું તે ગ્રહણ થયું. એમ હેય અને ઉપાદેયનો સિદ્ધાંત જે પહેલા, ચોથા ગુણસ્થાને સમજાયો હતો કે રાગમાત્ર હેય છે. હજી ત્યાં રાગ છૂટ્યો નહોતો પણ સિદ્ધાંતિક જ્ઞાન થઈ ગયું કે રાગમાત્ર હેય છે અને વીતરાગતા ઉપાદેય છે. એ ત્યાં સિદ્ધ થયું. અહીંયાં સિદ્ધાંત સિદ્ધ થયો, અહીંયાં પરિણમનથી સિદ્ધ થઈ ગયું. શું કહે છે ?

**'તે નિર્વિકલ્પ સુખ છે.'** એવું અવર્ણનિય સુખ, અનુપમ સુખ

જગતના કોઈપણ પદાર્થ પ્રત્યે વૃત્તિ જાય ત્યાં થતું નથી. ઉલટાનું જગતના કોઈપણ પદાર્થ પ્રત્યે વૃત્તિ જતાં આકુળતા અને દુઃખની ઉત્પત્તિ થાય છે. તેથી દુઃખ અને સુખની સરખામણી ન થાય. સુખની અને સુખની સરખામણી થાય કે આ સુખ ચોથા ગુણસ્થાને જઘન્ય છે, મુનિદશામાં પ્રચુર આનંદ છે અને વીતરાગ અરિહંત પરમાત્માની દશામાં પરમાનંદ છે. એમ એ આનંદની અને સુખની સરખામણી થાય પણ દુઃખની અને સુખની સરખામણી ન થાય.

'**જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે.**' એટલે કે ઉપયોગ છે એ આવરિત હોવાથી પૂરેપૂરો ખુલેલો નથી. ગુપ્ત છે એટલે અહીંયાં આવરિત છે. ઉપયોગ છે એ આવરણથી આવરિત છે, એક ન્યાયે. એક ન્યાયે જ્ઞાનમાં આવરણ નથી. શું લેવું છે ? અસ્તિ-નાસ્તિ બેય પડખા લેવા છે. જેમ એક ગ્લાસમાં પાણી ભર્યું હોય તો અડધો Glass ખાલી હોય તો એમ કહેવાય કે Glass અડધો ખાલી છે. તે જ Glassમાં ભરેલું પાણી જોયું હોય તો એમ કહેવાય કે અડધો Glass ભરેલો છે. અડધો ખાલી છે અને અડધો ભરેલો છે. બંનેના કથન થઈ શકે.

એમ અહીંયાં જ્ઞાન ઉપયોગ છે એમાં જ્ઞાન ખુલેલું પણ છે અને એ ઉપયોગ સંપૂર્ણ જ્ઞાન ખુલેલો હોવાનો અવસ્થાનો પ્રકાર નથી તેથી તે આવરિત પણ છે, એમ કહેવામાં આવે છે. બેય કહેવામાં આવે છે. જ્ઞાન ઉપયોગ છે તે ખુલેલો પણ છે અને આવરિત પણ છે. આંશિક ખુલ્લી દશા પણ છે, આંશિક અવરાયેલી દશા પણ છે.

પહેલા ટૂકડામાં એમ લીધું કે '**જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે. જ્ઞાનમાં આવરણ નથી.**'નું ખાલીપણું ભરેલાપણામાં નથી, ભરેલાપણામાં ખાલીપણું નથી. ખાલીપણામાં ભરેલુંપણું નથી. એમ '**જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે.**' એટલે બાકીનું જ્ઞાન, અવરાયેલું જ્ઞાન આવરણમાં ગુપ્ત છે. શક્તિ છે એની અંદર એમ કહે છે. પણ આવરણમાં અવસ્થામાં ગુપ્ત છે અને ઉપયોગ જેટલો ખુલ્યો છે એમાં આવરણ નથી. ઉપયોગમાં આવરણ નથી. જેટલો ખુલ્લો અંશ છે એ બરાબર કામ કરે છે. ખુલ્લું કામ કરે છે. એને આવરણ નથી. ખુલેલો તે ખુલેલો છે, બાકીનો નહિ ખુલેલો તેને આવરિત કહેવામાં આવે છે.

જેટલું જ્ઞાન ખૂલ્યું નથી તે આવરિત જ્ઞાન. ખૂલ્યું છે તે નિરાવરણ જ્ઞાન એમ લીધું. શાથી ?

મુમુક્ષુ :- જ્ઞાનમાં બે ભાગ પાડ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાનને બે દૃષ્ટિકોણથી જોઈએ. બે દૃષ્ટિકોણથી જોઈએ. એક જ્ઞાનના ઉપયોગને જોવાના બે દૃષ્ટિકોણ. અસ્તિથી પણ જોયું અને નાસ્તિથી પણ જોયું. ખુલાસો કરે છે આમાં ને આમા. કે શાથી એમ ? કેવી રીતે એમ છે ?

**'કે જેટલા અંશે આવરણ ગયું તેટલું જ્ઞાન થયું,...'** **'જેટલા અંશે આવરણ ગયું...'** એટલે જ્ઞાન નિરાવરણ થયું તેટલું જ્ઞાન પ્રગટ થયું. એક (વાત). **'તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે,...'** તેથી તે પ્રગટેલું જ્ઞાન, જેમાંથી આવરણ ગયું છે તેટલું જ્ઞાન એ આવરણથી જુદું છે. તે જ્ઞાન તો આવરણથી જુદું છે. અહીંયાં તેની વાત કરવી છે. કે તે જ્ઞાન પોતાનો સ્વભાવ છે. તે જ્ઞાનમાં જાણપણું હોવાથી, જાણપણું એટલે જાણવાનો સ્વભાવ એમાં હોવાથી, તે જ્ઞાન જ આત્માનો સ્વભાવ છે. આત્માનું ગ્રહણ કરવું છે ને ? વિધિ લેવી છે અહીંયાં. એ જાણપણું, જે જ્ઞાન ખુલેલું છે એ સ્વભાવરૂપ છે. જેટલું જ્ઞાન ખુલ્લું છે એમાં સ્વભાવ છે. એ વાત અહીંયાં લે છે.

**'તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે, તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે. જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો, તે પોતે છે.'** તે પોતે છે. ત્યાં કેવી રીતે પકડાવે છે. **'જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો,...'** જ્ઞાનમાં સ્વભાવ ખુલ્લો છે એમ કહેવું છે. જો તારે સ્વભાવના દર્શન કરવા હોય, સ્વભાવના દર્શન એટલે આત્માના દર્શન કરવા હોય તો એ જ્ઞાનના પ્રગટ પ્રકાશમાં આત્મા ખુલ્લો બહાર આવ્યો છે, એમ કહે છે. જો, ફરી ફરીને જો, ધારી ધારીને જો. વારંવાર ન દેખાય ત્યાં સુધી તારા જ્ઞાનને તું જો. તને તેમાં જ્ઞાનસ્વભાવ એટલે આત્મા, આત્મા એટલે જ્ઞાનસ્વભાવના દર્શન એમાં તને થશે. આમ કહેવું છે. હવે આમાં શું તકલીફ છે એ કહો ? બીજી બધી વાતમાં લાંબી લાંબી વાત ઘણી છે. આમાં શું (તકલીફ) છે ?

કોઈપણ જીવ એવો નથી જગતમાં કે જેને જ્ઞાન-દર્શનનો પ્રકાશ એના પ્રદેશમાંથી પ્રગટ ન થઈ રહ્યો હોય. દરેકને પોતાનો જે આત્મા

ચૈતન્યપિંડ છે એમાં જ્ઞાનના તરંગો થયા જ કરે છે. શાશ્વત એવા ચૈતન્યપિંડને વિષે જ્ઞાનના તરંગો થયા જ કરે છે. એ જે જ્ઞાનના તરંગો થાય છે એમાં સ્વભાવ ખુલ્લો છે, એમાં આત્મા ખુલ્લો છે. જો સ્વભાવને, સ્વભાવની દૃષ્ટિથી જોતા સ્વભાવ સમજાય છે અથવા સ્વભાવનું પોતારૂપે ગ્રહણ થાય છે. સમજાય છે એનો અર્થ ત્યાં કોઈક સમજાય છે એમ નહિ, પોતે એ સ્વરૂપે છે એમ સમજાય છે. એમ સમજાય છે એનો અર્થ કે પોતે એ સ્વરૂપે છે એમ પોતે પોતાને ગ્રહણ કર્યો. ત્યાં સમજ્યો એનો અર્થ કે ગ્રહણ કર્યો. અને જે સમજ્યા તે સમાયા. આમ લીધું. 'શ્રીમદ્જી'એ લીધું ને ? સમજ્યા તે સમાયા. અથવા સમજ્યા તે સમાઈ રહ્યા. પછી એને એમ થાય છે કે મારું અસ્તિત્વ મારા ચૈતન્યપિંડમાં સમાપ્ત થાય છે. તેથી મારા ચૈતન્યસ્વરૂપી આત્મા સિવાય મારે બીજે ક્યાંય કાંઈ કરવાનું કે બીજાની સામે કાંઈ જોવાનું રહેતું નથી. કેમકે મારે કોઈથી પ્રયોજન નથી. મારા સ્વતત્ત્વ સિવાય મારે કોઈથી કાંઈ પ્રયોજન નથી.

જગત આખું સંબંધ રાખવામાં આને છે. અને તેથી સંબંધો વધે ત્યારે એ ખુશી થાય છે કે અમારે ઘણા સંબંધો. અમે ઘણા સંબંધવાળા. આ પરિવાર વધે ત્યારે સંબંધ વધે છે કે નહિ ? દીકરાને ત્યાં દીકરો આવ્યો, એટલો પરિવાર વધ્યો. સંબંધ વધ્યોને એટલો. દીકરો પરણાવે તો વેવાઈ મળે સામે તો એટલો સંબંધ વધ્યો ને ? જગત એમાં ખુશી માને છે. જગત એમાં વધવાપણું માને છે. જ્ઞાની એમ કહે છે કે એ તારું સંસારનું વધવાપણું છે. એવા વધવાપણામાં હરખ માનતા તારો સંસાર વધશે. તારો સંસાર વધશે તો તારું જાશે શું ? કે તારો નરભવ હારી જઈશ. બીજું કાંઈ નહિ થાય. આમ છે. મનુષ્યપણું તારું ખલાસ થાશે. એવા સંબંધવાળાપણામાં પોતાપણું માનીને તારું મનુષ્યપણું, કિંમતી એવું મનુષ્યપણું ચાલ્યું જશે, ખલાસ થઈ જશે. હારી જઈશ એમ કીધું છે. 'નર દેહને હારી જવો.' સોળ વર્ષે તો આટલો વિવેક છે 'શ્રીમદ્જી'ને. કુટુંબનું, પરિવારનું વધવાપણું, લક્ષ્મીનું વધવાપણું, સત્તાનું વધવાપણું ત્રણ બોલ લીધા છે. અધિકાર એટલે સત્તા. જગતમાં જે કાંઈ લોકોને મહત્તાનો વિષય છે એ આટલો છે. લક્ષ્મી, સત્તા અને કુટુંબ પરિવાર એટલે સંબંધો. અમારું જૂથ મોટું છે. કહે છે એ

'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' હારી જાય એટલે સામે કાંઈ ન મળે એનું નામ હારી ગયો કહેવાય. જેમાં કાંઈ વળતર ન હોય એનું નામ હારી ગયો. ગુમાવી નાખ્યું જેણે.

મુમુક્ષુ :- સ્વભાવને સ્વભાવની દૃષ્ટિથી જોવાનું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તેમાં જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો તે સ્વભાવ પોતે છે. તે સ્વભાવ એટલે કોઈ ચીજ નથી પણ તે સ્વભાવ પોતે છે. જ્યાં એને પોતાના જ્ઞાન-ઉપયોગમાં પોતાનો સ્વભાવ પકડાય, પોતાનો સ્વભાવ પોતારૂપે એને ગ્રહણ થાય ત્યારે જ્યાં પોતાપણું થાય ત્યાં પોતાપણાનો રસ ઉત્પન્ન થયા વિના રહે નહિ. આ એક સામાન્ય નિયમ છે.

પરપદાર્થણાં પણ જીવ ભ્રાંતિથી પોતાપણું કરે છે તોપણ એને ત્યાં રસ ઊપજે છે. તો એને સ્વપદાર્થમાં સ્વપણું કરતા અત્યંત રસ ઊપજે. ઊપજે જ ઊપજે. એ કાંઈ સમજાવાનો વિષય રહેતો નથી. એને આત્મરસ કહે છે, એને ચૈતન્યરસ કહે છે, એને અમૃતરસ કહેવામાં આવે છે. એ ખરો રસ છે. એવો આ રસનો વિષય છે. લુખ્ખો વિષય નથી પણ આ રસનો વિષય છે. એમ શુષ્કજ્ઞાનથી જ્ઞાનની અને સ્વભાવની વાતનો આ વિષય નથી, એમ કહેવું છે. આ તો સ્વભાવમાં પોતાપણું થતાં સ્વભાવરસની, આત્મરસની, અમૃતરસની પરિણતિ થાય એવો આ વિષય છે. પરિણતિ થઈ જાય એમાંથી. રસ છે ને એ પરિણતિ કરે છે.

આટલું આટલું સાંભળ્યા છતાં, વાંચ્યા છતાં વિચાર્યા છતાં પરિણતિ કેમ ન થઈ ? એવો કોઈ પ્રશ્ન પૂછે તો એને સીધો એ જવાબ છે કે તને રસ નહોતો તેથી ન થયું. ઠીક. અમે 'ગુરુદેવ' જેવા તીર્થંકર દ્રવ્ય હતું એવા મહાપુરુષને વર્ષો સુધી સાંભળ્યા પણ અંદરમાં પરિણતિ જે થવી જોઈએ, આત્માની જે પરિણતિ થવી જોઈએ, રસની આત્મરસની પરિણતિ થવી જોઈએ તે ન થઈ. કેમ ન થઈ ? કે તને પહેલેથી જ એમાં રસ આવ્યો નથી. રસ પરિણતિનો છે.

મુમુક્ષુ :- બહારથી આમ ઉત્સાહથી દોડી દોડીને જઈએ (છીએ).

પૂજ્ય ભાઈશ્રી :- પણ બહારનો રસ હોય તો શું કામ લાગે ? ત્યાં જઈને ગણાવું હતું કે હું પણ આવું છું ? આટલા બધા આવે છે એમાં હું પણ છું, એક હું પણ છું. એમ ગણાવું હતું ? શેનો રસ હતો ? ખરેખર

તો આત્મા તો ક્યાંય જાતો નથી અને આત્મા ક્યાંય આવતો નથી. અંતર દૃષ્ટિમાં તો એ વિષય છે કે આત્મા ક્યાંય જાતો પણ નથી અને આત્મા ક્યાંય આવતો નથી. બાહ્ય દૃષ્ટિમાં 'સોનગઢ' ગયો અને 'સોનગઢ'થી આવ્યો અને 'સોનગઢ' ... બાકી આત્મા ક્યાંય ગયો છે ને આવ્યો છે ? ... આવવો જોઈએ, જવા આવવાનો રસ નહિ. શું કહે છે ?

**'જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો, તે પોતે છે.'** જેટલો સ્વભાવ ખૂલ્યો તે પોતે જ છે. એ તો પોતે જ છે. એ સ્વભાવ ખૂલ્યો એ કોઈ અન્ય નથી. સ્વભાવ છે એ પોતે છે.

મુમુક્ષુ :- આવરણ છે ઈ પર છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવરણ છે એમાં તો ક્યાં કાંઈ જીવન છે ? આવરણમાં કાંઈ જીવન છે ? જીવન તો જ્ઞાનમાં છે. જીવંતપણું તો જ્ઞાનમાં છે.

**'આટલું વિશેષ આવરણ જવા છતાં પણ પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તેટલો તે શુદ્ધ.'** શું કહે છે ? કે અહીંયાં પણ જ્યાં જ્ઞાન નિરાવરણ થયું અથવા જ્ઞાનની જાતિ સમ્યક્ થઈ, પોતાને જાણ્યો, પોતાને અનુભવ્યો ત્યાં પણ હજી જ્ઞાન સંપૂર્ણ નિરાવરણ ઉપયોગમાં થયું નથી. અને જેટલું ખૂલ્યું છે એમાં પણ હજી થોડી ગડબડ છે, એમ કહેવું છે. એ આવરણ જવા છતાં એટલે ખુલેલું જ્ઞાન છે એમાં પણ પરમાં જ્ઞાન જાય, ઉપયોગ પરસત્તાને અવલંબે એટલે ઉપયોગ પરની સન્મુખ થાય, પરપદાર્થને જાણવાના કાળમાં પરની સન્મુખ થાય તે અશુદ્ધ. તે જ્ઞાન અશુદ્ધ. તે જ્ઞાન પરને ત્યાં સાધે છે. પરને અવલંબતા એ પરને સાધે છે. એ પરનું અવલંબવું એ પોતાના સ્વભાવને અનુકૂળ નથી. પરનું જાણવું બીજી વાત છે, અવલંબવું બીજી વાત છે. ઉપયોગ ફેરવે અને પરપદાર્થ ઉપર જાય ઉપયોગ ફેરવીને, પોતાના અંતર્મુખ ઉપયોગથી ફરીને, ઉપયોગ પરપદાર્થને અવલંબે પરને જાણવા કાળમાં ત્યારે તે જ્ઞાન તેટલું અશુદ્ધ. એમ લેવું.

તે પરિણમનથી તે પ્રકારના ઉપયોગના પરિણમનથી જ્ઞાનાવરણી બંધાય છે. જ્ઞાન અવરાય છે ત્યાં. ઉપયોગ જ્યારે સ્વસત્તાનું અવલંબન લે ત્યારે જ્ઞાનાવરણીની નિવૃત્તિ થાય છે. ત્યારે એને બંધ થતો નથી. એ અબંધ પરિણામ છે. પણ ઉપયોગ જ્યારે પર પદાર્થ સાથે સંબંધ કરે

ત્યારે તે અબંધ પરિણામ નથી પણ સબંધ પરિણામ છે. ખરેખર તો સબંધનો અર્થ જ એ છે, બંધ સહિતપણું તેને સબંધ કહીએ. લોકો સબંધમાં રાજી થાય છે. પણ હવે તું એમાં બંધા છો, રાજી થવા જેવું નથી.

સબંધ. મૂળ તો એનો મૂળ ત્યાંથી ભાવ છે કે બંધ સહિત તે સંબંધ. જે બંધ સહિત તે સંબંધ. ઉપયોગે પર પદાર્થનો સબંધ કર્યો ત્યાં બંધાણો. ઉપયોગ પોતાના નિજ સ્વરૂપમાં રમી રહ્યો, નિજ સ્વરૂપમાં સમાઈ રહ્યો, નિજ સ્વરૂપમાં જ ઉપયોગ પોતે લીન રહ્યો ત્યારે તે અબંધ પરિણામ છે. સબંધ નથી પણ અબંધ પરિણામ છે. અબંધ પરિમાણમથી નિર્જરા અને સબંધ પરિણામથી બંધ. બસ ! આટલી વાત છે. અબંધ પરિણામથી સંવર, નિર્જરા અને સંબંધ પરિણામથી આસ્રવ અને બંધ. બસ ! આ એનો સિદ્ધાંત છે.

એટલે સમ્યક્જ્ઞાન થવા છતાં પણ એમ કહે છે. પરમાં જ્ઞાન જાય, જેટલો ઉપયોગ પરમાં જાય તે અશુદ્ધ. તે પોતે ભાવે અશુદ્ધ. એ અશુદ્ધતાના નિમિત્તે દ્રવ્યકર્મનો બંધ થાય. શુદ્ધતાના નિમિત્તે દ્રવ્યકર્મનો બંધ ન થાય, એમ કહે છે. એ 'અષ્ટપાહુડ'માં છે કે મુનિને જેટલો કોઈ વ્યવહાર છે પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ જગપંથ છે. એને જગપંથ કહ્યો. જગ એટલે સંસાર. જેટલો રાગ એટલો સંસાર છે. રાગ ગયો કે સંસાર ગયો, એમ કહે છે. એ જગપંથ કહ્યો. એ ભગવાનનો પંથ ન કહ્યો. શાસ્ત્રમાં જગતનો પંથ કહી દીધો છે.

મુમુક્ષુ :- અહીંથી બે ધારા ચાલુ થઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંથી બે ધારા છે. જ્ઞાનમાં પણ બે ભાગ છે. સુખમાં પણ આનંદમાં પણ બે ભાગ થયા, ચારિત્રમાં પણ બે ભાગ થયા, પુરુષાર્થમાં પણ બે ભાગ થયા.

મુમુક્ષુ :- શ્રદ્ધા સિવાય બધે બે ભાગ થયા.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધામાં બે ભાગ નથી થતા. શ્રદ્ધા અખંડપણે પોતાના સ્વરૂપને વળગીને રહે છે. અને એવી એ નિરપેક્ષ શ્રદ્ધા છે તે બીજા ગુણોના પરિણમનના ઓછા વધતાપણા સાથે એ કાંઈ સંબંધ રાખતી નથી. જ્ઞાન કેટલું નિરાવરણ થયું એની સાથે શ્રદ્ધાને કાંઈ સંબંધ નથી. ચારિત્રદશામાં કેટલી વીતરાગતા થઈ અને કેટલો રાગ રહ્યો એની

સાથે શ્રદ્ધાને કાંઈ સંબંધ નથી. શ્રદ્ધાએ તો પોતાના નિજ પરમાત્મસ્વરૂપને કબજામાં લીધું છે, હવે એ કબજો છોડે એમ નથી.

ચારિત્રગુણ ક્યારેક તોફાને ચડે છે. કોઈ જીવને એવું પરિણમન થાય છે 'રામચંદ્રજી' જેવાને થયું. બીજાની ક્યાં વાત કરવી ? પુરાણપુરુષ છે. 'લક્ષ્મણજી'નો દેહાંત થયો તો એ વિયોગ સહન થાતો નહોતો. 'સીતાજી'નો વિયોગ થયો તો એ વિયોગ એને સહન થાતો નહોતો. રડતા હતા. રીતસર ચોધાર આંસુએ રડે. પણ શ્રદ્ધા એ ચારિત્રના તોફાનને ગણકારતી નથી. શ્રદ્ધા એ શ્રદ્ધા.

ચક્રવર્તીપણે જન્મ્યા. 'શાંતિનાથ' 'કુંથુનાથ' 'અરનાથ'. ચોવીસ તીર્થંકરમાંથી ત્રણ તીર્થંકર. સોળમાં, સત્તરમાં અને અઢારમાં ત્રણ તીર્થંકરો એકસાથે ચક્રવર્તી, કામદેવ અને તીર્થંકર-ત્રણ પદવીના ધારક હતા. છ ખંડ સાધવા નીકળે છે પોતે. પિતાજીના વારસામાં છ ખંડ નથી હોતા કે સીધા છ ખંડની ગાદીએ બેસી ગયા. એમ નથી. બહારમાં જેને વીરતા કહે, એવા પોતાના પુરુષાર્થથી છ ખંડને સાધે છે. લૌકિક પુરુષાર્થ છે. એ એટલા પુણ્ય લઈને આવ્યા છે કે આગળ ચક્ર જાય એટલે બધા Surrender જ થાય છે. બધા શરણાગતિ સ્વીકારી લે. ચક્ર જુએ એટલે સમજે કે આ શરણાગતિ ન સ્વીકારીએ એટલે શિરચ્છેદ થાશે, બીજું કાંઈ થવાનું નથી. ચક્ર ફરી વળે સીધું જ તે. આગળ ચક્ર અને પાછળ ચક્રવર્તી એની સેના સાથે જતા હોય છે. બધા શરણાગતિ સ્વીકારી લે છે. છ ખંડમાં એની આજ્ઞા ચાલે છે એ ચારિત્રનું તોફાન છે. એ જે છ ખંડ સાધવા નીકળ્યા એ ચારિત્રનું તોફાન છે. ત્યાં ચારિત્રગુણ એટલો ઊંધો ચાલે છે તોપણ તેમની જે ક્ષાયિકશ્રદ્ધા છે એને ગણકારતી નથી. એ તો પોતાના પરમાત્માને પકડીને, જકડીને બેઠી છે. લપેટ થઈને આત્મા સાથે (બેઠી છે). એ શ્રદ્ધા એમ કહે છે, જો શ્રદ્ધાને વાચા આપીએ તો, હે ચારિત્રગુણ ! થોડીક વાર તારે તોફાન કરવા હોય તો કરી લે પણ તારા તોફાન ચાલવાના નથી. શું કહે છે ? તારા તોફાન બંધ થઈ જશે બધા.

મારા હાથમાં જે મારો પરમાત્મા છે એનો પ્રભાવ એટલો બધો છે કે તારા તોફાન લાંબા નહિ ચાલે. થોડો કાળ એ ગડબડ થોડી થાશે ચારિત્રગુણમાં (પરંતુ અંતે) શાંત વીતરાગ પરિણામ થઈને

અરિહંતદશાને પ્રાપ્ત કરશે. તોપણ શ્રદ્ધા એમ કહે છે કે એ અરિહંતદશા થાય તોપણ હું તારી સામે જોઈશ નહિ. પૂર્ણ વીતરાગતા થાય તોપણ તારી સામે નહિ જોઉં. તું તોફાને ચડ્યો તો તારી સામે ન જોઉં પણ તું પૂર્ણ વીતરાગતાએ ડાહ્યો ડમરો થઈને અંદર સમાઈ જા તોપણ હું તારી સામું નહિ જોઉં. આવી ઉદંડ છે. શ્રદ્ધા છે એ આવી ઉદંડ છે. કોઈને ગણકારે નહિ. એના હાથમાં એવું એક તત્ત્વ આવી ગયું છે એ પછી કોઈને ગણકારે નહિ. એટલે તો 'સોગાનીજી'એ લખ્યું ને કે અવસ્થામાં નિગોદપણું હો કે અવસ્થામાં સિદ્ધપણું હો મારે શું લેવા દેવા છે ? મારે નુકસાન પણ નથી અને મારે લાભ પણ નથી. એ શ્રદ્ધાને વાચા આપી છે એમણે.

મુમુક્ષુ :- 'રામચંદ્રજી'ની આંતરીક સ્થિતિ 'સીતાજી'ના કારણે વેદતા હતા કે રાગના કારણે વેદતા હતા ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ. પોતાના રાગના કારણે. રાગ જ્યારે ચાલ્યો ગયો અથવા વીતરાગતા થઈ ત્યારે એ જ 'સીતાજી'નો આત્મા એમને ચલિત કરવા આવે છે. પોતે મુનિદશામાં હોય છે. જંગલની અંદર જ્ઞાન ધ્યાનમાં વિચરે છે. ત્યારે એને ધ્યાનમાંથી ચલિત કરવા ઉપરથી (આવે છે). પોતે સમ્યક્દૃષ્ટિ છે, 'સીતાજી' પોતે સમ્યક્દૃષ્ટિ છે. એ ઉપર દેવલોકમાં દેવ થાય છે પુરુષપર્યાયે. ત્યાં પછી સ્ત્રીપર્યાયે નથી. સમ્યક્દૃષ્ટિને સ્ત્રીપર્યાયનો બંધ પડતો નથી. એ ત્યાંથી અવધિજ્ઞાનથી, વચમાં રાગ તો ઘણો હતો, અવધિજ્ઞાનથી જુએ છે કે 'રામચંદ્રજી' શું કરે છે ? જોયું તો અરે...! આ તો રાજપાટ છોડીને પોતે મુનિ થઈ ગયા છે. મહામુનિ થઈ ગયા છે. જંગલમાં આત્માના ધ્યાનમાં વિચરે છે અને એમનું ધ્યાન જોતા તો એમ લાગે છે કે આ તો મોક્ષમાં વયા જાશે. એ મોક્ષમાં જાશે અને હું તો કરોડો, અબજો વર્ષ સુધી અહીંયાં દેવલોકમાં (રહીશ) અને આ તો હમણાં વયા જાશે. એમ ચાલે કાંઈ ? સાથે જવું છે. આટલો આપણે સંગાથ કર્યો. આખા ભવ સુધી સાથે રહ્યા. અનેક તડકા-છાંયા જોયા. જંગલમાં સાથે, મહેલમાં સાથે. એમ ને એમ કાંઈ છોડીને જવાય ? એવો રાગ થયો.

સમ્યક્દૃષ્ટિ છે ને એવો રાગ થયો કે જો આ ધ્યાનમાંથી ચ્યુત થાય તો મોક્ષમાં ન જાય. નહિતર આ તો કેવળ સાધી લેશે. ગડબડ કરે

છે થોડી. પણ 'રામચંદ્રજી' ધ્યાનમાંથી વિચલિત થતા નથી. એ તો થોડો રાગ આવ્યો રાજનો તોપણ તે 'સીતાજી'ને મોકલી દીધા. ત્યાં વિયોગનું દુઃખ ન થયું. થોડોક રાજનો રાગ થયો કે રામરાજ્યમાં કોઈ અવર્ણવાદ બોલે એવો એક પ્રસંગ ન જોઈએ. એનું નામ રામરાજ્ય કહેવાય. એટલો જરાક આબરૂનો રાગ વધ્યો ત્યાં 'સીતાજી'ને મોકલી દીધા. જાવ, મૂકી દ્યો એને જંગલમાં. ન્યાં વિયોગમાં કાંઈ દુઃખ ન થયું. ત્યાં કાંઈ રડતા નહોતા. એ તો એક રાગ પણ બીજા રાગને ધક્કો મારે છે તો વીતરાગતા તો રાગના ફૂરચા ઉડાવે એમાં નવાઈ શું છે ? એમાં તો રાગનું નામનિશાન રહેતું નથી. એ એક જ જીવનું આ ચારિત્ર છે.

'રામચંદ્રજી', જેમનો આત્મા અત્યારે સિદ્ધાલયમાં સિદ્ધપણે ણમો લોએ સવ્વ સિદ્ધાણં. સિદ્ધાણંમાં અત્યારે બિરાજમાન છે. એ એક જીવનો આ ચારિત્ર (ગુણ) છે. એક ભવના ચારિત્રમાં આટલી ઉથલપાથલ છે. એને ચરિત્ર કહે છે. અને 'રામચરિત્ર માનસ' આ લોકો જે એમ કહે છે. એ ચરિત્ર શબ્દ વાપર્યો છે. ચરિત્ર એટલે આચરણ. કેવું કેવું આચરણ હતું. આદર્શ વધારે છે, લૌકિક આદર્શ પણ વધારે છે એટલે ચરિત્ર કહે છે.

મુમુક્ષુ :- 'રામચંદ્રજી' એ રાગને કારણે દુઃખને વેદે છે, એ એને શ્રદ્ધાનો કારણે જણાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- જાણે છે તો જ્ઞાનના કારણે. જાણવાનું કામ તો જ્ઞાનમાં (થાય છે). શ્રદ્ધા તો પોતાના વિષયને છોડીને અન્યને વિષય જ નથી કરતો. ન તો સુખને વિષય કરે છે કે ન તો દુઃખને વિષય કરે છે. પણ શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ આપોઆપ થાય છે. એ જ્ઞાનમાં એને જણાય છે કે ઉપયોગ હજી આટલો બહાર જાય છે. ઉપયોગ આટલું, જ્ઞાન આટલું અંદર રહે છે અને આટલું જ્ઞાન બહાર જાય છે, એમ જ્ઞાન પોતે પોતાની બંને ધારાને જાણે છે. જ્ઞાન, જ્ઞાનની બેય ધારાને જાણે, જ્ઞાન ચારિત્રની બેય ધારાને જાણે. ચારિત્રમાં પણ વીતરાગતા થઈ છે અને રાગ રહ્યો છે અને જ્ઞાન સુખ-દુઃખની બેય ધારાને પણ જાણે છે. બધું જાણવાનું કામ જ્ઞાનનું છે. એ જ્ઞાન જાણે છે.

મુમુક્ષુ :- જ્ઞાન સમ્યક્ થાય એટલે શ્રદ્ધાને કારણે. એટલે આમ તો સંબંધ તો થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યવહાર છે. શ્રદ્ધા સાથે સબંધ કરવો તે વ્યવહાર છે. ગુણનું પોતાનું પણ કાર્ય છે. એ પોતાથી સ્વતંત્ર શક્તિવાળો (ગુણ છે). ગુણ પોતે જ શક્તિવાળો છે. એક ગુણને બીજા ગુણની શક્તિની મદદ મળે તો કાર્ય થાય તો એ ગુણને સામર્થ્ય પોતાનું નથી એમ કહેવું જોઈએ. એમ છે. જ્ઞાન સવળો કે અવળો પોતાને કારણે છે. ચારિત્રમાં સવળાઈ, અવળાઈ પોતાને કારણે છે. પોતાનું જ કારણ છે.

મુમુક્ષુ :- વર્તમાન ચાલતી અવસ્થામાં પોતાનું જ્ઞાન છે એ વર્તમાનમાં કેમ પ્રગટ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રગટ જ છે પણ જોવું જોઈએ, અવલોકનમાં જોવું જોઈએ. જો અહીંયાં શું કહ્યું ? ફરીથી જોઈએ.

'**જ્ઞાન આવરણથી ન્યારું છે...**' કઈ ? ચાલતી અવસ્થામાં. લીધું ને ? '**તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે,...**' એ આવરણથી ન્યારું છે એટલે પોતાની ચાલતી અવસ્થામાં આવરણથી ન્યારું છે. '**તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે. જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખુલ્યો તે પોતે છે.**' એ સ્વભાવ ખુલ્યો છે, ખુલ્લો જ છે. કયા જીવને જ્ઞાન પ્રગટેલું નથી બતાવો ? કયા જીવને જ્ઞાન પ્રગટેલું નથી ? નિગોદના જીવને પણ અક્ષરમાં અનંતમાં ભાગે જ્ઞાન પ્રગટેલું છે, પણ અસંજ્ઞીપણા સુધી વિચાર નથી થઈ શકતો. હિત-અહિતનો, હેય-ઉપાદેયનો વિવેક નથી થઈ શકતો.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવને એને અવલોકન અહીંયાં કરવા જેવું છે, સ્વભાવ અહીંયાં છે, સ્વભાવ ઉપાદેય છે એમ એ વિવેક કરીને સ્વભાવ ઉપર ઉપયોગ લાવે છે. એટલે ઉપયોગમાંથી સ્વભાવને ઉપયોગ દ્વારા જ ગ્રહણ કરે છે. પોતે ઉપયોગ ઉપયોગમાંથી પોતામાંથી જ પોતાના સ્વભાવને પોતા સ્વરૂપે ગ્રહણ કરે છે. તેથી પોતાની અને પોતાની વચ્ચે અભેદપણું સમજાય છે. અને સમજાય છે એટલે ભાવ ભાસે છે. અભેદતાનો ભાવ ત્યાં ભાસે છે. એનું નામ અહીંયાં સમજાય છે. આમ સ્વભાવને પકડવાની વાત છે.

મુમુક્ષુ :- શાસ્ત્રથી જાણ્યું કે પ્રગટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો કાલે એ વાત લીધી હતી. ફરીથી

લઈએ હવે. પહેલી લીટી જ્યારે શરૂ કરી ત્યારે પરમ દિવસે એટલી વાત કરી હતી.

**'મારા દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'** ત્યાં શાશ્વત ચૈતન્યપિંડ એકપ્રદેશી દેહ પ્રમાણ જે શાશ્વત, ધ્રુવ આત્મા છે એમાં જ્ઞાનના તરંગો થાય છે એમ અવલોકન કરવું. આ વિષયને વિચારની મર્યાદામાં નહિ રાખતા, આ વિષયને પોતાનો ચાલતો પરિણામ હોવાથી, ચાલતું પરિણમન હોવાથી એના અવલોકનમાં જાવું. અવલોકનમાં જવું જોઈએ. એ અવલોકનમાં જનાર જ્ઞાન કેટલું ધીરું હોય, કેટલું સૂક્ષ્મ હોય અથવા કઈ ભાવની ભૂમિકામાં અવલોકન થાય ? આ વિચારવા જેવો વિષય છે.

જેનો ઉપયોગ સંયોગના મમત્વમાં તીવ્ર રસથી ડહોળાયેલો રહે એ અવલોકનમાં નહિ આવી શકે. કેમકે એને તો મુખ્યતા જ નહિ છૂટે. એને પરની મુખ્યતા નહિ છૂટે અને પરની મુખ્યતામાં પરરસની પરિણતિ એટલી એની હશે કે આ વાત શાસ્ત્ર લઈને વિચારવા બેસશે તો એની પરિણતિ એ વિચારને સ્થાન ક્યાંય આપશે નહિ. એનો વિચાર ઘર નહિ કરે.

માણસ નથી કહેતા કે આ હવે ક્યાંક ઘર કરે તો સારું. ઘર કરે એટલે ઠરીને ઠામ થાય તો સારું. છે ને કાઠિયાવાડી ભાષામાં બોલવાનું ? ઉડાઉડ કરે છે. એમ ભલે અનેક શાસ્ત્રો વાંચે પણ જ્યાં સુધી પરની મુખ્યતા જતી નથી, પરમાં રસ બુદ્ધિ અને પરમાં સુખબુદ્ધિ જતી નથી ત્યાં સુધી આત્માનો મહિમા આવવાનો વિચારથી જે પ્રકાર છે, એ વિચારથી પણ એને મહિમા યથાર્થ પ્રકારે આવી શકતો નથી. અને એને અવલોકનમાં આવવું હોય તોપણ એ આવી શકે નહિ. વિચારી શકે કે આમ થાય, આમ થાય પણ એ કાંઈ વાત ઘર કરે નહિ. એ વાત ઘર ન કરે. એટલે આ વિષય માત્ર વિચારની મર્યાદામાં રહીને વિચારવા પૂરતો નથી.

લોકો એમ કહે છે ને ? કે ભઈ, એકલી વાતો નહિ કરો. કાંઈક આચરણ કરો. આ સીધું ખરેખર વાત તો આચરણની આવીને ઊભી રહે છે અહીંયાં. કે માત્ર તર્કથી, વિચારથી કે ન્યાયથી કે આગમથી માત્ર વિચારવું નથી. હવે જે ચાલતું પરિણમન છે, જેમાં આચરણ થઈ રહ્યું

છે, ત્યાં ઉપયોગને લઈ જવો છે. ત્યાં સ્વભાવ જ્ઞાનમાં ખુલ્લો છે તેને સ્વભાવની દૃષ્ટિએ સ્વભાવ જોવો છે. જ્યાં સુધી ન દેખાય ત્યાં સુધી એને વારંવાર જ્ઞાનને સૂક્ષ્મ કરીને, ધીરું કરીને જો એકવાર એ સ્વભાવને ગ્રહણ કરી લે, સ્વભાવને સમજી લે, સ્વભાવનું અવભાસન કરી લે તો ત્યાં એને સંસ્કાર પડી જાય છે. એનો નિવેડો થઈ ગયો. હવે આટલું કામ જે કરવું છે એ થોડીક અંદરની નવરાશ લઈને કરવાની વાત છે. તો એનો અનંત કાળનો નિવેડો આવે એવો અત્યારે અવકાશ છે અને નહિતર અનંત કાળે પત્તો નહિ ખાય પાછો. અહીંયાં ચૂક્યો તો. કેમકે અહીંયાં એને તક મળી એની બેદરકારી કરી.

જો તક ઝડપી નહિ તો નુકસાન કેટલું ? કે કુદરતના ઘરમાં એ સજા છે કે તેં ઉપેક્ષા કરી. તારા હિતની અને તારા પરમાત્માની તેં ઉપેક્ષા કરી, અનાદર કર્યો. અનંત કાળે આ તક નહિ મળે, જા. જો તક મળી છે એનો લાભ લેવાનો તેં પ્રમાણિકપણે પ્રયત્ન કર્યો, પ્રયાસ કર્યો (તો) તને વાર નથી લાગવાની, એમ કહે છે. એક ચકલા, દેડકા જેવા જીવો કામ કરે છે અને તું માણસ જેવો માણસ થઈને કામ કરતો નથી, એમ કહે છે. શરમાવા જેવું ખરું કે નહિ ? 'અનુભવ પ્રકાશ'માં તો બહુ આવી વાતો ભરી છે. શું કહે છે ?

જેટલો અંશ... અહીં તો એમ કહે છે કે અનુભવ થયા પછી પણ જેટલો અંશ જ્ઞાનનો પરમાં જાય તે અશુદ્ધ. તે બંધમાર્ગ. તે મોક્ષમાર્ગ નહિ પણ તે બંધમાર્ગ. અને જેટલો અંશ નિજમાં રહે તેટલો શુદ્ધ અને તેટલો મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ કેટલો ? કે મોક્ષમાર્ગી જીવના પરિણામમાં આંશિકપણે મોક્ષમાર્ગ અને આંશિકપણે બંધમાર્ગ છે. અલ્પ બંધન થાય છે. મુખ્ય પરિણતિ મોક્ષમાર્ગની છે અને ગૌણ પરિણતિ બંધમાર્ગની છે. મોક્ષમાર્ગનું બળવાનપણું છે તેથી મોક્ષમાર્ગ વધતો ચાલીને પૂર્ણ મોક્ષ સુધી જીવ પહોંચે છે. બંધમાર્ગમાં રાગાદિ ભાવો નિર્બળ થયા હોવાથી ઘસાતા, તૂટતા, બળતા, જળતા, ટળતા પૂરેપૂરા ટળી જાય છે. જેમ એક વસ્ત્ર જર્જરિત થયા પછી લાંબો સમય ટકતું નથી. એમ જ્યાં આત્મા જાગ્યો અને પોતાના અનંત શક્તિ અને સામર્થ્યની ઓથ લીધી, ત્યાં રાગ પછી જર્જરિત થઈ જાય છે. એ રાગ પછી લાંબો સમય ટકી શકતો નથી. એને આધાર મળતો નથી. એ હું નહિ. ભેદજ્ઞાનમાં 'એ હું

નહિ' એવો જે એનો આધાર ખસી ગયો, એ રાગ પછી લાંબો સમય ટકી શકતો નથી.

**'તેથી કેવળજ્ઞાન ગુપ્ત છે.'** એટલે જેટલો અંશ પરમાં જાય છે તેટલો અશુદ્ધ છે અને જેટલો અંશ નિજમાં રહે તેટલો શુદ્ધ છે. એવી સ્થિતિ હોવાને લીધે એમ કહે છે કે કેવળ એટલે સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન જેને કહીએ, એ જ્ઞાન હજી ગુપ્ત નામ અવરાયેલું છે. અહીંયાં હજી કેવળજ્ઞાન ખૂલ્યું નથી. પરંતુ ભલે કેવળજ્ઞાન ખૂલ્યું નથી તોપણ, એમ કરીને (વાત કરે છે). કેવળજ્ઞાન આવરિત હોવા છતાં પણ એમ કરીને, એ અવસ્થાને ગૌણ કરીને એમ કહે છે. **'પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ.'** જુઓ ! ઉપર જે વાત આવી હતી એ વાતને અહીંયાં સાબિત કરી. કે કેવળજ્ઞાન માત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને જઘન્યજ્ઞાની સ્વસંવેદન વધારે છે. અહીંયાં કહે છે કે પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણ એટલે પ્રત્યક્ષની પ્રતીતિ કરી કરીને આનંદ વધારીએ. સ્વસંવેદન કહો એ જ્ઞાનની મુખ્યતાથી (વાત છે), આનંદ કહો તે સ્વસંવેદનમાં ઉત્પન્ન થયેલા આનંદગુણની વાત છે. એ રીતે અહીંયાં ફરીને પાછી એ વાત લે છે કે કેવી રીતે પોતે પ્રત્યક્ષ કરી કરીને આનંદને વધારે છે ? પરિણમનમાં ભાવનો આવિર્ભાવ કરે છે. (વિશેષ લઈશું...)

ધારણા અને વિચારમાં નિજ સ્વરૂપનો અનુભવ થઈ શકે નહીં. જેવી રીતે પરદ્રવ્ય અને પરભાવને, તે ભિન્ન હોવા છતાં, જીવ ગ્રહણ કરી ઉપાધિ વેદે છે. તેવી રીતે સ્વદ્રવ્યને લક્ષણ વડે-વેદન વડે-જ્ઞાનમાં સ્વપણે ગ્રહણ કરવાથી, અનુભવ આવી શકે છે. તેથી નિમિત્ત, રાગ, પરલક્ષી ઉઘાડ, ધારણા-વગેરેની અપેક્ષા છોડીને નિજાવલોકનમાં આવવું રુચિ વડે પદાર્થનું ગ્રહણ થાય છે.

(અનુભવસંજીવની - ૮૮૭)

## તા. ૧૮-૧૦-૧૯૮૫, પાના નં.૧૩, પ્રવચન નં. ૪૦

.. કેમ થાય ? તેની વિધિ કહી. હવે કહે છે, અનુભવી જીવને પણ ઉપયોગ પરપદાર્થમાં જાય છે. આત્માની સત્તા સિવાય અન્ય સત્તાને અવલંબે છે અથવા પરપદાર્થની સન્મુખ ઉપયોગ થાય છે. જેટલો ઉપયોગ એ પ્રકારે થાય તે અશુદ્ધ. તે જ્ઞાનની અશુદ્ધતા સમજવી.

મુમુક્ષુ :- આ paragraphને શરૂઆતથી લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી લેવો છે ?

**'જઘન્યજ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે છે ? તે કહેવામાં આવે છે. મારા દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે,...'** તે એમ જોવે છે. વિચાર કરે છે એમ ન લેવું. જઘન્યજ્ઞાની એમ જોવે છે, એમ અનુભવ કરે છે કે આ જે અખંડ એકપ્રદેશી દેહપ્રમાણ ચૈતન્યપિંડ આત્મા છે, તેમાં જ્ઞાન-દર્શનના તરંગ, જ્ઞાન-દર્શનનો એક પ્રવાહ ચાલે છે. પરિણામનું ઊપજવું (થાય છે). જ્ઞાન-દર્શનરૂપે ચૈતન્યપિંડનું પ્રકાશવું (થાય છે) એ એના પ્રદેશમાંથી ઊઠે છે. પ્રદેશમાંથી ઊઠે છે એમ કહીને પરપ્રદેશ અથવા પરપદાર્થની સત્તા ઉપરથી ઉપયોગ ફેરવીને એ પોતામાં જોવે તો એને ખબર પડે કે કયા પ્રદેશમાંથીકયા ક્ષેત્રમાંથી જ્ઞાન-દર્શનનો પ્રકાશ ઉત્પન્ન થયા કરે છે.

એટલે જે પરપદાર્થ પરનું લક્ષ હતું એ વાત તો અહીંયાં છૂટી ગઈ. જો પોતાના પ્રદેશમાંથી એટલે પોતાના ચૈતન્યાત્મક ક્ષેત્રમાંથી જ્ઞાન-દર્શનનો પ્રકાશ ઉત્પન્ન થાય છે તો એને પર તરફ જે જાણવું, જોવું રહ્યું છે એ વાત તો અહીંયાં રહેતી નથી.

**'જાણપણું મારામાં છે.'** એટલે એવો જાણવાનો સ્વભાવ મારામાં છે. **'એવી પ્રતીતિ કરતાં આનંદ થાય તે નિર્વિકલ્પ સુખ છે.'** શું કહ્યું ? કે જાણવાનો સ્વભાવ મારો છે. મારા સ્વભાવને લીધે જાણવું... જાણવું... જાણવું.... જાણવું... એવું થયા જ કરે છે. અહીંયાં શું જાણવું છે એ વિષયને લક્ષ્યમાં લેવો નથી.

એમ અંદરમાં પ્રતીતિ કરતાં... પ્રતીતિ કરતાં એટલે પોતાને જાણન સ્વભાવપણે સ્વીકારતા માત્ર પ્રતીતિ થાય છે અને જ્ઞાન થાય છે એટલું જ નહિ. પણ એક નવી વાત ઊપજે છે કે જે આનંદ અનાદિથી ઉત્પન્ન થયો નહોતો, તેવો આનંદ ઉત્પન્ન થઈ આવે છે. નહિતર કાર્ય તો સ્પષ્ટપણે જ્ઞાને કર્યું અને કાર્ય તો શ્રદ્ધાએ કર્યું. જ્ઞાને પોતાના સ્વરૂપને જોયું કે મારા સ્વરૂપમાંથી મારા જ્ઞાન-દર્શનના પર્યાયો આવ્યા કરે છે. અને એમાં ત્યાં હું છું. જાણન સ્વભાવે હું છું એમ પ્રતીત થઈ. આમ જ્યાં જ્ઞાનને પ્રતીતિ થઈ ત્યાં સાથે સાથે આનંદ પણ ઊપજ્યો. આ વિશેષતા થઈ. અનુભવની દશામાં વિશેષતા થાય છે તે આત્મિક સુખની છે, આત્માના આનંદની છે.

કેટલાક એવું વિચારે છે કે આત્માની હયાતીને તો અમે સ્વીકારીએ છીએ અને આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ એના સ્વભાવને પણ અમે સ્વીકારીએ છીએ. આવું જાણીએ છીએ અને આવું માનીએ છીએ માટે અમને શ્રદ્ધા-જ્ઞાન સાચા છે. એવા ભ્રમમાં ઘણા રહે છે. એવા ભ્રમમાં રહે છે કે આત્મા આવો છે એ તો બરાબર અમને શ્રદ્ધા-જ્ઞાનમાં એમ જ છે, બીજી રીતે અમે માનતા નથી. એને પૂછે છે કે, એવું શ્રદ્ધવું અને જાણવું થયું ત્યારે આનંદની ઉત્પત્તિ, આનંદનો અનુભવ થયો કે ન થયો ?

અહીંયાં એમ કહે છે કે એ મારું જાણપણું મારામાં છે એવી પ્રતીતિ કરતાં, જ્ઞાન તો છે જ જાણપણું છે એટલે, એવી જ્યાં પ્રતીતિ થઈ. જ્ઞાનની સાથે જ્યાં પ્રતીતિ એકદમ એકરૂપ થઈ, બંને એક ભાવે થયા. સ્વભાવ જ્ઞાયકસ્વભાવ પોતે એમ જ્ઞાને જાણ્યું અને શ્રદ્ધાએ એમ સ્વીકાર્યું, એમ જ્યાં શ્રદ્ધા-જ્ઞાન થયા ત્યારે આનંદની અનુભૂતિ પણ થઈ. એ મોક્ષમાર્ગ છે એ આનંદની અનુભૂતિની મહોર છાપવાળો છે. આનંદની અનુભૂતિની છાપ ત્યાં લાગે. મહોર એટલે આ સરકાર મારે છે ને ? પોતાનો સિક્કો. આ સરકારી કાગળ છે. એટલે સત્તાવાળાનો આ કાગળ છે. એમ આ આનંદની અનુભતિ ઉત્પન્ન થાય છે ત્યાં મોક્ષમાર્ગ સાચો.

જ્યાં આનંદની અનુભૂતિ નથી થઈ, ત્યાં જ્ઞાન-શ્રદ્ધાનમાં ભલે શાસ્ત્રો અનુસાર હોય, વિચાર હોય, માનવું છે એમ લાગતું હોય કે એમ જ માનીએ છીએ અને એમ જ જાણીએ છીએ, તોપણ ત્યાં જાણવું,

માનવું સમ્યક્ નથી. શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ નથી અને ત્યાં મોક્ષમાર્ગની શરૂઆત પણ થઈ નથી.

મુનિદશા તો પ્રચુર આનંદના વેદનવાળી છે જ. ત્યાં તો અત્યંત... અત્યંત.... આનંદ છે. ચારિત્રદશામાં દુઃખ નથી. લોકો જે (માને છે), લોકોક્તિ થઈ ગઈ (કે) લોઢાના ચણા ચાવવા જેવી વાત છે. એટલે ઘણું દુઃખવાળું ચારિત્ર છે. એ વાત ખોટી છે. ઘણા આનંદ અને ઘણા સુખવાળું ચારિત્ર છે. અત્યંત આનંદ અને અત્યંત સુખ છે. એગંત સોહિ મુનિ વીતરાગી. વીતરાગતામાં એકલા મુનિ જ સુખી છે. સમ્યગ્દૃષ્ટિ તો જઘન્ય સુખી છે. મુનિદશામાં પ્રચુર આનંદ છે.

મુમુક્ષુ :- જ્ઞાન-દર્શન ઉપયોગ ... આનંદથી બતાવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન-દર્શનમાં કેટલાકને ભ્રમ થાય છે કે શાસ્ત્રમાં જેવો આત્મા કહ્યો છે એવો અમે જાણીએ છીએ. અમારા જાણપણામાં પણ તપાસતા કાંઈ બીજું બીજી રીતે જાણતા હોય એવું લાગતું નથી. અમે સંમત છીએ અને એવી જ અમારી માન્યતા છે. જેવું અમારું જાણવું છે એવી જ અમારી માન્યતા છે. તો અહીંયાં શ્રદ્ધા-જ્ઞાન સાચા કે નહિ ? એને પૂછે છે કે એવું શ્રદ્ધા-જ્ઞાન થતાં આનંદ આવ્યો કે નહિ ? જો આનંદ થયો હોય તો એ શ્રદ્ધા-જ્ઞાન સાચા. નહિતર એ શ્રદ્ધા-જ્ઞાનની અંદર હજી ફેર છે એ વાત ચોક્કસ છે.

જો કે આનંદમાં પણ કેટલાકને ભ્રમણા થાય છે. એ એવી રીતે થાય છે કે તત્ત્વ વિચારમાં કષાયની મંદતા ઘણી થાય, ત્યારે એ એમ માને છે કે અમને આત્માનો આનંદ આવી ગયો. એ વાત પણ બરાબર નથી. માનસિક આનંદ બીજી વાત છે અને નિર્વિકલ્પ સ્વરૂપનો આનંદઆત્માનંદ તદ્દન બીજી વાત છે.

રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં 'ટોડરમલજી'એ એ વાત લીધી છે કે સમ્યક્‌દૃષ્ટિ પણ ક્યારેક સ્વરૂપધ્યાનનો ઉદ્યમ કરે છે. ત્યાં સમ્યક્‌દૃષ્ટિને પણ હું જ્ઞાનસ્વરૂપ છું, આનંદ સ્વરૂપ છું, પૂર્ણ છું, એક છું, શુદ્ધ છું એવા સ્વરૂપના વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ વિકલ્પના કાળમાં પણ એને ઘણી માનસિક શાંતિ ઊપજે છે. સમ્યગ્દૃષ્ટિને પણ કષાય મંદ થાય ત્યારે માનસિક શાંતિ હોય છે તો પણ એ ખરેખર આત્માનો આનંદ છે એમ સમ્યક્‌દૃષ્ટિને ભ્રમ થતો નથી. એને ભ્રમ થતો નથી એનું તો બીજું

પણ કારણ છે કે એને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થયો છે, એમાં કેવો પ્રકાર છે એ એના અનુભવગોચર છે. અને મન જ્યાં સુધી મનથી વિકલ્પ ચાલે છે, સૂક્ષ્મ અંતરજલ્પ ચાલે છે, સૂક્ષ્મ વિકલ્પ ચાલે છે ત્યાં સુધી પણ નિર્વિકલ્પ દશા નથી, એમ એને સવિકલ્પદશા અને નિર્વિકલ્પદશાનો આંતરોબે વચ્ચેનો તફાવત એને તો સમજાયેલો છે એટલે એને તો ભૂલ થતી નથી. પણ જેને કદી નિર્વિકલ્પ આનંદ ઉત્પન્ન થયો નથી, નિર્વિકલ્પ સુખ ઉત્પન્ન થયું નથી... લ્યો, આ બીજી ચર્ચા ચાલી. પરમદિવસે આ વાત નહોતી ચાલી. એને એ ખ્યાલ ન આવે તો એને ભ્રમણા થાય છે. એને એ ભ્રમણા થાય છે. એ ભ્રમણા થાય એમાં એને કલ્પના થાય છે કે આત્માનો આનંદ છે, આમાં આત્માનું સુખ છે. પણ એ ખરેખર વાસ્તવિક મોક્ષમાર્ગની શરૂઆત હજી ત્યાં થઈ નથી.

અહીંયાં તો ઘણું વર્ણન લેશે. એવું નિર્વિકલ્પતાનું અને બીજું બધું ઘણું વર્ણન આમાં તો આવે છે. અનુભવનો જ ગ્રંથ છે ને એટલે એ વિષયની ઘણી વાતો આવે છે. એ વિષય ચાલશે ત્યાં સ્પષ્ટીકરણ વધારે કરશું પણ...

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને અંદરમાં આનંદ થતો હશે તો અંદરમાં શું થતું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- આનંદ. આનંદ થાય ત્યારે આનંદ જ થાય. બીજું શું થાય ?

મુમુક્ષુ :- એનું કાંઈ આમ વર્ણન થતું હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- આનંદ તો જગતના (કોઈ પદાર્થ સાથે સરખાવી શકાય એવું નથી). એટલે તો એને અનુપમ આનંદ કહ્યો છે. કોઈ ઉપમા આપી દે તો એનું વર્ણન થઈ શકતું નથી. એક વાત. બીજું એ નિર્વિકલ્પ છે એટલે એને સવિકલ્પજ્ઞાન દ્વારા કેવી રીતે કહેવો ? આનંદ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ સુખ છે અહીંયાં. કીધું ને ? '**તે નિર્વિકલ્પ સુખ છે.**'

બહારમાં કોઈ એમ કહે કે ભાઈ ! આ ઘી બહુ સારું છે. તો કહે તમને સારું લાગ્યું એટલે શું ? તો કહે, મીઠું લાગ્યું. હવે એનો સ્વાદ કેવી રીતે બતાવવો ? ઘી તો મોળું હોય છે, કાંઈ ગળપણ તો હોતું

નથી. તો કહે, કેવું મોળું છે ? શીંગદાણા ખાવ તો મોળા લાગે, કાજુ ખાવ તો મોળા લાગે. બેયનો એક સરખો સ્વાદ છે ? ઘી મોળું લાગે, કાકડી મોળી લાગે. કહેવાય બધું મોળું પણ બધાના સ્વાદ જુદા જુદા. હવે કોઈ એમ કહે કે બતાવી દયો, બે વચ્ચે અંતર શું છે ? શીંગદાણા અને કાજુ બેય તો નટ છે. નટ એટલે બિયા છે. હવે બેય બિયા છે, રંગમાં, રૂપમાં એકસરખા લગભગ લાગે. બેનો સ્વાદનો તફાવત કેવી રીતે બતાવવો ?

મુમુક્ષુ :- નિર્વિકલ્પ આનંદ જ્યારે આવે છે ત્યારે ..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે દાખલા એટલે એવી વ્યક્તિઓના નામ જોઈએ ? ઘણા જ્ઞાનીઓ થયા. એમાં 'દિપચંદજી' પોતે. આ શાસ્ત્રના રચયિતા જે છે, એ 'દિપચંદજી' પોતે સ્વરૂપાનંદના અનુભવી છે એમ સ્પષ્ટ એમના લખાણ ઉપરથી જણાય છે. જેટલા જેટલા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓ છે, 'પૂજ્ય બહેનશ્રી' છે, અહીંયાં અત્યારે વિદ્યમાન લઈએ તો. 'ગુરુદેવ' હતા એમણે પણ આનંદનો અનુવભવ લીધો. 'શ્રીમદ્ રાજચંદ્રજી' હતા. આગળ ચાલીએ તો. 'ટોડરમલજી' થયા, 'બનારસીદાસજી' થયા. અને મુનિઓમાં તો અનેક મુનિઓ અને આચાર્યો થયા 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારીદેવ'.

મુમુક્ષુ :- ... એ લોકોના લખાણમાં એ વખતે એવા દાખલાઓ જોવા મળે છે કે જે દાખલાઓમાં એ લોકોએ એક વખત ... બનાવીને પછી,...

પૂજ્ય ભાઈશ્રી :- એ લોકો એટલે કોણ ? હું સમજ્યો નહિ.

મુમુક્ષુ :- .... ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ચર્ચા કરીએ થોડી. બ્રહ્માનંદ છે, વેદાંતની અંદર એને બ્રહ્માનંદ કહ્યો છે. બ્રહ્મનો આનંદ. બ્રહ્મ એટલે આત્મા. હવે ત્યાં માનસિક આનંદ છે કે આત્માનો આનંદ છે ? આ વિચારવા યોગ્ય વિષય છે. કેમકે ત્યાં પણ એવું વિચારવામાં આવે છે કે અનુભૂતિ થાય છે. અનુભૂતિ શબ્દનો પ્રયોગ છે ત્યાં. બ્રહ્માનંદ, અનુભૂતી પછી ચિદાનંદ. ચિદાનંદ શબ્દનો પ્રયોગ છે. સચ્ચિદાનંદ શબ્દનો પ્રયોગ છે. અનેક શબ્દનો પ્રયોગ છે. મૂળ તો ભગવાનની વાણીમાંથી અનેક પ્રકાર ઊભા થયા. તો શબ્દ ન મળે એવું કાંઈ નથી.

હવે જે વિષય વિચારનો અને વિકલ્પનો નથી ત્યાં એને વિચાર અને વિકલ્પથી તો, એની Cross examination લેવી હોય, જેને પરીક્ષા કહીએ, એ તો કેવી રીતે ? સીધી રીતે શક્ય નથી. એટલે ત્યાં બીજી રીતે એની પરીક્ષા કરીએ છીએ. જે સ્વરૂપનો આનંદ છે, જેને આત્માનંદ કહેવામાં આવે છે, નિજાનંદ કહેવામાં આવે છે, એ આનંદ આત્માના કયા ક્ષેત્રમાં થાય છે ?

પહેલા તો એ લોકો આત્માને સ્વદેહ પ્રમાણ સ્વીકારતા નથી. પણ સર્વવ્યાપક બ્રહ્મ તરીકે સ્વીકારે છે. બરાબર છે ? સર્વવ્યાપક. આ જગતમાં બ્રહ્મ છે તે સર્વવ્યાપક છે. હવે જો આનંદ થાય તો બધે વ્યાપે કે ન વ્યાપે ? તો એમને પૂછશો તો એમ કહેશે, હું પણ એમાંથી જ આવું છું એટલે થોડી ખબર છે, હોં ! નહિતર તો ખબર ન હોત એટલી બધી. અહીંયાં આનંદ અનુભવ થાય છે. કોઈ એમ કહે છે, અહીંયાં, અહીંયાં આનંદનો અનુભવ થાય છે. પણ મોટાભાગના જે લોકો સમાધિના, યોગના અને સમાધિના, પ્રાણાયામના પ્રયોગ કરે છે, અહીંયાં એટલે એને એ લોકોએ નામ આપ્યું છે-બ્રહ્મરંધ્ર કહે છે એ ભાષામાં. શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. બ્રહ્મરંધ્રમાં આનંદની ઉત્પત્તિ થાય છે.

ત્યારે અહીંયાં એમ કહે છે કે, આત્માનો જે આનંદ થાય છે એ દેહપ્રમાણ એક પિંડ આત્મા છે એક અભેદ પૂરા ક્ષેત્રમાં, પૂરા ચૈતન્યપિંડમાં આનંદ આનંદ આનંદ છવાય જાય છે, વ્યાપી જાય છે. એવા આનંદની ઉત્પત્તિ થાય છે. હવે અહીંયાં તો વિચારભેદ થયો. જો બંને એક વાત હોત તો આ પ્રકારે વિચારભેદ ન હોત.

અધ્યાત્મના વિષયમાં અનેક મતાંતરોમાં એકસરખી વાત ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. આવી બધી હોય છે જે નિર્વિકલ્પદશાની વાતો છે. એમાંય ખાસ કરીને વેદાંતમાં. બીજા દર્શનો તો એટલું વિચારી નથી શક્યા. વેદાંતે જેટલી તત્ત્વની વિચારણા કરી છે એટલું તો બીજા દર્શનો વિચાર નથી કરી શક્યા. એ લોકોમાં એવા બુદ્ધિશાળી, ક્ષયોપશમવાળા અને એ રીતે જંગલમાં જઈને પ્રયોગ કરનારા ઋષિ મુનિઓ પણ થયા છે. એટલે વેદાંત જેટલી તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ અને તત્ત્વજ્ઞાનનો વિકાસ, જૈનદર્શનને બાદ કરતા બીજા કોઈ અન્યદર્શનમાં નથી. એટલે બીજાની

તો કોઈ નીચેની ચર્ચા કરવાનો સવાલ નથી.

હવે અહીંયાં જ્યાં વિચારભેદ થયો ત્યાં દ્રવ્યાનુયોગથી એટલે પદાર્થના વિજ્ઞાનથી વિચારીએ તો ન્યાયસંપન્ન કઈ વાત લાગે છે ? આ વિચારવા જેવું છે. એક તો બ્રહ્મ નામ આત્મા દેહવ્યાપક છે કે સર્વવ્યાપક છે ? અથવા આ વિશ્વની અંદર આત્મા એક જ બ્રહ્મ છે કે અનેક આત્માઓ છે ? આ વિચારણીય વિષય છે. જો એક જ આત્મા હોય તો બીજા અનેક જીવોને ચાર ગતિમાં ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણ કરવાનો ગતિ આગતિનો પ્રશ્ન મેળ ખાતો નથી. કેમકે એક જીવ નારકીના અનંત દુઃખને ભોગવે, એક જીવ સ્વર્ગના સુખને ભોગવે, એક જીવ મિથ્યાત્વના અનંત દુઃખને અને નિગોદના અનંત દુઃખને ભોગવે અને એક જીવ આત્માનંદને ભોગવે, સિદ્ધદશાના સુખને ભોગવે, પરમાનંદને ભોગવે, આ વાત મેળ ખાતો નથી.

મુમુક્ષુ :- બ્રહ્મને લીલા કરવાની ઈચ્છા થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બ્રહ્મ અપૂર્ણ હતું કે પૂર્ણ હતું ? બ્રહ્મ અપૂર્ણ હતું કે પૂર્ણ હતું ? બ્રહ્મ અપૂર્ણ છે એમ તો જવાબ નથી. પૂર્ણ છે. જે પૂર્ણ હોય એને ઈચ્છા હોય અને પૂર્ણ હોય, એ બે વાત સુસંગત નથી. એટલે બ્રહ્મમાં ઈચ્છા કે ઈશ્વરને ઈચ્છા એ વાત તે પદાર્થમાં, તે તત્ત્વમાં દોષને સિદ્ધ કરે છે. ઈચ્છા દોષ છે કે નિર્દોષતા છે ? એક તો અપૂર્ણતાને પ્રસિદ્ધ કરે છે અને એક બીજું રાગને પ્રસિદ્ધ કરે છે. ઈચ્છા વખતે રાગ થાય છે. એટલે દ્રવ્યાનુયોગથી જેમાં ગડબડ હોય એનું અધ્યાત્મ સાચું હોય એ વાત રહેતી નથી.

આ તો વાત લીધી વેદાંતદર્શનની અને જૈનદર્શનની. પણ જૈનદર્શનમાં ને જૈનદર્શનમાં ઘણા ગપ્પા મારે છે. અધ્યાત્મની વાત ઊંચામાં ઊંચી દૃષ્ટિના વિષયની ઠોકી દે, મારમાર જાય. અને દ્રવ્યાનુયોગનો વિષય એનો તપાસો તો ગૃહીત મિથ્યાત્વમાં ઊભા હોય. જેમ આ છે એવી રીતે. પદાર્થનું સ્વરૂપ જ અન્યથા કલ્પ્યું હોય. તો એનું અધ્યાત્મ કઈ રીતે સાચું હોય ? ભલે શબ્દો ગમે એવા Bombastic શબ્દો હોય.

પરમાનંદ છે, આત્માનંદ છે, અનુભૂતિ છે, બ્રહ્માનંદ છે. બધી ઘણી વાતો આવે. સચ્ચિદાનંદ છે, નિર્મળાનંદ છે, નિત્યાનંદ છે. બધા

શબ્દો વપરાય છે. પણ જેને દ્રવ્યાનુયોગમાં પણ અન્યથા કલ્પના થઈ છે એનું સ્વરૂપધ્યાન, સ્વરૂપમાં એકાગ્ર થઈને સ્વરૂપધ્યાન લાગે અને એની અંદર આનંદ ઉત્પન્ન થાય એ કેવી રીતે બને ? આનંદ તો સ્વરૂપધ્યાનમાં થાય છે. ક્યાં ધ્યાન કરશે ? જ્યાં હજી એની સમજણમાં આત્માના સ્વરૂપનો જ વિપર્યાસ છે, ત્યાં એ એકાગ્ર ક્યાં થાશે ? ધ્યાન ક્યાં કરશે ? અને આનંદ ક્યાં આવશે ? એ પરિસ્થિતિ એમ સૂચવ છે કે ત્યાં આત્માનો આનંદ નથી પણ ત્યાં કષાયની મંદતાનો માનસિક પ્રકાર ઊભો થયો છે. એ માનસિક પ્રકારને ભ્રમણાથી આત્માનંદ માની લેવાથી કાંઈ કાયમી સિદ્ધિ થાય એટલે કે મોક્ષ થાય એવું બની શકતું નથી.

એટલે એની પરીક્ષા ત્યાં દ્રવ્યાનુયોગથી કરવી પડે છે, કે એનો દ્રવ્યાનુયોગ બરાબર છે કે નહિ ? દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ, ગુણ-ગુણીભેદનું સ્વરૂપ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ. આટલા પડખા એના અનુભવીને ચોખ્ખા હોય. કેમકે એ અનુભવમાં જ સમજાય છે. વાસ્તવિકપણે તો એ અનુભવમાં સમજાય જાય છે. ભલે શાસ્ત્ર ન ભણ્યો હોય તોપણ સમજાય જાય છે. એટલે ત્યાંથી એની પરીક્ષા થઈ શકે છે.

મુમુક્ષુ :- દ્રવ્યાનુયોગનો વિષય ... પંચાસ્તિકાયમાં...?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રાથમિક રીતે પંચાસ્તિકાયમાં છે, પ્રવચનસારમાં પણ છે. વધારે સૂક્ષ્મતાથી લઈએ તો પંચાધ્યાયીમાં બહુ સારું છે. દ્રવ્યસામાન્ય અધિકાર અને દ્રવ્યવિશેષ અધિકાર. આખો દ્રવ્યાનુયોગનો જ ગ્રંથ છે. ક્યાંક ક્યાંક અધ્યાત્મનો વિષય છે પણ આખો વિષય દ્રવ્યાનુયોગ છે. પંચાધ્યાયી. બહુ સૂક્ષ્મ વિષયથી દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે. પછી એ સિવાય લઈએ તો 'બૃહદદ્રવ્ય સંગ્રહ' છે 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીદેવ'નું 'બૃહદદ્રવ્ય સંગ્રહ' છે એ દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે. અનેક ગ્રંથો છે. એમ તો 'સમયસાર'માં પણ દ્રવ્યાનુયોગ આવે છે પણ દૃષ્ટિપ્રધાન, અધ્યાત્મપ્રધાન વિષય છે. મુખ્ય અધ્યાત્મ ગ્રંથ છે.

મુમુક્ષુ :- આપણે હવે એ બધાં શાસ્ત્ર લેવાં...

પૂજ્ય ભાઈશ્રી :- એમ તો 'સમયસાર' અહીંયાં લેવાઈ ગયું

આપણે. વાંચનમાં કળશટીકા લેવાઈ ગઈ. પછી 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'નિયમસાર' બધા એક એક વખત તો આપણે લઈ લીધા છે. વાંચન તો ઘણા વરસથી ચાલે છે. મંદિરને કેટલા વરસ થયા ? સોળ વરસ તો મંદિરને થયા. સોળમું બેઠું. પંદર પૂરા થયા અને પાંચ સાત, દસ વરસથી ત્યાં ચાલતું હતું.

લગભગ વીસથી વધારે વર્ષથી વાંચન ચાલે છે. તોપણ ઘણા શાસ્ત્રો આપણે લઈ લીધા છે. 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનો ત્યારે ત્યાં 'ઘોઘા દરવાજે' વાંચેલા. (ત્યારપછી) 'અનુભવપ્રકાશ' સીધુ અહીંયાં લીધું. ત્યારે તો સંખ્યા ઓછી હતી, અભ્યાસ પણ એટલો નહોતો એટલે જરાક પ્રવચનો ઉપરથી એ વિષય સમજાય એ ષ્ટિએ ત્યાં 'ગુરુદેવ'ના 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનો વાંચેલા. પણ પ્રવચનોમાં... ફરીને હમણાં જોયા હતા. હમણા જ જોયા જ હતા, આ ગ્રંથ શરૂ કર્યો એટલે. એટલી સૂક્ષ્મ પક્કડ નથી. જેટલી 'ગુરુદેવ'ના પ્રવચનમાં સૂક્ષ્મતા આવતી હતી એટલી સૂક્ષ્મ પક્કડ નથી. પ્રવચનો લખવા એ કાંઈ સહેલી વાત તો નથી. પકડીને લખવા. અનુભવનો વિષય તો ઘણો સૂક્ષ્મ છે. એટલી પક્કડ નથી.

શું કહે છે ? કે '**જાણપણું મારામાં છે એવી પ્રતીતિ કરતાં આનંદ થાય તે નિર્વિકલ્પ સુખ છે.**' આવી સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા, એ ઉપયોગમાં સ્વરૂપાનુભવ વખતે ઉત્પન્ન થતી પ્રતીતિનિર્વિકલ્પ પ્રતીતિ અને પ્રદેશે પ્રદેશે ઉત્પન્ન થતું જ્ઞાન અને આનંદનું વેદન. સ્વસંવેદન અને આનંદ, તે અનુભવદશા છે. એને સ્વાનુભવની દશા કહે છે અને એવી સ્વાનુભવની એક ક્ષણની દશા અનંત જન્મ-મરણને ટાળી દે છે. જન્મ-મરણ અહીંથી તૂટે છે. જે આ જીવનું પરિભ્રમણ છે, જન્મ-મરણનું ચક્કર છે એનો પહેલોવહેલો મૂળમાં છેદ અહીંયાં લાગે છે. મૂળ કપાય જાય છે. પછી એ અનુભવી જીવને બે-ચાર-પાંચ-સાત ભવ થાય (એ) સંભવિત છે. દસ ભવ થાય, પંદર ભવ થાય (એ) સંભવિત છે.

ભગવાન મહાવીરસ્વામીને દસ ભવ થયા. સિંહના ભવમાં જે સમ્યગ્દર્શન થયું, એ મહાવીરસ્વામીના ભવથી પાછળ જઈએ તો દસમો ભવ હતો. પણ મૂળ ત્યાં છેદાઈ ગયું. પછી જે પાંદડા, ડાળખાં લીલાં રહ્યા એ સૂકાવા માટે રહ્યા. ત્યારે તો એવા ને એવા લીલા લાગે, પણ

ખરેખર એ લીલા નથી. હવે સૂકાઈ જવાના છે. એને પોષણ મળતું બંધ થાય છે.

એમ ચાર ગતિના પરિભ્રમણના રાગ-દ્વેષ મોહ છે એનું પોષણ અહીંથી બંધ થાય છે. અનુભવી જીવને રાગ થાય છે પણ રાગનો રાગ થતો નથી. આ રાગ ઠીક છે, એવો રાગનો રાગ થતો નથી. એટલે રાગ થાય છે પણ એને પોષણ મળતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શું પ્રશ્ન છે ?

મુમુક્ષુ :- શુભરાગને રાગ જાણે...

પૂજ્ય ભાઈશ્રી :- પરમાનંદ નથી ઉત્પન્ન થયો. જે જીવને પોતાની દશામાં સાધકજીવને હજી રાગ છે, એને પરમાનંદ ઉત્પન્ન નથી થયો. પૂર્ણાનંદ નથી ઉત્પન્ન થયો. અલ્પ આનંદ છે અને અલ્પ દુઃખ છે. એની દશામાં બેય છે. અલ્પ વીતરાગતા છે અને અલ્પ રાગાંશપણું પણ છે, બેય છે. સ્વરૂપમાં જ્ઞાન જાય છે એટલો શુદ્ધોપયોગ છે અને શુભાશુભ સાથે જ્ઞાન જોડાયેલું રહે છે એટલો અશુદ્ધઉપયોગ પણ છે.

મુમુક્ષુ :- રાગને રાગ જ જાણે છે, એને વીતરાગતા નથી જાણતા.

પૂજ્ય ભાઈશ્રી :- રાગને રાગ જાણે છે અને રાગમાં રહેલા દુઃખને દુઃખ જાણે છે. રાગમાં દુઃખ છે તો દુઃખ જાણે છે કે નથી ને જાણે છે ? તો જો જેમ છે એમ જાણવું એમાં જ્ઞાનને દોષ શું ?

મુમુક્ષુ :- આનંદ અને દુઃખ બન્ને છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેય (છે). મિશ્રધર્મ એને કહ્યો છે. હજી આ શાસ્ત્રમાં આવશે. આ શાસ્ત્રમાં એક મિશ્રધર્મ અધિકાર કરીને એક અધિકાર લીધો છે. પાનું ૭૨ થી. '**હવે મિશ્રધર્મ અધિકાર કહેવામાં આવે છે. તે મિશ્રધર્મ અંતરાત્માને છે.**' અંતર આત્મા એટલે અંતરસન્મુખ થયેલો સમ્યગ્દૃષ્ટિ જીવ સાધકઆત્મા તેને અંતરાત્મા કહે છે.

મિથ્યાદૃષ્ટિ જીવને બહિરાત્મા કહે છે. સમ્યગ્દૃષ્ટિથી માંડીને બારમાં ગુણસ્થાન પર્યંતના જીવોને અંતરાત્મા કહે છે અને તેરમા ગુણસ્થાનથી સિદ્ધદશા પર્યંતના સર્વ જીવોને પરમાત્મા (કહે છે). પર્યાયપ્રધાન નામ

છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. અહીંયાં અંતરાત્માની વાત લીધી. '**તે મિશ્રધર્મ અંતરાત્માને છે,...**' એટલે મિથ્યાદષ્ટિને નથી અને અરિહંત પરમાત્માને અને સિદ્ધ પરમાત્માને પણ નથી.

'**એમ શાથી ? કે સ્વરૂપશ્રદ્ધાન સમ્યક્ (છે, અને) જેટલો કષાય-અંશ છે તેટલી રાગ-દ્વેષની ધારા છે;...**' છે કે નહિ ? કષાય અંશ છે એટલી રાગ-દ્વેષની ધારા છે. '**આત્મશ્રદ્ધાભાવમાં આનંદ હોય છે,...**' છે ? '**આત્મશ્રદ્ધાભાવમાં આનંદ હોય છે, કષાય સર્વથા નથી ગયા. મુખ્ય શ્રદ્ધાભાવ છે, અને ગૌણ પરભાવ છે,...**' દુઃખ છે એ ગૌણ છે. એટલે નારકીમાં હોય તોપણ એને નારકીનું દુઃખ છે એ ગૌણ છે. જો કે નારકીનું દુઃખ નથી પણ જેટલો ઉપયોગ ઉદયમાં જાય છે એટલું એને દુઃખ થાય છે. એમ છે.

'**એક અખંડ ચેતનાભાવ સર્વથા થયો નથી તેથી મિશ્રભાવ છે. બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ....**' જુઓ ! અજ્ઞાન કહ્યું. જ્ઞાન ઊણું છે. કેવળજ્ઞાન નથી એટલે. 'અજ્ઞાનભાવ' (એટલે) વિપરીત જ્ઞાન નહિ અહીંયાં. '**એકદેશ અજ્ઞાનચેતના છે અને કર્મચેતના પણ છે.**' કર્મ બંધાય છે તે કર્મચેતના છે. જેટલો રાગ-દ્વેષ-મોહ છે એટલી કર્મચેતના છે. તેથી કર્મબંધાય છે. 'તેથી મિશ્રધારા છે' છે ? એટલે મિશ્રધારા છે. આખુ પ્રકરણ જ એના ઉપર છે. આખું પ્રકરણ એના ઉપર છે. અને એ રીતે 'સમયસાર'ની નિર્જરા અધિકારમાં એ વાત 'કુંદકુંદાચાર્યે' એમ લીધી કે સમ્યગ્દષ્ટિને નિર્જરા છે અને અલ્પ બંધ છે, એમ બે વાત સાથે રહેવામાં વિરોધ નથી. એમ વાત લીધી છે. એમ દુઃખ અને સુખ સાથે રહેવામાં વિરોધ નથી. રાગ અને વીતરાગતા સાથે રહેવામાં વિરોધ નથી. પણ સમ્યક્શ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધા (સાથે) રહેવામાં વિરોધ છે. એ કોઈ 'દિ સાથે રહે નહિ.

કોઈ એમ કહે કે અત્યારે અમને મિથ્યાશ્રદ્ધા છે. વળી પાછી સમ્યક્ થઈ. એ વખતે સમ્યક્શ્રદ્ધા હતી થોડી, પાછી થોડી મિથ્યાશ્રદ્ધા હતી. એવું ન બને. વિપરીતજ્ઞાનમિથ્યાજ્ઞાન અને સમ્યક્જ્ઞાન સાથે ન રહે. પણ સ્વસત્તાનું અવલંબન કરવાવાળું અને પરસત્તાનું અવલંબન કરવાવાળું એવું જ્ઞાન સાથે રહે છે. શુદ્ધધારા અને અશુદ્ધ ઉપયોગ સાથે

રહે છે. એ પ્રકાર તો ઘણો આવશે આમાં. અનુભવની વાત છે એટલે અનુભવની વાત છે એ અહીંયાં સાધકની વાત લીધી છે. મુખ્યપણે તો ચોથા ગુણસ્થાનની વાત લીધી છે. એટલે એ બંને વાત આની અંદર અનેક જગ્યાએ આવે છે.

**'જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે. જ્ઞાનમાં આવરણ નથી.'** બેય પરસ્પર વિરુદ્ધ વાત લીધી ને ? કે જ્ઞાન આવરણમાં છે અને જ્ઞાન આવરણમાં નથી. ગુપ્ત શબ્દ કાઢી નાખો તો જ્ઞાન આવરણમાં છે અને જ્ઞાન આવરણમાં નથી. બે વાત લીધી કે ન લીધી ? આ જ્ઞાનની જ વાત ચાલી. કે જેટલું જ્ઞાન નિર્મળ થયું એટલું જ્ઞાન તો નિરાવરણ છે જ. તે જ્ઞાનને આવરણ નથી. જેટલું જ્ઞાન મતિ-શ્રુતજ્ઞાન નિર્મળ પ્રગટ થયું તે નિરાવરણ છે. જે બાકીનું પ્રગટ થવું હજી બાકી છે કેવળજ્ઞાન પર્યંત સુધીમાં, એ બધુ આવરિત છે. તો એને આવરણ પણ છે અને નિરાવરણપણું પણ સાધકને છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિનું જ્ઞાન પ્રગટ થાય છે એમાં આવરણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પણ ક્ષયોપશમમાં આવરણ ક્યાં છે ? જેટલો જ્ઞાન ઉપયોગ છે, ઉપયોગરૂપ છેપ્રગટરૂપ છે એમાં તો નિરાવરણ થયો ત્યારે તો પ્રગટ થયું. એટલે જ્યાં ખુલ્યું છે ત્યાં નિરાવરણ છે. એટલે તો એ લક્ષણથી આત્મા જે ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ છે એને પકડે છે. જ્ઞાન લક્ષણથી પકડે છે કેમ ? જ્ઞાન લક્ષણથી જ્ઞાનસ્વરૂપી આત્મા ઓળખાય છે એનું શું કારણ ? કે આત્મા તો નિરાવરણ સ્વરૂપ છે. જેની ઓળખાણ થાય છે એ નિરાવરણ સ્વરૂપ છે. અહીંયાં પણ જ્ઞાન નિરાવરણ છે. એટલે જેટલા પૂર્ણ આત્મા શુદ્ધાત્માના લક્ષણ છે એ બધા જ્ઞાનમાં ઊભા છે. પ્રગટ ઊભા છે. તેથી 'પ્રગટ લક્ષણે ભાન' એમ કહ્યું.

કેવો છે આત્મા ? કે આત્માનું ભાન ? કે 'પ્રગટ લક્ષણે ભાન' છે. પ્રગટ લક્ષણથી ભાન કર્યું છે. કોઈ કલ્પના કરી છે, કોઈ અનુમાન કર્યું છે, કોઈ તર્ક લડાવ્યો છે એવી વાત નથી અહીંયાં. અનુમાન પહોંચાડ્યું છે કે આવો આત્મા છે, એમ નથી. 'પ્રગટ લક્ષણે ભાન' આત્મસિદ્ધિમાં એમ લીધું છે.

**'શાથી ? કે જેટલે અંશે આવરણ ગયું તટેલું જ્ઞાન થયું.'** હવે

ખુલાસો કરે છે કે બેય વાત કેમ ? કે '**જેટલે અંશે આવરણ ગયું તેટલે અંશે જ્ઞાન થયું, તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે,...**' આવરિત છે એની વાત ચર્ચા નથી કરતા. કેમ કે એની અંદર કાંઈ ઊંડા ઉતરવું નથી. ઉતરવું છે નિરાવરણમાંથી આત્માને પકડવો છે. એટલે અહીંયાં કહે છે કે જેટલે અંશે આવરણ ગયું તેટલું જ્ઞાન થયું. પ્રગટ થયું. 'તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે,...' જે જ્ઞાન આવરણથી ન્યારુ થયું. જુદું થયું, નિરાવરણ થયું '**તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે.**' અહીંથી સ્વભાવ પકડવો છે. જ્ઞાનમાં જાણપણું છે તે સ્વભાવ છે. એટલે પર્યાય ન લીધી. એમાં જાણપણું લીધું. જ્ઞાનક્રિયામાં જે જાણપણું છે તે જીવનો જ્ઞાનસ્વભાવ છે. '**જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો તે પોતે છે.**' સ્વભાવ છે એટલે કોઈક ચીજ નથી. એ સ્વભાવ સ્વરૂપે ખુદ પોતે હયાતી ધરાવે છે.

મુમુક્ષુ :- જાણપણું એટલે ઉપયોગ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, સ્વભાવ લેવો. ઉપયોગ તો પર્યાય છે. પણ ઉપયોગમાં પ્રગટિત સ્વભાવ. પ્રગટેલો જે સ્વભાવ તેને અહીંયાં લેવો.

મુમુક્ષુ :- પ્રગટેલો છે એ તો...

પૂજ્ય ભાઈશ્રી :- ભલે પ્રગટેલો પર્યાયથી પણ એ પર્યાયમાં પણ સ્વભાવ છે કે નહિ, એટલું જોવું છે. વિષય તો અહીંયાં સૂક્ષ્મ થાય છે ને ? કે પર્યાયમાં સ્વભાવતત્ત્વને જોવું છે. પર્યાયમાં પર્યાયને ગૌણ કરીને, પર્યાયતત્ત્વને છોડીને સ્વભાવતત્ત્વને પકડવું છે.

જીવની અવસ્થામાં રાગ અને જ્ઞાન થઈ રહ્યા છે. આ વિચારમાં રાગ અને જ્ઞાન બેય મિશ્ર છે. જીવ રાગની મુખ્યતામાં પરિણમી રહ્યો છે. જીવ રાગની મુખ્યતામાં પરિણમ્યો રહ્યો છે એટલે એ પરિણનમાં એ જ્ઞાનને ચૂકી રહ્યો છે. બરાબર છે ? જ્ઞાનને ચૂકી ગયો છે. અહીંયાં એમ કહે છે કે રાગને તો એક બાજુ જૂદો પાડવો છે પણ જ્ઞાન છે એ જ્ઞાનમાં પર્યાયતત્ત્વને મુખ્ય કરવું નથી. પર્યાયમાં રહેલું જે જ્ઞાન, જાણપણું સ્વભાવ એને પકડી લેવો છે.

જુઓ ! લાલ રંગ, પીળો રંગ, સફેદ રંગ, કાળો રંગ આ બધા રંગ છે. એમાંથી રંગગુણ છે એ પરમાણુને, એમ પકડવું છે. કોઈ એક રંગ

પકડવો નથી. પણ રંગ પ્રગટ થયો છે આ પરમાણુને એ એમ સૂચવે છે કે એનામાં વર્ણ નામની શક્તિ છે. આમ જ્ઞાન-દર્શનના પ્રકાશમાં શક્તિને પકડવી. આમ લે છે. આવશે કે જ્ઞાન-દર્શનના પ્રકાશમાં તું શક્તિને જો. એમણે તો રીતની વાત બહુ કરી છે ને આની અંદર વિધિની વાત બહુ કરી છે. શક્તિની વાત છે ક્યાંક. શક્તિનું ૩૬, ૪૨, ૪૩. ૨૫માં છે ? બધી જુદી જુદી પ્રતમાં જુદા જુદા પાના છે.

શક્તિ લીધી છે. જ્ઞાન-દર્શનમાં જે શક્તિ છે એના દર્શન કરવા. જ્ઞાન ઉપયોગમાં શક્તિના દર્શન કરવા એમ લીધું છે. એટલે સ્વભાવ આવી ગયો. અથવા જે આપણે અવલોકનનો વિષય વિચારીએ છીએ, ત્યાં એની જાતિ પકડવી. સ્વભાવ જાતિ શું છે ? સ્વભાવ જાતિમાંથી શક્તિ પકડાય છે. જાત એની પકડવી. કેમ કે બે ભાવ છે. જ્ઞાન પણ ભાવ છે, રાગ પણ ભાવ છે જીવનો. તો બેય ભાવ છે પણ બેયની જાતિ જુદી છે. જ્ઞાનની જાતિ સ્વભાવની જાતિ છે અને એમાં એ આત્મ જાતિ છે અને આ અનાત્મ જાતિ છે. બે જાતિ જુદી જુદી છે. એટલે જાતને જો સમજવામાં આવે તોપણ એને ભેદજ્ઞાન થાય, જુદાપણાનું જ્ઞાન થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનરૂપ ઉપયોગમાં...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલું છે કે જ્ઞાનના ઉપયોગ દ્વારમાં શક્તિને જોવી. એમ સીધી એવી વાત છે. એક છઠ્ઠામાં આટલું છે કે '**અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે. શુદ્ધ અને અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વત શક્તિને ધારણ કરે છે.**' એટલી વાત લીધી છે. પણ હજી જે પેલો ખ્યાલ છે એ બીજો જ છે. છે ૭૮માં પાને છે. ૭૮ અને ૮૪. એ બરાબર છે. જે ખ્યાલમાં છે એ એ છે. પ્રકરણ છે સમાધિવર્ણનમાં જ. નિર્વિકલ્પ સમાધિ. સમાધિવર્ણન એટલે નિર્વિકલ્પ દશા, નિર્વિકલ્પ સમાધિ. એમાં પાંચ છોડી દેવા. છઠ્ઠા ઉપર છે. એટલે એક પ્રતમાં ૭૮ પાને છે, એક પ્રતમાં ૮૪ પાને છે. એમાં Bold type માં એ વાત છે.

'**એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં જાણનલક્ષણ વડે (જ્ઞાનલક્ષણ વડે) જાણે,...**' છે ? ચોખ્ખે ચોખ્ખું

છે. એમાં એકદેશ શુદ્ધ છે એ પર્યાય છે. ઉપયોગ તો પર્યાય છે. પણ જ્ઞાનદ્વારમાં એટલે જ્ઞાનના ઉપયોગની પર્યાયમાં સ્વરૂપશક્તિને, જાણનલક્ષણ છે એ સ્વરૂપશક્તિ છે, તેને જ્ઞાનલક્ષણ વડે જાણે. ઉપયોગને જ્ઞાનદ્વારમાં આત્મશક્તિને, જાણનશક્તિને, સ્વભાવશક્તિને જાણવી છે. એ જાણે તો એને પોતાનું સ્વરૂપ જાણવામાં આવે. બહુ વાતો કરી છે. આ તો એકલી અનુભવની વાતો છે આ ગ્રંથમાં તો. છેલ્લે છેલ્લે એ વાત છે. મૂળ તો આખા ગ્રંથમાં અનુભવનો મહિમા એટલા માટે કર્યો છે કે આવા સ્વાનુભવથી પરમાત્મા થવાય છે. આ સ્વાનુભવ છે એ પરમાત્મા થવાનો ઉપાય છે. તેથી સ્વાનુભવનો મહિમા ગ્રંથ ગ્રંથોમાં ગાયો છે. એટલો બધો રસિક ગ્રંથ છે. શું કહે છે ?

**'જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો,...'** આવરણથી જે ખુલ્લું જ્ઞાન તે પોતાનો સ્વભાવ છે, તે પોતે છે. આમ હોવા છતાં આટલું વિશેષ અહીંયાં પણ એટલું ખાસ જાણવું કે આવરણ જવા છતાં પણ પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ. પરસત્તા અવલંબનશીલ જ્ઞાનને મોક્ષમાર્ગી મોક્ષમાર્ગ કહેતા નથી. એ 'ટોડરમલજી'એ કહ્યું. એ સિદ્ધાંત અહીંયાં મેળ ખાય છે. એટલે શાસ્ત્રમાં ઉપયોગ જાય તેને જ્ઞાની મોક્ષમાર્ગ કહેતા નથી. ગણધરદેવ બાર અંગની રચના જે ઉપયોગ દ્વારા કરે, તે ઉપયોગને અહીંયાં મોક્ષમાર્ગ કહેતા નથી.

મુમુક્ષુ :- અશુદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :- અશુદ્ધ છે એ. તે અશુદ્ધ ઉપયોગ છે. આમ છે. આ સમર્થ દૃષ્ટાંત (છે). પછી નીચેના બધા લઈ લેવા. અહીં તો થોડાક શાસ્ત્રો વાંચે ત્યાં એને એમ થઈ જાય કે હું જ્ઞાની થઈ ગયો. આટલા શાસ્ત્રો વાંચ્યા. હવે એ તો તારા સહસ્ત્રમે ભાગે પણ નથી. હજારમે ભાગે પણ નથી. પણ બાર અંગ લખવા બેસે તો આરો આવે નહિ.

મુમુક્ષુ :- અગિયારમા ભાગે ક્યાં ? એ તો જાત જ જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો જાત જ જુદી છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અને સમ્યક્દૃષ્ટિના જ્ઞાનની જાત જ જુદી છે. પણ આ તો ઉઘાડ થોડોક વધે અને પર્યાયબુદ્ધિને લઈને જીવને અહંબુદ્ધિ હોય છે એટલે એને એમ થાય છે કે અહો...! હું તો જ્ઞાની થયો. મને તો ઘણું જ્ઞાન છે તેથી

હું જ્ઞાની થયો.

મુમુક્ષુ :- મિથ્યાત્વ દઢ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ દઢ થઈ જાય.

અહીંયાં તો કહે છે કે જેટલા અંશે ઉપયોગ '**પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ અને જ્ઞાનનો જેટલો અંશ નિજમાં રહે તે શુદ્ધ.**' બસ ! તેટલું જ્ઞાન શુદ્ધ છે ત્યાં. એટલે જ્ઞાનની પરિણતિ છે એ શુદ્ધ છે. સવિકલ્પ દશામાં જ્ઞાનની પરિણતિ છે તે શુદ્ધ છેલબ્ધ જ્ઞાન. અને ઉપયોગ છે તે અશુદ્ધ છે. નિર્વિકલ્પ દશાના કાળમાં પરિણતિ પણ શુદ્ધ છે અને ઉપયોગ પણ શુદ્ધ છે. એમ આખી દશા શુદ્ધ છે. તેથી નિર્વિકલ્પ દશારૂપ સ્વાનુભવની પ્રશંસા અને મહિમા કરવામાં આવે છે. '**તેથી કેવળ (જ્ઞાન) ગુપ્ત છે.**' '**તેથી કેવળ (જ્ઞાન) ગુપ્ત છે.**' એટલે પૂર્ણ જ્ઞાન છે એ હજી અહીંયાં આવરિત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેવળ ગુપ્ત છે એટલે અહીંયાં કેવળજ્ઞાનનો વિષય ચાલે છે. કેવળ એટલે અહીંયાં મુખ્યપણે જ્ઞાનનો વિષય ચાલે છે.

મુમુક્ષુ :- મૂળ પ્રતમાં જ્ઞાન નહોતું, અનુવાદકે કૌંસમાં લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમજાવવા માટે. પ્રકરણ જ્ઞાનનું ચાલે છે ને એટલે. કારણ કે કેવળ તો શું છે કે કેવળદર્શનને કેવળ કહેવાય છે. કેવળ આનંદને પણ કેવળ કહેવાય છે. કેવળીના બધા ગુણની દશાને કેવળ જ લાગુ પડે છે. એટલે એને કેવળી કહેવામાં આવે છે.

'**પરંતુ પરોક્ષજ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ.**' ઉપર paragraphના છેડે એમ લીધું છે કે '**કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરી સ્વસંવેદન વધારે છે.**' અહીંયાં કહે છે કે '**પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની...**' એટલે પ્રત્યક્ષની. ઓલાપણે પ્રત્યક્ષ શબ્દ ચોખ્ખો વાપર્યો છે. ચોખ્ખી વસ્તુ પ્રત્યક્ષ છે. અહીંયાં જ્ઞાન પરોક્ષ હોવા છતાં એ પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની એટલે સહજ પ્રત્યક્ષતાની પ્રતીતિ કરીને, વારંવાર પ્રતીતિ કરીને પ્રતીતિ ઉપર જોર દઈને, પ્રતીતિમાં વધારે ભાવનો આવિર્ભાવ કરીને આનંદ વધારીએ. ત્યાં સ્વસંવેદન વધારીએ એમ કહ્યું છે, અહીંયાં '**આનંદ વધારીએ.**'

મુમુક્ષુ :- અહીંયાં આનંદ કીધો એ સમ્યગ્દર્શનની જાતિનો...?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યક્‌દર્શનની જાતિનો આનંદ છે. આનંદ વધે છે.

મુમુક્ષુ :- પરોક્ષમાંથી ...

પૂજ્ય ભાઈશ્રી :- પરોક્ષ એટલે મતિ-શ્રુતજ્ઞાન જ્યાં વિકલ્પ ચાલે છે ત્યાં પરોક્ષ છે ? મતિ-શ્રુતજ્ઞાનનો વિચાર ચાલે છે સવિકલ્પદશામાં ત્યાં પરોક્ષજ્ઞાન છે. હવે એ જ્ઞાનને લંબાવે છે આત્મા ઉપર કે હું નિરાવરણ સહજ પ્રત્યક્ષ છું, એમ જ્યાં પોતાના સ્વરૂપ પ્રત્યે જ્ઞાનને લઈ જાય છે, ત્યાં અંદરમાં સ્વસંવેદન અને આનંદની નિર્વિકલ્પદશા ઉત્પન્ન થાય. અને જેમ જેમ એ વારંવાર એ રીતે કરે છે પુરુષાર્થ તેમ તેમ આનંદ અને સ્વસંવેદન દશામાં વધતું જાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- આનંદ પ્રગટ થાય છે. પરોક્ષને બદલે પ્રત્યક્ષ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં પરોક્ષ દશા પલટીને પછી પ્રત્યક્ષ થઈ જાય છે. સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે. એટલે ઉપર સ્વસંવેદન લીધું છે, નીચે આનંદ લીધું છે.

‘**જ્ઞાન શુદ્ધભાવનાથી શુદ્ધ થાય...**’ છે. જુઓ ! પાછો ભાવનાનો વિષય લીધો. એવું જે જ્ઞાન છે પોતાનું, તે શુદ્ધનય ભાવનાથી શુદ્ધ થાય છે. શુદ્ધ ભાવના એટલે શુદ્ધની ભાવનાથી. પોતે ત્રિકાળ નિરાવરણ શુદ્ધ સ્વરૂપ છે એની ભાવનાથી એ પાછું શુદ્ધ થાય છે. એ શુદ્ધ થતું જ જાય છે. એ રીતે એની પ્રતીતિ અને ભાવના બંનેનો અહીંયાં સુમેળ છે. અને એ રીતે મોક્ષમાર્ગમાં મોક્ષમાર્ગી જીવ આગળ ચાલે છે.

નિજાવલોકનરૂપ પ્રયોગ, પરલક્ષ મટાડવા અર્થે અને સ્વલક્ષ થવાના હેતુથી અનુભવી મહાત્માઓએ બોધ્યો છે. તેમાં પ્રગટ ભાવોના અવલોકનના અભ્યાસ દ્વારા, સ્વભાવના અવલોકન સુધી લઈ જવાનો આશય છે. મુમુક્ષુજીવે આ પ્રકારે માર્ગ સુધી પહોંચવા પ્રયાસ કરવા યોગ્ય છે. (અનુભવસંજીવની-૯૧૯)

## તા. ૧૯-૧૦-૧૯૮૫, પાના નં.૧૪, પ્રવચન નં. ૪૧

શુદ્ધાત્મા ગુપ્ત છે. ગુપ્ત છે એટલે પર્યાયની જેમ પ્રગટ નથી. તોપણ સ્વરૂપે કરીને, સ્વભાવે કરીને નિરાવરણ છે. વર્તમાનમાં મતિ-શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ્ઞાન છે. તે પરોક્ષ જ્ઞાનમાં સ્વરૂપની ભાવના, પ્રત્યક્ષ સ્વરૂપની નિરાવરણ સ્વરૂપની ભાવના, નિરાવરણ સ્વરૂપની પ્રતીતિ વારંવાર કરવાથી સ્વસંવેદન વધે છે. સ્વસંવેદન પ્રગટ થાય છે અને આનંદ પ્રગટ થાય છે. શું કહ્યું ? ફરીથી. નીચેથી ચોથી લીટી છે.

'**પરંતુ પરોક્ષજ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ.**' ત્યાંથી લેવું છે. બધા છદ્મસ્થ જીવોને મતિ-શ્રુત એવા બે પરોક્ષ જ્ઞાન છે. એ પરોક્ષ જ્ઞાનમાં પોતાના પ્રત્યક્ષ સ્વરૂપને જાણી શકે છે, અવલંબી શકે છે અને એ જાણવાપૂર્વકની પ્રતીતિ પણ કરી શકે છે. જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષની અપેક્ષા ઊઠે છે, ઉત્પન્ન થાય છે. જ્ઞાન સિવાય પ્રતીતિમાં પ્રત્યક્ષ-પરોક્ષનો વિષય નથી. પ્રતીતિમાં તો એ સીધું જ છે. પ્રતીતિને મનની જરૂર નથી. કેમ કે પ્રતીતિ પોતે નિર્વિકલ્પ છે. મનના નિમિત્તે તો વિકલ્પ થાય છે. પણ તે પણ ક્યારે કે ? જ્ઞાન જ્યારે એ મનનો આશ્રય લે છે ત્યારે. પ્રતીતિને તો એ પ્રશ્ન નથી.

'ટોડરમલજી'ને પત્રમાં પ્રશ્ન એ પૂછ્યો છે. એમની સાથે જેમણે પત્રવ્યવહાર કર્યો છે 'રૂપચંદજી' વગેરે. પ્રતીતિમાં પ્રત્યક્ષ અને પરોક્ષપણું કેવી રીતે છે ? ત્યારે એમણે ઉત્તર આપ્યો છે કે પ્રત્યક્ષતા અને પરોક્ષતાની અપેક્ષા માત્ર જ્ઞાનને લાગુ પડે છે. આ અપેક્ષા પ્રતીતિને લાગુ પડતી નથી.

મુમુક્ષુ :- પરોક્ષ જ્ઞાનને લીધું... એ ગુપ્ત જ્ઞાન કે બીજું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ નહિ, નહિ. ગુપ્ત છે એ તો નિરાવરણ છે. કેવળજ્ઞાન ગુપ્ત છે એમ લીધું. તેથી કેવળજ્ઞાન ગુપ્ત છે. એટલે આવરણમાં છે. ગુપ્ત છે એટલે અહીંયાં આવરણમાં છે. એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું નથી. કેવળજ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે, સર્વપ્રત્યક્ષ જ્ઞાન છે,

સર્વથા પ્રત્યક્ષજ્ઞાન છે. એ જ્ઞાન તો હજી આવરણમાં રહ્યું છે. અને અહીંયાં મતિ-શ્રુતજ્ઞાન છે એ પરોક્ષજ્ઞાન છે. પણ પ્રતીતિને તો કાંઈ પ્રત્યક્ષ પરોક્ષતાનો વિષય નડતો નથી. તો જ્ઞાનની સાથે જે શ્રદ્ધાભાવ, પ્રતીતિભાવ કાર્ય કરી રહ્યો છે તે પ્રતીતિમાં તો નિરાવરણની પ્રતીતિ છે.

જ્ઞાન આ પ્રતીતિને જાણે છે. તેથી જ્ઞાનમાં પણ જો પ્રતીતિમાં વસ્તુનું પરોક્ષપણાનું કોઈ કારણ નથી પડતું, પ્રતીતિની અપેક્ષાએ જો પરોક્ષપણાની કોઈ અપેક્ષા રહેતી નથી તો પ્રતીતિ કે જે સીધો પોતાના શુદ્ધ સ્વરૂપને પોતાના વિષયને પ્રતીત કરે છે. પ્રતીતિ સીધો જ પોતાના વિષયને પ્રતીત કરે છે. એ પ્રતીતિને જાણે છે કોણ ? કે જ્ઞાન જાણે છે. પ્રતીતિમાં તો જાણવાનો સ્વભાવ નથી કે આમ પ્રતીતિમાં મારો આત્મા નિરાવરણ છે એની સીધી પ્રતીતિ વર્તે છે. એમાં તો પ્રત્યક્ષ કહેવાની જરૂર નથી. કેમ કે એ અપેક્ષા પરોક્ષ સાપેક્ષ છે. પ્રત્યક્ષની અપેક્ષા તો પરોક્ષની સાપેક્ષ છે. પણ અહીંયાં તો પ્રતીતિ માટે પ્રત્યક્ષ પરોક્ષનો પ્રશ્ન જ અસ્થાને છે.

એટલે પ્રતીતિમાં તો નિરાવરણની પ્રતીતિ કરી કરીને આનંદ વધારીએ. અને પરોક્ષજ્ઞાનના કાળમાં પણ. ત્યારે પણ જ્ઞાન તો કામ કરે છે. જ્ઞાન જાણવાની અપેક્ષાએ ત્યાં પરોક્ષ છે પણ જ્યાં આનંદ ઉત્પન્ન થયો ત્યાં સંવેદનની અપેક્ષાએ, જ્ઞાનના વેદનની અપેક્ષાએ જ્ઞાનમાં પરોક્ષપણું નથી ત્યાં. મતિ-શ્રુતને પણ ત્યાં પરોક્ષપણું નથી. ત્યાં મતિશ્રુત પણ વેદનથી તો પ્રત્યક્ષ છે. જાણવાથી ભલે પરોક્ષ હોય પણ વેદનથી એ પ્રત્યક્ષ છે.

અથવા આગમના વિષયમાં મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં અધ્યાત્મના વિષયમાં સ્વસંવેદનના કાળમાં તે જ્ઞાન પ્રત્યક્ષ છે. આમ આગમ અધ્યાત્મની શૈલી પણ જુદી પડે છે. જે જ્ઞાનને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળના જે ભેદ આગમમાં વસ્તુ વ્યવસ્થામાં પડ્યા, ત્યાં મતિ-શ્રુતને પરોક્ષ કહ્યા. આદ્યે પરોક્ષમ્. પહેલા બંને પરોક્ષ છે. એ વાત રહી આગમની મર્યાદામાં.

અધ્યાત્મભાવમાં તો સ્વસંવેદનથી જ્ઞાન પ્રત્યક્ષ છે અને આનંદ પણ પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં વેદન પણ આનંદનું પ્રત્યક્ષ છે અને પ્રતીતિ તો શુદ્ધ થઈને એવી રીતે પોતાના સ્વરૂપનો વિષય કરે છે, સ્વરૂપને

પ્રતીતમાં લે છે કે ત્યાં તો પ્રત્યક્ષ-પરોક્ષની કોઈ અપેક્ષા જ સંભવતી નથી કે લાગુ પડતી નથી. આવો પ્રકાર છે. બે એકસાથે કામ કરે છે ને ? જ્ઞાન અને શ્રદ્ધા એકસાથે પરિણમે છે. વારાફરતી પરિણમતા નથી કેમ કે એ તો જુદા જુદા ગુણ છે. સર્વ ગુણો પ્રતિસમયે એકસાથે પરિણમે છે. તો પ્રતીતિ પોતાના સ્વરૂપની કરતા અને જ્ઞાનમાં એ નિરાવરણની પ્રતીતિ છે એમ જ્ઞાનમાં જણાતા, જ્ઞાનમાં એમ જણાય છે કે પ્રતીતિ જે કરવામાં આવે છે એ વસ્તુ તો નિરાવરણ છે. વસ્તુને આવરણ નથી-શક્તિને આવરણ નથી. તેથી એ વસ્તુની પ્રત્યક્ષતાનો ભાવ પોતાના રૂપે, પોતાના સ્વરૂપે અભેદ રસથી આવિર્ભાવ પામે છે અને ત્યાં આનંદ વધે છે. આનંદ ન હોય તો ઉત્પન્ન થાય છે અને હોય એને વધતો જાય છે. બંનેમાં વિધિ એક જ પ્રકારે છે. વિધિ બદલાતી નથી.

મુમુક્ષુ :- જે ખુલેલું જ્ઞાન છે એ પણ નિરાવરણ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- ખુલેલુ જ્ઞાન છે એ નિરાવરણ છે. એ તો ઉપર કહી દીધું. '**જેટલા અંશ આવરણ ગયું તેટલું જ્ઞાન થયું. તેથી તે જ્ઞાન આવરણથી ન્યારું છે.**' પણ આગમની મર્યાદામાં મતિ-શ્રુતને પરોક્ષ કહ્યા છે. એટલે કહેનાર જાણે છે કે પરોક્ષ જ્ઞાનમાં એમ કહે એટલે મતિ-શ્રુત જ્ઞાનમાં એમ લેવું છે. '**નિરાવરણની પ્રતીતિ કરી કરીને આનંદ વધારીએ.**' એટલે નિરાવરણ સ્વરૂપ જે આત્મા છે એની પ્રતીતિ કરતાં, જ્ઞાનમાં પ્રતીતિ એમ લે છે. જ્ઞાનમાં પ્રતીતિ કરીને આનંદ વધારીએ. જ્ઞાનમાં પ્રતીતિ કરીને આનંદ વધારીએ. એમ લે છે. જ્ઞાન જાણે છે ને ? પ્રતીતને પણ જ્ઞાન જાણે છે અને નિરાવરણ સ્વરૂપ જે આત્મા છે એને પણ જ્ઞાન જાણે છે. પરોક્ષ હોવા છતાં એનો વિષય પરોક્ષ નથી. એનો વિષય ત્રિકાળ પ્રત્યક્ષ છે. જ્ઞાન અલ્પ હોવા છતાં એનો વિષય અલ્પ નથી. એનો વિષય પૂર્ણ છે. એમ જ્ઞાન પરોક્ષ હોવા છતાં એનો વિષય પ્રત્યક્ષ છે.

એનો વિષય પ્રત્યક્ષ છે એ કોઈ નથી. પ્રતીતિ શબ્દથી એમ લીધું કે એ પોતે જ છે. કેમ કે પ્રતીતિભાવ એટલે શું ? કે જેમાં હુંપણાનો ભાવ, તેને પ્રતીતિભાવ કહીએ. જેમાં હુંપણાનો ભાવ, હુંપણાની નિષ્ઠા એટલે અહીંયાં જ્ઞાન છે તે આત્મનિષ્ઠ જ્ઞાન છે. જ્ઞાન જ્ઞેયનિષ્ઠ નથી પણ

જ્ઞાન આત્મનિષ્ઠ થયું. કેમ કે પ્રતીતિ નિરાવરણની કરી છે. પ્રતીતિભાવે પ્રતીતિ નિરાવરણ એટલે પ્રત્યક્ષ સ્વરૂપની પ્રતીતિ કરી છે. હું પ્રત્યક્ષ છું. મારા સ્વરૂપે હું પ્રત્યક્ષ છું, એવી પ્રતીતિ વર્તે છે. એવી પ્રતીતિ વર્તે છે એ જ્ઞાનમાં બરાબર છે એટલે જ્ઞાનમાં પ્રતીતિ કરી એમ કહે છે. એ ખબર કોને છે ? જ્ઞાનને છે. તો જ્ઞાનમાં પ્રતીતિ કરી એમ કહે છે. એ એમની શૈલી છે.

'અનુભવપ્રકાશ'માં આ પ્રકારની શૈલી વારંવાર જોવા મળશે. અનેક વખતે એમના શબ્દોમાં એ વાત આવશે. જ્ઞાનમાં પ્રતીતિ કરે છે... જ્ઞાનમાં પ્રતીતિ કરે છે. એ વાત લેશે પોતે. એમ કહીને બંનેનું પરિણમન એકસાથે કેટલું સુમેળ ભરેલું છે કે જેના ફળમાં સ્વાનુભવ છે, સ્વાનુભૂતિ ઉત્પન્ન થાય છે કે જે સ્વાનુભવથી પરમાત્મા થવાય છે. સ્વાનુભવથી પરમાત્મા (થવાય છે). એ પોતે કહેશે આગળ કે સ્વાનુભવથી પરમાત્મા થવાય છે. તેથી સ્વાનુભવનો મહિમા સર્વ સદ્ગ્રંથોમાં, ગ્રંથ ગ્રંથોમાં ગાયો છે. સર્વ ગ્રંથોમાં ગાયો છે. એમ પોતે એવા શબ્દો વાપર્યા છે.

મુમુક્ષુ :- નિરાવરણ જ્ઞાનની પ્રતીતિ કરે છે તો ત્રિકાળ નિરાવરણ જ્ઞાનની પ્રતીતિ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નિરાવરણ સ્વરૂપની પ્રતીતિ કરે છે. પ્રત્યક્ષ સ્વરૂપની પ્રતીતિ કરે છે.

મુમુક્ષુ :- જે ખુલેલું જ્ઞાન છે એ નિરાવરણ જ્ઞાન છે. આના ઉપરથી એ ત્રિકાળ નિરાવરણને પકડે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિકાળ નિરાવરણને એનાથી પકડે છે. નહિતર તો અનુમાન કરવું પડે. જો એનેથી ત્યાંથી ન પકડે તો ક્યાંક એને અનુમાન કરવું પડે. અને એ અનુમાન જે છે, શ્રુતજ્ઞાનમાં એક અનુમાન જ્ઞાનનો ભેદ છે. શ્રુતજ્ઞાન અનુમાન કરે છે. એ પરોક્ષ જ્ઞાનનો પ્રકાર છે. દૂરક્ષેત્રવર્તી, દૂરકાળવર્તી, દૂરભાવવર્તી, અન્યદ્રવ્યવર્તી જે પદાર્થો છે એ સંબંધી જગતમાં અનુમાન થતાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. વ્યવહાર પ્રત્યક્ષ. લોકો અનુમાન કરે છે. એવું શ્રુતજ્ઞાન જે અનુમાન કરે છે એવા પ્રકારે અહીંયાં કાર્યપદ્ધતિ નથી. કાર્યની વિધિ એવા પ્રકારે અહીંયાં નથી.

અહીંયાં તો પ્રત્યક્ષસહજ પ્રત્યક્ષ એવું જે સ્વરૂપ છે અને અહીંયાં ખુલેલું જ્ઞાન પોતાના પ્રત્યક્ષ અંશ ઉપરથી પૂરી પ્રત્યક્ષતાને પરોક્ષની સ્થિતિમાં રહ્યા રહ્યા પણ વેદનથી પ્રત્યક્ષ કરી લે છે અને પ્રતીતિમાં પણ નિરાવરણની ત્યારે એ પોતાની પ્રતીતિ કરે છે કે હું આવો છું. હું છું એ પ્રતીતિનો વિષય છે. આવો એ જ્ઞાનનો વિષય છે. હું આવો છું એમાં હું છું એ પ્રતીતિનો વિષય છે. કેમ કે સત્તા પકડે છે ને ? છુપણું પકડે છે. આવો છું એ જ્ઞાનમાં આવે છે. બંને એકસાથે કામ કરીને સ્વાનુભવનું આખું કામ પૂરું કરી લ્યે છે.

મુમુક્ષુ :- આ અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં વેદન થયું. એ વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ થઈ ગયું. એમ વેદનથી એ પ્રત્યક્ષ થઈ ગયું છે. પછી ત્યાં અનુમાન રહેતું નથી. કેમ કે અનુભવ તો પર્યાયનો થાય છે ને ? દ્રવ્યનો આશ્રય લીધો છે. દ્રવ્યનું અવલંબન લીધું છે એવી પર્યાયનો ભાવથી સ્વભાવાકારે, સ્વદ્રવ્યાકારે, સ્વઆકારે પરિણમિત થયેલી પર્યાયનો અનુભવ થાય છે. ત્યારે એને સ્વભાવનો અનુભવ થયોઆત્માનો અનુભવ થયો, સ્વાનુભૂતિ થઈ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શરૂઆતમાં જે ખુલેલું છે એ નિરાવરણજ્ઞાન છે, આનું અવલોકન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓળખાણ માટે એની ત્યાંથી પક્કડ આવે છે. ઓળખાણ માટે ત્યાંથી ઓળખાણ થાય છે. Sample ત્યાંથી મળે છે. જે જ્ઞાન ખુલ્યું છે... એ તો લીધું ને અહીંયાં ? આવરણથી ન્યારું છે તે જ્ઞાન પોતાનો સ્વભાવ છે. જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખુલ્યો તે પોતે છે. તે પોતે જ છે. એ સ્વભાવ પોતે છે. જાણપણું મારામાં છે એ જાણપણું એટલે જાણનસ્વભાવ એ પોતે છે. પોતે છે એની પ્રતીતિ વારંવાર થતાં આનંદ વધે છે. અને પ્રતીતિનો વિષય સહજ પ્રત્યક્ષ એવો આત્મા છે તેથી આનંદ એકદમ વધે છે. શીઘ્ર આનંદની ઉત્પત્તિ થાય છે.

આ પ્રકારે '**જ્ઞાન શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે.**' એ નિશ્ચય છે, એ નિયમ છે, એ સિદ્ધાંત છે. શુદ્ધ થવાનો આ સિદ્ધાંત છે. શુદ્ધ થવાનીઆત્માના શુદ્ધિકરણની આ વાસ્તવિકતા છે કે

શુદ્ધભાવનાથી શુદ્ધ થવાય છે. અશુદ્ધની ભાવનાથી શુદ્ધ થવાતું નથી. શુદ્ધની ભાવનાથી શુદ્ધ થવાય છે. એટલે પોતે શુદ્ધ છે, સ્વરૂપે કરીને પોતે શુદ્ધ છે, સ્વભાવથી પોતે શુદ્ધ છે એની ભાવનાથી પોતે શુદ્ધ થાય છે. પરિણમનમાં પણ પોતે શુદ્ધ થાય છે. એ નિશ્ચય છે એટલે એ નિયમ છે, એ સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- શુદ્ધની ભાવના એટલે શુદ્ધને ભાવવું.

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધને ભાવવું. હું આવો છું. આ જોઈએ.. આ જોઈએ, મારે આ જોઈએ. મિથ્યાત્વમાં શું છે ? આ બધું મારે જોઈએ. શરીર મારે જોઈએ અને શરીરને અનુકૂળ રહેનારા પ્રસંગો, સંયોગો મારે જોઈએ. આ બધું જોઈએ. તો એ પરની ભાવના થઈ. એ પરની ભાવનાથી જીવ અશુદ્ધ થયો. પરને ભાવી ભાવીને જીવ અશુદ્ધ થયો. હવે સ્વને ભાવતા, શુદ્ધને ભાવતા, સ્વ એટલે કોઈના ભેળસેળ વિનાનો એને શુદ્ધ કહીએ, શુદ્ધને ભાવવાથીસ્વને ભાવવાથી પોતે શુદ્ધ થાય છે.

મુમુક્ષુ :- ભેળસેળ એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- ભેળસેળ એટલે બીજામાં પરપ્રવેશનો ભાવ. શરીર મારામાં છે અને હું શરીરમાં છું. અનુકૂળતાઓ મને છે અને અનુકૂળતાઓથી મને ઠીક છે. પ્રતિકૂળતાઓથી મને અઠીક છે. એ બધો પરપ્રવેશભાવ છે. એ અશુદ્ધની ભાવના છે અથવા પરની ભાવના છે. જે જ્ઞાનને માત્ર જાણવું જ એવો સ્વભાવ છે. માત્ર જાણવામાં આ ઠીક અને આ અઠીક એ વાત ક્યાં છે ? માત્ર જાણવામાં તો એ વાત નથી. અને ઠીક અને અઠીક જ્ઞાનને થાય તો માત્ર જાણવું એને ત્યાં રહેતું નથી. વાત ખલાસ થઈ એ તો.

એમ જ્ઞાનને માત્ર જાણવું. જ્ઞાનમાત્રપણુંજાણવામાત્રપણું જ્ઞમાત્રપણું છે. એવા જ્ઞાનની ઓળખાણ, પરિચય-અભ્યાસ એનો કરવો જોઈએ. ઓળખાણનો પરિચયનો અભ્યાસ કરવો જોઈએ. આ અંદરનું કામ છે. '**કહ્યું છે 'या मतिः सा गतिः इति वचनात्।' (જેવી મતિ તેવી ગતિ – એ વચન અનુસારે)**.' એ સૂત્ર છે, સિદ્ધાંતસૂત્ર છે કે જે જીવની જેવી મતિ. મતિ એટલે અહીંયાં ભાવના. જેવી જેની ભાવના. એના જ્ઞાનથી જ્ઞાનપૂર્વક ભાવના થાય છે ને ? એવી એની ગતિ થાય છે. સામાન્ય રીતે જેને જે ચીજ પસંદ છે એવા જ પ્રકારમાં ત્યાં તેની

ગતિ થાય છે.

દેવલોકમાંથી દેવ ચ્યવીને મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય કેમ થાય છે ? કે એની ભાવનામાં પુદ્ગલ જે છે એ એવા પુદ્ગલો છે કે જ્યાં એકેન્દ્રિય જીવને ઉત્પન્ન થવાની યોનિ છે. જેમ કે મોતીપરવાળા શંખલા થાય છે-એકેન્દ્રિયજીવ. એ ખાણમાં ઉત્પન્ન થાય છે. જીવ ક્યાં જઈને ઉત્પન્ન થાય ? ખાણમાં જઈને ઉત્પન્ન (થાય). ત્યાં કોઈને વધારે વિશેષતા થઈ જાય તો જાય, ત્યાં ઊપજે. બેઇન્દ્રિય થઈને ફૂલમાં, એકેન્દ્રિય થઈને ફૂલમાં, વનસ્પતિમાં જઈને પડે.

મુમુક્ષુ :- દેવગતિ માટે લાગુ પડે આ વાત ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, બધાને માટે લાગુ પડે. અહીંયાં મગ બહુ ભાવે તો મગનું મટકું થાય અને ચણા બહુ ભાવે તો ચણાનું ધનેડું થાય.

મુમુક્ષુ :- ગતિ એવી મતિ કેમ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મતિ એવી ગતિ. ગતિ એવી મતિ સામાન્ય પ્રમાણે હોય છે પણ એવો નિયમ નથી. સામાન્ય એવો એક પ્રકાર છે કે જે ગતિમાં જે પ્રકારના કર્મ (બંધાણા હોય તે પ્રમાણે મતિ ચાલે). દેવલોકમાં તો પુણ્યથી મિથ્યાદૃષ્ટિ દેવ થયો. ત્યાં તો ભોગ ઉપભોગમાં એવો લપટાય છે કે એવો લપેટ થઈને સીધો એકેન્દ્રિય, બેઇન્દ્રિયમાં ચાલ્યો જાય. ત્યાં કાંઈ પુણ્યના પરિણામ નથી રહેતા. એટલે ગતિ એવી મતિ કેમ કહીએ ? મતિ જેવી છે એનું ફળ એવી જ ગતિમાં આવશે.

મગમાં કાણું પડ્યું હોય અને એમાંથી મટકું નીકળે, ત્યારે વિચાર એ આવવો જોઈએ કે આવી ભાવનાથી આવું ફળ મળે છે. આને ખાવાની ભાવના તીવ્ર રસથી થઈ (ત્યારે) આયુષ્ય બંધાઈ ગયું. એ કાળે આયુષ્ય બંધાઈ ગયું. આમ તો જેને જે ભાવતું હોય એ વારંવાર બનાવડાવીને ખાય છે કે નહિ ? આ બનાવજો ભાઈ ! આપણને એ ભાવે છે, એ બનાવજો. ભાઈને ભાવતું હોય એ જ વારંવાર બનાવે. પણ હવે વારંવાર બનાવીને એના રસ તું કેટલો લે છે એનો કાંઈ હિસાબ કિતાબ છે કે નહિ ? હિસાબ-કિતાબ જીવ મૂકતો નથી. પછી એના રસમાં ને રસમાં ક્યાં જઈને પડે છે એ તો એને જો બતાવવામાં આવે તો એ કોઈ રીતે મંજૂર કરે એવું નથી. કેટલું ત્યાં જ્ઞાન અવરાય

છે ! કેટલી ત્યાં આકુળતા વધે છે, કેટલું દુઃખ વધે છે એને તો બતાવવાનું બહારમાં કોઈ સાધન અને Metere નથી. જો એ બતાવવામાં આવે તો જીવને સહજ વૈરાગ્ય થાય એવો વિષય છે. જ્યાં એને આકર્ષણ થાય છે ત્યાં એને સહજ વૈરાગ્ય થાય એ પ્રકાર છે. જો ફળ દેખાડવામાં આવે તો છે.

પણ જગતની કોઈ રચના એવી છે કે જીવ ભૂતકાળને પણ ભૂલી જાય છે. પડેલા દુઃખને, સહન કરેલા દુઃખને પણ ભૂલી જાય છે અને એક વર્તમાન ઉદય ઉપર એટલો એકાકાર થઈને ઉદયમાં પરિણમે છે કે થોડી સેકન્ડોમાં, થોડી ક્ષણમાં કેટલું નુકસાન કરે છે એની એને ખબર રહેતી નથી કે ખબર હોતી નથી. એવું પોતાનું અજ્ઞાન છે. પોતાના નુકસાનને પોતે સમજી શકતો નથી.

મુમુક્ષુઃ ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં કેવા પરિણામ કરે છે એનો શું મેળ છે ? ત્યાં અહીંથી વધારે ખરાબ પરિણામ કરે તો એકેન્દ્રિયમાં જાય. એ તો બેઇન્દ્રિય કે ત્રણઇન્દ્રિય જીવ હશે બહુ બહુ તો. એથી વધારે તીવ્ર રસવાળા પરિણામ કરે તો એકેન્દ્રિયમાં જાય. કષાયની મંદતાના પરિણામ થાય તો ઉપર આવે. કેટલો તીવ્ર રસ કષાયનો પડે છે એના ઉપર એની પાછી નવી સ્થિતિ હોય છે. પણ ત્યાં ઉઘાડરૂપ જ્ઞાન ઓછું છે. જાણરૂપ જ્ઞાનનો ઉઘાડ અને કષાયની તીવ્રતા, મંદતારૂપ ચારિત્રનો ઊઘાડ-આ બે મુખ્ય ગુણોના પરિણામ ઉપર નવા કર્મના બંધન પડે છે. પ્રતીતિ તો ઊંધી જ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચારેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય.

મિથ્યાદષ્ટિ તમામ સંસારી જીવોની પ્રતીતિ ઊંધી પડી છે. પર તે હું એ તો સામાન્ય એની પ્રતીતિમાં પડ્યું છે. હવે કેવા પરિણામ કરે છે, જાણરૂપ જ્ઞાન અને શુભાશુભરૂપ અથવા તીવ્ર મંદ કષાયરૂપ આચરણ, એનાથી એ કેવા પરિણામ કરે છે એના ઉપર એને નવો કર્મબંધ પડે છે. વિષય બહુ વિશાળ છે અને એના એક જ પરિણામના એટલા બધા સૂક્ષ્મ પડખાં છે કે એની ગહનતા પણ ઘણી છે.

એટલે આત્મસિદ્ધિમાં તો 'શ્રીમદ્જી'એ ટૂંકામાં એ વાત એવી રીતે લખી કે 'તે તે ભોગ્ય વિશેષના સ્થાનક દ્રવ્ય સ્વભાવ' આ વાત એમ કે

'ગહન વાત છે શિષ્ય આ કહી સંક્ષેપે સાવ.' આ વાત કરણાનુયોગની એટલી બધી વિસ્તારવાળી અને ગહન છે. 'વીરસેનસ્વામી'ના 'ધવલ'ના કરુણાનુયોગના ગ્રંથો વાંચી લેવા. એક એક કર્મ ઉપર અલ્પ-બહુત્વના એમણે સેંકડો બોલ લખ્યા છે. સેંકડો બોલ લખ્યા છે. માણસને યાદ રાખવા જાય તો માથું ભારે થઈ જાય એવું છે. એ તો આચાર્ય પોતે એવા ક્ષયોપશમવાળા હતા કે એ કાળમાં તો લોકો એમ બોલતા કે જૈનના સર્વજ્ઞને મળવું હોય તો 'વીરસેનસ્વામી'ને મળો ! એમ કહેવાતું. જૈનમાં સર્વજ્ઞ છે એવી વાત પ્રસિદ્ધ છે પણ અત્યારે કોઈ સર્વજ્ઞ દેખાતા નથી પણ સર્વજ્ઞ જેવા, એનો નમૂનો જોવો હોય તો 'વીરસેનસ્વામી' (છે). જુઓ, મળે એને, એમ કહેવાય. બહુ ઉઘાડ હતો એમનો.

એટલે જેવા પરિણામ એવું ફળ. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનું કાંઈ આઘુંપાછું કર્યું ચાલે નહિ. એ તો વસ્તુનું સ્વરૂપ છે, વસ્તુની સ્થિતિ છે, વસ્તુનો એ સ્વભાવ ધર્મ છે. '**(જેવી મતિ તેવી ગતિ એ વચન અનુસારે) પોતાનું સ્વરૂપ સાક્ષાત કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.**' શું કહે છે ? ફરીને વિષયને શરૂ કરે છે.

'**પ્રથમ નિર્મમત્વ ભાવથી સંસારનો ભાવ અધો (ગૌણ કરે, મોળો પાડે, નીરસ કરે).**' અધો શબ્દમાં એ વાત લેવી છે. ગૌણતા, નિરસતા. અહીંયાં રસનું નિરસપણું લીધું. જોયું ? પ્રથમ આટલો ત્યાગ કરે એમ ન લીધું. જે કોઈ એને પૂર્વકર્મ અનુસાર ઉદય વર્તી રહ્યો છે, એ તમામ સંયોગ, તમામ પ્રકારનો ઉદય પોતાના આત્માથી ભિન્ન હોવાથી, તેમાં પોતાપણું નહિ હોવાથી, મમત્વ છોડીને એનો રસ મોળો પાડે.

સંસારનો ભાવ એટલે ઉદયભાવ. ઉદયભાવનો રસ મોળો પાડે. શેનાથી ? ભિન્નતાથી સ્વરૂપજ્ઞાન અનુસાર. બંને પદાર્થો સ્વરૂપથી ભિન્ન હોવાથી .... નિર્મમત્વભાવથી સંસારનો ભાવ એટલે ઉદયભાવ નિરસ કરે. આ મુખ્ય વાત છે. ઉદયભાવમાં નિરસતા આવે તો એનું જ્ઞાન કાંઈક પોતાના સ્વરૂપની ઓળખાણ કરવામાં કાંઈપણ કાર્યક્ષમ થાય, સફળ થાય એવી એની કોઈ સ્થિતિ ઊભી થાય અને તો એની શ્રદ્ધા અનાદિની ઊંધી પડી છે એ સવળી થાય.

જો જ્ઞાનમાં એવો ફેર પડે તો ત્યાં મિથ્યાત્વ ઘણું મંદ થાય. અત્યંત મંદ થાય. જો જ્ઞાનસ્વભાવનેસ્વરૂપને ઓળખે તો. ક્યારે ઓળખે ? કે એ સંસારનો ભાવ ગૌણ કરે તો. ઉદયભાવને ગૌણ કરે તો. કેવી રીતે ગૌણ કરે ? કે નિર્મમત્વભાવથી. મારું નથી. શરીર પણ મારું નથી અને કોઈપણ સંયોગો મારા નથી.

આપણે ગુરુવારે રાત્રે વિષય લીધો ને એમાં બહુ મીઠી વાત છે એ. વચનામૃતનું એ ઉદ્ધરણ હતું કે મુમુક્ષુએ જીવન તો આત્મામય કરી લેવું જોઈએ. જીવન આત્મામય કરી લેવું જોઈએ. એનો અર્થ શું ? અહીંથી નીકળે છે. જે ઉદયભાવમય જીવન છે એ ઉદયભાવમય જે જીવન છે એ એનું ફરી જવું જોઈએ. એ અનાત્મમય જીવન છે. સંસારભાવ કહો, ઉદયભાવ કહો, અનાત્મામય જીવનપરિણમન કહો, બધું એક છે. એ જો ગૌણ કરવામાં આવે તો એને જીવન આત્મામય કરી લેવું જોઈએ, એ વાત નીકળે છે ત્યાંથી. બહુ ગૂઢ ભાષા છે, પણ છે ખૂબ ભાવવાહી ભાષા. એ પ્રથમ કરે.

પહેલું શું કરવું આ આવ્યું. એ નાસ્તિમાં ઊભો છે ને ? તો નાસ્તિમાં આ ફેર પહેલો થવો જોઈએ. જે ઉદય છે શરીરથી માંડીને, પરિવારથી માંડીને, વ્યવસાયથી માંડીને, જેટલો કોઈ જે કોઈ પ્રકારનો પૂર્વ કર્મ અનુસાર ઉદય છે. જેને છે એને બધાને પોતપોતાના પૂર્વકર્મ અનુસાર ઉદય છે, ત્યાંથી એણે ભાવમાં ખસવાનો પ્રયત્ન કરવો કે આ મારું કાંઈ નથી. મારે આ પૂર્વકર્મના સંયોગ સાથે કાંઈ લેવાદેવા નથી. બરાબર સંયોગમાં રહીને, સંયોગ સામે રહીને આ એણે પ્રત્યક્ષ કરવું જોઈએ અને ચિંતવવું જોઈએ. એનું મંથન ચાલવું જોઈએ. જે ઉદયમાં રસ છે એને તોડવાનું એને મંથન ચાલવું જોઈએ. જ્યાં સુધી એમાં નિરસપણું ન આવે ત્યાં સુધી એને કોઈ રીતે આગળની વાત સૂઝે એવું નથી. કેમ કે એ મોટું અવરોધક કારણ છે. ઉદયનો રસ જીવને બહુ મોટું અવરોધક કારણ છે.

મુમુક્ષુ :- જીવને ઉદયમાં પોતાને જોડાવાની ઇચ્છા નથી, પણ કોઈ વખત ઉદય એ પ્રકારનો સામે આવે ત્યારે જોડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એવું છે કે એમાં જોડાવું પડે અને પોતે રસથી જોડાય, ઉત્સાહથી જોડાય એમાં ફેર તો ખરો કે નહિ ? જાવું ન

હોય અને કોઈ ખેંચીને લઈ જાય તો એમાં પરાણે જાવું પડે એમાં ફેર તો પડે કે નહિ ? ખાવું ન હોય ન ભાવતું હોય અને ખવડાવે તો એમાં રસ કેટલોક આવે ? એક કડવી ચીજ છે. એ પરાણે ખવડાવે તો એમાં રસ કેટલોક આવે ? એટલી વાત છે. મૂળ તો રસ તોડવાની વાત છે. ઉદયને તું ફેરવી નહિ શકે. એક વાત એવી નક્કર છે કે પૂર્વકર્મનો ઉદય, ઉદયમાન થયો એને તો કોઈ ફેરવી શકતું નથી. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈની શક્તિ નથી. એ તો જીવના સ્વભાવ બહારની, શક્તિ બહારની વાત છે. કેમ કે એ પુદ્‌ગલ પરમાણુની પર્યાયો છે. એ સ્વતઃસિદ્ધ જગતનું તત્ત્વ છે. એના ગુણધર્મોથી પરિણમે છે. એમાં હેરફેર કરવાનું કોઈ જીવનું સામર્થ્ય નથી. એટલે ઉદયાવલીમાં જે કર્મ આવે છે એમાં પણ ફેર નથી થતો. આયુષ્યકર્મ ઉદયમાં છે તો એમાં ફેર નથી થતો. કોઈ આયુષ્ય વધારી શકે, ઘટાડી શકે, આત્મહત્યા કરીને આયુષ્ય ઘટાડી નાખે, દવાઓ કરીને કે યોગ, પ્રાણાયામ, ફલાણું, ઢીકણું કરીને કાંઈ આયુષ્ય વધારી શકે, મૌન પાળીને કે શ્વાચ્છોસ્વાસ રોકીને (એ) વાતમાં કાંઈ માલ નથી. બધા હંમગ છે. નિશ્ચિત વસ્તુ છે.

કર્મ સત્તામાં રહેલું હોય ત્યાં સુધી એટલે ઉદયાવલીમાં આવ્યું ન હોય ત્યાં સુધીના ક્ષણોમાં એમાં ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ ગમે તે થાય. પછી કાંઈ ફેરફાર ન થાય. એટલે જે ઉદય વર્તે છે એમાં તો કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. હવે એ ઉદયમાં ભાવ ફેરફાર કરવો એ પોતાના અધિકારનો વિષય છે. એ પોતાના અધિકારનો વિષય છે. ઉદયને ફેરવવો એ પોતાનો અધિકાર નથી પણ ઉદયમાં પોતાનો ઉદયભાવ ફેરવવો એ પોતાનો અધિકાર છે.

અહીંયાં એ વાત છે કે તે કેવી રીતે કરે ? તે ઉદયભાવમાં જીવ નિરસપણું કેવી રીતે કરે ? તે કહેવામાં આવે છે કે '**જે દશ્યમાન છે તે બધું રૂપી જડ છે તેથી મમત્વ ન કરવું.**' પાંચ ઇન્દ્રિયોના વિષય, પાંચ ઇન્દ્રિયોથી જે વિષયરૂપ થાય છે, દશ્યમાન એટલે એકલો ચક્ષુઇન્દ્રિયનો વિષય ન લેવો પણ પાંચેય ઇન્દ્રિયોના ઉપયોગ દ્વારા જેટલું કાંઈ વિષયગત થાય છે, એ બધુ દશ્યમાન છે, રૂપી છે. દશ્યમાન એટલે રૂપી. રૂપી લીધું છે ને ? શબ્દ એ જ લીધો. દશ્યમાન છે તે બધું રૂપી. રૂપી એટલે અહીંયાં વર્ણનું રૂપ ન લેવું, રંગનું રૂપ ન લેવું. રૂપી એટલે રસ,

ગંધ, વર્ણ, શબ્દ બધું એમાં આવી જાય છે. તે બધું રૂપી છે, તે બધું જડ છે. અને તે જડ છે અને હું ચૈતન્ય છું. હું ચૈતન્ય હોવાથી તે જડમાં મમત્વ કરવા યોગ્ય નથી. અને કરે તો પણ જીવને તેમાંથી કાંઈ મળે એવું નથી. વળી એવું નથી કે મમત્વ કરે તો કાંઈક એમાંથી મળી જાય છે.

જીવ અનંત કાળથી અનંતા પરમાણુઓ સાથે મમત્વ કરતો ચાલ્યો આવ્યો છે. એક પરમાણું પણ જીવનો થયો નથી. એક પરમાણુ તો જીવનો થયો નથી પણ એક પરમાણુનો કોઈ પર્યાય પણ જીવનો થયો નથી. આ પરિસ્થિતિ છે. એટલે એમ કહ્યું કે એ બધું જડ છે. તેના જડત્વને સમજી તેથી મમત્વ ન કરવું.

**'શાથી ?'** હવે શું છે કે મમત્વ તો એમ કરે છે કે એને ત્યાંથી સુખ મળે છે માટે મમત્વ કરે છે. જે જડમાં એને સુખ લાગે છે તેથી તેને મમત્વ થાય છે કે આ મને હો. આ સંયોગો મને હો, કેમ કે આ મને અનુકૂળ સંયોગો છે. તેથી એ મમત્વ કરે છે. અહીંયાં એ મુદ્દો લે છે **'કે જે બધુંય જડ તેમાં પોતાને માનતાં સુખ શું ?'** હવે શોધ તારા સુખને. નક્કી કર તારા સુખને, એમ કહે છે.

તને જ્યાં જ્યાં સુખ લાગે છે ત્યાં રૂપી જડ પદાર્થો પડ્યા છે, પરમાણું પડ્યા છે, તેમાં પોતાને માનતા 'એમાં મને ઠીક હો' એમ પોતાપણું કરતાં-સ્વપણું કરતાં સુખ શું ? આકુળતા થાય છે એમાં તો, એમ કહે છે. એમાં સુખ ક્યાંથી થયું ? એ તો આકુળતા થાય છે. જીવ સુખની કલ્પના કરે છે એ જૂઠ છે, નિતાંત જૂઠ છે. એમાં કલ્પનામાત્ર એ છે. બાકી ક્યાંય સુખની તો ગંધ પરમાણુમાં નથી પણ એ પરમાણુ પ્રત્યે લંબાતા પરિણામમાં પણ દુઃખ ઉત્પન્ન થાય છે. કલ્પનાએ કરીને સુખ માન્યું છે. વેજીટેબલ ઘીનો દેખાવ બિલકુલ સાચા ઘી જેવો હોય. બરાબર દાણાદાર, એવું રંગરૂપ બધું, એ સાચું ઘી થઈ જાય કે ન થાય ? એ સાચું ઘી નથી. કલ્પના કરે છે. એ જૂઠ છે, ત્યાં એ વસ્તુ કૃત્રિમ છે.

**'દશ્યમાન છે તે બધું રૂપી જડ છે તેથી તેમાં મમત્વ ન કરવું. શાથી ? કે બધુંય જડ તેમાં પોતાને સુખ શું ?'** અહીંથી દુઃખનો પ્રશ્ન પાછો સમાધાન થઈ જશે. જો કોઈ જડપર્યાયમાં પોતાને માનતા સુખ

નથી તો કોઈ જડ પર્યાયમાં પોતાને ગણતા દુઃખ પણ નથી. આમ છે. જડમાં પોતાપણું માનતા સુખ નથી અને જડમાં પોતાપણું માનતા એને જે દુઃખ થાય છે એ પોતાપણું મટે તો દુઃખ મટે. આ પ્રશ્ન ત્યાંથી દુઃખનો પણ નીકળી જાય છે. એમાં શું છે કે જડમાં પોતાપણું માનતા સુખ શું ? એટલે અનુકૂળ કલ્પેલા, અનુકૂળતાની જેમાં કલ્પના કરી છે, સુખની જેમાં કલ્પના કરી છે એ જડમાં સુખ શું છે ? એમ કહે છે. જો જડમાં સુખ પણ નથી તો જડને કારણે જડમાં દુઃખ પણ નથી. એ વાત એમાંથી આપોઆપ સિદ્ધ થઈ જાય છે, આપોઆપ સિદ્ધ થઈ જાય છે. જ્યાં જ્યાં એને દુઃખનો અનુભવ થાય છે ત્યાં પણ એ જ જ્ઞાન લાગુ પાડે છે કે જો જડમાં સુખ નથી તો એ જડમાં દુઃખ નથી. એટલે જો કોઈ પદાર્થો આ જીવને અનુકૂળ નથી, ઈષ્ટ નથી, તો કોઈ પદાર્થો આ જીવને પ્રતિકૂળ અને અનિષ્ટ પણ નથી. આ ઈષ્ટ-અનિષ્ટપણાનો સીધો વિષય છે.

કોઈ પદાર્થ... આ ગમતું નથી. ભાઈનો પ્રશ્ન હતો. આ ગમતું નથી. ઈષ્ટ-અનિષ્ટપણું એમાં કરવું નથી. જે ગમતું નથી એમાં અનિષ્ટપણું કરવાનો પ્રશ્ન નથી. એ પ્રકારથી આગળ નથી જવાતું. એ માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. અણગમતો પણ જગતમાં કોઈ પદાર્થ નથી અને ગમતો પણ જગતમાં કોઈ પદાર્થ નથી. બેય કલ્પના છે.

હવે કલ્પના કેવી રીતે છે અને સત્ય કેવી રીતે છે ? આ વસ્તુ એણે મંથનથી, બરાબર એણે પોતાની વાત પોતાને સમધાન થવાથી મંથનથી નિશ્ચય કરવો જોઈએ. પોતાના ચાલતા પરિણામને પકડવું છે, ચાલતા અનુભવને પકડવો છે અને એ અનુભવમાં જૂઠ શું છે અને સત્ય શું છે ? એનો નિશ્ચય અને એનો ઉકેલ પોતાએ શોધવો છે. એની અંદર બુદ્ધિ લડાવવાનો વિષય નથી પણ એની અંદર અનુભવને જ પકડવાનો વિષય છે કે આમાં જૂઠ શું છે અને સત્ય શું છે ?

**'શરીર જડ તેમાં મમત્વ ન કરવું.'** પહેલું નજીકમાં નજીક છે ને એટલે એમ કહ્યું. **'બધુંય જડ તેમાં પોતાને માનતા સુખ શું ?'** એ જ રીતે **'શરીર જડ તેમાં મમત્વ ન કરવું.'** એટલે શરીરની શાતામાં, શાતાના વેદનમાં ન અટકવું અને અશાતાના વેદન કાળે અશાતાના વેદનમાં ન અટકવું, એમ કહે છે. ત્રીજી સ્થિતિ નથી. કાં જીવને શાતા

થાય છે અને કાં જીવને અશાતા રહે છે.

શરીર એક એવો નજીકનો પરમાણુનો સંબંધ છે, જીવને સંયોગ છે કે એને શાતા અશાતાનું વેદન નિરંતર થયા જ કરે છે. કાં શાતાનું થાય અને કાં અશાતાનું થાય. તો શાતાના વેદનમાં એને અટકવું નથી અને અશાતાના વેદનમાં પણ એને અટકવું નથી. બંને પ્રકારના વેદન કાળે પોતે જ્ઞાતા છે અને જ્ઞાનવેદનમાં રહે એ એનો ધર્મ છે. શાતા અશાતાના વેદનમાં જાય તે તેનો અધર્મ છે. ધર્મ નથી પણ (અધર્મ છે). ધર્મ નથી એમ કહો કે એ એને અધર્મ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દાખલા તરીકે ?

મુમુક્ષુ :- શરીર છે ઈ ... છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. નજીક છે, ક્ષેત્રથી નજીક છે. શરીર છે એ આત્માના પ્રદેશો છે એને ક્ષેત્રથી નજીક છે. જ્યારે બીજા સંયોગો છે એ ક્ષેત્રથી દૂર છે. બરાબર છે ? ઘર છે, દુકાન છે, કુટુંબ, પરિવારના સભ્યો છે, પૈસા છે, આબરૂ છે, જેટલા સંયોગો પૂર્વકર્મના ઉદયે એના કહેવાય છે એ બધા શરીરથી તો આઘા જ છે ને ? પરિવારમાં સ્વજનને રોગ થાય, પીડા થાય તો એનું પોતાને દુઃખ થાય છે. થાય છે ને ? મમત્વ છે એટલે એને દુઃખ થાય છે કે અરે...રે..! આને વીંછી કરડ્યો અને કેટલી વેદના ? અથવા આને ફલાણું થયું છે એની કેટલી વેદના ? પણ પોતાને જે વેદન થાય એ કાંઈ એને વેદન થાય એટલું થોડું થાય છે ?

દુઃખની માત્રા તો જેટલું મમત્વ એટલુ દુઃખ થાય. તીવ્ર મમત્વ હોય તો ઓલાને દુઃખ થાય એના કરતાં પણ વધારે દુઃખ થાય. એ એમ કહે કે આના કરતા મને હોત તો સારું. શું કહે ? કે એને છે એ મારે જોવાતું નથી અને સહન થતું નથી. એમ કહે છે કે નહિ ? પણ છતાં એ દૂર ક્ષેત્રવર્તી છે અને શરીરમાં છે એ નજીકના ક્ષેત્રવર્તી છે. શાતા અને અશાતાનું વેદન એક લઈએ તો એ બંનેના વેદનકાળમાં જીવ જ્ઞાતા છે, આ વસ્તુ પકડવાની છે. જીવ તો જ્ઞાતા છે એમ પકડવાનું છે.

વેદનારો નથી. શાતા અશાતાને વેદનારો નથી, એમ લેવું છે.

મુમુક્ષુ :- ત્યાં તો આધારમાં, જે આધાર લ્યે...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં પ્રશ્ન નથી. જે પાણી ઉપર, સપાટી ઉપર તરતા શીખ્યો, એને પાણી કેટલું ઊંડું છે એની સાથે શું સંબંધ છે ? એક માથોડા ઊંડુ હોય કે દસ માથોડા ઊંડુ હોય. દરિયાનું પાણી હોય કે નદીનું પાણી હોય કે કૂવાનું પાણી હોય. તરવું છે એને તો ઉપર તરવાનું છે. એને અપેક્ષા રહેતી નથી. એમ જે પોતાના જ્ઞાનવેદનમાં આવ્યો એને પછી શરીરનો ઉદય શાતા અશાતાનો કે દૂરનો કોઈપણ પ્રકારનો ઉદય, એની સાથે એને પ્રશ્ન રહેતો નથી. એ તો ભિન્ન પડ્યો તે ભિન્ન જ પડ્યો.

મુમુક્ષુ :- શરીરને લીધું એવી રીતે મનને, ભાવને લેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લેવું જોઈએ. રાગને લેવો જોઈએ. કેમ કે શરીર કે બીજા સંયોગોનો સંબંધ તો જીવ રાગથી કરે છે. પરમાણુને સબંધ કે સંયોગની કાંઈ ખબર નથી. જીવને રાગથી બંધન છે ખરેખર તો. એટલે રાગની ભિન્નતા (કરવી). પ્રયોગમાં રાગની ભિન્નતા છે. વિચારમાં આ બધું વિચારવું છે. પ્રયોગમાં તો રાગની ભિન્નતા છે. પછી આનો પ્રયોગ કરે પણ એ રાગની ભિન્નતા સાથેસહિત કરે છે. આ તો શરૂઆત કેવી રીતે કરવી એ વાત લ્યે છે. વિચાર છે ને ?

'**પ્રથમ તો નિર્મમત્વ ભાવથી...**' પ્રથમ શબ્દ લીધો છે ને ? પ્રથમ એટલે શરૂઆત આમ કરવી કે... એમ કહે છે. '**શરીર જડ તેમાં મમત્વ ન કરવું. શાથી ?**' કે '**શરીરાદિ જડ તેમાં પોતાપણું માનતા સુખ શું ?**' શરીરની શાતામાં પોતાપણું કરતાં સુખ શું ? શરીરમાં પોતાપણું માનતા સુખ નથી, ઉલટાનું પોતાપણું માનતા એમાં દુઃખ છે. '**વળી રાગ-દ્વેષમોહભાવ,...**' હવે બધા ભાવો લઈ લીધા. '**અસાતાભાવ, તૃષ્ણાભાવ, અવિશ્રામભાવ, અસ્થિરભાવ, દુઃખભાવ, આકુલભાવ, ખેદભાવ, અજ્ઞાનભાવ છે.**' એ બધા ભાવો 'અજ્ઞાનભાવ છે તેથી હેય છે.' હેય અને ઉપાદેયના બોલ લીધા છે. જીવના પરિણામમાં રાગ-દ્વેષ, મોહભાવ થાય છે એ અજ્ઞાનભાવ છે. રાગ-દ્વેષ, મોહ ભલે ચિત્વિકાર છે તોપણ એ પુદ્‌ગલને અવલંબીને પુદ્‌ગલાકારે થયેલો ભાવ છે.

જેમ આત્માને અવલંબતા આત્માકાર ભાવ થાય છે, એમ પુદ્‌ગલને અવલંબતા પુદ્‌ગલાકાર ભાવ થાય છે. વળી એવા જે રાગ-દ્વેષ, મોહ એનામાં જાણપણું નથી. તેથી પણ તેને અ-જ્ઞાનભાવ કહેવામાં (આવે છે). જ્ઞાન તો જાણે, રાગ-દ્વેષ જાણતા નથી. રાગ-દ્વેષ તો આંધળા પરિણામ છે, એ કાંઈ જાણતા પરિણામ નથી.

વળી રાગ-દ્વેષભાવ અજ્ઞાન છે, અશાતાભાવ અજ્ઞાન છે, તૃષ્ણાભાવ અજ્ઞાન છે. અવિશ્રામભાવ જ્યાં એ ક્યાંય ઠરીને ઠામ થતો નથી. હેરાન હેરાન થઈને પરિણમે છે એ અવિશ્રામભાવ છે, અસ્થિરભાવ છે, ચંચળભાવ છે. દુઃખભાવ છે અથવા આકુળભાવ, અશાંતભાવ છે આકુળભાવ છે, ખેદખિન્નતાવાળો ભાવ છે એ બધા અજ્ઞાનભાવ છે તેથી હેય છે.

મુમુક્ષુ :- આ રાગ-દ્વેષ, મોહભાવ કહ્યું, એના વિશેષણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ રાગ-દ્વેષ, મોહમાં આમ તો બધા આવી જાય છે પણ ઘણા એવી રીતે ભેદ-પ્રભેદો ન કહેતા સમજતા નથી. કોઈવાર એવી જીવની યોગ્યાતા હોય છે કે એને એના ભેદ-પ્રભેદ બતાવે ત્યારે સમજે. અથવા તો કોઈએક એવા ભેદમાં પોતે વર્તતો હોય એ ઉપર એનું લક્ષ જાય. જેમ કે કોઈને ખેદ-ખિન્નતા રહ્યા કરતી હોય. તો કહે ખેદ-ખિન્ન રહે છે એ ખેદભાવ છે, તે અજ્ઞાનભાવ છે અને તે ઉપાદેય નથી. એ ત્યાંથી પોતાના અનુભવને પકડે. ભેદ-પ્રભેદ બતાવવાનું એ કારણ છે કે અભેદપણે બતાવતાં પોતાને એ વિષય ઉપર લક્ષ ન પહોંચે તો ભેદથી બતાવતા એનું લક્ષ પહોંચે છે. એવી યોગ્યતા હોય છે. એથી ભેદથી અને અભેદથી બંને રીતે કહેવાની શાસ્ત્ર પદ્ધતિ છે. જ્ઞાનીઓની આચાર્યોની પદ્ધતિ છે. કેમ કે યોગ્યતા જુદા જુદા પ્રકારે છે. એક પ્રકારની બધાની યોગ્યતા નથી.

એટલે તો કહ્યું કે બહુ કરુણા કરીને આ બધું લખે છે. શાસ્ત્રો લખે છે એણે બહુ કરુણા કરી છે. કેમ કે ઓલો એમ કહે છે, આમાં મારો રોગ આમાંથી સમજાણો તો બીજો એમ કહે છે કે તમારો રોગ ઓછો હતો કે વધારે હતો પણ મને મારો રોગ સમજાણો. એમ જુદી જુદી જાતના રોગ છે, એ બધા એને એના ચિહ્નોથી બતાવતા એને સમજવા મળે છે. એવું છે. એટલો વિસ્તાર એ રીતે શાસ્ત્રનો થયો છે.

મુમુક્ષુ :- ખેદભાવ લઈએ આપણે તો ખેદભાવમાં જ્ઞાન નથી, ખેદભાવમાં હું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખેદભાવમાં અજ્ઞાનભાવ છે એટલે એમાં જ્ઞાન નથી. જ્ઞાન નથી એટલે એમાં આત્મા નથી. એમાં આત્મા નથી એટલે એ ઉપાદેય નથી. તેની ઉપાદેયતા-તેને અંગીકાર કરવા યોગ્ય નથી, એને વળગવા જેવું નથી, એમાં રહેવા જેવું નથી, એ પ્રાપ્ત કરવા જેવો નથી. બધું એમાં આવી જાય છે. અથવા તે તે ભાવથી નિવર્તવા જેવું છે. એ એનો સરવાળો છે કે આ બધા ભાવોથી નિવર્તવા જેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અસ્થિર એટલે ચંચળતા લેવી છે. અને અવિશ્રામ એટલે જેમાં આરામ નથી મળતો એવો ભાવ. આરામ નથી મળતો. વિશ્રામ છે ત્યાં આરામ મળે છે. ક્યાંય અવિશ્રામભાવ છે એટલે જેટલા કોઈ વિકારી પરિણામ છે એ તમામ વિભાવભાવમાં જીવને આરામ નથી, ચેન નથી, સુખ નથી, ક્યાંય એને ઠીક પડે એવું નથી. એમ છે. અવિશ્રામભાવ છે. એ પ્રયોગ અનેક જગ્યાએ કર્યો છે. વિશ્રામ અને અવિશ્રામનો, એ શબ્દ પ્રયોગ એમનો અનેકવાર છે.

કેમ કે જીવને ઠરીને ઠામ થવું છે. આ નથી કહેતા ? ગમે ત્યાં ગ્યા દેશ-દેશાવર ફર્યા. સારી જગ્યા, મોળી જગ્યા, અનેક જગ્યાએ રહેવાનું થયું, પણ ઘર ઈ ઘર છે. શું કહે છે ? ઘર એ ઘર. એને એમ થાય છે કે આ મારું વિશ્રામનું સ્થાન છે. સાયકોલોજી છે કે નહિ ? એમ જીવને પોતાનું સ્વરૂપ એ એક જ વિશ્રામધામ છે. અને પોતાના સ્વરૂપને છોડીને એને ક્યાંય વિશ્રામ મળે એવું ક્યાંય સ્થળ અને સ્થાન છે નહિ. આમ છે. એટલે પોતાના સ્વરૂપને છોડીને આરામ કેવો ?

અહીંયાં જેમ એક વાત લીધી ને ? કે બધુંય જડ. શરીર પણ જડ, એમાં સુખ શું ? તો કહે છે કે આ તમામ પ્રકારના વિભાવભાવ, દુઃખભાવ, આકુળિતભાવ, અજ્ઞાનભાવ, એમાં વિશ્રામ કેવો ? એમાં આરામ કેવો ? એમ કહે છે. એને છોડીને ક્યાંય આરામ મળે, વિશ્રામ મળે એ વસ્તુસ્થિતિ નથી. આરામનું ધામ, વિશ્રામનું ધામ એવો પોતે છે. એમાં ઠરીને ઠામ થાય ત્યારે એને આરામ મળે એવું છે. એમ લેવું ત્યાં. (વિશેષ કહીશું...)

## તા. ૨૦-૧૦-૧૯૮૫, પાના નં.૧૪, પ્રવચન નં. ૪૨

આત્મભાવ ... એ વાત કરી. રાગ-દ્વેષ અને મોહભાવ એ રાગનો ભાવ, અજ્ઞાનભાવ છે. જ્ઞાનની જાતિના ભાવ નથીસ્વભાવજાતિના ભાવ નથી. જેમ જડ પરમાણુ જાણતો નથી કે હું પરમાણુ છું. તેમ વિભાવભાવ, રાગ-દ્વેષના મોહના ભાવ એ પોતે જાણતા નથી કે પોતે કોણ છે ? શું છે ? આત્માને જાણતા નથી અને પોતાને પણ જાણતા નથી. પરમાણુ પણ પોતાને જાણતા નથી અને આત્માને પણ જાણતા નથી. વળી આત્માની અવસ્થામાં દુઃખરૂપ હોવાથી, મલિન હોવાથી અને પોતાના સ્વરૂપથી વિપરીત હોવાથી-ઊંધા હોવાથી તે હેય છે. આત્મભાવ છે એ ઉપાદેય છે. કેવો છે આત્મભાવ ? કે જ્ઞાનમાત્ર ભાવ છે. આત્મભાવ છે એ જ્ઞાનમાત્ર ભાવ છે. જો જ્ઞાન, જ્ઞાન નિમગ્ન રહે તો તેને જ્ઞાનમાત્ર ભાવ કહેવામાં આવે છે.

એવો જે જ્ઞાનમાત્રભાવ છે તે '**આત્મભાવ છે, તે શાંતભાવ છે, તે વિશ્રામભાવ છે, સ્થિરતાભાવ છે, અનાકુલભાવ છે, આનંદભાવ છે, તૃપ્તિભાવ છે, નિજભાવ (છે તેથી) ઉપાદેય છે.**' પેલા બધા પરભાવ હતા. અહીંયાં પરભાવનો એક બોલ જે સામે સામો છે. આત્મભાવ છે એની સામે અનાત્મભાવ છે એમ લીધું અને જ્ઞાનમાત્ર ભાવ છે. પેલા જડભાવરૂપ છે. આ જ્ઞાનમાત્રભાવરૂપ છે. એમાં શાંતિ છે, એમાં વિશ્રામ એટલે આરામ છે. સાચો આરામ ત્યાં છે. સ્થિરતા ભાવ છે. એમાં ઉપયોગ સ્થિર છે, ધીર છે, ગંભીર છે. આકુળતાનો જેમાં અભાવ છે એવો અનાકુળભાવ છે. અને આનંદમય છે. આનંદસ્વભાવ છે. એનો પ્રગટ અનુભવરૂપ આનંદભાવ છે. એમાં અતૃપ્તિભાવ નથી એટલે તૃપ્તિભાવ છે. તૃપ્ત થાય છે.

પોતાના નિજ શુદ્ધ પરિણામને અનુભવતા આત્મામાં પરિણામમાં તૃપ્તિ ઊપજે છે, તૃપ્ત થાય છે. ત્યાં સુધી જીવની અતૃપ્તિ મટતી નથી.

જગત આખાના તમામ પ્રકારના અનુકૂળ સંયોગો હોવા છતાં જીવને ક્યાંય તૃપ્તિ થઈ શકે નહિ. અતૃપ્ત પરિણામ રહે. એક આત્મભાવમાં જ તૃપ્તભાવ થાય છે, તૃપ્તિ થાય છે. તે નિજભાવ છે. તે પોતાનો ભાવ છે. પોતા સ્વરૂપે ભાવ છે અને તેથી તે પવિત્ર ભાવ હોવાથી ઉપાદેય છે. નિર્દોષ, પવિત્ર ભાવ હોવાથી આત્મભાવ છે એ ઉપાદેય છે. ગ્રહણ કરવા યોગ્ય છે, પરિણમવા યોગ્ય છે. એમ બંને ભાવોનો વિવેક કરાવ્યો છે, ઓળખાણ કરાવી છે કે આમાં આમ છે અને આમાં આમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ... અહીંયાં શુદ્ધભાવ થયો. પરિણામમાં જે સમ્યગ્દર્શન થતાં શુદ્ધતા પ્રગટી તે શુદ્ધતામાં પ્રગટપણે આનંદ છે, પ્રગટપણે તૃપ્તિભાવ છે, અનાકુળભાવ છે, શુદ્ધ સ્થિર ઉપયોગ છે, વિશ્રામભાવ છે, આત્માને શાંતિ છે, જ્ઞાનમાત્ર ભવન છે. બીજું પરિણમન નથી. એ શુદ્ધભાવ અને અશુદ્ધભાવ બંને ભાવનું વર્ણન કર્યું. આત્મામાં શુદ્ધ પરિણામ હોય તો એ કેવા ? અશુદ્ધ પરિણામ થાય તો એ કેવા થાય છે, એનું વર્ણન લીધું છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- આમાં ગુણભેદ જો લઈએ તો આત્મભાવ છે એમાં બધા ગુણો આવી ગયા. ગુણ અપેક્ષાએ આત્મભાવ કહેતા આત્માના બધા ગુણો 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' થયા. એવો જે એક ભાવ, આખા દ્રવ્યનું, જીવનું, પરિણમનનું એક સમયનું પરિણમન જે શુદ્ધ પરિણમન તે આત્મભાવ છે. આખા દ્રવ્યના બધા ગુણોનું પરિણમન લેવું. એમાં કોઈ એક ગુણની મુખ્યતાથી વાત નથી. જ્ઞાનમાત્ર ભાવમાં જ્ઞાનની મુખ્યતા છે. જ્ઞાનનિમગ્ન જ્ઞાન છે. જ્ઞેયનિમગ્ન જ્ઞાન નથી પણ ત્યાં જ્ઞાનનિમગ્ન જ્ઞાન છે. જ્ઞાનમાં જ્ઞાન મગ્ન છે તે જ્ઞાનમાત્રભાવ છે.

શાંતભાવ છે એ શાંતિ આત્મામાં જે ચારિત્ર શાંતિનો ગુણ છે. ચારિત્રની મુખ્યતા શાંતભાવ છે. વિશ્રામભાવમાં પણ ચારિત્રની મુખ્યતા છે. સ્થિરતામાં પણ સ્થિરતારૂપ ચારિત્રનો ગુણ છે. એ પણ ચારિત્રની મુખ્યતા છે. અનાકુળભાવ છે એ સુખગુણની મુખ્યતાથી છે. અનાકુળતારૂપ સુખ. આકુળતારૂપ દુઃખ અને અનાકુળતારૂપ સુખ. એ

સુખગુણની મુખ્યતાથી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સુખ, સુખ આમ ચારિત્રમાં જાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લઈએ તો. આનંદભાવ છે એ આનંદગુણની મુખ્યતાથી છે. તૃપ્તિભાવ છે એ પણ ચારિત્રની મુખ્યતાથી છે. અને નિજભાવ છે એ આખા દ્રવ્યની મુખ્યતાથી છે. પોતાનો ભાવ છે. એમ છે. કેટલાક ગુણભેદે છે અને કેટલાક (ભેદને) દ્રવ્યથી પણ વાત કરી છે. આત્મભાવ નિજભાવ છે એમાં આખુ દ્રવ્ય લઈ લેવું. કોઈ એક ગુણની મુખ્યતાથી વાત નથી. કોઈપણ ગુણની મુખ્યતાથી વાત હોય તો પણ તે ગુણવિશિષ્ટ આખું દ્રવ્ય લેવું. એકલો ગુણ નહિ પકડવો. પણ તે ગુણ વિશિષ્ટ આખું દ્રવ્ય છે. ગુણ છે એ દ્રવ્યની જ વિશિષ્ટતા છે. ગુણ કોઈ જુદી વસ્તુ નથી પણ વસ્તુની એક વિશિષ્ટતા છે. એમ છે.

તેથી ઉપાદેય છે. આ રીતે શુદ્ધભાવ છે, જે મોક્ષમાર્ગરૂપ ભાવ છે તે ઉપાદેય છે. તે શુદ્ધભાવમાં જૈનપણું છે. અશુદ્ધભાવ છે તેને જિન સંજ્ઞા મળતી નથી. જિન એવું નામ, જૈન એવું નામ સમ્યક્ પ્રકારે શુભાશુભ વિભાવ ઉપર વિજય મેળવતાં ઉત્પન્ન થયેલું, બળવાનપણે ઉત્પન્ન થયેલું શુદ્ધ પરિણમન હોવાથી એને જિનપણું કહેવામાં આવે છે અથવા જૈનપણું કહેવામાં આવે છે. તે અંશ જેને પ્રગટ થયો ત્યારથી તે જૈન.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભેદભાવ છે એ આકુળતારૂપ ભાવ છે, દ્વેષરૂપ ભાવ છે. કોઈને કોઈ પર પદાર્થના અણગમાથી ઉત્પન્ન થયેલો ભાવ છે. જ્યારે તૃપ્તિ ભાવ છે એ પોતાના સ્વરૂપના ભોગવટાથી ઉત્પન્ન થયેલો તૃપ્તિનો ભાવ છે. સ્વરૂપમાં અનંત અનંતગુણ પોતાના પરિણામ વડે પોતાના અભેદ સ્વરૂપને ભોગવટો કરે છે, તેનાથી જે તૃપ્તિ ઊપજે છે, એ તૃપ્તિ છે એ શુદ્ધભાવ છે, નિજ ભાવ છે.

તરસ લાગી, પાણી પીધું માટે તૃપ્તિ થઈ એ વાત અહીંયાં નથી. એને તો ખેદભાવ ગણે છે. એવી તૃપ્તિ છે, જે પરપદાર્થના સંયોગથી તૃપ્તપણું થાય છે તે તો બધો ખેદભાવ છે અને આકુળિત ભાવ છે. અહીંયાં પોતાના સ્વરૂપમાં અંતર્મુખ પરિણામ થતાં પોતાના પરિણામમાં

શાંતિ થાય, ઉપશમભાવ થાય, પરિણામ પોતામાં સમાય જાય ત્યારે તૃપ્તિ ઊપજે છે. એ તૃપ્તિભાવ છે, એ ઉપાદેય છે. એથી અતૃપ્તિ થતી નથી. પેલા પરિણામ તો તૃપ્તિના એવા છે કે એક વિષયની તૃપ્તિ થાય અને બીજા વિષયની અતૃપ્તિ એ વખતે ત્યારે જ ઊભી થઈ જાય. એવા એ પરિણામ છે. જો કે ત્યાં તો વેદ્ય-વેદકભાવ મળતા જ નથી.

પરિણામના વિજ્ઞાન સાથે જોઈએ તો વેદક એવો આત્મા અને વેદાવાયોગ્ય એવા જે એના પરિણામ અથવા પરવિષય, એ બેને મેળ ખાતો નથી, સમયાંતર થઈ જાય છે. એટલે ત્યાં તૃપ્તિ કદી થાય નહિ. ... રહે છે. વિજ્ઞાન છે ત્યાં આગળ પરિણામનું. 'સમયસાર'ની ૨૧૫-૨૧૬ ગાથાનો એ વિષય છેવેદ્ય-વેદકભાવનો.

દરેકની સામે સામે કોઈ લીધા છે. કોઈ સામે લીધા છે અને કોઈ સામે નથી લીધા. જેમ કે જ્ઞાનમાત્ર ભાવની સામે બીજું કાંઈ નથી લીધું. આત્મભાવની સામે બીજું કાંઈ નથી લીધું. નિજભાવની સામે પરભાવ લેવું જોઈએ એવું નથી લીધું. પણ સહેજે સહેજે જે ભાવ આવ્યા, એ લઈ લીધા છે. કોઈ કોઈ સામે છે, કોઈ કોઈ સામે નથી.

**'આત્મપરિણતિમાં આત્મા છે. 'હું છું' એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.'** આ શ્રદ્ધાનો વિષય લઈ લીધો. ઉપર કાંઈ શ્રદ્ધાનો બોલ નથી. પહેલા સમ્મુચય આખા દ્રવ્યની વાત લે છે કે **'આત્મપરિણતિમાં આત્મા છે'** આત્માના આશ્રયે અનંત ગુણના પરિણામ થયા તે અભેદ એકરૂપ પરિણામોને એક સમયનું એક પરિણામ ગણીને આત્મપરિણતિ કહી છે. ક્યાં છે આત્મા ? કે આત્મા આત્મપરિણતિમાં છે. અનાત્મ પરિણતિમાં, વિભાવ પરિણતિમાં આત્મા નથી. ગમે તેટલો ઉચ્ચ કક્ષાનો શુભભાવ હોય તો પણ તેમાં ક્યાંય આત્મા નથી. **'આત્મપરિણતિમાં આત્મા છે.'** એમ કહીને અનાત્મ પરિણતિમાં આત્મા નથી એમ કહેવું છે. જાતિભેદ છે ને ? એની જાતિ જુદી છે, આની જાતિ જુદી છે.

**'આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.'** આ હું છું. સત્તા પકડે છે. પોતાના અસ્તિત્વમાં હુંપણું જે ભાવ કરે છે તે ભાવ આસ્તિક્ય ભાવ છે. તે ભાવ સમ્યગ્દર્શનનો ભાવ છે. આસ્તિક્ય ભાવ કહો, સમ્યગ્દર્શનનો ભાવ કહો, શ્રદ્ધાભાવ કહો,

બધું એક જ છે. આ જે આવે છે. આ ભેદ આવે છે, શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા. એમાં શમ, સંવેગ, નિર્વેદ અને આસ્થા. આ આસ્થાની વાત છે. પોતાના સ્વરૂપને વિષે હુંપણું કરનાર એવો જે શ્રદ્ધાનો ભાવ તેને આસ્તિક્યભાવ કહેવો. તેને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન છે.

'**હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.**' એવા સમ્યગ્દર્શન વડે આત્મા પ્રગટ થાય છે. આત્મા પ્રગટ થાય છે એમ કહો કે આત્મામાં આત્માનું આત્મારૂપ શુદ્ધ પરિણામ પ્રગટ થાય છે. શુદ્ધ દશા પ્રગટ થાય છે. એને આત્મા પ્રગટ થાય છે એમ કહેવામાં આવે છે.

'**હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે. આત્મામાં (પોતામાં) પરિણતિ આવી.**' અહીંયાં પરિણતિ આત્મામાં આવી. જે પરિણતિ બહાર ભટકતી હતી અને શુભાશુભ વેષ ધારણ કરતી હતી, અજ્ઞાનથી સંપ્રદાયોમાં શુભવેશને ઠીક મનાણો અને અશુભવેશને અઠીક મનાયો. પણ અહીંયાં આત્મામાં જે પરિણતિ આવી તે શુદ્ધ થઈ. અને જે બહાર ગઈ તે શુભાશુભરૂપ અશુદ્ધ રહી.

'**આત્મામાં પોતામાં પરિણતિ આવી. 'હું છું' પણાની માન્યતા.**' હું છું એ રૂપપણે જે માન્યતા.. શ્રદ્ધા લીધી ને ? માન્યતા એટલે શ્રદ્ધા. એવી માન્યતા, હું છું એવી માન્યતા સ્વપદનું સાધન છે. એ સાધન અપેક્ષાએ સિદ્ધાંત કહ્યો. કોઈ એમ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર સાધન છે. કોઈ એમ શાસ્ત્રને સાધન બનાવે છે ને ? વાણીને સાધન બનાવે છે. કોઈ કહે કે શરીરની નિરોગતા તે સાધન છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' અથવા શાસ્ત્રમાં એમ આવે કે ભઈ ! શરીરમાં રોગ ન હોય... શરીર ધર્મ સાધનમ્. શરીર એ ધર્મનું સાધન છે. એ છે ... કાંઈક વાત છે.

એકાંતમાં ધ્યાન કરવાનું હોવાથી એકાંત છે એ એક સાધન છે. સ્વરૂપનું ધ્યાન લાગે, અન્ય વિષયોમાં પરપદાર્થો ઉપર ઉપયોગ ન જાય, એવું બહારમાં સાધનમાં ગોતવું હોય તો શું ? કે એકાંતમાં રહેવું. તો એને પણ સાધન કહે છે. એ બધા સાધનો નિમિત્ત પ્રધાનતાથી વ્યવહારથી કહેવા માત્ર છે. કહેવામાત્ર છે એટલે ખરેખરા સાધન નથી. જો ખરેખરા સાધન નથી એટલા માટે કે એ સાધનની અનઉપલબ્ધિમાં

પણ, બિન હયાતીમાં પણ આત્માનું શુદ્ધ કાર્ય થતું જોવામાં આવે છે. જ્યાં મુનિઓને ઉપસર્ગ પરિસહ પડે છે ત્યાં બીજા કોઈ સાધન હોતા નથી. જેને સાધના છૂટી જાય એવા બહારમાં સાધનો હોય છે. તોપણ ખરું સાધન પોતાની પાસે હોવાથી, એ આ સાધન છે.

હું છું પણાની માન્યતા સ્વપદનું સાધવું છે. અંદર સમ્યગ્દર્શનનું સાધન હોવાથી અથવા આત્મામાં જેમ જ્ઞાનગુણ છે તેમ સાધન નામનો કરણ ગુણ છે. કરણ એટલે સાધન. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. એ છ ગુણ આત્મામાં છે. એ પોતે જ સાધનસંપન્ન હોવાથી આત્મા પોતાનું સ્વકાર્ય, નિજકાર્ય કરવામાં પોતે પરિપૂર્ણ સાધનસંપન્ન છે. સાધનથી પૂરેપૂરો સંપન્ન છે. તેથી એને કોઈ સાધનાંતરની અપેક્ષા નથી.

શાસ્ત્રમાં એવું આવે છે કે મોક્ષ પામનાર આત્મા અવશ્ય મનુષ્ય જ હોય. ચાર ગતિમાંથી બીજી ત્રણ ગતિમાં કોઈ જીવ નિર્વાણને પામે છે એવું બનતું નથી. મનુષ્યપણાને શાસ્ત્રમાં નિમિત્ત પ્રધાનતાથી સાધન કહ્યું છે. તે મનુષ્યમાં પણ નારાચ સંહનન, વજ્રનારાસંહનન એવા જે હાડકાની મજબૂતાઈ છે તેને સાધન કહ્યું છે. મોક્ષ પામનાર જીવને એવી જ અસ્થિની (રચના હોય). અસ્થિ એટલે હાડકા. એવી જ મજબુતાઈ હોય. કોઈ જીવ એવો ન હોય મનુષ્યમાં કે જેને એવું સંહનન ન હોય અને મોક્ષે ગયો હોય. મનુષ્ય ન હોય અને મોક્ષે ગયો હોય. એવો કોઈ જીવ હોત નથી.

**મુમુક્ષુ** :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. પૂર્વકર્મનો એ તો પર્યાપ્તિનો એ વિષય આવે છે. ગર્ભની અંદર જ્યાં પૂર્વકર્મની પર્યાપ્તિ થઈ પહેલા અંતર્મુહૂર્તમાં. જે બહારથી આવે ગર્ભમાં ત્યારે અપર્યાપ્ત અવસ્થા લીધી છે. અંતર્મુહૂર્તમાં એની પર્યાપ્તિ થાય. પર્યાપ્તિ એટલે એને દસ પ્રાણ પર્યાપ્ત થાય. પાંચ ઇન્દ્રિય, છઠ્ઠું મન, શ્વાસોસ્વાસ, આયુ એ બધું પર્યાપ્તિ અંતર્મૂહુર્તમાં થઈ જાય. એ પર્યાપ્તિની અંદર બધું આવી જાય છે. પછી તો બધો પરમાણુનો વિકાસ છે.

ફરીથી લઈએ. '**આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ...**' એ આત્મપરિણતિ છે. હું મારામાં છું, મારા સ્વરૂપમાં હું

છું, એવી જે સ્વપદની માન્યતા, સ્વમાં સ્વપદની માન્યતા, સ્વપદમાં સ્વપણાની માન્યતા, સર્વસ્વપણાની (માન્યતા) સ્વપણે એટલે સર્વસ્વપણાની માન્યતા તે સ્વપદનું સાધન છે. તે સ્વપદ પામવાનું સાધન છે. ઓલી બધી વાત ટૂંકામાં પતાવી છે અને અહીંયાં માન્યતાનો વિષય આખો જુદો પાડીને જરા વિસ્તારથી વિષય લીધો છે.

**'હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે. હું-હું પરિણામ હું કહું છું.'** હું - હું એમ પરિણામમાં પોતે હું હું પણું કરે છે, એમ જાણે છે. એમ જાણે છે. કહે છે એટલે એમ જાણે છે. એટલે કહેવાનું તો પુદ્ગલનું કાર્ય છે. એ કોઈ જીવના પરિણામનું કાર્ય નથી. હું હું પરિણામ એમ હું કરું છું. એમ હું પરિણામમાં હુંપણું કરું છું. એમ જણાય છે કે પરિણામમાં હું પણું હું કરું છું. હું... હું... હું... હું... હું... હું... હું... એવું હું પણું પરિણામમાં થયા કરે છે. એ અસ્તિત્વને ગ્રહે છે. હું છું એમ પોતાના અસ્તિત્વને ગ્રહે છે.

હવે મૂળપદમાં-અસલ સ્વરૂપમાં-મૂળ સ્વરૂપમાં હુંપણું ન થાય અને અન્યભાવનમાં કે અન્યદ્રવ્યમાં થાય ત્યારે તેને અસમ્યક્ અથવા મિથ્યા કહેવામાં આવે છે. વિપરીત કહેવામાં આવે છે. હુંપણું કરે છે માન્યતા. શ્રદ્ધાનો ભાવ, આસ્તિક્યભાવ હું... હું... હું... હું.... હુંપણું કરે છે. જ્યાં સુધી તે પોતાના મૂળ સ્વરૂપને છોડીને અન્ય દ્રવ્ય-ભાવમાં હું પણું કરે છે ત્યાં સુધી શ્રદ્ધા મિથ્યા છે. મૂળપદમાં હું પણું થતાં, મૂળસ્વરૂપમાં હું પણું થતાં, હું પણું છે ત્યાં તેથી ત્યાં હું પણું થતાં, અસ્તિત્વગુણ ત્યાં હોવાથી ત્યાં હું પણું આસ્તિક્ય થતાં, તેને સમ્યક્શ્રદ્ધા કહેવામાં આવે છે. અને તે સમ્યક્શ્રદ્ધા સ્વરૂપ પામવાનું, નિજપદ પામવાનું, પરમાત્માપદ પામવાનું વાસ્તવિક સાધન છેખરેખર સાધન છે.

**'હું... હું.. પરિણામ હું કહું છું. હું - હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા કરી.'** આ હવે શ્રદ્ધા અપેક્ષાએ કેટલી વાતો 'દીપચંદજી' કરે છે. **'હું હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા કરી. સ્વપદપરિણામ યોગ્યસ્થાન વિના હોય નહિ.'** અહીંયાં સમ્યક્પણું લઈ લીધું. યોગ્યસ્થાન કહો કે એમાં સમ્યક્તા આવી, સમ્યક્ત્વ આવ્યું, સમ્યક્પણું આવ્યું એમ કહે છે.

જ્યાં પરિણામોએ પોતાના નિજપદમાં હું હું કરીને આસ્તિક્યતા કરી ત્યાં સ્વપદ પરિણામ થયા. સ્વપદને આશ્રયે પરિણામ થયા તે પરિણામ યોગ્ય સ્થાનરૂપ થયા. યોગ્ય સ્થાનમાં પરિણામ આવ્યા. તે પરિણામને સમ્યક્ જાતિના પરિણામ કહેવામાં આવ્યા. તે સમ્યક્ જાતિના પરિણામ છે. એટલે એમ કહ્યું કે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.' સર્વ ગુણોના પરિણામનો અંશ યોગ્ય સ્થાનમાં એટલે નિજપદમાં આવ્યો. નિજપદમાં એ પરિણામ અંતર નિમગ્ન થયા, આત્મ નિમગ્ન થયા તેથી યોગ્યસ્થાનરૂપ થયા. તેથી તે પરિણામ સમ્યક્ થયા એમ કહેવામાં આવે છે. એ પરિણામ યોગ્ય સ્થાન વિના ન હોય. સ્વપદ પરિણામ યોગ્ય સ્થાન વિના હોય નહિ. અથવા યોગ્ય સ્થાને પરિણામ આવતા તેને સ્વપદ પરિણામ અથવા સ્વપદને આશ્રયે થતા પરિણામ યોગ્ય સ્થાનરૂપ પરિણામ કહેવા, ગણવા, સમજવા.

હવે એની સામે વિષયને નાસ્તિથી સ્પષ્ટ કરે છે. આ આસ્તિથી કહ્યું. '**કાયચેષ્ટા છે ત્યાં નથી,...**' આવા જે સ્વપદ પરિણામ છે, યોગ્ય સ્થાનરૂપ થયેલા નિમિત્તપદમાં આવેલા જે પરિણામ છે ત્યાં કોઈ કાયની ચેષ્ટા નથી. ત્યાં કોઈ કાયાના પરિણામ નથી.

સામાન્ય રીતે ધ્યાન પદ્માસનમાં, ખડગાસનમાં ઉત્પન્ન થાય છે, સ્વરૂપ ધ્યાન. તો એવી જે કાયની સ્થિતિ, આસન તો કાયાનું છે ને. ખડગાસને કે પદ્માસને. એ કાયચેષ્ટા આ સ્વપદ પરિણામ યોગ્ય સ્થાનરૂપ થયા એમાં છે ? કે એમાં એ નથી. જુદું પાડે છે. જડ - ચેતનની ભિન્નતાને વહેંચે છે. વ્યવહારે ભલે એને એ આસનને ધ્યાન સાથે સુમેળ છે, એમ નિમિત્ત ગણીને એનું વર્ણન કહેવામાં આવે. પણ છતાં જે યોગ્ય સ્થાનરૂપ થયા એવા જે સ્વપદ પરિણામ તે પરિણામમાં ક્યાંય કાયચેષ્ટા નથી.

'**જે કાયચેષ્ટા છે તે ત્યાં નથી. વચન ઉચ્ચારણા છે ત્યાં નથી,...**' કોઈપણ પ્રકારની વચન ઉચ્ચારણા શુદ્ધોહં, બુદ્ધોહં, નિર્વિકલ્પોહં. એ વચન ઉચ્ચારણા કરે. નિજપદમાં આવતા પહેલા નિજપદની વચન ઉચ્ચારણ કરે. હું શુદ્ધ છું, હું એક છું, પરમાનંદસ્વરૂપ છું. અભેદરૂપ છું પરમ પારિણામિકભાવ સ્વરૂપ ધ્રુવ અપરિણામી છું. એ વચન ઉચ્ચારણા ત્યાં નથી. એ વાણીના પુદ્ગલના પરિણામ છે. જેમ કાયા

પરમાણુના જડ પુદ્‌ગલના પરિણામ છે એમ વાણી પણ જડ પુદ્‌ગલના પરિણામ છે. એ પણ સ્વપદ પરિણામરૂપ થયેલા જે પરિણામ, એ પરિણામમાં કોઈ વચન ઉચ્ચારણાના પરિણામ નથી. ભાષાવર્ગણાના છે.

'**મન ચિંતવન છે ત્યાં નથી.**' મનનું જે ચિંતવન, મનમાં જે વિકલ્પ થાય કે હું શુદ્ધ છું, હું આત્મા છું, હું પરમાત્મા છું, એવું જે પરમપદનું ચિંતવન થાય, એ ચિંતવન પણ ત્યાં સ્વપદ પરિણામ થયા, નિર્વિકલ્પ પરિણામ થયા ત્યાં વિકલ્પનામનના વિકલ્પના પરિણામ ત્યાં નથી. મન-વચન-કાયાથી ભિન્ન એવા આત્મપરિણામ છે. આત્મપરિણતિ એવી છે કે ત્યાં મન-વચન-કાયાના પરિણામ નથી.

મન ચિંતવનમાં બેય લઈ લેવું. દ્રવ્યમનનું પરિણમન તો સ્પષ્ટપણે પુદ્‌ગલનું પરિણમન છે, પુદ્‌ગલ પરમાણુનું પરિણમન છે, એ તો ત્યાં નથી. પણ એ મન ઇન્દ્રિયના આશ્રયે જે ચિંતવનરૂપ વિકલ્પ થાય છે, આત્માનો વિકલ્પ થાય છે એ પણ આત્મપરિણામ નથી. આત્માનો વિકલ્પ તે આત્મ પરિણામ નથી.

'**આત્મપદમાં પોતાની મગ્નતા સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા,...**' આ બધા ચારિત્રના બોલ લીધા. ધર્મ થયો ત્યાં ચારિત્ર થયું કે નહિ ? એનો આ ઉત્તર છે. '**આત્મપદમાં પોતાની મગ્નતા...**' મગ્નતા એટલે એકાગ્રતા, લીનતા. સ્વરૂપધ્યાનમાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે. એટલે જો આચરણથી લઈએ, ચારિત્રથી લઈએ તો સમ્યગ્દર્શન ક્યાં પ્રગટે છે ? કે સ્વરૂપના ધ્યાનમાં પ્રગટે છે. અત્યારે તો ત્રણે સંપ્રદાયના સાધુમાં શુદ્ધ ઉપયોગનું ધ્યાન સાતમાં ગુણસ્થાને પ્રગટે, કોઈ વળી કહે છે બારમા ગુણસ્થાને પ્રગટે, એ પહેલા ધ્યાન હોય નહિ. સાતમા ને એ પહેલા ધ્યાન હોય નહિ. અહીંયાં કહે છે, ચોથા ગુણસ્થાને પ્રગટે. ક્યાં પ્રગટે ? ચોથા ગુણસ્થાને પ્રગટે. ચારેય ગતિમાં શુદ્ધોપયોગ થાય છે.

કેમ કે સમ્યગ્દર્શન છે એ પોતે વીતરાગી પરિણામ છે. એ કોઈ રાગી પરિણામ નથી પણ વીતરાગી પરિણામ છે. ત્યાંથી તો જૈનપણું લીધું છે ને ? ચોથા ગુણસ્થાનથી શ્રાવકપણું લીધું છે, જૈનપણું લીધું છે. પહેલા ગુણસ્થાનમાં જૈનપણું નથી, અજૈનપણું છે. પહેલું ગુણસ્થાન છે તે અજૈનપણાનું છે. ચોથા ગુણસ્થાનથી જૈનપણું (છે). અવિરતિ શ્રાવક પાંચમાં દેશવિરતિ શ્રાવક અને છઠ્ઠા-સાતમામાં આવ્યા

તે મુનિ છે. તે શ્રાવક નથી પણ સાધુ છે. ત્યાંથી સાધુપણું લીધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષ થાય ત્યારે, મોક્ષ થાય ત્યારે. અનુભવકાળ એવું નથી લીધું. સામાન્યપણે એમ હોય છે. મનુષ્યને સામાન્યપણે ધ્યાનની અવસ્થામાં ખડગાસન અથવા પદ્માસન એને પોતાના પરિણામને અનુકુળ છે. પણ એવું નથી કે જેને એવું આસન હોય ત્યાં જ થાય.

મુમુક્ષુ :- નિયમબદ્ધ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, નિયમબદ્ધ નથી. મુનિને તો ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ થાય છે. પ્રવચન કરતાં કરતાં શુદ્ધોપયોગ થાય. આહાર કરતાં કરતાં થાય. નિંદ્રા માટે એ સૂતા હોય એમાં પણ એને ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ (થાય), આડે પડખે થયા હોય ને શુદ્ધોપયોગ થાય છે. કોઈપણ હાલતમાં ક્ષણે ક્ષણે એમને શુદ્ધોપયોગ થાય જ છે. પછી ક્યાં આસનનો સવાલ છે ?

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી :- નવ થવાનું છે એમાં ચારેય ગતિમાં છે. નારકીના જીવને તો મારકાપ થતી હોય, કરવતથી કાપતા હોય અને સમ્યગ્દર્શન થાય. એના શરીરને બે નારકી લઈને આખા શરીરને વેરતા હોય. જેમ લાકડું વેરે એમ શરીરને વેરતા હોય. (એ સ્થિતિમાં) સમ્યગ્દર્શન થાય. અગ્નિમાં નાખે અને સમ્યગ્દર્શન થાય. એમ છે. તિર્યંચને ક્યાં આસન છે ? દેવ મનુષ્યને નારકીના શરીર તો ઊભા છે. દેવનું શરીર ઊભું છે, મનુષ્યનું શરીર ઊભું છે, નારકીનું શરીર ઊભું છે. પણ તિર્યંચના બધા શરીર આડા છે. કોઈ ઊભું નથી. આ રીંછ, વાંદરા ઊભા થાય છે પણ મૂળ આડા શરીર છે. પણ થોડીક આડોડાઈ ઓછી કરી છે એટલે ઊભા થઈ શકે છે. થોડીક એની પણ મનુષ્ય જેવી હોય છે. ત્યાં એટલી એણે આડોડાઈ ઓછી કરી છે એટલે થોડા એ પ્રકારનું સંહનન એને હોય છે, શરીરનું બંધારણ હોય છે. ઊભા થઈને ચાલી શકે પણ એ થોડીવાર. બાકી જે કાર્ય એ આડાપણે કરી શકે એ ઊભાપણે કરી શકે નહિ. તો ત્યાં આસન ક્યાં કરે ? પદ્માસન અને ખડગાસન ક્યાં કરે ? તિર્યંચને છે કે નહિ સમ્યગ્દર્શન ? માછલું

છે. કાયમ આડું જ રહે એ તો. પાણીમાં આડું જાય છે. એને સમ્યગ્દર્શન થાય. એટલે એ નિયમ અહીંયાં લાગુ પડતો નથી. શું કહે છે ?

મુમુક્ષુ :- ... એ વખતે ત્યાં શું કરતા હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપમાં આસ્તિક્ય, હું પણું કરે. સમ્યગ્દર્શન તો આમ થાય છે ને ? કે આત્મામાં હું છું. સ્વપદમાં હું છું એવી પરિણતિ કરે. એવો આસ્તિક્યભાવ કરે. પોતાના નિજ પરમાત્મપદમાં પોતાની આસ્થાને લાવે. અન્ય સ્થાનમાંથી આસ્થાને ઉડાવે, નાશ કરે. અને નિજ પરમાત્મપદમાં આસ્થા કરે. એવી આસ્થા કરે ત્યારે એને પ્રથમ ધર્મની શરૂઆત થઈ, શ્રદ્ધા થઈ, સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે. એ આસ્થા ગમે ત્યાં કરી શકે છે. એટલે તો કહ્યું કે ત્યાં કાયચેષ્ટા નથી, ત્યાં વચન ઉચ્ચારણા નથી, ત્યાં મન ચિંતવન નથી. ત્રણે પ્રકારના પરિણામોથી, ત્રણેય પ્રકારથી નિરપેક્ષ એવું જે અંતર્મુખી આત્માનું શ્રદ્ધાનું પરિણમન, અંતર્મુખ થયેલી શ્રદ્ધાનું પરિણમન તેને અહીંયાં સમ્યગ્દર્શન કહીએ. તે સમ્યક્શ્રદ્ધાન. તે સાચી આસ્થા છે- સત્ય આસ્થા છે.

'**ત્યારે આત્મપદમાં પોતાની મગ્નતા...**' થઈ. બીજા ગુણો પણ આત્મપદમાં નિમગ્ન થયા. સમસ્ત ગુણો પોતાના પરમાત્મપદમાં લીન થયા, મગ્ન થયા, નિમગ્ન થયા, એકાગ્ર થયા તેને મગ્નતા થઈ. આત્મપદમાં પોતાની મગ્નતા કહી. તેને સ્વરૂમાં વિશ્રામ મળ્યો. ત્યાં પરિણામને આરામ મળ્યો. જે પરિણામ અનેક પ્રકારના બાહ્ય પદાર્થો ઉપર ઠેકડા મારતા હતા, અહીંથી કૂદીને અહીંયાં જાય, અહીંથી કૂદીને (ત્યાં જાય). ખાવા બેસે તો ડાળ ઉપરથી શાક ઉપર અને શાક ઉપરથી રોટલી ઉપર અને રોટલી ઉપરથી ચટણી ઉપર. પરિણામ ઠેકડા મારે છે, કૂદાકૂદ કરે છે. અન્ય... અન્ય.. અન્ય.. પદાર્થોને વિષય બનાવીને પરિણામ કૂદે છે. ત્યાં એ પરિણામને ક્યાંય આરામ નથી. છે ક્યાંય આરામ ? આરામ નથી પણ પરિણામમાં એ ખરેખર તો હેરાન હેરાન છે.

અહીંયાં સ્વરૂપ વિશ્રામ છે. આનંદરૂપ પદમાં સ્થિરતા થઈ છે. આત્મા નિજાનંદમાં આવ્યો ત્યારે એને અંદરમાં જે આનંદ ઊપજ્યો, એ સ્વરૂપાનંદમાં ચિદાનંદ પદમાં એને સ્થિરતા થઈ છે. માન્યતાએ સત્‌ને પકડ્યું છે. સત્તા એનો વિષય છે ને ? એનું ટૂંકું નામ સત્ છે.

માન્યતાએ સત્‌ને પકડ્યું છે અને જ્ઞાને ચિદ્‌ને પોતાને અનુભવ કર્યો છે. જ્ઞાનનિમગ્ન જ્ઞાન થયું. સત્ ચિદ્ અને ત્યાં આનંદ ઊપજ્યો એનું નામ સચ્ચિદાનંદ છે. ત્યાં જે આત્માનંદ ઊપજ્યો, ત્યાં જે સ્વરૂપાનંદ ઊપજયો એને ચિદાનંદ કહેવામાં, એને જ્ઞાનાનંદ કહેવામાં આવે છે. એ આનંદરૂપ પદમાં ત્યાં સ્થિરતા થઈ.

'**ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.**' જે ચિદાનંદ છે, આનંદરૂપ પદમાં સ્થિરતા થઈ તે જ ચિદાનંદ છે. એવી જે ચિત્પરણિતિ, એવી જે આત્મપરિણતિ, એવી જે શુદ્ધપરિણતિ-પવિત્રભાવ એ પવિત્ર, નિર્દોષ પરિણતિ છે. તેનો વિવેક કરવો. આને જૈનપણું કહ્યું છે. કુલાચારને જૈનપણું કહ્યું નથી. આ જૈનપણાનું પદ લીધું છે ને ? તથ્યમાં છેલ્લો બોલ છે. મૂરખ કુલઆચાર... કુલાચારને મુરખા છે એ જૈનપણું માને છે.

ખરેખર તો આવી જે ચિત્પરિણતિ અંદરમાં ઊપજે. શુદ્ધ પરિણતિ, પવિત્ર પરિણતિ ઊપજે તે સમ્યક્‌પ્રકારે કષાય ઉપર વિજય મેળવતા ઉત્પન્ન થયેલી પરિણતિ હોવાથી એને જૈનપણું કહેવામાં આવે છે. અહીંયાં ભાવ જૈનપણું છે. ચોથાગુણસ્થાનથી. પછી વિશેષ સ્થિરતા થાય ત્યારે પાંચમું. શ્રાવકનું જૈનપણું તે ખરો શ્રાવક છે. કે જ્યાં સ્વરૂપ સ્થિરતાને વશ વિભાવ અસ્થિરતાના કેટલાક વિકલ્પ ઉત્પન્ન થાય એવી શુદ્ધ પરિણતિ થઈ જાય છે. આંશિકપણે એને દેશ વિરતી કહેવામાં આવે છે. ત્યાં પછી તે તે પદાર્થના વિકલ્પ નહિ હોવાથી કોઈ પદાર્થના ગ્રહણની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી એટલે બાહ્ય ત્યાગથી પણ લોકો એને સમજે છે. ઓળખે છે.

મુમુક્ષુ :- વિવેક કરવો એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિવેક કરવો એટલે એની કિંમત કરવી એમ કહે છે. કેમ કે અનાત્મ પરિણામ અને આત્મ પરિણામ બંનેની વાત કરી. એમ આત્મ પરિણામની વાત જરા વિસ્તારથી કરી શ્રદ્ધાનનો બોલ લઈને. સ્થિરતાની પાછી ફરીને વાત લીધી. આનંદની વાત લીધી. આવા જે પરિણામ છે એનો વિવેક કરવો એટલે એની કિંમત કરવી. તમે રાગની કિંમત છે રાગના વિષયોરૂપ પદાર્થોની કિંમત છે એ કિંમત ઉડાડવા જેવી છે એમ કહે છે અને આની કિંમત કરવા જેવી છે.

મૂળ તો આખો આધાર મૂલ્યાંકન ઉપર છે ને ? જ્યાં મૂલ્ય આંક્યું છે એના ઉપર પરિણામ આપોઆપ ચાલ્યા જાય છે. લઈ જવા પડતા નથી પણ આપોઆપ ચાલ્યા જાય છે. એટલે તેનો વિવેક કરવો. વિવેક કરવો એટલે આદર કરવો. કિંમત કરીને, મૂલ્યાંકન કરીને એનો આદર કરવો. અથવા આવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને આનંદના પરિણામ આદરવા. વિવેક કરવો એનો અર્થ કે આદરવા. અને રાગાદિ ભાવનો અનાદર કરવો. આને આદરવા તો આનો અનાદર આપોઆપ છે.

'**ચિત્પરિણતિમાં ચિદ્‌માં રમ્યે, આત્માનંદ ઊપજે.**' એ વચ્ચે આનંદનો જ્યાં વિષય આવે છે જ્ઞાનીને ત્યાંથી એ મસ્તી વિશેષ આવે છે. કે '**ચિત્પરિણતિ ચિદ્‌માં રમ્યે, આત્માનંદ ઊપજે.**' જ્યારે ચૈતન્યની પરિણતિ પોતાના ચિદ્‌સ્વરૂપમાં રમે છે, જામે છે... રમે છે એટલે ? એકદમ જામે છે, ત્યારે ત્યાં વિશેષ વિશેષ આનંદની ઉત્પત્તિ થાય છે. ત્યાં ઘણો આનંદ અનુભવાય છે. તે આત્માનો આનંદ જ્યાં ઊપજે છે ત્યારે મન દ્વારા વિવેક થયો છે. તે વિવેક થયા પછી મન પણ બાજુએ રહે છે. ત્યાં મન સાથે આવતું નથી.

અહીંયાં પહેલું મૂલ્ય આંકે છે. મૂલ્યાંકન કરે છે, વિવેક કરે છે ત્યારે તો હજી મન સાથે છે. પરિણામ મનમાં લાગે છે અને વિવેક કરે છે. મનાશ્રિત જ્ઞાનમાં વિવેક, વિકલ્પના કાળમાં વિવેક થાય છે કે આ આદરવા યોગ્ય છે અને આ આદરવા યોગ્ય નથી. પણ જ્યાં ચિત્પરિણતિ ચિદ્‌માં રમે છે, આત્મામાં એ રમે છે, લીન થાય છે, જામી જાય છે ત્યારે જે આનંદ ઊપજે છે, એમાં તો મન બાજુમાં રહી જાય છે, એક કોર પડ્યું રહે છે. આપણે એમ નથી કહેતા ? કે તમે એકકોર પડ્યા રહો. આ અમે અમારી શક્તિથી અમારું કામ કર્યું. તમે પડ્યા એકકોર. એક બાજુએ રહી ગયા. એમ મનની મદદ વિના (કાર્ય થાય છે), એમ કહે છે.

છેલ્લે છેલ્લે મનના પરિણામ હોય છે. કાયની પ્રવૃત્તિ, વચન ઉચ્ચારણાની પ્રવૃત્તિ બંધ થાય છે પણ મનના પરિણામ છેવટ સુધી ચાલુ રહે છે. ત્યાં સુધી સવિકલ્પ દશા છે. સવિકલ્પ દશા છે ત્યાં સુધી આત્માનું ધ્યાન લાગતું નથી, ત્યાં સુધી આનંદ ઊપજતો નથી. અહીંયાં ધ્યાનમાં જ્યાં સ્વરૂપમાં એકાગ્રતા થઈ ત્યારે મન પણ બાજુમાં રહે છે.

એ સ્વરૂપ ધ્યાનમાં મનનું કોઈ કાર્ય નથી. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-આચરણ-આનંદ આદિ ગુણોના પરિણામ સીધેસીધા કોઈપણ ઇન્દ્રિયોના અવલંબન લીધા વિના અતીન્દ્રિય ભાવે થઈને સીધા પોતાના સ્વરૂપમાં નિમગ્ન થાય છે, અંતરલીન થાય છે, ડૂબી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મનઆશ્રિત ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એમ જ ને. મન તો પર છે અથવા જડ છે. એનો આશ્રય કરે છે ત્યાં સુધી તો એને આત્મામાં પહોંચવાનું બનતું નથી. જડના સાધનથી ચૈતન્યનું કાર્ય ન થાય. રાગના સાધનથી વીતરાગતાનું કાર્ય ન થાય. કેમ કે રાગમાં એ શક્તિ નથી અને મનમાં પણ એ શક્તિ નથી. આત્મા પોતે શક્તિની અપેક્ષાએ તો અનંત ગુણઅનંત શક્તિનો પોતે ધણી છે આત્મા. અનંત શક્તિનો આત્મા પોતે ધણી છે. એ પોતાની શક્તિ કોઈની મદદ વિના લીધા વિના પોતાની શક્તિનો ઉપયોગ કરે છે, સદ્‌ઉપયોગ કરે છે અને પોતાનું સ્વકાર્ય, નિજકાર્ય કરી લે છે. એમાં એને કોઈની આવશ્યકતા નથી. કેમ કે એ જ એનું સાચું કાર્ય છે. કોઈની મદદ લે એ એનું કાર્ય સાચું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો આપોઆપ. અહીં તો એમ લેવું છે કે જ્યાં ચિત્પરિણતિ સ્વરૂપમાં રમણતા કરે, લીનતા કરે, એકાગ્રતા કરે ત્યારે મન તો આપોઆપ બાજુમાં રહી જાય છે. એટલે પરિણામ મનને છોડીને આગળ જાય છે. એ બાજુમાં રહી ગયું. એ એની સાથે તાલ મિલાવી શકતું નથી, ગતિ મિલાવી શકતું નથી. મન થાકી જાય છે. મનમાં જે વિકલ્પ થતાં હતા (કે) હું આત્મા છું, હું જ્ઞાન છું, હું આનંદસ્વરૂપ છું, એ મન થાકી જાય છે. ત્યાં હવે મનનું કામ નથી.

મન થાકી જાય છે નહિ, અહીં તો એમ કહે છે કે મન મરી ફીટે છે. એવો શબ્દ લે છે. છેલ્લે નીચે જુઓ ! '**કે પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.**' એવું પરમાત્માનું તેજ છે, આત્માનું તેજ એટલું છે કે મન તો મરી જાય છે. ત્યાં મનનું અસ્તિત્વ રહી શકતું

નથી, એમ કહેવું છે. એ પરમાત્મા એટલો તેજસ્વી છે કે એનું તેજ મન ન ઝીલી શકે. મન તો પહેલા મરી જાય. એવું છે. બહુ સારો ભાષા પ્રયોગ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્રામ કહો કે ખલાસ થયું એમ કહો. આમ નથી કહેતા ? કોઈ માણસ મરી જાય ને ત્યારે શું કહે છે ખબર છે ? હવે શાંત થઈ ગયા છે. શું કહે છે ? શાંત થઈ ગયા છે કાંઈ ? એનો અંત આવી ગયો હવે. એમ મન છે એ પ્રવૃત્તિ કરતું બંધ થઈ ગયું. મન મરી ગયું એટલે એની પ્રવૃત્તિ હવે ચાલુ રહી નહિ.

**વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવૈ વિશ્રામ**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ આકો નામ**

એવું પદ છે 'બનારસીદાસજી'નું. પોતાના ચૈતન્યસ્વરૂપનું ધ્યાન કરતાં, વિચાર અને ધ્યાન કરતાં, વિચારમાં હજી મન છે, ધ્યાનમાં મન નથી. 'મન પાવૈ વિશ્રામ.' મન ખલાસ થયું છે. વિશ્રામ એટલે ત્યાં ખલાસ થાય છે. મનની પ્રવૃત્તિ પછી ત્યાં રહેતી નથી. ત્યાં જે અનુભવ થાય છે એમાં 'રસ સ્વાદત્ સુખ ઊપજે.' સુખામૃતનો સ્વાદ છે. આત્મામાં નિજ આનંદનો નિજાનંદનો સુખામૃતનો આસ્વાદ છે. એ રસાસ્વાદને ભગવાને અનુભવ એવું નામ આપ્યું છે, સ્વાનુભવ એવું નામ આપ્યું છે. એ સ્વાનુભવથી પરમાત્મા થવાય છે. અહીંયાં એ વાત લીધી છે. આવા સ્વાનુભવથી પરમાત્મપદમાં પહોંચાય છે. આ ગ્રંથ જ એકલો એવા અનુભવને કહેનારો હોવાથી, પ્રકાશનારો હોવાથી એને 'અનુભવ પ્રકાશ' એવું નામ 'દિપચંદજી'એ આપ્યું છે.

અધ્યાત્મના જે પરમાગમો છે, આચાર્યોએ જે અધ્યાત્મના પરમાગમો રચ્યા છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવા 'પરમાત્મ પ્રકાશ' એ પરમાગમોમાં જે અધ્યાત્મના સિદ્ધાંતોના મૂળિયા પડ્યા છે, એમાંથી ઉઠાવી ઉઠાવીને પોતાની મૌલિક શૈલીથી જ્ઞાનીઓ આવી રચના કરતા હોય છે. ગ્રંથરચના કરે છે ત્યારે એ ગ્રંથોના મૂળિયા, આ બધા બધી વાતોના મૂળિયા એ બધા પરમાગમોમાં છે. એમાંથી આ બધું ઊગ્યું છે. મૂળિયા ત્યાં પડ્યા છે, એમાંથી આ બધું પાંગર્યું છે. શું કહે છે ?

**'મન પણ બાજુએ (દૂર) રહે. મન પર છે,...'** મન તો અન્ય ચીજ છે, અન્ય વસ્તુ છે, અન્ય પદાર્થ છે. 'જ્ઞાન નિજ વસ્તુ છે.' જુઓ ! અહીંયાં જુદું પાડ્યું. મન પર વસ્તુ છે. દ્રવ્યમન તો ચોખેચોખ્ખી પરવસ્તુ છે. આઠ (પાંખડીના) કમળના આકારે જે ઇન્દ્રિય છે સૂક્ષ્મ પરમાણુની જેની રચના અને જે કોઈપણ સાધન દ્વારા ઇન્દ્રિયજ્ઞાનથી જાણી શકાતું નથી, એવું જેનું ત્યાં રચનાત્મક ખોખું છે. એ દ્રવ્યમન છે. અને ભાવમન છે એ પણ પર છે. દ્રવ્ય મન તો ચોખ્ખું પર છે પણ ભાવમન કે જેમાં રાગ ઊપજે, વિકલ્પ, અંગવિકલ્પાંશ ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મ કે સ્થૂળ વિકલ્પ એ પણ પર છે, અન્ય છે. પર છે એટલે અન્ય છે. અને **'જ્ઞાન નિજ વસ્તુ છે.'** અને જ્ઞાન છે એ પોતાની વસ્તુ છે એ પોતાનો સ્વભાવ છે.

**'એવી રીતે વિચારતાં તે (મન) દૂર રહે છે.'** મનને પરપણે જાણતાં, મનને સાથે નહિ લેવાની વાત પહેલેથી છે આમાં. કાયાને, વાણીને તો એકબાજુ રાખ્યા છે. એની ચર્ચા જ નથી કરી. કેમ કે ધ્યાનમાં તો એની કોઈ પ્રવૃત્તિ નથી. પણ મનની પ્રવૃત્તિ છે તો પહેલેથી એમ કહે છે કે મન પર છે. જ્ઞાન નિજ વસ્તુ છે. એમ વિચારતા, એવી રીતે વિચારતા તે મન દૂર રહે છે. મન આઘું રહે છે.

**'શાથી ? કે પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.'** મન છે એમાં તો વ્યક્ત ભાવના થાય છે. એટલે ? વ્યક્ત એટલે અહીંયાં ઇન્દ્રિયના નિમિત્તે ભાવ થવો તેને અહીંયાં વ્યક્ત ભાવના કહેવી. અને અતીન્દ્રિય ભાવ થવો તેને અહીંયાં અવ્યક્ત ભાવના કહેવી. તો આત્મા જે અતીન્દ્રિય સ્વરૂપ છે, ઇન્દ્રિયાતીત સ્વરૂપ છે, ઇન્દ્રિયથી પર એવું જે સ્વરૂપ છે, એવું જે પરમાત્મ પદ છે એ પરમાત્મપદમાં મનથી પહોંચાતુ નથી. મન તેની ભાવના કરી શકતું નથી. એટલે મનની ભાવનાને અહીંયાં ઉડાવી.

ભાવના બે પ્રકારે થાય છે. ભાવનાનો વિષય થોડો સ્પષ્ટ કરીએ. એક તો રાગથી, મનથી ભાવે છે અને એક જ્ઞાનમાં સીધું સ્વરૂપ જ્ઞાનગોચર થાય છે, ઇન્દ્રિયના માધ્યમ વિના, સીધે સીધું ઇન્દ્રિયની આડશ વિના જ્ઞાનમાંઅતીન્દ્રિય જ્ઞાનમાં સીધું નિજપદ જ્ઞાનગોચર થાય છે, ત્યારે જે જ્ઞાનમાં તેના પ્રત્યેની જે ભાવના-અહોભાવના, મૂલ્યાંકન

એનું જે સ્વરૂપ છે એ સ્વરૂપનો આકાર નિશ્ચિત થાય છે. સ્વરૂપ નિશ્ચિત થાય છે એટલે સ્વરૂપનો આકાર-સ્વભાવ નિશ્ચિત થાય છે. ત્યારે તેને તેની જ્ઞાનભાવના કહેવામાં આવે છે. તેનું મૂલ્ય કર્યું જ્ઞાને. કેટલું ? કે જેની કોઈ કિંમત કરવા માટે જગતની અંદર વસ્તુ નથી એટલું. એટલું મૂલ્ય કર્યું. જગતમાં એનું મૂલ્ય કરવા માટે કોઈ બીજી Term છે નહિ કે આની સાથે મૂલ્ય કરી શકાય. એને જ્ઞાનની ભાવના કહી.

જ્યાં જ્યાં અધ્યાત્મનો વિષય ચાલે અને ભાવના ચાલે ત્યાં જ્ઞાનની ભાવના લેવી. અધ્યાત્મમાં પણ ભાવનાનો પ્રયોગભાવના શબ્દનો પ્રયોગ આવે છે ત્યાં જ્ઞાનભાવનાની વાત છે. ઈચ્છા અને રાગરૂપ મનની ભાવનાની વાત ત્યાં નથી. વિકલ્પ હોય ત્યાં સુધી તે સાથ આપે. પણ એ એવી એક ચીજ છે કે આત્માના પવિત્રતાના તેજ પાસે તે મલિનભાવ મરી ફીટે છે. ત્યાં મલિનતાનું સ્થાન નથી.

(પહેલાંના જમાનામાં) અછૂતને દૂર રાખતા હતા. ચાર વર્ણાશ્રમ થયા, એમાં મંદિરમાં અછૂતને ન પ્રવેશવા દે. અત્યારે તો કાયદો જૂદો થઈ ગયો છે. અત્યારે નથી ચાલે એવું. નહિતર એ ભગવાનનું મંદિર હોય ત્યાં એને અંદર દાખલ ન થવા દે. બહાર ઊભા રહી દર્શન કરી લે. દર્શન કરવાની છૂટ છે, નમન કરવાની, વંદન કરવાની છૂટ છે. પણ એને મંદિરમાં નહોતા આવવા દેતા. એક બાહ્ય મલિનતાના કારણે. એ મેલું ઊપાડે છે, મેલું સાફ કરે છે. પછી ચમાર હોય, ભંગી હોય, ઢેઢ હોય, ચામડા સીવતા હોય. મરેલા પશુ-ઢોરને ચીરતા હોય, માંસ વેચતા હોય, માંસ ખાતા હોય. અનાર્ય જેવા હોય છે ને ? આમ આર્ય છે પણ અનાર્ય (કહેવાય). કનિષ્ઠ જાત છે એટલે અનાર્ય જેવા છે. તો એને ત્યાં ભગવાનની નજીક ન આવવા દે. એનો અર્થ શું છે ? કે, ભગવાનના મંદિરમાં જઈને દર્શન કરવા એનો અર્થ કે ભગવાનની નજીક જઈને દર્શન કરવા. આપણે તો મંદિરમાં બે વિભાગ છે. એક આ મંદિર અને એક નિજ મંદિર આપણે કહીએ છીએ. જ્યાં ભગવાનનો ગભારો છે એને આપણે નિજ મંદિર કહીએ છીએ.

અહીંયાં કહે છે કે મન છે એને બહાર રહેવું પડે છે. મન છે એ મેલું છે. કેવું છે ? મન રાગવાળું હોવાથી મેલું છે. અને એને બહાર ઊભું રહેવું પડે છે. એને નિજ મંદિરમાં પ્રવેશ મળતો નથી. નજીક નથી

આવતું એમ કહે છે. '**પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.**' મનુષ્યમાં ચોથા ગુણસ્થાને ધર્મ કહ્યો છે, ત્યાં ચાંડાળને પણ ધર્મ થાય છે. ચોથું ગુણસ્થાન પ્રગટે. પણ એને સાધુપદ ન આવે. નીચ ગોત્રમાં સાધુપદ નથી. કેમ કે ગુરુપદ છે ને ? સાધુનું તો ગુરુપદ છે. નિર્ગ્રંથ ગુરુ. નીચ ગોત્રમાં ગુરુપદ નથી આવતું. કેમ કે ગુરુ ઊંચ પદ છે અને આ નીચ પદ છે. આ કેવી વસ્તુવ્યવસ્થા છે !

શું કહે છે ? કે, '**પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે. શાથી ? કે પરમાત્મભાવના કરતાં કરતાં...**' જ્યારે પરમાત્મપદ(ની) મન દ્વારા હજી ભાવના કરે ત્યારે જ્ઞાન અને મન સાથે સાથે છે. જ્યાં જ્ઞાનમાં પરમાત્મપદ નજીક આવે એટલે જ્ઞાન જ્યાં પરમાત્મમાં અભેદ થવા જાય છે, ત્યાં મન છે એ બહાર રહી જાય છે અને પરમાત્મા તેજથી પહેલાથી જ એ મન મરી ફીટે છે. મનનો નાશ થાય છે. મનનો વિકલ્પ ત્યાં ઉત્પન્ન થઈ શકતો નથી. એ પરમાત્માથી દૂર જ રહે છે.

'**શાથી ? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ મરે,...**' સામે જ્યાં યોદ્ધો જોવે ત્યાં અહીંયાં એના હોશકોશ ઊડી જાય. મરી ગયા આ તો. મોત જ દેખાય એને. એમ ભગવાન પરમાત્મા અનંત ગુણનો ધણી છે, અનંત સામર્થ્ય પરિપૂર્ણ સામર્થ્યવંત છે, એને જ્યાં જોવે છે (ત્યાં) મન તો પહેલા જ ખલાસ થાય છે. અહીંયાં મારું કામ નથી. '**(લડાઈ કર્યા વિના જ) મરે સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય, તેમ (અહીં) જાણવું.**' વિશેષ લઈશું...

યથાર્થ પ્રકારે નિજદોષના અવલોકનથી જીવનો સ્વચ્છંદ ઘટે છે. અથવા નાશ પામે છે. ત્યારે બીજજ્ઞાન / સ્વરૂપ નિશ્ચયને યોગ્ય નિર્મળતા / ભૂમિકા થાય છે. સ્વરૂપની ઓળખાણ થવાની આ એકમાત્ર અનુભવ પદ્ધતિ છે. (અનુભવસંજીવની - ૧૪૭૨)

**તા. ૨૧-૧૦-૧૯૮૫, પાના નં.૧૪, ૧૫ પ્રવચન નં. ૪૩**

'અનુભવ પ્રકાશ' પાનું ૧૪. 'આત્મ પરિણતિમાં આત્મા છે.' ત્યાંથી શરૂ કરીને ૧૪ પાને. 'આત્મ પરિણતિમાં આત્મા છે.' આત્મપરિણતી છે એમાં આત્મા છે. મોક્ષમાર્ગી જીવ ક્યાં ઊભો છે ? મોક્ષમાર્ગી જીવ, ધર્મીજીવ એની આત્મપરિણતિમાં ઊભો છે. એ સંયોગમાં ઊભો નથી અને અલ્પરાગ રહ્યો છે એ અલ્પરાગમાં પણ ઊભો નથી. એટલે શું ? કે 'હું છું' એવો પોતાની હયાતીનો અનુભવપોતાની મોજૂદગીનો અનુભવ, એ આત્મ પરિણતિમાં એને પ્રગટપણે થાય છે. એમ લેવું છે.

'સમયસાર'નો નિર્જરા અધિકાર આ વિષય બતાવે છે કે જઘન્ય જ્ઞાન હોવા છતાં, જઘન્ય જ્ઞાન એટલે અહીંયાં જઘન્ય મોક્ષમાર્ગ અને જઘન્ય શુદ્ધિ હોવા છતાં ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિ નિર્જરાવંત છે. એટલો મુદ્દો સમજાવવો છે. ચારે ગતિમાં જે સમ્યગ્દ્રષ્ટિઓ છે, તે સમ્યગ્દ્રષ્ટિઓ પોતાની હયાતીને પોતાના આત્મપરિણામમાં પ્રગટપણે અનુભવ કરે છે. તેથી આત્મપરિણતિમાં આત્મા છે. પરિણતિને અવસ્થા કહેવાય છે. અવસ્થાનો વ્યુત્પત્તિ અર્થ એવો છે કે ચોક્કસપણે, સારી રીતે, સમ્યક્‌પણે સ્થા-એટલે રહેવું, સ્થાયી થવું એને અવસ્થા કહે છે.

અવસ્થાની સંસ્કૃતની વિપત્તિ એવી છે. અવ એટલે બરાબર, ચોક્કસપણે. અવગ્રહ કહે છે ને ? સારી રીતે ગ્રહવું. નિર્ણય થાય ત્યારે એને-જ્ઞાનના stageને અવગ્રહ કહે છે. એ અવ છે એ ભાષામાં વ્યાકરણમાં એ પ્રત્યય છે. અવસ્થા સારી રીતે, સમ્યક્ પ્રકારે જેમાં રહેવાનું થાય, જે હાલતમાં રહેવાનું થાય તે હાલતને અવસ્થા કહેવામાં આવે છે. પછી રૂઢી અર્થ ગમે ત્યાં વપરાય છે પણ મૂળમાં અવસ્થા આ રીતે શબ્દપ્રયોગ છે.

અહીંયાં કહે છે કે આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી

પરિણતિ વડે આત્મા પ્રગટે છે. એટલે પોતાની હયાતીના આધારે પરિણામ થાય છે. આધાર લેવા લાયક એવું જે અસ્તિત્વ છે પોતાનું, એના આધારે પરિણમન થાય છે, ત્યારે તેમાં આત્મા પ્રગટપણે ઉત્પન્ન થાય છે અથવા તે પરિણામ આત્માકારે ઉત્પન્ન થાય છે-સ્વભાવાકારે ઉત્પન્ન થાય છે સ્વરૂપાકારે ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- આકાર શબ્દ કેમ વપરાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આકાર એટલે એવા રૂપે, એવા ભાવે. આત્મામાં પોતામાં પરિણતિ આવી ત્યારે હું છું. આત્મામાં પોતામાં પરિણતિ આવી તેમાં હું છું, એમ હું છું પણાની માન્યતા તે સ્વપદનું સાધન છે. જે આત્મામાં પરિણતિ આવી તેનું સાધન શું ? કે મૂળમાં શ્રદ્ધાનનું જે હું છું પણે માન્યતારૂપ પરિણામ થાય છે, તે સ્વપદમાં સ્થિર થવાનું, સ્વપદમાં આવવાનું સાધન થાય છે. એટલે માન્યતા દ્વારા, શ્રદ્ધા દ્વારા સત્તાનું ગ્રહવું, અસ્તિત્વનું ગ્રહવું એ મૂળ સાધન છે. એ મૂળ સાધન હોવાથી એને 'દંસ્સણ મૂલો ધમ્મો' એમ કહેવામાં આવે છે. દર્શનને મૂળ ધર્મ કહ્યો છે ને ? મૂળ ધર્મ એટલે મૂળમાંથી કાર્ય થાય તેને મૂળ ધર્મ કહેવામાં આવે છે. અથવા વૃક્ષમાં જે કાર્ય મૂળનું છે, આખા વૃક્ષને પાંગરવાનું કારણ મૂળમાંથી બને છે, મૂળમાંથી ઉત્પન્ન થાય છે. આખા વૃક્ષની મજબૂતાઈનું ટકવાનું તેનો આધાર એનું મૂળ છે. એવું જે મૂળનું મહત્ત્વ છે. એવું જે વૃક્ષના અવયવમાં મૂળનું સ્થાન છે, એવું આત્માના અનંત ગુણના અવયવોમાં શ્રદ્ધાનું સ્થાન એવું મૂળરૂપ છે. તેથી 'કુંદકુંદાચાર્ય' આ સૂત્ર આપ્યું કે દંસ્સણ મૂલો ધમ્મો. 'અષ્ટપાહુડ'માં આ સૂત્ર છે. દંસ્સણ મુલો ધમ્મો.

'પ્રવચનસાર'માં એ લીધું કે ચરિત્ર ખલુ ધમ્મો. ચારિત્ર છે તે ખરેખર ધર્મ છે. 'ધર્મ છે તે સામ્ય છે અને સામ્ય છે તે જીવના મોહ-ક્ષોભવિહિન પરિણામ છે.' આ રીતે 'પ્રવચનસાર'ની ગાથા છે. આ બધાના મૂળિયા ત્યાં છે ને ? આ બધા ગ્રંથોના આ બધા મૂળ પરમઆગમમાંથી આ બધા ગ્રંથોની ઉત્પત્તિ છે એટલે એના બધા મૂળિયા ત્યાં છે.

મુમુક્ષુ :- આત્મ પરિણતિમાં આત્મા છે એટલે પર્યાયમાં આત્મા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હં ! પર્યાયમાં પણ શુદ્ધ પર્યાયમાં આત્મા છે.

કેમ કે અનુભવ તો આત્માના છે પણાનો અનુભવ તો શુદ્ધપર્યાયમાં થાય છે. અને આત્મા છે એવી માન્યતા પણ પર્યાયમાં શ્રદ્ધા શ્રદ્ધે છે- માન્યતા કરે છે. અથવા વસ્તુ ક્યાં રહેલી છે ? કે વસ્તુ એની અવસ્થામાં રહેલી છે. વસ્તુને રહેવાનું સ્થાન શું ? કે વસ્તુને રહેવાનું સ્થાન એની અવસ્થા. અવસ્થા એમાં સ્થા-સ્થિર થયેલી, સ્થાયી થયેલી વસ્તુ છે એમ કહે છે. એવી રીતે વસ્તુનું છે.

મુમુક્ષુ :- પોતે પોતામાં રહી છે તે સુંદર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ સુંદર છે. સુંદર છે એટલા માટે કે એમાં નિર્વિકારપણું છે. એમાં મલિનતા નથી થતી.

અહીં તો એ શ્રદ્ધાન છે તે સાધન છે માન્યતા સ્વપદનું સાધન છે. કેવી માન્યતા સ્વપદનું સાધન છે ? કે હું છું એવી માન્યતા સ્વપદનું સાધન છે કે જેને લઈને અનંત ગુણની પરિણતિ આત્મામાં આવી. અનંત ગુણની પરિણતિ આત્મામાં આવી, એનું મૂળ સાધન હું છું પણાની માન્યતા છે.

**'હું હું પરિણામ હું કહું છું.' અથવા 'હું હું પરિણામ...'** એવો પરિણમનમાં મારો ભાવ છે. એમ કહેવું છે. હું... હું... હુંપણાનો ભાવ પરિણામમાં મારો ભાવ છે એ હું હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા કરી. હું હું પરિણામે જે રાગમાં હું પણું, શરીરમાં હું પણું, સંયોગમાં હું પણું થતું હતું, એવું હુંપણું એ મિથ્યા હુંપણું હતું. કેમ કે ત્યાં તો આત્માનું અસ્તિત્વ જ નહોતું. જ્યાં આત્માનું અસ્તિત્વ ન હોય એવા રાગમાં કે શરીરાદિ રજકણોની કોઈ પર્યાયમાં હું પણું, હું પણાનો ભાવ થાય, માન્યતા થાય તો એને મિથ્યા માન્યતા અથવા મિથ્યા ભાવ કહેવામાં આવે છે. કેમ કે ત્યાં અસ્તિત્વ નથી અને હુંપણું કર્યું.

જ્યાં અસ્તિત્વ છે, ત્રિકાળ અસ્તિત્વ છે પોતાનું, એવા સ્વપદમાં હું હું પરિણામોએ આસ્તિક્યતા કરી. આ આસ્તિક્યબુદ્ધિ, આસ્તિક્યભાવ એ પૂર્વક અહીંયાં આસ્તિક્ય પણું થયું. એવા સ્વપદ પરિણામ. સ્વપદ પરિણામ એટલે સ્વપદમાં હુંપણાના પરિણામ યોગ્ય સ્થાન વિના હોય નહિ. એ જ એનું યોગ્ય સ્થાન છે. એટલે કે સ્વપદ પરિણામ થયા તેમાં સમ્યક્તા ઊભી થઈ. યોગ્યપણું કહો, સમિચીનપણું કહો, સમ્યક્પણું કહો એ થયું. એ સમ્યક્પણા હોય નહિ. કાયચેષ્ટા છે

તે ત્યાં નથી. આવા જે અંતરમુખી શ્રદ્ધાના પરિણામ છે, આસ્તિક્યના પરિણામ છે ત્યાં શરીરની પ્રવૃત્તિ નથી, ત્યાં વચન ઉચ્ચારણાની પ્રવૃતિ નથી અને ત્યાં મનનું ચિંતવન પણ નથી. કાલે આપણે એ વિષય ચાલતો હતો કે સ્વાનુભવમાં મનની પ્રવૃત્તિ નથી. કેમ કે પરમાત્માના તેજ પાસે મન પહેલેથી જ મરી જાય છે. બહુ સારો દૃષ્ટાંત આપ્યો છે.

'**શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ મરે,...**' એને જે આઘાત લાગે છે, શોક લાગે છે એમાં એ મરી જાય છે. એની સાથે શૌર્યવાનને લડવું પડતું નથી. લડાઈ વિના જ મરે છે એ તો. એવા શુરવીર યોદ્ધાઓ હોય છે કે અમારી પાસે ઘણું સૈન્યનું દળ છે એવું બતાવવા એની સામે બહુ મોટી સેના લઈને આવે પણ સેનાની અંદર કેવા જીવો હોય, કેવા હોય છે સૈનિકો ? કે શૌર્યવાનને જોવે ત્યાં મરી જાય કે એરે..રે...! આ તો આપણું મોત જ છે. આ તો આપણને મારી નાખે. આપણું કામ નહિ અહીંયાં. હવે અહીંથી છટકી, ભાગી પણ શકશું નહિ. એ લડાઈ કર્યા વિના એમ ને એમ આઘાતમાં મરી જાય. એવું મનનું સ્થાન છે.

વિચારવા યોગ્ય વિષય એ છે કે જે મન કાબુમાં રહેતું નથી એવી ફરિયાદ જગતના જીવો કરે છે. જગતના જીવો કેવી ફરિયાદ કરે છે ? કે આ મન છે એ કાબુમાં આવતું નથી. એવું મનનું નિર્બળપણું, નિર્બળપણું એટલું બધું છે કે એને મન કાબુમાં આવતું નથી. અહીંયાં અનુભવ પહેલા એ દશા ઊભી થઈ કે મન તો દૂરથી જ મરી ફીટે છે.

કેટલી પરિણામ શક્તિ વધી ! એ વિચારવા જેવું છે. પરિણામમાં કેટલી આત્મશક્તિ ઉત્પન્ન થઈ ? કે એ શક્તિના ઉદય પહેલા આ મન મરે છે, અહીં તો એમ કહે છે. એની સાથે લડાઈ કરવી પડતી નથી. મનને મારવા માટે લડાઈ નથી કરવી પડતી. કહે છે, '**મન ચિંતવન છે તે પણ ત્યાં નથી.**'

મુમુક્ષુ :- અંતર્મુખ પરિણામ થતાં જ બધું વ્યસ્થિત થઈ ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખ પરિણામ થાય ત્યાં સમ્યક્ત્વ પ્રગટ થયું એટલે સમ્યક્પણું પ્રગટ થયું. સર્વ ગુણો સમ્યક્પણે પરિણમવા લાગ્યા. એટલે જીવની આખી અવસ્થા, પ્રત્યેક સમયની અનંત ગુણમય આખી વ્યવસ્થા વ્યવસ્થિત થઈ ગઈ. દ્રવ્ય-ગુણ-પર્યાયનું પણ યથાર્થ

જ્ઞાન થયું. પોતાના અસ્તિત્વનું પણ યથાર્થ જ્ઞાન થયું. હેય-ઉપાદેયનું પણ યથાર્થ જ્ઞાન થયું અંદરમાં. અને બહારમાં પણ હેય ઉપાદેયનું યથાર્થ જ્ઞાન થયું. બધે યથાર્થ જ્ઞાન થયું. બધે યથાર્થતા આવી ગઈ.

મુમુક્ષુ :- કર્મ સત્તામાંથી નાશ પામતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મ સત્તામાંથી નાશ પામતા નથી. એકસાથે... એ તો 'સોગાનીજી'એ લખ્યુ છે એક પત્રમાં કે બલવાન કો સબ સાથ દેતે હૈં. જ્યાં પોતે બળવાન થયો ત્યાં કર્મ ભાગવા માંડ્યા. લડાઈ કર્યા વિના કેટલાક તો ચાલવા માંડ્યા. એ એને સાથ આપ્યો એમ કહે છે. પહેલા જે ચીજ નિમિત્તપણે નડતર ગણાતી હતી, એનું નડતર જ છૂટવા માંડ્યું. એ પોતે જ ચાલવા માંડ્યા. એ એણે સાથ આપ્યો, એમ કીધું.

આ તો મન ચિંતવન ત્યાં નથી એમ કહ્યું, ત્યાં થોડોક વિચાર એવો થાય કે જ્યારે નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે ત્યારે ચિંતવન વગર તો એવો નિર્વિકલ્પ સ્વાનુભવ થતો નથી. તો પછી ચિંતવન ત્યાં નથી એમ કહો તો પહેલેથી અમારે ચિંતવનને વળગવું કે ન વળગવું ? ચિંતવન વગર તો (સ્વાનુભવ થતો નથી). સ્વરૂપ ચિંતવન તો છેવટ સુધી હોય છે. મનનો અભાવ થાય અથવા મન મરે તે પહેલા સ્વરૂપ ચિંતવન જ મનમાં થાય છે. તો મનમાં જે સ્વરૂપ ચિંતવન થાય છે એ અમારે અત્યારે કરવું કે ન કરવું ? આવો પ્રશ્ન થાય.

કહે છે, એવો જે ચિંતવનનો પર્યાય છે, મનમાં જે સ્વરૂપ ચિંતવનનો પર્યાય છે એ રાગ ઉપરથી તારી દૃષ્ટિ ઉઠાવી લે. જ્યાં સુધી નિર્વિકલ્પ નહિ થવાય ત્યાં સુધી સ્વરૂપ ચિંતવન થશે ખરું, પણ એના ઉપર દૃષ્ટિ નહિ રાખ કે આ સ્વરૂપ ચિંતવન તો થાય છે, હું સ્વરૂપચિંતવન તો કરું છું, સ્વરૂપચિંતવન તો મારું વધારું. અને એ સ્વરૂપચિંતવનમાં તો હું રહુ. એમ તું એ ચિંતવન ઉપરની દૃષ્ટિ છોડી દે. એ ચિંતવન રહિત જે આત્મતત્ત્વ છે, જે ત્રિકાળી છે એના ઉપર લક્ષ રાખ. દૃષ્ટિ એમાં સ્થાપ, બાકી બધું પર્યાયમાં આપો આપ છે.

એક વચનામૃતમાં બહુ સારો બોલ છે. દૃષ્ટિનો બોલ છે કે તારે પર્યાયમાં કાંઈ કરવાનું નથી. એટલે શું ? કે પર્યાય લક્ષે તારે પર્યાય સુધારવાનો પ્રશ્ન નથી. જ્યાં દ્રવ્યનું ત્રિકાળ અસ્તિત્વ છે, એ અસ્તિત્વ

ગ્રહણ કરનાર જે ગુણ-શ્રદ્ધા છેમાન્યતા છે, એણે જ્યાં પોતાનું અસ્તિત્વ ગ્રહી લીધું, પોતાની હયાતી જે ગુણથી ગ્રહવી જોઈએ તે ગુણથી એની એમાં આવી ગઈ એટલે દૃષ્ટિ આત્મા ઉપર જ્યાં આવી ગઈ (એટલે) પર્યાયો બધી શુદ્ધ થવાની આપોઆપ થવા લાગે છે. બધું કાર્ય પછી આપોઆપ થવા લાગે છે. એ વાત એક જગ્યાએ લીધી છે.

૩૨૧ છે. '**પર્યાય પર દૃષ્ટિ રાખે ચૈતન્ય પ્રગટ ન થાય.**' એટલે તને પર્યાયમાં પર્યાયદૃષ્ટિમાં શું છે ? રાગની મુખ્યતા છે. આ ચિંતવન તો થાય છે, સ્વરૂપનું ચિંતવન તો કરું છું, સ્વરૂપનું મનન તો કરું છું, આત્માનું ઘોલન તો કરું છું, એમ પર્યાય ઉપર દૃષ્ટિ રાખે ચૈતન્ય પ્રગટ ન થાય. પાનું ૧૦૭ છે. મારી પ્રતમાં ૧૦૭ છે. ૩૨૧મો બોલ છે. '**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે છે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈપણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.**' શુદ્ધ દૃષ્ટિ કહો, સમ્યગ્દૃષ્ટિ કહો. માન્યતાનો એ વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી.

દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે. શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. અહીં તો હજી રાગને મુખ્ય કરવો છે. અહીં તો કહે છે શુદ્ધ પર્યાયને મુખ્ય કરવાની વાત નથી. શુદ્ધ પર્યાય તો ધર્મની પર્યાય છે અને રાગ તો અધર્મની પર્યાય છે. મિથ્યાત્વ દશામાં તો જીવને રાગ મુખ્ય કરવો છે. અહીં તો કહે છે કે, આગળ જવું હોય તો ધર્મની પર્યાયને પણ મુખ્ય કરીશ તો આગળ નહિ જવાય. '**દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્ય સામાન્યનો જ સ્વીકાર હોય છે.**' એ સિવાય એક બોલ છે. એમાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ પર્યાયવાળાને શુદ્ધ પર્યાયની મુખ્યતા કદી રહેતી નથી. ત્યારે એની પર્યાય શુદ્ધ હોય છે. શુદ્ધ પર્યાયની મુખ્યતા કરવા જતાં પર્યાય અશુદ્ધ થઈ જાય અથવા તો જીવ મિથ્યાત્વમાં આવી જાય છે.

મુમુક્ષુ :- ૩૧૯મો બોલ.

પૂજ્ય ભાઈશ્રી :- '**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ**

**કર એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.**' બસ ! આ બોલ છે. '**પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.**' ભલે ફેરફાર પર્યાયમાં થાય છે. મિથ્યાદૃષ્ટિપણું પલટીને સમ્યગ્દૃષ્ટિપણું પર્યાયમાં થાય છે, રાગ મટીને વીતરાગતા પર્યાયમાં થાય છે, અજ્ઞાન મટીને સમ્યગ્જ્ઞાન પર્યાયમાં થાય છે, કેવળજ્ઞાન પર્યાયમાં થાય છે તો પણ પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. કોના સામું જોવું એ વાત છે. એમ જુદા જુદા દૃષ્ટિકોણથી વિષય સ્પષ્ટ કર્યો છે.

'**દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.**' દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આવી જશે. નહિતર તો એમ કહે કે દૃષ્ટિ કરી ત્યારે ભેદજ્ઞાન પણ હતું, તો જ્ઞાન-શ્રદ્ધાન તો કામ કરતા હતા. એમાં સ્થિરતા થઈ ગઈ. નિર્વિકલ્પ દશામાં સ્થિરતા થઈ ગઈ ત્યારે ચારિત્ર્ય પ્રગટ્યું. પણ એને સ્થિરતા કરવા માટે કોઈ વિકલ્પ કર્યો હતો અને સ્થિરતા થઈ એવું તો ત્યાં નથી. દૃષ્ટિમાં અને જ્ઞાનમાં સ્થિર દ્રવ્ય પોતા સ્વરૂપે જ્યારે પોતે જોયું અને એ દ્રવ્યની અદ્ભુતતા અને આશ્ચર્યકારી સ્વરૂપ જોયું ત્યારે ઉપયોગ આપોઆપ સ્થિર થઈ ગયો, રોકાઈ ગયો, ખોડાઈ ગયો, ચોંટી ગયો. એણે સમ્યગ્દૃષ્ટિએ ચારિત્રસ્વરૂપાચરણચારિત્ર કરવા માટે કાંઈ વિકલ્પ નહોતો કર્યો. છતાં એને સમ્યગ્દર્શનના કાળમાં ચારિત્ર થઈ ગયું. દૃષ્ટિ જ્યાં આત્મા ઉપર આવી ત્યાં એને ચારિત્ર થઈ ગયું. એ વખતે આનંદ ઊપજ્યો. તો આનંદ મેળવવા માટે ત્યાં વિકલ્પ નહોતો કર્યો કે હવે આનંદને મારે ભોગવવો છે. માટે હું સ્વરૂપનું ધ્યાન લગાવું. એવા વિકલ્પથી તો કાંઈ ધ્યાન થતું નથી અને આનંદ ઊપજતો પણ નથી. માગે તો ભાગે એવું છે. આપોઆપ થાય છે.

અહીંયાં એમ કહે છે કે '**દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.**' આપોઆપ આવી આવશે એમ કહેવું છે. આનંદ પણ આવી જ જશે, સુખ પણ આવી જ જશે. '**કૂવો ખોદ તો પાણી આવશે જ. લેવા જાવું નહિ પડે.**' કૂવો ખોદીને પછી ઊપરથી પાણી નહિ રેડવું પડે કે ભાઈ ! આ કૂવામાં પાણી થોડું રેડીએ ને પછી કૂવો ચાલુ થઈ જાય. કે નહિ, એ ખોદે છે એમાં અંદરથી પાણી આપોઆપ આવે છે. એમ દ્રવ્યમાં બધું ભર્યું છે. અનંત ગુણ દ્રવ્યમાં

ભર્યા છે, દ્રવ્ય અનંત ગુણથી સમૃદ્ધ છે. જ્યાં દૃષ્ટિ એ કૂવાને ખોદે છે (કે) બધા ગુણોનો પ્રવાહ ચાલુ થઈ જાય છે. **'પાણી આવશે જ, પાણી લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં...'** દ્રવ્યદૃષ્ટિનો જે પાતાળ તોડવાનો જે ઘા છે, મિથ્યાત્વનું પડ તોડ્યું કે ચૈતન્ય પાતાળ ફૂટ્યું અને શુદ્ધ પર્યાયનો પ્રવાહ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપર્યાય સુધીની શુદ્ધ પર્યાયોનો પ્રવાહ અંદરથી એને મેળે જ ચાલુ થઈ જશે. અંદરથી દ્રવ્ય જોર કરે છે.

આ પાતાળ ફૂટતાં ઊના પાણી નીકળે છે ને. બોર કરે છે એમાં ગરમ પાણી નીકળે છે ને ? 'વિરમગામ'માં છે. વર્ષોથી રાત અને દિવસ પાણીનો પ્રવાહ આવ્યા કરે છે. ત્યાં મોટર મૂકવી પડતી નથી. મૂકવો પડતો નથી કે પાણીને બહાર કાઢો. અંદરથી પાણી બળ કરીને બહાર આવે છે. સેંકડો ફૂટ નીચે બોર છે ત્યાંથી પાણી ધોધબંધ બહાર આવે છે અને ચોવીસે કલાક ગરમ પાણી બહાર નીકળે છે. નીકળ્યા જ કરે પાણી, આવ્યા જ કરે. પાતાળ ફૂટેલું છે.

એમ અહીંયાં દૃષ્ટિનો ઘા અંદર વાગે છે અને નિજ સત્તાને તળિયાને પકડે છે (તો) અંદરથી અનંત ગુણોની શુદ્ધ પર્યાયોનો પ્રવાહ, પરમાનંદની પર્યાયોનો પ્રવાહ સાદિ અનંત અનંત કાળ પર્યંત આવ્યા જ કરે છે, થયા જ કરે છે. આપો આપ થયા કરે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ના પણ ઘણા બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે ને. બધાને અભિપ્રાય અને અનુભવ તો એક જ છે ને ? જ્ઞાન એકસરખું સમ્યક્ છે અને અભિપ્રાય એકસરખો છે.

મુમુક્ષુ :- ત્રિકાલીમાં જમે રહો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિકાલીમેં જમે રહો. એક દૃષ્ટિ થંભાવી દે બાકી બધું આપોઆપ છે. આ તો અનુભવનો વિષય ચાલે છે ને ?

**'મન ચિંતવન છે ત્યાં નથી. આત્મપદમાં પોતાની મગ્નતા, સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ ચિત્પરિણતિનો વિવેક કરવો.'** બહુ ટૂંકી ભાષા કરી છે. આત્માપદમાં પોતાની જે મગ્નતા છે, એ કરવા યોગ્ય છે. એ ચિત્પરિણતિ છે. એ પોતાને પોતાનો વિશ્રામ છે, આરામ છે અંદરમાં. એ આનંદ સ્વરૂપ પદ છે. અનંત આનંદ જેનું રૂપ છે, અનંત આનંદસ્વરૂપે છે એ પદમાં ઉપયોગની

સ્થિરતા, એ વગેરે જે પ્રકાર છે '**ચિદાનંદ ચિત્પરિણતિનો વિવેક કરવો.**' પરિણામમાં આ પરિણામ કર્તવ્ય છે. કરવા યોગ્ય છે. વ્યવહારથી એ ઉપદેશ છે.

'**ચિત્પરિણતિ ચિદ્‌માં રમ્યે...**' એવી ચૈતન્યની પરિણતિ ચૈતન્યમાં રમે, ચૈતન્યમાં સ્થિર થાય, જામે ત્યારે આત્માનંદ ઊપજે. આત્મામાં આનંદ... આનંદ... આનંદ... પ્રદેશે પ્રદેશેથી વચનાતીત આનંદ ઊપજે. ભાઈએ કહ્યું ને આનંદની વધારે શું વાત થાય ? એ આનંદ પોતે વચનાતીત છે. વચનથી પાર એવો વિષય છે એટલે એ આનંદને વચનમાં કોઈ કહી શકતું નથી. વચનાતીત છે એટલું તો નહિ પણ એ મનાતીત છે. મનની કલ્પનામાં, મનથી કરાયેલા અનુમાનમાં પણ એ આનંદ સમજી શકાતો નથી. એટલે જે વચનાતીત છે અને મનાતીત છે, વિકલ્પાતીત છે, રાગાતીત છે એવા વીતરાગી આનંદને શબ્દો દ્વારા કહેવા કોઈ વાણીમાં સામર્થ્ય નથી. કોઈની વાણીમાં સામર્થ્ય નથી. કથંચિત્ એટલી વાત આવે કે એ આનંદ છે, બસ ! એમાં આનંદનો આહ્‌લાદ છે એટલું એમાં આવે પણ એ કેવો ? એ કોઈ વાણીનો વિષય નથી.

'**ચિત્પરિણતિ ચિદ્‌માં રમ્યે, આત્માનંદ ઊપજે. મન દ્વારા વિવેક થયા પછી મન પણ બાજુએ (દૂર) રહે.**' કેમ કે '**મન પર છે.**' એને ત્યાં અનુભવમાં પ્રવેશ મળતો નથી. એને દૂર રહેવું પડે છે. આ જાય છે ને ? રાજાઓ મંત્રણા હોય, રાજા રાજા વચ્ચે હોય, વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓની મંત્રણા હોય. અહીંથી બધાને ભલે સાથે લીધા હોય. રસોયો સાથે આવે, પટ્ટાવાળા સાથે આવે, એના સલાહકારો સાથે જાય પણ જ્યાં ગુપ્ત મંત્રણા હોય ત્યાં પછી એ બે સિવાય કોઈ નહિ. બાકી બધાને બહાર રાખે. એ બે એકલા જ વાત કરશે. અત્યાર સુધી બધી વાતો ચર્ચાઈ ગઈ છે હવે કેટલીક અંગત વિચારણાઓ કરીને નિર્ણય ઉપર આવવું છે એટલે હવે બીજા કોઈને પ્રવેશ દેવામાં આવશે નહિ.

એમ અત્યાર સુધી મન દ્વારા એણે કામ લીધું. વિકલ્પ દ્વારા કામ લીધું કે હું આત્મા છું. હું આમ છું... હું આમ છું... હું આમ છું.. ભેદ વિકલ્પ (કર્યા). હવે મનને બાજુએ રાખે છે. તું એક કોર બેસ, તારું કામ નથી. અહીંયાં હવે તારું કામ નથી. અહીંયાં હવે ચૈતન્યરાજા પોતે

જ પધારે છે, પછી તારું કાંઈ કામ નથી. એ મન તો પર છે એને એ પરને સાથે લેવાની (વાત નથી), સ્વમાં પરને સાથે લેવાની વાત નથી.

**'મન પર છે, જ્ઞાન નિજ વસ્તુ છે.'** જ્ઞાન છે એ પોતાની વસ્તુ છે. બે વાત જુદી પાડી. મન અને જ્ઞાન જુદા જુદા પાડ્યા. જ્ઞાનનો વિષય આત્મા છે. મનનો વિષય આત્મા નથી. આમ લીધું. જ્ઞાનનો વિષય આત્મા છે પણ મનનો વિષય આત્મા નથી. એટલે **'મન પર છે, જ્ઞાન નિજ વસ્તુ છે. એવી રીતે વિચારતાં તે (મન) દૂર રહે છે.'** એ પ્રકારે મનને સાથે રાખવાની વાત નથી પણ મનને દૂર રાખવાની વાત છે. મન ક્યારે દૂર રહે છે ? કે એને પર માનતા. મન છે એ ઉપાધિભાવને ગ્રહણ કરનારો નિમિત્ત છે. ઉપાધિ ભાવ ગ્રહણ કરવામાં મન નિમિત્ત થાય છે. અહીંયાં નિરૂપાધિકભાવ, સ્વભાવને ગ્રહણ કરવામાં મનનું કોઈ કામ નથી.

**'શાથી ? કે પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.'** પરમાત્મપદ એવું ગુપ્ત છે કે મનની ત્યાં પહોંચ નથી. રાગની ત્યાં પહોંચ નથી. પરમાત્માવીતરાગસ્વરૂપી આત્મા, એમાં રાગની પહોંચ નહિ અને એમાં મનની પહોંચ નહિ. એની પહોંચ નથી ત્યાં.

મુમુક્ષુ :- વિભાવપર્યાય અને મન બે વચ્ચે શું ફરક ?

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવપર્યાયમાં તો અનેક પ્રકારના વિભાવપર્યાય લઈ શકાય. માણસને ક્રોધ આવે એ પણ વિભાવપર્યાય છે અને અહીંયાં મન દ્વારા આત્માનું ચિંતવન કરે એને ભાવમન કહે છે. ભલે એ પણ વિભાવમાં આવે છે. એ સ્વભાવ નથી, એ વિભાવભાવ જ છે. પણ અહીંયાં બધા સ્તરના વિભાવભાવ છોડીને એક મનાશ્રિત જે વિભાવભાવ થાય અને તે પણ સ્વરૂપચિંતવનનો વિભાવભાવ થાય એ ભાવ પણ છોડીને એનો પણ અભાવ કરીને આગળ જવાનું છે. એને રાખીને આગળ જવાનો સવાલ નથી. એનો અભાવ કરીને આગળ જવાની વાત છે. એમ લેવું છે.

**'પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે.'** આમ તો શું છે ? અહીંયાં વ્યક્ત કહેતાં બહિર્મુખ છે. મનનો જે ભાવ છે એ બહિર્મુખ ભાવ છે. આત્મા જે છે એ અંતઃતત્ત્વ સ્વરૂપ છે. તો બહિર્મુખ ભાવે અંતર તત્ત્વમાં કેવી રીતે પહોંચાય ? બહિર્મુખ ભાવથી

અંતઃતત્ત્વમાં પહોંચી શકાતું નથી. એની દિશા ઉલટી છે. મનનો દિશા છે એ ઉલટી છે. કૂવાના તળિયામાં રહેલા પાણીને જોવું હોય તો ઘોડા ઉપર બેઠા બેઠા નહિ દેખાય. ઘોડેથી નીચે ઊતરે વાંકો વળીને અંદર જોવે. પાણીની તરસ લાગી હોય અને પાણીની ગરજ થઈ હોય તો. તો એને પાણી દેખાય. પણ એ ઘોડા ઉપર બેઠો બેઠો ઠુંઠ થઈને એમ કહે કે મારે પાણી જોવું છે. મને પાણી દેખાડો કોઈક. તરસ લાગી નથી ભાઈ તને. તને હજી તરસ લાગી નથી. મનના ઘોડાથી નીચે ઉતરી જવું પડશે એમ કહે છે. અંતર્મુખ થવામાં મનના ઘોડેથી નીચે ઉતરવું પડશે.

'**તેની મન વ્યક્તભાવના કરી ન શકે**' પરમાત્મપદની '**શાથી ? કે પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.**' આવો પરમાત્મા તેજસ્વી છે. નિર્વિકલ્પ તત્ત્વ, અખંડ નિર્વિકલ્પ તત્ત્વ છે એ વિકલ્પથી ઘણું દૂર છે. વિકલ્પો એનાથી ઘણે દૂર છે. એ એની નજીક જઈ શકતા નથી. '**પરમાત્મભાવ કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.**' ભાવના શબ્દ છે એ અનેક જગ્યાએ બહુ વ્યાપક અર્થમાં, વિશાળ અર્થમાં એનો વપરાશ છે. સામાન્ય માણસને કોઈપણ ચીજની ઈચ્છા થાય તો એને સારી ભાષામાં કહેવું હોય તો એને ઈચ્છા થઈ છે, એમ કહેવાને બદલે એને ભાવના થઈ છે એમ કહેવાય. અમને આજે ભગવાનની આરતી લેવાની ભાવના થઈ. અમને આજે પૂજા કરવાની ભાવના થઈ. અહીંથી માંડીને, આ એક સામાન્ય શબ્દપ્રયોગ છે, ત્યાંથી માંડીને શુક્લધ્યાનની જે સ્થિરતા થાય છે એ સ્થિરતાને પણ આત્મભાવના કહેવામાં આવે છે. સ્વરૂપસ્થિરતાને આત્મભાવના શબ્દથી પ્રયોગ કરવામાં આવે છે. તો ભાવના છે એ શબ્દનો ક્યાં કેવો અર્થ કરવો, એ બહુ સમજી વિચારીને કરવો જેવો છે.

સામાન્ય રીતે જે રાગયુક્ત અભિલાષાના પરિણામ થાય છે એ ભાવનાથી કાર્ય થતું નથી. એટલે રાગથી, ઈચ્છાથી ને એવી ભાવનાથી કાર્ય થતું નથી. પણ જે ભાવનામાં રુચિના પરિણામ મુખ્ય છે, જેને ભાવના કહીએ એમાં સ્વરૂપરુચિના પરિણામ છે તે અહીંયાં ભાવના હવે લેવી હોય તો '**પરમાત્મભાવના કરતાં કરતાં...**' હું છું... હું છું... પોતે

પરમાત્માને લક્ષ્યગત કર્યો. લક્ષમાં આવેલું જે પરમતત્ત્વ (એની) મહિમા ઉત્પન્ન થતાં એમાં હુંપણાની ભાવના અત્યંત અનન્ય રુચિથી થઈ. એ મહિમામાં ભાવનાનો વિષય છે. ત્યારે નજીકતા થઈ, પરમાત્મપદની નજીકતા થઈ એટલે પરમાત્મપદનો સ્વાનુભવ થવાનો કાળ નજીક આવ્યો. પ્રત્યક્ષ અનુભવનો-સાક્ષાત્કારનો કાળ નજીક આવ્યો ત્યારે એ ભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવ્યું ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે. ત્યારે મન વિલય થાય છે. એ શબ્દ પોતે આગળ પણ કરશે. મન વિલય થાય છે. મનનો વિલય સાધક છે અને પરમાત્માનો સાક્ષાત્કાર સાધ્ય છે. એવા બોલ આવશે આગળ હજી. સાધ્ય-સાધકના બોલમાં આ બધા પ્રકાર આવશે. ભાષા છે એ જાતની.

**'ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે.'** એ અંદરનું સામર્થ્ય લેવું છે. સ્વરૂપનું સામર્થ્ય એટલું બધું છે કે એ નિર્વિકલ્પ સામર્થ્ય પાસે મનનો નાશ થવો, મનનો અભાવ થવો સહજ છે. સહેજમાત્રમાં રમત રમતમાં મન નાશ પામે છે. જે મન સંસારીજીવોને કાબુમાં આવતું નથી, એ મન અહીંયાં મરતા વાર લાગતી નથી. જે મનને સંસારી જીવો નાથી શકતા નથી, એ સ્વાનુભવ કરનાર જીવ તો એ મનને સ્વાનુભવની નજીકતામાં જ મારી નાખે છે. એટલું બધું સમાર્થ્ય લીધું છે.

આવે છે ને આ ધનુષ. 'રામચંદ્રજી'એ 'સીતાજી'ના સ્વયંવરમાં જનકરાજાનું જે ધનુષ ઊપાડ્યું, એ સાધેલું ધનુષ હતું. વિદ્યાથી સાધેલું ધનુષ હતું. શક્તિવાળું ધનુષ હતું. રાજાઓ તો ઘણા આવ્યા હતા, ક્ષત્રિયો તો ઘણાં આવ્યા હતા પણ કેટલાકે તો એ ધનુષ જોઈને ઊભા થવાની હિંમત ન કરી. આ ધનુષ ! આપણું કામ નથી આમાં. આપણે ભલે આવ્યા પણ છાનામાના બેઠા રહો. કેટલાક ઊભા થઈને નજીક ગયા ત્યાં ઊડીને પાછા પડવા માંડ્યા. એની આજુબાજુમાં એટલો તો ચાલતો હતો કે અસમર્થ એવા જેટલા રાજાઓ ત્યાં નજીક જવા ગયા તો પાછા પડવા માંડ્યાં. અહીંયાં ક્યાંક એવું પરિબળ છે કે આપણે નજીક જઈ શકતા નથી. કેટલાક વળી એને અડવા ગયા ત્યાં ઊડી ઊડીને પડવા મંડ્યા. જેમ Current લાગે ને કેમ ઊડીને પાછો પડે,

એમ એનો સ્પર્શ કરવા ગયા ત્યાં ઊડી ઊડીને પાછા પડવા મંડ્યા.

આ જ્યાં બધા ખેલ થયા એટલે બધે વાત સોપો પડી ગયો કે આમાં કંઈ સાધારણ માણસનું કામ નથી. 'સીતાજી'ની સાથે લગ્ન કરવા એ કોઈ સાધારણ રાજાનું અને સાધારણ મનુષ્યનું કામ નથી. એ સાબિત થઈ ગયું. 'રામચંદ્રજી' ધીર ગંભીર વ્યક્તિ છે. આસ્તેથી ઊભા થાય છે. ફડાક જ્યાં ઉપાડે છે ત્યાં તો કટકા થઈ ગયા એના. જેને અડી નહોતા શકતા એ જ્યાં ઉપાડે છે તો એને ત્રણ ટૂકડા થઈ ગયા. એટલું સામર્થ્ય એનું હતું એમ બતાવ્યું. એમ અહીંયાં વિકલ્પના ટૂકડે ટૂકડા થઈ જાય છે. ખતમ થઈ જાય છે.

મુમુક્ષુ :- ૪૫ પાને છે, ભાવમનનો વિકાર વિલય થયે...

પૂજ્ય ભાઈશ્રી :- છે ૪૫ પાને છે.

મુમુક્ષુ :- સાધ્યસાધકના બોલ

પૂજ્ય ભાઈશ્રી :- સાધ્ય સાધકના બોલ ચાલ્યા છે. નીચે Paragraph પૂરો થાય છે ને ત્યાં. '**ભાવમનનો વિકાર વિલય થયે સાક્ષાત્ મોક્ષ થાય છે. માટે ભાવમનાદિ રીતીનો વિલય સાધક છે અને સાક્ષાત્ મોક્ષરૂપદશા સાધ્ય છે.**' પછી તો મન રહેતું નથી. છેલ્લે ભાવમન ખલાસ થાય છે. અહીંયાં અનુભવના કાળમાં મનની પ્રવૃત્તિ નથી. પણ જ્યાં અનુભવ છૂટે છે એટલે વળી પાછી મનની પ્રવૃત્તિ ચાલુ થાય છે. ક્યાં સુધી આ રહ્યું ? કે બારમા ગુણસ્થાન સુધી. મોક્ષ થયો, કેવળજ્ઞાન થયું એમાં પછી ભાવમન છે એ સદાને માટે નાશ પામે છે. ઓલું મરે છે ખરું પણ હજી અંદર જીવ રહી ગયો છે. થઈ ગયું મડદું પણ અંદર હજી જીવ રહી ગયો છે. એટલે ક્યારેક ક્યારેક એનું થોડુંક હલનચલન જોવામાં આવે છે. ક્યાં સુધી ? કે બારમા ગુણસ્થાન સુધી. પછી તો એ ખલાસ થાય છે. છે, એવા બોલ આવે છે, ક્યાંક ક્યાંક આ સિવાય પણ એવા બોલ આવે છે.

'**પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે. શાથી ? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ મરે,...**' કેટલાક તો સ્વયંવરમાં ઊભા જ ન થયા. આપણું કામ નહિ અહીંયાં. આપણે જોયા કરો બેઠા બેઠા. આપણે આમાં ઊભા થવાની જરૂર નથી. જેમ '**સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય,...**' છે. એટલો

બધો સૂર્ય પ્રકાશનો પૂંજ છે કે અંધારું એની નજીક આવી શકે નહિ. દૂરથી જ નાશ પામે. દૂર ને દૂર જ રહ્યા કરે. અંધારું એની નજીક આવી શકે નહિ. '**તેમ અહીં જાણવું.**'

'**ચિદાનંદની ભાવનાથી (ચિદાનંદને ભાવવાથી) ચિત્પરિણતિ શુદ્ધ થાય છે.**' અહીંયાં ભાવનાનો વિષય આવ્યો. 'ચિદાનંદની ભાવનાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે.' ચિદાનંદ એટલે પોતાનું મૂળ સ્વરૂપ મૂળ નિજાત્મપદ તેની ભાવનાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે. આ હું છું.. હું છું.. એ પણ ભાવના છે. આમ ઉલ્ટા પરિણમનથી થોડો પકડાય એવો વિષય લઈએ કે વિશેષ ઈચ્છા અને વિકલ્પોને બાદ કરો તો જીવને જે કાંઈ ઉદયમાન સંયોગો છે, એમાં વગર વિકલ્પે આ બધું છે અને એ બધું હોય એની હોવાપણાની-છે પણાની એને ભાવના રહ્યા કરે. આ બધું મને હો, આ બધું મને હો. જે સંયોગો છે એ બધું મને હો. હું એના વિનાનો એકલો ક્યારેય ન હો. એવી એક ભાવના એને રહ્યા જ કરે છે. જરાક તપાસવા જેવો વિષય છે. ભાવના એ સ્થાન બદલી નાખે અને પોતાનું જે ચિદાનંદ સ્વરૂપ છે એના અસ્તિત્વની, એના હોવાપણાનો જે ભાવ રહે એને ચિદાનંદની ભાવના કહેવામાં આવે છે. આ વિકલ્પ નથી, રાગ નથી, પણ એની હયાતીની હોવાપણાની ભાવના છે. આમ મને હો. માણસ નથી કહેતા ? તમે રહો એટલું, હો એટલું બસ છે. હોવા અને નહિ હોવામાં બહુ મોટો ફેર છે. હો એટલું બસ છે, એમ કહે છે.

'શ્રીમદ્જી'એ બહુ ગૂઢ અર્થમાં પત્ર લખ્યો છે એમાં એવું લખ્યું છે કે મનને લઈને આ બધું છે. એટલે આ બધું જે છે... છે... છે... છે... છે... એમાં શું છે ? કે મનને લઈને આ બધું છે. જો મન મરે તો આ છે એને વાત નથી. ઓલું જે છે પોતાનું પદ છે એની ભાવના છેપણાની ભાવના ત્યાં આવે. એટલે આ બધું શેને લઈને છે ? કે મનને લઈને આ બધું છે. બહુ ચર્ચા કરી છે. જેના ઉપર પત્ર લખ્યો છે એને આ વાક્ય સમજાણું નથી. મનને લઈને આ બધું છે એમાં શું કહેવા માગો છો ? મને સમજાતું નથી. બહુ સારી ચર્ચા કરી છે. પત્ર તો યાદ નથી પણ પાછળના પરિશિષ્ટ ઉપરથી પકડાય તો. એવી બધી ચર્ચાઓ અનુભવથી સમજી શકાય. પોતાના ચાલતા અનુભવથી સમજી શકાય.

મનના જયથી આત્મલીનતા. મનના જયથી આત્મલીનતા, મનના દોષ અને તેનો ઉપાય. મનના નિગ્રહના વિઘ્નો, મનનો જયસ્વાસનો જય. મનનિગ્રહ ક્યારે થાય ? મન સ્થિર કરવાનો માર્ગ. આટલા બોલ લીધા છે. ઓલું પેજ નથી લીધું. આટલા મન ઉપરના આટલા બોલ પરિશિષ્ટમાં મહેનત કરનારે લીધા છે. એમાં નથી લીધા. પરિશિષ્ટ કરનારાએ મહેનત તો ઘણી કરી છે. વર્ણાનુક્રમણિકા હો તો ઉપરથી મળી જાય. એના ઉપર તો ચર્ચા ચાલી છે. એ વિષય આમાં પરિશિષ્ટમાં રહી ગયો છે. આટલા મનના વિષયના પાના ટાંક્યા છેમન નિગ્રહ, મનોજય. વિસ્તારવાળો ગ્રંથ છે ને ? શબ્દાર્થમાં તો મનન એટલે વિચાર એટલું જ લીધું છે. જોજો, કોઈને મળે તો. એ પત્ર ઉપર ચર્ચા સારી થઈ છે.

મનને લઈને આ બધું છે. આ બધું છે, એવું જે ઉપાધિભાવનું જે આકુળતાનું વેદન છે, એ જીવ મન ત્યાં રોકી રાખે છે એટલે છે. એનું મન ત્યાં રોકાયેલું રહે છે. એવી ચર્ચા, એવા ભાવની ચર્ચા કરી છે.

'**ચિદાનંદની ભાવનાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે.**' ચિદાનંદની ભાવનાથી એટલે સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી, સ્વરૂપભાવનાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે. ભાવનાનો વિષય જે મુખ્ય છે, એ પહેલેથી છેલ્લે સુધી ભાવનાનું જે પડખું છે, એ આ વિષયની અંદર મુખ્ય છે. જીવ પોતે ભાવાત્મક પદાર્થ છે. અનંત ચૈતન્ય ભાવોનો પિંડ છે. અને એ ચૈતન્ય ભાવોમાં પોતાની જ ભાવના, ચૈતન્યના ભાવોમાં પોતાની જ ભાવના. કારણ કે પોતે ભાવનો પિંડ છે ને ? પોતાની જ ભાવના એ પોતાની પરિણતિની શુદ્ધતાનું કારણ છે. એ પાયાનો વિષય છે મૂળમાં.

પછી ગુણ અપેક્ષાએ ત્યાં શ્રદ્ધા-રુચિ કામ કરે છે અને ચારિત્ર અપેક્ષાએ ત્યાં સ્થિરતાને પણ ભાવના કહેવામાં આવે છે. 'પરમાત્મ પ્રકાશ'માં એ વાત સ્વરૂપ સ્થિરતા માટે લીધી છે. ભાવનાનો વિષય. એમાં સ્વરૂપ સ્થિરતા અનેક જગ્યાએ લીધી છે. 'નિયમસાર'માં પણ ભાવનાને સ્વરૂપ સ્થિરતાને જ ભાવના કહી છે. આપણે તો સામાન્ય ભાવાનાનો અર્થ ઇચ્છા થાય, અભિલાષા થાય, રાગ થાય એને ભાવના કહીએ છીએ. પણ બધે એવો અર્થ નથી.

'કુંદકુંદાચાર્યે' 'નિયમસાર' પૂરું કરતાં એ લખ્યું કે મેં મારી ભાવના અર્થે આ 'નિયમાસર'ની રચના કરી છે. ત્યાં ભાવના એટલે મેં મારા સ્વરૂપમાં સ્થિર થવા અર્થે, પોતે ચારિત્રવંત છે ને ? મુનિરાજ છે એ ચારિત્રવંત છે, તો પોતાની સ્વરૂપ સ્થિરતા વધારવાનું નિમિત્ત આ ગ્રંથ રચનાનું છે. આ ગ્રંથરચના એ સ્વરૂપસ્થિતા વધારવાનું નિમિત્ત છે એમ ત્યાં ભાવના લેવી.

મુમુક્ષુ :- ભાવના ફળે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવના ફળે જ છે. એ ભાવના ફળે છે એ આ વાત છે કે એમાં એકલો માત્ર ઉપર ઉપરનો રાગ ન લેવો, ઈચ્છા ન લેવી. ભાવના એટલે જેમાં સ્વરૂપ રુચ્યું છે, જેમાં સ્વરૂપ ભાવ્યું છે અને જેને એક સ્વરૂપમાત્ર જ જોઈએ, બીજું આ જગતમાંથી જેને કાંઈ જોઈતું નથી. એવી જે ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ચૈતન્યની ભાવના એ ફળે, ફળે ને ફળે જ, એમ કહેવું છે. વિશેષ લઈશું...

નિજ અવલોકનમાં રાગનું અને પર્યાયનું લક્ષ છોડાવવાનો હેતુ છે. તેમજ એકાંત પર તરફના વલણનો પ્રવાહ બદલાઈ સ્વતરફ વલણ થાય તેવો હેતુ છે. પરલક્ષી જ્ઞાન વડે માત્ર તર્કયુક્તિથી અનુભવમાં આવતા ભાવોનું ભાવભાસન થઈ શકે નહિ, તેથી તેવી અભ્યાસની અયોગ્ય પદ્ધતિ બદલીને, ભાવભાસન થાય, તેવો ખાસ હેતુ છે. સ્વભાવના ભાવભાસનથી સ્વભાવનું લક્ષ થતાં, રાગ અને પર્યાયનું પરલક્ષ સહજ છૂટે છે. યથાર્થપણે અવલોકન થવાનું ફળ પર્યાય બુદ્ધિ છૂટવામાં આવે છે. કારણકે આ અનુભવ પદ્ધતિ છે. પર્યાયબુદ્ધિમાં દીનતા આવે છે.

(અનુભવસંજીવની - ૧૧૮૪)

## તા. ૨૩-૧૦-૧૯૮૫, પાના નં.૧૫, પ્રવચન નં. ૪૪

એકલો સ્વાનુભવનો વિષય (છે). '**ચિદાનંદની ભાવનાથી અર્થાત્ (ચિદાનંદને ભાવવાથી) ચિત્પરિણતિ શુદ્ધ થાય છે.**' જેમ જડને ભાવવાથી આત્માની પરિણતિ મલિન થાય છે, શુભાશુભ રાગને ભાવવાથી પરિણતિ મલિન થાય છે. કહે છે કે આત્માના શુદ્ધ સ્વરૂપ ચિદ્ અને આનંદ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે તે હું છું, તેવો હું છું, એમ એની ભાવના કરવાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે. ભાવનાનો વિષય આપણે ચર્ચાય છે.

આત્મામાં એક ભાવકત્વ શક્તિ છે. ભાવકપણું. ભાવવું એવી પણ શક્તિ છે. અનંત શક્તિમાં એવી એક શક્તિ છે, જેના દ્વારા જીવ પોતાના સ્વરૂપને પોતાના સ્વભાવભાવને ભાવે છે. જેમ જ્ઞાન દ્વારા જાણે છે, એમ ભાવકત્વ દ્વારા ભાવે છે. એ પણ એનું એક કાર્ય છે, એ પણ એનું ગુણરૂપ કાર્ય છે. ભાવના એટલે રાગ કરવો એવો અર્થ અહીંયાં ન લેવો. કેમ કે રાગથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે એ વાત બંધબેસતી નથી. રાગ પોતે હીન પરિણામ (છે). મલિન પરિણામ વારંવાર કરવાથી પરિણામ શુદ્ધ થાય, એ વાત ન્યાયથી બંધબેસતી નથી, ન્યાયથી સુસંગત નથી.

મુમુક્ષુ :- ભાવશક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મામાં ભાવકશક્તિ પણ છે. ભાવ, ભાવભાવ એવી બધી શક્તિ છે, એમાં એક ભાવકશક્તિ પણ છે. આમ તો એનો અર્થ તો એવો થાય છે કે પરિણામનું થવું, ભાવવું. પોતાની સત્તારૂપ સ્વપદને ભાવવું એવું પણ એનું એક કાર્ય છે. એટલે પોતે પોતાને ભાવે છે. પોતાના હોવાપણાને પોતે અવલંબે છે. જે ભાવનામાં પોતાના હોવાપણાને પોતે અવલંબે છે, સ્વભાવને અવલંબે છે, હયાતીને અવલંબે છે એવા ચિદાનંદની ભાવનાથી, ભાવનાથી ચિદાનંદમાં તન્મય થવાથી, એકાકાર થવાથી ચિત્પરિણતિ થાય છે. આત્માની પરિણતિમાં મલિનતા

ઉત્પન્ન થતી નથી. જેવું ચિદાનંદતત્ત્વ શુદ્ધ છે, પરિણામ પણ તેવું શુદ્ધ થાય છે, તે રૂપ પરિણામ થાય છે.

મુમુક્ષુ :- ભગવાનની ભાવના આવી, પરમાત્માની ભાવના આવી, આ ચિદાનંદની ભાવના આવી.

પૂજ્ય ભાઈશ્રી :- પરપદાર્થને ભાવવા જતાં રાગ ઉત્પન્ન થાય છે. રાગને ભાવવાથી રાગ (ઉત્પન્ન થાય), પર પદાર્થની ભાવનાથી રાગ ઉત્પન્ન થાય અને એક સમયની પરિણામની ભાવનાથી પણ રાગની ઉત્પત્તિ થાય. એવી ભાવના પણ રાગરૂપ ભાવના પણ રાગ હોય છે ત્યાં સુધી આવે છે. તે આ પ્રકારે કે સમ્યગ્દૃષ્ટિ ચતુર્થ ગુણસ્થાનવર્તી હોય તો તેને એવી ભાવના આવે કે ક્યારે મને મુનિદશા પ્રગટ થાય ! અપૂર્વ અવસર એવો ક્યારે આવે ? કે જગતના બધા બંધનોનો સંબંધ હું કાપીને, છેદીને ક્યારે મારા સ્વરૂપમાં હું લીન રહું ? પૂર્ણતાની પણ ભાવના આવે. કેવળજ્ઞાન, કેવળદર્શન. મુનિદશામાં પણ એવી કેવળજ્ઞાનની ભાવના આવે. એક સમયની પર્યાયની ભાવના રાગને ઉત્પન્ન કરનારી છે. શુદ્ધ પર્યાયની ભાવના પણ.

આવો રાગ હોવો જોઈએ, આ ગુણસ્થાને આવો રાગ હોવો જોઈએ, એ પણ રાગની ભાવના રાગને ઉત્પન્ન કરે છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર, પરમાત્માની ભાવના પણ રાગને જ ઉત્પન્ન કરનારી છે. સ્થૂળ વિચારમાં ઘણાને એવું નથી બેસતું કે જે પરમાત્માની ભાવના છે એમાં તો અમે પરમાત્માના એટલે આત્માના જે ગુણો છે, પરમપદમાં પ્રસિદ્ધ પ્રગટ થયેલા જે ગુણો છે એ ગુણોનું સ્તવન કરીએ છીએ, ગુણોની સ્તુતિ કરીએ છીએ, ગુણોની પ્રશંસા કરીએ છીએ અને તે દ્વારા અમે ગુણોને ભાવીએ છીએ. પણ તે તે ગુણ ક્યા પદાર્થને આશ્રિત છે ? એ તો ... જો તે ગુણ બીજા આત્મારૂપ પદાર્થને આશ્રિત છે, બીજા પરમાત્માને આશ્રિત છે તો તે અવશ્ય રાગની ઉત્પત્તિના નિમિત્ત છે. તેનાથી વીતરાગતા ઉત્પન્ન થાય એવું બનવાનું નથી. રાગથી વીતરાગતા ઉત્પન્ન નહિ થાય. એટલે એ રીતે ભક્તિમાં જે રાગની વિશેષતા છે, ભાવનામાં જે રાગની વિશેષતા છે, તેની વૃદ્ધિ કરવી એવો ઉપદેશ નથી. અથવા સત્શાસ્ત્રોમાં રાગની વૃદ્ધિ કરવાનો ક્યાંય અભિપ્રાય નથી. વીતરાગશાસ્ત્રોમાં રાગની વૃદ્ધિ કરવાનો ક્યાંય આશય હોઈ શકે નહિ.

અહીં તો ચિદાનંદ એટલે પોતે. પોતે એક સમયમાં પરિપૂર્ણ ચૈતન્ય

આનંદ આદિ અનંત સામર્થ્યથી પરિપૂર્ણ છે, એમ સીધો પોતાને ભાવે. ચૈતન્યભાવથી, વિશુદ્ધભાવથી પોતાને ભાવે તો પરિણામમાં શુદ્ધતા વિશેષ વિશેષ થતી જાય છે.

મુમુક્ષુ :- ચિદાનંદની ભાવના ભાવવી, એ ભાવના એક પ્રકારનો શુભભાવ જ છે. પણ આમાં નૈમિત્તિક તત્ત્વ એને ભાવવી એમ કહેવામાં આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ વાત નથી. અહીંયાં રાગથી ભાવના ભાવવી એ વાત નથી. અહીંયાં ભાવના એટલે .... પરિણામ તે ભાવના, એકાગ્રતારૂપ પરિણામ તે ભાવના, ચૈત્નયરસરૂપ પરિણામ તે ભાવના. જે પરિણામમાં ચૈતન્યરસ છે, ચિદ્રસ છે, જેનો વિષય પોતે ચિદાનંદ (પોતે છે), એને અહીંયાં ભાવના છે. ભાવના શબ્દ છે એ એટલો બધો સામાન્ય થઈ ગયો છે અને એનો રૂઢિ અર્થ રાગવાચક થઈ ગયો છે. એવો અર્થ બધે ન લેવો. શાસ્ત્રમાં એ પ્રકારે નથી.

એમાં પણ ખાસ કરીને 'નિયમસાર'માં તો જ્યાં 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે મારી ભાવના અર્થે આ (શાસ્ત્રની) રચના કરી છે. ત્યાં તો એ ભાવના એટલે એકાગ્રતા અર્થે. મારી શુદ્ધિની વૃદ્ધિ થાય એવી જે સ્વરૂપની એકાગ્રતા છે તેને અર્થે મેં આની રચના કરી છે. ત્યાં ભાવના એટલે રાગ કરવા (માટે) અને વિકલ્પ કરવા માટે આ શાસ્ત્ર રચ્યું છે, એમ નથી. અને એ શાસ્ત્રની અંદર પણ સ્વરૂપની એકાગ્ર પરિણતિ તે ભાવના, એવી વાત અનેક જગ્યાએ છે. ત્યાં ક્યાંય રાગ પરિણતિની વાત નથી.

મુમુક્ષુ :- એકાગ્રતા તો સમ્યગ્દષ્ટિને જ હોય ને ? મિથ્યાદષ્ટિને તો ન હોય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મિથ્યાદષ્ટિને નથી.

મુમુક્ષુ :- આ ઉપદેશ તો મિથ્યાદષ્ટિને આપવામાં આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદષ્ટિને આપવામાં આવ્યો છે કે તું મિથ્યાદષ્ટિ રહીને આત્માની સાધના કર, એમ નથી ઉપદેશ આપવામાં આવ્યો. ભલે મિથ્યાદષ્ટિ છો તોપણ મિથ્યાત્વપણું પલટાવીને શુદ્ધ પરિણતિથી શુદ્ધની સાધના કર. કેમ કે શુદ્ધાત્મ સ્વરૂપની સાધના શુદ્ધ પરિણતિ સિવાય થઈ શકતી નથી. આ નિયમ છે, આ સિદ્ધાંત છે. કોઈ અશુદ્ધ પરિણામથી કોઈ રાગથી, કોઈ રાગના કોઈ પ્રકારથી, કોઈ અંશથી

સાધના થાય છે એ વાત નથી. એના ઉપર પૂરેપૂરી ક્યારેય ન ભૂસાય એવી ચોકડી મૂકી દેવી. ક્યારેય ન ભૂસાય એવી. એ પાયામાં સિદ્ધાંત રાખીને આગળ ચાલવું. નહિતર રાગમૂલક જે ઉપદેશ છે, એ ઉપદેશ અને વીતરાગના ઉપદેશમાં કાંઈ ફેર નહિ પડે.

સંપ્રદાયોમાં રાગનું મૂલ્ય રાખીને ઉપદેશ ચાલ્યો છે. અહીંયાં વર્તમાન ચાલતા સંપ્રદાયોમાં. 'ગુરુદેવે' વાતને ખોલી નાખી, રહસ્યને ખોલ્યું. બાકી અન્ય સંપ્રદાયમાં તો બધે અંધારુ છે એમાં તો કાંઈ છે નહિ પણ કહેવાતા સંપ્રદાયો એમાં સ્થાનકવાસી, આ 'તુલસીઆચાર્ય'નો તેરાપંથ અને આ શ્વેતાંબર ને એ તો અન્યમત જેવા જ છે. એમાં તો શુદ્ધતાનું, અધ્યાત્મનું પ્રકરણ ખલાસ થઈ ગયું છે.

દિગંબર સંપ્રદાયમાં સાહિત્યમાં પડ્યું છે. રૂઢિ, રિવાજ એ તો બધું અન્યમત જેવું સામાજિક થઈ ગયું છે અને અનેક જાતના કુરિવાજો, કુદેવે, કુગુરુ, કુશાસ્ત્ર પોષાય, એ બધા પ્રકારો ચાલ્યા. એટલે તો 'ગુરુદેવે' સત્યની વાત કરી ત્યારે ત્રણે ફિરકામાં (વિરોધ) ઉઠ્યો. છતાં એમનો જે ઉપદેશનો પ્રવાહ હતો એ ચાલુ રાખ્યો. લોકવિરુદ્ધ થઈને પણ ઉપદેશનો પ્રવાહ ચાલુ રાખ્યો.

'પૂજ્ય બહેનશ્રી'એ રવિવારે લોકવિરુદ્ધનો ખુલાસો કર્યો. લોકવિરુદ્ધ કાર્ય થાય કે ન થાય ? એકલો પોતે હોય તો ન કરે. એક સમાજ ઊભો થઈ ગયો હોય તો એમાં લોકવિરુદ્ધતાનો સવાલ રહેતો નથી. કેમ કે કાયમ અજ્ઞાનીઓની મિથ્યાદૃષ્ટિઓની, વિરુદ્ધતાવાળાની સંખ્યા હંમેશા જગતમાં વધારે રહી છે. સમવસરણમાં પણ મિથ્યાદૃષ્ટિઓની સંખ્યા સૌથી વધારે છે. એટલે એમાં પણ કોઈ (લોકવિરુદ્ધતાને) મુખ્ય કરીને પોતાના પરિણામ કે પ્રવૃત્તિ રાખે તો તેને જ્ઞાનીઓએ લોકસંજ્ઞા કહી છે કે જે લોકસંજ્ઞા રાખીને લોકાગ્રે એટલે મોક્ષના માર્ગે જઈ શકાતું નથી. 'શ્રીમદ્જી'નું વચન લીધું. લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી. એ સ્પષ્ટ કર્યું હતું.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' અકેલે થે..

પૂજ્ય ભાઈશ્રી :- જબ અકેલે થે તો દો-ચાર જન જો સાથમેં થે ઉનકે સાથ ચર્ચા કરતે થે. કિસીકો બુલાતે નહિ. અને જ્યારે પોતાની મેળે બધા આવવા માંડ્યા ત્યારે પણ કોઈને બોલાવવા ન ગયા. પછી પણ જ્યારે જ્યારે જ્યાં જ્યાં આમંત્રણ મળ્યા, જે સમાજ તરફથી આમંત્રણ

મળ્યું, જેમ કે આબુ પાસે એક ગામ છે. (એક મુમુક્ષુનું) ગામ છે ને ? ત્યાં ગયા તો ત્યાં આખા સમાજે એમ કહ્યું કે ભાઈ ! અહીંયાં નહિ. પછી આખો સમાજ પાછો આબુમાં આવ્યો. અમારી ભૂલ થઈ છે. પધારો આપ. તો ગયા પાછા. તો ત્યાં સમાજ તરફથી જ્યાં જ્યાં મંડળ તરફથી વિનંતી કરતા ત્યાં જતા. સમાજ વધ્યો, એક બહુ મોટો સમૂહ ઊભો થયો તો પણ એ સમૂહ, દિગંબરની વસ્તી એક કે બે ટકામાં છે, ૯૮ ટકા તો વિરુદ્ધ રહ્યો. રહ્યો તો રહ્યો. તો પણ મંદિરો થયા, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ થઈ. જેટલા પુણ્ય હતા એટલું થયું. એમાં તો પુણ્ય અનુસાર બને છે. બહારમાં જેટલું કાર્ય થાય એ તો શાસનના પુણ્ય અનુસાર થાય છે. એમાં કોઈ જીવ કર્તા-હર્તા નથી. ન તો જ્ઞાની કે ન તો અજ્ઞાની. કોઈનો રાગ કે કોઈના શુદ્ધ પરિણામ બહારના કાર્યો કરવા કાંઈ સમર્થ નથી.

મુમુક્ષુ :- લોકસંજ્ઞાની વાત કરી એ શેમાંથી ચાલી ?

પૂજ્ય ભાઈશ્રી :- બપોરે ચાલી હતી. આપણે તો સાંજના ગયા હતા.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' સાથે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા હા હા... એ ચર્ચા તો એમ ચાલી હતી. 'સૂર્યકીર્તિ' ભગવાન ઉપરથી. બરાબર યાદ આવ્યું. 'સૂર્યકીર્તિ' ભગવાન ઉપરથી ચર્ચા ચાલી હતી કે 'ગુરુદેવ' હયાત હતા ત્યારે બધા એવી ભાવના ભાવતા હતા કે આપ તીર્થંકર થશો ત્યારે આપના સમવસરણમાં અમે આપને ફરીને સાંભળવા આવીએ, એવી અમારી ભાવના છે અને આપ મોક્ષે પધારો ત્યારે અમે પણ સાથે સાથે મોક્ષમાં જઈએ.

હવે અહીંયાં વચલો કાળ કાપીને સાક્ષાત્ ભગવાન તરીકે લાવ્યા, આવ્યા ત્યારે એમાંથી જ કેટલાયે એનો નકાર કર્યો. કેવી વિચિત્રતા છે ! પરિણામની કેવી વિચિત્રતા છે કે એમાંથી જ કેટલાયે નકાર કર્યો. એમાંથી એ વાત ચાલી હતી. એમાંથી આ લોકવિરુદ્ધની વાત ચાલી કે લોકવિરુદ્ધ કર્યું, લોકવિરુદ્ધ કર્યું એવું ઘણા કહેવા લાગ્યા. તો કહે (છે), લોકવિરુદ્ધ નથી. એની પાછળ એક સમાજ છે ત્યારે એને લોકવિરુદ્ધ ગણી શકાય નહિ. એકલદોકલ કોઈ હોય અને એણે એ કાર્ય કર્યું હોય તો લોક વિરુદ્ધ કહેવાય. છતાં સમાજ હોય ને કોઈ કહે કે લોકવિરુદ્ધ છે. તો એ લોકવિરુદ્ધ કહેનારને લોકસંજ્ઞા ઉત્પન્ન થઈ છે. અને એ લોકસંજ્ઞાએ લોકાગ્રે નહિ જવાય. એમ ન્યાય આપતા હતા. એવી રીતે ચર્ચા એમ

ચાલેલી.

(અહીંયાં) શું કહે છે ? '**ચિદાનંદની ભાવનાથી...**' ભાવના એટલે અહીંયાં શુદ્ધભાવ લેવો. જે શુદ્ધભાવ સ્વરૂપનો ભાવક છે, જે શુદ્ધભાવ સ્વરૂપનો ભાવક થઈને (પરિણમે) તેનાથી પરિણતિ શુદ્ધ થાય છે. '**ચિત્પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ થાય છે.**' જુઓ ! ચિત્પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ (થાય છે). ચિદાનંદ મૂળમાં તો શુદ્ધ જ છે. પણ અહીંયાં પરિણામની મુખ્યતાથી આખા પદાર્થને કહે છે. પરિણામમાં શુદ્ધતા થઈ તો ચિદાનંદ શુદ્ધ થયો એમ કહ્યું. ત્રિકાળી તો શુદ્ધ જ છે. એમાં કોઈ શુદ્ધતા વધે છે (એવું કાંઈ નથી). પરિણામ શુદ્ધ થાય એટલે ત્રિકાળીમાં શુદ્ધતા વધે અને પરિણામ અશુદ્ધ થાય તો ત્રિકાળીમાં અશુદ્ધતા આવે, એવું તો કદી બનતું નથી. કેમ કે ત્રિકાળી છે એ તો ધ્રુવ એકરૂપ છે એમાં તો ફેર પડતો નથી. '**ચિત્પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ થાય છે.**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૈતન્યના પરિણામ.

મુમુક્ષુ :- પરિણતિ એટલે વૃત્તિ

પૂજ્ય ભાઈશ્રી :- હા. વૃત્તિ કહો, પરિણતિ કહો અને પરિણમન કહો, પર્યાય કહો આમ તો બધું એકાર્થ છે.

'**ચિત્પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ થાય છે.**' એટલે પરિણતિ શુદ્ધ થઈ તો ત્યાં આત્મા શુદ્ધ થયો એમ કહેવામાં આવે છે. આખો આત્મા. પરિણામ ... એમ કથનપદ્ધતિ થઈ. ત્યાં આત્મા શુદ્ધ થાય છે. '**અનાત્મ પરિણામ મટાડી આત્મપરિણામ કરવા એ જ કૃતકૃત્યપણું છે.**' અનાત્મ પરિણામ મટાડી એટલે આત્મરૂપ પરિણામ નથી, રાગરૂપ પરિણામ છે, અજ્ઞાનરૂપ પરિણામ છે, મિથ્યાત્વરૂપ પરિણામ છે એ બધા અનાત્મ પરિણામ છે, એવા અનાત્મરૂપ પરિણામ મટાડી આત્મપરિણામ કરવા, આત્મારૂપ પરિણામ કરવા એ જ કૃતકૃત્યપણું છે અથવા એ જ કરવા યોગ્ય છે-કર્તવ્ય છે.

કર્તવ્યને કર્યું તેને કૃતકૃત્ય કહેવામાં આવે છે. કૃત્ય એટલે કરવા યોગ્ય કર્તવ્ય, તે જેણે કર્યું તેને કૃતકૃત્ય કહે છે. જેણે પોતાના સ્વરૂપરૂપ, આત્મારૂપ પરિણામ કર્યા એ કૃતકૃત્ય થયો. એણે કરવાયોગ્ય બધું કરી લીધું. ગ્રહવા યોગ્ય એણે ગ્રહણ કર્યું અને છોડવા યોગ્ય એણે છોડી દીધું.

એને કૃતકૃત્ય કહ્યું. અનાત્મ પરિણામ છોડવા યોગ્ય છે અને આત્મપરિણામ થવા યોગ્ય છે, કરવા યોગ્ય છે એટલે એ જ કૃતકૃત્યપણું છે.

**'યોગીશ્વર પણ એટલું કરે છે.'** એ વાસ્તવિક આત્માના સ્વરૂપનું ધ્યાન કરનારા છે. યોગ એટલે ઉપયોગને સ્વરૂપમાં જોડવો તેનું નામ યોગ છે. એ ઉપયોગ એટલે જોડવું. ધાતુ યુજ છે. યુજ એટલે જોડવું. સ્વરૂપમાં ઉપયોગને જોડવો તે યોગ છે. જે સ્વરૂપમાં ઉપયોગને રાખીને જોડીને સ્થિર થઈને (રહ્યા) એવા યોગીશ્વર એણે શું કર્યું ? કે અનાત્મ પરિણામ એણે મટાડ્યા અને આત્મ પરિણામ એણે કર્યા. બસ ! યોગીશ્વર પણ એટલું કરે છે.

**'પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિ એના નિમિત્ત છે.'** એ બાહ્યક્રિયામાં પ્રાણાયામની ક્રિયા કરવામાં આવે છ, ધ્યાનની ક્રિયા કરવામાં આવે છે, શાસ્ત્રના વચનોની ધારણા કરવામાં આવે છે અને અંદરમાં સમાધિ લગાવવામાં આવે છે. આ અનેક પ્રકારે જે કાંઈ કરવું છે આ અનાત્મ પરિણામ મટાડી આત્મ પરિણામ કરવા માટે કરવું છે. તેથી એ બધા પૂર્વક્રિયા ગણીને એને નિમિત્ત કહેવામાં આવે છે. ક્યારે ? કે નૈમિત્તિક ભાવ કરે ત્યારે. નહિતર એને નિમિત્ત ગણવામાં આવતું નથી. પણ પૂર્વે જે જીવો આત્મસ્વરૂપમાં મગ્ન થાય છે તેને પ્રાણાયામ, ધ્યાન ધારણા, સમાધિ એવી બાહ્ય ક્રિયા હોય છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે.

અથવા ધર્મી જીવો પણ તેના નિમિત્તે સ્વરૂપમાં લીન થાય છે. આત્મ પરિણામને કરે છે. પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિ આદિ પરિણામપૂર્વક પોતાના આત્મપરિણામને કરે છે અને અનાત્મપરિણામને મટાડે છે, ત્યારે આ બધાને નિમિત્ત ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ મૂળ તો યોગના પ્રયોગ નીકળેલા છે એ દિવ્યધ્વનિમાંથી. આખું જે યોગનું પ્રકરણ છે, જૈનશાસ્ત્રોમાં એક 'શુભચંદ્રાચાર્ય'નું 'જ્ઞાનાર્ણવ'ને છોડીને એ પ્રકાર 'જ્ઞાનાર્ણવ'ની અંદર, એ ધ્યાનનો ગ્રંથ છે અને 'શુભચંદ્રાચાર્યે' ધ્યાનના પ્રયોગોને નિમિત્તભૂત ક્રિયાઓ મન-વચન-કાયાની કેવી છે ? એનું બહુ વિસ્તારથી એનો વર્ણન છે. એને મળતું વર્ણન વેદાંતની અંદર છે 'પાતંજલ યોગદર્શન' કરીને છે.

'પાતાંજલી' કરીને એમનામાં ઋષિ થઈ ગયા, મુનિ થયા. એમણે એ ધ્યાનના પ્રયોગો ઉપર એક ગ્રંથ લખ્યો. એમાં પણ યોગની બાહ્યક્રિયા મન-વચન-કાયાની કેવી હોય છે એનું વર્ણન વિસ્તારથી છે.

ફેર બંનેમાં એટલો છે કે 'શુભચંદ્રાચાર્ય' એ બધો વિસ્તાર કરી કરીને સરવાળો મારે છે કે આ બધા બાહ્ય નિમિત્તો છે તેનાથી કાર્યસિદ્ધિ થાય છે એમ ન માનવું. એ બધા નૈમિત્તિક ભાવને અનુકૂળ નિમિત્તો ગણવામાં આવ્યા છે. પણ નૈમિત્તિક ભાવ ન થાય એટલે સ્વરૂપમાં એકાગ્રતા ન થાય તો એ બધી ક્રિયા નિરર્થક છે, સાર્થક નથી. એ જાતનો સરવાળો જૈન દર્શનનો મૂળ સિદ્ધાંત છે એ નિમિત્ત-ઉપાદાનનો સિદ્ધાંત પોતે ચર્ચી લીધો છે. જ્યારે એ ચર્ચા અન્ય ગ્રંથોમાં જોવા મળતી નથી. એટલો ફેર છે. બાકી જે યોગના પ્રયોગો છે એ યોગવિદ્યા છે આખી.

જગતમાં જે અનેક પ્રકારની વિદ્યાઓ છે, અસંખ્ય પ્રકારની વિદ્યાઓ છે, એમાં યોગની પણ એક વિદ્યા છે. અને એ બધી વિદ્યાઓ ભગવાનના દિવ્યધ્વનિમાં ૐકારનાદમાં પ્રસિદ્ધ થઈ છે. જગતની તમામ વિદ્યાઓ. કોઈ ચીજ બાકી નથી રહી. આયુર્વેદથી તબીબી વિજ્ઞાનથી માંડીને બધું જ. એમાં કાંઈ કોઈ ચીજ બાકી રહેતી નથી. એટલે તો અહીંના શાસ્ત્રો બધા પરદેશ જઈને એમાં સંશોધન કર્યું ને આ લોકોએ.

મૂળ શાસ્ત્રો તો બધા અહીંથી લઈ ગયા છે અને એ લોકોએ ભાષાજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો. કેમ કે આ તો શોધખોળ એક એવી Seceret છે કે જેના ઉપર એ લોકોને કરોડો-અબજો કમાવાના હોય છે. અથવા આધિપત્ય મેળવવાનું હોય, શસ્ત્રો બનાવીને બીજાની ઉપર સત્તા મેળવવાની હોય તો એ તો બીજાની પાસે વંચાવે તો વાત ખુલ્લી થઈ જાય. ભાઈ ! આ જરા ઉકેલી દયો ને. અભણ જેમ કોઈ બીજાને ભણેલાને કહે કે આ જરાક કાગળ વાંચી દ્યો તો. તો ભણેલો બહુ હોંશિયાર હોય તો પોતે વાંચી લે અને ઓલાને ખોટું કહે. શું કહે ? જે છે એ પોતે વાંચી લે અને પેલાને (બીજું જ) સમજાવી દે. એવો વિશ્વાસ એ લોકો મૂકે નહિ. એ લોકો તો બિલકુલ વિશ્વાસ મૂકતા નથી.

ક્યા ગ્રંથો છે ? કેવા કેવા ગ્રંથો છે ? અને ક્યાં ક્યાં પડ્યા છે ? એની સુદ્ધા માહિતી આપતા નથી. એની માહિતી ન આપે કે અમારી પાસે કયા પુસ્તકો છે અને કયા ઠેકાણે છે. અને એની પ્રયોગશાળાઓ ક્યાં ક્યાં છે. એક જગ્યાએ બધું નથી રાખતા. બધું જુદી જુદી જગ્યાએ

વહેંચણી કરી નાખી છે. કિંમત છે ને, એને એની કિંમત છે.

ખાસ કરીને અત્યારે વેદાંતમાં અથવા હિંદુ સંપ્રદાયમાં યોગનો વિષય વધારે પ્રચલિત થયો છે. એમાં પ્રાણાયામનો વિષય તો બહુ સર્વસાધારણ છે. પ્રાણાયામનો વિષય (સર્વસાધારણ થયો છે). બીજા યોગના પ્રયોગો અઘરા છે. પ્રાણાયામનો વિષય તો સર્વસાધારણ છે. એમાં શ્વાસનું રોકવું, પવનનું રોકવું (ઇત્યાદિ કરવામાં આવે છે). 'શ્રીમદ્જી'એ કેટલીક વાત કરી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'શ્રીમદ્જી'એ પ્રાણાયામ સંબંધી કેટલીક વાત કરી છે. એમને ખ્યાલ હશે કદાચ. એમના પત્રોમાં આવે છે. તો એમાં 'પવનનું રોકવું' એમણે એવી સાદી ભાષા લીધી છે. પવનનું રોકવું એને ઘણા આત્માનું કાર્ય માને છે અને આત્માની સિદ્ધિ માને છે. એમાં શું છે કે બે નાસિકા છે એમાંથી એકને બંધ કરીને શ્વાસ લે એટલે હવે લે, પવનને ફેફસામાં અંદર ભરે. પછી બંધ કરી દે એને. એ પવનને બહાર ન નીકળવા દે અને એ પવનને ઘૂંટે અંદરમાં. એ વધુમાં વધુ જે પવનને રોકી શકે એવી એની અંદર પ્રક્રિયા Practice પડતાં... પડતાં... પડતા... થાય છે. એની Practice હોય છે. એકદમ એમાં આગળ (નથી વધાતું). પણ જેમ જેમ એની Practice થતી થાય છે તેમ તેમ એ પ્રાણાયામમાં પણ માણસને સાધના એટલે અમુક Control આવતો જાય છે અને એમાં પ્રાણાયામથી શ્વાસોશ્વાસના રોગ તો પહેલા મટે છે અથવા ન થાય એવા ફેફસા મજબુત થાય. બીજા પણ શરીર વિજ્ઞાનની અંદર ઘણા બીજા રોગો નહિ થવાનું એ મુખ્ય કારણ પ્રાણાયામ છે. બીજા પણ યોગના પ્રયોગો મુખ્ય કરીને શરીરની વિકૃતિઓ મટાડવામાં કારણ ગણવામાં આવ્યા છે પણ એને અને આત્માને અહીંયાં નિમિત્ત-નૈમિતિકપણું કેમ લીધું ? એટલો જો વિચાર કરીએ તો એ બધા મન, વચન, કાયાના એવા પ્રયોગો છે કે જેમાં તે તે ક્રિયામાં મનને એકાગ્ર રાખવું પડે છે.

એ ક્રિયાઓ સાધવા જતા અને એ ક્રિયાઓમાં સફળતા મેળવવા જતા એને (મનને એકાગ્ર કરવું પડે છે).... તે પરિણામનો નિરોધ કરવામાં આવે તો એને ધ્યાન કહે છે. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્. એ તે વિષયનું ધ્યાન છે. આત્મધ્યાન તો આત્મામાં એકાગ્ર થાય ત્યારે એને આત્મધ્યાન કહે. પણ કોઈ પણ વિષયમાં (એકાગ્ર થાય એટલે) તે તે

વિષયનું ધ્યાન થઈ ગયું. એકાગ્રચિંતા નિરોધો ધ્યાનમ્. ‘ઉમાસ્વામી’એ આ સૂત્ર ધ્યાનનું આપ્યું છે. તો એવી એક ધ્યાનની પ્રક્રિયા આપોઆપ થાય છે. અને મનની ચંચળતા ઘટી જાય છે. એકાગ્ર થાય એટલે બીજે બીજે પરિણામ ન લાગે એટલે પરિમામની ચંચળતા ઘટે. પરિણામની ચંચળતા ઘટે એટલે કષાયની મંદતા થાય. કષાય મંદ થાય એટલે શાતા ઊપજે, શાંતિ ઊપજે. કષાય મંદ થાય એટલે પુણ્ય પરિણામ થાય, પુણ્ય પરિણામ વિશેષ થતાં કોઈને લબ્ધિ આદિ પણ ઊપજે. આવા અનેક પ્રકારના ફાટા એમાંથી પાછા ફૂટે છે. એવા બધા પ્રકારો અન્યમતિને પણ ભજે છે. કેમ કે પછી એ પ્રયોગની અંદર કાંઈક એને શક્તિ આવે એટલે એ પ્રયોગ વિશેષ વિશેષ પણ કરી શકે છે. ઘણી કષાયની મંદતા કરે, અત્યંત કષાયની મંદતા કરે. એકદમ યોગ અને ઉપયોગને સ્થિર થાય એવી Practice વધી જાય, આત્મા સિવાય પણ, તો પણ એને લબ્ધિ આદિ ઊપજી શકે છે, થઈ શકે છે.

એમાં પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિ એ ઉપયોગની ચંચળતા ઘટાડનારા પ્રયોગો હોવાથી અને ઉપયોગની ચંચળતા ઘટ્યા પછી ઉપયોગને સ્વરૂપમાં સ્થિર કરવો અનુકુળ પડે છે. પૂર્વપર્યાયમાં જો ઉપયોગની અસ્થિરતા ઘટી હોય, ઓછી થઈ ગઈ હોય તો ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થવામાં એવા પ્રયોગ અનુકુળ પડે છે, એ ગણીને એને અહીંયાં નિમિત્ત કહેવામાં આવ્યા છે.

આપણે સ્વાધ્યાય કરીએ છીએ એ પહેલા સ્તુતિ બોલીએ છીએ. એ સ્તુતિ બોલવા પાછળ હેતુ છે. માણસ બહારથી આવે છે તો ઉપયોગ ચંચળ હોય છે. સ્વાધ્યાયમાં ઉપયોગની ચંચળતા પહેલેથી ઘટે એવી પૂર્વક્રિયામાં આવવું. ચંચળતા હોય તો આ વિષયની અંદર એટલું જ્ઞાન કામ કરતું નથી. એના અર્થે પહેલેથી જ તે યોજના કરવામાં આવી છે કે પરિણામ પહેલા જ કષાયની મંદતામાં આવે. એમ દરેક કાર્યોની અનેક પ્રકારે ગોઠવણી હોય છે.

‘**સ્વસ્વરૂપપરિણામમાં...**’ સ્વસ્વરૂપ. સ્વરૂપમાં સ્વ તો આવી જાય છે. છતાં સ્વરૂપ છે એમાં રૂઢિ અર્થ (થાય કે) સ્વરૂપ એટલે આત્મા. તો નિજ આત્મા. સ્વસ્વરૂપ એટલે નિજ આત્મા. ‘**સ્વસ્વરૂપપરિણામમાં અનંત સુખ થયું.**’ જ્યારે પોતાના નિજાત્મસ્વરૂપ પરિણામ થયા, આત્મારૂપ પરિણામ થયા, સ્વસ્વરૂપ પરિણામમાં અનંત સુખ થયું. ત્યાં

નિરાકુળ સુખ, આત્મિક સુખ ઘણું ઊપજે છે. અનંત સુખ થયું. અનંત દુઃખ હતુ એ ગયું એટલે અહીંયાં અનંત સુખ થયું. અનંત સુખ થયું એટલે કેવળજ્ઞાન થયું એ વાત નથી લેવી. પણ મિથ્યાત્વનું અનંત દુઃખ ગયું તો એની સામે અનંત સુખ થયું. એમ લેવું છે.

'**સ્વસ્વરૂપપરિણામમાં અનંત સુખ થયું. નિજપદનું આસ્તિક્ય થયું.**' પોતાની જે સત્તા છે એને શ્રદ્ધાએ ગ્રહણ કરી લીધી. પોતાના નિજ સ્વરૂપની આસ્થા થઈ. હું હું પરિણામ નિજ સ્વરૂપમાં થવા લાગ્યા. તેને... અહીંયાં લીધું ને આ બાજુ ? હું હું પરિણતિ. તે પરિણતિ વડે આત્મા પ્રગટે. હું હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા કરી. એ નિજપદનું આસ્તિક્ય થયું એટલે નિજ સ્વરૂપમાં હુંપણું થયું. હુંપણાનો વિકલ્પ નહિ પણ હુંપણાનો ભાવ થયો.

'**અનુપમપદમાં લીનતા થઈ.**' (પહેલી) સુખ અપેક્ષાએ વાત લીધી. પછી બીજી શ્રદ્ધાએ અપેક્ષાએ વાત લીધી. ત્રીજી હવે ચારિત્ર અપેક્ષાએ વાત લે છે કે અનુપમ પદમાં લીનતા થઈ. મહા આશ્ચર્યકારી વિસ્મયકારી પોતાનું સ્વરૂપ, એમાં લીનતા થઈ. એ વિષય 'પૂજ્ય બહેનશ્રી'ના બોલોમાં ૩૦૦ પછીના બોલોમાં બહુ લીધો છે. વિસ્મયકારી, આશ્ચકાર્યકારી સ્વરૂપ છે.

જગતમાં એમ કે તને અનેક પ્રસંગો જોતા વિસ્મય અને આશ્ચર્ય થાય છે પણ એ જગતના સર્વ (પ્રસંગોને) ભૂલાવી દે અથવા જગતના સર્વ આશ્ચર્યો જેની પાસે કાંઈ નથી, એવો મહાઆશ્ચર્યકારી પદાર્થ તું પોતે જ છો કે જેમાં સિદ્ધ પરમાત્માઓ ડૂબી ગયા, લીન થઈ ગયા. સાદિ અનંત કાળ બહાર નીકળતા નથી. એવો મહાઆશ્ચર્યાકારી પદાર્થ આત્મા પોતે છે. અંદરમાં એની રિદ્ધિ-સિદ્ધિનો કોઈ પાર નથી.'રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ દિસે સદા ઘટમાંહી' 'બનારસીદાસજી'એ ગાયું છે ને ? અધિપતિ હૈ. એવો સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈની પાસે કાંઈ માંગતો નથી. દુનિયામાંથી મારે કાંઈ જોઈતું નથી. 'અજાતિ લક્ષપતિ હૈ.' એનું જે લક્ષ નામ જ્ઞાન, જ્ઞાનનો .... ધણી થયો, એ અજાતિ લક્ષપતિ થઈ ગયો. જેમ લખપતિ કોઈની પાસે કાંઈ માગે નહિ.

પહેલા લાખ રૂપિયા એટલે ઘણું કહેવાતું. અત્યારે તો બધા અણસિયાની જેમ લાખ રૂપિયાવાળા ફૂટી નીકળ્યા છે પણે તેવું નહોતું પહેલા. પહેલા તો લખપતિ એટલે મોટો લખપતિ (કહેવાતો). લાખ

રૂપિયા તો બહુ મોટી વાત કહેવાતી. એટલે એ વખતમાં આ બધા પદ તો તે ૫૦-૧૦૦-૧૫૦-૨૦૦ વર્ષ પહેલા બનેલા છે ને ? ૧૦૦-૨૦૦ વર્ષ પહેલા લાખ રૂપિયા એટલે ? એક આનાની, બે પૈસાની, એક પૈસાની ઘણી ચીજો મળતી. બે પૈસા તો મોટા જબરા લાગે. આવડા મોટા બે પૈસા છે. તાંબાના મોટા બે પૈસા આવતા. એ તો બહુ મોટી વાત લાગે. એક આનો ભાંગે નહિ. રૂપિયા ભાંગવાનો તો સવાલ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પૈસાની કિંમત ઘણી હતી તે 'દિ. ચીજની કિંમત નહોતી. એ લક્ષપતિ. લાખોપતિ હોય એ તો મોટો શ્રીમંત ધનાઢ્ય માણસ કહેવાય. સમ્યગ્દષ્ટિ કેવો છે ? કે અજાતીય લક્ષપતિ. લખપતિ થઈ ગયો. હવે એ કોઈની પાસે કાંઈ માગે એ વાત રહેતી નથી. 'દાસ ભગવંત કો, ઉદાસ રહે જગત સો, સુખિયા સદૈવ એસે સમકિતી.' 'બનારસીદાસજી'નું આ પદ છે.

એ '**અનુપમપદમાં લીનતા થઈ.**' જેની ઉપમા ન આપી શકાય એવા ભગવાનપદમાં લીનતા થઈ. એક સ્વરસ થયો અને પરિણામમાં એકાકાર રસ થયો. જેવો આત્મા એવું એનું એકાકાર પરિણમન (થયું) એ સ્વરસ થયો. '**એક સ્વરસ થઈ ગયો. શુદ્ધોપયોગ થયો.**' બધા એક જ પરિણામના નામ છે. એક સ્વરસ થયો એ રસની મુખ્યતાથી કહ્યું, શુદ્ધોપયોગ થયો એ જ્ઞાનની મુખ્યતાથી કહ્યું. શુદ્ધોપયોગ થયો અને '**સહજપદનો અનુભવ થયો.**' અનુભૂતિની મુખ્યતાથી ત્યાં સહજપદનો, સહજાત્મપદનો અનુભવ થયો.

'**આત્મ પરિણામનો અપાર મહિમા છે.**' આવા આત્મ પરિણામનો, નિજ પરિણામનો, અનુભવરૂપ પરિણામનો અપાર મહિમા છે. એના મહિમાનો પાર નથી. જે પરિણામ નિજ ભગવાનના આશ્રયે થયા એ પરિણામનો કોઈ પાર નથી. આમ છે. એ પરિણામના મહિમાનો કોઈ પાર નથી. જે (પરિણામથી) પરમાત્મા થવાય છે.

'**પરમેશ્વર સ્વપરિણામ કર્યા વિના પરપરિણામથી ગોથા ખાય છે.**' આ જગતમાં આ ભગવાનઆત્મા અવતારમાં ગોથાં ખાય છે. મૂળ તો પરમેશ્વર છે ને ? તો કહે છે, પરમેશ્વર પણ... એમ. 'શ્રીમદ્જી'ની જેવું લખાણ છે કે ભગવાન તારા અપલક્ષણના પાર નથી. એટલે શું ? કે તું છો ભગવાનઆત્મા, પણ જે અનેક પ્રકારના વિભાવિક પરિણામ થાય

છે તે બધા વિરુદ્ધ પરિણામ છે, એના પણ તારામાં પાર નથી. અહીંયાં કહે છે કે '**પરમેશ્વર સ્વપરિણામને કર્યા વિના...**' આવા નિજ પરિણામને કર્યા વિના પરમેશ્વર નામ આત્મા પોતે, પરપરિણામ કરી કરીને ચોરાશી લાખ યોનીમાં જન્મ-મરણના ગોથા ખાય છે.

પરમેશ્વર પણ સ્વપરિણામને કર્યા વિના અને નિજ પરિણામ કર્યાથી ગોથા ખાય છે. પરિભ્રમણ કરે છે. '**પોતાના પરિણામ સ્વરૂપાનંદી થયે પરમેશ્વર કહેવાય.**' પોતાના પરિણામ સ્વરૂપમાં આનંદિત થયે, પોતાના પરિણામ સ્વરૂપમાં આનંદરૂપ થયે, સ્વરૂપમાં જ્યાં પોતે આવી ગયો ત્યારે પોતે પરમેશ્વર કહેવાયો. એ જ આત્મા પરમેશ્વર કહેવાયો. જે સંસારમાં પરિભ્રમણ કરતો હતો તે જ આત્મા જ્યારે સ્વરૂપના આનંદમાં લીન થયો એને પરમાત્મા કહેવામાં આવે છે.

આ જ્ઞાનીને પરમાત્મા કહીએ છીએ ને ? આ તો જ્ઞાની છે એમ નથી કહેતા. જ્ઞાની પરમાત્મા છે એમ કહેવામાં આવે છે. કેમ કે એ પરમાત્મસ્વરૂપના અવલોકનમાત્રથી પોતે પરમાત્મા છે, સાક્ષાત્ પરમાત્મા છે એવો અનુભવ કરે છે. તો એ પરમાત્મા થયા ત્યાં. પોતે પરમાત્મા છે એવો જે અપરોક્ષ અનુભવ, પ્રત્યક્ષ અનુભવ, પરમાત્મારૂપ અનુભવ. ભાવ તો એમાં હું પરમાત્મું છું એ જ છે. તેથી એ પરમાત્મા થયા એમ કહેવામાં આવે છે. '**પોતાના પરિણામ સ્વરૂપાનંદી થયે પરમેશ્વર કહેવાયો. આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે.**' જોયું ? આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે. સંપ્રદાયમાં આત્મજ્ઞાનની વાત રહી નથી. બાકી ક્રિયાકાંડ ને રાગ ને અનેક પ્રકારની ધમાલ, એને (ધર્મ માનવા) લાગ્યા. પણ આત્મજ્ઞાન શું ? તો કહે, એ બધી ઊંચી ઊંચી વાતો એમાં આપણને કાંઈ ખબર પડે નહિ.

મુમુક્ષુ :- ... ઊંચી વાત છે એમ કહે ત્યાં સુધી વાંધો નહીં, પણ અન્યમતની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણામાં નથી એમ કહે. ઠીક. મૂળ વાત જ અહીંથી આવી.

મુમુક્ષુ :- અનુભૂતિ જેવું આપણામાં કાંઈ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભૂતિ જેવું કાંઈ છે જ નહિ ? એમના શિષ્યો જ રહ્યા છે. નથી, એ બધું આખુ પ્રકરણ ભૂસાઈ ગયું. મૂળ તો શું છે કે એ લોકોએ જે શાસ્ત્રો રચ્યાં એ અનુભૂતિ વિહિન થયા પછી તો લખ્યા.

એમાં શું છે કે કાળ હીણો છે એટલે બીજો સંપ્રદાય સ્થાપ્યો. નહિતર ભગવાન 'ઋષભદેવસ્વામી'ના વખતમાં જ્યારે ભગવાને પોતે દીક્ષા લીધી ત્યારે ચાર હજાર રાજાઓએ દીક્ષા લીધી હતી. પણ ભગવાન તો સમ્યગ્દર્શન લઈને આવ્યા હતા અને પોતે હજી ઉપદેશ નહોતો શરૂ કર્યો ત્યાં સુધી દેશનાલબ્ધિથી બીજા કોઈને (સમ્યગ્દર્શન થાય) એ પ્રકાર નહોતો ઊપજ્યો. એટલે મિથ્યાત્વ અવસ્થામાં જ્યારે તીર્થંકર દીક્ષા લે ત્યારે બીજા પણ ઘણા વૈરાગ્ય પામીને મહાપુરુષની સાથે સાથે બીજાઓ પણ દીક્ષા અંગીકાર કરે. આ એક મહાપુરુષ સાથે આ પ્રકાર જ હોય છે. પુણ્યપ્રભાવ એવો હોય છે કે એને ઘણા અનુસરે. ત્યારે જ એ મહાપુરુષ કહેવાય ને ? યુગપુરુષ મહાપુરુષ કહે છે. ઘણા એને અનુસરે. તો જ્યારે 'ઋષભદેવ' ભગવાને દીક્ષા અંગીકાર કરી ત્યારે એની સાથે ચાર હજાર રાજાઓએ દીક્ષા લીધી.

હવે આવી નગ્ન દિગંબર દીક્ષાના જે આચારો છે એ પાળવા એ કાંઈ સહેલા નથી. એટલે ઘણાએ પછી દીક્ષા છોડી દીધી. જ્ઞાન તો થયું નહોતું. એટલે એ લોકોએ દીક્ષા છોડી દીધી. કોઈ અન્યમતી થઈ ગયા, કોઈ ગૃહસ્થી થઈ ગયા. એમ ફરી ગયું. પણ કોઈએ મત ન ફેરવ્યો. પોતે આચરણ ન પાળી શક્યા માટે આમ નહિ ને આમ હોય તોપણ વાંધો નથી અને એમ કરો તો પણ એમાં આત્માનું સાધન થાય અને ધર્મ થાય, એ વાત કોઈએ ન ચલાવી.

અહીંયાં ત્યાર પછી અત્યાર અને આ કાળની અંદર આ દિગંબર સંપ્રદાય ... ત્યાં સુધી તો કોઈ શ્વેતાંબર સંપ્રદાય જાહેરપણે નહોતો. આ ભગવાન 'મહાવીરસ્વામી' પછી ૫૦૦ વર્ષ... અંતિમ તીર્થંકર પછી. ૨૩ તીર્થંકર સુધી એ વાત નથી. ૨૪ તીર્થંકરના સદ્ભાવમાં પણ એ વાત નથી. પણ એ બધું પૂરું થઈ ગયું. ધર્મકાળ પૂરો થયો લગભગ. ચોવીસ તીર્થંકરો(નો કાળ) પૂરો થયો એટલે આ ક્ષેત્રની અંદર ધર્મકાળ નહિવત રહ્યો. લગભગ ધર્મકાળ પૂરો થયો. ત્યારપછી અધર્મકાળની અંદર ધર્મ ન થાય એવી (રીતે) પણ ધર્મ થાય, એ પ્રકારના પણ પુણ્ય લઈને જીવોએ (સંપ્રદાય ચલાવ્યા). પુણ્ય વગર તો કોઈ સંપ્રદાય ચાલે નહિ. પછી રજનીશનો ચલાવવો હોય કે ગમે એનો ચલાવો, એ જાતના પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી ચાલે. એટલે એ પણ ચાલવા માંડ્યું કે વાંધો નહિ. પરિગ્રહ રાખો તો પણ ધર્મ થાય. પરિગ્રહ રાખો તો પણ સાધુપણું

ગણાય. બીજી રીતે સાધુપણું ગણાય... (એમ) અનેક રીતે ધર્મ સાધી શકાય. એ બધા પ્રકાર ચાલવા માંડ્યા.

એટલે તો 'ગુરુદેવ' અફસોસ કરતાં ને ઘણીવાર કે તીર્થંકરો રહ્યા નહિ, તીર્થંકરોનો વિયોગ થયો, કેવળજ્ઞાનીનો પણ વિયોગ થયો એટલે અધર્મોનું પણ જોર જોવામાં, દેખવામાં આવે છે કે નહિ, આમ ધર્મ થાય. વાદવિવાદ થયા. સત્યને દબાવવાના પ્રયત્નો થવા લાગ્યા. અફસોસ (વ્યક્ત કરતા). ઘણી વાર વ્યાખ્યાનમાં એ વિષય આવી જતો. જુઓ, અત્યારે કોઈ કેવળી નથી. ધણી વગરના ઢોર જેવી શાસનની સ્થિતિ છે. કોઈ હાંકનારો નથી, કોઈ પડકારનારો નથી. પડકારનાર કોઈ નથી. ઊભો રહે એમ ન હોય. એમ પડકારનાર નથી કોઈ. કેવળજ્ઞાની હોય એ જુદી વાત છે. એમ કહે છે.

મુમુક્ષુ :- કોઈ જીવનું ઉપાદાન તૈયાર થવું એ...

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી.

પૂજ્ય ભાઈશ્રી :- 'કૃપાળુદેવ'માં આવે કે એક વખત વેદના આવે પછી સમકિત પામે. વેદના આવ્યા પહેલા કોઈ રીતે ઉપાદાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપાદાન તૈયાર થયું હોય પણ સાંભળે ત્યારે પ્રગટ થાય. સાંભળે ત્યારે પ્રગટ થાય. ઉપાદાન એટલે એને આ બધાનો અણગમો ને અરુચિ ને એ બધું થઈ ગયું હોય. નાસ્તિનું પડખું તૈયાર થઈ ગયું. અસ્તિ હજી બાકી હોય, અસ્તિ પ્રગટ ન થઈ હોય. નાસ્તિથી બધું તૈયાર થઈ ગયું હોય. આ કાંઈ સંસાર ન જોઈએ, રાગ ન જોઈએ. આ ન જોઈએ. બસ ! મારે એક આત્મા જોઈએ. પણ અનુભૂતિ તો એ વચન મળે છે યોગ... થાય છે ને એને સ્વરૂપ પ્રગટપણે ભાસે છે. ત્યાં સુધી એ અંતર્મુખ થઈને એને પ્રગટ અનુભવ નથી થતો. અંતર્મુખ થવાનું ત્યારે બને છે. આમ અંતર્મુખ થવાય, એ વાત એને સૂઝે છે અને સમજવા મળે છે એ સમજણનો પ્રયોગ એ આદરે છે. ત્યાં સુધી એ વિષય એને સમજવા મળતો નથી. આમાં જે સમસ્યા છે-Problem છે એ તો એ છે ને કે અંતર્મુખ કેમ થવું ? અંતર્મુખ થવું એ બરાબર છે પણ કેમ થવું પોતે ? આ બહુ મોટી સમસ્યા છે. બહુ સૂક્ષ્મ વિષય છે.

મુમુક્ષુ :- પ્રતિમાજીના દર્શન થતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પામે. પ્રતિમાજીના દર્શન કરતાં કરતાં પામે.

મુમુક્ષુ :- પ્રતિમાજીના નિમિત્તથી પામે અને કોઈ સાક્ષાત હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિમાજીના નિમિત્તથી કોણ પામે ? કોઈ સંસ્કારી હોય અને એવી રીતે હોય તો પામે. પ્રતિમાજીના નિમિત્તથી પામે એ સંસ્કારી હોય-પૂર્વ સંસ્કાર લઈને આવ્યા હોય તો પામે. એમ સીધું ન પામે. અંદરમાં પૂર્વસંસ્કાર હોય તો પામે. એટલે એને દેશનાલબ્ધિ છે. દેશનાલબ્ધિવાળો (છે). પૂર્વસંસ્કારી જીવનો અર્થ એ કે પૂર્વભવમાં એ દેશનાલબ્ધિ પહેલા લઈ લીધી છે. કોઈ જ્ઞાનીના, મુનિના, કેવળીના સમાગમમાં એને દેશનાલબ્ધિ મળી ગઈ છે. એમ છે.

મુમુક્ષુ :- એમાં જે જીવ આવ્યો હોય. સંસ્કાર...

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કાર લઈને આવ્યો હોય તો પામે એમાં ક્યાં સવાલ છે ? પણ કોણ પામે ? કે એ તદ્રૂપ પુરુષાર્થ ત્યાં જે ઉપાડે તે પામે. જેનો તદ્રૂપ પુરુષાર્થ ઉપડે એ પામે. જ્યારે પુરુષાર્થમાં જાગૃતિ આવે ત્યારે એને સંસ્કારને નિમિત્ત કહેવામાં આવે છે. સંસ્કાર તો બધી ક્ષણમાં છે. જ્યારથી સંસ્કાર પડ્યો ત્યારથીનો પ્રત્યેક સમય પૂર્વ સંસ્કારયુક્ત છે. ક્યારે પૂર્વસંસ્કાર યુક્ત સફળ થયો ? કે જ્યારે એને પુરુષાર્થ શરૂ થઈ ગયો ત્યારે એને પૂર્વસંસ્કાર અને પુરુષાર્થનો મેળ ગણીને ત્યાં કાર્ય થયું, એમ કહેવામાં આવે છે.

**'આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે. પરિણમનથી અવિનાશી પદનો અપૂર્વ લાભ થયો.'** અપૂર્વપદ છે, અવિનાશીપદ છે, શાશ્વતપદ છે તેનું આત્મજ્ઞાનરૂપ જે પરિણમન થયું, સમ્યગ્દર્શન થયું, મોક્ષમાર્ગનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન થયું, એ ધર્મરૂપ પરિણમનથી અવિનાશીપદનો અપૂર્વ લાભ થયો. પહેલા ક્યારેય નહોતો થયો એવો લાભ થયો.

**'તે પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે તે કહેવામાં આવે છે.'** તે પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે ? કઈ વિધિએ લાગે ? એની રીત શું છે ? તે કહેવામાં આવે છે. આ ગ્રંથની કોઈ વિશિષ્ટતા હોય તો એ છે કે વારંવાર એમણે રીતનો વિષય, વિધિનો વિષય વારંવાર ફેરવી ફેરવીને લીધો છે. જે વિષય અત્યંત સૂક્ષ્મ છે.

**'પરથી પરાઙ્ગમુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.'** શું કહે છે ? જે અવલોકવાની પદ્ધતિ છે એ અનુભવની પદ્ધતિ છે. અવલોકન પદ્ધતિ તે અનુભવ પદ્ધતિ છે. વિચારપદ્ધતિ તે અનુભવપદ્ધતિ નથી. વિચાર અનુભવથી દૂર રહે છે અને અવલોકનથી

અનુભવની નજીક જવાય છે. આમ બે વચ્ચેનો આટલો તફાવત છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તત્ત્વવિચાર અવશ્ય થાય છે પણ જીવ એકલો વિચારમાં રોકાય અને અવલોકનમાં ન આવે તો એ અનુભવ સુધી ન પહોંચે. અહીંયાં તો અનુભવપ્રધાન ગ્રંથ છે ને ? એટલે એ વિષય અનેકવાર એમણે લીધો છે

સમજવા યોગ્ય એ છે એ અવલોકન છે એ શું છે ? કે પોતાના સ્વભાવને અવલોકે છે. તો પોતાનો સ્વભાવ કેવો છે ? કે અનુભૂતિ સ્વરૂપ જ છે. સ્વભાવ કેવો છે ? આત્મા સ્વભાવે કેવો છે ? પોતે જ અનુભૂતિસ્વરૂપ છે. અનુભૂતિસ્વરૂપ જે સ્વભાવ છે એના ઉપર એનો ખ્યાલ નહોતો, લક્ષ નહોતું, અવલોકના નહોતી, એનો ઉપયોગ નહોતો. લક્ષ બીજે હતું તો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવાઈ રહ્યો હોવા છતાં અનુભવાતો નહોતો. ૧૭-૧૮ ગાથા લીધી ને ? આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે, એમ કહ્યું. તો ત્યાં કાંઈ સ્વસંવેદનરૂપ અનુભવ નથી. અનુભવ કઈ જાતનો ? અનુભૂતિ સ્વરૂપ છે અને અનુભવાઈ રહ્યો છે તો અનુભવ તો સામાન્ય રીતે સ્વસંવેદન અનુભવ થાય એને અનુભવ કહીએ છીએ. તો કહે છે, અહીંયાં એ વાત નથી.

અહીંયાં તો હું... હું... હું... હું... હું... હું પણું જે છે, એ હુંપણું તો એને થઈ જ રહ્યું છે. હુંપણાનો અનુભવ તો રાગમાં અને પરમાં તો કરી જ રહ્યો છે. હું તો સામાન્ય છે ને એની અંદર. એ હું હુંપણું છે એ પોતાનો જે અનુભૂતિસ્વરૂપ સ્વભાવ છે, એને અવલોકનમાં એટલે જ્યાં અનુભવ થઈ રહ્યો છે એની ઉપર લક્ષને લઈ જાય, ત્યારે એને અનુભવમાં હું જ છું અને મારા સિવાય મારામાં કોઈ અન્ય દ્રવ્ય-ભાવનો અભાવ હોવાથી અનુભવ તો થવાનો પ્રશ્ન જ રહેતો નથી. મારા અનુભવમાં મારા સિવાય કોઈ અન્ય દ્રવ્ય-ભાવ નથી. અભાવ છે એનો સદંતર અભાવ છે. તો પછી મારામાં અન્યનો અનુભવ કેમ થાય ? તો અનુભવને તપાસે. અવલોકનથી અનુભવને તપાસે તો એને પોતાનો અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા છે એમ એને બરાબર જ્ઞાનમાં પહેલા સમજાય છે અને પછી એને ... રૂપ હોવાથી એનો અનુભવ પણ એને આવે છે.

કેવી રીતે ? પહેલી આ શરત મૂકી કે '**પરથી પરાઙ્ગમુખ થઈ...**'

જે લક્ષ એણે પર ઉપર રાખ્યું છે તેનાથી તેને પરાઙ્ગમુખ થવું પડશે. પરાઙ્ગમુખ થવું એટલે બિલકુલ ઊલટું થઈ જવું. આખી ... કરી નાખવી એને પરાઙ્ગમુખ કહે છે. એકદમ ઊલટું થઈ જવું. '**પરથી પરાઙ્ગમુખ થઈને વારંવાર સ્વપદને અવલોક...**' વિચારની અંદર એટલા માટે સ્વાધ્યાયમાં એ વાત આવે છે કે પર છે એનાથી તું ભિન્ન છો. પરપદાર્થથી સુખ નથી, પરપદાર્થમાં તારું અસ્તિત્વ નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવે પરપદાર્થ એટલો બધો તારાથી દૂર છે કે એમાં અનંતો અભાવ છે અને એ પરપદાર્થની કોઈ કિંમત નથી. આ બધું કહેવાની પાછળ, વિચારવાની પાછળ તેનાથી પરાઙ્ગમુખ કરાવવાનો હેતુ રહેલો છે. એ પરાઙ્મુખ અહીંથી લઈશું.

પૂર્ણતાનું લક્ષ થયા પછી, મોક્ષાર્થીજીવ નિજાવલોકનમાં આવે છે, ત્યારે પ્રથમ તો પોતાના દોષને અપક્ષપાતપણે જોવે છે. આ પ્રકારના અભ્યાસથી અવલોકન સૂક્ષ્મ થતું જાય છે; ત્યારે પોતાના કાર્યક્ષેત્રની મર્યાદાનો અનુભવ સમજાય છે, તે એવી રીતે કે, હું માત્ર ભાવરૂપી કાર્ય કરું છું, મારું કાર્યક્ષેત્ર અહીં સમાપ્ત થાય છે. પર પદાર્થના કાર્ય કરવાનો ઉદય ભાવ થાય છે. પરંતુ મારી પહોંચ તે પરમાં નથી. તેથી પરનું કાર્ય કરવું અશક્ય દેખાય છે, તેથી તે ઉદય ભાવનું જોર તૂટી જાય છે. આ પ્રકારના અભ્યાસથી પરની કર્તાબુદ્ધિ, ભોક્તાબુદ્ધિ મોળી પડતી જાય છે, દેહના કાર્યોમાં પણ એવો જ અનુભવ થતો દેખાવાથી દેહાત્મબુદ્ધિ પણ મંદ પડતી જાય છે, સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ પણ મોળી પડવાથી, દર્શનમોહનો અનુભાગ સારા પ્રમાણમાં ઘટતો જાય છે એકત્વ પાતળું પડતું જાય છે. (અનુભવસંજીવની - ૧૫૬૩)

**તા. ૨૫-૧૦-૧૯૮૫, પાના નં.૧૫, પ્રવચન નં. ૪૫**

(પરિણામ) મૂળ સ્વરૂપમાં કેવી રીતે લાગે તે કહેવામાં આવે છે. **'પરથી પરાઙ્ગમુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.'** પર પદાર્થને અવલોકે છે ત્યારે પરિણામની દિશા પરસન્મુખ રહે છે. પરસન્મુખ દિશા અને સ્વસન્મુખ દિશા બંને એકસાથે પરિણામમાં થઈ શકે નહિ.

પરમાં હુંપણું અને પરમાં મમત્વને લઈને જીવને પરપદાર્થની સાવધાની છે. તેથી પરપદાર્થ તરફના પરિણામ, જેને અહીંયાં પરાઙ્ગમુખ પરિણામ કહ્યા છે, એવા પરિણામ મટી શકતા નથી. એ પરિણામ એમ ને એમ રહે અને સ્વપદનો અનુભવ થાય, એવું બનતું નથી. જો એ પરિણામ પરાઙ્ગમુખ થાય-પરથી ઊલટે, પરાઙ્ગમુખ થવું એટલે ફરી જવું-ઉલટી જવું, પર તરફ થતાં પરિણામ તદ્દન ફરી જઈને વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે.

આમ તો સ્વપદનું અવલોકન છે એ નિરંતર અને સતત રહેવા યોગ્ય છે, કરવા યોગ્ય છે, થવા યોગ્ય છે. પણ અહીંયાં જીવ સતતપણે પરપદાર્થને આશ્રયે પરસન્મુખ થઈને પરિણમી રહ્યો છે, ત્યારે એમાં જે ફેરફાર છે એ શરૂઆતમાં ટૂકડે ટૂકડે વારંવાર, અનેક વાર એ રીતે શરૂઆત કરે છે. પ્રયોગ શરૂ કરે ત્યારે સતતપણું, નિરંતરપણું એમ જળવાતું નથી, પણ વારંવાર પરિણામ કરવાનું થાય છે.

**'પરથી પરાઙ્ગમુખ થઈને...'** એટલે પરને ગૌણ કરીને. જીવ પરથી પરાઙ્ગમુખ ક્યારે થઈ શકે ? કે પરપદાર્થને ગૌણ કરે ત્યારે. પરપદાર્થની ગૌણતા ક્યારે થઈ શકે ? કે જ્યારે એની મહત્તા, એની સમજણમાંથી એની મહિમા અને એની મહત્તા ચાલી જાય ત્યારે, એની કિંમત ચાલી જાય ત્યારે. એનું મહત્ત્વ ઘટી જાય તો જ એ ગૌણ થઈ

શકે અને તો જ પરિણામ એ સ્થાન છોડી શકે. નહિતર પરનું સ્થાન પરિણામ છોડતા નથી.

એ પ્રકારે-યથાર્થ પ્રકારે પરથી પરાઙ્ગમુખ થઈ. પરની ભિન્નતા જાણીને, પરની ભિન્નતા હોવાથી તે પદાર્થ ગમે તેવો હોય તો તેનામાં છે, તેની મહત્તા આ જીવને કોઈ કામની નથી. એને મોટાઈ આપવી આ જીવને કોઈ કામમાં આવે એવી ચીજ નથી. તેથી તેનાથી જુદાપણું જાણે તો જ વાસ્તવિકપણે અને જુદાપણું જાણે એ વસ્તુનું સ્વરૂપ છે એટલે વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર એની ગૌણતા થાય. આમ તો ગૌણતા ઘણા કરે છે, વગર સમજે ત્યાગ કરે છે. શ્રીમંત માણસ હોય દીક્ષા લે તો એણે લક્ષ્મીની ગૌણતા કરી કે ન કરી ? લક્ષ્મીની મહત્તા એણે તોડી કે ન તોડી ? ઘટાડી કે ન ઘટાડી ? આ સવાલ છે. કે એણે શેના આધારે એ કરી છે એના ઉપર ત્યાગની કિંમત છે. એને પોતાના સ્વરૂપની ઓળખાણપૂર્વક સ્વરૂપની મહિમા આવીને. એ સ્વરૂપ મહિમાના ફળમાં સ્વરૂપનો અનુભવ કરીને ગૌણતા આવી છે ? કે એ પડખું બિલકુલ નથી એમ ને એમ કોઈને કોઈ પ્રકારના શુભરાગના આધારે એટલે રાગના આધારે આવી છે ?

રાગના આધારે તો અનંત વાર એ પ્રકારે પરપદાર્થની ગૌણતા થઈ છે. પણ છતાં પરિણામ પરાઙ્ગમુખ થતાં નથી. ત્યાં નિમિત્ત છૂટે છે તો પણ એક નિમિત્ત છૂટે છે અને બીજું નિમિત્ત પરિણામને મળી જાય છે. ત્યાં શું થાય છે ? કે કોઈએ કેટલાક પદાર્થોનો ત્યાગ થાય છે તો બીજા કેટલાક પદાર્થો જ્યાં સુધી પોતાનું પરમાત્મપદ લક્ષમાં ન આવે ત્યાં સુધી પરિણામમાં પરથી પરાઙ્ગમુખપણું થતું નથી.

એટલે અહીંયાં ત્યાગનો વિષય ન લીધો કે તમે પરપદાર્થનો ત્યાગ કરો તો તમે આત્મામાં આવો, એમ ન લીધું. પણ પરથી પરિણામને પરાઙ્ગમુખ થવું જોઈએ. તો અમુક પદાર્થોથી એ છૂટે અથવા અશુભના નિમિત્ત છે એવા જે સંસારના ભોગઉપભોગના પદાર્થોનો બાહ્ય ત્યાગ થતાં તેને આશ્રિત થતાં પરિણામો છૂટે અને શુભાયતનમાં પરિણામ લાગે તો એ પરિણામ પરથી પરાઙ્ગમુખ ન થયા પણ પરમાં ને પરમાં રહ્યા. ખાલી નિમિત્ત બદલાણા. એક દુકાન બંધ કરી અને બીજી દુકાન ચાલુ કરી. થાય છે ને ?

જે જ્ઞાનનો વ્યાપાર છે એને ઉપયોગ કહે છે. શાસ્ત્ર પરિભાષામાં એને ઉપયોગ કહે છે. ખરેખર એ જ્ઞાનનો વ્યાપાર છે. હવે ... પદાર્થ સાથે છે. એના ઉપર એનો આધાર છે. તો કહે છે કે જિનમાર્ગને વિષે તો પહેલા વસ્તુના સ્વરૂપનું જ્ઞાન કરે, સમજણ કરે અને પોતાથી પર પદાર્થની ભિન્નતા જાણે તો પર પદાર્થથી પરિણામ પરાઙ્ગમુખ થઈને સ્વપદમાં લાગે. નહિતર સ્વપદમાં પરિણામ લાગી શકે નહિ.

એમ શરૂઆતમાં તો વારંવાર, અનેક વાર નિજ સત્તાને અવલોકવાના ભાવ કરે. આ હું છું એમ ... (પોતાને) હુંપણે અવલોકવાનું એનું નામ ગ્રહણ કીધું છે. હુંપણે અવલોકન કરવું એનું નામ ગ્રહણ. એવા '**અવલોકવાના ભાવ કરે...**' એટલે એવો પુરુષાર્થ કરે. એને અંતર્મુખ થવાનો પુરુષાર્થ કહ્યો છે. નિજ સત્તાને હુંપણે જે ભાવમાં ગ્રહણ કરવાનો પ્રયાસ થવો, તે ભાવને અંતર્મુખ થવાનો પુરુષાર્થ કહેવામાં આવે છે. એવો પુરુષાર્થ વારંવાર શરૂઆતમાં જીવ કરે અને જ્યાં પરિણામ એકાકાર થાય-એકાગ્ર થાય પછી વારંવાર કરવાનો પ્રશ્ન ન રહે, એકાગ્ર થઈ જાય પરિણામ.

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર ચેતનાનો પ્રકાશ યથાયોગ્ય કરી કરીને સ્વરૂપપરિણતિ કરે.**' દર્શનમાં, શ્રદ્ધાનમાં, જ્ઞાનમાં, આચરણમાં બધા મુખ્ય ગુણોમાં. ત્યાં પોતાનું શ્રદ્ધાન એમાં હુંપણે પોતાને શ્રદ્ધે. જ્ઞાનમાં સ્વસંવેદનથી પોતાને વેદે, જાણે, અનુભવે અને આચરણથી પરિણામને મગ્ન કરે, એકાગ્ર કરે. એને યથાયોગ્ય-યોગ્યસ્થાનરૂપ, પરિણામને યોગ્યસ્થાનરૂપ કર્યા. પોતાના પરિણામને પોતામાં લગાવ્યા એણે પરિણામને યોગ્ય સ્થાનરૂપ કર્યા. પોતાના પરિણામ પોતાને છોડીને બીજા અન્ય દ્રવ્યમાં, અન્ય ભાવમાં લગાવ્યા, એણે પરિણામને અયોગ્ય સ્થાનરૂપ કર્યા. એ એનું યોગ્ય સ્થાન નથી પણ અયોગ્ય સ્થાન છે.

અયોગ્ય સ્થાને પરિણામ જતાં પરિણામને અશુદ્ધિ ઉત્પન્ન થાય છે. ચેતના પરિણામમાં અશુદ્ધ ચેતના થાય છે અને એ અશુદ્ધ ચેતનામાં અવિનાભાવીપણે દુઃખની ઉત્પત્તિ, મલિનતાની ઉત્પત્તિ, દુઃખની ઉત્પત્તિ અવશ્ય થાય, થાય ને થાય જ. અહીંથી દુઃખનું મૂળ શરૂ થાય છે. અહીંયાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ચેતનાને એટલે મુખ્ય ગુણો

છે. '**ચેતનાનો પ્રકાશ**' એટલે પ્રગટ પરિણમન, '**યથાયોગ્ય**' એટલે '**(યથા સ્થાનરૂપ) કરી કરીને સ્વરૂપપરિણતિ કરે.**' એક પરિણતિ ઊભી થઈ જાય.

મોક્ષમાર્ગમાં શરૂઆતની દશામાં એટલે ચોથે અને પાંચમે ગુણસ્થાને દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ, ઉપયોગ છે દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતાવાળો એ ક્વચિત ક્વચિત થાય છે અને ત્યાં પરિણતિ નિરંતર રહે છે. વારંવાર ઉપયોગ થઈને, યથાસ્થાનરૂપ કરી કરીને એટલે ઉપયોગે વારંવાર ઉપયોગથી પરિણમીને સ્વરૂપ પરિણતીને કરે. સ્વરૂપની પરિણતિ જે ચાલે છે. ઉપયોગ ભલે બહાર જાય તો પણ અંદરમાં પરિણતિ ચાલે છે એવી પરિણતિને કરે. પરિણતિ ઊભી થઈ તે મોક્ષમાર્ગ છે. એ પરિણતિના નિમિત્તે નિર્જરા છે અને એ પરિણતિ સ્વયં આંશિક મોક્ષસ્વરૂપે છે. એ અંશે મોક્ષ છે. સ્વયં પોતે તો સંવર નિર્જરારૂપ છે. એના નિમિત્તે સંવર અને નિર્જરા દ્રવ્યકર્મમાં પણ થાય છે અને એના નિમિત્તે કર્મનો અભાવ પણ દ્રવ્યકર્મમાં થાય છે. તેથી તે પોતે જ સંવર, નિર્જરા અને મોક્ષસ્વરૂપે છે. એવી સ્વરૂપ પરિણતિ કરે.

જેની સ્વરૂપપરિણતિ એ રીતે વધુ બળવાન થઈ તેને શુદ્ધોપયોગ એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રનો શુદ્ધોપયોગ છે એ વારંવાર એટલે ઓછા અંતરાળમાં થાય છે. એક શુદ્ધોપયોગ થવો અને ત્યારપછી બીજો શુદ્ધોપયોગ થવો, એ બે વચ્ચેનો જે કાળ છે, એ કાળ એક જ ગુણસ્થાનમાં જુદા જુદા જીવોને જુદો જુદો છે.

અનેક જીવ ચોથા ગુણસ્થાને હોય તો બધાને એકસરખા અંતરાળે શુદ્ધોપયોગ થતો નથી. અનેક જીવ પંચમ ગુણસ્થાને હોય તોપણ એને એકસરખો શુદ્ધોપયોગ સરખા કાળે થતો નથી. અરે ! એક પ્રતિમામાં હોય તો પણ. એમાં પંચમ ગુણસ્થાનના અગિયાર ભેદ લીધા છે. એને અગિયાર પડિમા કહી છે. એ સ્વરૂપસ્થિરતાના પગથિયા છે. જેમ જેમ સ્વરૂપ સ્થિરતા વધતી જાય છે, તેમ ઉપર ઉપરની પ્રતિમાં એનો બહારમાં જે આંશિક સંયમ છે એ વધતો જાય છે. અંદરમાં સ્વરૂપ સ્થિરતા વધતી જાય છે. તો પણ એક પ્રતિમાધારી દસમા પ્રતિમાના ક્ષુલ્લક હોય, અગિયારમા પ્રતિમાના એલ્લક હોય, તો બેયને એકસરખા અંતરાળે શુદ્ધોપયોગ ન થતો હોય.

કોને આંતરો ઘટે છે ? કે જેની પરિણતિ વધારે બળવાન છે, તગડી પરિણતિ છે, એનો શુદ્ધોપયોગ વારંવાર થાય છે. ત્યારપછી મુનિદશામાં નિયમ એકસરખો છે. મુનિદશામાં છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન ક્ષણે ક્ષણે આવે છે. કોઈ મુનિ એવા ન હોય કે જેને ક્ષણમાં સાતમું ગુણસ્થાન શુદ્ધોપયોગ ન પ્રગટે અને પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણની બહારની સંયમની ક્રિયામાં રોકાઈ જાય, એવા કોઈ મુનિ ભાવલિંગી હોય શકે નહિ. જો ક્ષણમાં એ સાતમે ગુણસ્થાને ન આવે તો એનું મુનિપણું ન રહે. ભાવલિંગી મુનિપદ એને નથી. અને એનું પણ પરિમાણ છે.

'ધવલ'માં આ વિષય (આવે છે). 'ધવલ' તો ગણિતનો વિષય છે ને ? કે એક તૃત્યાંશ કાળ શુદ્ધોપયોગનો છે અને બે તૃત્યાંશ કાળ અશુદ્ધઉપયોગનો છે. મુનિદશામાં એક તૃત્યાંશ કાળ છે એ શુદ્ધોપયોગનો છે અને બે તૃત્યાંશ કાળ છે એ અશુદ્ધપયોગનો છે અથવા શુભોપયોગનો છે. અશુદ્ધ ઉપયોગ કહો કે શુભોપયોગ કહો. ત્યાં અશુભ ઉપયોગ તો મુનિને થતો નથી. આહારનો વિકલ્પનો થાય તો પણ અશુભ ઉપયોગ નથી થતો ત્યાં. એટલો કષાય મંદ છે. કષાયની મંદતાને શુભ-અશુભના બોલ લાગુ પડે છે ને ? તો મુનિને કષાય એટલો મંદ છે કે એને આહારનો વિકલ્પ થાય તોપણ અશુભ ઉપયોગ નથી થતો. કેમ કે ૪૬ દોષ રહિત આહાર લે છે. તૂટી જાય છે એનો વિકલ્પ. જ્યારે નીચે ચોથે-પાંચમે ગુણસ્થાને આહારનો વિકલ્પ આવે ત્યારે અશુભઉપયોગ થાય છે. મુનિને નથી. ત્યાં આખી પરિસ્થિતિ જુદી જ છે. એટલે ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં સાધકદશામાં ઘણો ફેર છે. બહુ મોટો ફેર છે.

મુમુક્ષુ :- એક તૃત્યાંશ કાળ અંતર્મુહૂર્તનો ગણવાનો કે...?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અહીંયાં જેટલા સમયો શુદ્ધોપયોગમાં રહે એથી બમણા સમયો અશુદ્ધોપયોગમાં રહે. અને એમાં એકસરખાપણું નથી. શુદ્ધોપયોગનો કાળ એકસરખો નથી. જેમ જેમ સાધના તીવ્ર થતી જાય (એમ) ઉપયોગ વધારે ટકે. સપ્તમ ગુણસ્થાનમાં ઉપયોગ વધારે નિર્વિકલ્પતામાં ટકે. જો છઠ્ઠામાં આવે તો એથી બમણા કાળે રહે. પાછા સાતમામાં આવી જાય. પાછા છઠ્ઠા-સાતમામાં, છઠ્ઠામાં

આવ્યા કરે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ Maximum બદલી જાય છે. ... શુદ્ધોપયોગમાં રહે તો Maximum કાળ આનો એક Second નો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. એટલી બધી Second જો કે નથી રહેવાતું. ક્ષણ ક્ષણમાં જ પલટી જાય છે. એવું નથી કે પચાસ Second શુભોપયોગમાં રહ્યા પછી પચીસ Second માં પાછા શુદ્ધોપયોગમાં રહ્યા એમ નથી થતું. Second Second ફેરફાર થઈ જાય છે. શુદ્ધોપયોગનો કાળ સપ્તમ ગુણસ્થાનનો એક Second કરતા ઓછો છે. તો ક્ષણમાત્ર શુભઉપયોગમાં આવે, પાછા તરત જ શુદ્ધોપયોગમાં ચાલ્યા જાય.

જો શુદ્ધોપયોગમાં બહુ ટકી જાય તો શ્રેણી માંડીને ઉપરના ગુણસ્થાનમાં આઠમામાં, નવમામાં, દસમામાં થઈને બારમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાન પર્યંત પહોંચી જાય. પણ ત્યાં ટકાતું નથી એટલે છઠ્ઠામાં આવે છે. એટલી પુરુષાર્થની શક્તિ ઓછી છે. એ છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પમાં આવી જાય છે. એવી રીતે ક્ષણ ક્ષણનો છે. એટલે તો એમ કહે છે કે મુનિરાજ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના ઝુલે ઝુલે છે. એને ઝુલાની ઊપમા આપી છે કે ઝુલો આ બાજુ ન રહે ઉપર અને આ બાજુ પણ ન રહે. અહીંથી આ બાજુ જાય અને અહીંથી આ બાજુ ચાલ્યો જાય. આમથી આમ, આમથી આમ ઝુલો થયા જ કરે. એવું છઠ્ઠા ગુણસ્થાનની અને સાતમા ગુણસ્થાનની મુનિદશા છે.

એ અભ્યંતર મુનિદશાની નિયમબદ્ધ આ સ્થિતિ છે. એને જ જૈનમુનિ કહી શકાય. બાકી મુનિપણું નથી. આ પરિસ્થિતિ છે. તેથી મુનિરાજ કોઈ પ્રવૃત્તિમાં પડતા નથી, એનું કારણ આ છે. કોઈ પ્રવૃત્તિમાં મુનિરાજ ન પડે એનું કારણ એ છે કે અંદરની આ દશા હોય તો બીજી પ્રવૃત્તિ કેવી રીતે કરી શકે ? બીજાને વ્યાખ્યાન આપે, ઉપદેશ આપે કે શિષ્યને કોઈ સંયમ આદિની દીક્ષા આપે, ગમે તે પ્રકાર હોય તો પણ તેની અંદરની સ્થિતિ તો આ જ રહે છે. અંદરની સ્થિતિ બદલાતી નથી. બસ ! આથી વધારે તો કોઈ પ્રવૃત્તિ નથી.

અઠ્યાવીસ મૂળગુણની બહાર એ કદી જઈ શકતા નથી, જતા નથી. અભ્યંતર સ્થિતિ જ એવી છે કે જઈ શકે જ નહિ. અને જાય તો

મુનિપણું રહે નહિ. આ સ્થિતિ છે.

અહીંયાં તો સ્વરૂપ પરિણતિ કરે એના ઉપરથી એ વિષય લીધો કે એ રીતે વારંવાર ઉપયોગ શુદ્ધ થતાં સ્વરૂપપરિણતિ થાય. એ સ્વરૂપપરિણતિમાં શ્રદ્ધાન તો છે જ. જ્ઞાનનો અંશ છે, ચારિત્રનો અંશ છે, પુરુષાર્થનો અંશ છે. બધા-સર્વ ગુણાંશ એની અંદર છે. કોઈ ગુણ એમાં શુદ્ધ થઈને પરિણતિમાં પરિણમ્યો નથી, એવો એક પણ ગુણ આત્માને વિષે હોતો નથી.

આત્મજ્યોતિ-આત્માથી ભિન્ન, અનાત્મથી જોઈએ અહીંયાં. આત્માથી ન ચાલે. '**આત્મજ્યોતિ-અનાત્માથી ભિન્ન**...' Misprint છે. સુધારી લેવું. '**અખંડ પ્રકાશ આનંદચેતનાસ્વરૂપ ચિદ્વિલાસનો અનુભવ-પ્રકાશ-પરિણામ વડે પ્રકાશે.**' વારંવાર શુદ્ધોપયોગમાં આવે છે ત્યારે આત્માની જે જ્યોતિ છે, આત્માનો જે ઉપયોગ છે તે અનાત્માથી ભિન્ન પડીને, અનાત્મ એટલે આત્માથી જુદા જીવ અને અજીવ બંને લઈ લેવા, સચેત, અચેત સચેત અચેત મિશ્ર બધા પદાર્થ, જેટલા પોતાથી ભિન્ન છે તે જગતના સર્વ પદાર્થો, તે બધા આ આત્મા માટે અનાત્મા છે. પોતાના આત્મા માટે બીજા જીવો, બીજા જીવો પણ અનાત્મા છે, બીજા આત્માઓ પણ અનાત્મા છે.

મુમુક્ષુ :- ભગવાન ?

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબ પરિવારનું તો પહેલા લ્યો. પહેલા તો જ્યાં મમત્વ થાય છે (કે) 'આ દીકરો મારો, આ પરિવાર મારો' એ તારા માટે અનાત્મા છે, એમ કહે છે. અને પંચ પરમેષ્ઠીના આત્માઓ પણ પોતાના માટે તો અનાત્મા જ છે. બધા આત્માઓ અનાત્મા છે. અનાત્માથી ભિન્ન આત્મજ્યોતિ છે. એ અનાત્માથી ભિન્ન થઈને '**અખંડ પ્રકાશ આનંદ ચેતના સ્વરૂપ ચિદ્વિલાસનો અનુભવ...**' તેનો પ્રગટ '**પ્રકાશ પરિણામ વડે પ્રકાશે.**' જ્યારે શુદ્ધોપયોગ થાય ત્યારે. આ શુદ્ધોપયોગનું વર્ણન છે. કેવું વર્ણન ! શુદ્ધોપયોગ કેવો હોય ? પણ આ શબ્દો કહ્યાં. ભાવ તો જેટલો ભાસે એટલો ભાસે. એના જેવી વાત છે.

આત્માની જ્યોતિ-ચૈતન્યજ્યોતિ અનાત્માથી ભિન્ન પડીને અખંડ પ્રકાશરૂપ. પ્રકાશ પ્રકાશ બે વખત (આવ્યું)-અનુભવપ્રકાશ, અખંડપ્રકાશ બેય લીધું. '**અખંડપ્રકાશ-આનંદચેતનાસ્વરૂપ**' એકાકાર

જે આનંદગુણ છે એ આ ચૈતન્યઆનંદસ્વરૂપ ચિદ્વિલાસનો એટલે ચૈતન્યના વૈભવનો વિલાસ-એનો ભોગવટો પોતાના અનુભવથી પ્રગટ અનુભવથી '**પરિણામ વડે પ્રકાશે છે.**' આ ત્રીજો શબ્દ પ્રકાશ લીધો. ગ્રંથનું નામ 'અનુભવપ્રકાશ' આપ્યું છે. એક વાક્યમાં ત્રણ વખત પ્રકાશ શબ્દ વાપર્યો છે.

'**અખંડ પ્રકાશ...**' એટલે ખંડ ખંડ જે ઇન્દ્રિયજ્ઞાનનો પ્રકાશ થઈ રહ્યો છે તેનાથી વિરુદ્ધ. નાસ્તિથી એને બતાવી શકાય છે. ચક્ષુઇન્દ્રિય, કર્ણેન્દ્રિય એવી રીતે જે ખંડ ખંડપણે જ્ઞાનનો ઉપયોગ પરિણમ્યા કરે છે તેનાથી વિરુદ્ધ શુદ્ધોપયોગમાં અખંડ ઉપયોગ છે. અતીન્દ્રિય ઉપયોગ છે તે અખંડ ઉપયોગ છે અને ઇન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ તે ખંડ ખંડ જ્ઞાનનો ઉપયોગ છે. ખંડ ખંડ એટલે છેદ પડે છે. એ જ્ઞાનમાં છેદ પડે છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉપયોગ જાય છે, ત્યારે ઇન્દ્રિયોનું માધ્યમ પણ બદલાય છે, સામે નિમિત્ત પણ બદલાય છે અને એ પ્રકારનો જે જ્ઞાનોપયોગ છે, એમાં જ્ઞાનની ખંડીતતા થાય છે, એની અંદર જ્ઞાન ખંડિત થાય છે, જ્ઞાન છેદાય છે એની અંદર. એટલે એને ખંડજ્ઞાનનો ઉપયોગ કહેવામાં આવે છે.

જ્યારે તે જ ઉપયોગ પરથી પરાઙ્ગમુખ થઈને સ્વરૂપમાં લાગે અને વ્યાપ્ય-વ્યાપકભાવે સ્વરૂપમાં પ્રસરે, સ્વરૂપાનુભવ કરે ત્યારે અખંડ સ્વરૂપનો અનુભવ કરતો તે જ્ઞાનોપયોગ પોતે અખંડ ભાવ ધારણ કરે છે. જેવું અતીન્દ્રિય અખંડ આત્મસ્વરૂપ છે તેવો જ ઉપયોગ પણ અતીન્દ્રિય અને અખંડભાવે પરિણમે છે. એને અહીંયાં અખંડ પ્રકાશ કહેવામાં આવે છે. તે આત્માનો અખંડ પ્રકાશ છે. એ અખંડપ્રકાશ છે.

તે આનંદચેતનાસ્વરૂપ તેમાં ચેતનાનો આનંદ છે. અવર્ણનીય ચેતનાનો તે આલ્હાદરૂપ આનંદ છે. એવો આનંદનો અલૌકિક આસ્વાદ જીવને ભૂતકાળમાં અનંત કાળમાં કોઈ એક ક્ષણે ક્યારે પણ આવ્યો નથી. એવો એ આનંદ છે. જે આનંદના અનુભવ ઉપરથી એટલે આનંદનો એ Sample છે, ત્યાં હજી જઘન્યભાવે આનંદ છે. પરમાનંદની દશા-સિદ્ધ પરમાત્માને પરમ આનંદની દશા કેવી ઉત્કૃષ્ટ હોય છે તેનું જ્ઞાન સ્વાનુભવી જીવને-ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવને થાય છે. તેથી ચોથા ગુણસ્થાને સિદ્ધપદનું જ્ઞાન થયું. સિદ્ધપદ કેવું

(આનંદમય) હોય (જ્ઞાનમય હોય, આનંદમય હોય તેનું જ્ઞાન થયું). અખંડ ઉપયોગ કેવો હોય અને આનંદ કેવો હોય એ બંનેનું જ્ઞાન એને શ્રદ્ધાન થવાના કાળમાં થઈ જાય છે. નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વનું (જ્ઞાન ત્યાં થઈ જાય છે). (જ્યાં) મોક્ષતત્ત્વનું જ્ઞાન નથી, ત્યાં સુધી પંચ પરમેષ્ઠીનું જ્ઞાન (પણ નથી). પંચ પરમેષ્ઠીનું જ્ઞાન વ્યાખ્યાથી થાય છે, એ જ્ઞાન નથી. અનુભવથી થાય છે એમાં એનું (જ્ઞાન) આવે છે.

એવો આનંદ ચેતનાસ્વરૂપ ચિદ્વિલાસ છે. ચૈતન્યનો એ વિલાસ છે. આ બહારમાં માણસને બહુ સમૃદ્ધિ હોય તો કહે કે એમને તો વૈભવવિલાસ ઘણો છે. વિલાસ એટલે ... સુખને માણે. માણે છે-અનુભવે છે તેને વિલાસ કહેવામાં આવે છે. એ જ ચૈતન્યનો પ્રકાશ છે-ચૈતન્યનું વેદન છે. તે પોતાના પરિણામ વડે પ્રકાશે છે. તે નિજ પરિણામ વડે, શુદ્ધ જ્ઞાન વડે પ્રકાશે છે-અનુભવે છે-વેદે છે.

**'જ્યાંથી પરિણામ ઊઠ્યા...'** જે ભૂમિમાંથી જે ક્ષેત્રમાંથી પરિણામ થયા **'તેમાં પરિણામ લગાડે.'** આ એક બહુ અનુભવપૂર્ણ વિષય છે જે તમામ જ્ઞાનીઓના વચનોમાં આ શૈલી આવે છે. સત્તા અને ક્ષેત્રને અવલંબનનો મુખ્ય વિષય બનાવે છે. જેમ કોઈ પાણીની નીચે તળિયાને ઠેસ મારે તો ઉપર આવતા વાર લાગતી નથી. એક અંગુઠો મારે ત્યાં સડસડાટ બે-ચાર-પાંચ માથોડા પાણી કાપી નાખે. એટલું હાથથી વીંઝીને કાપે તો ઘણો શ્રમ પડે. માણસ પાણીના તળીયે ગયો હોય અને ઉપર પાંચ માથોડા સુધી પાણી હોય એટલે ત્રીસ ફૂટ પાણી હોય કૂવાનું અને નીચે જાય અને એને હાથથી વીંઝીને ઉપર આવવું હોય તો શ્રમ પડે. આ તરતા આવડતું હોય એને ખ્યાલ હોય. ભાઈ શીખ્યા છો કે નહિ તમે ? તમને ખ્યાલ હોય. તરતા આવડતું હોય એને ખ્યાલ આવે કે જો ત્રીસ ફૂટ પાણી હાથથી કાપવું હોય તો ઘણો શ્રમ પડે. પણ નીચે એક જરાક અંગૂઠાની ઠેસ મારે ને, એક Second માં, બે Second માં ઉપર આવી જાય. પાંચ માથોડા પાણી કાપી નાખે. અહીંયાં Point શું લેવો છે ? દૃષ્ટાંતમાંથી કયો અંશ પકડવો છે ?

કે અવલંબનની ભીંસ દેવાનો, અવંલબનમાં અંતર્મુખની ભીંસ દેવાનો Point કયો છે ? અહીંયાં જેમ તળિયું છે તો અહીંયાં પણ એ

જે ક્ષેત્રસ્વભાવ છ, સત્તા છે એ એને ભીંસ દેવાનો વિષય છે. એટલે હું... હું... હું... હું... પરિણામે હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે. છું એ લીધું, એ ત્યાં ભીંસ મારે છે. હું છું, હું છું.

મુમુક્ષુ :- અસ્તિત્વ પકડવું.

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિત્વ પકડે છે. બહારમાં ઊંઘાઈમાં પણ એમ જ કરે છે, ત્યાં પણ અસ્તિત્વ જ પકડે છે. મુડી ગણવા નથી બેસતો કે લાખ એટલે એક્સો હજાર, એમ ગણે છે કોઈ દિવસ ? લાખ એટલે એકસો, હજાર એવો કોઈ વિચાર કરે છે ? નહિ. લાખ કીધા એમાં બધું આવી જ ગયું, વગર વિચાર્યે. એક સામાન્ય સત્તાને જ્યાં (પકડવામાં) આવે છે કે આ બધું મારે છે. પછી એમાં અનેક પ્રકારની વિધવિધતાવાળા પદાર્થો છે. જે કાંઈ એને સંયોગમાં હુંપણું છે એમાં અનેકવિધ પદાર્થો છે. પણ આ છે, આ બધું છે સચેત, અચેત, સચેત-અચેત મિશ્ર બધું છે એનામાં તો, પણ આ બધુ છે એની હૂંફમાં પડ્યો છે કે નહિ ? તો એ એની સત્તાને જ એણે પકડી છે. એના ભેદમાં તો એક-એક જ જાય છે. પણ એ ભેદમાં જાય છે ત્યારે અભેદને છોડતો નથી. અને નહિતર એ એના અભેદ પરિણમનમાં જ રહે છે.

એમ અહીંયાં જે વારંવાર એ વિષય લેશે કે '**જ્યાંથી પરિણામ ઊઠ્યા...**' આગળ એ વિષય આ રીતે આવી ગયો. ૧૩મે પાને Paragraph છે ને ત્યાંથી. બીજા Paragraph માં. '**મારા દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.**' એ ત્યાં ક્ષેત્ર લીધું છે. એમ અહીંયાં સ્વસન્મુખ થવામાં, અંતર્મુખ થવામાં પોતાના ક્ષેત્રમાંથી પ્રકાશ ઊઠે (છે), હીરાનો પ્રકાશ હીરામાંથી ઊઠે છે. હીરાનું આખું ક્ષેત્ર પકડાય છે. એકલો પ્રકાશ નથી પકડાતો. એકલા પ્રકાશને જોવામાં નથી આવતો. આખો હીરો જોવો હોય ત્યાં એનું આખું ક્ષેત્ર પકડવામાં આવે છે કે એના પ્રત્યેક પરમાણુમાંથી પ્રકાશ ઊઠે છે. એવો પ્રકાશનો પુંજ તે હીરો છે. આખું ક્ષેત્ર (પકડે છે).

જ્યાંથી પરિણામ ઊઠે છે. પરિણામને નથી જોતા. જ્યાંથી પરિણામ ઊઠે છે. ક્ષેત્ર છે એ અંતઃતત્ત્વ છે આખું. પરિણામને અંદરમાં લઈ જાય છે. અંદરમાં કેમ જાવું એની વિધિ સમજાવે છે, બીજી રીતે કહીએ તો. બહુ સુંદર વિષય છે. જે જીવને અનાદિથી બાકી રહી ગયું

છે એ આ છે. શાસ્ત્ર ભણ્યો છે અનંત વાર અંગ-પૂર્વ સુધીના અને ક્રિયા કરી છે અનંત વાર મુનિદશા પર્યંતની, પણ એકેય વાર અંદર નથી ગયો. આ અંદર જવાની વાત છે.

કેવી રીતે અંદર જાવું ? એમ કહે છે. કે '**જ્યાંથી પરિણામ ઊઠ્યા તેમાં પરિણામ લગાડે.**' જે સત્તામાંથી, જે ક્ષેત્રમાંથી પરિણામ ઉગે છે, પરિણામના અંકુરા ફૂટે છે એ ભૂમિને જો. એ સત્તાને પકડ, એમ કહેવું છે. એ અસ્તિત્વ કહો, સત્તા કહો, પ્રદેશ કહો (બધું એકાર્થ છે).

મુમુક્ષુ :- સત્તા અસ્તિત્વમાત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સત્તા અસ્તિત્વમાત્ર છે. તેનો અર્થ કર્યો છે ત્યાં. વચનામૃતમાં જ્યાં એ વાત લીધી છે ને ? કે ચૈતન્યવૃદ્ધિને પણ ન જુએ. ત્યાં અસ્તિત્વની વાત લઈ લીધી છે. પણ અસ્તિત્વને ગ્રહે. ચૈતન્યઋદ્ધિ તો એના અસ્તિત્વમાં જ છે. પણ તો કહે (છે), ચૈતન્યઋદ્ધિમાં એના વિકલ્પમાં નથી રોકાવું. વિકલ્પથી નિર્લેપ થઈ જાય, નિઃસ્પૃહ થઈ જાય. ઋદ્ધિના વિકલ્પથી પણ નિઃસ્પૃહ થાય તો કેવી રીતે ? કે સત્તાને ગ્રહે ત્યારે. અભેદ સત્તા.

એ દૃષ્ટિએ જ્ઞાની પોતાના ક્ષેત્રમાં નિવાસ કરે છે, એમ કહે છે. મુનિ વનમાં પણ નથી, જંગલમાં પણ નથી અને સમ્યગ્દૃષ્ટિ મહેલમાં નથી. પોતાના ક્ષેત્રમાં-અસંખ્ય પ્રદેશમાં અથવા અખંડ પ્રદેશમાં પોતે નિવાસ કરે છે. બાકીનું બધું એના માટે પરક્ષેત્ર છે અને પરદેશ છે. આ સ્વદેશ છે અને બાકીનું બધું એને પરદેશ છે. ૩૦૦ પછીનો કોઈ બોલ છે.

મુમુક્ષુ :- ૩૦૨.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૦૦ ? ૩૦૨ તો નથી. ૩૨૦માં પણ નથી.

અહીં તો એટલું લેવું છે કે જ્યારે ચૈતન્યઋદ્ધિના વિકલ્પમાં પણ રોકાતો નથી ત્યારે એ પોતાની સત્તા ઉપર જાય છે. સત્તા ઉપર ચાલ્યો જાય છે. અસ્તિત્વને ગ્રહે છે એ વાત સીધી લીધી છે.

મુમુક્ષુ :- અસ્તિત્વનું જોર આવે, એવો શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો એના ઉપર થોડી ચર્ચા ચાલી ગઈ હતી. ત્યાં એ અસ્તિત્વના ગ્રહણમાં જોર ત્યાંથી આવે છે એ વાત લેતા

હતા, એ વાત લેતા હતા.

મુમુક્ષુ :- ... સમજાવતા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા ... બહુ સારી ચર્ચા ચાલી હતી. કેટલું ?

મુમુક્ષુ :- ૩૩૭.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૩૭ ? નિઃસ્પૃહતા કેટલી. ગુણનો વિકલ્પ, એનાથી પણ નિઃસ્પૃહતા. ચૈતન્યની ઋદ્ધિરૂપ ગુણ, એના વિકલ્પ પ્રત્યે પણ નિઃસ્પૃહતા. મળતું નથી.

**'જ્યાંથી પરિણામ ઊઠ્યા તેમાં પરિણામ લગાડે.'** જ્ઞાન કેટલું ધીરું હોય તો જ્યાંથી પરિણામ ઊઠ્યા ત્યાં એ ક્ષેત્ર બાજુ જ્ઞાન જાય. જ્યાં જે ક્ષેત્રમાંથી પરિણામ ઊઠે છે, જે ક્ષેત્રમાં ચૈતન્યના પરિણામના તરંગ ચાલ્યા કરે છે, એ પરિણામને નહિ જોતાં, પરિણામ જ્યાંથી ઊઠે છે એ ક્ષેત્ર બાજુ જાવું છે. હજી તો પરિણામ આ બાજુ છે, એ તો એક બાજુ રહ્યા પણ પરિણામ ઉપર પણ પરિણામ નહિ. પરિણામ ઉપર પણ ઉપયોગ નહિ. પણ જે ક્ષેત્રમાંથી જ્યાંથી પરિણામ ઊઠ્યા તેમાં પરિણામ પરિણામને લગાડે. પણ જ્ઞાનને રોકે. અહીંયાં જ્ઞાનને રોકે એટલે જ્ઞાનને આવરણ કરે, જ્ઞાન બિડાઈ જાય, રોકાઈ જાય એટલે બીડાઈ જાય, મૂંઢાય જાય, તેવા પરિણામ ન કરે. જ્ઞાન ક્યારે રોકાય ? કે જ્ઞાન જ્યારે પોતાને છોડીને બીજાને વિષય કરવા જાય ત્યારે જ્ઞાન રોકાય.

આત્માનો સ્વભાવ એવો છે કે એના સર્વ ગુણો સ્વરૂપનિમગ્ન થાય તો એ બધા ગુણોના પરિણામમાં વિકાસ થાય. અને જો ગુણ બીજા પદાર્થને વિષય કરવા જાય એટલે પરિણામ વડે પોતાને ન સાધે, સર્વ પરિણામોને પોતામાં નિમગ્ન ન કરે અને પરિણામ પરપદાર્થને સાધે તો એ પરિણામનો વિકાસ છે એ કુંઠિત થઈ જાય, બિડાઈ જાય. એવો આત્મમાં સ્વભાવ છે. એ આત્માનું વિજ્ઞાન જ છે. ચોખ્ખેચોખ્ખું આત્માનું વિજ્ઞાન છે.

આત્માનો સર્વ પરિણામોમાં વિકાસ ક્યારે થાય ? કે સમસ્ત પરિણામ સ્વરૂપમાં નિમગ્ન થાય તો-અંતર્મગ્ન થાય તો. જો પરિણામ બહારમાં પરને સાધે તો એ પરિણામ બિડાઈ જવાના, તે પરિણામ કુંઠિત થઈ જવાના, કુંઠિત થઈને ઘટી... ઘટી... ઘટી... ઘટીને નિગોદ સુધી એ પરિણામ કુંઠિત થઈ જાય છે.

મુમુક્ષુ :- વૈજ્ઞાનિક રચના છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ વૈજ્ઞાનિક છે. ખરેખર તો જૈનદર્શન એટલે Pure secience. એકલું Secience છે, એકલું વિજ્ઞાન છે ખરેખર તો. ચોખ્ખું વિજ્ઞાન છે. પછી માણસ ભૂલથી Aurthodoxy માં લઈ જાય છે. પણ ખરેખર તો એ વિજ્ઞાન જ છે, એકલું વિજ્ઞાન જ છે. સિવાય વિજ્ઞાન બીજું (કાંઈ નથી) ખરેખર તો.

વૈજ્ઞાનિક રીતે એણે પોતાના સુખ-દુઃખનો વિચાર કરવો જોઈએ કે આ જીવના પરિણામમાં દુઃખ ઉત્પન્ન થાય છે એની પાછળ વિજ્ઞાન શું ? જો એ તપાસે તો એને સુખ થવાના વિજ્ઞાનનો પણ પત્તો લાગે. કેમ કે પ્રતિપક્ષ છે. એક જ ગુણનો એ અવળો અને સવળો પર્યાય છે તેથી.

કહે છે કે '**જ્યાંથી પરિણામ ઊઠ્યા તેમાં પરિણામ લગાડે. (પણ) જ્ઞાનને રોકે તેવા પરિણામ ન કરે.**' જ્ઞાન મુંઢાઈ જાય એવા પરિણામ ન કરે. સામાન્ય રીતે જીવ સ્વરૂપનું સાધન કરતો નથી, સ્વરૂપને સાધતો નથી, આરાધતો નથી. એવી સર્વ અવસ્થાઓમાં જીવ પરને આરાધે છે અને સ્વરૂપને વિરાધે છે. પરને આરાધે છે અને સ્વરૂપને વિરાધે છે. અને એ સ્વરૂપને વિરાધે છે માટે એના ગુણોની હીણી દશા થઈ થઈને એ નિગોદમાં ચાલ્યો જાય છે.

મિથ્યાત્વ છે એ સ્વરૂપની વિરાધક દશા છે. મૂળ વિરાધકદશા મિથ્યાત્વ છે. પછી એ મિથ્યાત્વ વિરાધકપણાને લઈને અનેક પ્રકારના દોષોની પરંપરા, વિરાધનાની પરંપરા ઉત્પન્ન થાય છે. એ અગૃહીત મિથ્યાત્વ તો સર્વ જીવોને છે. પણ મનુષ્યપર્યાયમાં આવ્યા પછી જીવના (મિથ્યાત્વમાં) વૃદ્ધિ થાય ત્યારે તે ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. અગૃહીત તો બધાને છે પણ એ ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. અને ગૃહીત મિથ્યાત્વમાં આવે છે એટલે તત્ત્વજ્ઞાનમાં વિપર્યાસ થાય છે અને દેવ-ગુરુ-શાસ્ત્રના વિષયમાં પણ એને વિપર્યાસ થઈ આવે છે. એ ગૃહીત મિથ્યાત્વનું કારણ છે. અને એ સર્વથી જ્ઞાન બીડાવાનું વધારેમાં વધારે મોટામાં મોટું કારણ એ ગૃહીત મિથ્યાત્વનું છે.

મુમુક્ષુ :- ૨૦ બોલ.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ શરૂઆતનો ૨૦મો જ બોલ છે ! ૨૦મો જ બોલ છે આ તો. આપણે છેક ૩૦૦ની પાછળ ગયા.

'**મારે કાંઈ જોઈતું નથી,...**' બસ, આ ૨૦ સુધી તો ચર્ચાનો ક્રમ ચાલી ગયો છે. '**મારે કાંઈ જોઈતું નથી, કોઈ પરપદાર્થની લાલસા નથી.**' આ જગતના પદાર્થની વાત થઈ. '**આત્મા જ જોઈએ-એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો.**' ન મળે એ બનતું નથી. '**અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે.**' એવા મુમુક્ષુને અંદરમાં ચૈતન્યની ગુણની ઋદ્ધિ છે, '**તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિઃસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.**' અસ્તિત્વ પણ એક ગુણ છે પણ અહીંયાં એમ વાત નથી લેવી. અહીંયાં અવલંબનનો વિષય જે સત્તા છે એ સત્તામાં બધા ગુણની ઋદ્ધિ અભેદપણે આવી ગઈ.

જેમ તીજોરીમાં દાગીના બધા મુક્યા છે તો આખી તીજોરી જેના હાથમાં આવી ગઈ એના દાગીના બધા આવી ગયા. તીજોરીનો કબજો કર્યો એણે બધા દાગીનાનો કબજો કર્યો. એમ જ્યાં અસ્તિત્વ પકડ્યું એટલે એના અનંત ગુણ એણે પકડી લીધા.

એટલે અહીંયાં સુધી વાત લીધી કે જેને આત્મા જોઈએ છીએ એને આત્માના ગુણરૂપ વિશેષો તરફ, આત્માના અનેક ગુણોના વિકલ્પો આવશે પણ એ વિકલ્પો પરત્વે પણ એટલો નિઃસ્પૃહ થઈ જાય કે એ ચૈતન્યઋદ્ધિ સંબંધી વિકલ્પોમાં પણ એને રોકાવું નથી. તો ક્યાં આકર્ષિત થયો એ ? કે એક મારું અસ્તિત્વ જ જોઈએ. અહીંથી સત્તાની વાત લીધી. બધી જગ્યાએ, તમામ જ્ઞાનીઓના વચનમાં આ વિષય આવે છે.

'સોગાનીજી'ના બોલમાં એ અસ્તિત્વનો પ્રકાર ઘણો છે. અનેક પત્રોમાં એ વિષય આવ્યો છે. 'ઘાટકોપર'માં પત્રો લીધા હતા ત્યારે એ વાત લીધી હતી. '**પરિણામતરંગ ચેતના અંતરંગ અભંગ અંગમાં લીન થયા કરે.**' અંગ.. અંગ... અંગ... શબ્દપ્રયોગ એક વાક્યમાં ઘણો છે. '**પરિણામતરંગ ચેતના...**' પરિણામતરંગ લીધું છે. જે પાણીમાં તરંગ થાય છે એમ જીવના પરિણામમાં ઉત્પાદ-વ્યયરૂપ પરિણામતરંગ છે. એ પરિણામતરંગ ચેતના એ અંતરંગ જે આત્મા છે, જે અભંગ છે, જેમાં ભંગભેદ નથી, જેમાં ખંડ નથી એવા '**અભંગ અંગમાં લીન થયા કરે.**' પરિણામ છે એ પોતે અભંગઅંગ નથી, એ ભંગઅંગ છે. કેમ કે

એ પરિણમા એકનું એક રહેતું નથી. એક ભાંગીને બીજું થાય, બીજું ભાંગીને ત્રીજું થાય.

પરપદાર્થ તો ખેર બધા જુદા જુદા, પરમાણુએ પરમાણુ જુદા છે. જે પરપદાર્થને સંસારી જીવ વિષય કરે છે, એ તો બધા જ પરમાણુની પર્યાય છે અને એમાં પણ એ પર્યાય પણ કોઈ પર્યાય સ્થિર નથી. છે કોઈ પર્યાય સ્થિર ? પણ એ તો પોતાથી આખું જુદું ભંગ છે. એ તો એનું અંગ જ નથી. પણ પરિણામ જેનું અંગ છે એ પણ ભંગ અંગ છે. અને ત્રીકાળી છે તે અભંગ અંગ છે. ધ્રુવ છે ને ? ધ્રુવ છે એટલે અભંગઅંગ છે. એમાં ભંગ પડતો નથી, ભેદ પડતો નથી. અભેદ છે, સ્વરૂપે કરીને એ અભેદ છે.

મુમુક્ષુ :- ચેતના તો સ્થિર છે. બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં જે ચેતના છે એના બે વિભાગ છે. એક અભંગ અંગમાં પણ ચેતના છે અને એક ભંગ અંગમાં પણ ચેતના છે. તો ચેતના છે એને સામાન્યપણે જોવી. ચેતનાને સામાન્યપણે જોવી. ભલે એ બંનેમાં વ્યાપેલી ચેતના છે. સામાન્ય વિશેષ બંનેમાં (વ્યાપેલી છે) તો પણ એને એક સ્વરૂપે, એના અભંગ સ્વરૂપે જોવી.

મુમુક્ષુ :- ચેતનાને ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામતરંગ ચેતના છે. એ પરિણામતરંગ ચેતના લીન થયા કરે છે. જ્યારે પોતાના સ્વરૂપમાં પરિણામ લાગે છે ત્યારે પરિણામના તરંગો છે, પરિણામ ચેતનાના તરંગો છે એ અંતરંગની અંદર અંતર્મુખ થઈને અભંગ અંગમાં એટલે ધ્રુવ સ્વભાવમાં ધ્રુવ અંગ, ધ્રુવ અવયવમાં લીન થયા કરે છે. એમાં એકાગ્ર થયા કરે છે.

**'અમરપુરીનિવાસ નિજબોધના વિકાસથી છે.'** અને પછી એનું પરિણામ-એની ફલશ્રુતિ શું આવે ? કે વારંવાર જ્યારે પોતાના અભંગઅંગમાં પરિણામ લીન થાય છે, ત્યારે જીવ અમરપુરીમાં નિવાસ કરે છે. જેમાં જન્મ-મરણ ન થાય એવા મોક્ષપદમાં જીવ નિવાસ કરે છે. એણે અમરપુરીનો નિવાસ કર્યો છે. જ્યાં મૃત્યુ નથી તેને અમરપણું કહ્યું. મરવું નહિ, ત્યાં મૃત્યુ નથી. **'અમરપુરીનિવાસ નિજબોધના વિકાસથી છે.'** આત્મબોધ. નિજબોધ એટલે આત્મજ્ઞાન. આત્મજ્ઞાનનો વિકાસ થતાં સંપૂર્ણ વિકાસ થતાં અમરપુરીમાં જીવનો

નિવાસ થાય છે. શાશ્વતપણે, સાદી અનંતપણે પછી ત્યાં જીવ અમરપુરીમાં રહી જાય છે-એ દ્રવ્યે (રહી જાય છે). ભાવે તો આત્મજ્ઞાન થયું-નિજબોધ થયો એ અમરપુરીમાં નિવાસ થઈ ગયો. કેમ કે ધ્રુવપદ તો શાશ્વત છે. પોતાનું ધ્રુવપદ તો શાશ્વત છે. જેમ સ્વપનું પૂરું થયા પછી જીવને તે જૂઠ ભાસે છે, એમ ધ્રુવપદમાં નિવાસ થયા પછી એને બધા ભવભવાંતર જૂઠ ભાસે છે. મારે શું લેવાદેવા ? હું તો જે છું તે છું અનાદિઅનંત, એમાં કાંઈ ફેરફાર નથી. મારા સ્વરૂપે સદાય એમ ને એમ રહ્યો છું. આ ભવભવાંતર એ મારી ચીજ નથી. અને એમાં હું ક્યારેય ગયો નથી. અને એ ભવભવાંતરના પ્રકારો મારામાં કદી આવ્યા નથી. એવો એમાં અમરપુરીનો નિવાસ છે.

**'નિશ્ચય, નિશ્ચલ, અમલ, અતુલ, અખંડિત, અમિતેજ, અનન્તગુણરત્નમંડિત, બ્રહ્માંડને ઓળખી બ્રહ્મપદને પૂર્ણ પરમચૈતન્યજ્યોતિસ્વરૂપ, અરૂપ, અનૂપ ત્રૈલોક્યભૂપ પરમાત્મરૂપ પદને પામી પાવન થઈ રહે, તે અનુભવનો મહિમા છે.'** અનુભવનો મહિમા ગાયો છે. જે અનુભવથી પરમાત્મા થવાય છે. અનુભવથી પરમાત્મા થવાય છે. સીધું એક જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. જન્મ-મરણથી છૂટવાનું કારણ નિજબોધ. બસ ! આત્મબોધ, એ એક જ જન્મ-મરણથી છૂટવાનું કારણ છે અને બીજું કોઈ કારણ જગતમાં છે નહિ. કોઈ પરિણામ મોક્ષના કારણ નથી. આ એક જ જાતના પરિણામના મોક્ષના કારણરૂપ પરિણામ છે.

તે કેવા છે ? કે નિશ્ચયરૂપ છે. પહેલો શબ્દ એ લીધો. નિશ્ચય પરિણામ છે. નિશ્ચય એટલે વાસ્તવિક. વાસ્તવિક એટલે જેવું સ્વરૂપ છે એવા પરિણામ. જરા પણ ફેરફારવાળા નહિ. એવા નિશ્ચય અને નિશ્ચળ સ્વરૂપની અંદર સ્થિર, સ્વરૂપની અંદર બિલકુલ સ્થિર પરિણામ છે. છેલ્લું પદ તો એ લીધું છે ને ? એવો થઈને રહે. નિશ્ચય પરિણામને પામીને, **'નિશ્ચળ પરિણામને પામીને પાવન થઈને રહે એ અનુભવનો મહિમા છે.'** પછી અનુભવનો મહિમા બતાવવા માટે અહીંયાં એમની જે બીજી રચના છે-'જ્ઞાનદર્પણ', એ 'જ્ઞાનદર્પણ'નો... ગ્રંથ નાનો છે, પણ એ બધું પદ્યાત્મક છે. એટલે જે વર્ણન અહીંયાં પોતે ગદ્યમાં લીધું છે, એ અહીંયાં પોતે 'જ્ઞાનદર્પણ'માં પદ્યમાં લીધું છે. વિશેષ લઈશું...

**તા. ૨૬-૧૦-૧૯૮૫, પાના નં.૧૬, પ્રવચન નં. ૪૬**

... કેવું છે ? જેને ઓળખીને તે સ્વભાવમાં પડે. ... મહિમાવંત છે. તે નિશ્ચય સ્વરૂપ છે. નિશ્ચય એટલે શક્તિસ્વરૂપ છે. નિશ્ચળ છે-અચળ છે. પોતાના સ્વભાવથી એક સમયમાત્ર પણ અને એક અંશમાત્ર પણ જે ચલાયમાન થતું નથી એવું નિશ્ચળપદ મલ રહિત છે-અમલ છે. જેમાં મળ નથી. રાગનો મળ નથી, રાગની મલિનતા-કષાયની મલિનતા જેમાં નથી અને પરદ્રવ્ય સાથેનો જેને સંબંધ નથી. તેથી પણ તે શુદ્ધ છે. મળ રહિત છે એટલે શુદ્ધ છે. શુદ્ધ છે એટલે પરથી રહિત છે અને રાગાદિ વિભાવથી પણ રહિત છે.

અતુલ-જેની તુલના ન થઈ શકે એવું છે. જગતમાં કોઈ પદાર્થ સાથે જેને તોળવામાં આવે કે આનાથી વધારે છે, આનાથી વધારે છે, એવું પણ નથી. કોઈથી હીણું છે એ તો પ્રશ્ન છે નહિ પણ અધિક કોનાથી છે ? એવી રીતે પણ જેની તુલના ન કરી શકાય એવું છે. મેરુ શાશ્વત છે. 'સોગાનીજી'એ વાત કરી છે કે મેરુ શાશ્વત છે તો પણ એમાં પરમાણુનું આવાગમન છે. અનંતા પરમાણુ આવે છે અને અનંત પરમાણુ જાય છે. એની નિશ્ચળતા સાથે પણ આની નિશ્ચળતા મેળવી શકાય એવું નથી. કેમ કે એમાં તો એટલી પણ વધઘટ છે. અહીંયાં તો કોઈ અંશે વધઘટ થતી નથી. એવું અતુલ છે.

અખંડિત છે. ક્યારે પણ એમાં ખંડ પડે, છેદ પડે, કાંઈ પણ ક્ષતિ ઊપજે, ખોડખાપણ થાય એવું એ પદ નથી. અખંડિત પદ છે. અનંત ગુણરત્ન મંડિત છે. જેમ દાગીનામાં રત્નો જડ્યા હોય તો એ દાગીના (શોભે છે). એવી રીતે આત્મા અનંત ગુણના રત્નોથી શોભાયમાન છે. જેમાં એક-બે રત્ન નથી. પાંચ, પચ્ચીસ, પચાસ લાખ, કરોડ, અબજ નથી પણ અનંત રત્નો છે-ગુણરત્નો છે. અનંત કહેતા આ ગુણ છેલ્લો છે એવું ક્યાયં નથી. ગણતા... ગણતા.. ગણતા... સંખ્યાએ હવે આ

ગુણ છેલ્લો રહ્યો, એવી જેની ગુણની પરિસ્થિતિ નથી. એટલા અનંત છે. એવા અનંત અનંત ગુણરત્નથી મંડિત છે. એવા '**બ્રહ્માંડને ઓળખી...**' એ જ બ્રહ્માંડ છે. એ અનંત ગુણરત્નોનું આત્મા પોતે જ બ્રહ્માંડ છે. આ લોકને ચૌદ બ્રહ્માંડ કહે છે ને ? એમ ખરો લોક તો આત્મા છે. પોતાનો સ્વલોક તો આત્મા જ છે અને એ જ બ્રહ્માંડ છે. એમાં અનંત ગુણોની વૈવિધ્યતા, અનંત ગુણોની દિવ્યતા, અનંત ગુણોનો આશ્ચર્યકારી ગુણસમૂહ જેમાં રહેલો છે. એવો આત્મા મહાન છે. એની મહત્તા ઓળખાણથી આવે છે, એમ કહેવું છે. ઓળખાણ સિવાય એની મહત્તા આવતી નથી.

જ્યારે જીવ પોતાના નિજપદને ઓળખે ત્યારે એનો મહિમા છે એ એવો અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે કે જગતના કોઈ પદાર્થનો મહિમા પછી, જેણે આત્મા ઓળખ્યો છે, એને રહેતો નથી. આ એક મોટો ફેર પડે છે. આત્માના મહિમાથી આત્માની મુખ્યતા થાય છે. અને આત્માની મુખ્યતા થાય છે ત્યારે અત્યાર સુધી જગતના પદાર્થોની મુખ્યતા હતી તે મુખ્યતા ચાલી જાય છે. તે મુખ્યતા કેમ હતી ? કે જગતના પદાર્થોનો મહિમા હતો. જગતના પદાર્થોની અધિકાઈ હતી અને જીવે જગતના પદાર્થોમાં-સંયોગોમાં સુખબુદ્ધિથી એને મુખ્યતા આપી હતી. એ જગતના પદાર્થોનો મહિમા ત્યારથી ચાલ્યો જાય છે. જગતમાં કોઈ એવો પદાર્થ નથી કે આ આત્માનો મહિમા આવ્યા પછી એનો મહિમા રહે. એવો કોઈ પદાર્થ રહેતો નથી.

જેની મુખ્યતા આવે એનું જ લક્ષ રહે. જેની મુખ્યતા થાય એનું જ લક્ષ્ય રહે. તેથી જ્ઞાનમાં પણ નજરબંધી થઈ જાય છે. અથવા જેને લક્ષ્ય બંધાઈ ગયું એમ કહેવાય છે. જ્ઞાનમાં ઓળખાણ થતાં નિજ સ્વરૂપનું લક્ષ થાય છે. એ લક્ષ થવાને લીધે ઉપયોગમાં અનેક પ્રવૃત્તિ થવા છતાં પણ લક્ષ ફરતું નથી.

જેમ વ્યાપારમાં અનેકવિધ પ્રવૃત્તિ થવાં છતા પણ લક્ષ બદલાતું નથી. એમ અહીંયાં પણ ઉદયમાન પ્રવૃત્તિના કાળમાં આત્માનું લક્ષ બદલાતું નથી. આ ઓળખાણ કામ કરે છે. એ નજરાયા જ કરે છે. એનું નામ લક્ષ છે. લક્ષ કહો કે નજરાયા કરે કહો. રુચિ પણ અનન્ય ભાવે આત્મા પ્રતિ ધસે છે, દોડે છે. રુચિ ધીમે ધીમે કામ કરતી નથી.

રુચિ ધસીને એના ઉપર જાય છે. એને અનન્ય રુચિ એમ કહેવામાં આવે છે. અને પુરુષાર્થ પણ ત્યારથી જાગે છે. જાગૃતિ પણ ત્યારથી આવે છે કે અહો...! આવો મહાન પદાર્થ હું ! હું આવો મહાન પદાર્થ !! એવું પોતાની મહિમાવાળું, પોતાની મહાનતાની મહિમાવાળું રુચિ સહિતનું જે પરિણમન છે એમાં ઘણો રસ ઊપજે છે. એવા પ્રકારના પરિણમનમાં આત્મરસ ઘણો ઊપજે છે. બસ ! એ રસ વધીને એક તબક્કે સ્વાનુભવ કરાવે છે. એ આત્મરસનો જ એક તબક્કો છે. સ્વાનુભવ છે એ આત્માના પરિણામમાં ઊપજેલો જે આત્મરસ છે, એ આત્મરસનો જ એક તબક્કો છે કે જે તબક્કે અનુભવ થાય છે. નિર્વિકલ્પ દશા થાય છે.

એવા '**બ્રહ્માંડને ઓળખી બ્રહ્મપદને...**' આત્મપદને '**પૂર્ણ પરમચૈત્નયજ્યોતિસ્વરૂપ, અરૂપ, અનૂપ ત્રૈલોક્યભૂપ પરમાત્મરૂપ પદને પામી પાવન થઈ રહે, તે અનુભવનો મહિમા છે.**' એ ઓળખીને. બ્રહ્મપદને એટલે કે પૂર્ણ પરમચૈતન્ય જ્યોતિસ્વરૂપ એ બ્રહ્મપદ છે. ઓળખીને પામે એમ કહેવું છે. પામે એટલે અનુભવ કરે એમ કહેવું છે. પામવું એટલે પ્રાપ્ત થવું. પ્રાપ્ત થવું એટલે અનુભવ થવો.

પોતાના નિજપદને, બ્રહ્મપદને એટલે પરિપૂર્ણ પરમ-ચૈતન્યજ્યોતિસ્વરૂપ પદને કે જે અરૂપ છે જેને વર્ણન નથી, ગંધ નથી, શબ્દ નથી, સ્પર્શ નથી. એવા પુદ્‌ગલના જે મુખ્ય ધર્મો છે, જેનાથી એ પુદ્‌ગલ રૂપી કહેવાય છે, એવું જેને નથી એવું અરૂપ છે. અરૂપ છે એટલે સ્વરૂપી નથી એમ નથી પણ એને કોઈ શબ્દ નથી, વર્ણ નથી, ગંધ નથી, સ્પર્શ નથી. એમ લેવું છે. રસ નથી. એ રીતે અરૂપ છે. રૂપ, રસ, ગંધની દૃષ્ટિએ અરૂપ છે.

અનૂપ છે. જેને જગતમાં ઊપમા આપી શકાય નહિ એવું છે. ત્રૈલોક્યભૂપ છે એટલે પોતે ત્રણલોકનો નાથ છે. ભૂપ એટલે રાજા. ત્રણ લોકમાં જેનું સામ્રાજ્ય (છે). ઠીક ! રાજ કરે છે. ત્રણ લોકમાં ઉત્કૃષ્ટ છે. જેમ રાજા જગતની સર્વ વસ્તીમાં ઉત્કૃષ્ટ છે, એમ આ પણ ત્રણ લોકમાં ઉત્કૃષ્ટ છે. જેમ રાજા કોઈને નમતો નથી, રાજાને પ્રજા નમે છે. એમ અહીંયાં પણ આત્મા કોઈને નમતો નથી. પર્યાયો આત્માને નમે છે. એવું ત્રૈલોક્યભૂપ પરાત્મરૂપ પદ છે. જે પરમાત્મા, સિદ્ધ

પરમાત્મા, અરિહંત પરમાત્મા છે, એવું જ પોતે પોતાનું પરમાત્મરૂપ છે. એ પદને પામે-એ પદનો અનુભવ કરે ત્યારે અનુભવનાર અવસ્થા પણ પાવન થઈને રહે. નિર્દોષ પવિત્ર થઈને રહે. ત્યારે એમાં પણ-અવસ્થામાં પણ અપવિત્રતા, મલિનતા રહેતી નથી. એવો પાવન થઈને રહે. '**તે અનુભવનો મહિમા છે.**' આવો અનુભવનો મહિમા છે. અનુભવનો મહિમા કરતા સાથે સાથે જે પદ અનુભવમાં આવે છે એનો મહિમા પણ મુખ્યપણે તો ગાયો છે.

એવું જ વર્ણન 'જ્ઞાનદર્પણ'માં 'દિપચંદજી'એ પોતે કર્યું છે. એ નીચે Footnote માં આપ્યું છે કે

**દર્શનજ્ઞાન શુદ્ધચારિતકૌ એક પદ,**
**મેરો હૈ સરૂપ ચિહ્ન ચેતના અનન્ત હૈ,**
**અચલ અખંડ જ્ઞાનજ્યોતિ હૈ ઉદ્યોત જામૈં,**
**પરમ વિશુદ્ધ સબ ભાવમેં મહન્ત હૈ.**
**આનંદકો ધામ અવિરામ જાકૌ આઠોં જામ,**
**અનુભવે મોક્ષ કહે દેવ ભગવન્ત હૈ,**
**શિવપદ પાયવેકો ઔર ભાંતિ સિદ્ધિ નાંહિ,**
**યાતૈં અનુભવૌ નિજ મોક્ષ તિયાકન્ત હૈ. ૪૫.**

અનુભવનો મહિમા કર્યો છે. કે '**દર્શનજ્ઞાન શુદ્ધચારિતકૌ એક પદ,...**' જે અનુભવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતાની એકતારૂપ પદ છે. અનુભવ છે એ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ છે. મૂળ માર્ગમાં 'શ્રીમદ્જી'એ ગાયું ને ? 'જ્ઞાનદર્શનચારિત્રની એકતા રે...' અહીંયાં એક પદ લીધું. એકતા કહો કે એક પદ કહો. શુદ્ધ છે, એ ત્રણે દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ છે અને એકરૂપ છે. એવું જે '**એક પદ મૈરો હૈ...**' એવું મારું એક પદ છે. એનું સ્વરૂપ છે, અનંત ચેતનાચિહ્ન એનું સ્વરૂપ છે. ચિહ્ન કહો, લક્ષણ કહો, સ્વરૂપ કહો-બધુ એકાર્થમાં છે.

અનંત ચેતના જેમાં છે એવું જેનું સ્વરૂપ છે. જે નિશ્ચલ છે, અચળ છે, અચંચળ છે, અખંડ છે અને જેમાં જ્ઞાનજ્યોતિનો ઉદ્યોત થયેલો છે. અનુભવમાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થયેલી છે. પરમ વિશુદ્ધ છે અને બધા ભાવોમાં એની મહાનતા છે. અનુભવથી મહાન કોઈ ભાવ નથી. ભલે બાહ્ય સંયમની અનેક પ્રકારથી મહિમા કરી હોય પણ

અનુભવની પાસે કોઈ ભાવની મહત્તા નથી. સર્વથી મહાન એ ભાવ છે. **'આનંદ કો ધામ.'** એ આનંદનું ધામ છે. **'અવિરામ જાકૌ આઠોં જામ,..'** અને જેમાં આઠેય પહોર એટલે નિરંતરપણે, અવિરામપણે જેમાં આનંદનો પ્રવાહ ચાલ્યા જ કરે છે, વહ્યા જ કરે છે. એ અનુભવને ભગવાન તો દેવ ભગવંત કહે, એને મોક્ષપદ કહે છે, એ જ મોક્ષ છે. મુક્તભાવ છે, અનુભવ છે એ મુક્તભાવ છે.

ભલે મોક્ષમાર્ગમાં અનુભવ આંશિક છે તો પણ એ મુક્તભાવમાં બંધભાવ નથી. આંશિક બંધભાવ છે એમાં મુક્તભાવ નથી અને જે આંશિક મુક્તભાવ છે એમાં બંધભાવ નથી. બંને ભાવ જુદા જુદા, બંનેના ક્ષેત્ર જુદા જુદા, બંનેના કાર્ય જુદા જુદા, બંનેના ફળ જુદા જુદા, બંનેની શક્તિ જુદી જુદી, સ્વભાવ જુદા જુદા.

**'અનુભવે મોક્ષ કહે દેવ ભગવન્ત હૈ, શિવપદ પાયવેકો...'** શિવપદ એટલે પરિપૂર્ણ શુદ્ધ કલ્યાણપદ, મોક્ષપદ પ્રાપ્ત કરવા માટે. **'ઔર ભાંતિ સિદ્ધિ નાંહિ,...'** બીજા પ્રકારે સિદ્ધિ નથી. અનુભવથી જ મોક્ષ થાય છે, પરમાત્મપદ પમાય છે, પરમાત્મા થવાય છે. અનુભવ સિવાય કોઈ એવો ભાવ નથી કે જેનાથી મોક્ષ થાય. આ સીધી વાત છે.

કોઈ ધર્મ કરે છે. સંપ્રદાયની અંદર અનેક પ્રકારે લોકો ધર્મના કાર્યમાં લાગેલા છે ને ? અમે તો આમ કરીએ છીએ. અમારે અત્યારે આમ ચાલે છે, અમારા ધર્મમાં અત્યારે આ ચાલી રહ્યું છે, આ ચાલી રહ્યું છે. અનેક પ્રકારે જુદી જુદી ધાર્મિક વિધિ, વિધાન, કાર્યવાહી ચાલતી હોય છે. એને એમ પૂછો કે આનાથી મોક્ષ થાય છે ? એ વાત બરાબર છે તમારી સમજણમાં ? કઈ રીતે આ સમજણ છે ?

એક શુદ્ધાત્મસ્વરૂપ અનુભવ છે એ એક જ મોક્ષ પામવાનો પ્રકાર છે. અહીંયાં કહે છે ને **'ઔર ભાંતિ સિદ્ધિ નાંહિ'** બીજા પ્રકારે સિદ્ધિ નથી. અનુભવ સિવાય કોઈ બીજા પ્રકારે કોઈ સિદ્ધપદમાં પહોંચાતું નથી. **'યાતેં અનુભવૌ નિજ મોક્ષ તિયાકન્ત હૈ.'** તેથી મોક્ષરૂપી સ્ત્રીનો સ્વામી અનુભવ જ છે. માટે અનુભવ છે એ એક જ મોક્ષરૂપી સ્ત્રીનો ધણી છે–સ્વામી છે અને તેનાથી જ મોક્ષ પમાય છે. એ નીચેથી પૂરું લઈ લીધું. મોક્ષની શરૂઆતથી માંડીને પૂર્ણ મોક્ષ થાય છે એ વાત એમને એમાં ભાર દઈને કહેવી છે. એટલા માટે કે જગતની અંદર મોક્ષના

કારણરૂપ ભાવ-ધર્મભાવ અનેક પ્રકારે ભ્રાંતિથી માનવામાં આવ્યો છે. એ બધાનો આમાં નિષેધ આવી જાય છે.

હવે આગળ કહે છે કે '**યથાર્થજ્ઞાન, પરમાર્થનિધાન, નિજકલ્યાણ, શિવસ્થાનરૂપ ભગવાન, અમલાન, સુખવાન...**' એ બધે આન... આન.. આન.. આન... નીચે આવ્યું યથાર્થજ્ઞાનથી. હવે '**નિર્વાણનિધિ, નિરુપાધિ, નિજસમાધિ,...**' બધાય પાછળ એકસરખા લીધા. તેને '**સાધીએ, આરાધીએ,...**' શું ભાવના કરે છે ? કે યથાર્થજ્ઞાનને સાધીએ, આરાધીએ. જે પરમ પ્રયોજનભૂત છે નિજનિધાન-નિજગુણનું નિધાન-નિજસ્વભાવનું નિધાન છે, સ્થાન છે એનું આરાધન કરીએ. નિજ કલ્યાણને સાધીએ. જે શિવસ્થાનરૂપ ભગવાનપદ છે એનું આરાધન કરીએ. અમલાન, જેમાં મલિનતા નથી. એવું અમલાનપદ છે એનું આરાધન કરીએ. જે સુખવાન છે-સુખસ્વરૂપ છે એને સાધીએ. જે પોતે જ નિર્વાણનિધિ છે. પોતે કેવું છે ? નિર્વાણનિધિ છે. અવસ્થામાં તો નિર્વાણ થવો હોય ત્યારે થાય. આ તો પોતે જ નિર્વાણનિધિ છે.

'દ્રવ્યષ્ટિ પ્રકાશ'માં પાછળ એક બોલ આવે છે. એકવાર કાંઈ એવી ચર્ચા નહોતી ચાલતી અને 'સોગાનીજી'એ પોતે શરૂઆત જ ત્યાંથી કરી હતી. કે અવસ્થામાં તેરમું ગુણસ્થાન પ્રગટ થશે, ચૌદમું ગુણસ્થાન પ્રગટ થશે પછી સિદ્ધાલયમાં જવાનું થશે. એવું ભવિષ્યમાં થશે. પોતાના માટે વાત કરતા હતા. એ અંગત વાત હતી. પણ એ બધું તો જ્યારે થવાનું હશે ત્યારે અવસ્થામાં થશે. હું તો અત્યારે જ સિદ્ધાલયમાં બિરાજમાન છું. મારું જે સિદ્ધપદ છે એ જ મારું સિદ્ધાલય છે. અને અત્યારે જ હું સિદ્ધાલયમાં બિરાજમાન છું. ઓલું તો થવાનું હશે ત્યારે બધું થાશે. એની કાંઈ મને ફિકર ચિંતા હવે નથી. થવાનું છે એની પ્રતીતિ છે. થવાનું છે કે નહિ થવાનું છે એની શંકા અશંકાનો તો ત્યાં પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- દૃષ્ટિનું જોર ઘણું છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિનું જોર ઘણું અને વર્તમાન અનુભવ ઉપરની એની પ્રતીત કેટલી છે ! એ પૂર્ણ દશાની પ્રતીત છે કે હવે કાંઈ આમાં બીજું તો થવાનો પ્રશ્ન નથી પણ હવે એનો જે કાળ છે એ

કાળની સામે શું જોવું ? એ કાળની પ્રતિક્ષા કરવાનો પણ અહીંયાં પ્રશ્ન નથી, રાહ જોવાનો કોઈ પ્રશ્ન નથી. અત્યારે જ હું તો સિદ્ધપદમાં બિરાજમાન છું. હું ક્યાં સિદ્ધપદથી બહાર છું ! ક્યાંય આઘો પાછો તો જતો નથી. ગયો નથી કે જવાનો નથી. એટલો હું મારા સ્વરૂપને વિષે નિશ્ચિત છું, નિશ્ચળ છું.

પરિચયમાં આવેલા કે નહિ ? ભાઈ ! 'કલકત્તા'માં 'સોગાનીજી'ના પરિચયમાં આવ્યા હશો. પાછળ એમના દેહાંત પહેલા તો છેલ્લે ચાલીસ દિવસ વાંચન આપ્યું હતું.. વચમાં તો ઘણા વર્ષ એમણે બંધ રાખ્યું હતું. બહુ શરૂઆતમાં ઘણા વર્ષો પહેલાં તો વાંચન કરતા હતા. પછી પાછા નહોતા કરતા.

કહે છે કે, '**નિર્વાણનિધિ...**' છે. પોતે જ નિર્વાણનિધિ છે. નિર્વાણની એક સમયની અવસ્થાને મોક્ષ કહેવામાં આવે છે. એક સમયની મોક્ષની અવસ્થાને નિર્વાણ કહેવામાં આવે છે અથવા નિર્વાણને મોક્ષ કહેવામાં આવે છે. એવી અનંત... અનંત... અનંત... અવસ્થાઓ જેમાંથી બહાર આવશે, છતાં જેમાં કાંઈ ફેર નહિ પડે, એટલું ને એટલુ સામર્થ્ય રહેશે, એવો નિર્વાણનિધિ તો આત્મા પોતે છે.

'**નિર્વાણનિધિ, નિરુપાધિ,...**' જેમાં કોઈ ઉપાધિની ગંધમાત્ર પણ નથી. નામનિશાન નથી. ઉપાધિનું જેમાં નામનિશાન નથી. અહીંયાં જીવ મિથ્યાત્વમાં ઉપાધિમાં એટલો ઘેરાયેલો રહે છે કે પરલક્ષમાં જેટલી ઉપાધિ છે એમાં આખેઆખો જાણે પોતે આવી ગયો, સલવાઈ ગયો અને ત્યાંથી એને બહાર નિકળવું ફાવતું નથી. એવો ફસાયેલો છે (કે) નીકળી શકતો નથી. પૂરો જાણે ઉપાધિમાં ડૂબેલો. દૃષ્ટિ પડે છે ને ત્યારે પૂરેપૂરી, પૂરેપૂરી પકડ કરે છે. દૃષ્ટિ ઊંધી પડે તોય પૂરી પકડ કરે છે. અહીંયાં કહે છે કે તારું સ્વરૂપ જો. જે સાધવાનું સ્વરૂપ છે એ તો નિરૂપાધિ છે. એમાં ઉપાધિની ગંધ પણ નથી. તું સ્વયં પોતે એવો છો કે જેમાં ઉપાધિનું કોઈ નામનિશાન નથી.

મુમુક્ષુ :- ....જોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી : આવું છે છતાંય આવો ને આવો છે. છે એ તો છે જ, એમાં કાંઈ ફેર પડે એવું નથી.

'**નિરુપાધિ, નિજસમાધિ,...**' સમાધિમાં શાંતિ છે-વીતરાગતા

છે. તેને '**સાધીએ, આરાધીએ,...**' ભાવના ભાવી છે. '**અલખ, અજ, આનંદ, મહાગુણવૃન્દધારી,...**' બહુ મહિમા કરે છે. ઠામ... ઠામ... અનુભવ અને અનુભવના વિષયરૂપ નિજપદનો મહિમાથી ભરેલો આ ગ્રંથ છે એમ કહીએ તો ચાલે. એ તો પોતાને રસ આવ્યો છે ને ! એટલે બીજાને પણ રસનું નિમિત્ત એમાં થાય છે.

'**અલખ, અજ, આનંદ, મહાગુણવૃન્દધારી, અવિકારી, સર્વદુઃખહારી, બાધારહિત, મહિત, સુરસ, રસસહિત, નિરંશી, કર્મનો વિધ્વંશી, ભવ્યનો આધાર, ભવપારનો કરનાર, જગતનો સાર, દુર્નિવાર દુઃખને ચૂરે (છે). ભવના તાપરૂપ પુણ્ય-પાપને મટાડીને સ્વપદને પૂરે (છે).**' કેવો છે ? આત્મા કેવો છે ? એની વાત કરે છે.

પોતે '**અલખ**' છે. ઇન્દ્રિયજ્ઞાન દ્વારા લક્ષમાં આવી નથી શકતો તેથી તેને અલખ કહેવામાં આવે છે. આ શબ્દ તો આમાંય પ્રચલિત છે. અલખ નિરંજન. હિન્દુધર્મની અંદર આ શબ્દ પ્રચલિત છે. નિરંજન એટલે ડાઘ, મેલ વગરનો. અને અલખ એટલે લક્ષમાં ન આવે એવો. લક્ષમાં એટલે જ્ઞાનમાં ન આવે એમ નહિ. પણ ઇન્દ્રિયજ્ઞાનના લક્ષમાં ન આવે તેથી એને અલખ કહેવામાં આવે છે. જગતમાં તો એ જ્ઞાન જ પ્રસિદ્ધ છે. અને તેથી એ જ્ઞાનના લક્ષમાં કોઈને આવતો નથી. અલખ એટલે ન જન્મે એવો. જ એટલે જન્મવું.

'**અજ**' અજ છે. અજ એટલે ન જન્મે. જેને ક્યારેય જન્મ થતો નથી. નવો જન્મ્યો નથી એવો છે. આત્મા પોતે ક્યારેય નવો ઉત્પન્ન થયો છે એવો આત્મા નથી. એ તો પોતાની હયાતી ગમે ત્યાં ભૂતકાળમાં પાછળ જાવ, એ છે, છે ને છે જ. ક્યારેય કોઈ કાળમાં શરૂઆત થઈ છે એમ છે નહિ. આ પહેલો સમય છે. આત્માની હયાતીનો આ પહેલો સમય છે એવું ક્યારેય પાછળ ભૂતકાળમાં નથી. આગળ ભવિષ્યમાં જાવ તો આ છેલ્લો સમય છે એવું કોઈ નથી. એવો અજ એટલે અજન્મા છે. અજનો અર્થ છે અજન્મા છે. જન્મ જેને થતો નથી. આ 'જ' શબ્દ તો આપણે વપરાય છે. આત્મજ કરીને. પુત્રને નથી કહેતો ? પોતાથી જન્મેલો તેને આત્મજ કહે છે. પુત્રી હોય તો આત્મજા કહે છે. વપરાય છે ને કે નહિ ચાલુ ભાષામાં ?

આત્મજનિત-પોતાથી જનિત. જ એટલે જન્મવું. અજ એટલે ન જન્મે એવો.

'**આનંદ**' સ્વરૂપ છે, જેમાં આનંદનો પણ પાર નથી. એ આનંદને કોઈ સીમા નથી, હદ નથી. એવો આનંદસ્વરૂપી છે, અનંત આનંદ સ્વરૂપી છે.

'(**મહાનગુણવૃન્દધારી**)' મહાન ગુણોના વૃન્દનો. વૃન્દ એટલે સમૂહ. આ જિનવરવૃન્દ આપણે ભક્તિ કરતા હતા. આ વખતે 'સોનગઢ'માં પ્રતિષ્ઠામાં ૧૩૫ ભગવાનની પ્રતિષ્ઠા હતી. એટલે 'પૂજ્ય બહેનશ્રીએ' બધા ભક્તિના જે પદ બનાવ્યા એમાં જિનવરવૃન્દ શબ્દનો ઉપયોગ બહુ કર્યો છે. વૃન્દ એટલે સમૂહ, ટોળું. એને વૃન્દ કહે છે. સમૂહવાચક નામ છે. એ મહાગુણનો સમૂહ છે. મહાનગુણોના સમૂહનો ધારણ કરનારો છે.

'**અવિકારી**' છે. વિકારનું એમાં નામનિશાન, ગંધમાત્ર પણ જેમાં નથી. એવો પૂર્ણ અવિકારી છે. '**સર્વદુઃખહારી**' છે. બધા દુઃખને કોઈપણ પ્રકારના. એક પ્રકારનો, આ પ્રકારનો નહિ, સર્વદુઃખહારી છે. બધા દુઃખનો નાશ કરનારો છે. હરણ કરનારો છે. કોઈ દુઃખ ઊભું ન રહે. જીવ જેવી અંતર સાવધાનીમાં આવ્યો કે પોતાના સુખનિધાનને જોયું એને દુઃખની ઉપાધિ (રહેતી નથી). ઉપાધિથી દુઃખ છે ને ? કોઈ ઉપાધિ એને રહેતી નથી. ઉપાધિથી તત્કાળ છૂટી જાય છે. સર્વદુઃખહારી છે. વેદનાના દુઃખને પણ નાશ કરનારો છે. બીજા ઉપાધિના દુઃખ તો ઠીક છે. પણ વેદનાનું દુઃખ એવું છે માણસને કે જ્યાં વેદના થતી હોય ત્યાંને ત્યાં ઉપયોગ લાગ્યા કરે. ત્યાંને ત્યાં ઉપયોગ ચોંટી રહે. એ દુઃખ પણ અહીંયાં થાય એવું નથી.

નારકીના દુઃખમાં સમ્યગ્દૃષ્ટિને એવો ચિતર્યો છે. પ્રાણ છૂટી જાય એવી દશા હોય. રુંવાડે રુંવાડે પાણીનો પોકાર કરે એવી તૃષા હોય. એને શેરડીનો મીઠો ઠંડો રસ પાય તો ઘટક... ઘટક... ઘટક... ઘટક... પીએ કે નહિ ? કેવી રીતે પીએ ? ઉપયોગમાં તો પૂરેપૂરો વળગી જાય. એમ અહીંયાં પોતાના આત્માને જે ઉપયોગ વળગે છે ત્યારે એ શાંતિ ઘૂંટડે.. ઘૂંટડે.. પીએ છે. ઘટક.. ઘટક.. શાંતિને પીએ છે. કેમ કે અનાદિથી એણે એ સુખ જોયું નથી. સુખની તૃષા તો એને અનાદિથી

છે પણ સુખ એણે જોયું નથી. એ અનુભવમાં દુઃખનો નાશ થાય છે અને સુખનો અનુભવ થાય છે.

'**બાધારહિત**' છે. જે અવ્યાબાધ સ્વરૂપે છે, જેમાં કોઈ બાધા નથી. '**મહિત**' છે એટલે મહાન છે. મહાન હિતકારક છે. '**સુરસ**' છે એટલે જેમાં સુખનો રસ ભર્યો છે. સુખનો રસ અમૃતરસ ભર્યો છે. એવા સુરસ, સારા રસસહિત છે. રસસહિત છે. અને આત્મરસસહિત છે, ચૈતન્યરસસહિત છે. '**નિરંશી**' જેમાં કોઈ અંશ ભંગ-ભેદ નથી. અંશ એટલે ભેદ. જેમાં કોઈ ભેદ નથી એવો નિરંશી છે. અને કર્મનો

'**વિધ્વંસી**' છે. વિધ્વંસ એટલે નાશ કરવો. જે કર્મનો નાશ કરનારો છે. કર્મનો નાશ કરે એટલે શું ? કે કર્મના પરમાણુનું શૂન્યપણું થાય એમ નહિ. કર્મ હોય એ અકર્મ પર્યાયને ભજે. જે કર્મને જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ પ્રકૃતિ કાર્મણવર્ગણાની થઈ છે. એ અકર્મ થઈને કર્મસામાન્યમાં ચાલ્યા જાય. એને કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અથવા કર્મના સંબંધનો નાશ કર્યો. પોતે નિષ્કર્મ અવસ્થારૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે ત્યારે કર્મનો સંબંધ છૂટે છે. ત્યારે કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સંબંધ છૂટવો એને મૃત્યુ ગણે છે ને ? શરીરનો સંબંધ છૂટે ત્યારે મૃત્યુ (થયું એમ કહેવાય છે). તો કાંઈ નાશ થાય છે આત્માનો કે પરમાણુનો ? ન તો શરીરના કોઈ પરમાણુનો નાશ થાય છે, ન તો આત્માનો નાશ થાય છે. પણ શરીર અને આત્માનો સંબંધ છૂટે છે. એમ અહીંયાં કર્મનો સંબંધ છે છોડનારો છે.

'**ભવ્યનો આધાર**' છે. ભવ્યજીવ એનો આધાર કહે છે. અભવ્યો એનો આધાર લેતા નથી. જીવો તો બધાય છે. પણ માત્ર ભવ્યનો આધાર છે. એટલે જેને એવા આત્મસ્વરૂપનો આધાર લેવાની યોગ્યતા છે તેને ભવ્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અભવ્ય પણ છે તો આવો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- છે એવો પણ એને આધારરૂપ નથી થતો. એને એ આધાર કદી મળતો નથી. અભવીઓને નથી મળતો અને કેટલાક ભવ્યોને પણ નથી મળતો. અનંતા ભવ્યો પણ એવા છે કે એને એ આધાર નથી. એટલે અહીંયાં જ્યા જ્યાં ભવ્ય આવે છે ત્યાં નિકટભવ્ય લેવા. નિકટભવ્યોના આધારૂપ છે. એવા જીવોને જ સંબોધન કરે છે ને.

જે જીવોને પોતાના સ્વરૂપનો આદર છે એને એ સ્વરૂપ બતાવવામાં અને કહેવામાં આવે છે. જેને અનાદર છે એને કહેવાનો અર્થ નથી અને એને કહેવાનો કોઈ પરિશ્રમ પણ કરતા નથી. સામાન્ય રીતે આ એક વ્યવહાર પદ્ધતિ છે.

'શ્રીમદ્જી'એ કહ્યું ને કે, 'તૃષાતુરને પાણી પાયાની મહેનત કરજો.' એટલે જેને જ્ઞાનપીપાસા છે એને જ્ઞાન દેવું. જેને નકાર આવે છે, અનાદર આવે છે એને કહેવા, સંભળાવવાનો પરિશ્રમ કરવા યોગ્ય નથી. કેમ કે એ તો અનાદર કરશે. જેને અનાદર પડ્યો છે એ તો સાંભળીને પણ અનાદર કરશે.

'**ભવ્યોનો આધાર છે. ભવપારનો કરનાર**' છે. બધા ભવ છે એને છેદી નાખે, એને પાર કરી નાખે. અનંત કાળથી જે જન્મ-મરણ અને ભવો થઈ રહ્યા છે એ બંધ કરી દે, એનો ભવસાગરથી પાર ઉતારી નાખે, એવું જેનું સ્વરૂપ છે. '**જગતનો સાર**' છે. જગતમાં આ એક જ નિજ આત્મતત્ત્વ જ સારભૂત છે અને બાકીનું બધું અસાર છે. આ એક સાર છે અને બાકીનું બધું ખરેખર તો અસાર છે. આને સાર કહેતા આપોઆપ આવી જાય છે કે બાકીનું બધું અસાર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : હા, લાયકાત જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, યોગ્યતા જ એવી હોય કે એ ભગવાનનો નકાર કરે, ભગવાનની વાણીનો નકાર કરે. ભગવાનપદમાં આવવાવાળા સંતોનો નકાર કરે, સાધકોનો નકાર કરે. એ બધું એને એ પરસ્પર વિરુદ્ધતા છે. એ મિથ્યાત્વ અને મિથ્યાત્વને વળગી રહેવાની યોગ્યતાવાળા જીવો છે, જેનું મિથ્યાત્વ દઢ છે એનો સ્વભાવ એવા જ પ્રકારે છે. એને એ અરુચિનો વિષય છે. એ બધો અરુચિનો સ્વભાવ અરુચિનો વિષય છે તો સ્વભાવને પ્રાપ્ત એવા ભગવાનનો અરુચિનો વિષય છે, એને કહેનારી વાણી અરુચિનો વિષય છે, એને કહેનારા સંતો અરુચિનો વિષય છે. એ બધું એને અરુચિનો વિષય થાય છે.

મુમુક્ષુ :- મહાવીર ભગવાનને .. ભગવાનની વિરુદ્ધ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વખતે અરુચિ થઈ હતી, અરુચિ થઈ

હતી તો કેટલા, કેટલા અબજોના અબજો અસંખ્ય અબજ વર્ષ રખડ્યા.

મુમુક્ષુ :- પચાસ લાખ વાર ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હશે. અસંખ્ય અબજ વર્ષ રખડ્યા છે. એક ક્રોડાક્રોડી સાગર છે ને ? ચોથો આરો એક ક્રોડાક્રોડી સાગરનો છે.

મુમુક્ષુ :- નરકમાં તો વધુમાં વધુ ૩૩ સાગર.

પૂજ્ય ભાઈશ્રી : ૩૩ સાગર. આ તો એક ક્રોડાક્રોડી સાગર છે. એક કરોડ X એક કરોડ. એટલા સાગર. સાગર, એટલા વર્ષ નહિ. એટલા સાગર. એક સાગરમાં કેટલા અસંખ્ય પલ્યોપમ છે અને એના પલ્યોપમના એક એક પલ્યોપમના અસંખ્ય અબજ વર્ષ છે. બહુ મોટું પરિમાણ છે. ભુક્કા નીકળી જાય. અહીંયાં જ્યાં નિષેધ કરે, વિરોધ કરે, વિરાધના કરે, પ્રત્યક્ષ સામે હોય ને વિરાધના કરે. ભુક્કા નીકળે, જીવના હોથા નીકળી જાય. એવા પરિભ્રમણ દુઃખનો કોઈ પાર રહેતો નથી. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ ....

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન પ્રત્યક્ષ હતા ને ત્યાં. આમ તો પરોક્ષપણે તો બધા જ મિથ્યાદૃષ્ટિજીવને વિરાધકભાવ છે કે વિરાધના વર્તે છે. પણ અહીંયાં સામે હોય અને આ નહિ, આ નહિ એમ જે કરે છે.

મુમુક્ષુ :- જિન પ્રતિમા સાક્ષાત્ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ સાક્ષાત્ જ છે ને. એમાં આવી જાય છે બધું. ભગવાન તો ભગવાન પ્રતિમારૂપે જ છે ને ? ત્યાં ભગવાન એની સાથે ક્યાં વાતચીત કરે છે ? એ વિરોધ કરે છે એટલે ભગવાન એની સાથે કાંઈ વાતચીત કરે છે ? એ તો બહાર ઊભો ઊભો, સમવસરણની બહાર ઊભો ઊભો દેકારો કર્યા કરે. અંદર તો કાંઈ તાકાત નથી કોઈની. બહાર કરે છે. સમવસરણની બહાર હોય છે. મરિચિ છે એ સમવસરણમાં નથી કરતો, બહાર ગડબડ કરે છે. ભગવાન તો એક સૂર્ય છે. સર્વજ્ઞ છે. સૂર્યની સામે કોઈ ધૂળ ઊડાડે તો સૂર્યને અંદર કાંઈ એકાદી રજકણ ચોંટી જાય એવું તો કાંઈ બનતું નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- આંખમાં પડે એ દરદ તો ઓછું છે. ઓલું તો સાગરોપમ સુધી. અસંખ્ય અબજો વર્ષ સુધી ક્યાંયના ક્યાંય

પરિભ્રમણમાં નરકના એટલા ભવ, તિર્યંચના એટલા ભવ.. બેસુમાર.

મુમુક્ષુ :- બહાર એટલે આમ કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- એવો ભગવાનનો અતિશય છે કે ભગવાનના સમવસરણમાં કોઈ ભગવાન વિરુદ્ધ બોલી ન શકે. મનમાં ભાવ આવી જાય. મનમાં વિરાધકભાવ આવી જાય. એવા હોય. પણ અંદર કોઈ બોલી ન શકે. એટલા પુણ્ય છે. આ માણસને પુણ્ય નથી હોતા કે એના ઘરમાં કોઈ ન આવી શકે. બહાર ઊભો ઊભો ભલે ગમે એમ કરે. ઘરમાં આવે તો સીધો Trace pass નો ગુનો થાય. Trace pass કરે છે ને ? બહાર ઊભા ઊભા કરી શકે. અંદરમાં ન આવી શકાય. વિરુદ્ધતામાં કોઈના ઘરમાં કોઈથી જવાય નહિ.

મુમુક્ષુ :- આટલું કર્યું હોવા છતાં ભવી તો હતા જ.

પૂજ્ય ભાઈશ્રી :- ભવી હતા. એ તો અનંત અનંત કાળે જીવો પામનારા ભવ્યજીવો ઘણાય છે. આપણે અનંત કાળ પહેલા નથી પામ્યા એટલે કાંઈ અત્યારે ન પામીએ એવું કાંઈ નથી. અનંતકાળ ગયો. કેટલો ? સાગરોપમનો એક ક્રોડાક્રોડી સાગર એની પાસે કાંઈ નથી. એટલો કાળ આપણો ભૂતકાળમાં ગયો છે. છતાં અત્યારે તૈયારી કરીએ તો રસ્તો ખુલ્લો છે. દરવાજા ખુલ્લા છે. મોક્ષના દરવાજા હંમેશને માટે જીવને ખુલ્લા છે.

મુમુક્ષુ :- જે પામનાર હોય એના ભાવ કેવા હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- પામનાર હોય એને તો એ સ્વરૂપનો મહિમા કરનારા હોય, સ્વરૂપના નિમિત્તોનો પણ મહિમા કરનારા હોય. બેય વાત એમાં આવી જાય છે. ઉપાદાન અને નિમિત્ત એમાં આખો વિષય આવી જાય છે.

મુમુક્ષુ :- દેવ, ગુરુ અને શાસ્ત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેવ-ગુરુ અને શાસ્ત્ર ત્રણે. અંદરમાં પોતાનો આત્મા એનો સાથ અને બહારમાં દેવ-ગુરુનો સાથ સાથે રાખજે. ભલામણ કરી છે ને ?

મુમુક્ષુ :- યોગ્યતાનો કાળ દરેકને...

પૂજ્ય ભાઈશ્રી :- દરેકનો સમય સમયની યોગ્યતા (છે). બીજો સમય નહિ. પછી લંબાય અનંત કાળ. વિપરીત યોગ્યતા હોય તો

લંબાઈ શકે અનંત કાળ, પણ સમય સમય થઈને. પ્રત્યેક સમયે નવી. એટલે જ કોઈ સમયે ભૂલ ભાંગે છે ને ? કોઈપણ સમય બદલતા એક જ સમય લાગે છે જીવને. મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ થતા કેટલી વાર ? એક જ સમય, બીજો સમય નહિ. એમ છે. જે સમયે મિથ્યાત્વનો વ્યય, તે જ સમયે સમ્યક્ત્વનો ઉત્પાત. બીજો સમય નહિ કે આ સમયે નાશ થયો અને હવે બીજા સમયે ઉત્પન્ન થશે એમ નહિ. શું કહે છે ?

**'ભવ્યનો આધાર'** છે પોતે. **'ભવપારનો કરનાર'** છે **'જગતનો સાર'**ભૂત તત્ત્વ છે. **'દૂર્નિવાર દુઃખને ચૂરે (છે)'** ગમે તેવું દૂર્નિવાર દુઃખ હોય તો પણ એના ભુક્કા બોલાવે છે. ખલાસ કરી નાખે, ઘડીકમાં. **'દૂર્નિવાર દુઃખને ચૂરે (છે) ભવના તાપરૂપ પુણ્ય-પાપને મટાડીને સ્વપદને પૂરે (છે).'** ભવમાં અનેક પ્રકારના દુઃખથી તપાયમાન જીવ છે. શેનાથી તપ્તાયમાન છે ? કે પુણ્ય-પાપથી. તાપરૂપ પુણ્ય-પાપ. એકલું પાપ નથી લીધું. પુણ્ય અને પાપ બંને લીધા છે. ભવના તાપરૂપ જે પુણ્યને પાપ છે... કેમ કે કેટલાક ભવો પુણ્યના ફળમાં છે અને કેટલાક ભવો પાપના ફળમાં છે. એ બધો તાપ છે. દુઃખનો તાપ છે એ બધો, ક્લેશનો તાપ છે. તેને **'મટાડીને સ્વપદને પૂરે (છે).'** એ સ્વપદની અંદર આવી જાય એવું પોતે આત્મસ્વરૂપ છે. જેને લક્ષમાં લેતા સર્વ કાર્યો જેના સિદ્ધ થાય છે. કોઈ કાર્યમાં એને આમ નથી કે મને આ જોઈએ, એ પ્રશ્ન રહેતો નથી.

**'આત્મપદને ઓળખાવી ચિદાનંદને દર્શાવી દે (છે).'** તે પોતે જ પોતાને ઓળખાવનાર છે. આત્મપદ છે એ પોતે જ પોતાને ઓળખાવે છે. અને પોતાના પરિપૂર્ણ ચિદાનંદને દેખાડે છે. ઓળખાવે છે, દેખાડે છે. **'સદા સુખકંદ, નિરફંદ ઓળખાવે (છે),...'** સુખનો કંદ છે અને જેમાં દુઃખના અને જગતના કોઈ ફંદ નથી એવા સુખકંદને ઓળખાવે છે. **'અવિનાશી પદને પામે (છે),...'** શાશ્વતપદને પામે છે. પછી ક્યાંય એની બદલી થાતી નથી. **'અવિનાશી પદને પામે (છે),...'**

**'લોકાલોકને ઝળકાવે (છે),...'** એટલે લોકાલોકને પ્રકાશે છે- જાણે છે. **'ફરી ભવમાં ન આવે.'** ફરી પછી જેને જન્મ-મરણ ન થાય. **'(જેના) સર્વ વેદ ગુણ ગાય...'** ચારે વેદ જેના ગુણ ગાય. એવું આત્મપદ છે. સાહિત્યમાત્ર. સત્સાહિત્ય તમામ સાહિત્ય એ ચાર વેદમાં

આવી ગયા. ચાર વેદ કહેતા બધા શાસ્ત્રો આવી ગયા.

મુમુક્ષુ :- ચારે અનુયોગ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચારેય અનુયોગ. વેદ એટલે જાણવું. આમ તો વેદ એટલે જાણવું. ચારેય અનુયોગમાં બધું આવી જાય છે. તે આત્માના જ ગુણ ગાય છે. '**તેને ક્યાં સુધી દર્શાવીએ** ?' આ નાના ગ્રંથમાં એને ક્યાં સુધી બતાવીએ ? એ તો ચારે વેદ છે એ ભગવાન આત્માના જ ગુણ ગાય છે. એથી અધિક છે એ જિનવાણી છે, દિવ્યધ્વનિ છે. એ પણ આત્માના જ ગુણ ગાય છે. ચાર વેદ એટલે ચાર અનુયોગ કરતા પણ અનંત ગુણ જેમાં વાણીનો પ્રકાશ છે. વાણીનું પરિણમન અનંત ગુણ છે એનાથી.

અહીંયાં બાર અંગમાં એટલે ચારેય અનુયોગમાં તો દિવ્યધ્વનિથી અનંતમે ભાગે આવે છે. એટલું વસ્તુનું સ્વરૂપ દિવ્યધ્વનિમાં પ્રકાશમાન થાય છે. અને કેવળજ્ઞાનમાં તો એથી અનંતગણું આવે છે. જે દિવ્યધ્વનિમાં આવે છે એનાથી પણ અનંતગુણ આવે છે. '**તેને ક્યાં સુધી દર્શાવીએ** ?' એને આ વાણીમાં-અક્ષરાત્મક વાણીમાં ક્યાં સુધી કહીએ ?

'**વચનગોચર ન આવે. (એવું) એ પરમ તત્ત્વ છે.**' વચનમાં જે ન સમાય એવું એ વચનાતીત પરમતત્ત્વ છે અતત્ત્વથી અતીત છે. અતત્ત્વ એટલે પોતાના તત્ત્વ સિવાયના બીજા તત્ત્વોથી એ પાર છે. અતીત છે એટલે પાર છે. '**અતત્ત્વથી અતીત જેમાં વિપરીત કરણી નથી.**' જેમાં વિપરીત કાર્યનો એક અંશ પણ જેમાં નથી. કરણી એટલે કાર્ય. '**જેમાં વિપરીત કરણી નથી. ભવદુઃખની ભરણી, હિતહરણી અનુસરણી (હિતના નાશને અનુસરનારી), (એવી કરણી)...**'

મુમુક્ષુ :- અતત્ત્વથી અતીત એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના સિવાયના તત્ત્વો એ બધાના અતત્ત્વ લીધા. પોતે સ્વતત્ત્વ અને બાકી બધા અતત્ત્વ. પોતે આત્મા અને બીજા બધા અનાત્મા. અતત્ત્વ કહો કે પરતત્ત્વ કહો. પરતત્ત્વથી પાર છે. '**જેમાં વિપરીત કરણી નથી.**'

'**ભવદુઃખની ભરણી, હિતહરણી અનુસરણી (હિતના નાશને અનુસરનારી), (એવી કરણી) અનાદિથી જ મોહરાજાએ બનાવી છે.**'

**'ભવદુઃખની ભરણી છે (હિતના નાશને અનુસારની), (એવી કરણી) અનાદિથી જ મોહરાજાએ બનાવી છે.'** આ જે દર્શનમોહ છે એનું આ જગતમાં એક ચક્રી સામ્રાજ્ય છે. બધાને મોહરાજા હાંકે છે.

'સમયસાર'માં દૃષ્ટાંત લીધું છે ને કે જેમ બળદને ગાડે જોડે અને એ બળદ પાસેથી કામ લેવામાં-ભાર ઉપાડવામાં આવે છે. ગાડામાં જેટલી ચીજ નાખી એ બધું ખેંચવાનું તો બળદને ને ? એમ આ જીવ ઉપાધિનો ભાવ વહન કરે છે એ દર્શનમોહ-મોહરાજાને વશ થઈને (કરે છે). મોહરાજા એની પાસે એ બધો ઉપાધિનો ભાર વહેવડાવે છે, ખેંચાવે છે. એ મોહરાજાએ ભવદુઃખની ભરણી-ભવના દુઃખ એણે ભર્યા છે. જેટલા પ્રકારના દુઃખ છે...

હમણાં એક અમારા સંબંધી ગયા હતા. કેન્સરના દર્દીની ખબર કાઢવા. બીપીનું પોતાને દર્દ છે. ખબર કાઢી આવ્યા પછી મારું તો બીપી વધી ગયું. બીપી વધે એટલે માથુ દુઃખે. માથામાં ધમધમાટ થાય. અત્યારે ચિંતાનું બીજું કાંઈ કારણ નથી પણ આને જોયા પછી બીપી વધી ગયું. મન નબળું હોય ને ? મન નબળું હોય તો બીજાનું દુઃખ ન જોઈ શકે. અરે..રે..! આવું થયું આને ? આને આવું થયું ? એમ થઈ જાય એને.

એ ભવના અનેક પ્રકારના દુઃખ છે એ મોહરાજાને કારણે છે. મોહરાજાએ એ બધા દુઃખ ભર્યા છે અને પોતાના આત્મહિતને હણી લીધું છે. એ મોહરાજાએ આત્મહિતને હણી લીધું છે એવી કરણી અનાદિથી (ચાલી આવે છે). એવી કરણી એટલે કાર્યપદ્ધતિને કરણી કહે છે. તમારી કરણી આવી અને અમારી કરણી આવી. કામ કરવાની પદ્ધતિ. મોહરાજાએ બનાવી છે કે જે કાર્યપદ્ધતિથી ભવના દુઃખ ભરાય છે અને આત્માનું હિત હરાય જાય છે.

**'જગતના જીવોને ભાવી (ગમી) છે,...'** આવી જે મોહરાજાની કરણી છે હિતહરણી અનુસરણી છે, ભવદુઃખભરણી છે એવી કરણી જગતના જીવોને ભાવી છે. જગતના જીવોને એ બહુ ભાવે એટલે રુચે છે. ભાવે છે એટલે બહુ રુચે છે. એમાં એ ઉલળી ઉલળીને પડે છે. કોઈ એને ન બોલાવે તો એનો વાંધો લે. પણ તને બોલાવે તો ઉપાધી વધશે તારી, એમ ને એમ પડ્યો રહે તો તને વાંધો શું છે ? એનો એને વાંધો.

રુચે છે ને ? એને રુચે છે, દુઃખ રુચે છે. સુખ-દુઃખની ખબર નથી.

'ગુરુદેવ' એક દષ્ટાંત આપતા. એક કંદોઈને ત્યાં તેલનો તાવડો, ઉકળતા તેલનો તાવડો હતો એમાં ઉપરથી સર્પ પડ્યો. ઉપર મોભે જાતો હશે, ધુમાડો લાગ્યો એટલે પક્કડ છૂટી ગઈ. એની જે ચાલવાની પક્કડ હોય, આમ તો પગ તો નથી એને પણ એ પોતાની ચામડીથી પકડે છે, એ પક્કડ છૂટી એટલે ધૂમાડાને લઈને પડ્યો તાવડામાં. હવે એને ક્યાં જાવું એ એને ખબર ન મળે. તાવડામાં પડ્યો એટલે તો એકદમ દુઃખી થઈ જાય. એટલે ભાગવા માટે એને ક્યાં જાવું એ ખબર નહિ એટલે ગયો ચૂલમાં સીધો. તાવડામાંથી ગયો ભઠ્ઠીમાં.

આ જીવની આ દશા છે. એક દુઃખમાંથી નીકળવા માટે બીજા દુઃખમાં ઘૂસી જાય છે. એક દુઃખમાંથી છૂટવા માટે પ્રયત્ન એવો કરે છે કે બીજા દુઃખમાં એ ઘૂસી જાય છે. Point તો આટલો જ છે એ દષ્ટાંતની અંદર. આ તો જોયેલું. બનેલો બનાવ એટલે એના ઉપરથી તત્ત્વવિચાર હોય ને એ તો કોઈ (પણ) પ્રસંગે એમાંથી તત્ત્વ પકડી લે છે. તત્ત્વનો જેનો દૃષ્ટિકોણ હોય એ, જગતનો ગમે તે બનાવ બને એમાં તત્ત્વ શું છે, એ અર્થઘટનમાં આવે છે. જ્ઞાનનો એ દૃષ્ટિકોણ જ થઈ જાય છે. ગમે એ પ્રસંગને એ તત્ત્વના દૃષ્ટિકોણથી જ જોવે છે.

આ પ્રસંગ છે. તો (એને એમ થાય કે) જગતના જીવની આ જ દશા છે. આ સર્પ જેમ કઈ દિશામાં જતાં સુખ છે એને ખબર નથી, એમ જગતના જીવને પણ કઈ દિશામાં જતા સુખ નથી. છેવટે એક ઓઘે ઓઘે એમ માન્યું છે કે ધર્મ કરવામાં સુખ છે. સંસારી કાર્યો ન કરવા અને ધર્મ કરવા. તો જ્યાં અધર્મ થાય છે, મિથ્યાત્વ દઢ થાય છે ત્યાં ઘૂસી જાય છે.

મુમુક્ષુ : ધર્મને બહાને મિથ્યાત્વમાં ચડે.

પૂજ્ય ભાઈશ્રી : ધર્મને બહાને મિથ્યાત્વ દઢ થાય ત્યાં ઘૂસી જાય છે. જેને તેને સાંભળે છે, જેને તેને માને છે. ગમે ત્યાં પકડાય જાય છે. દિશાની ખબર નથી.

**'જગતના જીવોને ભાવી (ગમી) છે.'** આવી જે દુઃખભરણી છે એવી કરણી જગતના જીવોને ભાવી છે. **'દુઃખદાયક છતાં સુહાઈ છે (ગોઠી છે)'** છે એ દુઃખદાયક કરણી-કાર્યપદ્ધતિ છે એ દુઃખની દેનારી

છે તો પણ એને એ ગમી ગઈ છે. ગોઠી ગઈ છે અંદરમાં. '**અથવા જેમાં અજ્ઞાનની અધિકાઈરૂપ બહુ કાટ (મેલ) લાગ્યો છે.**' એવી કરણી છે. કેવી છે ? કે જેમાં ઘણું અજ્ઞાન ભર્યું છે એવી એ કાર્યપદ્ધતિ છે.

જો પાત્રતા હોય અને ભવભ્રમણથી જીવ ડરતો હોય તો જ સાવધાની રાખે અને તો જ બચે કે ક્યાંય પણ હું મારું હિત કરવા જતા અહિત તો નથી કરી બેસતો ને ? ભવભ્રમણથી ભયવાન હોય એ જ જીવને એ સાવધાની આવે છે. બાકી સાવધાની આવ્યા વગર એમ ને એમ ધર્મની અંદર પણ જીવ ગોથા ખાય છે. ધર્મના સ્થાનમાં, ધર્મના ક્ષેત્રોમાં અને ધર્મના કાર્યોમાં પણ જીવ ગોથા ખાય છે. સંસારના કાર્યોમાં તો ગોથા ખાય એમાં નવાઈ નથી પણ અહીંયાં પણ ગોથા ખાય છે.

'**બહુ કાટ (મેલ)...**' અજ્ઞાનની અધિકાઈને લઈને લાગ્યો છે. '**(પણ) જ્ઞાનરીતિને અંતરમાં લાવીને વિપરીત કરણીને ભેદીને સાધકતા સાધી મહાન થાય છે.**' જ્યારે જીવ જ્ઞાનરીતિને અંતરમાં લાવે, જ્ઞાનપદ્ધતિ લીધી. '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते नहि।**' લાખ, કરોડ ગમે તે ક્રિયા કર પણ જ્ઞાનગુણ વિના જ્ઞાનની પ્રાપ્તિ થવાની નથી. નિર્જરા અધિકારનો 'અમૃતચંદ્રાચાર્ય'નો (૧૪૨મો) શ્લોક છે. એ તો આગળ બધા પદ પણ લીધા છે કે તપના ભારથી ગમે તેટલો ચૂર થઈને મરે છે તો પણ '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते नहि।**' પામશે નહિ.

અહીંયાં જ્ઞાનરીતિ લીધી છે, જોયું ? રીતિનો જ્યાં વિષય આવ્યો ત્યાં '**જ્ઞાનરીતિને અંતરમાં લાવીને...**' જ્ઞાનની જે પદ્ધતિ છે એ સમ્યક્જ્ઞાનની પદ્ધતિથી, સન્મુખ જ્ઞાનની પદ્ધતિથી, નિજજ્ઞાનની પદ્ધતિથી પોતાના ભાવોને અંતરમાં વાળીને વિપરીત કાર્યપદ્ધતિને ભેદીને-નાશ કરીને '**સાધકતા સાધી...**'ને પોતે મહાન થાય છે. આ રીતે પોતે ઊંધી પદ્ધતિ છોડી શકે છે એ વાત પાછી ઉલટાવીને ફરીને લે છે. (વિશેષ લઈશું...)

**તા. ૨૭-૧૦-૧૯૮૫, પાના નં.૧૭, પ્રવચન નં. ૪૭**

.... જીવની વાત લીધી. જગતના જીવોને અજ્ઞાનની અધિકાઈથી બહુ કાટ લાગ્યો છે એટલે મલિનતા ઘણી થઈ છે. અનાદિથી મિથ્યાત્વના અને અજ્ઞાનના સંસ્કાર છે. તો '**(પણ) જ્ઞાનરીતિને અંતરમાં લાવીને વિપરીત કરણીને ભેદીને સાધકતા સાધી મહાન થાય છે,...**' ભલે અનાદિથી વિપરીત પરિણામ કર્યા હોવા છતાં પણ પોતે જ્ઞાનરીતિમાં આવે. અંદરમાં જ્ઞાનરીતિમાં આવે તો વિપરીત કાર્ય છે-વિપરીત કાર્યપદ્ધતિ છે એનો નાશ કરી શકે છે. શું કહેવું છે ?

જ્ઞાનરીતિ લીધી છે. જ્ઞાનરીતિ એટલે ભેદજ્ઞાનની પદ્ધતિ, એને જ્ઞાનરીતિ કહી છે. અનાદિથી જીવ પરપદાર્થમાં સ્વપણાની માન્યતા કરી કરીને પરપદાર્થની સાથે એકત્વ કરી રહ્યો છે. સાથે સાથે ઉત્પન્ન થતો જે અનંતાનુબંધીનો રાગ તેની સાથે પણ તે એકત્વ કરી રહ્યો છે. જ્યાં સુધી ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધોપયોગમાં આવીને ભિન્ન આત્માનો અનુભવ ન કરે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ ન કરે ત્યાં સુધી કોઈપણ પ્રકારનો રાગ થાય છે તે બધો અનંતાનુબંધીનો રાગ થાય છે. અશુભરાગ પણ અનંતાનુબંધીનો છે અને ત્યાં શુભરાગ પણ અનુતાનુબંધીનો છે.

અનુભવ થયા પહેલા શુદ્ધાત્માનો શુદ્ધ સ્વભાવનો વિકલ્પ ઊઠે તે પણ અનંતાનુબંધીનો રાગ છે. એમાં અહંપણું સ્વપણું કર્યું છે અને રાગના વિષયરૂપ પદાર્થો, શરીર અને બીજા સંયોગોમાં સ્વપણું કર્યું છે. તેનાથી ભાવે જુદો પડે તો દ્રવ્યે જુદો પડે. પહેલાં ભાવથી જુદો પડે. શ્રદ્ધા-જ્ઞાનમાં ભાવથી જુદો પડે તો અહીંયાં દ્રવ્યથી પણ (જુદો પડે) એટલે દ્રવ્યમોક્ષ થાય, તો શરીરાદિ રહિત અને રાગાદિ રહિત સિદ્ધપદને પ્રગટપણે પ્રાપ્ત કરે.

તેથી '**જ્ઞાનરીતિને અંતરમાં લાવીને વિપરીત કરણીને ભેદીને...**' વિપરીત કાર્યપદ્ધતિને છોડીને '**સાધકતા સાધી...**' સાધના કરી,

સાધકતા સાધવી એટલે સાધનાને કરી મહાન થાય છે. પરમાં લાચારી કરતો નથી, દીનતા કરતો નથી તેથી મહાન થાય છે.

‘**નિજ ધ્યાનરૂપ આનંદસુધાનું પાન થાય.**’ જ્યારે સ્વરૂપની સાધના થાય ત્યારે નિજ ધ્યાન લાગે અને એ નિજ ધ્યાનમાં આનંદસુધાનું આનંદ અમૃતનું પાન થાય. સુધા એટલે અમૃત. આનંદઅમૃતનું પીવાનું ત્યાં થાય છે. ‘**મોક્ષપદનો નિદાની (થઈ) એ જ સમયમાં સ્વરસવશી થાય છે.**’ પરમાગમોમાં અધ્યાત્મ વિષયક અનેક શબ્દો છે એનો પ્રયોગ અહીંયાં ‘દિપચંદજી’એ કર્યો છે. અનુભવનો અધ્યાત્મ ગ્રંથ છે ને એટલે.

‘**મોક્ષપદનો નિદાની (થઈ)...**’ નિદાન એટલે ધ્યેય. આપણે નથી કહેતા ? નિયાણું બાંધે છે. મુનિદશામાં કોઈ ભોગ-ઉપભોગનો નિદાન બંધ કરે છે, ત્યારે પૂર્વ પુણ્યના ઉદયથી એ ચક્રવર્તીપદને કે એવી રીતે પુણ્યની પદવીને પ્રાપ્ત કરે છે. મિથ્યાદૃષ્ટિ થાય છે ને. એ નિયાણો અથવા નિદાનબંધ છે એ સંસારમાં ચાર ગતિમાં રખડાવે છે.

અહીંયાં મોક્ષપદનો નિદાની થાય. મોક્ષપદનું જેને ધ્યેય છે. પૂર્ણ શુદ્ધતાનું જેને ધ્યેય છે તે એ જ સમયમાં અથવા એક જ સમયમાં ‘**સ્વરસવશી થાય.**’ સ્વ નામ આત્મરસના વશથી પોતે શુદ્ધ પરિણામને પ્રાપ્ત કરે. પરવશપણું એનું મટે અને સ્વવશ થાય. સ્વવશ થાય ત્યારે સ્વનો અત્યંત રસ ઊપજ્યો હોય તો સ્વરસવશી થાય.

‘**ઇન્દ્રિયચોરને દબાવી, કાયાની માયા ત્યજીને પરમેશ્વરસ્વરૂપ પદને (પોતાના) અઘટ ઘટમાં વ્યાપક નિહાળ્યું.**’ શું કહ્યું ? જ્યાં પોતે સ્વાનુભવમાં આવે છે ત્યારે ઇન્દ્રિયો તરફના પરિણામ છે એમાં નિરસપણું આવે છે એટલે ઇન્દ્રિયચોરને ત્યાં દબાવી દીધો. બહારમાં અવિરત સમ્યક્દૃષ્ટિ હોય. વ્રત પચ્ચખાણ ન દેખાતા હોય તો પણ એને ઇન્દ્રિય વિષયોનો રસ હોતો નથી. જે સમ્યગ્દૃષ્ટિ શુભભાવને પણ હેય માને છે, તે અશુભને ઉપાદેય માને તો એનું સમ્યગ્દૃષ્ટિપણું ક્યાં રહ્યું ? અશુભમાં રસ આવે, અશુભ પરિણામમાં રસ આવે તો દૃષ્ટિ મિથ્યા થયા વિના રહે નહિ.

શુભમાં મર્યાદિત રસ આવે છે કેમ કે શુભનું ઉપાદેયપણું નથી. પણ જો અશુભમાં રસ આવો તો દૃષ્ટિ મિથ્યા થયા વિના રહે નહિ. એ

સમ્યગ્દૃષ્ટિ ન રહી શકે. એવો અશુભના રસ સાથે શ્રદ્ધાનને સીધો સંબંધ લાગી જાય છે. ભલે આચરણ અશુભનું છે એટલે ચારિત્રની મુખ્યતાનું પરિણમન છે, પણ એમાં રસ આવે તો દૃષ્ટિ મિથ્યા થયા વિના રહે નહિ. શ્રદ્ધાન છૂટી જાય.

મુમુક્ષુ :- ઇન્દ્રિયો ચોર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્માના ગુણરત્નને ચોરે છે. એટલે જેમ ચોરી થાય ત્યારે ખબર પડતી નથી કે ચોરી થઈ. છૂપી રીતે કોઈ લઈ જાય છે ને ? એમ જ્યારે ઇન્દ્રિયોના આશ્રયે પરિણામ કરે છે ત્યારે ઇન્દ્રિય વિષયોમાં સુખનો આભાસ થાય છે. એમાં આત્માના ગુણની હાનિ થાય છે. એટલે ગુણને નુકસાન પહોંચે છે. તેથી એને ચોર કહેવામાં આવે છે. એક, ઇન્દ્રિયચોર છે અને બીજો, પ્રમાદ ચોર છે. ચોર લઈએ તો. પ્રમાદ છે એ ચોર છે.

પ્રમાદ છે એ ચોર છે એટલે શું ? કે પ્રમાદના કાળમાં જીવને તીવ્ર કષાય ન દેખાય. અત્યારે કાંઈ ખાસ પ્રવૃત્તિ નથી કે બીજા વિચાર આવતા નથી, આરામથી જીવન પસાર થાય છે. તો ત્યાં પોતાને કેટલું નુકસાન થાય છે એનો ખ્યાલ નથી રહેતો. શાતામાં પસાર થતો કાળ, એ કાળ કેટલો ચાલ્યો જાય છે અને એ પરિણમનમાં આત્માને કેટલું નુકસાન છે, એની ખબર રહેતી નથી. એટલે પ્રમાદને પણ ચોર કહ્યો છે.

અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રમાદના પરિણામને કષાયરસથી ભરેલું પરિણામ કહ્યું છે. કેવું ? કષાયરસથી ભરેલું પરિણામ કહ્યું છે. જ્યારે જીવ પ્રમાદી થાય છે ત્યારે એનો કષાય તીવ્ર નથી દેખાતો પણ કષાયરસ ત્યાં તીવ્ર છે, એમ કહેવું છે. અને એ કષાયરસના ભારથી ભરેલું પરિણમન છે એમ કહેવામાં આવે છે. એ અધ્યાત્મદૃષ્ટિનો ચમત્કાર છે કે જ્યાં પ્રગટપણે કષાય તીવ્ર દેખાતો નથી છતાં પણ ત્યાં કષાયરસ ઘણો પડ્યો છે એ એને દેખાય છે. એ અધ્યાત્મદૃષ્ટિનો વિષય છે.

મુમુક્ષુ :- પ્રમાદને ભયનું કારણ કીધું છે. પ્રમાદ એ ભય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાદ એ ભય છે એટલે આવા ચોરનો ભય લાગે છે. આત્માર્થી જીવને પ્રમાદનો ભય લાગે છે. પ્રમાદ થાય તો એને ભય થઈ આવે છે. કેમ કે એમાં કષાયરસ છે એ આત્માના અહિતકર

પરિણામ છે. અને જ્યાં આત્માનું અહિત થાય ત્યાં ભયની ઉત્પત્તિ થાય, એવો એક સહેજે સહેજે પાત્રતાનો પ્રકાર છે. પાત્રતાના લક્ષણમાં એ વિષય આવે છે.

મુમુક્ષુ :- અશુભનો રસ જ્ઞાનીને ...જોવો કે અંદર વૃત્તિ સાથે જોવો ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ તો વૃત્તિમાં છે ને ? રસ ક્યાં છે ? રસ તો વૃત્તિમાં છે. સંયોગ પૂર્વકર્મનું ફળ છે. સંયોગ વર્તમાન પ્રયત્નનું ફળ નથી. વળી સંયોગ પરદ્રવ્ય હોવાથી આત્મા એમાં કાંઈ કરી શકે છે એ વસ્તુસ્થિતિ નથી. લાવવું, કાઢવું એ આત્માના અધિકારનો વિષય નથી. પૂર્વકર્મ અનુસાર ચારે ગતિમાં કોઈપણ સંયોગમાં જીવને તે સંયોગની વૃત્તિથી વિમુખ એવુ સમ્યગ્દર્શન તો થઈ શકે છે. અને સમ્યગ્દર્શન થાય છે ત્યારે એના રસ છે એમાં ફેર પડે છે. જે ફેર પડે છે એમાં રસમાં ફેર પડે છે.

મુમુક્ષુ :- કેરીનો રસ ... અંદર રસ... એવી રીતે અમે જ્ઞાનીને જોઈએ તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી રીતે પોતાની દૃષ્ટિથી જોવે તો ભૂલ ખાઈ જાય.

મુમુક્ષુ :- જ્ઞાની પણ કેરીનો રસ વાપરતા હોય અને અમે પણ વાપરતા હોય. અમને કેરીનો રસ વેદાતો હોય છે અને જ્ઞાનીને બીજું હોય, જે અમને દેખાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જોવા માટે પોતે તૈયારી કરવી પડે. જોવા માટે પોતાને તૈયાર થવું પડે. હીરાને કાંકરો માનીને ફેંકી દે તો એમાં નુકસાન કોને છે ? હીરાને કાંકરો ગણીને નાખી તો નુકસાન તો એને પોતાને છે. એ તો છે. હીરાને ઓળખવા માટે ઝવેરી થયા વિના બીજો શું ઉપાય છે ? બીજો કોઈ એનો ઉપાય ખરો ? જ્ઞાનીને ઓળખવા માટે લાયકાત કેળવવી, યોગ્યતા કેળવવી. જ્ઞાનમાં વિચારદશામાં તૈયાર થવુ, એ કાર્ય તો પોતાને કરવાનું છે.

એક વાત એ સ્પષ્ટ છે કે મોક્ષનો માર્ગ એ અંતરદૃષ્ટિથી શરૂ થાય છે અને જીવના અંતરંગ પરિણામનો એ વિષય છે. બહિરદૃષ્ટિથી અનાદિ જીવ સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરતો રહ્યો છે અને બાહ્યદૃષ્ટિથી

આ માર્ગમાં અવાતુ નથી, આ માર્ગમાં પ્રવેશ થતો નથી કે બાહ્યદૃષ્ટિથી એમાં કોઈ આગળ પણ વધાતું નથી. આ સિદ્ધાંત તો-દષ્ટિફેરનો જે સિદ્ધાંત છે એ તો પાયાથી છે. એને તો જેમ છે એમ સમજવું જ રહ્યું.

મુમુક્ષુ :- પ્રમાદને...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાદ છે... ભાઈએ વાત કરી એ 'શ્રીમદ્જી'નું એક વચન છે કે પ્રમાદથી ભય હોય છે. આત્માર્થીને પ્રમાદનો ભય થાય છે. સામાન્ય રીતે પ્રમાદ છે એ સુસ્ત પરિણામ છે એમાં કોઈ ધમાધમ નથી પણ જેને પોતાના સ્વરૂપનો ઉદ્યમ કરવો છે, જેને અંતર પ્રયત્નથી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરવી છે, એ જીવ પ્રમાદમાં પોતાનો સમય વ્યતીત કરતો નથી. એને ક્ષણે ક્ષણના સમયની કિંમત છે. એમ છે ખરેખર. એ પોતાનો સમય વ્યર્થ ગુમાવવા માગતો નથી. આમા આવી ગયું ને ? પોતાનો સમય વ્યર્થ ગુમાવતો નથી. એનો અર્થ જ કે એ પ્રમાદમાં રહેવા માગતો નથી. છતાં પ્રમાદ થાય તો એને ભય થાય છે. જેમ કોઈ પોતાનું ધન ચોરી ગયો હોય અને અફસોસ થાય, એ પ્રકારનો અફસોસ પ્રમાદના પરિણામ થતાં આત્માર્થની ભૂમિકામાં થયા વિના રહેતા નથી. એમ બતાવવું છે.

'શ્રીમદ્જી'એ આ વિષય ઉપર બહુ પ્રકાશ પાડ્યો છે કે બહુભાગ જીવ બાહ્યદષ્ટિ હોવાને લીધે સંસારમાં રહેલા જ્ઞાનીઓને ઓળખી શક્યો નથી અને આ જ એનો મોટો દોષ છે. 'શ્રીમદ્જી'એ એને સૌથી મોટો દોષ ગણાવ્યો છે. જ્ઞાનીની ઓળખાણ એને થઈ નથી એ એનો સૌથી મોટો દોષ છે. નહિ ઓળખાણ થવામાં કારણ શું ? કે બાહ્યદષ્ટિ હોવાને લીધે એની બાહ્યચર્યા ઉપરથી પોતાની દષ્ટિ અનુસાર એ માપ કાઢે છે અને તેથી એને પોતાના સમાન બધું લાગે છે. હું પણ આવું ખાઉં છું, એ પણ આવું ખાય છે. હું પણ આમ બોલું છું, આમ ભક્તિ કરું છું. આમ પૂજા કરું છું, આમ શાસ્ત્ર સ્વાધ્યાય કરું છું. એ પણ આવું જ બધું કરે છે. એટલે પોતાની સાથે એની તુલના કરે છે. ત્યારે એને પોતાની દષ્ટિએ જે માપ થાય છે એમાં એને સાચું માપ આવતું નથી.

ભાવલિંગી સંત તો જંગલમાં જાય ત્યારે ક્યારેક ભેટો થાય. અને ત્યારે એની વાણીનો યોગ થાય. ઉપદેશનો એને લાભ મળે. એટલે એ એટલી સુલભતાવાળો પ્રસંગ નથી. મુનિરાજનો સત્સમાગમ થવો એ

સુલભતાવાળો પ્રસંગ નથી. કેમ કે જે કાળમાં એ ભાવલિંગી મુનિઓ વિચરતા હતા તે 'દિ પણ લોકોને જંગલમાં જવું પડતું. અને જે ધર્મના ગરજવાન હતા એ જતા પણ હતા. રાજા હોય, શેઠિયા હોય તો સાધન સામગ્રી લઈને ઘોડા લઈને, રથ લઈને, સાધન લઈને પણ જંગલમાં, ગુફામાં, પર્વતોમાં શોધે કે ક્યાંય મુનિરાજ છે તો એના ઉપદેશનો લાભ મળે. એટલી ગરજ હતી.

મુમુક્ષુ :- આપણને તો બગાસુ ખાતા પતાસુ મળી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કિંમત ન થઈ. બહુ સુલભતાથી પુણ્યયોગની પ્રાપ્તિ હોય ને તો માણસને કિંમત નથી થતી. પ્રયત્ન કરીને, પરિશ્રમ કરીને બે પાંચ હજાર માઈલની મુસાફરી કરતાં ગોતતા ગોતતા થડ નીકળી ગયો હોય અને મળે ને તો કિંમત થાય.

કોઈ વ્યાખ્યાનમાં મોડા પહોંચેને તો 'ગુરુદેવ' નારાજ થતા હતા. રોજ મોડા આવવાળા પ્રત્યે નારાજ ન થાય. એ સમજે કે આમાં કાંઈ ફેર પડવાનો નથી. પણ જે Regular ટાઈમસર આવવાવાળા હોય એ મોડા થાય ને તો થોડા નારાજ થાય. મેં એક મુમુક્ષુભાઈને કહ્યું હતું કે આપણે મોડું ન થવું. પણ હવે શું છે કે સાધન હોય અને મોડું થાય, પણ પગે ચાલીને ગયા હોય તો મોડું થાય ? કોઈ સાધન ન મળતું હોય અને પગે ચાલીને ૨૦ માઈલ સુધી 'સોનગઢ' જવું પડતું હોય તો કોઈ પાંચ Minute મોડું જાય ? ૨૦ માઈલ ચાલવાનો પરિશ્રમ કર્યો, હવે પાંચ Minuteનું વ્યાખ્યાન કોણ જવા દે ? એટલે પરિશ્રમથી કાંઈક મળે છે ત્યારે કિંમત આવે છે. આ લોકોમાં પણ બાપની ગાદીએ બેસે છે તો છોકરો ઉડાડે છે કે નહિ ? પણ પોતે Struggle કરી કરીને શૂન્યમાંથી ઊભો થયો હોય ત્યારે એને પૈસાની કિંમત લાગે છે. એ તો બહારમાં ઈ છે કે નહિ ?

(અહીંયાં) શું કહે છે ? કે '**ઇન્દ્રિયચોરને દબાવી, કાયાની માયા ત્યજીને...**' શરીર પ્રત્યેનું મમત્વ છોડીને, શરીર પ્રત્યેની સાવધાનીને ગૌણ કરીને '**પરમેશ્વરસ્વરૂપ પદને (પોતાના) અઘટ ઘટમાં વ્યાપક નિહાળ્યું.**' જેણે પોતાના અંતરંગમાં પોતે પોતામાં વ્યાપ્ય-વ્યાપકપણે છે એવું સ્વરૂપ નિહાળ્યું. એમાં એણે ઇન્દ્રિયચોરને દબાવ્યા છે અને કાયાની મમતા પણ એણે છોડી છે-ત્યજી છે, કાયાની મમતા છોડી

છે. જેણે શરીર પ્રત્યેનો રાગ છોડ્યો, શરીરનું મમત્વ જેણે છોડ્યું એટલે શરીરનો સંયોગ હોવા છતાં અંતર પ્રયોગથી શરીરથી ભિન્ન આત્મા નિહાળ્યો, એને બીજા સંયોગોમાં મમત્વ છે એ વાત રહેતી નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં એનું મમત્વ સમજવું એ બહુ મોટી ભૂલ છે.

ફરીથી. જેણે દેહ સંયોગમાં હોવા છતાં દેહથી ભિન્ન, છૂટો પડીને પોતાના સ્વરૂપનો-દેહથી ભિન્ન આત્માનો અનુભવ કર્યો-સ્વાનુભવ કર્યો, એને બીજા સંયોગોથી ભિન્નતા તો થઈ. એમાં એને બીજા સંયોગોમાં રસ છે એ વાત રહેતી નથી.

'**અનુપમ ચિદ્રુપને ઓળખ્યું;...**' જેની કોઈ જગતમાં ઊપમા નથી એવા ચૈતન્યરૂપી, ચૈતન્યસ્વરૂપી એવા પોતાના નિજપદને એણે ત્યાં અનુભવથી ઓળખ્યું. અનુભવથી એણે જાણ્યું. અને '**ભ્રમભાવને મટાડ્યો.**' હું શરીરવાળો છું, હું રાગવાળો છું, હું આટલા આટલા પ્રકારના સંબંધ અને સંયોગવાળો છું, એ બધી ભ્રમણા એણે મટાડી. અથવા પરમાં સુખ છે એવી ભ્રમણા પણ મટાડી. અનુકૂળતામાં સુખ છે એવી ભ્રમણા પણ મટાડી. '**ભ્રમભાવને મટાડ્યો.**' રાગમાં સુખ છે એ ભ્રમણા પણ મટાડી. અને '**નિજ આત્મતત્ત્વને પામ્યો.**' સ્વરૂપને ઓળખ્યું, ભ્રમણા મટી અને નિજાત્મ તત્ત્વને એ પામ્યો એટલે અનુભવગોચર કર્યું. સાક્ષાત સિદ્ધપદ છે એ સિદ્ધપદની પ્રાપ્તિ અનુભવમાં થઈ.

'**અચળ, અભેદ ટેવવાળો (સ્વભાવવાળો) દેવ દીઠો.**' ટેવ અને દેવનું Aletration છે. એવી રીતે લખવાની પદ્ધતિ છે. અચળ છે, પોતે અભેદ છે. અચળ અને અભેદ છે. સદાય એકરૂપ રહેતું મારું સ્વરૂપ છે. જેમાં ભંગભેદ અનુભવમાં અનુભવગોચર થતા નથી એવા અભેદ સ્વભાવવાળો નિજ પરમાત્મદેવ દીઠો. અંતરંગમાં પોતાના જ પરમાત્મપદને દીઠું. આમ છે. લોટરી લાગી. સાક્ષાત પરમાત્માનો ભેટો થયો. તિર્યંચ હોય તો પણ એ પરમાત્મપદનો અનુભવ કરે છે. સાક્ષાત અનુભવ કરે છે. '**અચળ, અભેદ ટેવવાળો (સ્વભાવવાળો) દેવ દીઠો.**'

'**ભવથી ઉદાસી થઈ શાશ્વત પદના નિવાસી (થઈ) સુખરાશી લીધી.**' એ શી શી શી બધા લીધા. ભવથી ઉદાસી થઈને (એટલે)

આખા ભવથી ઉદાસ થયો. પછી ભવના કોઈ નાના મોટા પ્રસંગ છે એ અપેક્ષાનો વિષય રહેતો નથી. આખા ભવનું પોટલું બાંધીને ફેંક્યું. એમાં ભવ પ્રત્યે ઉદાસ થયો. પછી આ બધા અનુકુળતા, પ્રતિકુળતાના પાપના અને પુણ્યના ઉદયો છે એ તો બધા ભવના પેટામાં છે. મુખ્ય ઉદય તો મનુષ્યભવનો છે. પછી એના પેટામાં અનુકૂળતા અને પ્રતિકૂળતાઓ, શાતા અને અશાતા, અનેક પ્રકારના વિભિન્ન પ્રસંગો ઉત્પન્ન થાય છે, એ બધા આ જીવને ઉપેક્ષાનો વિષય થઈ જવો જોઈએ.

અહીં તો જ્ઞાનીનું વર્ણન લીધું છે કે જ્ઞાની છે એ ભવઉદાસી છે. આખા ભવ પ્રત્યે એને ઉદાસીન ભાવ છે, ઉપેક્ષાભાવ છે. હું મનુષ્યભવવાળો નથી ત્યાંથી તો એની માન્યતાનો પાયો નાખવામાં આવ્યો છે કે હું મનુષ્યભવવાળો નથી. મનુષ્યભવ એ ખરેખર મારું સ્વરૂપ નથી. એનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ એ હું છું.

મુમુક્ષુ :- ભૂતકાળના અનંત ભવ થયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ નહિ. પછી તો ક્યાં પ્રશ્ન છે ? ભૂતકાળના તો અમથા પણ એને મિથ્યાત્વમાં ખબર નથી. એટલે એ તો એને કાંઈ એની અપેક્ષા નથી પણ જીવને વર્તમાન ઉદયની અપેક્ષા રહે છે. જે કાંઈ અપેક્ષા રહે છે એ વર્તમાન ઉદયમાં બધી અપેક્ષાઓ રહે છે. ઉદયની અપેક્ષાને લઈને જીવ પરસન્મુખપણું છોડી શકતો નથી. અને તેથી તે નિરંતરપણે પોતાના પરમાત્મસ્વરૂપથી ઉપેક્ષિત રહે છે. હવે અહીંયાં આખા ભવથી ઉદાસ થયો એટલે તમામ પ્રસંગથી ઉપેક્ષિત થયો. અપેક્ષિત થયો, પોતાના પરમાત્મસ્વરૂપમાં અપેક્ષિત થયો. એમ સામે સામું છે.

**'ભવથી ઉદાસી થઈ શાશ્વત પદના નિવાસી (થઈ) સુખરાશી લીધી.'** સુખનો રસ્તો પકડ્યો. રાશી એટલે સમૂહ. ઘણું અનંત સુખ પ્રાપ્ત કર્યું. જ્યારે સુખ ઉત્પન્ન થાય છે ત્યારે જઘન્યભાવે ઉત્પન્ન થયેલા સુખમાં પણ અનંત સુખ છે. એમ છે ખરેખર. અને અહીંયાં દુઃખ મિથ્યાત્વમાં છે એ પણ અનંત દુઃખ છે. એવી રીતે. **'શાશ્વત પદના નિવાસી (થઈ) સુખરાશી લીધી. બહાર ન વહે, (ન રાચે, ન ગોતે).'** એ પછી બહારમાં રાચતો નથી. પુણ્યના પ્રસંગમાં પુણ્યનો

ઉદય હોય તો પણ સમ્યગ્દષ્ટિજીવ રાચતો નથી, એમ કહેવું છે. જગતના જીવો પુણ્યના ઉદયમાં રાચે છે અને પાપના ઉદયમાં ખેદાય છે. દ્વેષ થઈ આવે છે. અરે..રે...! અમને આકરા ઉદય આવ્યા. શું કરવું હવે અમારે ? ક્યાંય પણ અમારું માથું ઠેકાણે રહેતું નથી. એમ પ્રતિકૂળતાના ઉદયમાં (ખેદાય છે).

**'બહાર ન વહે, (ન રાચે, ન ગોતે) નિજ ભાવને જ ચાહે.'** પોતાના સ્વભાવભાવની ચાહના છે-સ્વભાવની ભાવના છે. તેમાં તે સ્વભાવમાં રાચે. બહારમાં ન રાચે તે અંતરંગમાં રાચે. જે બહારમાં રાચે તે અંતરંગમાં ન રાચે અને જે અંતરંગમાં રાચે તે બહારમાં ન રાચે. સામે સામું છે.

**'સ્વપદનો નિવાસ સ્વપદમાં છે. બહિરંગ સંગમાં ઢૂંઢી ઢૂંઢી વ્યાકુલ થયો.'** પોતાના નિજપદનો નિવાસ તો સ્વપદમાં છે. આમાં તો બીજો કોઈ ન્યાય લગાડવો પડે એવું નથી. સ્વપદનો નિવાસ તો સ્વપદમાં છે. એમાં તર્ક શું ? કે એમાં બીજી વાતને આવવાની કોઈ ગુંજાઈશ નથી.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ હોય એ નરકમાં હોય તો એ નરકમાં છે એમ માનવું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નરકમાં નથી. કોઈ સમ્યગ્દષ્ટિ ક્યાંય નથી. બધાય સમ્યગ્દષ્ટિ આત્મામાં છે. કોઈ સમ્યગ્દષ્ટિ બહારમાં ક્યાંય નથી. રાગમાં પણ નથી અને કોઈ ક્ષેત્રમાં પણ નથી. પરભાવમાં નથી અને પરદ્રવ્યમાં પણ નથી. કેમ કે પરભાવ અને પરદ્રવ્યથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે. ભિન્ન અનુભવ એટલે ભિન્ન અસ્તિત્વનો અનુભવ કરે છે. પોતાને પોતાના અસ્તિત્વમાં અનુભવે છે અને પોતાને પોતાના અસ્તિત્વથી તો ગ્રહ્યો છે. ગ્રહણ જ ત્યાંથી-અસ્તિત્વથી થયું છે.

એટલે સ્વપદનો નિવાસ સ્વપદમાં રહેવાનું તો પોતાનું સ્વપદ પોતામાં જ રહે છે. પરંતુ તેને ભૂલીને ભ્રમણાથી બહારના સંગમાં સંયોગમાં ઢૂંઢી ઢુંઢી શોધી શોધીને વ્યાકુળ થયો. બહારમાં ગોતે છે. ધર્મ પણ એને બહારમાં બાહ્યક્રિયામાં કરવો છે, રાગમાં કરવો છે અને ભગવાનને પણ એને મંદિરમાં અને ક્યાંક બહારમાં શોધવા છે. એને

બધું બહારમાં જોઈએ છે. એ બહારમાં શોધી શોધીને વ્યાકુળ થયો.

દૃષ્ટાંત આપે છે કે '**જેમ કસ્તૂરી મૃગ સુગંધને ઢુંઢે...**' કસ્તુરી મૃગ છે એને સુગંધ આવે છે. પોતાની ડુંટીમાં રહેલી કસ્તૂરીની એને સુગંધ આવે છે પણ એને ખ્યાલ નથી કે આ સુંગધ અહીંયાંથી આવે છે. એનો એને ખ્યાલ નથી એટલે એ ચારે બાજુ શોધાશોધ કરે છે. જ્યાં સુગંધ આવે ત્યાં જાઉં, જ્યાંથી સુંગધ આવે ત્યાં જાઉં. ભ્રમણા થઈ છે કે ક્યાંક બહારથી સુગંધ આવે છે. એવી એની ભ્રમણા છે. તેથી બહારમાં શોધાશોધ કરે છે.

'**જેમ કસ્તૂરી મૃગ સંગધને ઢુંઢે (પણ) કાંઈ (તે સુંગધ) પર જગ્યામાં ન પામે;...**' પણ ક્યાંયથી એને બહારથી સુગંધ મળશે નહિ. એમ આત્માને ધર્મ જોઈએ છે, સુખ જોઈએ છે, શાંતિ જોઈએ છે અને બહારમાં શોધે છે. આમ રહું તો શાંતિ થાય, આમ કરું તો શાંતિ થાય, અહીંયાં જઉં તો શાંતિ થાય, એકાંતમાં જઉ તો શાંતિ થાય, જંગલમાં જઉં તો શાંતિ થાય, મંદિરમાં જઉ તો શાંતિ થાય. પણ ક્યાંય બહારમાં આત્માની શાંતિ નથી. શાંતસ્વરૂપ એવો પોતે છે અને એ શાંતિનું વેદન એને પોતામાંથી અંતર્મુખ થાય તો વેદાય એવું છે. તે ભ્રમણાથી બહારમાં ઢુંઢે છે-શોધે છે.

'**જેમ કસ્તુરી મૃગ સુગંધને ઢુંઢે, (પણ) કાંઈ (તે સુગંધ) પર જગ્યામાં ન પામે; તેવી રીતે પોતાનું પદ પરમાં ન પામે,...**' તેવી રીતે પોતાનું પદ છે એ નિજપદને છોડીને ક્યાંય શોધવા જાય તો પરમાં ક્યાંય પોતાનું પદ પામે એવું નથી. ક્યાંય કોઈ પર સંબંધીના રાગમાં, સંયોગમાં એને સ્વપદનો અનુભવ થાય એ વસ્તુ અસંભવ અને અશક્ય છે.

હવે એક વાત બહુ સરસ અહીંયાં કરી છે કે પોતાનું પદ બહારમાં શોધે છે. શાંતિ બહારમાં શોધે છે. ધર્મ પણ બાહ્યરાગ અને બાહ્યક્રિયાથી કરવા શોધે છે, પણ ક્યાંય પામતો નથી. અને '**પોતાનું પદ એને સૂઝતુ નથી.**' પોતામાં પોતાનું પદ હોવા છતાં પોતાનું પદ પોતાને સૂઝતું નથી, એનું કારણ મોહનો વિકાર છે. એ દર્શનમોહ છે એ એક એવો ભાવ છે, દર્શનમોહનો ભાવ જીવના પરિણામમાં એવો એક ભાવ છે, કે જે ભાવને લઈને એને પોતાને પોતાનું પદ સૂઝતું

નથી. દર્શનમોહથી એને પોતાનું અસ્તિત્વ પરમાં ભાસે છે. પોતાનું અસ્તિત્વ પરભાવમાં ભાસે છે. રાગમાં, શરીરમાં અને સંયોગમાં પોતાનું અસ્તિત્વ ભાસે છે. જ્યાં એને અસ્તિત્વ ભાસે છે ત્યાં એને સુખ પણ ભાસે છે. આ વળી વધારે તકલીફની વાત છે.

એક તો પોતાની સત્તાને પોતે ગ્રહણ કરતો નથી. પરસત્તામાં નિજસત્તાનું ગ્રહણ કરે છે અને સાથે સાથે એમાં એને સુખનો આભાસ થાય છે. એને તો સાચું સુખ થાય છે. આભાસ તો જ્ઞાનીઓ કહે છે પણ એને તો સાચું સુખ લાગે છે. એ જે પરમાં સુખની ભ્રાંતિ છે અને પરમાં સુખની ભ્રાંતિ હોવાને લીધે પરને અને રાગને એણે અધિકાઈ આપી છે. પોતાથી અધિકપણે એને સ્વીકાર કર્યો છે. એવો જે મોહનો વિકાર છે તે દર્શનમોહ છે. તેના કારણે પોતાનું પદ સૂઝતું નથી. પોતાનું પદ પોતામાં હોવા છતાં પોતાને નહિ સૂઝવાનું કારણ આટલું જ છે કે જીવને પરમાં સુખની ભ્રાંતિ છે. ક્યાંય ને ક્યાંય એને પરમાં સુખબુદ્ધિ છે. એ સુખબુદ્ધિ એને પોતાનું નિજ સુખ જોવા દેતી નથી.

મુમુક્ષુ :- કર્મ નડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મને જોયા તમે ? નડે તો ધક્કો મારીને આઘા કાઢો. દેખાય તો. બહારમાં કો'ક નડે તો ધક્કો મારીને રસ્તો કરો કે ન કરો ? નડતર થવા રસ્તો રોકીને કોઈ ઊભું રહ્યું હોય તો શું કરે ? આ તો દેખાતા નથી. કર્મ મને નડે છે, એમ વિચારીને એમ સ્વીકારીને તારે શું કરવું છે ? તારે નિષ્ક્રિય થવું છે ? હું શું કરું ? કર્મ નડે એમાં મારે શું કરવું ? મારે તો ઘણું આત્મકાર્ય કરવું છે, ધર્મકાર્ય કરવું છે પણ શું કરું કર્મ નડે છે. એમ લઈ લેવું છે ? કે દોષનો પોટલો નાખો કર્મ ઉપર. મારો અપરાધ મને નડે છે એમ ન લેતાં, બીજો મને નડે છે એના જેવી વાત છે. ફલાણાભાઈ મને ધર્મ કરવા દેતા નથી. હું જ્યાં ધર્મ કરવા જાવ ત્યાં આડા આવીને ઊભા રહે. પણ ક્યાં તારે કરવો છે ધર્મ ? એ તો નક્કી કર.

તારે કર્મમાં ધર્મ કરવો છે કે ધર્મીમાં ધર્મ કરવો છે ? અધર્મભાવ તો તારો જ અપરાધ છે. કર્મને તો એમાં નિમિત્ત ગણ્યું છે. તેં આશ્રય કર્યો તેથી. ન આશ્રય કર તો એ નિમિત્ત પણ નથી. એમ છે ખરેખર તો. નિમિત્ત તો ત્યારે કે પોતે નિમિત્ત બનાવે ત્યારે. જો નિમિત્ત ન

બનાવે તો એ નિમિત્તપણું એને લાગુ પડતું નથી. એ તો પોતાનું ઉપાદાન એનામાં છે.

અહીંયાં તો એ લેવું છે કે '**મોહના વિકારથી પોતાનું પદ સૂઝતું નથી.**' જ્ઞાની, શાસ્ત્રો સ્વપદને પોકારી પોકારીને બતાવે છે કે જો તું આવો છો... જો તું આવો છો... તું આવો છો... તું આવો છો... પણ (પોતાને) પોતાના નિજપદની અંદરમાં સૂઝ કેમ આવતી નથી ? એનું અહીંયાં કારણ બતાવી દીધું છે. કે તેં મોહથી અન્યને વધારે સ્થાન આપ્યું છે. તારા સ્વરૂપ કરતાં, તારા નિજપદ કરતાં તે રાગપદને અને શરીરાદિ પુદ્‌ગલપદને અન્ય પદાર્થના પદને વધારે સ્થાન-અધિકાઈ આપી છે. બહારના આશ્ચર્યને છોડ. જગતના આશ્ચર્યને પણ છોડ, એમ કહેવું છે. જ્યાં તને બહારમાં કોઈપણ આશ્ચર્ય લાગે તો તારું જે સ્વરૂપ મહા આશ્ચર્યકારી છે એનું શું ? તેના આશ્ચર્યને તેં છોડી દીધું. અને બહારમાં તને વિસ્મય લાગે છે, એ તને તારું પદ સૂઝવા દેશે નહિ.

'શ્રીમદ્‌જી'એ તો એક જગ્યાએ આ મુદ્દા ઉપર એવી વાત લીધી છે. આ બહુ મહત્ત્વનો Point છે. જગતમાં જે જે પ્રસંગો અને જે જે વસ્તુઓની મોટાઈ ગણવામાં આવી છે કે આ પૈસા છે, સોનું છે, ઝવેરાત છે, માન છે, મરતબો છે, આબરૂ છે, કીર્તિ છે, યશ છે, જે જે પ્રસંગો અને જે જે વસ્તુની મોટાઈ ગણવામાં આવી છે, તે તે વસ્તુ અને તે તે પ્રસંગ, પ્રસંગ એટલા માટે લીધો છે ઉદય, જીવને ઉદય હોય, જીવને ભ્રાંતિગતપણે તેની મહત્તા જ્યાં સુધી ભાસી છે, ત્યાં સુધી એને પોતામાં નિજ સ્વરૂપમાં રહેલા સુખનો પ્રતિભાસ થતો નથી. મારા સ્વરૂપમાં સુખ છે એનો નિશ્ચય એને થઈ શકે નહિ. એવો એક બોલ લીધો છે. ૩૩૧ (પત્ર) છે.

'**ભ્રાંતિગતપણે સુખ સ્વરૂપ ભાસે છે**...' એ બધા સુખસ્વરૂપ ભાસે છે. જગતમાં બહારમાં જેની કિંમત છે, એ જીવને સુખસ્વરૂપ ભાસે છે કે મને આમાં ઠીક છે, આ મને ઠીક છે. '**ભ્રાંતિગતપણે સુખ સ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે;...**' કેવો કાઠિયાવાડી શબ્દ વાપર્યો છે ! એની મીઠાશ જ્યાં સુધી છે કે આ પ્રસંગ મને હો, આવો સંયોગ મને હો, આ પ્રકાર મને અનુકુળ છે અને બહારમાં બીજો પ્રકાર મને અનુકુળ નથી,

એવું વહાલપ વર્તે છે **'ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે,...'** ત્યાં સુધી પોતાના સ્વરૂપમાં સુખ છે, એવું સુખ સ્વરૂપ એને ભાસ્યમાન થતું નથી. અનુભવવાની વાત આગળ છે, હજી તો ભાસ્યમાન થતું નથી. એનો ભાસ આવતો નથી (કે) એ સુખસ્વરૂપ (છે). એ વાત તો એમણે સ્વરૂપ વિષયક લીધી, પોતાના સ્વરૂપ સંબંધમા લીધી. પણ બીજી વાત એમણે સત્સંગના વિષયમાં પણ આ જ સિદ્ધાંત લાગુ પાડ્યો છે.

પોતાનું સ્વરૂપ તો એને ભાસ્યું નથી એટલે સ્વરૂપનું મહાત્મ એને ભાસ્યું નથી પણ **'સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપ પણે ભાસ્યમાન થવું અસંભવિત છે.'** અંદરમાં સત્ ભાસ્યમાન થવું અસંભવિત છે અને બહારમાં સત્સંગનું મહાત્મ્ય, જે અધિકાઈ અને મહિમા આવવી જોઈએ એ પણ એને ભાસી શકે નહિ. અસંભવ છે. આમ લીધું છે. એને અંદરનું સત ભાસ્યમાન નહિ થાય અને બહારમાં એને સત્સમાગમ-સત્ જેને પ્રગટ છે એવા પુરુષનો જે સમાગમ, એની મહિમા પણ એને ભાસ્યમાન થશે નહિ. એમ લીધું. બે વાત સાથે લઈ લીધી.

**'જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચિત કરી અપ્રમતપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર કરવો યોગ્ય છે.'** આ વાત શું કરવા લીધી ? કે કેટલાક જીવો આ સ્થિતિમાં આવ્યા પહેલા અસ્થાનમાં, જે કાળે જેમ થવાનું હશે તેમ થશે, એમ જે લઈ લે છે એને અહીંયાં માર્ગદર્શન બીજી રીતે આપ્યું છે કે વાત હજી તને બંધબેસે એવી નથી. તારા માટે તને બંધબેસે એવું નથી. જ્યાં સુધી તને સંસારના પદાર્થો ઉપર વહાલપ વર્તે છે અને અસંસારગત એવું જે આત્મતત્ત્વ અને મોક્ષમાર્ગરૂપ ધર્મતત્ત્વ છે એના ઉપર તને પ્રીતિ અને વહાલપ નથી, ત્યાં સુધી ક્યાંય પણ પ્રમાદ કર્યા વિના અપ્રમતપણે ખચિત કરીને ચોક્કસપણે. ખચિત શબ્દ અમારે ગુજરાતીમાં (વપરાય છે). હિન્દીમાં ... આમ જ થવું જોઈએ. **'વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.'** પુરુષાર્થ મારે કરવાનો છે એ વાતને તું મુખ્યતા આપજે.

'બહેનશ્રીના વચનમૃત'માં પુરુષાર્થ ઉપર એક બહુ સારો બોલ લીધો છે. આ તો બધો વિષય જ એવો છે કે એકના આધારમાંથી

બીજું અને બીજાના આધારમાંથી ત્રીજું ચાલે. **'આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણીને નિષ્કામપણે લખી છે.'** આમાં કોઈ વાદવિવાદની જગ્યા નથી. કહ્યું છે એમાં પરમાર્થ સિવાય બીજો કોઈ હેતુ પણ નથી. એને નિષ્કામ હેતુ કહેવામાં આવે છે. ૩૪૮ છે.

**'રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે.'** એ રુચિપૂર્વક પુરુષાર્થ ઉપડે છે. એક તો એ ૩૪૮ બોલ છે અને એક ૩૪૩ છે. પણ જે ૩૪૮ છે એમાં, પુરુષાર્થનું મૂળ છે એ રુચિ છે. ગુણની રુચિ, ગુણથી ઉત્પન્ન થતાં સુખની રુચિ એ પુરુષાર્થનું કારણ છે. રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિ મંદ પડી જાય તો એને પુરુષાર્થ કરવો એ વાત કઠણ લાગે. રુચિ જ્યારે મંદ પડી જાય ત્યારે જીવ આડેઅવળે ચડી જાય. ત્યારે એને અઘરું લાગે અને જો રુચિ વધે તો સહેલું લાગે.

**'પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે. સુખનું ધામ આત્મા છે. આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે-એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.'** એ ૩૪૮માં છે. ૩૪૩ એકલો પુરુષાર્થનો જ બોલ છે.

**'અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા;...'** જેટલા જીવો સિદ્ધ થયા છે, સિદ્ધપદમાં પહોંચ્યા છે તે સર્વ અનંત જીવો પુરુષાર્થ કરીને એટલે કોઈ પહેલેથી એમ ને એમ અનાદિથી સિદ્ધ હતું એમ નથી. કોઈ વ્યક્તિ અપેક્ષાએ પહેલેથી સિદ્ધ નહોતું. **'પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.'**

**'કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.'** તારે પણ તારા માટે વિચારી લેવું કે અંતરંગનો જે સ્વરૂપનો અંતર્મુખી સહજ વેગ છે, એવો અંતર્મુખ થવાનો વેગ ઉપડ્યા વિના કદિ કોઈને ભવાન્ત થાય-ભવભ્રમણનો નાશ થાય, એવું તો કોઈ દિ' કોઈને થયું નથી અને કોઈને થવાનું નથી. **'ત્યાં...'** (એટલે) પરુષાર્થના

પ્રકરણમાં '**ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલાંગ મારે તેમ ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે.**' એવા મોક્ષમાર્ગમાં એવા એવા જીવો થયા છે કે જેમ કોઈ છલાંગ મારીને ક્ષણમાત્રમાં પહોંચે એમ કોઈ ઉગ્ર પુરુષાર્થી જીવ દૃષ્ટિના બળમાં બધાની અવગણાના કરીને કેમ કે દૃષ્ટિનો વિષય સ્વતત્ત્વ સિવાય બીજું કાંઈ નથી. '**છલાંગ મારીને પહોંચી જાય છે, તો (મોક્ષમાર્ગમાં) કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.**'

આમ પુરુષાર્થના પરિણમનમાં બે પ્રકાર છે. ઉગ્રતા અને ઉગ્રતા ન હોય એવું. એકદમ તીવ્ર પુરુષાર્થ અને મંદ પુરુષાર્થ. મંદ પુરુષાર્થમાં પુરુષાર્થનો અભાવ નથી, પુરુષાર્થનો સદ્‌ભાવ છે, પણ પુરુષાર્થની ગતિ, પરિણતિ મંદ છે. જ્યારે પુરુષાર્થની પરિણતિ ગતિ મંદ રહે છે ત્યારે મોક્ષમાર્ગી જીવને પણ શુભ વિકલ્પો વિશેષ આવે છે. તે શુભભાવમાં વિશેષ પરિણમે છે. પુરુષાર્થની ઉગ્રતા થતાં એ શુભભાવના ઉપયોગને છેદીને તે શુદ્ધોપયોગમાં પરિણમે છે. 'પ્રવચનસાર'માં ચરણાનુયોગસૂચકચૂલિકા છે ત્યાં ચારિત્રનો અધિકાર ચાલ્યો છે ત્યાં આ વાત લીધી છે. ૨૫૪, ૨૫૫, ૨૫૬ ગાથા. મોક્ષમાર્ગી ધર્મી જીવને પણ મોક્ષમાર્ગમાં મંદ પુરુષાર્થના કાળમાં શુભ વિકલ્પની ઉત્પત્તિ થઈ આવે છે અને એ જ પુરુષાર્થ એનો તીવ્ર થતાં શુદ્ધોપયોગમાં એ પરિણમી જાય છે.

મુમુક્ષુ :- આ પુરુષાર્થનો (બોલ) સમ્યગ્દૃષ્ટિ માટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દૃષ્ટિ માટે.

'**વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવુ-બધું પુરુષાર્થથી જ થાય છે.**' વસ્તુને પ્રાપ્ત કરવામાં પણ પુરુષાર્થ હોય છે. એ પ્રાપ્ત કરેલી વસ્તુમાં ટકી રહેવું, મોક્ષમાર્ગમાં જે તે ગુણસ્થાનમાં ટકી રહેવું એમાં પણ પુરુષાર્થ છે. પામવા કરતાં ટકવામાં પુરુષાર્થ વધારે છે અને આગળ વધવું એમાં વધારે એથી વિશેષ પુરુષાર્થ છે. તે બધામાં પુરુષાર્થ જ હોય છે.

'**પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.**' તેથી તારું વેગનું પરિણમન જ્યાં પણ બહાર જતું હોય ત્યાંથી છૂટીને તું અંદરમાં આવ. '**આત્માના જે સહજ સ્વભાવ છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.**' આત્માના જે સહજ સ્વભાવો છે, અંદરમાં રહેલા જે સ્વભાવો છે તે

પુરુષાર્થ દ્વારા પ્રગટ થશે. વગર પુરુષાર્થે કોઈને પ્રગટ થયા છે એ વાત ક્યાંય છે નહિ. એ આખો બોલ જ પુરુષાર્થનો છે.

મુમુક્ષુ :- આખી વિધિ આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણા પડખેથી વાતો આવી છે. ૪૩૨માં લગભગ બધા પડખા એમણે (સ્પષ્ટ કર્યા છે). દૃષ્ટિના વિષયના, રુચિના, જ્ઞાનના, સમજણના, આત્માર્થીના, મોક્ષમાર્ગના, મુનિપણાના, મોક્ષના લગભગ બધા વિષયને સ્પર્શી લીધો છે, એમ કહીએ તો ચાલે. નિમિત્તના, ઉપાદનના બધા ઘણા (વિષય આવી ગયા છે).

(અહીંયાં) શું કહે છે ? કસ્તૂરી મૃગને જેમ સુગંધ આવે છે તો પણ સુગંધનું સ્થાન મળતું નથી. તેમ આ જીવ ધર્મને શોધે છે તો પણ એને ધર્મનું સ્થાન મળતું નથી. બહારમાં શોધે છે. એવી સ્થિતિ થઈ છે. ધર્મનું સ્થાન એટલે ધર્મી, જે નિજપદ છે, તે પોતાનું પદ જ સૂઝતું નથી. અને બહારમાં તો એ ગમે તેટલું શોધે તો પણ એ બહારમાં કોઈ નિજપદને સાધી શકે કે પામી શકે એ વસ્તુસ્થિતિ નથી.

‘**સંતપુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરત પામે.**’ એકલો મથી મથીને મથે (તો પણ) પામવું દુષ્કર છે. ‘**સંતપુરુષના પ્રતાપથી અનંતગુણય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરંત પામે.**’ સંતપુરુષ એને એનું પોતાનું નિજપદ બતાવે છે. જે વિધિએ બતાવે છે તે વિધિ એ નિમિત્ત ઉપાદાનનો એક એવો મંગળ પ્રસંગ છે કે જીવ પામી જાય છે. એ વિધી બતાવનાર એવા છે અને એનો લેનાર પણ ત્યાં એવો છે એમ સમજવો. પ્રતાપ શબ્દ જે વાપર્યો છે ને ? પ્રતાપ શબ્દ વાપર્યો છે. એ પ્રતાપનો અર્થ જ એવો છે કે ભાઈ ! તમારા ઉપર પ્રતાપ વર્તે છે. પ્રતાપ વર્તે છે એનો અર્થ એમ કે લાયક છે માટે એના ઉપર પ્રતાપ વર્તે છે. એમ ઉપાદાન અને નિમિત્તની એની અંદર સંધી છે.

જ્યારે જીવ પ્રાપ્ત થાય છે ત્યારે જે સત્પુરુષ વિધિને બતાવે છે, એ વિધિ એની નજરમાં આવે છે કે આમ અંતર્મુખ થવાનું કહે છે. આમ કહે છે એમ જ્યાં એને ખ્યાલ આવે છે તો એ અંદરમાં વિધિને પકડી લે છે.

મુમુક્ષુ :- સત્પુરુષની વાત ચાલતી હતી ત્યાં સંતપુરુષ આવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો આવ્યા વગર નહિ રહે. એ વસ્તુ સ્થિતિ એવી છે. પોતાને ક્યાંયને ક્યાંય ભેટો થયો છે એટલે એને પરિભ્રમણ પણ દેખાણું છે અને આ પરિસ્થિતિ પણ એને દેખાણી છે. (વિશેષ લઈશું...)

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર જીવ અવલોકન પદ્ધતિમાં ન આવે તો અધ્યાત્મના વિષયથી જાણકાર થાય છે, તોપણ વેદન અનુભવના વિષયથી અજાણ રહે છે. તેથી વિધિના વિષયની 'જાણવાની પ્રધાનતા' સંબંધિત (સ્થૂળ) જાણકારી થવા છતાં, અનુભવની સૂક્ષ્મ, યથાર્થ વિધીથી અજાણ હોય છે, કારણકે વિચારની પહોંચ જ્ઞાન સામાન્ય કે જ્યાં જ્ઞાનવેદન છે, ત્યાં સુધી નથી. વળી અવલોકન વિના પરલક્ષ મટવાની દિશામાં કોઈ વાસ્તવિક પ્રક્રિયા શરૂ થઈ હોતી નથી. તેથી સર્વ જાણવું પરલક્ષી હોય છે. તેમાં ન્યાય આદિ આગમ અનુકૂળ હોવા છતાં, યથાર્થતા ઉત્પન્ન હોતી નથી, અધ્યાત્મનો આશય બુદ્ધિગમ્ય થવા છતાં, ભાવ ભાસતો નથી. તેથી 'સ્વલક્ષી અવલોકનમાં' ઘણી ગંભીરતા છે. ભાવભાસન વિના સન્મુખતાનો પુરુષાર્થ શરૂ થતો નથી.

(અનુભવસંજીવની - ૧૦૪૦)

## તા. ૨૮-૧૦-૧૯૮૫, પાના નં.૧૭-૧૮ પ્રવચન નં. ૪૮

... કારણે પોતાનું પદ સૂઝતું નથી. એ ઉપાદાનનું કારણ લીધું. નિમિત્તપણે '**સંતપુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરત પામે.**' જ્ઞાની સત્પુરુષના યોગે સ્વરૂપના અનુભવ સુધી પહોંચવું એ સહેલું પડે છે. અનાદિના અજાણ્યા જીવને અંતર્મુખનો માર્ગ દેખાડનાર અનુભવી જ્ઞાની સત્પુરુષ છે.

મુમુક્ષુ :- સંતપુરુષ હોય તો સહેલુ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષને પણ નજીકની પાત્રતાવાળો જીવ હોય તો અનુભવનો વિષય હ્દય ખોલીને એ સ્પષ્ટ કરે છે. સામે નિમિત્ત નૈમિત્તિક મેળ છે. અનુભવની વાત ઉપર ઉપરથી ચાલી જાય એવા સાંભળનાર હોય તો સત્પુરુષનું હ્દય પણ એટલું કોળતું નથી. અમારે ગુજરાતીમાં એક શબ્દ છે કોળે છે. જેમ કોઈ ફૂલ ખીલે છે. કોઈ નવો ફાલ આવે છે, આંબાને આવે છે એવી રીતે, ત્યારે એ વૃક્ષ કોળ્યું છે એમ કહેવાય છે. એટલે પાંગરે છે.

એવી રીતે સત્પુરુષને પણ કોઈ પામી જાય એવો જીવ નજીકમાં હોય તો એનું હ્દય પણ એટલું જ બહાર આવે છે. ઝીલનાર ન હોય તો મોટી મોટી વાતો બહાર આવે. અને આ જીવ નજીકનો છે અને પામી જશે એવો ખ્યાલ સત્પુરુષને કોઈવાર તો ચેષ્ટાથી આવી જાય છે અને કોઈવાર મોટી વાતમાંથી સૂક્ષ્મ વાતમાં ઊંડો ઉતરનાર જીવ એની જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે ત્યારે ખ્યાલમાં આવી જાય છે કે અહીંયાં મોટી મોટી વાત કરી હતી પણ આ એના ઊંડાણમાં જવા માગે છે. આ મૂળિયું પકડવા માગે છે. એ એની જિજ્ઞાસા ઉપરથી અને પ્રશ્ન ઉપરથી ખ્યાલમાં આવી જાય છે. ત્યારે તેના સવાલનો બરાબર તેને ઉપયોગી થાય એવો જવાબ, પોતાના અનુભવથી પ્રસિદ્ધ હોવાને લીધે, સત્પુરુષ પણ સ્પષ્ટ એને બતાવે છે.

એવો જે અરસપરસનો મેળ થાય છે ત્યારે એ સંતપુરુષનો પ્રતાપ છે એમ કહેવામાં આવે છે. અહીંયાં જીવની યોગ્યતા હોય છે અને સત્પુરુષના હૃદયમાં તો બધા જીવો આવા માર્ગને પામે. સર્વ જીવો આવા માર્ગને પામે ત્યાં જાતિભેદ, સંપ્રદાયભેદ કોઈ ભેદ જોતા નથી. એ આત્માને જોવે છે અને આત્મા આત્માના માર્ગને પામે, એવી નિષ્કારણ કરુણા, એવો કારણ વગરનો રાગ (થાય છે). સામાન્ય રીતે દરેક જીવને રાગ થાય ત્યારે કારણ હોય છે, કાંઈક ને કાંઈક પોતાને મેળવવું, અપેક્ષા હોય છે, સત્પુરુષોને કાંઈ અપેક્ષા હોતી નથી. અંતરંગ નિઃસ્પૃહ હોય છે, અંતરંગથી જ નિઃસ્પૃહ હોય છે. છતાં એવો રાગ છે કે બીજા જીવો પણ પામે-કોઈપણ જીવ પામે. આ પામે અને આ ન પામે એવો ભેદ સત્પુરુષ પાડતા નથી. પાડે તો એ સત્પુરુષ ન હોય.

મુમુક્ષુ :- 'શ્રીમદ્'માં આવે છે, એક સત્પુરુષને શોધીને... સત્પુરુષના બહુ ગાણા ગાયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું કારણ છે કે એ દર્શનમોહની મંદતાનો પ્રકાર છે. જ્યારે કોઈ જીવ સત્પુરુષની, આ સત્પુરુષ છે એમ જાણીને ભક્તિ કરે, મહિમા કરે ત્યારે એને એ રાગના પરિણામ સાથે સાથે દર્શનમોહની મંદતાના પરિણામ (થાય છે). ચારિત્રમોહ તો મંદ થાય પણ દર્શનમોહ પણ મંદ થાય.

બીજું, તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં સ્વચ્છંદ ઊપજવાનો અવકાશ છે. જ્ઞાનમાર્ગે ક્ષયોપશમમાં કાંઈ પણ વિષય ધારણામાં આવે ત્યારે સમજાયાનો પ્રકાર (થઈ આવે છે). સમજાયું છે, મને સમજાયું છે, હું સમજ્યો છું એવો એક પ્રકાર સ્વાભાવિકપણે ઉત્પન્ન થઈ આવે. કેમ કે પહેલા નહોતું સમજાયું અને પછી સમજાયું. ક્ષયોપશમમાં તો એટલો ફેર થયો છે. વળી પર્યાયદૃષ્ટિ હોવાને લીધે એનું વજન પણ ત્યાં જાય છે. એટલે સૂક્ષ્મપણે સ્વચ્છંદની શરૂઆત તો ત્યાંથી થાય છે.

એવા પ્રકારમાંથી બચવા માટે પણ સત્પુરુષનું સાનિધ્ય હોય, સત્પુરુષનો સમાગમ હોય તો એને એકદમ અર્પણતા અને નમ્રતાનો ભાવ જ વર્ત્યા કરે છે. એટલે સમજાણું હોય તો એને એમ થાય છે કે આ જેવી દશાએ પહોંચ્યા છે, એવી દશાએ મારે પહોંચવું છે. એ ન પહોંચાય ત્યાં સુધી તો એમની પાસેથી મારે સમજવું બાકી છે. એવો

ભાવ એને રહ્યા કરે છે. એટલે આગળ વધવામાં જે અવરોધક છે એ પરિણામ એને સહેજે થતા નથી. દર્શનમોહ પણ મંદ થાય છે અને સત્પુરુષની અંતર-બાહ્ય દશા કોઈ એવી હોય છે કે એને બોધનું નિમિત્ત થાય છે. દર્શનમોહ જેનો મંદ થયો છે એને આત્મબોધનું નિમિત્ત થાય છે.

ત્યારે '**અનંતગુણમય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરત પામે.**' 'શ્રીમદ્જી'એ એને ૭૫૧ના પત્રમાં બીજરૂપી સમકિત કહ્યું છે, બીજભૂત સમકિત કહ્યું છે. સત્પુરુષ પ્રત્યેની અનન્ય ભક્તિ, સત્પુરુષ પ્રત્યેની સર્વાર્પણબુદ્ધિ એને બીજભૂત સમકિત કહ્યું છે. પછી પોતે ચોખવટ કરી છે કે સમકિતનું કારણ હોવાને લીધે અમે એને સમકિત કહીએ છીએ.

સમકિતના ત્રણ ભેદ પાડ્યા છે. સમકિતને ત્રણ ભેદ નથી. પણ એમણે એક વિલક્ષણ પદ્ધતિથી એ વાત લખી છે. કે પહેલું તો આ સત્પુરુષ પ્રત્યે આવી સર્વાર્પણબુદ્ધિ, પરમેશ્વરબુદ્ધિ આવે તો એને બીજભૂત સમકિત છે. પછી એ સ્વરૂપ સન્મુખ થાય એને બીજા નંબરનું સમકિત કહ્યું. એટલે પહેલુ સમકિત એ બીજા સમકિતનું કારણ છે. અને સ્વરૂપ સન્મુખ થાય એ સ્વરૂપના અનુભવમાં આવે. એટલે નિશ્ચય સમકિતમાં આવે. ત્યારે એને એનું કારણ કહ્યું છે. એમ કરીને ત્રણ ભેદ પાડ્યા. ૭૫૧ નંબરનો પત્ર છે.

મુમુક્ષુ :- બીજજ્ઞાન કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- બીજજ્ઞાન. બીજજ્ઞાન એટલે આમ તો સ્વરૂપ સન્મુખ થાય છે એ બીજજ્ઞાન છે. સ્વરૂપ સન્મુખ થાય છે એ બીજજ્ઞાન છે. સમ્યક્ સન્મુખ થાય છે એને બીજજ્ઞાન કહી શકાય. કેમ કે ત્યાં જ્ઞાનની મુખ્યતા છે. નિર્ણય થાય છે. જેવું સ્વરૂપ કેવળજ્ઞાનમાં ભગવાન કેવળજ્ઞાની જાણે છે, એવું જ સ્વરૂપ અહીંયાં પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ એટલે જેવું છે એવો ભાસ, એને પ્રતિભાસ કહે છે. એ બીજજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુ :- બીજ હોય તો ઝાડ ઊગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીંયાં સંસ્કારનું બી તો પડી જ જાય છે. સ્વરૂપસન્મુખ થાય એટલે એને સંસ્કારનું બીજ તો પડી જ જાય છે.

મુમુક્ષુ :- બીજજ્ઞાન વગર...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં છે. શેમાંથી છે એ ખ્યાલ છે ? એ બીજજ્ઞાનની ચર્ચા નહિ ચાલી હતી પણ સિદ્ધાંતજ્ઞાન અને... આમાં છે. સિદ્ધાંતજ્ઞાન અને બીજું શું કીધું છે ? શબ્દ છે. સિદ્ધાંતજ્ઞાન એટલે સિદ્ધાંતો સમજવાનો ક્ષયોપશમ છે. અને એક બીજો શબ્દ વાપર્યો છે. એવું કહ્યું છે. સિદ્ધાંતબોધ. સિદ્ધાંતજ્ઞાન નહિ પણ સિદ્ધાંતબોધ એવો શબ્દ છે. અને વૈરાગ્ય અને ઉપશમ હોય એના માટે એક બીજો શબ્દ વાપર્યો છે. ભાવ તો એની અંદર વૈરાગ્ય ઉપશમનો છે. બીજો શબ્દ વાપર્યો છે. આ સિદ્ધાંતબોધ વાપર્યો છે. એ બેને કેવી રીતે મેળ છે ? એ વાત લીધી છે. ઉપદેશબોધ. બીજજ્ઞાન નહિ. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ-એવા બે શબ્દ વાપર્યા છે. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ.

ઉપદેશબોધનો અર્થ એવો છે કે વૈરાગ્ય, ઉપશમ અને સત્પુરુષ પ્રત્યે આજ્ઞાકારીપણું હોય આજ્ઞાંકિતપણું હોય, ત્યારે એને ઉપદેશબોધ કહ્યો છે. એ ઉપદેશબોધ વિના સિદ્ધાંતબોધ ન પરિણમે. સિદ્ધાંતિક જ્ઞાન પરિણમે નહિ. એ એમણે એ વાત લીધી છે. એ એની ઉપદેશબોધની ભૂમિકા લીધી છે.

સૂત્રો, સિદ્ધાંત, શાસ્ત્રો સત્પુરુષના ઉપદેશ વિના ફળતા નથી. ફેરફાર જે છે તે વ્યવહાર માર્ગમાં છે. મોક્ષમાર્ગ તો ફેરફારવાળો નથી, ત્રણે કાળે એક જ છે. તે પ્રાપ્ત કરવામાં શિથિલપણું છે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ત્યાં આગળ શૂરવીરપણું ગ્રહણ કરવા યોગ્ય છે. જીવને અમૂર્છિત કરવો તે જરૂરનું છે. ઉપદેશબોધ (શબ્દ) વ્યાખ્યાનસારમાંથી પકડ્યો છે. પહેલો શબ્દ ઉપદેશબોધનો છે. પરિશિષ્ટમાં એ વિષય નથી લાગતો ક્યાંય.

ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધની ચર્ચા ચાલી હતી. '**જ્યાં સુધી પરપદમાં પોતાપણું છે ત્યાં સુધી સરાગી થઈને વ્યાકુળ રહે.**' જ્યાં સુધી જીવને સ્વરૂપને છોડીને સ્વપદને ભુલીને પરપદમાં પોતાપણું છે ત્યાં સુધી તેની આકુળતા મટતી નથી. પરમાં સ્વપણું આકુળતાને ઊપજાવે છે. '**જ્ઞાનદૃષ્ટિથી દર્શન-જ્ઞાન-ચારિત્રને એકપદસ્વરૂપ અવલોકન કરતાં પરમાન્યતાનો તુરત નાશ થાય.**' જ્ઞાનદૃષ્ટિથી એટલે વસ્તુદૃષ્ટિથી વસ્તુ જેવી છે તેવી જ્ઞાનમાં આવે, ત્યારે દર્શન-જ્ઞાન-

ચારિત્રના એકપદ સ્વરૂપ એટલે અભેદ સ્વરૂપ અનંત ગુણના અભેદસ્વરૂપ પોતાને અવલોકન કરતા-પોતાને જોતાં, પોતાનો વિચાર કરતા એમ નથી લેતા, પણ પોતાને અવલોકન કરતાં રાગની સીધી પ્રવૃત્તિ છે ત્યાં વિકલ્પની પ્રધાનતા છે.

મુમુક્ષુ :- અવલોકન કરતાં એટલે સ્વરૂપમાં એકાગ્ર થતાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવલોકન કરતા એટલે આમ તો એ એકાગ્ર થવાનો એ Process છે, પણ પહેલા અવલોકનથી એ શરૂ થાય છે કે પોતે સીધું જ્ઞાનમાં, અવલોકન કરવું એ જ્ઞાનની પ્રવૃત્તિ છે, વિચાર કરવો એ રાગની-વિકલ્પની પ્રવૃત્તિ છે. એટલો ફેર છે.

મુમુક્ષુ :- અવલોકન ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાલ થોડી ચર્ચા ચાલી હતી કે એમાં જ્ઞાનની પ્રધાનતા છે. જ્ઞાનની મુખ્યતામાં જ્ઞાનના આધારે જ્ઞાનમાં અહંમપણું લઈને જે પોતે જ પોતાને જોવે છે, જ્ઞાન જ પોતાને જોવે છે, જ્ઞાન જ પોતાના સ્વભાવનું અવલોકન કરે છે અને રાગની મુખ્યતામાં આત્માનો વિચાર કરે છે, ત્યાં એને ઓઘેઓઘે નિર્ણય થાય છે કે આવું સ્વરૂપ છે, આવું સ્વરૂપ છે. શાસ્ત્રનું જાણપણું થાય છે, આત્માનું જાણપણું થાય છે પણ ઓઘેઓઘે થાય છે. ત્યાં એને નિર્ણયબળ પ્રગટતું નથી અથવા પુરુષાર્થ પ્રગટ થતો નથી.

વાસ્તવિક જેવું આત્મસ્વરૂપ અનંત ગુણનિધાન છે, એવું જો એના ભાસનમાં આવે-એનો ભાવ ભાસે તો એ સંબંધી બળ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એવું અનંત પુરુષાર્થનું સત્ત્વ છે કે એનું બળ ઉત્પન્ન થયા વિના રહે નહિ. જેમ દરિદ્રિને દૌલત મળે તો એને એની હૂંફ આવ્યા વિના રહે નહિ. લાચારી એની ચાલી જાય અને એની હૂંફ એને આવ્યા વિના રહે નહિ. એમ અનંત ગુણની લક્ષ્મી છે આ. પોતામાં જ અનંત ગુણ-દૈવી અનંત ગુણ પરમાત્મપદ પોતે જ છે એવું એના ભાસનમાં અવલોકનથી આવે તો એને જ્ઞાનબળ ઉપજ્યા વિના રહે નહિ. જ્ઞાનથી જાણ્યું છે ને ? એટલે એને ત્યાં જ્ઞાનબળ ઊપજ્યા વિના રહે નહિ. નિર્ણયબળ ઉપજ્યા વિના રહે નહિ અથવા બળને જુદું પાડો તો પુરુષાર્થ ઉપજ્યા વિના રહે નહિ. એ એની નિશાની છે.

મુમુક્ષુ :- ઉપયોગની એકાગ્રતા તે અવલોકન, એમ માનવું ?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન એટલે આમ તો આપણે જેને Observation નથી કહેતા ? અહીંયાં શું છે કે પોતાના જ સ્વભાવને અવલોકે છે. પરિચય કરે છે. પોતાના જ અનુભવને જોવે છે કે આમાં સ્વભાવ શું છે ? વિભાવ શું છે ? અનેક પડખા (જોવે છે). આમાં રસ શું છે ? પરરસ શું છે ? એ બધું અવલોકનથી એને સમજાય છે. જેટલું અવલોકનથી સમજાય છે એટલું જ સાચું સમજાય છે. શાસ્ત્રથી જેટલું સમજાય છે એટલું ઘડ બેઠી હોય તોપણ હજી સાચું સમજાયું નથી. એ ફેર છે. એટલો ફેર રહે છે.

કારણ કે એ એક Practice છે-પ્રયોગ છે. પ્રયોગના કાળમાં સમજ પણ સાચી આવે છે. ત્યાં સુધી જે સમજ છે એ એક Theoryની સમજ છે. આનું આમ... આનું આમ... આનું આમ... આનું આમ... Theoratical અને Practical knowledge માં કેટલો બધો ફેર ? કે ઘણો ફેર. એટલો ફેર છે આમાં.

એમ પોતાના સ્વરૂપનું અવલોકન કરતાં, પોતાના સ્વભાવને જોતાં પરમાં હુંપણાની માન્યતાનો નાશ થાય. અહીંયાં શ્રદ્ધા ફરી જાય છે. જ્યારે એ જોવે છે કે મારામાં પર નથી અને પરમાં હું નથી ત્યારે પરમાં હુંપણાની પ્રતીત ફરવાનું કારણ થાય છે. પરમાં હુપણું જાણતો હતો અને પરમાં હુંપણુ માનતો પણ હતો. એ જાણવામાં ફેર પડ્યો તો માનવામાં પણ ફેર પડી જાય છે, એમ કહેવું છે. '**પરમાન્યતાનો તુરત નાશ થાય.**'

'**રાગવિકાર મટતાં જ વીતરાગપદ પામે,...**' આગળ વધીને ચારિત્રમોહના રાગ અને વિકાર મટતા વીતરાગપદને પામે છે. '**ત્યારે અનાકુલ થયો થકો,...**' નિરાકુળ થયો થકો. '**અનંત સુખનો રસાસ્વાદી બની પોતાને અમર કરે (છે).**' ત્યારે અનંત આનંદ અનંત સુખ પ્રગટ કરીને, એનો અનુભવ કરીને પોતે પછી દ્રવ્યમરણથી પણ મટે છે અને ભાવમરણથી પણ મટે છે. બંને પ્રકારથી છૂટે છે. ભાવમરણ પણ એનું મટે છે અને દ્રવ્યમરણ પણ એનું મટે છે.

'**જેવી રીતે કોઈ રાજા દારૂ પીને નિંદ્ય સ્થાનમાં રતિ માને તેવી રીતે ચિદાનંદ દેહમાં રતિ માની રહ્યો છે.**' જેમ કોઈ રાજા દારૂ પીને લથડિયા ખાતો કોઈ ગંદકીના ખાબોચિયામાં પડે, એંઠવાડના

ખાબોચિયામાં પડે. દારૂ પીવાથી શરીરમાં ગરમી વધી ગઈ હોય તો એ ખાબોચિયામાં ગંદા ખાબોચિયામાં પડે તો પણ એને શીતળતા લાગે. ભ્રાંતિથી એને એમ એ વખતે થાય કે અહીંયાં મને ઠીક છે, લ્યો. આ મને ઠીક છે. પડે લથડિયા ખાતો અને ગંદા પાણીમાં પડે. પાણી તો ઠંડુ છે, ભલે ગંદુ છે પણ ઠંડુ છે તો એને ત્યાં ઠીક લાગે કે અહીંયાં સૂઈ રહું, લ્યો. પડી ગયો હોય તો એને સૂઈ રહેવાનું મન થાય. ક્યાં રાજા અને ક્યાં એને ગંદા પાણીના ખાબોચિયામાં સૂવાનું ! છતાં એ પોતે રતિ માને એટલે ઠીક માને. સારું લાગે છે એવું માને.

તેવી રીતે '**આ ચિદાનંદ દેહમાં રતિ માની રહ્યો છે.**' દેહ છે એ માંસ ને મળ ને રુધિરનું પૂતળું છે એમાં પણ એને ઠીક છે. શાતા થઈ એ સારું થયું, હવે મને સુખ ચેન છે, એમ એ પોતાનું શોભાયમાનપણું, પોતાનું ઠીકપણું, પોતાનું ઇષ્ટપણું એ શરીરમાં માને છે અને શરીરને અનુકુળતાના સાધનોમાં પણ પછી એ ઠીકપણું માનવા લાગે છે. એ ચિદાનંદ રાજા છે, ચૈતન્યપિંડ આત્મા છે, એને એક રજકણ સાથે કાંઈ સંબંધ થઈ શકતો નથી. છતાં પણ અનંત પરમાણુના પિંડ સાથે એ ઠીકપણું માને છે.

'**મદ ઉતર્યે રાજપદનું જ્ઞાન થઈ રાજનિધાન વિલસે (તેમ) સ્વપદનું જ્ઞાન થતાં સચ્ચિદાનંદસંપદા વિલસે.**' જેમ રાજાને ઘેન ઉતરે ત્યારે એને ખબર પડે કે અરે...! હું તો મહેલમાં પલંગમાં સૂવાને લાયક, આ તો ગંદવાડમાં પડી ગયો છું, ખાબોચિયામાં પડ્યો છું. તો તરત જ એને રાજપદનું જ્ઞાન થાય છે અને રાજના નિધાનને ભોગવે છે. તેવી જ રીતે આત્માને સ્વપદનું સચ્ચિદાનંદ પદનું જ્ઞાન થાય છે ત્યારે પોતાના આનંદનો અનુભવ કરે છે. ત્યારે એ રાગાદિ મલિનતાનો અને દેહાદિની મલિનતા સુખપણે, આનંદપણે અનુભવ કરતો નથી. અને જે પ્રગટ દુર્ગંચ્છા (સ્વરૂપ છે), દેહ તો પ્રગટ દુર્ગંધછાનું સ્થાન છે, છતાં પણ ભ્રાંતિથી એમાં એને ઘૃણા થતી નથી. ઉલટાનું ઠીક લાગે છે.

'**કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન તો જાણપણારૂપ છે (છતાં) પોતાને કેમ નથી જાણતું ? તેનું સમાધાન :**' જ્ઞાનનું કાર્ય તો જાણવાનું છે તો જ્યાં જ્ઞાનનું કાર્ય જાણવાનું છે, એ પોતાને ન જાણે ? આમ કેમ થઈ રહ્યું છે ? આવો પ્રશ્ન કર્યો છે. જ્ઞાનમાં અનેક પદાર્થોનું પ્રતિબિંબ પડતાં

ઉપયોગ પણ ત્યાં એકાગ્ર કરીને, અવલંબીને એ પરપદાર્થને જાણે છે એવો બધાને અનુભવ કરવામાં આવે છે. જે જે પરપદાર્થો સંબંધી પ્રવૃત્તિ કરે છે તેમાં પહેલું તો એ સંબંધીનું એને જાણવું થાય છે. તો જ્ઞાનનું આવું જાણવાનું કાર્ય સ્પષ્ટપણે છે તો એ શા માટે પોતાને જ જાણતો નથી ? પોતાને કેમ ભૂલે છે ? આવો પ્રશ્ન કર્યો છે. એનો ઉત્તર આપે છે.

**'જાણપણું અનાદિથી પરમાં વ્યાપી પરનું જ થઈ રહ્યું છે.'** જાણપણામાં દોષ શું કર્યો છે ? કે પરને જાણતા વ્યાપ્ય-વ્યાપકભાવે પરિણમે છે. જ્યારે એ જીભ ઉપર સ્વાદને મૂકે છે ત્યારે જે પદાર્થ જીભ ઉપર આવ્યો એનો સ્વાદ પોતાના જ્ઞાનમાં વ્યાપ્યો અથવા પોતે એમાં વ્યાપ્યો. ઠંડી મને લાગી, ગરમી મને લાગી એમ એમાં વ્યાપવું અરસપરસમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અનુભવ કરે છે. એને અહીંયાં એમ કહે છે કે એ જાણપણું પરમાં વ્યાપી રહ્યું છે. વ્યાપી રહ્યું છે એટલે ? એવો ભાવ કરી રહ્યું છે. વ્યાપી શકતું નથી. જ્ઞાન વ્યાપી શકતું નથી પણ વ્યાપવાનો એને ભ્રમ થાય છે.

**'જાણપણું અનાદિથી પરમાં વ્યાપી પરનું જ થઈ રહ્યું છે.'** એટલે પરનું જ્ઞાન હોય. સ્વનું જ્ઞાન ન રહ્યું, પરનું જ્ઞાન હોય એવો એમાં મિથ્યા અનુભવ છે. એવું જે જ્ઞાન છે એ મિથ્યાજ્ઞાન છે, અજ્ઞાન છે. '**હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે...**' તે જ જ્ઞાન '**કે આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય.**' પર જે જણાય છે એમાં પણ જ્ઞાન તો છે. જ્યાંથી એને તકલીફ થાય છે, જે પરને જાણતાં પરની સાથે વ્યાપ્ય-વ્યાપકભાવે એકત્વ કરે છે અને પરપદાર્થ સાથેના સંબંધની ઘૂંચ ઊભી કરે છે, ત્યાંથી જ એને પાછો વાળે છે કે જે આ જ્ઞાન પરને જાણે છે...

જ્ઞાનમાં પર જાણે છે, તો જ્યાં જ્ઞાન છે જ્ઞાન આત્મા વિના કેમ હોય ? હું આત્માના અસ્તિત્વને ભૂલીને કેમ જાણું છું ? આમ લેવું છે. કે જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. અહીંયાં બહુ સારી પદ્ધતિ લીધી છે, જેને આગળ જ્ઞાનરીતિ કહી ને ? આગળ. જ્ઞાનરીતિથી... પહેલી લીટી છે ૧૭માં પાને. **'જ્ઞાનરીતિને અંતરમાં લાવીને વિપરીત કરણીને ભેદીને સાધકાતા**

**સાધી મહાન થાય છે,...'** આ જ્ઞાનરીતિની વાત ચાલે છે. કઈ જ્ઞાનરીતિ ? કે '**પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. જ્ઞાન તો આત્મા વિના ન હોય. તેથી પરપદને જાણનારું મારું (જ્ઞાન)પદ છે.'** પરપદને જાણનારું પદ તો મારું જ્ઞાનપદ છે, એવું જ્યારે એ સમજે છે ત્યારે મારું જ્ઞાન એ જ હું છું, પરવિકાર પર છે.

'**મારું જ્ઞાન (એ જ) હું છું.'** હવે એમાં હુંપણું લ્યે છે. જ્ઞાનમાં હુંપણું (લ્યે છે). જ્ઞાન તે હું છું. રાગાદિ વિકાર તે પર છે. અને '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું...'** આ અસ્તિત્વ પકડ્યું. જ્યાં જ્યાં જાણપણું. જાણપણું એટલે પર્યાય ન લીધી, સ્વભાવ લીધો. જાણવાનો જેનો સ્વભાવ છે તે જાણપણું. પર્યાયમાં પણ જાણપણું તો છે. તો '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં 'હું' એવો દૃઢભાવ સમ્યક્ત્વ છે.'** એવું હુંપણું જ્યાં અંદરમાં જ્ઞાનમાં-જ્ઞાનસ્વભાવમાં થઈ ગયું, ત્યાં જ્ઞાન સમ્યક્ત્વ થયું, દર્શન સમ્યક્ થયું. આખા આત્મામાં સમ્યક્પણું થયું તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. સમ્યક્પણું થયું એ સમ્યક્ત્વ.

'**તે સુગમ છે.'** કેમ કે અહીંયાં બીજી કોઈ તકલીફ નથી. જ્ઞાનસ્વરૂપે પોતે છે, જ્ઞાનક્રિયારૂપે સદાય પરિણમી રહ્યો છે અને એ જાણપણારૂપે પોતાનું સ્વરૂપ છે, જાણપણું એવું પોતાનું સ્વરૂપ છે. એવું એને અંતર અવલોકનથી પોતાનું સ્વરૂપ જાણીને હુંપણે એમાં અસ્તિત્વ ગ્રહણ થાય છે તો એ અવલોકનમાં હુંપણું કેમ આવે છે ? કે હુંપણું ત્યાં છે માટે હુંપણું આવે છે. ભ્રાંતિથી રાગમાં હું.. હું.. હુંપણું થયા કરતું હતું. હવે જ્યારે એ બરાબર અંદરમાં અવલોકન કરે છે ત્યારે એને એમ જણાય છે કે રાગમાં હુંપણું નહિ પણ જ્ઞાનમાં હુંપણું થાય, એવું મને માલુમ પડે છે. હું... હું... હું... હું... હું... હુંપણું તો જ્ઞાનમાં છે. રાગ છે એ પણ જ્ઞાનમાં પ્રતિબિંબ એનું પડ્યું ત્યારે જણાયો છે. રાગને ક્યાં ખબર છે ? રાગને ખબર નથી કે હું રાગ છું અને આત્માનો વિકાર છું, એવી રાગને ખબર નથી. રાગ પણ જ્ઞાનની બાજુમાં જોડે ઉત્પન્ન થાય છે એ પ્રતિબિંબ થાય છે ત્યારે એ જ્ઞાનની હયાતીમાં એની પ્રસિદ્ધિ થાય છે કે આવો રાગ થયો. એમ ખરેખર તો જ્ઞાનની હયાતીમાં એની પ્રસિદ્ધિ થાય છે.

પોતે તો જ્ઞાન છે. જો એ ધીરો થઈને બંને ભાવને જાણે તો એમાં

હુંપણું એને જ્ઞાનમાં જણાશે અને હુંપણું જ્યારે જ્ઞાનમાં જણાશે ત્યારે રાગાદિમાં થતું હુંપણું બંધ થઈ જશે. રાગાદિમાં હુંપણું ચાલુ નહિ રહે. આ વિષય 'સમયસાર'ના કર્તા-કર્મ અધિકારની ૬૯-૭૦ ગાથા બે સાથે છે એમાં લીધો છે. જ્યારે જ્ઞાનક્રિયામાં જ્ઞાનક્રિયા જે રીતે થતી માલુમ પડે છે તે રીતે ક્રોધાદિ ક્રિયા થતી માલુમ પડતી નથી.

એ રીતે રીતે એટલે શું ? કે જે રીતે એટલે આ રીતે ? કે જે રીતે જ્ઞાનમાં હુપણું થાય તો રાગાદિમાં પણ હુંપણું થાય, એમ બે વાત નહિ બને. અને જે રીતે રાગાદિમાં હુંપણું થશે, એવી ક્રોધાદિની ક્રિયા થશે ત્યારે જ્ઞાનક્રિયા થતી હશે તો પણ જ્ઞાનમાં હુંપણું નહિ થાય. એમ લેવું છે.

હવે પોતાના અસ્તિત્વને ખોળનાર હું... હું... હું... હું... હું... હુંપણું થઈ રહ્યું છે એ ખરેખર ક્યાં થાય છે ? એ અંદરમાં જો કોઈ શોધે તો એને સ્પષ્ટપણે અનુભવગોચર થાય, એને ખ્યાલમાં આવી જાય. પહેલો તો ખ્યાલ આવી જાય કે આ હું... હું... હું... હું... હું... હુંપણું તો જ્ઞાનમાં વેદાય છે. જ્ઞાનમાં હુંપણું છે. મારું હોવાપણું તો જ્ઞાનમાં છે. મારું હોવાપણું જ્ઞાનમાં છે એમ જ્યાં ખ્યાલમાં આવે છે ત્યારે એને એમ ખ્યાલમાં આવે છે કે રાગમાં મારું હોવાપણું નથી. આ ખોટું થાય છે, આ ભૂલ થાય છે.

પાંચ અને બે સાત થાય એ પાંચ અને બે આઠ ગણતો હતો. એ ખ્યાલ આવ્યો કે ભૂલ છૂટી. આ ભૂલ નહિ. પાંચ અને બે સાત જ થાય. એમ રાગમાં હુંપણું એ ભૂલ છે એમ ખ્યાલ આવે છે. જ્ઞાનમાં તો પોતાનું અસ્તિત્વ છે જ. છે એટલે એ જો ત્યાં અવલોકનથી જોવે છે તો એને ખ્યાલ આવે છે કે છે. એને ખ્યાલ આવે છે તો ભૂલ ભાંગે છે. મિથ્યાત્વને ભૂલ કહી છે ને ? મિથ્યાત્વને ભૂલ કહી છે.

મુમુક્ષુ :- અહીંયાં જ્ઞાની પર્યાયમાં... એના બદલે જ્ઞાનને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનની પર્યાયમાં તો હુંપણું થતું પણ નથી. મિથ્યાદષ્ટિને તો રાગમાં જ હુંપણું થાય છે, ખરેખર તો. પર્યાયદષ્ટિ હોવાથી એને રાગમાં જ હુંપણું થાય છે. એ જ્ઞાનને ચૂકી જાય છે.

મુમુક્ષુ :- રાગને જાણનારી જ્ઞાનની પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં શું છે કે રાગને જાણનારી જ્ઞાનની પર્યાયમાં હુંપણું જો કરે તો એમાં સ્વભાવ પકડાઈ જાય. જો જ્ઞાનને પકડે, જ્ઞાનમાં હુપણું કરે તો સ્વભાવ પકડાઈ જાય. કેમ કે અહીંયાં જ્ઞાનમાં સ્વભાવ છે. પણ જીવ જ્ઞાનને ચૂકી જાય છે. રાગના એકત્વમાં રાગને જ મુખ્ય કરે છે, રાગને જ એકાકારપણે વેદે છે, રાગને સર્વસ્વપણે પોતાપણે જાણે છે.

મુમુક્ષુ :- રાગમાં હુંપણું થાય છે એ ક્ષણિક ક્ષણિક...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાય છે એટલે ક્ષણિક જ હોય ને. પર્યાય તો ક્ષણવર્તી પદાર્થ છે એટલે ક્ષણિકપણે જ થાય છે. ત્યાં એ વિષય એવી રીતે લીધો છે. 'ગુરુદેવ'ના પ્રવચનોમાં તો એ વિષય સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- સ્વભાવમાં પણ હુંપણું થાય છે એ પણ ક્ષણે ક્ષણે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પણ ક્ષણે ક્ષણ. પરિણમન તો ક્ષણવર્તી જ છે, સમયે સમયે જ થાય છે. કર્તા-કર્મ અધિકાર. ૬૯-૭૦ પહેલી જ બે ગાથા છે. ૭૧માં છે. ૬૯-૭૦ નહિ, પણ ૭૧માં છે.

**'આ જગતમાં વસ્તુ છે. તે સ્વભાવમાત્ર જ છે, અને સ્વનું ભવન તે સ્વ-ભાવ છે.' સ્વનું ભવન એટલે સ્વનુ પરિણમવું. 'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...'** લ્યો, ઠીક ! જ્ઞાનનું પરિણમવું-જ્ઞાનનું થવું તે આત્મા છે. **'અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિક છે.'** અહીંથી વાત (કરી છે). પાયો જ આમથી નાખે છે. પંદરમી ગાથામાં એ જ વાત કરી. શ્રુતજ્ઞાન તે આત્મા છે. ત્યાં તો વળી એવું લઈ લીધું, શ્રુતજ્ઞાન તે આત્મા છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ્રુતજ્ઞાન પોતે આત્મા છે. એવો શબ્દ છે. શ્રુતજ્ઞાન પોતે આત્મા છે. **'श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्: ततो ज्ञानानुभूतिरेवात्मानुभूतिः'** તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. આગળ એક કળશ લીધો છે કે આત્માની અનુભૂતિ છે તે જ્ઞાનની અનુભૂતિ છે અને જ્ઞાનની અનુભૂતિ છે તે આત્માની અનુભૂતિ છે. એમ ખરેખર જાણીને, એમ ખરેખર જાણીને આગળ વધવું એમ લીધું છે. આગળ એક તેરમો કળશમાં આવી ગયો છે. અહીંયાં એ વાત લીધી છે કે જ્ઞાન પોતે જ આત્મા છે.

**'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિકનું થવું-પરિણમવું તે ક્રોધાદિક છે.'** હવે અહીંયાં આ પદ્ધતિ લીધી છે કે **'વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી.'** જ્ઞાન પરિણમે છે, તે વિભાવ પરિણમે છે એમ બે એક નથી. જ્ઞાન જુદું પરિણમે છે, ક્રોધાદિક જુદાં પરિણમે છે. એટલે જ્ઞાનના થવામાં ક્રોધાદિકનું પરિણમન નથી-પરિણમવું નથી.

**'કારણ કે...'** કેમ એમ નથી ? એનું કારણ લે છે. **'કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલુમ પડે છે...'** જેમ જ્ઞાન થતું માલુમ પડે છે. જેમ એટલે કેમ ? કે જ્ઞાનના થવામાં જ્ઞાન હુંપણે થતું માલુમ પડે છે, **'તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી.'** તેમ ક્રોધાદિક પરિણામ છે એમાં હુંપણું થતું માલુમ પડતું નથી એમ કહે છે.

**'અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું, પરિણમવું નથી. કારણ કે ક્રોધાદિકના થવામાં (-પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.'** એટલે જો ક્રોધાદિકમાં હુંપણે જીવ પરિણમે છે,... આમાં શું છે કે જ્ઞાન, જ્ઞેયનિમગ્ન રહે છે ત્યારે જ્ઞાનની બાજુમાં ઊપજતો જે રાગાદિ, ક્રોધાદિ વિભાવ તેમાં તે મગ્ન છે. એટલે હુંપણું એમાં કરે છે. આ મિથ્યાત્વ છે. જો જ્ઞાનમાં હુંપણું આવે તો સ્વભાવનું ગ્રહણ થઈ જાય-અસ્તિત્વનું ગ્રહણ થઈ જાય. હુંપણું બદલવાનું છે, અસ્તિત્વ બદલવાનું છે.

મુમુક્ષુ :- ક્રોધનો સ્વામી પુદ્ગલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ક્રોધનો સ્વામી ગમે તે હોય આપણે શું કામ છે ? પછી તો પુદ્ગલાકારે હોવાથી એને પુદ્ગલ કીધો પણ ક્રોધનો સ્વામી પુદ્ગલ જ છે ખરેખર તો. કેમ કે એ પુદ્ગલના આશ્રયે પુદ્ગલાકારે પુદ્ગલ પ્રકૃતિના સ્વભાવે પરિણમેલો ભાવ છે. માટે એને પુદ્ગલ કહેવામાં આવે છે.

**'આ રીતે...'** જ્ઞાનને એટલે **'આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.'** બે વચ્ચે એક વસ્તુપણું નથી.

આમ જ્યારે આત્મા અને ક્રોધાદિનો તફાવત એટલે જુદાપણું દેખાય છે ત્યારે અનાદિથી એની સાથે 'હું રાગને કરું છું' એમ જે

એકત્વની કર્તા-કર્મની પ્રવૃત્તિ હતી તેનાથી તે નિવૃત્ત થાય છે. કેમ કે જ્ઞાન એમ જાણે છે કે હું તો જાણપણું છું, જાણપણારૂપે પરિણમું છું. રાગ હું કરું છું એ ભ્રાંતિ એની ઊડી જાય છે. જાણપણું મારામાં હોવાથી જાણવારૂપ ક્રિયા હું કરું છું. રાગ હું કરું છું એ વાત રહેતી નથી.

બસ, આમ જ્યાં નિવૃત્ત થયો. રાગ કરવાપણાથી નિવૃત્ત થયો ત્યારે એને દ્રવ્યકર્મનો બંધ (થતો અટકયો). આસ્રવથી એ નિવર્ત્યો, એ બંધથી નિવર્ત્યો. તેથી '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**' આમ જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર (કહેતા આવ્યા છે). આ જ્ઞાનરીતિ લિધી છે. ૭૧ ગાથા છે. જ્ઞાનરીતિ કહો, ભેદજ્ઞાન કહો, આત્મા અને આસ્રવનું જુદાપણાનું જ્ઞાન કહો, બધા શબ્દો જુદાં જુદાં છે. મૂળ તો એને રીત પકડાવી જોઈએ. બહુ ટૂંકામાં પણ બહુ સુંદર વાક્ય છે. આ જે Bold type માં છે ને ?

'**મારું જ્ઞાન (એ જ) હું છું,...**' એમ કે જ્ઞાન તે આત્મા છે, એમ લીધું ને ? જ્ઞાન તે જ આત્મા છે. એટલે મારે '**મારું જ્ઞાન (એ જ) હું છું, પરવિકાર પર છે.**' એટલે રાગાદિ વિભાવભાવ છે તે પરસંબંધીનો ઉત્પન્ન થયેલો પરવિકાર છે. તે તો પર છે. આત્માનો ભાવ હોવા છતાં અહીંયાં પર છે એમ કહ્યું છે. કેમ કે '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું.**' એમ થયું છે. '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું.**'

વિશેષતા શું છે ? કે ભલે એણે સ્વભાવ પકડ્યો છે જ્ઞાનના પર્યાયમાંથી, પણ એટલો જ સ્વભાવ નથી પકડ્યો. ત્રિકાળી દળમાં જે સ્વભાવ છે એ સાથે સાથે પકડાય જાય છે. કેમ કે સ્વભાવ અખંડ છે. વ્યક્ત અંશે હો કે અવ્યક્ત અંશે હો, સ્વભાવ અખંડ છે. સ્વભાવ ખંડિત નથી. એટલે સ્વભાવમાત્ર અંશે નથી પકડાતો. જ્ઞાનમાંથી સ્વભાવનું ગ્રહણ થાય છે ત્યારે અંશરૂપ સ્વભાવ વ્યક્ત હોવા છતાં અખંડ સ્વભાવનું ગ્રહણ થાય છે.

ત્રિકાળી છે એ અવ્યક્ત છે, શક્તિરૂપ તત્ત્વ છે. અહીંયાં મનુષ્યમાં હજી સમજાવાય છે કે આ વ્યક્ત અંશ છે, આ અવ્યક્ત અંશ છે. અનંત છે, સ્વભાવ અનંત છે. પર્યાય ક્ષણવર્તી છે. સ્વભાવ કાળે કરીને, ભાવે કરીને અનંત છે. પણ તિર્યંચને ક્યાંથી પકડાય ? એને તો એવી સમજનો પ્રકાર નથી. પણ એને 'આ રાગ તે હું નહિ અને જ્ઞાન

તે હું' એમ જ્ઞાનમાં હુંપણું થતાં અખંડ સ્વભાવનું ગ્રહણ આવે છે. એ ચોથા ગુણસ્થાને આવે (એટલું જ) નહિ, પાંચમા ગુણસ્થાન સુધી એમાં એ તિર્યંચ સ્થિર થાય. દેવલોકનો દેવ (એટલો સ્થિર) ન થાય. સમકિત લઈને ગયો હોય તોપણ. અહીંયાં મુનિદશામાં હોય. કેવળ ન લ્યે અને આયુષ્ય પૂરું થાય તો દેવલોકમાં જાય. ચોથે ગુણસ્થાને સાગરોપમના આયુષ્ય સુધી ચોથા ગુણસ્થાને (રહે), પાંચમું ન આવે. સર્વાર્થસિદ્ધિમાં જાય તોપણ. અનેક મુનિઓ સર્વાર્થસિદ્ધિમાં જતાં.

આ જે તીર્થંકરો સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે 'ઋષભદેવ' ભગવાન છે, પછી આ 'શાંતિનાથ' ભગવાન છે. તો એ મૂળ તો પહેલા મુનિદશામાંથી ગયેલા છે. પણ ૩૩ સાગર સુધી ચોથું ગુણસ્થાન (રહે). અને અહીંયાં વ્યક્ત-અવ્યક્તની ભાષા અને ઉપદેશ ને એ બધો કાંઈ બોધનો પ્રકાર નથી પણ અઢી દ્વિપની બહાર સ્વયંભૂરમણસમુદ્રમાં પંચમ ગુણસ્થાને જળચર પ્રાણીઓ છે. પંચમ ગુણસ્થાને ! ઘણો ઉગ્ર પુરુષાર્થ, ચોથા કરતાં પાંચમાનો પુરુષાર્થ ઘણો છે.

જ્ઞાનની સ્પષ્ટતા કોને કહેવી ? આ વિકલ્પથી સમજણ કરે છે એ કોઈ જ્ઞાનની સ્પષ્ટતાનું સ્વરૂપ છે ?

નહિ. અંદરમાં જ્ઞાન પોતાના સ્વભાવને સુસ્પષ્ટપણે ગ્રહણ કરી શકે. જેવો છે એવો સારી રીતે જ્ઞાનમાં હુંપણે આવે, જેટલો સ્પષ્ટપણે આવે એટલી જ્ઞાનશક્તિ વિકસીત થઈ. 'ગુરુદેવે' રહસ્યપૂર્ણ ચિઠ્ઠીના પ્રવચનમાં એક દૃષ્ટાંત આપ્યું છે કે કોઈ મુનિરાજ એવા હોય કે નવ તત્ત્વના (નામ) એને યાદ ન રહેતા હોય. એવું અસ્પષ્ટ મતિ-શ્રુતજ્ઞાન હોય. અને કોઈ ચોથા ગુણસ્થાનધારી સમ્યગ્દૃષ્ટિ બાર અંગનો જ્ઞાતા હોય. કેવો ? એવી લબ્ધિ પ્રગટી હોય. શ્રુતકેવળી થયો હોય. એને શ્રુતકેવળી કહે છે. તો એ બાર અંગધારીનું જ્ઞાન વધારે કે મુનિનું જ્ઞાન વધારે ? નવ તત્ત્વ યાદ ન રહે. આ સવાલ છે.

જ્ઞાનશક્તિ તો મુનિની વધારે છે. વિકસેલી, હોં ! અંદર તો બેયને સરખી (છે). અંદરમાં તો બંનેની અનંત જ્ઞાનશક્તિ-સ્વભાવ તો એકસરખી છે. પણ વિકસિત જ્ઞાનશક્તિ કોની વધારે ? કે મુનિરાજની. એ જ્ઞાન શું કામ કરે છે ? એ જ્ઞાનની પર્યાય વિકાસ થઈને શું કામ કરે છે ? કે એ જ્ઞાનની પર્યાય પોતાના સ્વરૂપના સ્વસંવેદનને સારી રીતે

વેદે છે. એ કાર્ય કરે છે.

જ્ઞાનનું જે સ્વરૂપસંવેદનનું કાર્ય છે એમાં આત્મા ઘણો સુસ્પષ્ટ થઈને ગ્રહણ થાય છે અને ઘણી જોરથી જ્ઞાનની પક્કડ અંદર આવે છે અને એમાં સ્વસંવેદન ઘણું આવે છે. એટલું અંગ-પૂર્વધારીનું જ્ઞાન નથી ત્યાં એમ કહે છે. એટલે બાહ્ય જ્ઞાન જુદી વસ્તુ છે અને સ્વભાવજ્ઞાન, અંતરજ્ઞાન જુદી વસ્તુ છે, સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિને પણ. મિથ્યાદૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિને તો કાંઈ સરખામણી કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, પણ સમ્યગ્દૃષ્ટિના અને સમ્યગ્દૃષ્ટિના અંતરજ્ઞાન અને બાહ્યજ્ઞાનને જુઓ તો બાહ્યજ્ઞાનની કોઈ કિંમત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અહીં તો બાર અંગના જ્ઞાનમાં વેદન તો છે એને.

મુમુક્ષુ :- વેદન તો છે પણ ઓલાને છે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલું નથી, એટલું નથી. જ્ઞાનમાં આત્માનું ગ્રહણ એટલું નથી. જે જ્ઞાન વિકાસ પામીને સ્વરૂપને જાણવામાં જે કાર્ય કરે છે એટલી શક્તિ એ જ્ઞાનમાં નથી. જેટલું મુનિરાજના જ્ઞાનમાં છે, (એટલું નથી).

મુમુક્ષુ :- ઓલો વિકાસ થયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહારનો ઉઘાડનો વિકાસ થયો છે.

મુમુક્ષુ :- આનો વિકાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો ગુણસ્થાન અનુસાર થાય છે. આ શક્તિ તો ગુણસ્થાન અનુસાર થાય છે. એમ છે.

મુમુક્ષુ :- બાર અંગધારી હોય સમકિતી હોય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમકિતિ સમકિતિની વાત લીધી કે મુનિરાજ સમ્યગ્દૃષ્ટિ છે. અને બાર અંગધારી ચોથા ગુણસ્થાનવર્તી પણ સમ્યગ્દૃષ્ટિ છે. ચતુર્થ ગુણસ્થાની દ્રવ્યલિંગી હોય. બાર અંગની લબ્ધિ પ્રગટે. ભગવાનના સમવસરણમાં સાંભળતા સાંભળતા એને લબ્ધિ પ્રગટી જાય. બાર અંગનું જ્ઞાન થાય. પણ જ્ઞાન કોનું વધારે ? જ્ઞાન મુનિરાજનું વધારે. ક્યારે ? કે આહાર કરતા હોય ત્યારે પણ. પાછા સાતમા ગુણસ્થાને શુદ્ધોપયોગમાં આવે ત્યારે જ વધારે એમ નહિ.

આહાર કરતા હોય, નિંદ્રા કરતા હોય, ગમન કરતા હોય ત્યારે પણ.

મુમુક્ષુ :- ચોથાવાળો શુદ્ધોપયોગમાં હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ચોથાવાળો શુદ્ધોપયોગમાં હોય તોપણ. તોપણ. તોપણ મુનિરાજની જ્ઞાનની જે પક્કડ આત્મા ઉપર છે એ શુદ્ધોપયોગમાં ચોથા ગુણસ્થાનવાળાને નથી. એ અંદરની Line આખી જુદી છે. બહારથી માપવા જાય તો કાંઈ મેળ પડે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગ છે એ સવિકલ્પ પરિણતિ કરતાં વધારે શુદ્ધ દશા છે. શુદ્ધોપયોગની દશા છે એ શુદ્ધદશા છે.

મુમુક્ષુ :- એમાં પણ મુનિદશામાં પણ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિદશામાં સપ્તમ ગુણસ્થાને છે ત્યાં નિર્જરા પણ વધારે છે. છઠ્ઠા ગુણસ્થાને શાસ્ત્ર રચે ત્યાં એટલી નિર્જરા નથી. જેટલી શુદ્ધોપયોગમાં નિર્જરા છે એટલી નિર્જરા ત્યાં નથી. એમ તો ફેર છે. એ તો ચોથા ગુણસ્થાનમાં પણ એમ છે. ચોથા ગુણસ્થાનમાં સવિકલ્પ દશામાં હોય અને શુદ્ધોપયોગમાં હોય. પાંચમા ગુણસ્થાનમાં પણ સવિકલ્પદશામાં હોય અને શુદ્ધોપયોગમાં હોય તો શુદ્ધોપયોગમાં તો પુરુષાર્થ ઉગ્ર થાય ત્યારે શુદ્ધોપયોગ થાય છે. જે તે ગુણસ્થાનમાં પુરુષાર્થની ઉગ્રતા થતાં શુભરાગ તૂટી અને શુદ્ધોપયોગ થઈ જાય છે. શુભોપયોગ મટે છે અને શુદ્ધોપયોગ થઈ જાય છે. એમ છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર લખે છે એ પ્રમત દશામાં લખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમત ગુણસ્થાનમાં જ શાસ્ત્ર લખાય છે. ૨૮ મૂળગુણ જ પ્રમતદશા છે, પછી ક્યાં સવાલ છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પાછા સાતમામાં આવી જાય. લખતા લખતા સાતમામાં હજારો વાર આવે. એક શાસ્ત્ર પૂરું થાય ત્યારે તો હજારો વાર સપ્ત ગુણસ્થાનમાં આવ્યા હોય અને હજારો વાર છઠ્ઠાગુણસ્થાનમાં આવ્યા હોય. (વિશેષ લઈશું...)

**તા. ૧-૧૧-૧૯૮૫, પાના નં.૧૭-૧૮, પ્રવચન નં. ૪૯**

જ્ઞાન છે. જાણવાનું કાર્ય એનું હોવા છતાં, જાણવાનો સ્વભાવ હોવા છતાં પોતાનો (સ્વભાવ) કેમ નથી જાણતો ? એ પ્રશ્ન ઉઠાવ્યો છે. અહીંયાં ઉત્તરમાં વિધિનો વિષય બહુ સંક્ષેપમાં કથનની અપેક્ષાએ એકદમ સંક્ષેપમાં છે પણ પરિણમન પણ સંક્ષેપ જ હોય છે. પરિણમનમાં કાંઈ આંટીઘૂંટી કે પરિણમનની અંદર કોઈ લાંબુલાંબુ ફરી ફરી ફરી ફરીને પહોંચાય એવું તો નથી. એટલે પરિણમનની પ્રધાનતાથી ઉત્તર છે.

**'જાણપણું અનાદિથી પરમાં વ્યાપી પરનું જ થઈ રહ્યું છે.'** મિથ્યાત્વ દશામાં અથવા અજ્ઞાન દશામાં જાણપણું એટલે ત્યાં જાણવાની ક્રિયા છે તે અનાદિથી અત્યાર સુધી સર્વ કાળમાં, કયારેય પહેલા ઠીક હતી એમ નહિ, અનાદિથી વર્તમાન સુધી પરમાં વ્યાપીને એટલે પરમાં વ્યાપવાનું સ્વીકારીને, પરમાં વ્યાપ્યું હોવાનું સ્વીકારીને થઈ રહ્યું છે. ખરેખર જ્ઞાન પરમાં વ્યાપી શકતું નથી. જ્ઞાન પોતાનું જ્ઞાનત્વ છોડીને પરમાં વ્યાપે અથવા જ્ઞાન પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને છોડીને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને છોડીને ક્યાંય જ્ઞાન પરમાં વ્યાપે એવું તો બની પણ શકતું નથી, થઈ પણ શકતું નથી. છતાં જ્ઞાનમાં એવી ભ્રાંતિ છે અને શ્રદ્ધામાં એવો ઊંધો સ્વીકાર છે કે પરને જાણતાં જ્ઞાન મારું પરમાં વ્યાપે છે. અથવા પરપદાર્થ મારા જ્ઞાનમાં વ્યાપે છે. આવું શ્રદ્ધાન પણ ઉલટું છે અને જાણવામાં જાણપણું પણ ઉલટું છે. જાણપણું હોવા છતાં જાણવામાં આવો વિપર્યાસ છે. તે અનાદિથી આ પ્રકાર છે.

પોતાના અનુભવ સાથે મેળવી લેવું. પોતાનો ચાલતો અનુભવ છે એની સાથે મેળવવું જોઈએ કે જ્યારે ગળપણ સારું લાગે છે ત્યારે તે ગળપણનો સ્વાદ મારા જ્ઞાનમાં વ્યાપી ગયો છે. એવો જીવ અનુભવ કરે

છે કે નહિ ? અહીંયાં એવા અનુભવને મિથ્યા અનુભવ કહ્યો છે. કેમ કે સ્વાદરૂપ પુદ્ગલની રસગુણની પર્યાય (છે). (આત્મા) સ્વભાવે અરસપરિણામે છે. એટલે રસ આત્માને ઉત્પન્ન થાય. ખારો, ખાટો, તીખો, ગળ્યો એવો કોઈ રસ આત્માના પર્યાયમાં તો ઉત્પન્ન થઈ શકે નહિ. ફક્ત જાણનાર આત્મા જાણપણું ભૂલીને પોતામાં સ્વાદનું વ્યાપવું સ્વીકારે છે અને જાણે છે.

શાતા અશાતા શરીરમાં થાય ત્યારે પણ એ એમ સ્વીકારે છે કે આ અશાતા મારામાં થઈ છે. એ પણ એનું જાણવું મિથ્યા છે અને એનો સ્વીકાર પણ મિથ્યા છે. એવી એની વિપરીતતા હોવાથી. અહીંયાં તો જાણપણારૂપ જ્ઞાન લેવું છે. કેમ કે વિધિ જ્ઞાનની લેવી છે. જ્ઞાનની રીતિ લેવી છે એટલે એ રીતે કહે છે કે આવું જાણવામાં જ વિપરીતપણું થતું હોવાથી એટલે કે પરને સ્વપણે જ્ઞાન જાણતું હોવાથી, જ્ઞાન સ્વને સ્વપણે જાણવું ચૂકી જાય છે. સ્વને સ્વપણે જાણનારું જ્ઞાન પરને સ્વપણે જાણે નહિ અને પરને સ્વપણે જાણનારું જ્ઞાન સ્વને સ્વપણે જાણે નહિ. આવો સિદ્ધાંત છે.

જ્ઞાન અને અજ્ઞાન બંને સાથે ન રહે. વિપરીતજ્ઞાન અને અવિપરીત જ્ઞાન બંને એકસાથે ન રહે. જ્ઞાનમાં બે ભાગ થાય ત્યારે મોક્ષમાર્ગની દશામાં એવા થાય કે પરને પણ વિષય કરે ઉપયોગથી અને સ્વને પણ વિષય કરે લબ્ધથી. એમ બને. એમ સ્વપરપ્રકાશક એનો સ્વભાવ હોવાથી એવું બને અથવા જેટલી અસ્થિરતા છે એટલું પરસન્મુખપણું પણ થાય અને જેટલી સ્થિરતા આવી છે એટલું સ્વસન્મુખપણું પણ થાય. પણ જ્ઞાનમાં ભ્રાંતિ પણ ઊભી રહે અને જ્ઞાનમાં નિર્ભ્રાંતપણું પણ, થાય એવું બંને કાર્ય એકસાથે ન થઈ શકે. એ પ્રકાર એકસાથે ન થઈ શકે.

એટલે જે '**અનાદિથી પરમાં વ્યાપીને પરનું જ...**' પરને જાણતાં પરમાં વ્યાપ્ય-વ્યાપકભાવે જ્ઞાન પરિણમતું હતું તેને અહીંયાં પરમાં વ્યાપીને થઈ રહેલું જ્ઞાન કહેવામાં આવે છે. ખરેખરે જ્ઞાન પરમાં વ્યાપી શકતું નથી કે પરપદાર્થ જ્ઞાનમાં વ્યાપી શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- સારું-ખરાબ કરે છે એ વધારે પડતું કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યાપવાપણું સ્વીકારે છે. સારું ઈષ્ટ-

અનિષ્ટપણું એ પરની વ્યાપ્તીને સ્વીકારનારું જ્ઞાન છે. અને એ ભ્રાંતિગતપણે પરિણમેલું જ્ઞાન છે એને અજ્ઞાન કહેવામાં આવે છે અથવા વિપરીત જ્ઞાન કહે છે.

'**હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. જ્ઞાન આત્મા વિના ન હોય, તેથી પરપદને જાણનારું મારું પદ છે.**' અહીંયાં આ વિષયને વિચારથી લેવો છે કે પહેલા આ રીતે જ્ઞાનને અને આત્માને એક પદાર્થનો-એક વસ્તુપણાનો સંબંધ છે પણ પર અને જ્ઞાનને એક વસ્તુપણાનો સંબંધ નથી. પરને જાણતું હોવા છતાં જ્ઞાન પરમાં એક વસ્તુપણે થતું નથી. આત્મા અને જ્ઞાન એક વસ્તુપણે છે. બે વસ્તુ નથી. આત્માને અને જ્ઞાન વસ્તુતઃ એક જ વસ્તુપણે છે.

કહે છે કે આ પરનું જે જાણપણું જ્ઞાનમાં થાય છે એમાં જ્ઞાન તો છે ને ? પર જણાય છે ત્યારે જ્ઞાન તો છે ને ? તો જ્ઞાન છે એ જ્ઞાન કોનું છે ? આ સવાલ છે. એ જ્ઞાનની માલિકી કોની ? જ્યારે જ્ઞાન પરને જાણે છે ત્યારે એ જ્ઞાનની માલિકી કોની ? કેમે કે જો જ્ઞાન આત્માનું હોય તો એ જ્ઞાન આત્માનું થઈને રહે છે. એને પરાધીન થવાનો ખરેખર પ્રસંગ રહેતો નથી. જેણે આત્માનું જ્ઞાન નથી માન્યું તેણે જ્ઞાનને પરાધીન માન્યું છે અને તે પરવશપણે પરિણમે છે. એ સ્વવશપણે પરિણમી શકતો નથી. આ તકલીફ છે કે નહિ ? શું કરીએ ? આના વગર ચાલતું નથી. એનો અર્થ શું છે ? કોઈ બીજી ચીજ વિના ચાલતું નથી એવું જેણે જાણ્યું એ જ્ઞાન એ ચીજ વિના નાશ થઈ જશે ? એ જ્ઞાનનો નાશ થશે ? જે ચીજ વિના નહિ ચાલે એવું માન્યું છે તે ચીજ વિના ક્યારેય જ્ઞાનનો અભાવ થશે ? જ્ઞાનનો અભાવ ક્યારેય નહિ થાય. એ નહિ બને.

મુમુક્ષુ :- આ વાતમાં પણ પ્રયોજનની વાત જળવાય જાય છે ? કાલે સાંજે જે આપણે વાત કરી હતી કે ત્રિકાળી પ્રયોજન અને વર્તમાન પૂરતું પ્રયોજન, આમાં એ બન્ને પ્રયોજન સચવાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં વર્તમાન પ્રયોજનથી પ્રવૃત્તિ છે ને ? જાણપણું થાય છે. જ્યાં પ્રવૃત્તિનો વિષય ચાલે છે ત્યાં વર્તમાન પ્રયોજન લેવું છે. પણ વર્તમાન પ્રયોજનને અને ત્રિકાળી પ્રયોજનને

સંધી હોય, મેળ હોય એટલો વિષય જળવાવો જોઈએ. તો અહીંયાં શું લેવું છે ? કે પોતે ક્ષણે ક્ષણે જાણે છે ત્યારે એને જાણવામાં ભ્રાંતિ થાય છે. ભ્રાંતિમાં ઇષ્ટ-અનિષ્ટપણું ઉત્પન્ન થયા વિના રહેતું નથી અને તેથી રાગ-દ્વેષ આદિ અનેક પ્રકારના બીજા વિભાવો અને વિકારો ઉત્પન્ન થયા વિના રહેતા નથી. આ જીવને માટે દુઃખદાયક છે. આ પરિસ્થિતિ જીવને માટે દુઃખદાયક છે. અને તેથી એનાથી છૂટવાનું જે પ્રયોજન છે- દુઃખથી છૂટવાનું જે પ્રયોજન છે, એણે વસ્તુના સ્વરૂપ અનુસાર પહેલા જાણપણું કરવું જોઈએ અને જે જાણ્યું એ જ વાતને એણે અનુભવગોચરપણે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

માત્ર વિચારથી જાણે અને અનુભવગોચરપણે સમજવાનો પ્રયાસ ન કરે તો અનુભવની જે પદ્ધતિ છે અથવા અનુભવની પ્રાપ્તિ છે એ પ્રકારમાં એ જીવ આવતો નથી. જાણવા જાણવામાં પણ ફરક પડે છે તો આટલો ફરક પડે છે. શાસ્ત્રાદિકથી વિષય જાણવા મળે છે કે જ્ઞાન તો આત્માનું છે. જ્ઞાન પરમાં જતું નથી, જ્ઞાન પરમાં પહોંચતું નથી, જ્ઞાનપરમાં વ્યાપ્યું નથી. પરપદાર્થ આત્માને વ્યાપતો નથી. સ્વ-પરની ભિન્નતા છે એ બુદ્ધિથી, ન્યાયથી બરાબર સંમત થાય છે. છતાં પણ એની પ્રતીતિ બદલાતી નથી. આમ પરિસ્થિતિ થાય છે. તો એને પ્રતીતિપૂર્વકનો વિચાર હોવો જોઈએ. વિચારમાં પણ પ્રતીતિપૂર્વકનો વિચાર હોવો જોઈએ. જો પ્રતીતિપૂર્વકનો વિચાર હોય તો તે વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે.

આગળ એ વાત લેશે. પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે એમ લેશે. એટલે જાણે છતાં સ્વીકારે નહિ એવી પણ એક જાણવાની જે પરિસ્થિતિ છે એમાં પણ ઉપરટપકે જાણવું સાચું દેખાય છે તો પણ એ જાણવું સાચું નથી. અથવા અનાદિથી આ આત્મા પરને પક્ષે ઊભો છે, પર પક્ષે ઊભો છે. સ્વનો પક્ષ એણે કદી લીધો નથી. પોતાનો પક્ષ જ એણે લીધો નથી. પોતાની જાતને, પોતાના સ્વભાવને-સ્વરૂપને ભૂલેલો હોવાથી એણે હંમેશા પરનો પક્ષ કર્યો છે. અને પરનો પક્ષ કર્યો છે એટલે એને હંમેશા નિમિત્તનો આગ્રહ રહ્યો છે. પરનો પક્ષ કર્યો છે એટલે હંમેશા એને નિમિત્તના આશ્રયે થતી જે રાગાદિ વૃત્તિ એનો પણ પક્ષ અને આગ્રહ એને રહ્યો છે. એને સ્વનો

પક્ષ આવ્યો નથી. અને એ પક્ષમાં-પરના પક્ષમાં રહ્યો રહ્યો એ સિદ્ધાંતિકજ્ઞાન જાણપણાની દૃષ્ટિએ બરાબર કરે પણ અંદરથી પક્ષ ન છોડે અંદરથી તો પણ એનું જાણપણું ખોટું પડે છે. જાણપણું એનું યથાર્થ પ્રયોજભૂત કાર્ય કરતું નથી. આ પરિસ્થિતિ છે. એટલે એકવાર પક્ષપલટો કરવો પડે છે.

દુનિયામાં રાજકારણમાં તો પક્ષપલટાને દૂષણ ગણે છે. અહીંયાં તો પક્ષપલટો છે એ એક અપૂર્વ કાર્ય છે. અનાદિથી એણે પરપક્ષ છોડ્યો નથી અને સ્વપક્ષમાં આવ્યો નથી. જ્યારે એ સ્વભાવના પક્ષમાં આવે-સ્વરૂપના પક્ષમાં આવે ત્યારે એને કોઈ અપૂર્વ ઘટના ગણવી જોઈએ કે જે એણે કદી કરી નથી.

મુમુક્ષુ :- આ પક્ષપલટો એક જ વાર કરવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાર એણે (કરવાનો છે). પછી તો પક્ષમાં નહિ રહે, પછી નિષ્પક્ષ થઈ જશે, પક્ષાંતિક્રાંત થશે. એકવાર સાચા પક્ષમાં આવશે તો પક્ષાતિક્રાંત થશે. પણ પક્ષ પલટ્યા વિના સીધો કોઈ પક્ષાતિક્રાંત થઈ જાય, એ વાત સમજણ બહારની છે. એવું કદી બનતું નથી.

મુમુક્ષુ :- પક્ષ પલટે એટલે નિષ્પક્ષ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્પક્ષ થઈ જાય. નિષ્પક્ષ થઈ જાય એટલે વીતરાગ થઈ જાય.

મુમુક્ષુ :- આત્માનો પક્ષ તો રહે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પક્ષનો રાગ નથી રહેતો. પક્ષ રહે એનું નામ રાગ રહી જાય તો પક્ષ રહે એમ કહે છે. વીતરાગ થઈ જાય છે એટલે પછી પક્ષ રહેતો નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટા રહી ગયો. શું થયું ? સ્વનો પણ જ્ઞાતા અને પરનો પણ જ્ઞાતા એમ થઈ ગયું.

મુમુક્ષુ :- પક્ષપલટાની ... વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પક્ષપલટાની વાત જરા વિચારવા જેવી છે. જાણપણું થાય, સાચું જાણપણું દેખાય અને છતાં કેમ કાર્ય ન થાય ? સિદ્ધાંતજ્ઞાન બરાબર છે. આમ કહે છે એમાં ખોટું શું છે, એમ લાગે. એ કહે છે આમ પણ પક્ષ એને અંદરમાં બીજો છે, એમ છે. સ્વના પક્ષની વાત કરે છે અને અનાદિનો પરનો પક્ષ પકડાયેલો મૂક્યો નથી.

એટલે એ સિદ્ધાંતજ્ઞાન પણ ખરેખર સાચું નથી.

મુમુક્ષુ :- પૂર્વગ્રહ .. ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પૂર્વગ્રહ કહો કે પક્ષની પક્કડ કહો, બધું એક જ છે.

શું કહે છે ? પહેલા આમ વિચાર કરવો કે આમ વિચાર કરવાથી જ્ઞાન શુદ્ધ થાય. શુદ્ધ થાય એટલે નિર્ભ્રાંત થાય. આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. પર જણાય તે પણ જ્ઞાનના સદ્ભાવમાં જણાય છે. તો જ્ઞાનનું અસ્તિત્વ તો સ્વીકારે. પરનું જાણપણું એમાં જ્ઞાન પરનું થયું કે જ્ઞાન સ્વનું જ્ઞાનનું રહ્યું ? આ સવાલ છે. જ્યારે પરનું જ્ઞાન થયું ત્યારે જ્ઞાન પરનું થયું ? કે જ્ઞાન, જ્ઞાનનું રહ્યું ?

'ગુરુદેવ' એક એવી માર્મિક ભાષામાં પ્રવચનમાં ક્યારેક કહેતા હતા કે પરને જાણતી વખતે પણ તું પરનો થઈને જાણતો નથી. જો જરા, બરાબર જો. તું પરનો થઈને જાણતો નથી. અને આ દેહાદિ જે જ્ઞાનમાં જણાય છે, નજીકમાં નજીક તો શરીર છે ને ? શાતા અશાતા (વેદાય છે). એ તને જણાય છે માટે તારો થઈને દેહ રહ્યો છે એમ પણ તું માનીશ નહિ. તેં જ્ઞાનમાં એમ જાણ્યું કે આ શરીર મારું છે. તો એમ જાણ્યું એટલે શરીર તારું થઈ જાય એમ પણ બનવાનું નથી. પર જ્ઞાનમાં જણાય એટલે તારું થઈને જણાય કે તારું થઈને રહે એ વસ્તુસ્થિતિ નથી.

**'જ્ઞાન વિના ન હોય...'** અને **'જ્ઞાન આત્મા વિના ન હોય.'** જ્ઞાન ક્યારે પણ આત્મા વિના ન હોય. જ્યા જ્યાં એટલે એમ લેવું છે કે જ્ઞાન આત્મા વિના ન હોય તો એકલા જ્ઞાનની ક્રિયાને કે જ્ઞાનની પર્યાયને અહીંયાં નથી પકડવું, પણ જ્ઞાનથી આત્માને પકડી લેવો છે. જ્ઞાનના લક્ષણથી. જ્ઞાનનો એક Point એવો છે કે જ્યાંથી એને આત્માને પકડી લેવો છે. જ્ઞાનમાં સ્વપણું લઈને આખા આત્મતત્ત્વનું ગ્રહણ કરી લેવું છે અને જ્ઞાનમાં સ્વપણું કરીને પરથી ભિન્નપણું કરી લેવું છે. એમ એકસાથે બેય કામ થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ એટલે ?

મુમુક્ષુ :- હવે આમ વિચાર કરવો ...

પૂજ્ય ભાઈશ્રી :- હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે

મુમુક્ષુ :- શુદ્ધ થાય કે એના બદલે સિદ્ધ થાય કે...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધિ અશુદ્ધિ (પત્રકમાં) કાંઈ છે ? શુદ્ધિ-અશુદ્ધિમાં નથી ને. હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે સિદ્ધ થાય કે... એમ સિદ્ધ થાય એટલે સાબિત થાય, એમ બેસે છે, બેસે છે. એવું વાક્યરચના ઉપરથી સિદ્ધ થવાનું (બેસે છે). સિદ્ધ થાય કે એમ કરીને બેસે છે.

**'કે આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. જ્ઞાન આત્મા વિના ન હોય.'** આમ સિદ્ધ થાય છે. '**તેથી પરપદને જાણનારું મારું પદ છે.**' તેથી પરપદને જાણનારું, પરને જાણનારું પરને પરપદ તરીકે જાણનારું મારું પદ છે. આમ લેવું. પરને સ્વપદ તરીકે જાણનારું મારું પદ નથી પણ પરને પરપદ તરીકે જાણનારું મારું સ્વપદ છે. આમ લેવું. તેથી '**મારું જ્ઞાન (એ જ) હું છું, પરવિકાર પર છે.**' જ્ઞાનથી અન્ય તે બધું અન્ય લઈ લીધું. પછી એકલી પર વસ્તુ ન લીધી. જ્ઞાનમાં જે રાગાદિ વિકાર જણાય છે એ પણ પર છે એમ લીધું. આ રાગ થયો એમ જાણ્યું કોણે ? કે જ્ઞાને જાણ્યું. તો એ જ્ઞાનથી પર થયું. જ્ઞાનનું તે જ્ઞેય થયું. જ્ઞાનનું જે જ્ઞેય થયું તે જ્ઞાનથી ભિન્ન છે. જ્ઞાન અને જ્ઞેય ભિન્ન ભિન્ન છે. એમ એને પણ પરમાં (નાખી દીધો). નહિતર તો વિકારભાવ છે એ જીવનો વિકારી પર્યાય છે પણ અહીંયાં એ સિદ્ધ નથી કરવું કે એ જીવનો પર્યાય છે કે અજીવનો પર્યાય છે ?

અહીંયાં તો સ્વપદ શુદ્ધ સ્વપદ, પોતાનું આત્મપદ, શુદ્ધ આત્મપદ શું છે કે જેમાં સ્વપણું કરવા યોગ્ય છે ? અને અશુદ્ધતા પણ સ્વભાવભૂત નથી. રાગાદિ અશુદ્ધતા જીવની પર્યાય હોવા છતાં સ્વભાવભૂત નથી. સ્વભાવભૂત નહિ હોવાથી એ પણ પર છે. અથવા એને સ્વપણે અંગીકાર કરતાં એનાથી દૂર થવાતું નથી, એને ટાળી શકાતું નથી, એને છોડી શકાતું નથી. એનું પરપણું નક્કી કરતાં અને સ્વનું સ્વપણું નક્કી કરતાં, સ્વભાવમાં સ્વપણું આવતાં તે ટળે છે. રાગ એટલો નુકસાનકર્તા નથી, જેટલો રાગનો આધાર નુકસાનકર્તા છે. રાગ તે હું એવો જે જીવ પોતે રાગને આધાર આપે છે ત્યાં મિથ્યાત્વ થાય છે. રાગ પોતે મિથ્યાત્વ નથી.

ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી રાગ છે. પણ રાગ પોતે નુકસાનકારક નથી. રાગ પોતે એટલો નુકસાનકારક નથી, જેટલું મિથ્યાત્વ છે. અને રાગ પોતે મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ તો ત્યારે થાય છે કે રાગ તે હું, એમ રાગને જ્યારે આખા આત્માનો આધાર મળી જાય છે ત્યારે. એવો તો આત્મા નથી. આત્મા ખરેખર આખો રાગ સ્વરૂપે તો નથી. છતાં મિથ્યાત્વ દશામાં 'રાગ તે હું' એવું જે અનુભવન છે એ મિથ્યા અનુભવન છે, એ સાચો અનુભવ નથી. એમ લેવું છે. એટલે પરવિકાર તે પર છે, એમું કહ્યું.

પર સંબધીનો જેટલો પરાશ્રય ભાવે થતો વિકાર તે બધો પણ પર છે એમ તેનાથી ભિન્ન થવા અર્થે તેનો આધાર ખસેડી લેવો પહેલા. હજી એ વિકાર એમ ને એમ નહિ જાય. પહેલો એનો આધાર જશે. રાગ તે હું, એવી વિકારમાં હુંપણાની જે બુદ્ધિ અને હુંપણાનો અભિપ્રાય અને હુંપણાનો અનુભવ એ પહેલા મટશે. પછી ક્રમશઃ રાગ મટે છે, ત્યાં સુધી એમ ને એમ સીધો વિકાર મટતો નથી.

**'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દૃઢભાવ સમ્યક્ત્વ છે.'** આ એક અહીંયાં બહુ સુંદર વાત કરી છે કે પરવિકાર તો પર છે એમ કરીને પર બાજુથી તો જીવ વિમુખ થયો પણ સ્વસન્મુખ થવામાં મુખ્ય આધારભૂત વસ્તુ છે ત્યાં **'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું'** એવું પોતાનું અસ્તિત્વ સ્વીકારવું, અસ્તિત્વનો આધાર લેવો, જાણપણારૂપ અસ્તિત્વનો આધાર ગ્રહણ કરવો. બસ ! એવું જે દૃઢપણે-દૃઢપણે એટલે એકમેકપણે, અનન્યપણે, તન્મયપણે થતાં સમ્યકત્વ ઉત્પન્ન થાય છે, સમ્યક્પણું ઉત્પન્ન થાય છે. સ્વસન્મુખપણું થાય છે. આ વિધિ છે. આ જ્ઞાનરીતિ છે. આગળ કહ્યું ને ? જ્ઞાનરીતિ. જ્ઞાનરીતિથી કામ કરવું.

**'જ્ઞાનરીતિને અંતરમાં લાવીને...'** જ્ઞાનરીતિનો વિચાર કરીને નહિ પણ જ્ઞાનરીતિને અંતરમાં લાવીને, એમ પરિણમવાની વાત લીધી છે. **'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં 'હું' એવો...'** વિકલ્પ નહિ. હવે સીધી પરિણમનની વાત લેવી છે. **'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું...'** પણે એવું ભાવમાં પરિણમન થવું ત્યારે તે ભાવ સમ્યક્ત્વ છે. આટલું જ સમ્યક્ત્વ સહેલું છે. સુગમ છે. એટલે તરત જ લીધું છે કે **'તે સુગમ**

છે,...' કેમ કે આમાં શું બીજી તકલીફ છે ? જ્યાં પોતાનું અસ્તિત્વ છે અને જ્યાં પોતે છે ત્યાં પોતાપણું જાણવું કે વેદવું કે અનુભવવું તેમાં તકલીફ શું ? તેમાં દુર્ગમતા શું ? એ તો સુગમ જ છે. પોતાના સ્વરૂપને પોતાને વિષે પોતાપણે અનુભવવું એમાં બીજી તકલીફ શું છે ? બીજાની ચીજમાં તકલીફ થાય પણ પોતાની ચીજમાં શું તકલીફ છે ? માણસ નથી કહેતા ? તમારા ઘરમાં તમારે આરામથી રહેવું એમાં તમને વાંધો શું ? બીજાના ઘરમાં તમને ન ફાવે પણ તમારા ઘરમાં નહિ ફાવવાનો શું પ્રશ્ન છે ? આ આના જેવી વાત છે.

મુમુક્ષુ :- જાણપણામાં શું શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- જાણપણું એટલે સ્વભાવ. જાણપણું. જાણવારૂપ ક્રિયા નહિ પણ જાણપણું એટલે જાણકભાવ છે એમાં જે સ્વભાવ છે, એ સ્વભાવ તે હું, જ્ઞાયકસ્વભાવ તે હું, શાસ્ત્રીય પરિભાષા એમ આવે. આ એકદમ સાદી ભાષા છે. હું જ્ઞાયક, બસ ! હું જ્ઞાયક એવો દૃઢભાવ, એવો દૃઢભાવ એટલે એવો પરિણમનરૂપ ભાવ, એવો વિકલ્પભાવ નહિ પણ એવો પરિણમનરૂપ ભાવ, તે ભાવ સમ્યક્ત્વ છે. એને અહીંયાં સમ્યક્ત્વ કહેવામાં આવે છે. આટલું જ સમ્યક્ત્વ ટૂંકુ છે. બધી જેટલી વાત વિસ્તારવાળી છે એ આટલી ટૂંકી વાત કહેવા માટે છે.

હું જ્ઞાયક છું. હું જ્ઞાયક અને બીજું બધું પર. આમાં બધું આવી જાય છે. આવું એક વચનામૃત છે. બહુ સંક્ષેપમાં એ વાત છે. હું જ્ઞાયક અને બીજું બધું પર. આમાં બધું આવી જાય છે. બાર અંગનો સાર આટલામાં પડ્યો છે. બાર અંગનો સાર સ્વાનુભૂતિ છે. તેથી બાર અંગમાં સ્વાનુભૂતિને જૈનશાસન કહ્યું છે. એકલું જૈનશાસન કહ્યું છે એમ નહિ, સમસ્ત જૈનશાસન કહી દીધું છે. અનુભૂતિ સિવાય ઘણું કહ્યું તો પછી એટલું બધુ જે અનુભૂતિ સિવાયનું કહ્યું, એને તો અમે જૈનશાસન કહેતા હતા અને આ અનુભૂતિમાં જૈનશાસન બધું આવી ગયું ? હા, બધું આમાં આવી ગયું. એ બીજું બધું કહ્યું એ આ અનુભૂતિ થવા અર્થે, અનુભૂતિના પ્રયોજનથી, અનુભૂતિના હેતુથી કહેવામાં આવ્યું.

એટલે 'પંચાધ્યાયીકારે' એ વાત લીધી છે કે સ્વાનુભૂતિનો જ્યાં

હેતુ છે ત્યાં 'ज्ञान एकम् कारण' જ્ઞાન એક જ કારણ છે. જ્યાં સ્વાનુભૂતિનો હેતુ છે, ત્યાં જ્ઞાન એક જ કારણ છે. બીજા બીજા કોઈ કારણથી, બીજા કોઈ પ્રકારથી સ્વાનુભૂતિ (થતી નથી). બધાની પાછળ હેતુ એક છે, બીજો હેતુ નથી.

જિનમંદિર બનાવવા પાછળ પણ એક જ હેતુ છે. ભગવાનને શું કરવા સ્થાપે છે અને બીજાને સ્થાપતા નથી ? ભગવાન પોતે પરિપૂર્ણ સ્વાનુભૂતિની મૂર્તિ જ છે. સ્વાનુભૂતિ બહાર જરા પણ જતા નથી. ભલે લોકાલોક એનામાં-કેવળજ્ઞાનમાં આવીને પ્રતિબિંબે છે તો પણ પોતે સ્વાનુભૂતિથી બહાર જતા નથી. એટલે એ સ્વાનુભૂતિમયપણે છે, સ્વાનુભૂતિની જ મૂર્તિ છે. ભગવાન કહો કે સ્વાનુભૂતિની મૂર્તિ કહો-બંને એક વાત છે.

મુમુક્ષુ :- વીતરાગતા.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યક્ત વીતરાગતા જેને કહે છે. અનાદિ આ પરિસ્થિતિ છે. આ કોઈ બુદ્ધિમાંથી ઊપજાવેલી કાઢેલી ચીજ નથી. ભગવાનની જે મૂર્તિની સ્થાપના છે-વીતરાગબિંબ, એ અનાદિ પદ્ધતિ છે. કોઈએ પહેલા શરૂ કરી છે એમ નથી કે આ અહીંથી આ વાત શરૂ થઈ. અહીંયાં એમ કહેવાય કે 'આદિનાથ' ભગવાને આ બધું સમજાવ્યું. પણ એ તો ચોવીસીના પ્રારંભની વાત છે. એવી તો અનંતી ચોવીસી થઈ ગઈ. કેટલી ? એવી તો અનંતી ચોવીસી થઈ. તો આ ચોવીસીની વાત છે, એ ક્રોડાક્રોડી સાગરની વાત છે. અનંત કાળથી આત્મા છે. એટલે એ કોઈની બુદ્ધિની નવી ઊપજ નથી, એમ કહેવું છે. જેમ વસ્તુ સ્વરૂપ અનાદિ છે, જેમ વસ્તુનો સ્વભાવ અનાદિ છે, આ પણ બહારમાં આ સ્થિતિ પણ અનાદિ છે.

મુમુક્ષુ :- આ આત્મા ઘણો રખડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો એટલે અનંત. એનો પણ એને છેડો નથી એટલો રખડયો છે.

મુમુક્ષુ :- હવે છેડો લાવવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો એકદમ છેડો લાવવાની વાત છે.

મુમુક્ષુ :- જેટલું આ જ્ઞાન છે એટલો જ સત્ય આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૨૦૬ ગાથા 'સમયસાર'ની ૨૦૬ ગાથાનો

એ વિષય છે. જેટલું આ જ્ઞાન છે તેટલો જ સત્ય આત્મા છે. સત્ય સ્વરૂપ એટલું જ આત્માનું સત્ય સ્વરૂપ છે. એક ગુણનો એક ભેદ પાડવો નથી, સ્વભાવ લઈ લેવો છે. પણ જ્ઞાન સિવાય સ્વભાવ પકડાતો નથી અને એટલું જ સત્ય અનુભવનીય છે, જેટલું આ જ્ઞાન છે. ત્રણ બોલ લીધા છે અને એટલું જ આ કલ્યાણ છે. બસ ! જેટલું આ જ્ઞાન છે એટલું જ કલ્યાણ છે. ત્રણ બોલ લીધા છે.

ગજબ શૈલી છે 'અમૃતચંદ્રાચાર્ય'ની ! એટલે તો 'ગુરુદેવ' કહેતા કે, આ 'સમયસાર' છે (એમાં) એકલા અમૃતના ધોરિયા વહેવડાવ્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' અમૃતના ધોરિયા વહેવડાવ્યા છે. અહીંયાં ધીમી ધારે અમૃત નથી પીરસ્યું. આ ઘીની ધીમી ધાર કરે એમ નહિ. ધોરિયો જ સીધો. અમૃતના ધોરિયા ! ભાસનમાં આવતું હશે ત્યારે કહેતા હશે ને ? અનુભવનું ઊંડાણ ઘણું છે.

જે આત્માના સિદ્ધાંતને કહેનારા, આત્માના સ્વરૂપને કહેનારા સિદ્ધાંતને અવગાહન કરતાં જ્ઞાનીઓ ઊછળી જાય, એવા આચાર્યોના સિદ્ધાંત અને એવી શૈલી આવે કે જ્ઞાનીઓ ઊછળી જાય ! તો જે વાત કહેતા જ્ઞાની ઊછળી જાય તેનો વિષય કેટલો અમૃતમય હશે !! એ વિચારવા જેવું છે.

આ તો એકદમ સુગમ છે એમ કહેવું છે કે '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું...**' આવો અંદરમાં અભ્યાસ થવો, હુંપણું આવવાનો ભાવમાં અભ્યાસ થવો, ભાવમાં એનું જોર પકડવું. જ્ઞાયક સ્વભાવે હું છું, જાણપણું ત્યાં ત્યાં હું છું. ત્યાં ત્યાં એમ કરીને ક્ષેત્ર પકડે. અસ્તિ પકડવી છે ને ? એવો અભ્યાસ કરે તો એ અભ્યાસે સુગમ છે. અભ્યાસ નથી કર્યો માટે એને એ દુર્ગમ લાગે છે કે આ તે કેમ થતું હશે ? આ જાણપણું જ્ઞાયક તે હું એવો તો વિચાર આવે છે પણ પરિણમન થતું નથી. પરિણમન થતું નથી માટે અઘરું છે, એમ એના અઘરાપણાની કલ્પના બાંધી રાખવી નહિ. એવો વિચાર પકડીને બાંધી રાખવો નહિ. કે આ કરવા માગીએ છતાં થતું નથી, ઇચ્છા છે પણ થતું નથી માટે ઘણું અઘરું છે એમ પણ વિચારવા યોગ્ય નથી. મારો ઊંધો અભ્યાસ છે એટલે અઘરું છે. અથવા આ કાર્યને વિશે મારું રુચિનું જોર જોઈએ તેવું નથી. અને ઊંધા કાર્યને વિશે રુચિનું જોર ઘણું વર્તતું

હોવાથી અઘરાપણું લાગે છે, કઠણ લાગે છે. કઠણ લાગવાનું કારણ એક જ છે કે એનું રુચિનું જોર બીજે જાય છે.

રાગ ઉપર રુચિનું જોર કાર્ય કરે છે. ત્યારે એને જ્ઞાન કે જે સ્વભાવે કરીને જ રાગરહિત વીતરાગસ્વરૂપ છે. જ્ઞાન તો સ્વભાવે કરીને રાગરહિત વીતરાગસ્વરૂપે જ જ્ઞાન તો છે. એ જ્ઞાનનો અનુભવન એને કઠણ લાગે છે કેમ કે એને રાગની રુચિ તીવ્ર છે. જો એ રુચિ મંદ પડે તો પણ એને રુચિની મંદતામાં, ઊંધી રુચિની મંદતામાં એને સુગમતા લાગે કે કાંઈક આ કામ સહેલું છે. અઘરું નથી પણ સહેલું છે.

મુમુક્ષુ :- દઢભાવમાં રુચિ ?

પૂજ્ય ભાઈશ્રી :- દઢભાવ એટલે અહીંયાં એકત્વ લઈ લેવું, એકત્વ લઈ લેવું. ભાષા ચાલુ ભાષા લીધી છે. જ્ઞાયકની જગ્યાએ જાણપણું લીધું છે. જ્યાં જ્યાં અને ત્યાં ત્યાં અસ્તિત્વ છે, એમાં જ્યાં જ્યાં અને ત્યાં ત્યાં એમાં અસ્તિત્વ લઈ લેવું છે અને દઢ એટલે અહીંયાં એકત્વ. દઢ એટલે વિચારની દઢતા એ વાત અહીંયાં નથી, વિકલ્પની દઢતા, રાગની દઢતા એવી વાત નથી, પણ એકત્વ થઈ જવું. તે સમ્યક્ત્વ છે. કેમ કે અહીંયાં સમ્યકત્વ લેવું છે ને ?

'**તે સુગમ છે, (છતાં) વિષમ માની રહ્યો છે.**' એ એની ઉંધી રુચિનું કાર્ય છે. વિષમતા માને છે એ ઊંધી રુચિને કારણે માને છે અને એ એની સમજણ બરાબર નથી.

મુમુક્ષુ :- પક્ષ પલટ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિપક્ષમાં ઊભો છે હજી. વિપક્ષમાં ઊભો છે ત્યાં સુધી એને કઠણ લાગે છે.

'**મોહ-મદને રોકી જ્ઞાન અમૃતનું પાન કરી બ્રહ્મપદને સંભારી, ભવખેદને ટાળી, નિજના ભેદને પામી, અભેદ નિજપદને ઓળખી, પર એવી વાણીને ત્યાગી, ચિદાનંદને જાણી, મોહ-માન્યતાનો નાશ કરીને, ગુણગ્રામ-સુખધામરૂપ, અભિરામરૂપ તે જ (મારું) સ્વરૂપ છે,...**' આમ લેવું. શું કહે છે ? આમ કરી... આમ કરી... આમ કરી... પોતાનું સ્વરૂપ ગ્રહણ કરવું. આરાધન કરવાની વાત છે. સાક્ષાત આરાધન કરવું એમાં કેટલી કેટલી વાત અસ્તિથી અને નાસ્તિથી આવી જાય છે એનો અહીંયાં સંક્ષેપ છે.

**'મોહ-મદને રોકીને...'** દર્શનમોહ છે એના જોરને એકવાર એણે રોકી લેવું પડે છે. દર્શનમોહના જોરને રોકીને. મદ, મદ એટલે જોર. તેને રોકીને, જ્ઞાનામૃતનું પાન કરીને. **'જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું'** એ અમૃત છે, એમ કહે છે. એ જ્ઞાનસ્વરૂપી અમૃત છે. એનું પાન કરીને એટલે એનો રસાસ્વાદ કરીને, જ્ઞાનનો આસ્વાદ લઈને એમ લેવું છે. જ્ઞાનામૃતનો આસ્વાદ લઈને. બ્રહ્મપદને સંભારીને-પોતાના પરિપૂર્ણ અખંડ આત્મપદને સાવધાનીથી હુંપણે સાવધાન થવું એમાં. બ્રહ્મપદમાં-નિજપદમાં હુંપણે (સાવધાન થવું). બ્રહ્મપદ છે આ વેદાંતનો મુખ્ય પારિભાષિક શબ્દ છે. જૈનમાં પણ 'બ્રહ્મ' શબ્દ તો વપરાય છે. આત્મા પોતે ત્રિકાળ બ્રહ્મ છે. પ્રજ્ઞાબ્રહ્મ છે આત્મા.

'ગુરુદેવ' આ શબ્દ લેતા-આત્મા પ્રજ્ઞાબ્રહ્મ છે આત્મા એમ કહેતા. પ્રજ્ઞાબ્રહ્મ છે એટલે જ્ઞાનબ્રહ્મ છે. જે ત્રિકાળ એકરૂપ રહેતું જ્ઞાન, અવિનાષી એવું જ્ઞાનતત્ત્વ, એકરૂપ રહેતું જ્ઞાનતત્ત્વ એને જ્ઞાનબ્રહ્મ કહેવામાં આવે છે. જ્ઞાનબ્રહ્મ. એને સંભાળીને એટલે હુંપણે એને સંભારવું અથવા સંભાળવું.

**'ભવખેદને ટાળી,...'** આ ભવખેદમાં બધો ઉદય આવી ગયો. જેટલા ઉદયમાન પ્રસંગો છે એ બધા દુઃખ અને ખેદના જ નિમિત્ત છે. એકેય સુખનું કારણ નથી. જીવ તો ઉદયમાં જ પકડાયેલો અને ઘેરાયેલો છે ને ? કહે છે કે, આખા ભવખેદને ટાળીને. આખા ભવખેદને ગૌણ કરી નાખીને. આ ભવ છે એમાં જે કાંઈ જેમ બને એમ બનવા દ્યો, જે બનતું હોય એમ. હવે એને સંભારવું નથી. એવું જોર કરે તો થોડું થોડું આવી જાય તો એનો એને ખેદ આવે કે આ ખેદખિન્ન ભાવ છે એ ટાળવા જેવો છે. પણ એકવાર તો જોરથી એને પારકું ગણીને ગૌણ કરી નાખવું જોઈએ. પારકું ગણીને. મારું નહિ. મારાપણું રહેશે તો એ ગૌણ થાશે નહિ.

જ્યાં જ્યાં મારાપણું ત્યાં ત્યાં એની મુખ્યતા અનિવાર્યપણે ઊભી થાય, થાય ને થાય જ. આ નિયમ છે. પછી દુકાન મારી, ઘર મારું, મૂડી મારી, શરીર મારું, રાગ મારો, આયુષ્ય મારું એ બધી મુખ્યતા થયા વિના રહે નહિ. એ **'ભવખેદને ટાળી, નિજના ભેદને પામી,...'** ભેદ એટલે અહીંયાં મર્મ, હોં ! ભેદ એટલે અહીંયાં ભંગભેદ નહિ. નથી

કહેતા ? ભાઈ ! તમારો ભેદ હું જાણું છું. ભેદ એટલે અંતરંગની વાત, એને ભેદ કહેવામાં આવે છે. અંતરંગની વાત કોઈ જાણી જાય તો કહે ભાઈ ! તમારો ભેદ-ખાનગી તમારું રહસ્ય, રહસ્ય (જાણું છું). ભેદ પામી ગયો એટલે રહસ્ય પામી ગયો. એમ આ નિજથી ભેદને પામીને એટલે નિજથી પોતાના અંતરંગને, પોતાના સ્વયંના પુરુષાર્થથી પામીને. શબ્દ તો એનો એ છે. અર્થ શું કરવો આ સવાલ છે. શબ્દ તો શબ્દ છે. એને ખબર નથી. શબ્દને પોતાના અર્થની ખબર નથી. રાગને ખબર નથી પોતાના ભાવની. જ્ઞાનને બધી ખબર છે. જ્ઞાનને શબ્દના અર્થની પણ ખબર છે અને રાગભાવની પણ ખબર છે. અને જ્ઞાનને પોતાના જ્ઞાનરસના આસ્વાદની પણ એને ખબર છે. કેમ કે જ્ઞાનમાં જ્ઞાન સિવાય આસ્વાદ બીજાનો થઈ શકે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનરસના આસ્વાદની અજ્ઞાનીને તો ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એને ખબર નથી. એને તો પરના આસ્વાદનો ભ્રમ છે એટલે ક્યાંથી ખબર પડે ? જેણે રંગીન ચશ્મા ચડાવ્યા એને જે વસ્તુ સામે જેમ છે એમ ક્યાંથી દેખાય ? એ તો જે રંગના (ચશ્મા) ચડાવ્યા એ રંગ જ બધા સામે દેખાય. એક જ રંગ દેખાય એને. એમ એના જ્ઞાને તો રાગથી રંગાયેલા ચશ્મા પહેર્યા છે. એટલે એને બધું રાગમય જ ભાસે છે. વિકલ્પ વગર તો કાંઈ કોઈ કામ થાય છે ? બધે પહેલા વિકલ્પ કરવો પડે છે, એમ એને થાય છે. રાગ વગર તો અને ક્યાંય એક ડગલુ પણ દેખાતું નથી. આ એની પરિસ્થિતિ છે. એટલે કાંઈ એમ વસ્તુ સ્થિતિ થોડી છે ? અજ્ઞાનીને જ્ઞાનના રસના આસ્વાદની ખબર નથી એટલે કાંઈ જ્ઞાનમાંથી જ્ઞાનરસનો આસ્વાદ ચાલ્યો જાય એવું થોડું બને કાંઈ ? વસ્તુ કાંઈ બદલાવાની નથી. ચાંદી ઉપર સિક્કો ન મારે તો એની કાંઈ કિંમત જાય ? રૂપિયાનો સિક્કો (હોય). ચાંદીનો પહેલા રૂપિયો બનતો હતો, એમાં રાજાનો-Governerનો સિક્કો ન પાડે એટલે કાંઈ એની કિંમત વઈ જાય ? અને કલાઈ ઉપર બરાબર સિક્કો મારે તો એની કાંઈ કિંમત થઈ જાય ? એની કિંમત થાય નહિ અને આની કિંમત જાય નહિ. એટલે નામ લખવાથી કે કહેવામાત્રથી કોઈ વસ્તુ નથી. વસ્તુ તો જે છે તે છે. કોઈ જાણે ન જાણે, કોઈ માને ન માને, કોઈ કહે ન કહે એથી કાંઈ વસ્તુ

બદલતી નથી.

નિજપદને ઓળખી '**નિજના ભેદને પામી, અભેદ નિજપદને ઓળખી,...**' નિજપદ એટલે નિજ અને પદ કાંઈ બે જુદી જુદી વાત નથી. અભેદ નિજપદને ઓળખીને એટલે પોતે પોતાથી અભેદ છે એવી પોતાની અભેદતાને-સ્વરૂપની અભેદતાને ઓળખે તો એને પોતામાં ને પોતામાં પોતાથી ભેદ એટલે જુદાં રહેવું, એ વાત એને પોસાય નહિ.

બહારમાં જેના ઉપર રુચિ, પ્રેમ-પ્રીતિ છે એનાથી જુદાપણું એને પોસાતું નથી. પોસાય છે ? એનો વિયોગ એને ગમતો નથી. અણગમો થાય છે. અને અહીંયાં નિજ પરમાત્મા અભેદ નિજ પરમાત્મસ્વરૂપ પોતાનું છે એનો વિયોગ એને કાંઈ નથી. ભાવમાં તો અનાદિથી એનાથી છૂટો પડ્યો છે. દ્રવ્યે નથી છૂટું પાડી શકાતું પણ ભાવમાં તો છૂટો પડ્યો હોવાથી અને અનુભવ તો ભાવનો હોવાથી પોતે પોતાના વિયોગમાં અનાદિથી છે. બહારમાં તો આ મૃત્યુથી વિયોગ થાય છે (ત્યારે) માણસ રડે છે. ખરેખર કાંઈ એમાં કોઈનો નાશ તો થતો નથી. ન તો શરીરના એક પરમાણુનો નાશ થયો છે કે ન તો કોઈ એકેય આત્માનો નાશ થયો છે. છતાં એને મળવા નહિ મળવાનો જ સવાલ ઊભો થયો છે. કે હવે નહિ મળે. જોકે ઘણા તો મળે પણ છે. પણ બીજા પર્યાયમાં, બીજા પર્યાયે. બંનેની પર્યાયો જુદી જુદી હોય. ન જ મળવાનો કંઈ સવાલ નથી. પણ જે કલ્પનાએ એને મળવું છે તે કલ્પનાએ એને નથી મળાતું. તે પર્યાયે નથી મળાતું. તે પર્યાયની કલ્પનામાં તેપણું નથી રહેતું. તોપણ એને એટલું બધું દુઃખ લાગે છે. પર્યાય તો ક્ષણિક છે નહિતર. ખબર નથી કે કોઈ ચીજ કાયમ રહેવાની નથી. ખબર નથી ? ખબર છે પણ એનો સ્વીકાર નથી. છે સ્વીકાર એનો ?

ખબર છે કે આ શરીર શાશ્વત નથી, ખબર છે કે કોઈ સંયોગ શાશ્વત નથી. જુદું પડવું શરીરથી અને બીજા સંયોગથી એ નિશ્ચિત વાત છે. એ વાતમાં કોઈ મિનમેષ કરી શકે એવું નથી. છતાં એને એ સ્વીકાર નથી. મારે એ સ્વીકાર્ય નથી. એને મંજુર કરે છે એ ? એક ન ફરે એવું સત્ય હોવા છતાં, નક્કર હકીકત હોવા છતાં જીવ એનો સ્વીકાર નથી કરતો. સત્યનો સ્વીકાર ન કરે તો એને થાય દુઃખ. બીજું શું થાય ? પર્યાય સત્ છે પણ અફર છે. એનો સ્વીકાર ન કરે તો એને દુઃખ થાય છે.

અહીંયાં તો કહે છે કે તારું ત્રિકાળ સત્ છે એનો સ્વીકાર નથી કરતો એનું તને જે દુઃખ છે એ અનંતું દુઃખ છે. એ મૂળ મિથ્યાત્વ છે. તારા પરમ સત્‌નો અસ્વીકાર એ મિથ્યાત્વ (છે) અને એ મિથ્યાત્વમાં અનંતા નિગોદના, એ મિથ્યાત્વના ગર્ભમાં અનંતા નિગોદના ભવ પડ્યા છે. આટલું દુઃખ છે એની અંદર. અને એક સમ્યક્ત્વના ગર્ભમાં અનંતી સિદ્ધની પર્યાયો જન્મવાનો ગર્ભ પડેલો છે. સમ્યક્ત્વમાં આ ગર્ભ છે અને મિથ્યાત્વનો આ ગર્ભ છે. એમાંથી સિદ્ધ પર્યાયનો પ્રસવ થશે અને આમાંથી નિગોદનો થશે. બસ. આટલી શક્તિ શ્રદ્ધાનની છે. ઊંધી શ્રદ્ધાનની પણ અનંતી શક્તિ અને સવળી શ્રદ્ધાની પણ અનંતી શક્તિ.

'**અભેદ નિજપદને ઓળખી,...**' એમ કહે છે. નિજપદની અભેદતાને ઓળખીને નિજ સ્વરૂપને અભેદપણે ઓળખીને '**પર એવી વાણીને ત્યાગી,...**' વાણીમાં પણ-ભાષામાં પણ પોતાપણું નથી. ભાષાના પ્રભુત્વ ઉપર અજ્ઞાનીઓને અભિમાન થાય છે. મારો શબ્દ ફરે એવો નથી. હું જે બોલું એટલે ખલાસ. એમ જ થાય. બીજી રીતે હોય નહિ. કોઈ એમ કહે તો હું માનુ નહિ. શબ્દ ફરે નહિ. હવે તું આખો ઉખડી ગયો એમાં તો, ફરી ગયો. શબ્દ ન ફરે તો શું કામ લાગે ? તું તો ફરી ગયો અંદરમાં એનું શું ?

કહે છે કે એને ત્યાગીને એટલે એનું પરપણું જાણીને ચિદાનંદને સ્વપણે જાણીને. ઘણા બોલ છે હજી તો. '**મોહ માન્યતાનો નાશ કરીને,..**' દર્શનમોહનો, માન્યતાનો નાશ કરીને-અભાવ કરીને. '**ગુણગ્રામ...**' આત્મા ગુણનું ગ્રામ, આખું ગુણનું ગામ છે. ગામમાં તો મર્યાદિત વસ્તી હોય, અહીંયા ગુણની વસ્તી મર્યાદિત નથી. અમર્યાદિત વસ્તીવાળું ગ્રામ છે, એવું સુખધામ છે. આરામનું સ્થાન છે. '**તે જ (મારું) સ્વરૂપ છે,...**' એમ આરાધે. એવું આરાધન કરે એને અહીંયાં અનુભવનો પ્રકાશ કહેવામાં આવ્યો. જે આરાધના છે એ જ અનુભવનો પ્રકાશ છે. (વિશેષ લઈશું...)

**તા. ૨-૧૧-૧૯૮૫, પાના નં.૧૮, ૧૯ પ્રવચન નં. ૫૦**

નીચેથી છે. સ્વરૂપ છે એવો જે ભાવ કર્યો. '**ગુણગ્રામ-સુખધામરૂપ, અભિરામરૂપ તે જ (મારું) સ્વરૂપ છે.**' આવા સ્વરૂપને ભાવવાનો મને ભાવ કર્યો. તે સ્વરૂપની ભાવના '**તે જ ભાવ મોક્ષના ઉપાય-ઉપેયને (સાધે) છે.**' ઉપાય છે તે મોક્ષમાર્ગ છે અને ઉપેય છે તે મોક્ષ છે. '**તે જ ભાવ**' એટલે આવો સ્વરૂપનો ભાવ તે મોક્ષને સાધે છે, મોક્ષમાર્ગને પણ સાધે છે. એટલે પોતાનું જેવું સ્વરૂપ છે એ સ્વરૂપરૂપ પરિણમન થવું એ મોક્ષમાર્ગમાં આવવાનો ભાવ છે અને તે જ મોક્ષને પહોંચવાનો ભાવ છે. એમ લેવું છે.

આવું મારું સ્વરૂપ છે તે જ ભાવ. આવો હું છું એ જ ભાવ મોક્ષને સાધે છે. ઉપાય-ઉપેય બંનેને સાધે છે. '**શુદ્ધ આત્માને આરાધે (છે).**' એવો જે (ભાવ), આવો હું છું એવો જે સ્વરૂપભાવ તે '**શુદ્ધ આત્માને આરાધે છે.**' એવો વિચાર, વિકલ્પ નહિ. એવો ભાવ... એવો ભાવ... એવો ભાવ... એમ લેતા આવ્યા છે. ત્યાં પણ ઉપર એમ જ લીધું ને ? '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દૃઢભાવ સમ્યક્ત્વ છે.**' દૃઢ વિચાર, દૃઢ વિકલ્પ એમ નથી લેતા. સીધો ભાવ જ લે છે. એ ભાવની અંદર શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ, પુરુષાર્થ એ બધા ભાવ કહેતા બધા પરિણામ અંશ એની અંદર આવી છે. એ બધો મળીને એક ભાવ. તે ભાવ મોક્ષને સાધે છે. તે '**શુદ્ધ આત્માને આરાધે છે.**'

'**આ રીતે જ નિર્ગ્રંથ પુરુષો શિવપથને બહુ સાધી સાધી, સમાધિને પામી, પરમપદને પહોંચે (છે.)**' નિર્ગ્રંથ પુરુષો છે મહામુનિઓ છે એ પણ આ રીતે જ મોક્ષને પહોંચે છે. શિવપથ એટલે મોક્ષનો માર્ગ-કલ્યાણનો માર્ગ. એ કલ્યાણના માર્ગને બહુ સાધી સાધીને, અત્યંતપણે સાધીને-સ્વરૂપમાં સ્થિર થઈને. સમાધિ પામીને

એટલે સ્વરૂપમાં સ્થિર થઈને-લીન થઈને પરમપદને પહોંચે છે. સર્વોત્કૃષ્ટ સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે. ત્રણે કાળે આ જ પ્રકારે માર્ગ છે, આ જ પ્રકારે ઉપાય છે. ત્રણ કાળમાં બીજો કોઈ ઉપાય નથી.

**'પોતાનો ચેતનપ્રકાશ મોહવિકારને પામી મલિન થયો છે,...'** અજ્ઞાનદશામાં, સંસારદશામાં પોતાનું ચૈતન્યનું પરિણમન છે, ચૈતન્યપ્રકાશ એટલે આત્માનું જે પરિણમન છે, તે મોહવિકારને પામીને દર્શનમોહને વશ. દર્શનમોહ હોય ત્યાં ચારિત્રમોહ હોય છે એ કહેવાની આવશ્યકતા રહેતી નથી. દર્શનમોહ ન હોય અને ચારિત્રમોહ તો હોય છે પણ દર્શનમોહ હોય ત્યાં ચારિત્રમોહ હોય કે ન હોય એ વાત વિચારવાનો પ્રશ્ન રહેતો નથી. એ તો હોય જ છે. એટલે અહીંયાં મોહમાં બંને લઈ લેવા. કે મોહવિકારને પામી આત્માનું પરિણમન મલિન થઈ રહ્યું છે. પોતાનો ચેતનપ્રકાશ એટલે પોતાનું પરિણમન મલિન થઈ રહ્યો છે.

**'ભેદજ્ઞાન જડ ચેતનને ભિન્ન કરે.'** મોહવિકારથી એણે જડ-ચેતનની અભિન્નતા કરી છે. આત્માને અને અનાત્મા વચ્ચે ભેદ હોવા છતાં-તફાવત હોવા છતાં એના અનુભવમાં એ તફાવત રહેતો નથી. શ્રદ્ધા-જ્ઞાનમાં અભેદપણું થઈ જાય છે. તે ભેદજ્ઞાન દ્વારા જડ ચેતનને ભિન્ન કરે. બીજી વાત નથી લીધી. આમ ક્રિયા કરે... આમ ક્રિયા કરે... આમ વિકલ્પ કરે, આવો રાગ કરે એવી વાત ક્યાંય છે નહિ. અનુભવનો ગ્રંથ છે ને !

**'ભેદજ્ઞાન જડ ચેતનને ભિન્ન કરે. તેને...'** એટલે ભેદજ્ઞાનને **'અંતરમાં ધરી ધરી, નિજજ્ઞાનનો અભ્યાસ વારંવાર કરી, સાર અવિકાર પોતાનું અખંડરૂપ જાણી, (તેને) અંતર અનુભવમાં લાવી મહામોહહઠનો નાશ કરી, જે સ્વરૂપરસ પોતાના સ્વભાવમાં છે તે સ્વભાવને નિજ ઉપયોગમાં યોગ્ય સ્થાનરૂપ કરે (યથાસ્થાનરૂપ કરે-સ્થિર કરે).'** શું કહ્યું ? કેટલી વાત લીધી છે ! ભેદજ્ઞાનને અંતરમાં ધરી ધરીને. ભેદજ્ઞાનને અંતરંગમાં ધારણ કરે. ભેદજ્ઞાનનો વિચાર કરે એટલું પણ નહિ. ભેદજ્ઞાનને ધારે. ધારવું એટલે ધારણ કરવું. ભેદજ્ઞાનરૂપ ભાવ છે એને અંતરમાં ધારણ કરે. એ પણ વિચાર વિકલ્પ તો એક બાહ્ય પરિણામ છે. એ અંતર પરિણામ નથી પણ બાહ્ય પરિણામ છે.

અહીંયાં તો જુદાપણે પડવું છે, જુદા રહેવું છે, જુદા થવું છે એમાં પરિણામની અંતરંગ ક્રિયા છે. સ્વરૂપ તરફ જવાની જે ક્રિયા છે, સ્વરૂપ તરફ વળવાની જે ક્રિયા છે, સ્વરૂપ તરફ વળવા માટેની જે ચાવી છે ખરેખર તો, ભેદજ્ઞાન છે એ સ્વરૂપ બાજુ વળવાની ચાવી છે, એ ચાવી જેને હાથમાં આવી એને બધું હાથમાં આવી ગયું. આખો ગુણધામનો ખજાનો એને હાથમાં આવે.

માર્ગની સુગમતા તો એ છે કે આમાં બીજી કોઈ લાંબી આંટીઘૂંટીની અનેક વાતો નથી. જગતના વ્યવહારમાં પારંગત થવું હોય તો છપ્પન જાતના ભેજા સાથે માથાફોડ કરે ત્યારે કાંઈક એને ઠેકાણે પડે. દુનિયાદારીની વાતો બધી એવી છે કે અનેક જાતની સમસ્યાઓ અને અનેક જાતના માણસો સાથે કામ પડે. અને એમાં કાંઈક માણસ અથડાતો, કૂટાતો, પીટાતો કાંઈક... કાંઈક... કાંઈક... કાંઈક... આગળ નીકળે. ત્યારે લોકો એમ કહે, આગળ નીકળે ત્યારે લોકો એમ કહે, ભાઈ ! કાંઈક બાહોશ છે. ભાઈ ! કાંઈક હોશિયાર છે, આવડતવાળા છે. અહીંતાં તો કાંઈ નહિ. અંદરમાં પોતાના અને પોતાના પરિણામને કામ કરવાનું છે અને પોતાની સાથે જ કામ કરવાનું છે. બીજાની સાથે કાંઈ લેવાદેવા નથી. અને ૧૦૦-૫૦ વાતો શીખવી પડે કે સમજવી પડે તો એને કાંઈ આવડે એવું કાંઈ નથી.

એક તિર્યંચપણ પામે છે એનું શું કારણ છે ? કે '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું.**' આ વાત એને ક્યાંય શીખવા જાવી પડતી નથી. જાણપણાનો તો પ્રવાહ અંદરથી ચાલુ છે, કયારેય રોકાયા વિના અવિરતપણે ચાલુ છે. '**જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું.**' આમ અંતરંગમાં જાય છે. આ એનો અભ્યાસ છે. એકદમ ટૂંકામાં ટૂંકો વિષય છે. આરાધનનો એકદમ સરળ સીધો વિષય છે.

'**તેને અંતરમાં ધરી ધરી,...**' એને અંતરમાં ધરે એટલે ઘર કરે છે, એ પ્રકારનું પરિણમન એને ઘર કરી જાય છે. જેમ માણસને પ્રકૃતિ ઘર કરી જાય છે તો કારણ વગર પણ સામે નિમિત્તો ન દેખાય તો એ પ્રકૃત્તિના ભાવો અંદરમાં કર્મના ઉદયને અનુસરીને થવા લાગે છે કે નહિ ? કેમ કે વણાઈ ગયું એની સાથે. એ પ્રકારનું ભાવનું પરિણમન વણાઈ ગયું. એમ અહીંયાં એને ભેદજ્ઞાન એના પરિણમનમાં વણાઈ

જવું જોઈએ.

મુમુક્ષુ :- પરિણતિ થઈ જવી જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ થઈ જવી જોઈએ. અંતરમાં ધરી ધરીને પરિણતિ થાય અને વારંવાર ઉપયોગમાં લાવે પાછો. એ વારંવારનો અભ્યાસ થયો.

'**નિજજ્ઞાનનો અભ્યાસ વારંવાર કરી,...**' હું જ્ઞાનમાત્ર છું. જ્ઞાનમાત્ર એ હું, એમ નિજજ્ઞાનનો અભ્યાસ વારંવાર હુંપણે કરે. '**વારંવાર કરી, સાર અવિકાર પોતાનું અખંડરૂપ જાણી,...**' નિર્વિકાર પોતાનું અખંડપદ જાણીને. સારભૂત એટલે માત્ર ઉપાદેય એક જ, બાકી બધું અસાર. એક સારરૂપ પોતાનું અખંડરૂપ જાણીને '(**તેને**) **અંતરમાં અનુભવમાં લાવી...**' એને જાણીને એને અનુભવમાં લાવીને. જાણવાનું તો કો'કપણે જાણવું નથી, પોતારૂપે એને અનુભવીને '**મહામોહહઠનો નાશ કરી,...**' ભ્રાંતિ. મહામોહ એટલે ભ્રાંતિ દર્શનમોહ. એ પણ હઠીલો, હઠીલી પ્રકૃતિ છે, દર્શનમોહની ચીકણી પ્રકૃતિ છે. સૌથી વધારેમાં વધારે કોઈ ચિકાશવાળી પ્રકૃતિ હોય, જેનો વધારેમાં વધારે અનુભાગ અને સ્થિતિ પડતી હોય તો એ દર્શનમોહની પડે છે. એટલે એને મહાહઠ કીધી છે, મોહની મહાહઠ કીધી છે. તેનો નાશ કરીને.

'**જે સ્વરૂપરસ પોતાના સ્વભાવમાં છે...**' જે અનંત આત્મરસ સ્વભાવની અંદર શક્તિરૂપે-સામર્થ્યરૂપે છે. આત્મા ચૈતન્યરસનો કંદ છે કે જેની અંદર જે ચૈતન્યદળમાં અનંતો ચૈતન્યરસ ભરેલો છે. એ પોતાના સ્વભાવમાં છે '**તે સ્વભાવને નિજ ઉપયોગમાં યોગ્ય સ્થાનરૂપ કરે,...**' આ એમની 'અનુભવ પ્રકાશકારની' પોતાની મૌલિક, આગવી શૈલી છે કે એવો જે સ્વભાવ છે એ સ્વભાવ તો સ્વભાવના સ્થાનમાં છે પણ ઉપયોગમાં યોગ્ય સ્થાનરૂપ કરે. જે ઉપયોગ એ પરપદાર્થ અને રાગ ઉપર મૂકતો હતો, ત્યારે એને પોતાના સ્વભાવને ઉપયોગમાં સ્થાન નહોતું આપ્યું. જ્યારે ઉપયોગ આત્મામાં સ્થિર થાય છે ત્યારે એણે સ્વભાવને ઉપયોગની અંદર યોગ્ય સ્થાનરૂપે કર્યો છે. આમ લીધું છે. વિધિને કેવી રીતે સમજાવે છે !

માણસ નથી કહેતા ? કે તમારા કામમાં ભલીવાર નથી. કેમ કે

તમારા કામમાં તમારું ચિત્ત નથી. તમારા કામમાં તમારું ચિત્ત નહિ હોવાથી કામમાં કાંઈ ઠેકાણુ પડતું નથી. ઉપયોગ દઈને, જે એને ઉપયોગ દઈને જે કામ કરવું જોઈએ એ રીતે જ્યારે માણસ કામ નથી કરતો ત્યારે એમ કહેવામાં આવે છે. જરાક ધ્યાન આપીને, મન લગાવીને બરાબર કામની ચોક્કસાઈથી કામ કરો. એમ નથી કહેતા ? કે જેથી કામ બરાબર થાય.

અહીંયાં કહે છે કે, ઉપયોગને સાવધાન કરીને. ત્યાં ચોક્કસાઈ કરવી છે તો અહીંયાં ઉપયોગને સાવધાન કરીને પોતાના સ્વભાવ સ્થાનમાં ઉપયોગ લાગે, ત્યારે એણે ઉપયોગની અંદર સ્વભાવને યોગ્ય સ્થાનરૂપ કર્યો. સ્વભાવમાં સ્વભાવને શું કરવું હતું ? સ્વભાવ તો સ્થિર છે. જ્યાં છે, જેમ છે, જેવો છે ત્યાં તેમ તે બરાબર અનાદિઅનંત એમ જ છે. પણ પોતાનું એ સ્વરૂપ હોવાથી અને તેને ઉપયોગમય કરતાં તેણે સ્વભાવને યોગ્ય સ્થાનમાં રાખ્યો એમ કહેવામાં આવે છે.

'**(યથાસ્થાનરૂપ કરે-સ્થિર કરે).**' ખરેખર તો ઉપયોગને સ્થિર કરે છે, ઉપયોગને યથાસ્થાને મૂકે છે. પણ અહીંયાં ઉપયોગ ઉપર વજન નથી. પોતાનું સ્વરૂપ છે એને યથાસ્થાને અનુભવે છે, સ્વપણે અનુભવે છે. યથાસ્થાને અનુભવે છે એટલે ? સ્વપણે અનુભવે છે. અને સ્વરૂપને સ્વપણે અનુભવતાં અનાદિની પરમાં સ્વપણાની ભ્રાંતિ ચાલી જાય છે, ભ્રાંતિ મટે છે. જેને ભ્રાંતિ મટે છે એનો સંસાર મટે છે.

સંસાર તો ભ્રાંતિનો છે. બાકી સ્વરૂપમાં તો સંસાર નથી, આત્મામાં સંસાર નથી. આત્મામાં સંસાર નથી અને બહારના સંયોગોમાં પણ સંસાર નથી. સંસાર જીવની ભ્રાંતિગત દશામાં છે. જ્યાં ભ્રાંતિ ગઈ, નિર્ભ્રાંતપણું થયું કે એનો સંસાર ગયો. આટલી વાત છે. કેટલું સુગમ સહેલું લીધું છે ! '**કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતા શમાય.**' સ્વપ્નની અંદર એણે કરોડો વર્ષ દીનપણું ને દર્દની વેદના ને લાચારી અને ભૂખમરો કરોડો વર્ષ વેઠ્યો હોય. ભલે અહીંયાં મિષ્ઠાન ખાઈને સૂઈ ગયો હોય પણ સ્વપ્નમાં એવું હોય કે કરોડો વર્ષ સુધી દુઃખી... દુઃખી... દુઃખી થઈ ગયો. જ્યાં જાગે ત્યાં બધું ખલાસ. કાંઈ છે નહિ.

બરાબર હું મારા સુરક્ષિત સ્થાનમાં આરામથી, ચેનથી રહેલો છું એનું ભાન કરે છે. બસ, આટલું. દુઃખ જવામાં અને સુખ થવામાં

ભ્રાંતિ આટલી જાય એટલી વાર છે. આ સંસારમાં આવો હું, એ ભ્રાંતિ ગઈ કે બધું ગયું એનું. હવે એક આત્મા જાણનાર તત્ત્વ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ આત્મા હું. એમ જ્યાં પોતાના મૂળ સ્વરૂપને શ્રદ્ધાનથી, જ્ઞાનથી અથવા પ્રતીતિપૂર્વક જ્ઞાનથી ઉપયોગમાં સંભાળ્યું (ત્યાં) એનો સંસાર ગયો. આટલી ટૂંકી વાત છે. હવે એને કયાંય ચડાવી દીધા. આમ કરો ને તેમ કરો... આમ કરો ને તેમ કરો. હજાર જુદા જુદા જુદી જુદી વાતો બતાવે. મૂળ વાતનો પોતાને પત્તો ન લાગે એટલે બીજી બીજી વાતમાં ચાલ્યા જાય.

મુમુક્ષુ :- સુખ આત્મામાં છે ને અહીંયાં બાહ્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- સંસારને એમ કહે કે જુઓ ! આ બાયડી, છોકરી તારા સંસાર છે, એને છોડી દે. દીક્ષા લઈને તું અમારી ભેગો ભળી જા. કહે છે કે, એ સંસાર નથી, વાત ખોટી છે. એ સંસાર નથી. સંસાર અંદર આત્મામાં નથી અને સંસાર બહાર તારા સંયોગમાં કુટુંબ, પરિવારમાં પણ નથી. તારી ભ્રાંતિમાં સંસાર ભર્યો છે. અનંતો સંસાર, દર્શનમોહ સહિત ભ્રાંતિમાં પડ્યો છે. એની નિવૃત્તિ થઈ એને સંસારની નિવૃત્તિ થઈ.

ભ્રાંતિમાં પણ શ્રદ્ધાન અનંત શક્તિથી ઊંધું પડ્યું છે તો એમાં જન્મ-મરણની ગાંઠ પણ મોટી છે. એટલે પરિણામમાં એટલી શક્તિ છે. સ્વરૂપશક્તિ તો પરિણામ કરતાં બહુ મોટી છે. કેમ કે પરિણામ તો સમયવર્તી છે, એક સમયવર્તી પરિણામ છે. એની શક્તિ કેટલી ? અને ત્રિકાળવર્તી સ્વભાવની શક્તિ કેટલી ?

મુમુક્ષુ :- વાસ્તવિકતા...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ ભ્રાંતિ સહિતના. જે 'રાગ-દ્વેષ તે હું' એમ ભ્રાંતિથી જે રાગ-દ્વેષ થાય છે, એ સંસાર છે ખરેખર તો. એ સંસાર છે. આ તો ત્યાગ કરવનાર સમજાવે છે ને કે આ સંસાર છે... આ સંસાર છે... આ સંસાર છે. આ તારી દુકાન સંસાર છે. મૂક દુકાનને, એમ કહે છે. એ સંસાર નથી. અહીંયાંથી એ દુકાન છોડે છે અને પાછો અપાસરામાં દીક્ષા લઈને બીજી દુકાન માંડે છે. ખરેખર તો સંસાર તો એ છે. ભ્રાંતિ જે રહી ગઈ એ સંસાર છે. પછી એ આ દુકાને બેઠો કે આ દુકાને બેઠો. બાકી તો દુકાન જ છે, બીજું કાંઈ નથી ત્યાં.

દુકાન ચલાવે છે. પછી બજારમાં જઈને દુકાન ચલાવે કે અપાસરામાં જઈને દુકાન ચલાવે. બેય દુકાન ચલાવે છે. એટલે ભ્રાંતિથી તો ગમે ત્યાં રહે તો સંસારમાં છે અને ભ્રાંતિ રહિત ગમે ત્યાં રહે તો પણ એ સંસારમાં નથી. બસ ! સીધી વાત છે.

જંગલમાં તો પશુ-પક્ષી પણ રહે છે. ત્યાં જો સંસારની નિવૃત્તિ થતી હોય તો એ લોકોની પહેલા થઈ જવી જોઈએ. કારખાના માંડવાવાળાની પછી થાય. પહેલા એ લોકોની તો થઈ જાય. ત્યાં કાંઈ છે નહિ. જે છે એ જીવના પરિણામમાં છે. ગડબડ કરે તો પણ જીવના પરિણામમાં અને સુધારે તો પણ જીવના પરિણામમાં. જ્યાં ઘૂંચ પડી છે ત્યાં ઉકેલવી નથી. ઘૂંચ પડી છે ક્યાંય અને ઉકેલ કરવા જાવું છે ક્યાંય. એના જેવો ઘાટ થાય છે. એ ખોટું છે.

અહીં તો શક્તિ લેવી છે ને ? એક સમયની ઊંધી શક્તિ ભલે, ઊંધી શ્રદ્ધાનની શક્તિ અનંત જન્મ-મરણ નિગોદના કરાવે, પણ એક સમયની એ જ શક્તિ જ્યાં સવળી થાય તો એ બધાને તોડે. એ તો એક સમયની પરિણામ શક્તિ થઈ, પણ જે ત્રિકાળી શક્તિ છે એનું પ્રમાણ કેટલું ? કે એના પ્રમાણનું તો કોઈ માપ થાય એવું નથી.

**'સ્વરૂપની ઉપયોગશક્તિ કર્મમાં ગુપ્ત થઈ તો શું (તે) શક્તિનો અભાવ માનીએ** ?' આ પદ્ધતિ એમની બહુ સારી છે. ઊંધો પડીને એ કર્મને અનુસરે છે ત્યારે પણ એ પોતાની શક્તિથી જ ઊંધો જાય છે. ઊંધુ કાર્ય કરે છે એમાં પોતાની શક્તિનો પ્રયોગ કરે છે, ઊંધો કરે છે, પણ એથી એ શક્તિવાળો છે એ વાત તો નક્કી થાય છે કે નહિ ? સ્વરૂપની ઉપયોગ શક્તિ જે ઉપયોગ લગાવવાની, ઉપયોગને સ્થિર કરવાની જે શક્તિ કર્મને અનુસરીને કર્મમાં ગુપ્ત થઈ, કર્મમાં રોકાઈ ગઈ તો શું એને શક્તિ વગરનો માનીએ ? કે ના, એ શક્તિવાળો છે એ તો એને માનવો જોશે. કેવી રીતે પકડાવે છે વાતને !

અવળા પરિણમનમાં કે સવળા પરિણમનમાં શક્તિ કામ કરે છે કે નહિ એ જો. તું શક્તિને જો. પરિણમનનું સવળું, અવળુંપણું એ જોવાનો મુખ્ય વિષય નથી. પકડવાનો વિષય છે એ શક્તિને પકડવાનો વિષય છે. એમ લેવું છે. ઉપયોગશક્તિ એટલે જ્ઞાનશક્તિ છે. ભલે એ કર્મને અનુસરતું જ્ઞાન છે પણ એનામાં જ્ઞાનશક્તિ છે કે નહિ ? એ

જ્ઞાનશક્તિને સંભાળ તો તારી વિપરીતતા દૂર થઈ જશે.

શક્તિનો સદ્ભાવ માનીએ. જ્યાં શક્તિનો સ્વીકાર થયો. ઊંધા પરિણમનમાંથી પણ શક્તિનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પરિણમનની ઊંધાઈ, વિપર્યાસ બંધ થઈ જાય છે. આ એક શક્તિને ગ્રહણ કરતા પરિણામની વિપરીતતા છૂટે છે એની ખૂબી છે. એની Technique છે ખરેખર. અહીંથી પકડી લે તું, શક્તિને પકડી લે. જે પરિણામમાં વ્યક્ત શક્તિ છે ત્યાંથી શક્તિને પકડી લે. બીજું બધું ગૌણ કર તો એ શક્તિને સંભાળતાં... એ શક્તિનું આખુ પ્રકરણ ચાલે છે. અને જ્યારે એ શક્તિનો જ મહિમા ચાલે તો એના ઉપરથી આ બધું પછી આદ્યશક્તિ અને ફલાણી શક્તિ એમ ચાલી ગયું બધું. એમાંથી ચાલી ગયું આખું પ્રકરણ.

આ જે આ નવરાત્રી અને નોરતા અને આ બધું ચાલે છે ને ? શક્તિની ઉપાસના અને ફલાણું ને ઢીંકણું બધુ આમાંથી ચાલી ગયું છે. જ્યાંથી જ્યાંથી ભ્રાંતિ થઈ .... થઈ ચાલુ થઈ ગયું. ત્યાં એમ કહે ને કે ભાઈ ! આપણી ભારત માતા છે. તો એ ભારતમાતા એટલે મૂર્તિ બનાવો કે આ મૂર્તિનું નામ ભારતમાતા, ચાલો. આ સરસ્વતી માતા, આ એક એની મૂર્તિ બનાવો. એવું કાંઈ છે નહિ. એમ શક્તિ છે એ ... સ્ત્રિલિંગ એમ શબ્દનો તો એવો પ્રકાર છે અને બનાવી દીધી શક્તિ એને. ચાલો આ શક્તિ માતા. એવું કાંઈ છે નહિ. જગતમાં અણસમજણથી એ બધો પ્રવાહ ચાલે છે. ગૃહીત થઈ જાય છે પછી એમાંથી ચાલવા લાગે છે.

મુમુક્ષુ :- આ જે રાગ-દ્વેષ થાય છે એ ...નિજશક્તિ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાની ઊંધી શક્તિ તો છે. શક્તિ તો શક્તિ જ છે. શક્તિમાં ચોખ્ખા, વગર ચોખ્ખાનો પ્રશ્ન જ નથી. શક્તિ તો શક્તિ જ છે. એનું અવળું-સવળું પરિણમન ગૌણ કરીને શક્તિને પકડ. શક્તિને જ્યાં ગ્રહણ કરતાં, શક્તિને સંભાળતા પરિણમનમાં અવળાપણું દૂર થવું, સવળાપણું થવું એ બધું સહજ છે. કાંઈ કરવું પડતું નથી, ત્યાં કાંઈ કરવું પડતું નથી. જ્યાં પરિણામમાં ગડબડ છે ત્યાં કરવું પડતું નથી. અહીંયાં શક્તિને સંભાળવામાં જાય છે ત્યાં આપોઆપ બધું ઠીક થવા માંડે છે. એમ છે.

મુમુક્ષુ :- શક્તિ તો અરૂપી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બધી કલ્પના કરી છે. જેમ આ ભારતમાતાની કલ્પના કરે અને એક સ્ત્રી ચીતરે અને અથવા એની મૂર્તિ કરે કે ગમે તે કરે, તો કાંઈ એ દેશ છે આખો ? પણ એ કલ્પના કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પછી તો એમાં પાર ન રહે. પછી કલ્પનાઓ થવા માંડે પછી એમાં કાંઈ છેડો રહે નહિ. એ બધી એકલી ભ્રમણાઓ છે, બીજું કાંઈ નથી. એવું હોય છે કે કેટલાક દેવ, કેટલાક દેવીઓ એની પ્રકૃતિ છે અમુક જાતની. જેમ કે અહીંયાં કોઈની એવી તીવ્ર પ્રકૃતિ હોય કે બસ ! બીજાને મદદ કરવી... બીજાને મદદ કરવી... બીજાને મદદ કરવી. હવે એ પરિણામ તો શુભ છે. એમાંથી દેવ થાય. તો એને એ પ્રકૃતિ ત્યાં પણ ચાલુ રહે. જેને કોઈ પુણ્યયોગ હોય તો એનો વિકલ્પ ત્યાં મેળ ખાય. અહીંયાં પણ એવું છે. અહીંયાં એને ભલે આખી દુનિયાને દેવું હોય પણ જેને પુણ્યયોગ હોય એને જ એના વિકલ્પનો અને ભાવનાનો અનુકૂળતામાં મેળ ખાય. બધાને કાંઈ મેળ ન ખાય. બસ ! એવું થાય છે. એથી કાંઈ એ રીતે કાંઈ આખું ઐશ્વર્ય એમાં આવી જાય છે કે એ રીતે એને સર્વસ્વ માની લેવું, એ કાંઈ વસ્તુ નથી. એ કોઈ વસ્તુ નથી. એ તો મિથ્યાદૃષ્ટિ દેવો એવા હોય.

નહિતર ઘણા શું કહે છે કે ભાઈ ! આ જે શક્તિની વાત છે એ બરાબર છે. અમને શક્તિનો સાક્ષાત્કાર છે. ફલાણા દેવ-દેવી અમને હાજરાહજુર છે. આમ છે તેમ છે. એ બધું આવે છે પણ કો'ક કાંઈક આવું હોય છે. બાકી તો ધતીંગ એમાં પાછું દસ હજારગણું હોય છે. એક જગ્યાએ કાંઈક ઠીક હોય તો એથી દસ હજાર તો પાછા ધતીંગ ઊભા થાય છે. એટલે લોકોને તો જાજી છેતરામણ છે. પણ ક્યાંક એવું કાંઈક હોય તો પણ એનું કોઈ એવું મહત્ત્વ નથી. એ વિષયનું કોઈ મહત્ત્વ નથી.

મુમુક્ષુ :- ઉપયોગ શક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપની ઉપયોગ શક્તિ. મૂળ તો જ્ઞાન સાધન છે ને ? જ્યાં સ્વાનુભવનો હેતુ છે અને જ્યાં વિધિનો વિષય છે ....

'પંચાધ્યાયી'માં (ઉત્તરાર્ધમાં) જબરજસ્ત સિદ્ધાંત લીધો છે.

**प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः।**

**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तत्परमं पदम् ।।४०१।।**

માટે અહીંયાં અમે જ્ઞાનને પરમપદ કહીએ છીએ. આમ કીધું છે. સાધનના પ્રકરણમાં તો જ્ઞાનને અમે પરમપદ કહીએ છીએ. એટલે એકમાત્ર એને સ્થાન આપીએ છીએ. તું સાધનના ફાંફા મારવા જ્ઞાન સિવાય બીજે ક્યાંય જઈશ નહીં, એમ કહેવું છે. તને શક્તિ પણ જ્ઞાનમાંથી પકડાશે અને જ્ઞાન જ શક્તિને પકડશે. જ્ઞાન જ સાધન થશે. જ્ઞાન જ અનુભવનું કારણ છે અને જ્ઞાન જ ભેદજ્ઞાનનું કારણ છે. એટલે તો 'અમૃતચંદ્રાચાર્યે' શક્તિનું ૪૭ શક્તિનું પ્રકરણ લીધું. તો પણ પાછળ એક પદ રચ્યું કે આવી અનંત શક્તિથી આત્મા સારી રીતે ભરેલો છે. '**अनेकनिजशक्तिसुनिर्भरोऽपि**' સારી રીતે ભરેલો છે. '**ज्ञानमात्र**' તો પણ '**ज्ञानमात्रमयता न जहाति भावः**' (સમયસાર-૨૬૪ કળશ). જ્ઞાનમાત્ર ભાવને એ નથી છોડતો. સાધન તો એ જ છે, એમ કહે છે. ઉપાય-ઉપેયનું પ્રકરણ છે. જ્ઞાનમાત્રપણું છોડતો નથી. અનંત શક્તિ છે એ બધી ખબર છે પણ જ્ઞાનમાત્રપણું છોડતો નથી. એમ કરીને જ્ઞાનમાત્રથી પકડાવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાત્રમાં તો બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ શક્તિ લઈ લીધી ને ! જ્ઞાનમાત્ર કહેતા ઉપયોગશક્તિ. ઉપયોગશક્તિ કહેતા આખો આત્મા એના હાથમાં આવ્યો. અનંત શક્તિ આવી ગઈ. બીજી રીતે તો અનંત શક્તિનું કોઈ રીતે ગ્રહણ થતું નથી.

એ સ્વરૂપની એટલે આત્માની ઉપયોગશક્તિ કર્મમાં ગુપ્ત થઈ એટલે કર્મને અનુસરીને ખોવાઈ ગઈ. ગુપ્ત થઈ ગઈ એટલે ખોવાઈ ગઈ. જડતી નથી તો શું પણ ? શક્તિનો અભાવ માનીએ ? એક ચીજ ખોવાઈ ગઈ હોય, ઘરમાં જ હોય, જડતી ન હોય એટલે એનો કાંઈ નાશ માનીએ ? ખોવાઈ ગઈ છે પણ એનો કાંઈ નાશ માનતા નથી. ખોવાઈ ગઈ એટલે નાશ માનવો એ વાત ક્યાં રહી ? છોકરું ખોવાઈ જાય એટલે છોકરું નથી ? ખલાસ થઈ ગયું એમ માને છે ? ખોવાઈ ગઈ એનો અર્થ કે એની શોધ કરવી રહી. એની શોધ કરવી રહી. તો

એની હસ્તીને સ્વીકારીને શોધ કરવામાં આવે છે. એની નાસ્તિને સ્વીકારીને શોધ કરવામાં આવતી નથી. એ તો દૃષ્ટાંત આપ્યો છે.

**'જેમકે કોઈ પુત્ર ઘરમાં છે. બજારમાં કોઈએ પૂછ્યું, કે તમારે પુત્ર છે ? ત્યારે કહે છે કે, મારે પુત્ર છે. (બજારમાં સાથે ન હોવા છતાં) અભાવ કહેતો નથી.'** બજારમાં નીકળ્યા. ભાઈ ! તમારે દીકરો છે ? તો કહે, હા, છે ને. પણ સાથે નથી ને ? તો કહે, સાથે નથી એટલે નથી માનીએ ? એમ કહે છે. છે એ છે. શક્તિ એણે સંસારમાં લગાવી અને સંસાર વધાર્યો પણ એથી કાંઈ શક્તિનો અભાવ માનીએ ? એમ કહે છે. શક્તિ તો છે એની. અવળી કે સવળી પણ શક્તિ છે.

**'વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કરે.'** હોય એને ન હોય એમ ન બતાવે. આ તો સ્પષ્ટ પદ્ધતિ છે. વ્યવહાર એટલે Practical. **'(પણ હે) ચિદાનંદ ! તારું તો આશ્ચર્ય આવે છે...'** જગતમાં જગતના વ્યવહારમાં એવી મૂર્ખાઈ કરતો નથી કે છોકરો સાથે ન હોય તો નથી એમ (નથી કહેતો). અરે...! અમેરિકા ભણવા મોકલ્યો હોય તો કહે, છે મારે. શું કહે છે ? મારે દીકરો છે. અમે તો કોઈ 'દી જોતા નથી. તમારા ઘરે તો સો-પચાસ વાર આવ્યા. તમારા ઘરે દીકરો (જોય નહિ). ભાઈ ! અમેરિકા ભણવા મોકલ્યો છે. છે એનું ભાન એને ક્યા સમયે નથી ? ક્યા સમયે નથી ? ક્યા સમયે અભાવ માને છે ? અને એનું સ્મરણ કરે રોજ તો એ છે અને નહિતર એને નથી, એમ થઈ જાય કાંઈ ? એને એની સ્મૃતિમાં લાવે તો એ છે એમ રહે અને નહિતર એમ ક્યારેય થઈ જાય ? ભૂલાઈ જવાય છે કે નથી, એવું બને ? એ પ્રશ્ન રહેતો નથી.

જગતમાં **'વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કરે. (પણ હે) ચિદાનંદ ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શનજ્ઞાનશક્તિ છતી હોવા છતાં તેને (તેં) અણછતી કરી રાખી છે.'** આ તારું આશ્ચર્ય છે અમને. જગતમાં સામાન્ય બુદ્ધિવાળો પણ આવી ભૂલ કરતો નથી. ઘણા એમ કહે ને કે ભાઈ ! આ માણસને બહુ બુદ્ધિ નથી. બહુ ઓછી બુદ્ધિવાળો છે. તો પણ એ ક્યારેય એમ ભૂલ કરે છે કે મારે શરીર નથી. શરીર સંભારું તો મારું શરીર છે. એવું છે એને ? મારે કુટુંબ પરિવાર જે છે એમાં એને બધાને સંભારી રાખું તો છે, નહિતર નથી, એવું કાંઈ

છે? જે છે એને તો એ સંયોગમાં હોય કે વિયોગમાં હોય, છે એનું છે પણું એના પરિણામમાંથી જતું નથી.

અહીંયાં તો જ્ઞાનદર્શનશક્તિ છતી એટલે પ્રગટ છે, કામ કરી રહી છે. તારી જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ કામ કરી રહી છે, પ્રગટપણે કામ કરી રહી છે. ભલે અસ્થાનમાં કામ કરી રહી છે પણ શક્તિ છે તો શક્તિનું કાર્ય છે ને ? કાર્ય છે એ શું બતાવે છે ? એ શક્તિને બતાવે છે. શક્તિ વિના કાર્ય છે ? શક્તિ વિના તો કાર્ય હોઈ શકે નહિ. અગ્નિમાં દઝાડવાની શક્તિ છે. એ તો ભલે અગ્નિ અગ્નિરૂપે અગ્નિનો આકાર ગમે તે હોય એથી શું થયું ? પણ દઝાડવાની એનામાં શક્તિ છે. એમાં આવા રંગની જાળ હોય તો એ દઝાડે અને નહિતર ન દઝાડે, એવું કાંઈ છે ? દીવાસળીની અગ્નિ દઝાડે અને બીજી અગ્નિ ન દઝાડે એવું છે ? એનામાં દઝાડવાની શક્તિ છે. શક્તિ છે એ તો શક્તિ છે, છે ને છે.

એમ જ્ઞાનદર્શનશક્તિ પ્રગટપણે હોવા છતાં તેં એને નહિ હોવાના સ્થાનમાં અણછતી એટલે નથી એવી રીતે તું ચાલ્યો છો. વળી અનેક જગ્યાએ જઈને તું પૂછે છો કે મને જ્ઞાન આપો. જ્ઞાનની માગણી કરે છે કે મને તમે જ્ઞાન આપો. જ્ઞાનશક્તિ તો તારામાં છે. આપવાનો પ્રશ્ન રહેતો નથી. ક્યાંય બહારથી કોઈ જ્ઞાન આપે ? શક્તિ તો એનામાં છે.

**'જેવી રીતે લોટનજડીને (બિલાડીના ટોપને) દેખી બિલાડી લોટવા લાગી જાય છે તેવી રીતે મોહથી સંસારભ્રમણ છે.'** બસ ! લ્યો. સંસારનો સંક્ષેપ કરી નાખ્યો અહીંયાં. જીવને સંસાર કવી રીતે છે ? એનો એક લીટીમાં ઉપાદાન અને નિમિત્તથી બેયથી વાત પૂરી કરી નાખી. નિમિત્તનું ઉદાહરણ આપ્યું છે કે જેમ બિલાડી, બિલાડીના ટોપને જુએ અને આળોટવા માંડે છે. ચોમાસામાં થાય છે ને ? બિલાડીના ટોપ. ઉકરડામાં થાય છે. બિલાડી એને જોઈને આળોટે છે. એટલે એ ટોપનું વનસ્પતિનું નામ લોટનજડી પાડ્યું છે.

**'જેવી રીતે લોટનજડીને દેખીને બિલાડી લોટવા લાગી જાય છે તેવી રીતે મોહથી સંસારભ્રમણ છે.'** તેવી રીતે બહારની વિધવિધતા, પુદ્‌ગલની અનેક પ્રકારની પર્યાયો દેખીને જીવ પણ ભ્રાંતિથી લોટવા લાગે છે. આ મને ઠીક છે, આ બહુ સારું છે, આ ખરાબ છે, આ આવું છે અને આ તેવું છે. અનેક જાતના ફંદ કરવા લાગે છે. બસ ! આ જ

એનું સંસારભ્રમણ છે, આ એનો સંસાર અહીંથી, મૂળમાં અહીંથી થઈને વિસ્તર્યો છે. આટલું જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. મોહથી એટલે ભ્રાંતિથી ઈષ્ટ-અનિષ્ટપણું કરે છે, બીજું કાંઈ નથી. વસ્તુ સામે ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. કોઈ ચીજ એવી ઈષ્ટ નથી, કોઈ ચીજ એવી અનિષ્ટ નથી. છતાં એને ભ્રાંતિગતપણે એવું દેખાય છે. એ એના સંસારને ઊભો કરે છે.

એ 'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'માં લીધું છે ને ? કલ્પનાથી સંસાર છે. જ્યાં એનો વિકલ્પ છે એ ખલાસ થયો, 'વિલય થતાં નહિ વાર.' 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.' અહીંયાં 'મોહ' શબ્દ વાપર્યો છે. મોહથી સંસારભ્રમણ છે. મોહથી વિકલ્પ ઊપજ્યો કે આ ઠીક છે. મોહથી વિકલ્પ ઊપજ્યો કે આ મને ઠીક નથી. બસ ! આખો સમસ્ત સંસાર આની અંદર આવી ગયો. જ્યાં એ દર્શનમોહ ગયો કે એનો સંસાર વિલય પામ્યો. ખલાસ ! એને સંસારમાં કોઈ ઈષ્ટ પણ નથી અને સંસારમાં-જગતમાં એને કોઈ અનિષ્ટ પણ નથી.

**'તેવી રીતે મોહથી સંસારભ્રમણ છે. ત્યાંથી યથાર્થ રીતે (ભલી રીતે, સમ્યક્ રીતે) સ્વરૂપમાં આવે તો ત્રિલોકનું રાજ્ય પામે.'** આવી રીતે ઈષ્ટ-અનિષ્ટપણું મફતનો કર્યા કરે તો દુઃખી... દુઃખી... દુઃખી... થઈને જન્મ-મરણ કરીને ચાર ગતિમાં ભમે. જો ત્યાંથી ભલી રીતે સારી રીતે યથાર્થ પ્રકારે સ્વરૂપમાં આવે, જે જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ છે એમાં આવે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહે તો એ ત્રિલોકનું રાજ્ય પામે. ત્રણ લોકનો નાથ થાય. પોતે ત્રિલોકપદને પામે.

**'સ્વરૂપમાં આવે તો ત્રિલોકનું રાજ્ય પામે.'** ત્રણ લોકમાં એને કોઈની નીચે આવવાનું રહેતું નથી. ત્રણ લોક એની આણ નીચે છે. આણ એટલે એની આજ્ઞા નીચે-એના જ્ઞાન નીચે છે. આજ્ઞા. આજ્ઞા. જ્ઞાનની મર્યાદામાં રહેવું તેનું નામ આજ્ઞા. આજ્ઞાનો ખરો અર્થ એમ છે. આ એટલે મર્યાદા. જ્ઞા એટલે જ્ઞાન. જ્ઞાનની મર્યાદામાં. જેના જ્ઞાનની મર્યાદામાં ત્રણ કાળ, ત્રણ લોક છે તેને ત્રણ લોકનો નાથ કહેવામાં આવ્યા છે. એમ છે ખરેખર.

આજ્ઞા એટલે હુકમ કરે, રાગ કરે અને સંસાર ચલાવે અને કોઈને ફટકારે અને કોઈને રાજી કરે અને કોઈને આમ કરે એનું નામ ત્રણ

લોકનું રાજ નથી, એનું નામ આજ્ઞા નથી. આ લોકો ઈશ્વરની કલ્પના કરે છે ને. ફલાણાને સજા કરી, ફલાણાને એના કર્મોનું ફળ હતું એ ભોગવરાવ્યું. આને સુખ ભોગવવા આપ્યું, આને દુઃખ ભોગવવા આપ્યું. એ જગતની અંદર ક્યાંય વસ્તુ નથી.

**'યથાર્થ રીતે (ભલી રીતે, સમ્યક્ પ્રકારે) સ્વરૂપમાં આવે તો ત્રિલોકનું રાજ્ય પામે. તે તો દુર્લભ નથી.'** સ્વરૂપમાં આવવું એ કાંઈ દુર્લભ નથી. અનંતા જીવો, અનંતા જીવો. અબજો નહિ, અબજો નહિ, અનંતા જીવો એ રીતે સ્વરૂપ પ્રાપ્તિ કરી ગયા. બજારમાં દુકાન માંડે છે તો વિચાર કરે છે જુઓ ! આને લાખો થઈ ગયા, આ કરોડો કમાઈ ગયો. આમ કર્યું. પોતે કેટલી હોંશથી માંડે છે ! અહીંયાં અનંતા જીવો મોક્ષપદને પામ્યા છે. તારે નિરાશ થવાની જરૂર નથી. તારી જ જાતના. તારી પાસે જેટલી શક્તિની સંપત્તિ છે, એટલી જ શક્તિની સંપત્તિ એ જીવોની પાસે છે. કોઈને વધારે છે, વધારે હતી માટે એનું કામ થયું અને તારી પાસે સાધન કે સંપત્તિની ખોટ છે માટે ન થાય, એ વસ્તુસ્થિતિ નથી. બહુ ખુલ્લી વાત છે એકદમ. પોતાને પોતાનું કામ કરવાનો ઉત્સાહ, ભાવના એ આવવું જોઈએ. બાકી સાધન-સંપત્તિની કોઈ ખોટ નથી. **'તે તો દુર્લભ નથી.'**

**'જેવી રીતે પુરુષ પશુનો સ્વાંગ ધરે તો (કાંઈ) પશુ ન થાય (પણ) પુરુષ જ રહે.'** આ કોઈ નાટકમાં એને (કહે) કે બળદ બની જાવ. મહોરુ પહેરી લ્યો. આ તમે વાંદરાનું મોહરું પહેરો. વાંદરો બની જાવ. બધી ચેષ્ટા વાંદરાની જેવી કરો. તો તેથી કાંઈ માણસ મટીને વાંદરો થતો નથી. **'જેવી રીતે પુરુષ પશુનો સ્વાંગ ધરે તો (કાંઈ) પશુ ન થાય (પણ) પુરુષ જ રહે. તેવી રીતે આત્મા ચોરાશીના સ્વાંગ ધરે તોપણ તે ચિદાનંદ જ છે.'** ચોરાશી લાખ યોનીમાં ઊપજી ઊપજીને અનેક પ્રકારે એણે દેહ ધારણ કર્યા તો પણ અંદરનું ચૈતન્યરત્ન તો જેવું છે તેવું છે. ડાબલી બધી બદલાણી. અંદરનું રતન બદલાણું નથી. અનેક આકારની, અનેક રંગની અનેક પ્રકારની ડાબલી છે. દેહ તો ડાબલી જેવી ચીજ છે. ચૈતન્ય તો અંદર જેવું છે તેવું જ છે.

મુમુક્ષુ :- દાખલો તો બરાબર બેસે છે પણ આ ચિદાનંદનું બેસતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ન બેસે તો ક્યાં અટકે છે એ તપાસ કરવી જોઈએ. ઉદયમાં અટકે છે. ડાબલીને જ હીરો માન્યો છે. શરીરને આત્મા માન્યો છે. આ તકલીફ છે. એના ઉપર ફૂટનોટમાં એક પદ 'જ્ઞાનદર્પણ'નું લીધું છે. '**તેવી રીતે આત્મા ચોરાશીનો સ્વાંગ ધરે તોપણ તે ચિદાનંદ જ છે.**'

**જૈસે નર કોઉ વેશ પશુ કે અનેક ધરે,**
**પશુ નહીં હોય રહૈ યથાવત નર હૈ.**
**તેસૈં જીવ ચાર ગતિ સ્વાંગ ધરૈ,**
**ચિરહીકૌ તજૈ નાહીં એક નિજ ચેતનાકૌ ભર હૈ.**
**ઐસી પરતીતિ કિયે પાઈયે પરમપદ,**
**હોઈ ચિદાનંદ શિવરમણીકો વર હૈ,**
**સાસતૌ સુથિર જહાં સુખકૌ વિલાસ કરે,**
**જામૈં પ્રતિભાસૈ જે તે ભાવ ચરાચર હૈ.**

'જ્ઞાનદર્પણ' એમની પોતાની જ રચના છે. પદની રચના છે. એમાં એમણે આ વાતી લીધી છે. જેમ કોઈ મનુષ્ય છે તે પશુનો વેશ ધારણ કરે તો પણ એ પશુ થઈ જતો નથી. યથાવત્ એટલે જેવો હતો તેવો ને તેવો જ મનુષ્યપણે એ છે. તેવી રીતે જીવ ચાર ગતિના સ્વાંગ ધારણ કરે. ચાર ગતિની પર્યાયે પરિણમતો હોવા છતાં '**નિજ ચેતના કો ભર હૈ.**' છતાં એ પોતાના ચિર હી-ત્રિકાળ સ્વભાવને ત્યજે નહિ, છોડે નહિ. એક ચેતનાનો જે ત્રિકાળ સ્વભાવ એ એવો ને એવો રહે છે. સ્વભાવમાં કોઈ ફેર પડતો નથી. આવા સ્વભાવનું વજ, સ્વભાવના હોવાપણાનું વજન એના પરિણામ ઉપર આવે તો એણે સ્વભાવને સ્વીકાર્યો છે એમ કહેવામાં આવે.

સ્વભાવ આવો છે એમ જાણે. જાણપણામાં એમ જાણવાનું મળે પણ પરિણામ ઉપરથી ઉદયનું વજન ફરે નહિ અને સ્વભાવનું વજન આવે નહિ, તો ઓલું જાણપણું એને કાંઈ કામ કરતું નથી. જે ચીજ ભર ભારે છે એનો ભાર તો એના પરિણામ ઉપર આવવો જોઈએ. અથવા એનું નામ જ સ્વીકાર છે. નહિતર એનું નામ સ્વીકાર કહેવાતું નથી. બુદ્ધિગમ્ય થઈને હા પાડે તો એને સ્વીકાર ન કહ્યો. એનું વજન તો રહ્યું ને ? જે વજનદાર ચીજ છે એનું વજન નથી રહ્યું. તો એનો

સ્વીકાર એણે કર્યો નથી.

**'ઐસી પરતીતિ કિયે પાઈયે પરમપદ,...'** એવી ચેતનાથી ભરપૂર તત્ત્વ છે, એની પ્રતીતિ કરતાં પરમપદ પમાય છે. અને એ શિવરમણી એટલે મોક્ષને, એ ચિદાનંદ થઈને મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષદશાને એ પામે છે કે જ્યાં એ શાશ્વતપણે સ્થિર રહીને સુખનો વિલાસ કરે છે. એ મોક્ષપદમાં તો શાશ્વત સ્થિર રહી **'જહાં સુખકો વિલાસ કરે.'** જે મોક્ષપદમાં તો પછી સદાય રહે છે અને એકાંત પરમસુખને ભોગવે છે. **'જામૈં પ્રતિભાસૈ જે તે ભાવ ચરાચર હૈ.'** અને દુનિયાના જેટલા સચરાચર પદાર્થોના ભાવ પરિણામ, સ્વભાવ (છે) એ બધું એમાં એના જ્ઞાનમાં પ્રતિભાસે છે. કેવળજ્ઞાન પણ થાય છે અને પરમસુખ પણ થાય છે. એ વાત લીધી છે.

આત્માને પ્રાપ્ત કરે છે, એ મોક્ષમાર્ગને પામે છે એમ કહીને કોઈ જ્ઞાનીઓ ટકતા નથી. મોક્ષ પામે છે એમ વાત સાથે સાથે લઈ લે છે. પંચમ કાળ છે અને અહીંથી કોઈ મોક્ષ જાતું નથી એ વાત ગૌણ કરી નાખે છે. આ પંચમ કાળ છે અને અત્યારે અહીંથી કોઈ મોક્ષ જાતું નથી એ વાતની કહેનારને ખબર છે, તોપણ એ વાતને ગૌણ કરવામાં આવે છે. વારંવાર ગૌણ કરવામાં આવે છે.

અહીંયાં આત્મા જેણે સંભાળ્યો, મોક્ષમાર્ગમાં આવ્યો. બસ, મોક્ષને પામી જવાનો છે. પોતાની પૂર્ણતાની ભાવના છે ને ! એટલે ઓલી બધુ વસ્તુ, વસ્તુપણે ખ્યાલ હોવા છતાં પણ ગૌણ રહી જાય છે. આની મુખ્યતા થાય છે. એમ જ થાય એ તો. નહિતર ખબર જ છે. પણ હવે એ કાળ-બાળનું કાંઈ નહિ એને. કાળ ઉપર એનું વજન જાતું નથી. એવો પણ આગ્રહ નથી કે આ ભવમાં નથી થતો એનું શું ? કાંઈ નહિ. બહુ બહુ તો ઠીક હવે, આયુષ્ય પૂરતો ભવ છે ને એનો. આત્મામાં ક્યાં આયુષ્ય છે અને આત્માને ક્યાં ભવ છે ? એ તો પોતાને સળંગ જ જોવે છે. વચમાં જન્મ-મરણના ઉત્પાદ-વ્યયને જોતો નથી. જન્મ-મરણ રહિત ચીજ સળંગ એમ ને એમ જુએ છે.

મુમુક્ષુ :- અનુભવમાં તો સળંગ આવે છે એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અખંડ આવે છે એટલે અખંડ જ જોવે છે. એની અખંડતાને જ એ જોવે છે, ખંડખંડપણું જોતા નથી.

મુમુક્ષુ :- 'બહેનશ્રી'એ કાળનું માપ કાઢી નાખ્યું. તીર્થંકર છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- સામે જ જુએ છે પછી તો. સામે જ જુએ છે ને ! જે ભાવિમાં ભગવાન થવાના છે એને અત્યારે જુએ છે, આ મારા ભગવાન રહ્યા. એને ભગવાન સ્વરૂપે (જોવે છે). નૈગમનય એવી રીતે કામ કરે છે. જ્ઞાનનો નય સીધો જ કામ કરે છે. એમાં કાળ નીકળી જાય છે. જેમ અત્યારે આ પંચમકાળ નીકળી જાય છે. મોક્ષ થઈ જશે એમ કહી દે છે. જ્યાં વાત કરે છે ત્યાં મોક્ષ થઈ જશે, એ વાત આવી જાય છે. વાત વાતમાં મોક્ષની વાત આવે છે. અહીંયાં આમ જુએ છે કે આ થઈ ગયા, થઈ ગયા. આમ થઈ ગયા એમ જ જુએ છે.

મુમુક્ષુ :- ધર્મ જ્યોત જ્ઞાની એટલે !

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો પ્રકાર છે.

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ છે એટલે પૂર્ણતા ઉપર જ દૃષ્ટિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતાને દૂર જોતા નથી. ક્ષેત્રથી, કાળથી એનું દૂરવર્તીપણું છે એ નીકળી જાય છે. ભાવનાને વશે એ ટૂંકાંઈ જાય છે, વચ્ચેથી નીકળી જાય છે.

'**ચિદાનંદપણું દુર્લભ નથી.**' એમ કહેવું છે. એ ચિદાનંદપણું તો પોતાનું સ્વરૂપ છે. સ્વરૂપ છે, પોતાનું સ્વરૂપ છે એને દુર્લભ કેમ માનવું ? એમ કહે છે. જે પોતાના કબજામાં છે, પોતાનું સ્વરૂપ હોવાથી પોતાના કબજામાં છે. કોઈ બીજાના કબજામાં નથી કે એને છોડાવવું પડે. એટલે એ વસ્તુ કાંઈ દુર્લભ નથી.

'**જેવી રીતે કોઈ કાષ્ટની પુતળીને સાચી સ્ત્રી માનીને તેને બોલાવે, ચાહ કરે, તેની સેવા કરે, પછી જાણે કે (આ તો) કાષ્ટની છે.**' પહેલા જ્યારે એની ચાહના કરે છે ત્યારે એને કાષ્ટની છે એ ખબર નથી. સાચી માનીને ચેષ્ટા કરે પણ જ્યારે ખબર પડે કે આ તો કાષ્ટની છે '**ત્યારે પસતાય, તેવી રીતે (આ આત્મા) જડની સેવા કરે છે.**' જડમાં સુખ છે એમ માનીને જડ સંયોગોની ચાહના કરે છે કે આ જડ સંયોગો મને સુખ આપશે, મને અનુકૂળતાઓ આપશે.

જ્યાં સુખનું નામનિશાન નથી, ગંધમાત્ર નથી ત્યાં સુખની ભ્રાંતિથી સાચું સુખ માનીને એની ચાહના કરે અને એ બધી પ્રવૃત્તિમાં જીવ લાગેલો રહે છે. એ જેમ કાષ્ટની પુતળી જાણીને પોતે છેતરાણો છે

એમ માનીને '**પસતાય છે તેવી રીતે (આ આત્મા) જડની સેવા કરે છે, અજ્ઞાની થયો થકો જડમાં સુખ કલ્પે છે.**' અજ્ઞાની થઈને જડમાં સુખની કલ્પના કરે છે. જ્યારે જ્ઞાની થાય ત્યારે એ જૂઠી માન્યતાને છોડે. સુખની ભ્રાંતિ થઈ છે કે અહીંયાં સુખ છે, અહીંયાં સુખ છે, એવી જે સુખની ભ્રાંતિ છે એ ભ્રાંતિ જેની છૂટી તે જ્ઞાની અને ભ્રાંતિમાં રહ્યો તે અજ્ઞાની. બસ, ચોખ્ખે ચોખ્ખી આટલી જ વાત છે.

જેણે જડની કોઈપણ પર્યાયમાં જડથી સુખ માન્યું કે જડથી દુઃખ માન્યુ તે ભ્રાંતિમાં રહ્યો અને તે અહીંયાં અજ્ઞાની ઠર્યો, બીજું કાંઈ નથી. કેમ કે વસ્તુ સ્થિતિએ, વસ્તુ સ્વરૂપે ત્યાં સુખેય નથી અને વસ્તુસ્વરૂપે ત્યાં દુઃખેય નથી. કોઈ જડમાં સુખ-દુઃખ નથી. 'ગુરુદેવ' એ કહેતા કે રૂપિયામાં સુખ છે એમ માણસ કહે છે તો એના એક એક રજકણને એના કટકા કરી કરીને એમાં તું તારા સુખને શોધ. તને ક્યાંય સુખ દેખાય છે ? એમાં ક્યાંય સુખ દેખાતું નથી.

'**જડની સેવા કરે છે, અજ્ઞાની થયો થકો જડમાં સુખ કલ્પે છે. જ્ઞાની થાય ત્યારે જૂઠી માન્યતા છોડે.**' જડમાં સુખ હોવાની જૂઠી માન્યતા છોડે. જ્યારે એને ચૈતન્યમાં રહેલું ચૈતન્યાત્મક સુખ જ્ઞાનમાં આવે-જ્ઞાનમાં આવે એટલે અનુભવમાં આવે ત્યારે એની ભ્રાંતિ છૂટે. સાચું સુખ અનુભવગોચર થાય તો એને સુખની કલ્પનામાં ખોટું સુખ શું હતું એનું જ્ઞાન એને થાય. ત્યાં સુધી એને સુખનું જ્ઞાન થતું નથી. અહીં સુધી રાખીએ.

જ્ઞાન જ્ઞાનને વેદી રહ્યું છે, સ્વભાવ પૂર્ણ અંતર્મુખતાનો છે. તેથી પરવેદનના અધ્યાસથી મુક્ત થઈ જીવે નિજજ્ઞાન વેદન દ્વારા સ્વભાવને અવલોકવાનો છે, 'માત્ર નિજાવલોકન' આટલું જ કરવાનું છે. (અનુભવસંજીવની - ૧૬૬૫)

**તા. ૩-૧૧-૧૯૮૫, પાના નં.૧૯, ૨૦ પ્રવચન નં. ૫૧**

'**જેવી રીતે મૃગ ઝાંઝવામાં જળ માને છે, તેવી રીતે આ (જીવ) પરમાં પોતાને માને છે.**' ભ્રમથી, અજ્ઞાનથી જેમ ઝાંઝવાના જળમાં જળની-પાણીની ભ્રાંતિ થાય છે. બહુ ગરમી પડે ત્યારે, ખાસ કરીને આ ખાર જેવા ભાલના પ્રદેશોમાં પાણીની અછત હોય છે, વનસ્પતિ પણ બહુ ઓછી દેખાય, એવો સૂકો રણ જેવો પ્રદેશ હોય, પાણીનો એક છાંટો ન હોય પણ ગરમીને લીધે દેખાવ એવો થાય કે પાણીનું સરોવર ભરેલું છે. તૃષાતુર મૃગ છે એ ત્યાં પાણી પીવા માટે દોડે છે. માઈલોના માઈલો દોડી દોડીને થાકી જાય, તૃષાથી મરી જાય પણ એનાથી મળતું નથી. પાણી ન હોય ત્યાં પાણીની કલ્પના કરે. એવો દેખાવ થવાથી તેથી કાંઈ પાણી મળે અને તૃષા છીપે એવું બનતું નથી.

એ દૃષ્ટાંતે '**તેવી રીતે આ (જીવ) પરમાં પોતાને માને છે.**' અથવા આ જીવ પરમાં પોતાનું સુખ માને છે. બેય એક વાત છે. જડ પદાર્થમાં પોતાનું સુખ માનવું કે જડ પદાર્થમાં પોતાનું સ્વરૂપ અસ્તિત્વ માનવું, બંને એક વાત છે. અથવા કોઈએક પ્રકારના ભાવમાં બંને ભાવ છે. તે તદ્દન જૂઠ છે એમ કહેશે. જેવું ઝાંઝવાના જળમાં પાણી નથી, છતાં પાણીનો દેખાવ એ જૂઠો દેખાવ છે. એમ રંચમાત્ર જ્યાં સુખ નથી અથવા કોઈ જડ પદાર્થમાં, કોઈ પર પદાર્થમાં ચેતન કે અચેતન એવા બીજા પદાર્થમાં પોતાનું હોવાપણું દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી કોઈપણ પ્રકારે હોઈ શકતું નથી, થઈ શકતું નથી. છતાં માને છે.

શરીરનું કાર્ય મેં કર્યું, હાથ-પગ મેં ચલાવ્યા, ચાલવાની ક્રિયા મેં કરી, બોલવાનું કાર્ય મેં કર્યું. અનેક પ્રકારના જગતના કાર્યો હું કરું છું, એ બધું પરમાં પોતાને માનવાપણું છે. જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં પોતે શું કરી શકે ? જ્યાં પોતાની હયાતી નથી ત્યાં પોતે શું કરે ? પોતાના કાર્યની મર્યાદા તો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં સમાપ્ત

થાય છે-પૂરી થાય છે. ત્યાંથી આગળ કોઈ પોતાની કાર્યક્ષેત્રની મર્યાદા નથી. કાર્ય કરી શકે એ પરિસ્થિતિ વસ્તુસ્થિતિ નથી.

છતાં '**આ જીવ પરમાં પોતાને માને છે. તેથી સાચા જ્ઞાનથી...**' સાચા જ્ઞાનથી એટલે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર વસ્તુને જાણે. સાચા જ્ઞાનથી સ્વ-પર પદાર્થને જેવા છે તેવા જાણે ત્યારે જ ભ્રમ મટે. ત્યારે એની વિપરીત માન્યતા મટે અને ત્યારે ભ્રમ મટે. પહેલી વાત ઊંધી માન્યતા-વિપરીત માન્યતા છોડવાની છે. એ પહેલાં નિજ હિતના કાર્યમાં એક પણ ડગલું જીવ ભરી શકે તે કોઈ રીતે બની શકવા યોગ્ય નથી. ચાહે તે ક્રિયા કરે, ચાહે તેને માને પણ પોતાનું સ્વરૂપ જેવું છે એવું ન માને, ત્યાં સુધી માન્યતાની જે ભૂલ છે એ ન સુધરે અને બીજું કોઈ આત્માના હિતરૂપ કાર્ય થાય, હિતમાં કાંઈપણ કાર્ય થાય એ હિતની દિશામાં એક કદમ પણ આગળ ભરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ એમ કહે કે અમે આમ માનીએ છીએ અને તેમ માનીએ છીએ. ગમે તે માને. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી માંડીને કોઈપણ પ્રકારે (માનતા હોય), દરેકને પોતાની માન્યતા તો સાચી જ લાગે છે ને ? ભલે સંપ્રદાય પ્રમાણે જેવું જે કાંઈ માને છે, પોતાની માન્યતા તો પોતાને ઠીક જ લાગે છે, સાચી લાગે છે ત્યારે તો માને છે. કોઈ રીતે આત્માનું હિત થાય એવું જરા પણ એમાં બની શકે એવું નથી. કોઈ દુર્ધર તપ તપીને એમ માને છે કે અમે આ કલ્યાણ કરીએ છીએ. કોઈ લોકો યોગના પ્રયોગ કરીને જમીનમાં દટાય છે. શું કરો છો ? કહે, સમાધિ લગાવીએ છીએ. દિવસો સુધી જમીનમાં દટાઈ રહે છે કે નહિ ? આહાર, નિહાર, પાણી, નિંદ્રા કાંઈ નહિ. એ તો જાહેરમાં પ્રયોગો થાય છે. ગમે તે પ્રકાર હો.

સાચા જ્ઞાનથી વસ્તુને જાણ્યા વિના કોઈપણ પ્રકારે પોતા સંબંધી ઉત્પન્ન થયેલો અનાદિનો ભ્રમ મટતો નથી અને ત્યાં સુધી આત્માનું હિત થાય, આત્માને નિરાકુળ સુખ થાહ, આત્માને ધર્મ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. '**તેથી સાચા જ્ઞાનથી વસ્તુને જાણે ત્યારે જ ભ્રમ મટે.**' 'ટોડરમલજી' તો એવી વાત લ્યે છે ને કે જૈનધર્મમાં તો

એવી આમ્નાય છે કે... આમ્નાય છે એટલે ભગવાનની આજ્ઞાને અહીંયાં આમ્નાય કહેવી છે. આમ્નાય શબ્દ જ્યાં વાપરે છે ત્યાં એ ભાવ કહેવા માગે છે. ભગવાનની આવી આજ્ઞા છે. જે રુઢિ અને રિવાજ અને પદ્ધતિ થઈ ગઈ એને ભગવાનની આજ્ઞામાં ખપાવે અથવા ગમે ત્યારે ગૃહીત માન્યતા જેવા ફેરફાર કરીને એને પણ જૈનધર્મની આમ્નાય સંપ્રદાયના રિવાજને માને એ કોઈ ધર્મ આમ્નાય નથી. આમ્નાય એટલે ભગવાનની આજ્ઞા.

જૈનધર્મમાં તો જિનેશ્વરદેવની એવી આમ્નાય છે કે પ્રથમ તો તત્ત્વજ્ઞાનની સમજણ દ્વારા સાચી માન્યતા કરે અને ખોટી માન્યતાને મટાડે. જૂઠી માન્યતાને-મિથ્યા માન્યતાને મટાડે અને એ રીતે માન્યતા સાચી થાય ત્યારે એને ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન પ્રગટ થાય. પછી પોતાના પરિણામની શક્તિ અનુસાર સ્વભાવમાં સ્થિર રહી શકે એવી જે શક્તિ અને શુભાશુભ પરિણામમાં પણ પોતાના પરિણામમાં જેટલી શક્તિ હોય એ પ્રમાણે અશુભને બંધ કરે. અને વ્રતાદિ અથવા પ્રતિજ્ઞાને ધારણ કરે. પણ તે શક્તિ અનુસાર, હઠ અનુસાર નહિ. પક્કડ કરવી હઠથી અને પરિણામ બગડે તો ભલે બગડે, પણ આ તો ન લેવું એટલે ન જ લેવું, એ પ્રકાર જૈનદર્શનની આમ્નાયમાં નથી. એવી રીતે વાત કરી છે.

મોક્ષમાર્ગની અંતર-બાહ્ય પરિસ્થિતિ જે રીતે અનાદિથી સનાતન ધર્મમાં છે એ રીતે, સનાતન ધર્મમાં એટલે દિગંબર નામ તો હવે પડ્યું, પણ સનાતન ધર્મમાં છે એ રીતે સ્વીકારવી જોઈએ. દિગંબરમાં તો અત્યારે કેટલાક ગોટાળા પણ ઘણા કર્યા છે. એ કોઈ જિનેશ્વર ભગવાનની આજ્ઞા નથી.

મુમુક્ષુ :- પૂર્વ કર્મના ઉદય અનુસાર કાર્ય કરતા હોય અને પોતાની હાજરી હોય અને પોતે કાર્ય કર્યું એમ માનવું એ મુશ્કેલી ઊભી કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે કરી શકે છે ? પણ પહેલી વાત તો એ છે કે જડના કાર્યો આ આત્મા કરી શકે છે ? આત્માનું કાર્ય તો આત્માના ભાવરૂપ પરિણામ થાય એટલી મર્યાદામાં પૂરું થયું. આત્મા ભાવ કરે. જડપદાર્થમાં ચેતનપદાર્થનું અસ્તિત્વ નથી. કોઈપણ જડ રજકણમાં, શરીરના એક રજકણમાં આત્માનું અસ્તિત્વ નથી. તો એ કાર્ય એ કરી

શકતો નથી. કર્યું નથી, કરી શકતો પણ નથી અને કર્યું પણ નથી. એને કર્યું એમ માનવું એ તો જૂઠ છે, એ કાંઈ સાચું નથી. વસ્તુના સાચા જ્ઞાન અનુસાર-જેવી વસ્તુ છે એવું એનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે-સત્ય જ્ઞાન છે. એ અનુસાર માનવું, એ અનુસાર જાણવું. એથી આઘુપાછું જાણે એને જૂઠ, અન્યથા, મિથ્યા કહેવામાં આવે છે.

પોતાની હાજરી હોય એટલે શું ? હાજરી તો આખા જગતમાં છએ પદાર્થોની છે. અનંતા પદાર્થોની બધાની (છે). હાજરી કોની નથી ? ક્યારે કોની હાજરી નથી ? કયો પદાર્થ પોતાની હાજરી વિનાનો છે ? પોતાની હાજરી છે એટલે કરે છે, એમ ? કરવાનો રાગ કરે. તો બસ, એટલું કાર્ય એણે કર્યું. કોઈ બીજા પદાર્થના કાર્ય કરવાનો જીવ રાગ કરે, પણ કાર્ય તો ન જ કરી શકે.

આત્મા આહાર લેવાનો રાગ કરી શકે. આહાર લઈ શકે છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. જેણે લઈ શકે છે એમ માન્યું એણે લેવાનું અભિમાન કર્યું અને છોડવાનું પછી એણે અભિમાન કર્યું કે આ હું લેતો હતો હવે છોડું છું. બેય તકલીફવાળી વાત છે. બેયમાં મિથ્યાત્વને દૃઢ કરે છે. ધર્મ તો કરવો એક બાજુ રહ્યો પણ અધર્મને દૃઢ કરી જાય છે. આ તકલીફ છે.

માર્ગ સૂક્ષ્મ છે. એટલું તો ખ્યાલમાં રાખવું જરૂરી છે કે આ માર્ગ સૂક્ષ્મ છે. પછી એ ક્રિયામાર્ગે જાય તો પણ એને પોતાના સૂક્ષ્મ સ્વભાવ અને પોતાના સૂક્ષ્મ પરિણામોની મર્યાદા સમજવી જ રહી અને જ્ઞાનમાર્ગે જાય તો પણ એને સૂક્ષ્મ ભાવોની, પરિણામોની મર્યાદા સમજવી રહી. ગમે તે માર્ગે જાય. કાં તો ક્રિયામાર્ગે ચડે છે, કાં જ્ઞાનમાર્ગે ચડે છે.

જ્ઞાનમાર્ગે ચડે એટલે શું ? શાસ્ત્રોનું જ્ઞાન જાણપણું (કરી) અનેક રીતે તત્ત્વનો અભ્યાસ કરે છે. જે તે પ્રકારે. ત્યાં પણ એને જ્ઞાન, જ્ઞાન છે અને રાગ નથી અને રાગ છે તે જ્ઞાન નથી. એ વાત તો એને સમજવી જ રહી. અને જ્ઞાનમાં પણ અનુભવજ્ઞાન તે જ્ઞાન છે અને જાણપણું જ્ઞાન-પરલક્ષીજ્ઞાન તે જ્ઞાન નથી, શાસ્ત્રનું ભણતર તે જ્ઞાન નથી, પંડિતાય અને વિદ્વતા તે જ્ઞાન નથી, એ વાત પણ એણે પોતે પોતાના માટે સમજવી જ રહી. એ તફાવત એ ન સમજી શકે તો

અજ્ઞાનને જ્ઞાન માને. ક્રિયાવાદી જેમ જડને ચેતન માને છે, એમ જ્ઞાનવાદી અજ્ઞાનને જ્ઞાન માને. બેમાં શું ફેર ? કે બેમાં કાંઈ ફેર રહેતો નથી. બેય એકસરખી ભૂલ કરે છે. એક જ વર્ગની ભૂલ કરે છે. બીજા વર્ગની કોઈ ભૂલ કરે છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- ...સંસ્કાર છે, અનાદિથી ચાલુ છે એને ... કેમ કરવી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતાના સ્વરૂપને અવલોકવાથી છૂટે. પોતાની મર્યાદા અનુભવથી નક્કી કરે કે મારા ભાવ સુધીની મારી મર્યાદા છે કે શરીરાદિ પરપદાર્થના કાર્ય કરવામાં પણ મારી મર્યાદા છે ? ક્યાં સુધીની મારી મર્યાદા છે ? અનુભવથી નક્કી કરે. આહાર લીધો એ તારા હાથની વાત એમ તેં માન્યું હોય તો પચાવવું, નહિ પચાવવું તે તારા હાથની વાત ખરી કે નહિ ? બરાબર છે ? કેટલું લોહી બનાવવું ? સપ્ત ધાતુમાં વહેંચણી થાય છે ને ? એ તારા હાથની વાત ખરી કે નહિ ? એક રજકણની તારા હાથની વાત નથી. આ તો સમજાય એવું છે કે નહિ ?

જે વિજાતીય પદાર્થ છે, ચૈતન્યથી વિરુદ્ધ જાતિનો જડ પદાર્થ છે એની માલિકી કરવા જા કે એના કાર્ય હું કરું છું. એને તું પરાધીન કરીને એના કાર્ય કરવા જા, તો જડ જેવા તારા પરિણામ થશે, પણ છતાં એ કાર્ય કરી નહિ શકે. તારા આધીનપણે તે પદાર્થો પરિણમશે નહિ. છતાં પરિણમવાનો આગ્રહ તને હશે તો આકુળતા સિવાય બીજું કાંઈ નહિ થાય. એ કાર્ય કરવાની આકુળતા અને દુઃખ સિવાય એમાંથી બીજું કાંઈ થાવાનું નથી. આ બહુ સ્પષ્ટ વાત છે.

જેમ ઝાંઝવાના જળમાં જળ માને છે, તેમ આ જીવ ભ્રાંતિથી પરમાં પોતાને માને છે. '**તેથી સાચા જ્ઞાનથી વસ્તુને જાણે ત્યારે જ ભ્રમ મટે.**' જ્યારે જેવું વસ્તુનું સ્વરૂપ સ્વચતુષ્ટયથી છે, તેવું જ સ્વ-પર ચતુષ્ટયથી વસ્તુના સ્વરૂપને જાણે ત્યારે તેનો ભ્રમ મટે. '**શ્રીગુરુ વારંવાર સારભૂત એવો સાચો ઉપદેશ કહે છે.**' શ્રીગુરુ, જ્ઞાનીગુરુ, વિરક્ત ગુરુ તો... વિરક્ત ગુરુ લીધા છે. 'સમયસાર'માં વિરક્ત ગુરુ (કહ્યું છે). ગુરુને એવું વિશેષણ વાપર્યું છે કે જે રાગથી ભિન્ન પડ્યા છે, રાગથી અંદરમાં જુદાં પડ્યા છે, ભિન્ન જ્ઞાનમય આત્માને અનુભવે છે. ભિન્ન જ્ઞાનમય એવા પોતાના નિજ સ્વરૂપને રાગથી જુદા પડીને અનુભવે છે.

એને વિરક્ત ગુરુ કહેવામાં આવે છે.

વિરક્ત ગુરુ દ્વારા નિરંતર સમજાવવામાં આવતાં. શું સમજે છે ? કે મુઠ્ઠીમાં રાખેલું સોનું ખોવાઈ ગયું એવું માનતો હતો. એ જેમ એને સમજાય છે કે મારું સોનું મારી મુઠ્ઠીમાં છે, તેમ મારો આત્મા મારા સ્વરૂપમાં છે. મારા સ્વરૂપથી બહાર મારો આત્મા ક્યાંય નથી. એ સમજાય છે.

**'શ્રીગુરુ વારંવાર સારભૂત એવો સાચો ઉપદેશ કહે છે. પોતે પણ જાણે છે.'** જાણે છે એટલે સમજે છે. સમજવાનો ક્ષયોપશમ હોવાથી એ સમજી શકે છે અને સમજે છે. **'(છતાં) અવિદ્યાનું એવું આવરણ છે કે તે વડે જૂઠને સાચ માની રહ્યો છે.'** શું કહે છે ? કે જાણે છે છતાં અવિદ્યા એટલે અજ્ઞાન-જે પરમાં સ્વપણું માનવાનું અનાદિનું અજ્ઞાન છે, એ એટલું બધું દૃઢ કર્યું છે કે તેના વડે તે જૂઠને સાચ માની રહ્યો છે. અચેતનમાં ચેતનપણું માની રહ્યો છે.

આ ભાષા. ભાષા શબ્દવર્ગણાનો પર્યાય છે. સ્વયં ઉત્પન્ન થાય છે. શબ્દવર્ગણના પરમાણુઓ ભાષારૂપે સ્વયં પરિણમે છે. તેમાં આત્માનું કાંઈ અસ્તિત્વ નથી. કોઈ હસ્તક્ષેપ થઈ શકે એવું નથી. છતાં હું બોલ્યો અને મારો શબ્દ ક્યાંય ફરે એવું નથી. એવો હું બોલ્યો એમાં આગ્રહ થઈ જાય છે. તું છો ક્યાં ? તારા પરિણામમાં તારી મર્યાદા સમાપ્ત થાય છે. તારા સ્વભાવ અને તારા પરિણામમાં (તારી મર્યાદા સમાપ્ત થાય છે).

ઉત્પાદવ્યયધ્રુવ યુક્તમં સત્. 'ઉમાસ્વામી'નું સૂત્ર છે ને ? જે સત્ નામ હોવારૂપ પદાર્થ છ, જગતનો કોઈપણ હોવારૂપ પદાર્થ છે જેને સત્ કહેવામાં આવે છે, તે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં (હોય છે). ઉત્પાદવ્યયધ્રુવમાં સત્ નામ એના અસ્તિત્વની મર્યાદા સમાપ્ત થાય છે. ત્યાંથી આગળ કોઈ પદાર્થનું અસ્તિત્વ છે નહિ. જો એક પદાર્થ બીજા પદાર્થનું કાર્ય છે અથવા હું શરીરાદિ બીજા સંયોગોનું કાર્ય કરું છું (એમ જે માને છે), એણે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ ન માન્યું. એ સૂત્રને એ સ્વીકારતો નથી. એમ છે ખરેખર. શું કહે છે ?

આવું સમજમાં આવે છે છતાં પણ પ્રતીતિ થતી નથી, એમ કહે છે. જ્યાં સુધી એની પ્રતીતિ આવતી નથી ત્યાં સુધી તે જૂઠને સાચ

માની રહ્યો છે. જાણવા છતાં માન્યતામાં ફેર નથી પડતો, એમ કહે છે. જે ઊંધુ માનીને પકડી રાખ્યું છે એને તો માન્યતાનો ફેર થવાનો પ્રશ્ન નથી. એનું તો જાણપણું પણ ખોટું અને એનું માનવું પણ ખોટું. પણ એક એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે કે માન્યતા વિરુદ્ધ, પોતાની ઊલટી માન્યતા વિરુદ્ધ જે સત્ સાહિત્ય છે, એ દ્વારા એને સાચું પદાર્થનું સ્વરૂપ જાણવા મળે છે તો પણ જ્યાં સુધી તેની પ્રતીતિ થતી નથી ત્યાં સુધી તેને અવિદ્યાનું ઘણું આવરણ છે. અજ્ઞાનનું ઘણું આવરણ છે. ભાવઆવરણ, હોં ! અને તેથી તે એની માન્યતામાં ફેર કરતો નથી. જૂઠને જ હજી સાચું માની રહ્યો છે.

વિચારથી અને વિકલ્પથી અને વાણીથી હા કહે કે આત્મા જુદો છે. મન-વચન-કાયાથી ચૈતન્યપદાર્થ આત્મા જુદો છે. જુદો છે એને જુદો સાબિત કરવા માટે બહુ જરૂર પડતી નથી. કેમ કે એક કાળે એ જુદો થઈ જાય છે. Physically પણ જુદો પડી જાય છે કે નહિ ? જ્યારે આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે લોકો એમ કહે છે કે ભઈ ! અહીંયાં બધું પડ્યું રહ્યું હવે. આ આત્મા ક્યાંક ચાલ્યો ગયો છે. હવે અહીંયાં આ આત્મા નથી. જે આત્મા સાથે આપણે વ્યવહાર કરતા હતા એ આત્મા હવે અહીંયાં નથી અને તેથી હવે કોઈપણ પ્રકારનો પૂર્વવત્ વ્યવહાર થઈ શકવા યોગ્ય નથી. આ તો એક એવું ખુલ્લું ઉઘાડું સત્ય છે કે જીવ જડ-ચેતનની આત્મા અને શરીરની ભિન્નતા સ્વીકારે કે ન સ્વીકારે, એને સ્વીકારે છૂટકો છે અહીં તો.

'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ' કરી એમાં દલીલ કરી છે. અમે તો ઘણા કાર્યો શરીરના કરીએ છીએ. જડ-ચેતનની ભિન્નતા અમને તો લાગતી નથી. પણ હવે અહીંયાં શું છે ? ભિન્ન હોત નહિ તો ક્યાંથી જુદા પડી ગયા ? અભિન્ન હોત તો સદાય અભિન્ન રહેત. જુદા પડે છે એ એમ બતાવે છે કે જુદા હતા. તત્ત્વથી તો એ જુદા હતા. સંયોગે ભલે સાથે હતા. પણ તત્ત્વથી જુદા હતા તો જુદા થયા. જુદા ન હોત તો જુદા થવાનો પ્રશ્ન રહેતો નથી. આ તો જીવને મંજૂર ન થાય એવી પરિસ્થિતિ પણ એને મંજૂર કરવી પડે છે કે નહિ ?

દેહ અને આત્મા જુદા થાય એ એની માન્યતા નહિ હોવાથી જુદા થાય એ એને પસંદ નથી. ભલે એની સામે ગમે તેટલો બળવો કરે.

દવાઓ લાવે, ડૉક્ટરો લાવે, પૈસાઓ ખર્ચે અને બધાય ના પાડે કે ભાઈ ! આ ઉંમર નથી જુદો પડવાની. ઠીક ! નાની ઉંમરમાં જુદા પડે તો કાંઈ ઉંમર છે ? એમ કહે. કોઈ રીતે આ તો ન થવું જોઈએ. હજી ઘણી જરૂર છે, આ ભાઈની હજી અહીંયાં હજી ઘણી જરૂર છે. સોએ સો કામ બાકી છે એમના. સો શું હજાર બાકી હોય તો પણ એ જુદા છે તે જુદા રહેવાના છે, એ કદી ભેગા થવાના નથી.

જ્ઞાનીઓને મૃત્યુનું દુઃખ નથી. મૃત્યુનું એટલે આયુષ્ય પૂર્ણ થાય ત્યારે દેહ અને આત્મા જુદા પડે એવો પ્રસંગ આવે છે એનું જ્ઞાનીઓને દુઃખ નથી થતું. કેમ કે એની માન્યતા ફરી ગઈ છે. એને તો જ્યારે સંયોગમાં છે ત્યારે ખબર છે કે આ બે એક નથી. બે એક નથી, જુદા છે અને જુદા જ રહે છે. સંયોગદૃષ્ટિએ નજીક ગણાય છે પણ તત્ત્વથી તો જુદા જ એને નજરમાં છે. જેની તત્ત્વની દૃષ્ટિ છે એને તો જુદા છે. તો એને જો મૃત્યુ પ્રસંગનું પણ દુઃખ નથી તો બીજા પ્રસંગનું એને શું દુઃખ થાય ? કે એ પ્રશ્ન રહેતો નથી.

દુઃખ તો માન્યતાનું છે.ઊંધી માન્યતા છે એ અનુસાર વસ્તુસ્થિતિ બહારમાં રહેતી નથી, થતી નથી એટલે એનું અત્યંત દુઃખ થઈ આવે છે. તેથી '**શ્રીગુરુ વારંવાર સારભૂત...**' સારભૂત એટલે સુખ થાય એવો. કલ્યાણ થાય '**એવો સાચો ઉપદેશ કહે છે. પોતે પણ જાણે છે.**' એટલે હા પાડે છે. '**(છતાં) અવિદ્યાનું એવું આવરણ છે કે તે વડે જૂઠને સાચ માની રહ્યો છે.**' એટલે જાણે ત્યારે એની માન્યતા ફરે ત્યાં સુધી એને એ દિશાની અંદર આગળ વધવું જોઈએ. એકલું જાણપણું થાય તેથી કોઈ કાર્યસિદ્ધિ નથી. આ જાણી લીધું માટે જ્ઞાન થયું એવું નથી. પ્રતીતિ સહિત જાણવું થાય ત્યારે શ્રદ્ધાન-જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે અને શ્રદ્ધાન-જ્ઞાન થાય ત્યારે આચરણ ઊભું થાય છે. ત્યાં સુધી આચરણની કોઈ ભૂમિકા ઊભી થતી નથી.

'**ત્રણ જગ્યાએથી વાંકી એવી દોરડીમાં સર્પ ત્રિકાલ નથી.**' ત્રણ જગ્યાએથી વાંકી વળેલી દોરડી રસ્તા ઉપર પડી હોય (એ) સર્પાકારે દેખાય. એમાં એક બાજુના છેડે ગાંઠ વાળેલી હોય. બીજી બાજુનો છેડો ઘસાઈને પાતળો થયો હોય. અંધારામાં એને અંધારું એટલે આછુપાતળુ અંજવાળુ હોય, આછુપાતળુ અંધારું હોય ત્યારે એન એમ લાગે કે કાંઈક

સર્પ પડ્યો લાગે છે. સર્પ જેવો દેખાવ છે માટે ત્યાં સર્પ થઈ જાય ખરો ? કે, ત્રણે કાળે નથી. તે દોરડીમાં ભૂતકાળમાં સર્પ નહોતો, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ હોય, એવી નક્કર હકીકત છે.

**'ત્રણ જગ્યાએથી વાંકી એવી દોરડીમાં સર્પ ત્રિકાલ નથી. તેવી રીતે બ્રહ્મમાં અવિદ્યા નથી.'** આમ છે. તારું સ્વરૂપ જો. ત્રિકાળ બ્રહ્મસ્વરૂપ એવો તું આત્મા-પ્રજ્ઞાબ્રહ્મ એમાં અવિદ્યા નથી. એમાં ભ્રાંતિ નથી. 'શરીર મારામાં છે અને શરીરમાં હું છું' એવી ભ્રાંતિ આત્માના પરમબ્રહ્મ સ્વરૂપમાં નથી. ત્રણે કાળે નથી, એમ કહે છે. કેવી સીધી માન્યતાનો શ્રદ્ધાનો વિષય છે ! એને સીધી વાત લઈ લે છે.

બ્રહ્મમાં-જ્ઞાનમય આત્મામાં શરીર તો નથી પણ જ્ઞાનમય આત્મામાં અજ્ઞાન નથી, એમ અહીંયાં કહે છે. અવિદ્યા નથી એટલે અજ્ઞાન નથી. વિદ્યા એટલે જ્ઞાન. અહીંયાં સત્યજ્ઞાનને વિદ્યા કહે છે. શાસ્ત્રમાં વિદ્યા સત્યજ્ઞાનને કહે છે. આ નિશાળના ભણતરની વિદ્યાની વાત નથી. જે સત્યનું સત્ય સ્વરૂપ જે જાણવું છે, સત્યનું જ્ઞાન છે તે સત્યવિદ્યા છે, અધ્યાત્મ વિદ્યા છે. જેમાં પોતાનો સ્વરૂપનો આધાર લઈને પવિત્ર પરિણામ થાય, નિર્દોષ પરિણામ થાય એ અધ્યાત્મવિદ્યા છે. અને એથી ઊંધું છે તે અવિદ્યા (છે). અજ્ઞાન છે તે અવિદ્યા છે. હવે સીધી વાત લે છે.

જેમ દોરડીમાં સર્પ માનવામાં આવે છે તે જૂઠ છે. એ જૂઠને સાપ માનીને ભય પામે છે. દોરડીમાં સાપ જાણે ત્યારે એને ભય થાય છે કે આ સર્પ કાંઈક કરડશે તો ? કરડશે તો મારો નાશ થઈ જશે. પોતાના નાશને કલ્પે છે. એ સર્પ જોવે છે કે પોતાનો નાશ જોવે છે ? કે ખરેખર તો પોતાનો નાશ જોવે છે. ભ્રમણામાં પોતાનો નાશ જોવે છે. એમ બ્રહ્મસ્વરૂપ આત્મા, ચૈતન્યબ્રહ્મ આત્મા એની અંદર બીજી કલ્પના કરવી એ પોતાનો નાશ જોવાનો (થાય છે), એ પોતાના અભાવને જોવે છે. પોતાના સદ્‌ભાવને જોતો નથી પણ સ્વરૂપમાં સ્વરૂપના સદ્‌ભાવને જોવાને બદલે સ્વરૂપમાં પોતાનો અભાવ કલ્પે છે અને પોતાના ભાવમરણ, મરણતુલ્ય (દુ:ખમાં) રાચે છે. તે તે પ્રસંગોમાં જ્ઞાનીઓ ભાવમરણ જુએ છે. એનું જ ભાવમરણ જુએ છે.

'શ્રીમદ્‌જી'એ તો સોળમા વર્ષે આ વાત લખી છે.

**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?**
**શું કુટુંબ ને પરિવાર વધતાં વધવાપણું એ નવ ગ્રહો.**
**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.**

એમાં એ વાત લીધી. '**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?**' ભયંકર ભાવમરણ લીધું છે. એમના જ્ઞાનમાં કેટલું એ દુઃખ (ભાસ્યું છે !) ઊંધી માન્યતાનું ભાવમરણ જેવું ભયંકર દુઃખ છે એ કેવું સ્પષ્ટ આવ્યું છે !!

'**તેવી રીતે બ્રહ્મમાં અવિદ્યા નથી. જે સંપૂર્ણ સમુદ્રના જળથી ધોવા છતાં દેહ તો અપાવન જ છે. તેને (એવા દેહને) પાવન માની રહ્યો છે,...**' શરીરની પવિત્રતા અને સ્વચ્છતાને એ પવિત્રતા માની રહ્યો છે. કહે છે કે આખા સમુદ્રના જળથી તું એને સાફ કરે તો પણ એ અપવિત્ર છે. એ સ્વભાવથી અપવિત્ર છે. એ ક્યારેય પવિત્ર થાય એવું નથી. પંડિત 'ભૂધરદાસ પાર્શ્વપુરાણ'માંથી એનો ફૂટનોટના એક પરસ્પર સંબંધ આપ્યો છે.

**દેહ અપાવન અથિર ધિનાવન યામૈં સાર ન કોઈ,**
**સાગર કે જલતૈ શુચિ કીજે તો ભી શુદ્ધ ન હોઈ.**

દેહ અપાવન છે-અપવિત્ર છે, અસ્થિર છે અને ઘૃણા થાય એવો છે. લોહી, કફ, માંસ, મળ એ બધા પદાર્થો (એની અંદર રહેલા છે). 'ગુરુદેવ' તો કહેતા ને ? કે આ ઉપરની ચામડીથી તને શરીર રૂપાળું લાગે છે પણ એક છોલ ઉતારે એટલું જરાક ઉતારીને જો. સીધા અંદરથી પાણીના બીંદુ જામવા લાગશે. કેવું પાણી છે ? કે ઘૃણા ઉત્પન્ન થાય એવું અંદરથી સીધું પાણી નીકળવા માંડશે. એક છોલ ઉતરે એટલી વાર છે. એવું ઘૃણાસ્પદ છે.

જેમાં તું અત્યંત મમત્વ કરે છો, મારાપણું કરે છો એમાં કોઈ સારભૂત તત્ત્વ છે નહિ. એને સાફસૂફ રાખવા માટે આખા સમુદ્રના જળથી એને તું ધોવા બેસ તો પણ તે અપવિત્ર અને અપવિત્ર જ રહેશે, એમાં શુદ્ધતા થાય એવું નથી. બહારમાં શુદ્ધ દેખાય ત્યારે પણ એ અશુદ્ધ જ છે. નાહીને બહાર નીકળે એ ભેગી માખી ઉપર આવીને બેસે છે. હજુ તો સાબુની સુગંધ ગઈ નથી. એ તો સુગંધ ઉપરની છે અંદર તો જે દુર્ગંધ ભરી છે એ ભરી જ છે. તેને-દેહને પાવન માની

રહ્યો છે. કામની ચીજ માની રહ્યો છે અથવા એને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે.

**'એવું ધીઠપણું પકડ્યું છે.'** એ માન્યતાને ઘણી મજબૂતાઈથી પકડી છે એને અહીંયાં ધીઠપણું કહેવામાં આવે છે. જે વાત મૂકી શકાતી નથી એવી પક્કડમાં રહે છે ત્યારે એને ધીઠપણું કહેવામાં આવે છે. નુકસાનકારક હોવા છતાં, દુઃખદાયક હોવા છતાં જે માન્યતા દુર્ગતિનું અને જન્મ-મરણના પરિભ્રમણનું કારણ હોવા છતાં, એ ભાવથી જડને પકડે છે તો જડની પાછળ એનું પરિભ્રમણ ચાલુ રહે છે. જેમ વિકલ્પનું ભાવનું પરિભ્રમણ ચાલુ રહે છે. પછી દ્રવ્યે જન્મ-મરણ અને એનું આવાગમનનું પરિભ્રમણ ચાલુ રહે છે.

સિદ્ધ ભગવાન દ્રવ્યે અને ભાવે બેય રીતે સ્થિર થઈ ગયા, એક પ્રકારે નહિ. સ્વરૂપના પરમાનંદમાં સ્થિર થયા. પરમબ્રહ્મમાં આનંદબ્રહ્મમાં સ્થિર થયા અને આવાગમન મટી ગયું એટલે સિદ્ધાલયમાં સ્થિર થયા. ત્યાંથી પછી સ્થાનથી પણ કોઈ ફેરફાર થવાનું રહેતું નથી. અહીંયાં ભાવે ભ્રમણ કરે છે. ઉપયોગ ભમે છે, વિકલ્પ ભમે છે તો પછી દ્રવ્યે પણ એનું ભ્રમણ આપોઆપ કુદરતી ઊભું થાય છે.

એ પરમાં, જડમાં પોતાપણાની માન્યતા છે એ માન્યતાનું ઘણું મજબૂતપણું છે. સાચું જાણે તો પણ એકદમ પ્રતીતિ ન બદલાય ત્યાં સુધી એ બાજુનું એની માન્યતાની પક્કડ છૂટતી નથી. માન્યતાની પક્કડ છૂટ્યા પછી પણ એની અસ્થિરતાની, આસક્તિની પક્કડ પણ છૂટતાં સમય લાગે છે. કોઈ તો અતર્મૂહૂર્તમાં છોડે છે અને કોઈને લાખો-કરોડો વર્ષ જાય છે. લાખો-કરોડો શું અબજો વર્ષ જાય છે. જાય ને ? સ્વર્ગમાં જાય છે. અસ્થિરતાની આસક્તિ રહે છે. સાગરોપમના આયુષ્ય છે. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ છે. એક પલ્યોપમના અસંખ્યાત્મા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ છે. એક પલ્યોપમનો અસંખ્યમો ભાગ લ્યો, અબજમો નહિ અને એ અસંખ્યના ભાગમાં અસંખ્ય અબજ વર્ષ છે. એક અબજ, બે અબજ નહિ અસંખ્ય. અબજ, અબજ નહિ અસંખ્ય અબજ વર્ષ છે. ચોથું ગુણસ્થાન કાઢે તો અબજોના અબજો વર્ષ કાઢે. અસ્થિરતા નથી છૂટતી.

ભગવાન 'ઋષભદેવ' ભગવાન છે ને ? ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય લઈને આવ્યા હતા. ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થ અને રાજ્ય અવસ્થામાં છે. એક લાખ પૂર્વ છે બાકીના અરિહંત પદને. વચ્ચેનો કાળ મુનિપણાનો બહુ લાંબો નથી. બહુ ટૂંકો કાળ છે. અમુક મહિનાઓનો જ છે, વર્ષોનો હોય છે પણ એ બહુ ટૂંકા વર્ષો છે. ગણતરીમાં આંગળીને વેઢે ગણાય એટલા હોય છે. એટલે એને નહિવત્ ગણે છે. ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ અવસ્થામાં, એક લાખ પૂર્વ અરિહંત અવસ્થામાં (જાય છે). તો જ્ઞાન થયા પછી આસક્તિ-અસ્થિરતાની આસક્તિ છોડવામાં તીર્થંકર જેવા મહાપુરુષને આટલો સમય (લાગે છે).

એટલે 'શ્રીમદ્જી' લખે છે કે તીર્થંકર જેવા પુરુષને પણ જે અસ્થિર કાર્યની પ્રવૃત્તિ કરતાં અસ્થિરતા રહે છે. એ અસ્થિર કાર્યોની પ્રવૃત્તિ કરતાં કરતાં પણ તું તારું કલ્યાણ થઈ જશે એમ માનીશ (તો) ભ્રમણામાં રહી જઈશ. પ્રમાદ ન થાય એના ઉપર એટલું બધું જોર દીધું છે.

મુમુક્ષુ :- આયુષ્યને કારણે એક લાખ પૂર્વ (રહે છે) ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક લાખ (પૂર્વ) અરિહંત અવસ્થામાં (રહે છે). આયુષ્ય એટલું બાકી છે. તેરમે ગુણસ્થાને અરિહંત અવસ્થામાં રહે છે. અને દિવસમાં ચાર પ્રહર સુધી એમની વાણી ચાર વખત છૂટે છે. દર છ કલાકે એકવાર વાણી છૂટે. બંધ ગમે ત્યારે થઈ જાય. કારણ કે એ સ્વયં ઉત્પન્ન થાય છે અને સ્વયં બંધ થાય છે. છ કલાકે પાછી ફરીને શરૂ થઈ જાય. દિવસમાં ચાર વખત. ૨૪ પ્રહરનો દિવસ છે ને ? દર છ કલાકે દિવસમાં ચાર વખત વાણી છૂટવાનો યોગ હોય છે. પોતે તો ધ્યાનસ્થ અવસ્થામાં હોય છે. એમને ઉપદેશ આપું એવો વિકલ્પ નથી, એવો રાગ નથી. વીતરાગ છે ને ? વીતરાગને રાગ હોતો નથી.

સ્વયં વાણી, ૐકાર નાદ એમના અસ્તિત્વના નિમિત્તે વાતાવરણમાં ઊભો થાય છે અને સમવસરણમાં રહેલા જીવો ભગવાનની વાણી સાંભળવા શાંત થઈને ત્યાં પછી બીજી પ્રવૃત્તિ બંધ થઈ જાય છે. વાણી બંધ થાય ત્યારે બીજી પ્રવૃત્તિ ચાલુ થાય. વાતચીતની, આવવાની, જવાની. પરસ્પર ચર્ચાઓ કરે. એમાં પણ ધર્મી હોય ને ? ચોથા ગુણસ્થાનવાળા, પાંચમા ગુણસ્થાનવાળા (હોય),

મુનિરાજો હોય, મુનિઓ હોય. ચર્ચા કરે. તિર્યંચો આવ્યા હોય. મોટા મોટા સર્પ આવે, અજગરો આવે. એ બધા પોતપોતાની ભાષામાં, પોતપોતાના ભાવમાં બરાબર સ્પષ્ટપણે સમજે છે.

છદ્મસ્થની વાણીમાં જેટલી સ્પષ્ટતા થાય એને કરતાં અત્યંત... અત્યંત... અનેકગણી એ સ્પષ્ટતા ખાલી ૐકાર ધ્વનિની અંદર થાય છે. એક લાખ પૂર્વ સુધી આ ચાલે છે. આ 'સીમંધર' ભગવાનનું ચાલે જ છે ને. એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. કેટલું ? એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. ચોરાશી લાખ પૂર્વ તો જાય છે ગૃહસ્થ અવસ્થામાં. બાકીના બધા પૂર્વ જશે અરિહંત અવસ્થામાં. આવતી ચોવીશીમાં તેરમા તીર્થંકર વખતે નિર્વાણ પામશે. 'મુનિસુવ્રતનાથ' ભગવાનથી એમનો અરિહંત પદનો ઉદય છે. ઉદય છે. ત્યારે તેરમા ગુણસ્થાનમાં આવ્યા છે. અહીંયાં ૨૦મા તીર્થંકર હતા ત્યારે. 'રામચંદ્રજી'ના વખતમાં.

**'એવું ધીઠપણું પકડ્યું છે.'** એટલે ઊંધા સંસ્કારનું બળવાનપણું છે. **'બળજોરથી ઠીકરીને રૂપિયામાં ચલાવે તો ન ચાલે.'** ગોળ ઠીકરી ઘસાઈને આ નદીમાં થઈ જાય છે ? ઠીકરું હોય ને એ ઘસાઈ ઘસાઈને ગોળ રૂપિયા જેવડું થઈ ગયું હોય. એને કોઈ એમ કહે કે આ મારો રૂપિયો ચાંદીનો. કેમ તમે ન લ્યો ? તમે કેમ રૂપિયાની ના પાડો છો ? ભાઈ ! એ ઠીકરી રૂપિયામાં નહિ ચાલે. એમ તું દેહને આત્મા બનાવવા જાઈશ (તો) કોઈ રીતે તારી બળજોરી ચાલશે નહિ. ચાલે ?

(અજ્ઞાનીને ભાવમાં તો) ઘણું શરીર છોડવું નથી. ગમે એટલા ધમપછાડા કરે, એક ક્ષણ માત્રમાં ફૂ... થઈને છૂટી જાય. એમાં ચાલે કાંઈ ? કોઈ બળજોરીથી એમાં કાર્ય ચાલતું નથી. એક રજકણમાં ન ચાલે. બળજોરીથી ઠીકરીને રૂપિયામાં ચલાવે તો ન ચાલે. **'પોતાની ભૂલ ન છોડે તો ખલકમાં (સંસારમાં) પોતાની હાંસી પોતે કરાવે.'** છે. ઊંધી માન્યતાની ભૂલ ન છોડે તો હાંસી થાય એવા સ્થાનમાં ઊપજે. ઢેઢગરોળાની કૂંખે જાય, મીંદડાની કૂંખે જાય. સામાન્ય બહુ પાપ ન કરે તો. 'ગુરુદેવ' કહે ને, વાણિયા છે. વાણિયા દારૂ, માંસ એવું ન લે. વેપાર ધંધામાં આખો દિવસ રચ્યા પચ્યા રહે, માયા, કપટના, જૂઠના પરિણામ થાય (એટલે) તિર્યંચમાં જાય. મોટાભાગે તિર્યંચમાં જાય.

**'પોતાની ભૂલ ન છોડ તો સંસારમાં પોતાની હાંસી કરાવે.**

**જુઓ ! અનંત જ્ઞાનનો ધણી (સ્વવસ્તુને) ભૂલી દુઃખ પામે છે.'** પોતાના મહાન પદને ભૂલીને, પોતાના પરમેશ્વરપદને ભૂલીને પોતે જ દુઃખ પામે છે અને પોતે જ પોતાની હાંસી થાય એવા પદમાં જાય છે. આ શરીર છે એ બધા બંદીખાના છે. જુદા જુદા વર્ગની જેલ છે. અજ્ઞાનપણે જીવ એ જેલની પ્રીતિ કરે છે. આ જેલ બહુ સારી, હોં ! આ જેલ બહુ સારી, લ્યો. આ Firstclass જેલ છે, એમ કહે. સારી કે નહિ ? ભાઈ ! જેલ એકેય સારી નથી. પછી તું દેવલોકમાં જા કે કૂતરા, મીંદડામાં જા, બધી જેલ જ છે. એ બધે એવું કરે છે. એમ નથી મનુષ્યમાં જાય ત્યારે જ એ મનુષ્યદેહની પક્કડ કરે છે, એમ નથી. વિષ્ટાનો કીડો થાય તો પણ ત્યાંથી એને નીકળવું નથી. અહીંયાં જેવું ક્યાંય હખ નથી. પણ તને ફૂલની સુગંધ ઉપર મૂકી દઈએ. તો કહે, મને ત્યાં ન ફાવે. મને ફાવે નહિ ત્યાં, એને એમ કહે. કેમ કે અહીંયાં ફાવી ગયું છે એટલે બીજે ફાવતું નથી. આ સ્થિતિ છે. ગામમાં રહેતો હોય તો કહે, મને પ્લોટમાં ન ફાવે. પ્લોટમાં રહેતો હોય તો કહે, મને ગામમાં ન ફાવે. આમ જ્યાં રહે ત્યાં એને આવું ફાવી જાય છે. છે કે નહિ ? આ તો એક સામાન્ય માનસિક પરિસ્થિતિમાં આ પરિસ્થિતિ ઊભી થાય છે કે નથી થતી ? બસ, એવું છે જીવને.

મુમુક્ષુ :- પર્યાયબુદ્ધિની પક્કડ ..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયબુદ્ધિની પક્કડ છે. પર્યાયબુદ્ધિમાં સંયોગબુદ્ધિ થઈ જાય છે. એટલે જેવી પર્યાય અને જેવા સંયોગમાં એ રહે, બસ ! એને એથી બીજી રીતે કાંઈ ફાવતું નથી. પણ કહે છે કે ભાઈ ! તું નિરાળો, તું જુદો અને આ બધું જુદું. એમાં ફાવવા ન ફાવવાનો પ્રશ્ન તને ઊપસ્થિત કેમ થાય છે ? આ અમને સમજાતું નથી.

મુમુક્ષુ :- શું વિચારવું ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને જુદો વિચારવો, જુદો જાણવો જોઈએ. તેથી તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' એ પદ લીધુ છે – '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જેટલા અનંતા સિદ્ધ થયા તે બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. કોણ રખડ્યા ? કે ભેદવિજ્ઞાનનો અભાવ જેને રહ્યો તે બધા રખડ્યા. બીજું કાંઈ ન લીધું. આ એક ચાવી– Master key છે.

**'હાંસી થતાં માણસ શરમિંદો થાય, ફરીથી હાંસીનું કામ ન કરે.'** પરંતુ **'આ જીવની અનાદિકાળથી જગતમાં હાંસી થઈ રહી છે છતાં લાજ ધરતો નથી, ફરી ફરી એની એ જ જુઠી રીતને ગ્રહે છે.'** રાગ અને શરીરમાં હુંપણાની પક્કડ છે. તેને કારણે એને એના ફળમાં પરિભ્રમણ થાય છે. એ પરિભ્રમણમાં એવા એવા ભવમાં જાય છે કે એની હાંસી થાય એવા ભવમાં જાય છે. કોઈને પોતાની હાંસી થાય, નિંદા થાય, મશ્કરી થાય, હલકાઈ થાય એવો પ્રસંગ પસંદ નથી.

દરેકને અત્યંત અત્યંત મુખ્યતા મળે એવું જ પસંદ પડે છે. જેને લોકો લૌકિક ભાષામાં માન કહે છે. ભાઈ ! માન, સન્માન મળે એટલે બસ ! ત્યાં સુધી કે ભલે બીજું કાંઈ ન મળે તો કાંઈ નહિ પણ માન-સન્માન તો મળે છે. 'ગુરુદેવ'શ્રી કહેતા કે ભાઈ ! એ માનમાં ને માનમાં તું ખોવાઈ ગયો પણ તને કેવા કેવા ભવ થયા છે એની ખબર નથી. મૂળામાં મફતમાં વેચાણો છો. મ... મ... મ.. ત્રણે 'મ' લીધા.

શાક લેવા જાય. પહેલાના જમાનામાં એવું હતું એટલે એ કહેવત પડી છે. શાક શેર-બશેર લે. સાથે છોકરાને લઈ જાય. શાકવાળાને કહે એ... આને એક મૂળો આપ. એના પૈસા ન આપે. એક મૂળો આપી દે આ છોકરાને. એ મફત મૂળો લે ત્યારે ભાઈસાહેબ અંદર બેઠા હોય. એની કિંમત કાંઈ આપવાની નહિ. એવી પરિસ્થિતમાં તું વેચાણો છો કે તારી કોઈ પાઈને પણ કિંમત નહિ. અત્યારે તું માન માગે છો કે આટલું માન-સન્માન મને મળવું જોઈએ. અને મારું આટલું માન-સન્માન ન રહે તો મારે પછી ક્યાંય ભાગ લેવો નથી. કહે છે કે ભાઈ ! એ માન-સન્માનમાં તો આ પરિસ્થિતિ થાય છે. હાંસી થાય એવી પરિસ્થિતિ આવે.

**'આ જીવની અનાદિકાલથી જગતમાં હાંસી થઈ રહી છે છતાં લાજ ધરતો નથી, ફરી ફરીને એની એ જ જૂઠી રીતને ગ્રહે છે.'** એ જ મોહ, એ જ રાગ, એ જ દ્વેષ, અનેક પ્રકારના વિભાવ-વિકારને ગ્રહણ કરે છે, એમાં રાચે છે, એમાં સુખ માને છે એ બધી જૂઠી રીતી છે. ફરી ફરીને એ કુગતિમાં જાય, હલકી ગતિમાં જાય અને એવા હાસ્યાસ્પદ ભવમાં ઉત્પન્ન થાય. એવા પરિણામને ફરી ફરીને પકડે છે.

એ બહુ કુદરતી છે. જો એ પોતાના પરમપદને માન્યતા બદલીને

ન ગ્રહણ કરે તો ઉત્તરોત્તર પરિણામ નીચા જવા એ બહુ સહજ છે, બહુ સહજ છે. કેમ કે અનુકુળ પ્રસંગોમાં અનુકૂળતાનો રસ ચડી જાય છે અને એમાં જીવ રાચે છે. પ્રતિકૂળ પ્રસંગો આવતા ખેદખિન્ન થઈને એમાં પરિણામને બગાડે છે. બેય પ્રકારના ઉદયમાં એ પરિણામને બગાડતો જાય છે. જેમ જેમ પરિણામ બગાડે છે તેમ તેમ એ વધુ પરિણામ બગડે એવી સ્થિતિમાં એનું ઊપજવું થાય છે. આમાં કોઈ રીતે એને ઉગરવાનો આરોવારો નથી. સિવાય કે એ આખી માન્યતા પલટી નાખે.

મુમુક્ષુ :- એ પ્રસંગમાં જ્ઞાની શું કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ નથી અનુકૂળતા અનૂકૂળતા દેખાતી કે નથી પ્રતિકૂળતા એને પ્રતિકૂળતા દેખાતી. પોતાના ભિન્ન જ્ઞાનમય સ્વભાવથી પોતાના જ્ઞાનમય તત્ત્વનો અનુભવ કરે છે. ભાવે જુદા પડી જાય છે એટલે દ્રવ્યે પણ જુદા પડી જાય છે. એ ભવને વળગતા નથી તો ભવ અને વળગતો નથી.

વ્યવસનમાં શું થાય છે ? માણસ વળગે છે ત્યારે ઓલું વળગ્યું એમ કહેવાય છે. વસ્તુતાએ તો જીવ પોતે પક્કડ કરે છે. એમ 'આ ભવ મારો' એમ કરીને ભવ અને ભવના પ્રસંગની પક્કડ કરે છે તો એમાંથી બીજા ભવ ઊભા થાય છે. ભવ ઉદાસ થઈ જાય. આગળ આવ્યું હતું ને ભવ ઉદાસ થઈને-એક શબ્દ આવી ગયો. ૧૭ પાને '**ઇન્દ્રિયચોરને દબાવી,...**' Paragraph છે ત્યાં ચોથી લીટી છે. '**ભવથી ઉદાસી થઈ શાશ્વત પદના નિવાસી (થઈ) સુખરાશી લીધી.**' જ્યારે '**ભ્રમભાવને મટાડ્યો, નિજ આત્મતત્ત્વને પામ્યો. અચળ, અભેદ ટેવવાળો (સ્વભાવવાળો) દેવ દીઠો.**' ભવથી ઉદાસ થયો ત્યારે. આખો ભવ છે એને ગૌણ કરી નાખે છે. આ ભવ સારો. બધી અનુકૂળતા આવી છે તો આ ભવ બહુ સારો છે, એવી અપેક્ષાવૃત્તિ જેને નથી. અને ભવમાં ઘણી પ્રતિકૂળતાઓ દુ:ખ આવે છે, અશાતાઓ થાય છે, પ્રતિકૂળ પ્રસંગો ઊભા થાય છે માટે આ ભવ સારો (નહિ), એવું ખેદાવું પણ જેને નથી. રાચવું પણ નથી અને ખેદાવું પણ નથી. વીતરાગ માર્ગ તો રાગ અને બંને દ્વેષ બંનેને મૂકાવે છે. એનું નામ વીતરાગતા છે.

'**જેની વાત કરતા પણ અનુપમ આનંદ થાય એનું પોતાનું પદ**

**છે,...'** કેવું છે ? કે જેની વાત કરતા આનંદ થાય એમ લેવું છે. આ તો રુચિ છે ને ? રુચિનો વિષય છે. જે શબ્દોના નિમિત્તે ભાવમાં આત્માનો રસ ઊપજે એવી જે આત્માના સ્વરૂપની વાતો છે તેને અહીંયાં એમ કહે છે કે **'જેની વાત કરતા અનુપમ આનંદ થાય...'** આ રુચિવાળાને આત્માની વાર્તા કેવી રુચે છે, એ કહે છે. જગતમાં પણ એમ જ છે ને. જેને જે વાત, જે વિષય, જે પ્રસંગ રુચે છે એની વાત ફરી ફરીને કરે છે. એમાં એને થાક લાગતો નથી. એની જ મહત્તા અને એની જ વાત અને એના જ વિચાર અને એના જ વિકલ્પ, એ બધી ઘટમાળ ચાલે છે. અહીંયાં જેને પોતાના સ્વરૂપની રુચિ થઈ છે અને સ્વરૂપમાં સુખ જેને ભાસ્યું છે તો એને તો એની વાત કરતા પણ અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે.

અહીં તો એમ કહે છે કે **'એવું પોતાનું પદ છે, તેને તો ગ્રહણ કરતો નથી.'** તારા નિજપદને અંતર્મુખ થઈને તો તું ગ્રહણ કરતો નથી. **'(અને) પર વસ્તુની તરફ દેખતાં જ ચોરાશીનું બંદીખાનું છે તેને બહુ રુચિપૂર્વક સેવે છે.'** જેલખાનું છે, એમ કહ્યું. શું વાત લીધી ? કે રુચિ છે એ ક્યાંક ને ક્યાંક તો કામ કરશે. કાં તારી રુચિ તારા આત્મામાં કામ કરશે અને કાં તારી રુચિ પરવસ્તુમાં કામ કરશે. જો પર વસ્તુમાં તારી રુચિ છે, જે અનાદિથી કામ કરી રહી છે, એ તો ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણ થવાના બંદીખાનામાં જવાની વાત છે. રુચિને ફેરવ, એમ કહે છે.

એ વિભાવની રુચિ છે. એ જડની રુચિ છે એ વિભાવની રુચિ છે. એ દોષની રુચિ છે, ગુણની રુચિ નથી. અને આત્માની રુચિ છે એ ગુણની રુચિ છે. પવિત્રતાની, નિર્દોષતાની રુચિ છે. એમાં સુખ છે અને આમાં દુઃખ છે. આના ફળમાં સુખ છે અને આના ફળમાં દુઃખ છે. આવી ચોખીચટ આ વાત છે, એકદમ સ્પષ્ટ. કહે છે કે, શું કરે છે તું આ ? કે જે ચોરાશી લાખનું બંદીખાનું છે એને બહુ રુચિથી તું સેવે છે. બહુ રુચિપૂર્વક વારંવાર એ બાજુના પરિણામ કરે છે. અને જેની વાત કરતાં પણ આનંદ થાય... અંદર તો કેટલો આનંદ ભર્યો છે ! એની તો વાત થઈ શકે એવું નથી. એ ચોથા ગુણસ્થાનના આનંદનું વર્ણન ન થાય. પછી આગળ મુનિદશાના આનંદની શું વાત ! અને ઉપર

વીતરાગદશામાં જિનેન્દ્ર દશામાં પરમાનંદ ઊપજે છે, એ તો કોઈ વાણીનો વિષય રહેતો નથી.

ભગવાનની વાણી આનંદકારી હોય છે, એમ કહે છે ને. અનંત આનંદ વ્યક્ત થયો છે. વાણીને ઊપજવાનું નિમિત્ત એ ભગવાન છે કે જેને અનંત આનંદ વ્યક્ત છે-પ્રગટ છે. એટલે એમની વાણીમાં પણ એ વિષય એ રીતે આવે છે. આનંદમય ! સાંભળનારને પણ આનંદ ઊપજે. એવું જેમાં નિમિતત્ત્વ છે એવી એ વાણી છે. ક્ષેત્ર અપેક્ષાએ એની ઉપમા એવી મળે છે કે વીજળીનો કરંટ લાગે, માણસને વીજળીનો કરંટ લાગે છે ને ? ત્યારે એની આંગળી અડી હોય ત્યાં જ અનુભવ થાય છે કે આખા શરીરમાં થાય છે ? કે આખા શરીરમાં કરંટ ફરતો હોય, ચાલુ કરંટ હોય એવું લાગે છે કે નહિ ?

એમ આત્મામાં જે એકાગ્ર થાય છે અને આનંદ ઊપજે છે, એના પ્રદેશે પ્રદેશે આનંદ વ્યાપે છે, પ્રગટ વ્યાપે છે. એવું એનું વ્યાપવાની અપેક્ષાએ એટલી ઊપમા હજી થોડીક કથંચિત લાગુ પડે છે. ત્યાં તો દુઃખ છે. જેને વીજળીનો કરંટ ઉત્પન્ન થાય છે એને તો દુઃખ થાય છે. અને આને નિરાકૂળ અવર્ણનીય અનિર્વચનીય આનંદ ઉત્પન્ન થાય છે.

અનંત આનંદનું ધામ આત્મા છે. એમાંથી અવસ્થામાં આનંદ આવે છે એના કરતા અનંત ગુણો આનંદ એના આનંદગુણમાં રહેલો છે, આનંદ શક્તિમાં રહેલો છે. આનંદનું એટલું અનંતગુણ સામર્થ્ય છે. પરમાનંદ જે જિનેન્દ્ર ભગવાનને વર્તે છે એના કરતા અનંતગુણ અંદરમાં છે. એટલે એવા આત્માની વાત કરતા આનંદ ઊપજે છે, એમ કહેવું છે. કેટલો આનંદ છે કે એની વાત કરતા પણ આનંદ ઊપજે, અનુપમ આનંદ ઊપજે.

**'એવું પોતાનું પદ છે, તેને તો ગ્રહણ કરતો નથી.'** આવા આનંદમય તત્ત્વને તું ગ્રહણ કરતો નથી અને ચોરાશી લાખનું બંદીખાનુ છે. ઘણું દુઃખ ઊપજે, જોયા ન જાય એવા દુઃખ ઊપજે, એવા પર પદાર્થ તરફ તું રુચિ કરે (છે)....

**તા. ૪-૧૧-૧૯૮૫, પાના નં.૨૦, ૨૧ પ્રવચન નં. ૫૨**

Paragraph થી.

**'જેની વાત કરતાં પણ અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે,...'** આત્મા અનંદસ્વરૂપ છે. સ્વરૂપના આનંદનું સામર્થ્ય જેની હદ નથી એટલું બેહદ છે. એવા આનંદસ્વરૂપ આત્માને લક્ષમાં લઈને એ સંબંધી વચન ઉચ્ચારણા છે, એ પણ બહારમાં વિકલ્પવાળા આનંદનું કારણ થાય છે. કાલે આનંદની થોડી ચર્ચા ચાલી કે આનંદની-આત્માનો આનંદ કેવો હોય.

અહીંયાં તો વાત કરતા આનંદ થાય એટલે વિકલ્પ સહિત છે. જે નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આનંદ થાય છે એ આનંદ કાંઈ વાતમાં આવે છે એમ કહેવું નથી. પણ જે અનુભવી પુરુષો-આત્માનો આનંદ જેણે અનુભવ્યો છે અને જે આનંદસ્વરૂપ આત્માને ઓળખે છે, જેના લક્ષમાં છે, એને એ લક્ષમાં રાખીને એની વાત કરે છે એ વાતમાં પણ એ પ્રકારનો એક રસ આવે છે, એટલે ત્યાં આનંદ આવે છે એમ કહેવામાં આવે છે. અથવા જગતના કોઈપણ પદાર્થને લક્ષે બાહ્ય વિષયથી જે આનંદ માનવામાં આવે છે, એનાથી કોઈ વિલક્ષણ આ વાત છે એમ કહેવું છે.

આત્મા જે આનંદ સ્વરૂપ છે, 'ગુરુદેવ' એને આનંદનો પર્વત કહેતા. આત્મા તો મહાઆનંદનો પર્વત છે. મહાઆનંદનો સાગર છે. જે આનંદસ્વરૂપની વાત કરતાં પણ અનુપમ એટલે જગતના આનંદ સાથે મેળવી ન શકાય, એટલો ફેર તો એના લક્ષે થતાં એ વિષયની વાતચીતમાં પ્રકાર રહ્યો છે. અનુભવનો આનંદ છે એ તો અવર્ણનીય છે. થોડો ફેર એ પાડયો છે.

પરિણતિમાં આનંદ છે એ શાંતિની ધારા છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં તો જે આનંદ છે એ આનંદ વિશેષ છે. 'બહેનશ્રી' સાથે

કાલે ચર્ચા ચાલી હતી. આનંદનો પ્રશ્ન ચાલ્યો હતો. એટલે એની મહાનતા બતાવવી છે. વાત કરવામાં આનંદ છે એમ કરીને. આનંદ અંદર કેટલો છે ? એનો અંદાજ લેવો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે પરિણતિમાં એમ કે શાંતિ છે. સવિકલ્પ દશામાં પરિણતિ ચાલે છે ત્યારે એમાં શાંતિ છે પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે ત્યારે તો એમાં આનંદનો ઊભરો આવે છે. ઉફાન. આનંદનો ઊભરો આવે છે. આહ્‌લાદરૂપ આનંદ આવે છે. એની જગતમાં તો કોઈ ઊપમા નથી પણ એ રીતે સમજીને પણ એની મહત્તા આવે.

અહીં તો એટલું જ લેવું છે કે આવું આત્માનું અનંત અનંત આનંદ સ્વરૂપ છે. એ સ્વરૂપને વિકલ્પની ભૂમિકામાં પણ એની મહાનતા સમજીને એનો મહિમા આવે તો જીવને આનંદ અનુભવ કરવા સંબંધિત પ્રયત્ન કરવાનો ભાવ રહ્યા કરે. અભિપ્રાય તો એનો ઘડાય જાય કે આ કરવા જેવું છે, આ જ કરવા જેવું છે. બાકી બધે દુઃખ, દુઃખ અને દુઃખ છે. એક આત્મામાં જ આનંદ છે. લીધું ને ? અંદરમાં જ આનંદ છે. બહારમાં ક્યાંય આનંદ નથી પણ આનંદ લેવા જતાં દુઃખ છે. જો એ બરાબર એને સમજાય તો એનો અંદરની દિશાનો પ્રયત્ન ચાલે.

એવા આનંદસ્વરૂપ આત્માને તો ગ્રહણ કરતો નથી અને પર વસ્તુની તરફ દેખતાં જ એટલે પર વસ્તુ તરફ વલણ થતાં જ, બહિર્મુખભાવ થતાં જ **'ચોરાશીનું બંદીખાનું છે...'** કોઈને કોઈ જગ્યાએ એ ઊપજવાનું એ કારણ છે. ભાવે તું બહાર જાય છે તો દ્રવ્યે પણ તારે બહાર જ પરિભ્રમણ કરવાનું એનું ફળ છે. **'તેને બહુ રુચિપૂર્વક સેવે છે.'** એમાં સુખ માની માનીને, એમાં આનંદ માની માનીને ઘણી રુચિથી એને સેવે છે.

**'એવી વિપરીતરૂપ હઠરીતિને અનુપમ માનીમાની હર્ષ પામે છે.'** બહુ મહત્તા કરે છે. જગતમાં જીવો બાહ્ય પદાર્થની પણ ઘણી મહત્તા કરે છે. જોયા અમારા મકાન ! જોયા અમારા હીરા, ઝવેરાતના દાગીના ! જોયા રંગબેરંગી વસ્ત્રો ! અનેક પ્રકારે એની મહત્તા કરે છે. એ એમાં અનુપમ માની માનીને હર્ષ પામે છે કે અમારા જેવું કોઈને નથી. અમે

તો એવું કામ કરીએ કે અમારા જેવું કોઈ ન કરે. અમારા બધા પ્રસંગમાં અમે એવી નવીનતા લાવીએ. આમ કાંઈને કાંઈ પ્રકારે જીવને (મહત્તા આવે છે). એ બધી વિપરીતરૂપ હઠની રીતિ છે, એમ કહે છે.

એવી પરની રુચિ છે એ મોટો વિપર્યાસ છે. સંસારી જીવના પરિણામમાં રાગ અને રાગના વિષયો તરફની જે રુચિ છે, એ બહુ મોટી વિપરીતતા છે. તેને હઠથી, દુરાગ્રહથી. એનો દુરાગ્રહ છે. જીવને એનો આગ્રહ પડ્યો છે. અને હરખ માની માનીને સેવે છે. જે દુર્ગતિમાં જવાનું પ્રત્યક્ષ કારણ છે. એમ જ્ઞાનીની નજર આમ કહે છે કે અરે..! જે દુર્ગતિમાં જવાનું જ પ્રત્યક્ષ કારણ છે, એમાં હોંશ ને એમાં રુચિ અને ઉત્સાહ લાવી લાવીને એને જીવ સેવે છે. એનો એને રસ ચડી જાય છે કે વાહ ! અમારે તો આમ છે અને અમારે તો આમ છે. વિપરીતતામાં આટલો બધો રસ ? હર્ષ માનીને સેવે છે, પામે છે.

**'જેમ સર્પને હાર જાણી હાથ નાખો તો દુઃખ થાય ને થાય જ.'** જે કરંડિયામાં હાર મૂક્યો હોય, એ કરંડિયામાં કોઈ સુગંધને કારણે સર્પ આવીને દાખલ થઈ જાય. એને એમ કે આમાં હાર પડ્યો છે. તો હાર લેવા માટે હાથ લંબાવે તો એને કાંઈ સર્પ કરડ્યા વિના રહે નહિ. ખબર હોય તો કોઈ નાખે ખરો ? પણ ખબર નહોતી માટે ન કરડે એમ છે ? ખબર નહોતી માટે (ન કરડત). એને ખબર હોત તો જ સર્પ કરડત અને એને ખબર ન હોય તો એને એ સર્પ ન કરડે. ખબરથી કે વગર ખબરથી (કરડે તો ખરો જ).

એમ અહીંયાં અજ્ઞાનપણે, પરની રુચિથી જો પરપદાર્થને જીવ સેવે, તેમ રુચિપૂર્વક પરને સેવવાથી સંસારદુઃખ થાય ને થાય જ. કોઈ એમ કહે કે અત્યાર સુધી અમને ખબર નહોતી. શું કરીએ ? અત્યાર સુધી અમે જે બધા કાર્યો કર્યા એમાં અમને ખબર નહોતી કે આનું ફળ આવું આવે છે. એથી કાંઈ એનું ફળ નહિ થાય એમ નહિ બને. એથી કાંઈ એવું નહિ બને કે એનું ફળ નહિ આવે અને દુઃખ નહિ થાય. શું કહે છે ?

અહીં બહુ વિચારણીય વિષય એ છે કે **'રુચિપૂર્વક પરને સેવવાથી...'** સુખબુદ્ધિએ. કોઈ પણ પરપદાર્થમાં સુખબુદ્ધિ છે ત્યાં એની રુચિ ઉત્પન્ન થયા વિના રહે નહિ. અને એનું ફળ દુઃખ આવ્યા

વિના રહે નહિ.

જો તારે વર્તમાનમાં દુઃખ જોઈતું નથી કે કોઈપણ કાળે દુઃખ જોઈતું નથી તો દુઃખના કારણને મટાડ. ઉપદ્રવ થાય છે ત્યારે માણસ ઉપદ્રવને મટાડવા માટે સીધો હુમલો ઉપદ્રવ ઉપર કરે છે. ઉપદ્રવનું કારણ ન જુએ તો ? તો કોના જેવું થાય ? કે કૂતરાને કોઈએ લાકડી મારી તો કૂતરો લાકડીને બટકા ભરવા માંડ્યો કે આ લાકડીએ મને દર્દ કર્યું. લાકડી વાગે એટલે એને દર્દ થયું. લાકડીને બટકું ભરે છે. પણ કોણે મારી એ તો તું જો. લાકડીને બટકા ભરવાથી કાંઈ નહિ વળે.

એમ વર્તમાનમાં દુઃખ છે એનો અણગમો કરવાથી તને કાંઈ દુઃખ નહિ મટી જાય. મને આ દુઃખ ન જોઈએ, આવું દુઃખ મારે ન જોઈએ, મારે જરાપણ દુઃખ ન જોઈએ, એમ દુઃખ પ્રત્યે દ્વેષભાવ કરવાથી, દુઃખના પ્રસંગો પ્રત્યે દ્વેષભાવ કરવાથી કાંઈ દુઃખ નહિ મટે. દુઃખ તો પરપદાર્થને તેં રુચિપૂર્વક સેવ્યા છે એને કારણે દુઃખ ઊભુ થયું છે.

સંસારદુઃખનું મૂળ કારણ આ છે. રુચિપૂર્વક પરપદાર્થનું સેવન છે એ જ સંસારદુઃખનું કારણ છે. અહીંયાં રુચિ થાય છે ત્યાં ચેતે. સુખબુદ્ધિ થાય છે ત્યાં જાગૃતિ લાવે કે આ જૂઠમાં સાચ (માનવું થઈ રહ્યું છે). આમ કોઈ છેતરે તો એને ચાનક ચડે છે કે મને કોઈ છેતરી જાય એ કેમ પોસાય ? કેમ ચાલે ? અહીંયાં ક્ષણે ક્ષણે છેતરાય છે. આ ગળપણ સારું લાગ્યું, આ ઠંડી-ગરમી સારી લાગી, ફલાણું ઠીક છે, આ ઠીક છે, આ સારું છે, આ સારું છે. કહે છે કે જૂઠમાં સાચ માન્યું છે. એને ખબર નથી કે હું સારો છું. પરમાણુની કોઈ પર્યાયને ખબર છે કે હું સારો કે હું ખરાબ ? એ પ્રશ્ન નથી. આ જીવ માત્ર એમાં કલ્પના કરે છે. સુખની કલ્પના કરે છે. સુખબુદ્ધિએ એને રુચિ ઉત્પન્ન થઈ જાય છે અને રુચિ ઉત્પન્ન થતાં એને સંસારના નવા નવા દુઃખ અનિવાર્યપણે ઉત્પન્ન થયા વિના રહે નહિ.

અહીંયાં એક બીજો દૃષ્ટાંત આપે છે. **'જેમ કે-એક નજરબંધીવાળો પુરુષ એક નગરમાં એક રાજાની પાસે આવીને રહ્યો. કેટલાક દિવસ પછી રાજા મરણ પામ્યો.'** એ માણસ થોડા દિવસ નવો આવ્યો હોય અને કાંઈક થયું હોય તો એના ઉપર શંકા થાય કે આણે આવતાવેંત કાંઈક કર્યું. દૃષ્ટાંતમાં એમ લીધું છે કે કેટલાક દિવસ એ

રહ્યો. પછી રાજા મરણ પામ્યો. રાજાનું આયુષ્ય પૂરું થવાનું હશે. રાજાનું મૃત્યું થઈ ગયું.

**'ત્યારે તે પુરુષે રાજાને મર્યો ન જણાવ્યો.'** રાજાના સંગમાં રહેતો હતો. રાજા મરી ગયો એ કોઈને ખબર નહોતી. એણે લોકોને ન જણાવ્યું કે રાજા મરી ગયો છે. **'તેણે રાજાને તો ઘણો ઊંડો દાટી ઉપર માટી દાબી (બીજાને) ખબર ન પડે એવી જગ્યા કરી, નજરબંધી વડે કાષ્ટના રાજાને દરબારમાં બેસાડ્યો.'** લાકડાના પુતળાને રાજા જેવું બનાવીને દરબારમાં બેસાડ્યો. **'નજરબંધીથી સર્વને તે સાચો ભાસે.'** જે કોઈ રાજદરબારમાં આવે એ બધાની નજરબંધી કરે. બધા એમ જ માને કે રાજા બેઠો છે. મરી ગયો એ કોઈને ખબર નથી. આકાર જોઈને બધાને એવો ભાસ થાય. આભાસ થાય કે રાજા બેઠો છે. **'જ્યારે કોઈ રાજાને પૂછે...'** વાતચીત કરે. **'ત્યારે તે (નજર બાંધનાર) પુરુષ જવાબ આપે.'** લોકો વાતચીત કરે તો પેલો માણસ જવાબ આપે. લોકોને ખબર ન પડે કે આ રાજા બોલે છે કે પેલો માણસ બોલે છે.

**'ત્યારે લોકો જાણે કે રાજા બોલે છે. આવું ચરિત્ર (તેણે) દૃષ્ટિબંધથી કર્યું.'** આ પ્રકારનો ખેલ લોકોની દૃષ્ટિ બાંધીને કર્યો. **'ત્યાં એક પુરુષ જંગલની બુટ્ટી માથા ઉપર નાખી આવ્યો, તે બુટ્ટીના બળથી તેની દૃષ્ટિ બંધાણી નહિ.'** આ બધી ઔષધીઓ થાય છે. આવી વિદ્યાઓ પણ હોય છે, આવી ઔષધિઓ પણ હોય છે. **'ત્યારે તે પુરુષ લોકોને કહેવા લાગ્યો કે અરે ! કુબુદ્ધિ જનો ! કાષ્ટને પ્રત્યક્ષ દેખીએ છીએ. (કાષ્ટનો રાજા પ્રત્યક્ષ દેખવામાં આવે છે.) તમે તેને સાચો રાજા જાણીને સેવો છો, ધિક્કાર છે તમારી એ સમજણને !'** આ તો ચોખ્ખો લાકડાનો રાજા બેસાડ્યો છે. તમે બધા સાચો રાજા માનો છો. આ તે કઈ જાતની તમારી સમજણ છે ? એ જેટલું દેખત રીતે ભૂલવાળું છે, બસ ! એવું જ છે અહીંયાં એમ કહેવું છે.

**'તેવી રીતે જે આ સંસારીઓ છે તેમની દૃષ્ટિ મોહથી બંધાણી છે.'** નજરબંધી જેવી વાત છે. મોહની નજરબંધી છે. જડ પદાર્થો તને ઠીક લાગે છે, જડ પદાર્થોમાં તું તારી અનુકૂળતાઓ જુએ છે, જડ પદાર્થ તને સુખનું કારણ લાગે છે, એ મોહથી દૃષ્ટિ બંધાણી છે. આમ

છે. વાસ્તવિક્તાએ કોઈ જડપર્યાયમાં સુખનું નામનિશાન, ગંધમાત્ર પણ નથી.

એટલે તો એમ સમજાવે છે કે માણસ દૂધની મીઠાઈ ખાય છે. આઠ કલાકે વિષ્ટા થાય છે. પાછો એ ખાતરમાં જાય છે. આ ગાય ઓખર કરે છે, લ્યો ને. વળી પાછું એમાંથી દૂધ થાય છે. એના એ પરમાણુ છે. ગાય ઓખર કરે છે. વિષ્ટાનો આહાર કરે, વળી પાછા એ પરમાણુ દૂધની પર્યાય ધારણ કરે. વળી પાછા એમાંથી ગુલાબજાંબુ બને. વળી એમાંથી વિષ્ટા થાય. વિષ્ટાની પર્યાય જુએ તો એને ઘૃણા થાય છે. ગુલાબજાંબુની પર્યાય જુએ તો એને આકર્ષણ થાય છે. એ બે માંથી એકેય પર્યાયમાં સુખ-દુઃખ છે ? એમ તો તું જો. તને સુખની કલ્પના થાય કે દુઃખની કલ્પના થાય પણ ત્યાં શું છે ? સુખ કે દુઃખ છે કાંઈ ? '**જડને પોતારૂપ માની સેવે છે.**' જે જડ પરમાણુઓ જડ છે, ચૈતન્ય પોતે એને સ્વ માનીને સેવે છે. શરીર જરાક ઠીક લાગે તો એને એમ થાય કે બરાબર છે, મારું વજન વધ્યું.

મુમુક્ષુ :- સુખાકારી સારી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી સુખાકારી છે. પહેલું સુખ તે જાતે નર્યાં. ઠીક ! પણ એ તારી જાત છે નહિ, એમ કહે છે. તારી જાત ચૈતન્યની અને તું જડને પોતાની જાત માને છો. એ લાકડાના રાજાને સાચો રાજા માનવા જેવું છે. શરીરને આત્મા માને છે અથવા શરીરને પરને સ્વપણે જાણીને સેવે છે, એ લાકડાના રાજાને સાચો રાજા માનવા જેવી ભૂલ છે. એવડીને એવી જ ભૂલ છે, એમાં કાંઈ બીજી ઓછી ભૂલ નથી.

'**પરને પોતારૂપ માની સેવે છે. પરમાં ચેતનાનો અંશ પણ નથી.**' એ જડ રજકણોમાં ક્યાંય ચૈતન્યનો અંશ નથી. જડ અને ચેતનના સ્વભાવમાં એકદમ વિરૂદ્ધપણું છે. એક જડ અને એક ચેતન-બે પદાર્થના સ્વરૂપમાં સ્વરૂપ વિરૂદ્ધતા જ ઘણી છે. એમાં ચેતનનો અંશ પણ નથી. '**જેને જ્ઞાન થયું છે...**' એવું '**જેને જ્ઞાન થયું છે તે એમ જાણે છે કે - આ કુબુદ્ધિ સંસારીજનો જડમાં પોતારૂપ કરીને માને છે, દુઃખ સહે છે.**' આ કુબુદ્ધિ સંસારીજનો. કુબુદ્ધિ એટલા માટે કહ્યું (કેમકે) દુર્ગતિમાં જાય છે ને ? પોતાનું અહિત કરે છે. પોતે જ પોતાનું અહિત કરે છે. કોઈ બીજો પોતાનું અહિત કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં

એ વાત નથી.

પોતાની કુબુદ્ધિથી '**સંસારીજનો જડમાં પોતારૂપ કરીને માને છે,...**' જડમાં પોતારૂપ કરીને માને છે, જડને જ પોતારૂપે માને છે. '**દુઃખ સહે છે.**' અને એના ફળમાં એ દુઃખને સહન કરે છે, દુઃખને પામે છે. જેમ પારકી ચીજ કોઈ લ્યે અથવા માલિક બનવાનો હક્ક રાખે તો એને ગુનો ગણવામાં આવે છે. અહીંયાં પણ એમ કહે છે કે આ જડ છે એ તો પર છે. એમાં તું માલિકી કરવા જાય છે તો અહીંયાં વીતરાગી કાનૂન તૂટે છે. કાયદાનો ભંગ થાય છે ને ? એની સજા ચોરાશીના બંદીખાના છે. એની જ સજા છે. Automatic. કોઈ ત્યાં કોર્ટ-કચેરી ઊભી કરવાની જરૂર નથી અને સજાના કાગળીયા બનાવવાની જરૂર નથી. જગતનો વ્યવહાર કાગળીયા ઉપર ચાલે છે. કુદરતનો વ્યવહાર એના સ્વભાવથી ચાલે છે.

કાલે એક બહુ સરસ ચર્ચા થઈ. કુદરતનો સ્વભાવ છે. ભાવના ઉપરનો ૨૧મો બોલ છે ને ? ભાવના ફરે નહિ. ચૌદ બ્રહ્માંડ ફરે પણ ભાવના ફરે નહિ. મુમુક્ષુ હજી તો જ્ઞાની થયો નથી, એ તો ભાવનામાં ઊભો છે, એ તો વિકલ્પમાં ઊભો છે. એના પરિણામમાં એટલું બધું બળ છે ? પ્રશ્ન એ હતો કે ચૌદ બ્રહ્માંડથી વધારે બળવાન એને બતાવવામાં આવ્યો. આ પ્રશ્ન હતો. એ તો કુદરતની જ વ્યવસ્થા છે. જેમ કોઈ વિભાવ પરિણામ કરે છે તો એમાં કેટલું બળ છે ? કે પુણ્યના પરિણામ કરે તો એક પરિણામમાં સોળમા સ્વર્ગનો ટાકો બાંધે. દૈવી સંપત્તિ હોય. કુદરતની વ્યવસ્થા વિભાવમાં એવી છે. અહીંયાં વિરાધના કરે (તો) એક ક્ષણના પરિણામમાં નરકનો ટાકો બાંધે. અહીંયાં ચક્રવર્તી હોય, ધોમ ધોમ સાહ્યબી હોય. છે કોઈ ? એમ પડકારો કરે તો પચાસ જણ જી હજુર... જી હજુર... જી હજુર... કરવા માંડે. આયુષ્ય પૂરું થાય (અને) એક ક્ષણની અંદર રાડ નાખે તો સાંભળનારનું મોત થઈ જાય, એવી વેદનાથી રાડ નાખે. આટલા બધા તો વિભાવ પરિણામના ફળ અનિવાર્ય છે. એને કોઈ રોકી શકે છે ?

'શ્રેણીક' મહારાજા તીર્થંકરનું દ્રવ્ય છે. રોકી શકે છે ? નરકનું ક્ષેત્ર એને ન હોય, એમ ચાલે ? જો એ વિભાવના ફળ અનિવાર્ય છે તો આ તો સ્વભાવની ભાવના છે. એનું ફળ પણ એવું જ અનિવાર્ય જ હોઈ

શકે. એમાં બીજું શું હોઈ શકે ? જેને સ્વભાવમાંથી ભાવના ઊભી થઈ, સ્વભાવના લક્ષે ભાવના ઊભી થઈ, અંદર સ્વભાવમાંથી એ પોતાને ભાવે છે, ચાહે છે, ઈચ્છે છે, એવી જેને સ્વભાવની અનન્ય રુચિવાળી ભાવના છે, એને સ્વભાવ પ્રગટ ન થાય એ કેમ બને ? આ પ્રશ્ન છે. પ્રગટ કેમ થાય ? એ પ્રશ્ન ક્યાં છે. પ્રગટ કેમ ન થાય ? એ પ્રશ્ન છે. થાય ને થાય જ.

એમ કહે છે કે જડમાં પોતારૂપ કરીને માને છે. દુઃખ સહે છે. **'જ્ઞાન થયું છે તે એમ જાણે છે કે...'** દુઃખ એને કેમ થયું છે ? કે જડપદાર્થમાં જડની રુચિ એણે ઘણી સેવી છે. સંયોગો તો પૂર્વકર્મને કારણે આવીને ગોઠવાય છે. સંયોગોની સોગઠાબાજીની જેમ સંયોગો ગોઠવાય છે એ પૂર્વને કર્મને કારણે આવીને ગોઠવાય છે. આ જીવને રસ ચડી જાય છે કે મને આમ મળ્યું, મારી પાસે આમ છે, મને આમ થયું, આમ થયું, આમ થયું. કુટુંબ વધી ગયું, પરિવાર વધી ગયો, પૈસા વધી ગયા, સત્તા વધી ગઈ. ચારે બાજુથી બધું વધવા જ મંડ્યું છે. કહે છે કે ભાઈ ! તારી એ બધામાં જે રુચિ વધી છે એમાં સંસાર વધ્યો છે, એ તને ખબર નથી.

મુમુક્ષુ :- આ બધું જાણવામાં આવે છે, છતાં આ જીવ ઉલઝી ઉલઝીને પાછો...

પૂજ્ય ભાઈશ્રી : એ આગળ લીધું ને ? કે જાણે છે તો પણ પ્રતીતિ કરતો નથી. વાત આવી ગઈ. આવું તો જાણે છે. ૧૯મા પાને.

**'શ્રીગુરુ વારંવાર સારભૂત એવો સાચો ઉપદેશ કહે છે.'** Paragraph માં ત્રીજી લીટી. પોતે પણ જાણે છે. ૧૯ પાને ૫દ છે ને. **'શ્રીગુરુ વારંવાર સારભૂત એવો સાચો ઉપદેશ કહે છે. પોતે પણ જાણે છે. (છતાં) અવિદ્યાનું એવું આવરણ છે કે...'** છતાં અવિદ્યાનું એવું આવરણ છે એટલે ગાઢ અજ્ઞાન છે. પોતાને ગાઢ અજ્ઞાન છે કે તે વડે જૂઠને સાચ માની રહ્યો છે. એની ભ્રમણા હજી ગઈ નથી, એમ કહેવું છે. જાણીને જો ભ્રમણા એની છૂટી જાય, જડને જડ અને ચેતનને ચેતન એવી ચોખ્ખી દૃષ્ટિ થઈ જાય તો તો એને વાંધો નથી. નહિતર જાણેલું એ ખરેખર જાણેલું નથી. બાળક સો રૂપિયાની નોટને સો રૂપિયા કહે છે.

જે પદાર્થ જેવો છે એ જાણે છે પણ એની કિંમત આવવી એ બીજી વાત છે. એમ અહીંયાં એને આત્માના સ્વરૂપને જાણીને એનો મહિમા આવ્યો ? જડ અચેતન છે અને એમાં સુખદુઃખ નથી એમ જાણીને એનો મહિમા ગયો ? આવ્યો હતો એ ગયો ? આ સવાલ છે. એની સુખબુદ્ધિમાં ફેર પડ્યો ? પરમાં સુખબુદ્ધિ હતી એ તૂટી. સ્વરૂપમાં સુખ છે ત્યાં સુખબુદ્ધિ થઈ. સ્વરૂપમાં રહેલા અનંત ચૈતન્યની સમૃદ્ધિને જોઈને એની રુચિ થઈ. જગતની સમૃદ્ધિની રુચિ એને ટળી. આ બધો પ્રકાર તો આવવો જોઈએ. જો એ પ્રકારમાં જીવ ન આવે તો એણે જાણ્યું ન જાણ્યું બધું સરખું જ છે, એમાં કાંઈ ફેર નથી. કોઈ જાતનો ફેર નથી.

**'જડમાં પોતારૂપ કરીને માને છે, દુઃખ સહે છે. ધિક્કાર છે એમની સમજણને ! દુઃખદાયક જૂઠી હઠને સુખદાયક જાણી સેવે છે.'** જે પરિણામ એ હઠથી કરે છે એ દુઃખદાયક છે. છતાં હઠથી કરીને એને સુખદાયક જાણીને એને ફરી ફરીને હઠથી કરે છે. સુખદાયક જાણ્યું છે એટલે એની હઠ કરે છે.

મુમુક્ષુ :- છે દુઃખદાયક અને સુખદાયક જાણ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખદાયકને સુખદાયક જાણે. આખું ઊલટુ સુલટુ છે. આમાં અનેક દૃષ્ટાંત આપ્યા છે.

**'જેમકે-કોઈનો જન્મ થયો,...'** 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં બહુ દૃષ્ટાંત છે. એવી રીતે આમાં પણ દૃષ્ટાંત ઘણા છે. કેમકે અનુભવને સમજાવવો છે ને ? મિથ્યા અનુભવને પણ સમજાવવો છે અને સમ્યક્ અનુભવને પણ સમજાવવો છે. **'જેમ કે કોઈનો જન્મ થયો. જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો,...'** જન્માંધ છે કોઈ. પણ કેવી રીતનો જન્માંધ છે ? કે અંદર આંખમાં કોઈ ખોટ નથી. ઉપર કોઈ ચામડીનું પડ આવી ગયું છે એ જાતની ખોટ છે.

**'જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો, અંદરમાં આંખનો પ્રકાશ જેવો ને તેવો છે.'** અંદરમાં આંખની અંદર કોઈ બીજી ખોડખાપણ નથી. **'બાહ્ય ચર્મના આવરણથી પોતાનું શરીર પોતાને દેખાતું નથી.'** એ ચામડી બહારમાં ડોળા ઉપર છે એટલે એને પોતાનું જ શરીર પોતાને દેખાતું નથી. **'જ્યારે કોઈ તબીબ**

**મળ્યો, તેણે કહ્યું કે -આની અંદર જ્યોતિરૂપ પ્રકાશ છે.**' જ્યારે કોઈ તબીબ મળ્યો એટલે આંખનો ડૉક્ટર અહીંયાં લઈ લેવો. તેણે કહ્યું કે **'આની અંદર જ્યોતિરૂપ પ્રકાશ છે-આંખ સારી છે, તેણે જતન કરીને ચામડીનો લપેટો દૂર કર્યો...**' જતન કરીને એટલે આંખને નુકસાન ન થાય એ રીતે ઉપરની ચામડી એણે કાઢી નાખી. '**ત્યારે પોતાનું શરીર પોતે જ દીઠું. તથા બીજું પણ તે દેખવા લાગ્યો.**'

'**એ પ્રમાણે જ્ઞાનદર્શનના નયનો અનાદિ કાળથી અવરાયેલા થઈને ચાલ્યા આવે છે તેથી પોતાના સ્વરૂપને ન દીઠું.**' શું કહે છે ? કે જ્ઞાનદર્શન જેનો જાણવાનો સ્વભાવ છે. જેમ માણસને બે નેત્ર છે. એ જ્ઞાન અને દર્શનના બે નેત્ર લીધા છે. દર્શનઉપયોગ. એમ જ્ઞાન-દર્શન છે એમાં જાણવાનો સ્વભાવ છે. એમાં દેખવાપણું, જાણવાપણું છે. પણ પોતાને ન જાણે એ પ્રકારનું એને આવરણ છે. ભારે વિચિત્રતા છે.

જ્ઞાન-દર્શન જાણે દેખે છે અને પોતાને જ જાણે દેખે નહિ. દૃષ્ટાંતમાં તો શું છે કે આંખ આડો લપેટો છે એટલે ન તો પોતાના શરીરને જોવે છે કે ન તો કાંઈ બીજા પદાર્થને પણ જોવે છે. જ્યારે એ પડદો દૂર થયો ત્યારે એણે પોતાને પણ જોયો, બીજાને પણ જોયા. અહીં તો કહે છે કે તારા જ્ઞાન-દર્શનથી તું બીજાને જાણે છો એવો તો બધો વ્યવહાર ચાલે છે. એટલે જાણવાનું જે કાર્ય છે-ઉપયોગ છે એ બરાબર ચાલે છે. પણ એને અનાદિથી એવું આવરણ છે, એની અંદર ભાવઆવરણ છે. સ્વાનુભૂત્યાવરણ એને કહ્યું છે. 'પંચાધ્યાયી'માં એને સ્વાનુભૂત્યાવરણ (કહ્યું છે).

પોતાનો પોતે અનુભવ ન કરે. વિચાર કરે જ્ઞાનમાં કે હું આત્મા જ્ઞાનસ્વરૂપી છું તેથી મને જ્ઞાન થાય છે. જાણવારૂપ જ્ઞાન, જાણરૂપ જ્ઞાન મને થાય છે, મારો ભાવ છે એવું એ જાણે છતાં એવું અનુભવે નહિ. જ્ઞાનની અનુભૂતિ નથી કરતો. જાણે તો છે. એટલું જાણવા તો મળે છે કે નહિ ? અજ્ઞાનદશામાં એટલું જાણવા મળે છે કે મારામાં જ્ઞાન છે. મારામાં જ્ઞાન હોવાથી હું જાણું છું. જો મારામાં જ્ઞાન ન હોય તો હું જાણું કેવી રીતે ? આ બધું જે જાણું છું એનું કારણ કે મારામાં જ્ઞાન રહેલું છે. આ બુદ્ધિનો વિષય છે કે નહિ ? મારી બુદ્ધિ આમ કરે છે, અમારી બુદ્ધિ આમ કામ કરે છે. જ્ઞાનનો જ પર્યાય છે પણ એને

સ્વાનુભૂત્યાવરણ છે.

એ જ્ઞાનમાં જે અનુભવ કરવાનો ભાવ છે એ પરનો અનુભવ કરવામાં એવી રીતે રોકાયેલો છે. પરનો અનુભવ કરી શકતો નથી. પરને જ્ઞાન અનુભવી શકતું નથી. જાણી શકે છે, અનુભવી શકતું નથી. છતાં અનુભવ કરવાનો એનો ભાવ એવી રીતે પરના અનુભવમાં રોકાયેલો છે કે એ સ્વનો અનુભવ નથી કરતો. જો સ્વનો અનુભવ કરે તો પરનો અનુભવ થઈ શકતો નથી, એવું જ્ઞાન ચોખ્ખું થાય. પણ પરનો અનુભવ થઈ રહ્યો છે અને પરનો અનુભવ કરી રહ્યો છે, એ પ્રકારમાં સ્વાનુભવ થઈ શકે નહિ. એ જ એને આવરણ છે. એને પરાનુભવનું આવરણ છે એટલે સ્વાનુભૂતિ એને થતી નથી.

મુમુક્ષુ :- આવરણ થવાનું કારણ...

પૂજ્ય ભાઈશ્રી :- આવરણ થવાનું કારણ સુખબુદ્ધિ છે. પરના અનુભવમાં એને સુખ છે અને દુઃખ છે. એ અભિપ્રાય જૂઠો છે, અભિપ્રાય ખોટો છે.

એક જગ્યાએ 'ગુરુદેવ' એ વાત કરે છે કે સ્વનો આશ્રય કરવો એટલે શું ? કે લક્ષમાં અભિપ્રાયમાં જે સ્વરૂપ છે તે હું એમ રહેવું. એનું નામ સ્વઆશ્રય છે. ભાષા ગૂઢ આવી છે જરા. '**માટે દ્રવ્યદૃષ્ટિ કરી...**' વચનામૃત છે ૩૫૩, એના ઉપરનું પ્રવચન છે. '**માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે.**' શું કીધું ? વસ્તુનો આશ્રય એટલે શું ? એની અહીંયાં વ્યાખ્યા કરી છે કે દ્રવ્યદૃષ્ટિપૂર્વક અખંડ એક જ્ઞાયક વસ્તુને લક્ષમાં લઈને 'આ હું' એમ જે અવલંબન આવે છે, એનું નામ પરમપારિણામિકભાવનો આશ્રય છે. એના ઉપર એક વાત કરી છે.

ત્રિકાળ શુદ્ધ નિજજ્ઞાયક પરમભાવને પર્યાય અને ગુણભેદથી રહિત અભેદપણે લક્ષગત કરવો. અભેદપણે લક્ષગત કરવો. આમાં એનો ભાવ છે જે કહેવા માગે છે. પોતે છે ને ? અભેદપણે લક્ષગત કરવો. તેનું જ અભિપ્રાયમાં સતત અવલંબન રાખવું. કેમ કે ઉપયોગમાં સતત અવલંબન નહિ રહે. અભિપ્રાયમાં તેનું જ સતત અવલંબન રાખવું તે જ વસ્તુના અખંડ એક પરમપારિણામિક ભાવનો આશ્રય છે.

આનું નામ આશ્રય છે.

આશ્રયનો અર્થ શું પણ ?

અભિપ્રાયમાં અભેદપણે એ લક્ષગત રહે. એને પોતે જ છે એમ અભેદભાવે એનું લક્ષ રહ્યા કરે. એવો જે સતત અભિપ્રાય એને એનું અવલંબન કહેવામાં આવ્યું છે. એને અવલંબન વર્તે છે. આ 'શરીર તે હું' એવું અવલંબન વર્તે છે. આમ ઊલટુ લઈએ તો, ઊલટું પરિણમન વિચારીએ તો 'શરીર તે હું' એવું અવલંબન વર્તે છે. તો શરીર તે હું એમ શરીર અન્ય હોવા છતાં, ભેદરૂપ પરદ્રવ્ય હોવા છતાં એની સાથે અભેદપણાનો ભાવ લક્ષમાં રહે છે અને અભિપ્રાયમાં સતત રહે છે. બસ ! એને પરાશ્રય કહેવામાં આવ્યો. એ પરાશ્રય છે. એમાં વિકલ્પ ક્યાં છે ? પરિણમન સીધું જ કામ કરે છે.

એવું આત્મા સંબંધીનું છે. એનું નામ પરમપારિણામિકભાવનો આશ્રય છે. અને તનાથી અનંત ગુણોની નિર્મળદશાના અંશો જે-તે ગુણોમાં સંભવિત હોય તેવા ઉત્પન્ન થાય છે. કેમ કે બધાને એકસરખા નથી થતાં. કોઈને જ્ઞાન વિશિષ્ટ, કોઈને બીજા ગુણની વિશિષ્ટતા, કોઈને પુરુષાર્થની વિશિષ્ટતા (થાય). એમ ફેર પેડ છે. એ આશ્રય શું એની અહીંયાં વ્યાખ્યા કરી છે.

આશ્રય એટલે શું ? અંદરમાં સ્વરૂપનો પરમપારિણામિકભાવનો આશ્રય એટલે શું ? આ વાત સમજાવવી છે કે અભેદપણે પોતાને લક્ષગત કરતાં તેનું જ અભિપ્રાયમાં સતત 'આ હું' એવું અભિપ્રાયમાં અવલંબન રહેવું. વિકલ્પમાં નહિ, ઉપયોગમાં નહિ, અભિપ્રાયમાં રહેવું એનું નામ આશ્રય છે.

મુમુક્ષુ :- પરનો અભિપ્રાય, આશ્રય છે જ ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેમ અહીંયાં ઊંધું છે એના ઉપરથી સવળું સમજી લેવું.

અહીંયાં એ મંથનમાં લેવા જેવો વિષય છે કે જ્ઞાન-દર્શનના બે ચક્ષુઓ તારી પાસે છે. એ જ્ઞાન-દર્શનના ચક્ષુઓ જગતના પદાર્થોને જાણે છે. પણ કોઈ એવું આવરણ છે એટલે કે તું એ જ્ઞાન-દર્શનના ચક્ષુઓને પરપદાર્થોને જાણવા ઉપરાંત તું એની પાસેથી એક એવું કામ લે છો કે જે પરપદાર્થને જાણતા પરપદાર્થનો અનુભવ પણ હું કરું છું,

એવું એક કામ લે છે. કે જે થઈ શકતું નથી. જે પર પદાર્થનું અનુભવન થઈ શકતું નથી. બસ ! એ જે પરપદાર્થની-પરની મિથ્યાઅનુભૂતિ છે એ જ સ્વાનુભૂતિમાં આવરણ છે. ભાવઆવરણ એ જ છે, બીજું કોઈ આવરણ નથી.

મુમુક્ષુ :- વેદનમાં આવે ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો શું છે કે વેદનની અંદર આવે છે એ ઊંધું વેદવાની પદ્ધતિથી પરિણમે છે. ખરેખર તો એને જણાય જ છે. પરપદાર્થ એને વેદાતો નથી પણ પરપદાર્થ એને જણાય જ છે. પણ એણે એ પદ્ધતિ ક્યારેય અંગીકાર કરી નથી. એ પદ્ધતિમાં આવ્યો નથી. એટલે એ પરપદાર્થ વેદાતો નથી પણ પરપદાર્થ જણાય છે. દ્રાક્ષને જીભ ઉપર આવતા એનો સ્વાદ આસ્વાદાતો નથી, એમ કહે છે. જણાય છે. એનો જે ખાટો અને મીઠો એવો જે દ્રાક્ષની અંદર મિશ્ર સ્વાદ છે. કે આ દ્રાક્ષ ખાટી-મીઠી છે તો એ જ્ઞાન થાય છે જીવને. ફક્ત એનું જાણવું થાય છે. વેદવું નથી થતું. થઈ શકતું નથી. પણ જ્ઞાનને એણે એ રીતે જોયું નથી.

અવલોકન કરીને જોવું છે એ આ જોવું છે. એણે જ્ઞાનને એ રીતે કદી જોયું નથી કે આ જ્ઞાન પરનો આસ્વાદ લઈ શકે કે ન લઈ શકે ? લઈ શકે એમ સમજીને જ ચાલ્યો છે. ન લઈ શકતો હોવા છતાં. બસ !

મુમુક્ષુ :- લઉં છું, લઉં છું, એવી કલ્પના કર્યા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, એવી કલ્પનાને જ વેદે છે ખરેખર તો. હું આનો સ્વાદ લઉં છું, એવી કલ્પનાને વેદે છે, એવા રાગને વેદે છે. વસ્તુતાએ આત્મા એ પુદ્ગલ રજકણને વેદી શકે નહિ. જ્ઞાન એને વેદી શકે જ નહિ. આ વસ્તુ સ્થિતિ છે.

'ગુરુદેવ' કહેતા ને કે પુરણપોળીને આત્મા ખાઈ શકતો નથી. લાડવાને આત્મા ખાઈ શકતો નથી. એનો અર્થ જ એ છે. એ અશક્ય અને અસંભવિત છે. પણ એવું જે અનુભવન છે કે હું લાડવાનો અનુભવ કરું છું, હું પુરણપોળીનો અનુભવ કરું છું, દ્રાક્ષના સ્વાદનો અનુભવ કરું છું, એ એના જ્ઞાનના અનુભવને રોકે છે. એ પ્રકાર એના જ્ઞાનના અનુભવને રોકે છે અને જ્ઞાનનો સ્વભાવ જ્ઞાનનું અનુભવન કરવાનો છે પાછો. પણ સીધો ઊંધો પડે છે. જ્ઞાનનો અનુભવનો પર્યાય

સીધો ઊંધો જ થાય છે, ઊંધો જ પ્રગટે છે. એટલે એને જ્ઞાનાનુભૂતિ થતી નથી. આ એને આવરણ છે. પરનો અનુભવ એ જ એને સ્વના અનુભવ માટે બાધક-અવરોધક, પ્રતિબંધક કારણ છે, બીજું કાંઈ નથી. કોઈ બીજું એને અંદરમાં આવીને નુકસાન કરી જાય એવું નથી. અંદરમાં તો એ પોતે જ પોતાને નુકસાન કરે છે. કોઈ બીજું આવીને એને કાંઈ ઊંધે રસ્તે લઈ જાય છે, કોઈ કર્મનો ઉદય એને ખેંચી જાય છે, એ વાતમાં કાંઈ માલ નથી. પોતે જ પરના આસ્વાદમાં ભ્રમણાએ કરીને ભ્રમણામાં પડ્યો છે. ભ્રમણામાં પડ્યો છે, બસ !

મુમુક્ષુ :- અહીંયાં એકલી માન્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- માન્યતા અને અનુભવ બેય વિપરીત જ છે ને.

મુમુક્ષુ :- અનુભવ તો જે પ્રમાણે છે તે પ્રમાણે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ છે તો એ પ્રમાણે છે પણ એને તો એમ અનુભવમાં કલ્પના છે ને કે હું બરાબર દ્રાક્ષ ખાઉં છું. દ્રાક્ષ ખાઉં છું, મને સારી લાગે છે. મને સુખ લાગે છે, મને આનંદ લાગે છે.

મુમુક્ષુ :- વાસ્તવિકતા તો જે છે ઈ જ છે. વાસ્તવિકતાએ તો જે પર્યાય થાય છે એ જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો થાય જ છે. કંઈ વસ્તુ બદલી જાય ? કોઈ ઉલટી-સુલટી કલ્પના કરવાથી વસ્તુ થોડી બદલી જાય ? હીરાને કાચનો કટકો માને એટલે હીરો કાંઈ કાચ થઈ જાય ? અને કાચને હીરો માને એટલે કાંઈ હીરો થઈ જાય ? એ તો બનવાનું નથી. વસ્તુ તો જે એ જ છે.

મુમુક્ષુ :- માન્યતાની ભૂલ છે. માન્યતા પલટે તો...

પૂજ્ય ભાઈશ્રી :- માન્યતાની પાયામાં ભૂલ છે. માન્યતાની ભૂલ છે એટલે એની સમજણમાં પણ ભ્રમણા તો છે જ કે આ મને ઠીક છે, એવી સમજણ તો કરે જ છે. આ મને ઈષ્ટ છે, આ મને સારું લાગે છે. માન્યતા સહિત એના જ્ઞાનમાં ભ્રમણા તો છે કે આ મારા માટે સારી ચીજ છે. એમ છે કે નહિ ? આ Point વિચારવા જેવો છે. આમાં આવશે, અનેક જગ્યાએ આ વિષયની સૂક્ષ્મતા આવશે.

**'એ પ્રમાણે જ્ઞાનદર્શનના નયનો અનાદિ કાળથી અવરાયેલા થઈને ચાલ્યા આવે છે.'** અવરાયેલા થઈને આવે છે એનો અર્થ આ છે.

નહિતર શું છે કે અમે શું કરીએ અમારા જ્ઞાન ઉપર કાંઈક એવું આવરણ છે એટલે અમે અમારા આત્માના ભાળી શકતા નથી, અમારા આત્માને અમે જાણી શકતા નથી, અનુભવી શકતા નથી. કારણ કે આવરણ પડ્યું જ છે, એ આવરણ ખસે તે 'દિ અમને કાંઈક અમારું કામ થશે એવું લાગે છે. આવરણ ખસે એના માટે આ બધો સ્વાધ્યાય અને આવું બધું કાંઈક કરીએ (છીએ).

એમ નહિ. એ આવરણ છે એ પોતે સમયે સમયે આવરણના કાર્યને કરે છે. આવરણ પડ્યું છે એ તો ઠીક વાત છે પણ તું પ્રતિસમયે તારા જ્ઞાનના અનુભવને આવરિત કરવાનું કાર્ય કરે છે એનું શું ? એના ઉપર તો તારી કાંઈક જાગૃતિ આવવી જોઈએ કે ન આવવી જોઈએ ? નુકસાન જાય છે એમ ખબર પડે તો ચેતે નહિ ? ચેતે નહિ તો એને નુકસાન જાય છે એ ખબર નથી પડી. સીધી વાત છે કે નહિ ?

મુમુક્ષુ :- દર્શનપરિષહ...

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનપરિષહ છે પણ (અહીં) તો અનુભૂતિનું આવરણ લેવું છે. દર્શનપરિષહ તો શું છે કે જે (આત્મ કલ્યાણ સંબંધિત) મૂંઝવણ થાય એ દર્શનપરિષહ છે. પોતે અંદરમાં પ્રયત્ન કરવા જાય, પ્રયત્ન કરવા છતાં સફળતા ન મળે. સફળતા ન મળે ત્યારે એ મૂંઝવણ થઈ જાય એનું નામ દર્શનપરિષહ છે. ૨૩મા વર્ષમાં 'શ્રીમદ્જી'નો દર્શનપરિષહનો પત્ર છે. (પોતે) આકુળિત થાય છે. ૨૩મા વર્ષમાં છે. મળી જાય તો મળી જાય. પોતાના અને પોતાના આત્માને સંબોધન કરે છે. ૧૬૨ નંબર છે.

'હે **શ્રી....!**' શ્રી એટલે પોતે. હે શ્રી ભગવાન ! પોતે પોતાને કહે છે. '**તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે ?**' શા માટે તમને શંકા પડે છે તમારી ? '**નિઃસંદેહ થઈને રહો, અને એ જ તમારો સ્વભાવ છે.**'

'હે **અંતરાત્મા !**' એક એક Paragraph એવી રીતે લીધો છે. '**તમે કહ્યું જે વાક્ય તે યથાર્થ છે,...**' અંતરાત્માએ એને એમ કહ્યું. કોને ? બહિરઆત્માને. તમે શા માટે શંકાના વમળમાં ઘૂંચવાઓ છો અને અટવાઓ છો ? નિઃસંદેહ રહો અને નિઃસંદેહપણે રહો એ તમારો સ્વભાવ છે. પોતે અને પોતે કહે છે કે હે અંતરાત્મા ! આ વાત તમે

બરાબર સાચી કહી છે. કારણ કે અવળુસવળું સમજવામાં તો આવે જ છે.

'**નિઃસંદેહપણે સ્થિતિ એ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા એવી છે.**'

'**હે શ્રી...! તમને જે કાંઈ સંદેહ વર્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.**' પોતે અને પોતે પોતાને ઉપદેશ આપે છે.

'**હે અંતરાત્મા ! વર્તમાન આત્મદશા જોતાં જો પરમ સત્સમાગમ પ્રાપ્ત થયો હોય, અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.**'

'**હે શ્રી... ! તમે કહો છો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી,...**' પોતે ને પોતે પાછા સ્વીકાર કરે છે. '**પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય....**' કે સત્‌સમાગમ મળે એવો અત્યારે કાળ નથી. '**તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરુષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતિત કરો.**'

'**હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે,...**' હવે સામાન્ય સત્સમાગમ એટલે મુમુક્ષુઓનો સમાગમ. અને પેલો જ્ઞાનીનો સમાગમ. તમને જ્ઞાનીનો સમાગમ ન મળે તો જે એવા મુમુક્ષુઓ હોય એના સમાગમમાં રહો. તો કહે છે, ત્યાં અમને થોડી તકલીફ છે. '**તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે,...**' એ અમને પૂછ પૂછ કરે છે. '**અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્તીપણે વર્ત્યા કરે છે;...**' અને અમને અનુસરવા મંડે છે. વાહ !

તમે અમને આવું સમજાવો છો. તમે જેમ કહેશો અમે તો તમારી આજ્ઞાએ વર્તવાના છીએ હવે.

**'જેથી અમને તેમના સમાગમમાં તો નિજવિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે,...'** એમના સમાગમમાં પછી અમારે થોડી ઉપાધિ વધે છે. **'અને પ્રતિબંધિત થઈ સ્વવિચારદશા બહુ આગળ ન વધે, એટલે સંદેહ તો તેમ જ રહે. એવું સંદેહસહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોને એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે, તે માટે શું કરવું તે સૂઝતું નથી.'** હવે અમારે કરવું શું ? ઓલો જ્ઞાનીનો સત્સમાગમ છે નહિ. આ કરવું અમને અત્યારે ઠીક લાગતું નથી, હવે અમારે કરવું શું ?

બીજાને સમજાવી દઉં એ તો વાત જ નથી અહીંયાં. પોતે મુમુક્ષુતામાં છે તો બીજાને સમજાવું (એ વાત જ નથી). બીજા પૂછે પણ હજી અમારે અંદરમાં સંદેહ છે એનું શું ? બીજાને શું અમારે જવાબ દેવો ? એટલે બીજાઓ અમારી વિશેષતા માનીને અમારી આજ્ઞામાં રહેવા માગે છે, અમને તો એ પ્રતિબંધનું કારણ છે. એવો પ્રતિબંધ અમારે નથી ઊભો કરવો. ઠીક ! એની આગળપાછળ એવા પત્રો ભેગા છે.

**'હે સહજાત્મસ્વરૂપી, તમે ક્યાં ક્યાં એવે કેવી કેવી રીતે મૂંઝાયા છો ? તે કહો. આવી વિભ્રમ અને દિગ્મૂઢ દશા શી ?'** પોતે ને પોતે પોતાને કહે છે. હે સહજાત્મસ્વરૂપી ! તમે ક્યાં મૂંઝાણા છો ? કહો તો ખરા તમે ક્યાં મૂંઝાણા ? આ બધો દર્શનપરિષહ છે. ૨૩મીનો છેડો છે. ૨૪ ના પ્રારંભમાં જ એમને સમ્યગ્દર્શન થયું છે. આ પછી તરત જ થયું છે. એટલે આ છેલ્લો દર્શનપરિષહ છે એ તો કુદરતી કાગળ ઉપર આવ્યો છે એટલે ખબર પડે નહિતર ખબર શું પડે ?

**'તમને શું કહું ? તમને શું ઉત્તર આપુ ? મતિ મૂંઝાઈ ગઈ છે, ગતિ ચાલતી નથી. ખેદ ખેદ અને કષ્ટ કષ્ટ આત્મામાં થઈ રહેલ છે. ક્યાંય દૃષ્ટિ ઠરતી નથી, અને નિરાધાર નિરાશ્રય થઈ ગયા છીએ.'** અમે તો. ક્યાં આલંબન લેવું ? અમારી મતિ મૂંઝાઈ ગઈ છે. **'ઊંચાનીચા પરિણામ પ્રવહ્યા કરે છે.'** ઘડીક ઊંચા, ઘડીક નીચા અનેક જાતના પરિણામ થયા કરે છે. **'અથવા અવળા વિચાલ લોકાદિક**

**સ્વરૂપમાં આવ્યા કરે છે, કિંવા ભ્રાન્તિ અને મૂઢતા રહ્યા કરે છે. ક્યાંય દૃષ્ટિ પહોંચતી નથી. ભ્રાન્તિ પડી ગઈ છે કે હવે મારામાં કંઈ વિશે, ગુણ દેખાતા નથી. હું હવે બીજા મુમુક્ષુઓને પણ સાચા સ્નેહે પ્રિય નથી. ખરા ભાવથી મને ઈચ્છતા નથી. અથવા કંઈક ખેંચાતા ભાવથી અને મધ્યમ સ્નેહે પ્રિય ગણે છે. વધારે પરિચય ન કરવો જોઈએ, તે મેં કર્યો, તેનો પણ ખેદ થાય છે.'**

મુમુક્ષુઓનો પરિચય ન કરવો જોઈએ તે કર્યો એનો પણ મને ખેદ થાય છે. એ બહુ લાંબો પત્ર છે. એ બધા દર્શનપરિષહના ભાવો છે. સ્પષ્ટ આવ્યા છે. (અહીં સુધી રાખીએ...)

જિજ્ઞાસા :- ભેદજ્ઞાનનો પ્રયોગ મુમુક્ષુને ભાવભાસન થયાં પહેલાં કઈ રીતે થાય ? અને તેમાં આભાસ ઉત્પન્ન ન થાય, તેવી નિઃશંકતા રહે ખરી ?

સમાધાન :- જો અવલોકન, આત્મકલ્યાણના લક્ષે, યથાર્થ ચાલતું હોય, તો આભાસ ઉત્પન્ન થવાની શક્યતા નથી. કારણકે યથાર્થ અવલોકનમાં જ્ઞાનની નિર્મળતા કેળવાય છે. અવલોકન પદ્ધતિથી જ્ઞાનની શુદ્ધતા, વ્યાપકતા, અને વેદકતા દ્વારા ભિન્નતાનો અહેસાસ થાય તો સ્વભાવનું ભાવભાસન થવાનો અવસર આવે અને પ્રયોગથી પ્રાપ્ત વિકાસ દ્વારા નિઃશંકતા રહે છે. જ્યાં કલ્પિત ભાવો હોય, ત્યાં આભાસ હોય થાય છે, અને શંકા રહે છે. (અનુભવસંજીવની - ૧૪૧૮)

## તા. ૫-૧૧-૧૯૮૫, પાના નં.૨૧, ૨૨, પ્રવચન નં. ૫૩

... દૃષ્ટાંતથી .. સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે છે એ બતાવે છે.

જેમ કોઈને આંખ ઉપર ચામડીનો લપેટો જન્મથી હોય છે. એને દૂર કરતાં એ દેખવા લાગે છે. '**એ પ્રમાણે જ્ઞાનદર્શનના નયનો અનાદિ કાળથી અવરાયેલા થઈને ચાલ્યા આવે છે.**' અવરાયેલા છે એટલે કઈ બાબતમાં અવરાયેલા છે ? કે જે પોતાના સ્વરૂપને જોઈ શકતા નથી. આમ તો જ્ઞાન-દર્શન જેટલા કામ કરે છે એ તો ઉઘાડરૂપ છે. એટલે એટલું તો જ્ઞાન-દર્શન ખુલ્લું છે. છતાં એમાં આવરણ એ પ્રકારનું છે કે તે પોતાના સ્વરૂપને જોઈ શકતા નથી, દેખી શકતા નથી.

આવું જે સ્વરૂપને નહિ જોવા સંબંધીનું આવરણ છે તે આવરણ પરને જોવાના, પરને એકત્વપણે અનુભવન કરીને જાણવા-દેખવાના પ્રકારને લઈને છે. જીવ પરપદાર્થને જાણતાં પરપદાર્થ સાથે એકતા સાધે છે, એકત્વ કરે છે. એટલે જ્ઞાન, જ્ઞાનનિષ્ઠ થઈને પ્રવર્તતું નથી પણ જ્ઞેયનિષ્ઠપણે પ્રવર્તે છે. અથવા જ્ઞાન, જ્ઞેયનિમગ્નપણે પરિણમે છે. જ્ઞાન, જ્ઞાનનિમગ્ન થઈને પરિણમતું નથી. તેથી તે જ્ઞાન એકાંતે માત્ર જ્ઞેયને જ જાણે છે. એકાંતે જ્ઞેયને જાણે છે અને તે જ્ઞાન પોતાને જાણતું નથી. આ સ્થિતિ ઊભી થાય છે.

'**ત્યારે શ્રી ગુરુરૂપી તબીબ (નૈત્રવૈદ્ય) મળ્યા.**' અહીંયાં નેત્રનો દૃષ્ટાંત છે એટલે એમ લીધું. અથવા જ્ઞાનનું સ્વરૂપ બતાવનારા, જ્ઞાન-દર્શનનું સ્વરૂપ બતાવનારા શ્રીગુરુ મળ્યા.

મુમુક્ષુ :- શ્રીગુરુ તો આવે જ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનિવાર્ય પરિસ્થિતિ છે. ગુરુ કાંઈ કરી દેતા નથી છતાં પણ વચ્ચે આવ્યા વિના રહેતા નથી. આવું છે. 'શ્રીમદ્જી'એ ગાયું ને ? કે 'બિના નયન પામે નહિ, બિના નયન કી બાત. સેવે સદ્ગુરુકે ચરણ સો પાવે સાક્ષાત.' તો પણ કાંઈ કરી દેતા નથી. નિમિત્ત

અને ઉપાદાનનું જ્ઞાન તો એવી રીતે કરાવો છો કે ગુરુ જ પાછા એવું જ્ઞાન કરાવે છે. એ જ ગુરુ એવું જ્ઞાન કરાવે કે નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરતું નથી. અને છતાં એનું નિમિતતત્ત્વ વચ્ચે આવ્યા વિના રહેતું નથી.

'ગુરુદેવ'શ્રી પોતાના પ્રવચનમાં ખુલાસો કરતા ત્યારે એવી રીતે કરતા કે નિમિત્તથી કાર્ય થાય (એમ માને) એ તો મિથ્યાષ્ટિ છે. પણ આ પ્રકારે નિમિત્ત વિના પણ કાર્ય થાય એમ માને એ પણ મિથ્યાદષ્ટિ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષનું નિમિતતત્ત્વ ન સ્વીકારે તે મિથ્યાષ્ટિ છે અને એ નિમિતતત્ત્વને ઉપાદાનના સ્થાનમાં ખતવે તો એ પણ મિથ્યાષ્ટિ છે. બેય વાતે સ્પષ્ટ કરતા હતા.

**'ત્યારે જ્ઞાનાવરણને દૂર કરવાનો ઉપાય બતાવતાં જ, તેના શ્રદ્ધાનથી (આવરણ) દૂર થયું.'** ઉપાય તો બતાવ્યો પણ જેણે શ્રદ્ધાન કર્યું એને આવરણ દૂર થયું. માત્ર બતાવ્યું તેથી દૂર થયું એમ ન લીધું. બતાવ્યું અને જેને બતાવ્યું એણે શ્રદ્ધ્યું ત્યારે આવરણ દૂર થયું. **'ત્યારે પોતે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ જોયું...' 'ત્યારે પોતે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ જોયુ ત્યારે અનંત સુખી થયો.'** જ્યારે શ્રદ્ધાન થયું અને સ્વાનુભૂતિનું આવરણ ગયું, ત્યારે પોતે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ પોતામાં જ જોયું. કે મારામાંથી જ્ઞાનનો પ્રવાહ સતત ચાલે છે. જ્ઞાનની જ્યોતિ છે એ જ્યોતિસ્વરૂપ આત્મા હું ત્રિકાળ અખંડ સ્વરૂપે છું. પરિણામમાં ઉત્પાદ-વ્યયનો ખંડ પણ મારામાં નથી. એવું અખંડ જ્યોતિસ્વરૂપ પદ ધ્રુવપદ જોયું.

અહીંયાં એ ધ્રુવપદની વાત છે. ભલે જોયું (એ) પર્યાયથી જોયું, પર્યાયના નિમિત્તે જોયું. પર્યાયના લક્ષમાંથી આખા સ્વભાવને લક્ષમાં લીધું પર્યાય ઉપરથી. પર્યાય દ્વારા જોયું દ્રવ્યને. **'ત્યારે અનંત સુખી થયો.'** ત્યારે જે અંદરમાં સુખ હતું એ સુખ વ્યક્ત થયું. કેટલું વ્યક્ત થયું ? કે અનંત સુખ પ્રગટ થયું. એ વિશેષતા છે. માત્ર આત્મજ્ઞાન થાય છે ત્યારે આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે એટલું જ બનતું નથી, સાથે સાથે આત્માનો આનંદ પણ ઉત્પન્ન થઈ આવે છે અને આત્માના સુખની પરિણતિ પણ ચાલુ થઈ જાય છે. એ વાત શ્રીગુરુને વચમાં નિમિત્તરૂપે રાખીને સ્પષ્ટ કરી છે. એ એમની શૈલી છે.

જ્યાં જ્યાં એ સ્વરૂપ પ્રાપ્તિનો વિષય આવે છે ત્યાં ત્યાં શ્રીગુરુને

વચમાં પોતે સ્મરણમાં લે છે, યાદદાસ્તમાં લ્યે છે.

હવે કેટલાક ભ્રમણાના દૃષ્ટાંત આપે છે. '**દોરડીમાં સાપ નથી, છીપમાં રૂપું નથી, ઝાંઝવામાં જળ નથી, કાચના મંદિરમાં બીજો શ્વાન નથી, કસ્તૂરીમૃગની બહાર સુગંધ નથી, ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી. (બરણીમાં) વાંદરાની મુઠી કોઈએ ઝાલી નથી, કૂવામાં બીજો સિંહ નથી, એ પ્રમાણે બીજો કોઈ નથી, પોતાની જૂઠી ભૂલ છે તેથી પોતે (જ) દુઃખ પામે છે.**'

કોઈ કુગુરુએ રખડાવ્યા એમ ન લીધું. કુગુરુના સંગમાં ગયો હતો તું તારી મેળે ગયો છો. તારી સમજણથી ગયો છો. કોઈને કોઈ પ્રકારે તેં સ્વીકાર કર્યો છે. બાકી કુગુરુએ તને રખડાવ્યો છે એ વાત નથી. અથવા કોઈ નિમિત્તને લઈને તેં અપરાધ કર્યો છે, અપરાધો કર્યા છે એમ પણ નથી.

દોરડી સાપ જેવી દેખાય તો પણ દોરડીમાં સાપ ત્રણકાળમાં નથી. વાંકીચૂકી પડેલી હોય તો પણ દોરડીમાં તો સાપ નથી જ. છીપની ચળકાટ અંદર ચાંદી-રૂપા જેવી છીપ દેખાય. અંદરનું જે તળિયું હોય છે એ એકદમ રૂપેરી ચમકવાળી છીપ દેખાય છે પણ એમાં રૂપુ બિલકુલ નથી. '**છીપમાં રૂપું નથી. ઝાંઝવામાં જળ નથી.**' ઝાંઝવામાં પાણીનું સરોવર દેખાય તો પણ ત્યાં પાણીનો એક છાંટો નથી.

'**કાચના મંદિરમાં બીજો શ્વાન નથી,...**' કાચના મંદિર બનાવે છે ને ? ...માં છે. દિવાલની અંદર બધે કાચના કટકા લગાડી દીધા હોય. (એમાં) અનેક પ્રતિબિંબ પડે છે. કૂતરાને એમ લાગે છે કે આ ઘણા કૂતરા મારી ફરતા મને ઘેરી વળ્યા છે. અને પોતે ભસે છે ત્યારે એને પણ એ ભસતા જોવે છે. પ્રતિબિંબ છે ને ? પોતે ભસે છે તો એ પણ એને ભસતા દેખાય છે. એને એમ થાય છે કે ઘણા કૂતરાઓ મને ચારે બાજુથી ઘેરી વળ્યા છે. ચારે બાજુ જુએ તો એને પોતાનું જ પ્રતિબિંબ દેખાય છે. પણ બીજો કોઈ શ્વાન નથી. એ એકલો જ છે ત્યાં. બીજો કોઈ શ્વાન એમાં નથી. '**કાચના મંદિરમાં બીજો શ્વાન નથી.**'

'**કસ્તૂરીમૃગની બહાર સુગંધ નથી,...**' કસ્તૂરીમૃગ પણ જંગલમાં એ સુગંધને શોધવા માટે ભાગાભાગ કરે છે. માઈલોના માઈલો દોડી દોડીને થાકીને મરી જાય છે. એની ડૂંટીમાં જે કસ્તુરી છે એની એને

ખબર નથી. પણ એ સુગંધ માટે એટલો રખડે છે કે રખડી રખડીને મરે. એમ સુખ અને આનંદના જીવના સ્વરૂપમાં છે પણ એ બહારમાં લેવા માટે જીંદગીની જીંદગી ભવોભવ પરિશ્રમ કરે છે. અનંત ભવ સુધી એણે એક જ પરિશ્રમ કર્યો છે કે ક્યાંય બહારથી સુખ મળે. પણ ક્યાંય બહારથી સુખ મળતું નથી. '**કસ્તૂરીમૃગની બહાર સુગંધ નથી,...**'

'**ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી.**' પોતે ને પોતે પકડાઈ ગયો છે. જીવતો પોપટ પકડે છે. એ ભૂંગળીમાં પોતે ને પોતે ઊંધો થઈ જાય છે ત્યારે પોતાની ઉડવાની શક્તિને એ ભૂલે છે. 'જ્યોં નભ શુક ચાલ વિસરી.' શુક એટલે પોપટ. નભ એટલે આકાશમાં ઉડવાની ગતિ, ચાલની શક્તિ એ વિસ્મરણ પામ્યો તો એ પકડાણો છે. એમ સંયોગ વિના મને શું આધાર છે ? રૂપિયા વિના હું શું કરીશ ? રોટલા વિના હું શું કરીશ ? આહાર-પાણી વિના હું શું કરીશ ? હવા-પાણી વિના હું શું કરીશ ? એમ એ પકડાણો છે. પણ તું કોઈના વિના પણ અનાદિઅનંત જીવત્વશક્તિને લઈને જીવી શકે એવું તારું પોતાનું સામર્થ્ય છે. એ સામર્થ્યને જીવ ભૂલે છે. '**ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી,...**'

'**(બરણીમાં) વાંદરાની મૂઠી કોઈએ ઝાલી નથી,...**' આ સાંકડા મોઢાનો ઘડો હોય છે, બરણી હોય છે. એની અંદર ખાવાની ચીજ નાખી હોય અને વાંદરો અંદર હાથ નાખે. મુઠી ભરે. ખાલી હાથ તો માંડ માંડ ગયો પણ મુઠ્ઠી ભરેલો હાથ નીકળી શકે એવું નથી. મોઢું એટલું સાકડું છે કે મુઠ્ઠી કરતા પંજો પહોળો થઈ ગયો. સાંકડો પંજો કરીને અંદર ગયો ત્યારે તો હાથ ગયો. મુઠ્ઠી ભરીને બહાર ખેંચે છે તો એમ થાય કે હું લેવા ગયો અને મને કોઈકે પકડ્યો. હું અંદરથી ચીજ લેવા ગયો અને મારો હાથ કોઈકે પકડી લીધો. એને એવો ભ્રમ થાય છે. પણ એણે મુઠ્ઠી ભરી છે એટલે હાથ નીકળે એવું નથી. જ્યાં સુધી મુઠ્ઠીમાંની ચીજ મૂકે નહિ ત્યાં સુધી હાથ નીકળે નહિ. અને મુઠ્ઠીમાંની ચીજ તો મૂકી શકાય નહિ. કેમકે એટલા માટે તો એણે અંદર હાથ નાખ્યો છે. આ દશા છે. એ એને ભ્રમ થાય છે. '**વાંદરાની મુઠ્ઠી કોઈએ ઝાલી નથી,...**'

'**કૂવામાં બીજો સિંહ નથી,...**' પાણી પીવા માટે જેવું કૂવામાં ડોકિયું કરે છે (કે) પોતાનું જ પ્રતિબિંબ જોવે છે. એને એમ થાય છે કે

અંદર કો'ક મારો દુશ્મન છે. મારી સામે કો'ક ઊભા રહેવાવાળો છે. પણ ખરેખર કૂવામાં કોઈ બીજો સિંહ નથી.

**'એ પ્રમાણે બીજો કોઈ નથી.'** પોતાને નુકસાન કરનાર, પોતાને રખડાવનાર, પરિભ્રમણ કરાવનાર આ જગતમાં બીજો કોઈ નથી. કોઈ નિમિત્ત એને કાંઈ નથી રખડાવતું, નુકસાન કરાવતું. કોઈ અપરાધ રાગ-દ્વેષ, મોહ કરાવનાર બીજો કોઈ નથી. કર્મનો ઉદય નથી, લ્યો એમ કહે છે. આ બધા તો દેખાય એવા છે. કર્મનો ઉદય એને રખડાવે છે એમ પણ નથી.

**'પોતાની જૂઠી ભૂલ છે તેથી પોતે (જ) દુઃખ પામે છે.'** પોતાના ઊંધા પરિણામથી, પોતાના વિપરીત મલિન પરિણામથી પોતે જ દુઃખ પામે છે. પોતાના સુખને ભૂલીને જ્યાં સુખ નથી ત્યાંથી સુખ લેવા જતાં પોતે જ દુઃખને પામે છે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' ખરેખર તો એ સુખ પ્રાપ્તિ કરવાના પરિણામમાં એ સુખ ઉપર કુહાડો મારે છે. દુઃખને પ્રાપ્ત કરે છે ખરેખર તો.

**'સાચ (સત્ય) જાણતા સદા સુખી થઈએ.'** સત્યને જો જાણવામાં આવે, પોતાનું સત્ય સ્વરૂપ જાણે તો સદાને માટે સુખી થાય. જાણે ત્યારે જ સુખી થાય એમ નહિ. સદાને માટે સુખી થાય. આવું છે. **'આ આત્મા સુખને અર્થે અનેક ઉપાય કરે છે. દેશ, દેશ ફરે છે,...'** પોતે જ્યાં જન્મ્યો હોય, જ્યાં પોતાના સગા, પરિવાર, કુટુંબ હોય એ બધું છોડીને દેશ, દેશ ફરે છે. **'લક્ષ્મી કમાઈ સુખ ભોગવે છે. અથવા પરલોકના સુખને અર્થે અનેક પરિષહ સહે છે,...'** આ લોકના સુખ માટે અથવા પરલોકના સુખને અર્થે પણ અનેક પરિષહ સહન કરે છે. દેશદેશાટન કરે, અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠે. એ સુખ પ્રાપ્ત કરવા માટે બધું કરવા તૈયાર થાય છે. પરંતુ **'સુખનું નિધાન નિજ સ્વરૂપને જાણતો નથી.'** સુખ માટે તો અનેક પ્રયત્ન કરે છે. મનુષ્ય જ કરે છે એવું નથી. પ્રાણીમાત્ર કીડી પણ કીડીના દરની બહાર નીકળે છે એ સુખની શોધમાં છે. કહેવાય કે કણની શોધમાં છે. પણ કણ પાછળ જીવનો અભિપ્રાય તો સુખનો જ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ તો શું છે કે આ લોકના સુખને માટે

પ્રયત્ન કરે છે અને કોઈ પરલોકના સુખને માટે પ્રયત્ન કરે છે કે ભઈ ! અત્યારે આપણને કાંઈક મળ્યું છે તો દાન આપો. હાથે તે સાથે. અત્યારે આપશું તો આપણને આવતા ભવમાં કાંઈને કાંઈ એનું ફળ મળશે. અથવા અત્યારે દુઃખ વેઠીને, ભૂખ-તૃષા વેઠીને પણ આ તપશ્ચરણાદિ કરો. વ્રત, ઉપવાસાદિ કરો. તો આવતા ભવમાં આપણને એનું પુણ્યબંધ મળશે અને પુણ્યના ફળમાં સુખી થઈશું. જો કે પુણ્યને ધર્મ માને છે. અને ધર્મ કરશું ને ધર્મના ફળમાં સુખી થઈશું. એવી રીતે કાંઈને કાંઈ પણ સુખનો આશય છે. જે કાંઈ દુઃખ વેઠે છે એની પાછળ પણ એ સ્વવશપણે દુઃખ વેઠે છે તો એની પાછળ એનો આશય તો સુખ પ્રાપ્ત કરવાનો છે. અહીંયાં એમ...

મુમુક્ષુ :- પરલોક ...

પૂજ્ય ભાઈશ્રી :- પરલોક એટલે સ્વર્ગ. બીજા ભવમાં એટલે મોટાભાગે તો એ સ્વર્ગના સુખને જ ઇચ્છે છે. અન્ય મતમાં તો સ્પષ્ટ એ લાલચ આપી છે કે તું આમ કર તો તને આમ મળે. અને આમ કર તો તને આમ મળે. અહીંયાં પણ હવે કહેવાતા જૈન સંપ્રદાયમાં એ બધું દેખાડવાનું શરૂ થઈ ગયું છે. તું આમ કર. ભગવાનની પ્રતિમાની સ્થાપના કર. તને સ્વર્ગ મળશે, તને ફલાણું મળશે, તને આ મળશે, તને આ મળશે. દેવલોકમાં જઈશ તું. ફલાણું કરીશ. આટલામાં સ્વર્ગમાં, પાંચમાં સ્વર્ગમાં જઈશ અને સોળમાં સ્વર્ગમાં જઈશ. એ બધું બતાવે છે. અહીંયાં ને અહીંયાં. સુખ આત્મામાં છે એ બતાવનારા આત્મજ્ઞાની કો'ક હોય છે, એ વિરલ હોય છે. બહારમાં સુખ મળે છે એવી ભ્રાંતિ અનાદિથી જીવને છે. ધર્મના ક્ષેત્રમાં પણ એ જ ભ્રાંતિથી પ્રાયઃ મનુષ્યનો પ્રવાહ ચાલે છે. મનુષ્યમાં જ વધારે છે ને ધર્મનું તો.

**'સુખનું નિધાન નિજ સ્વરૂપને જાણતો નથી.'** પોતે જ સુખનું નિધાન છે. અનંત... અનંત.. અનંત... સુખ ભર્યું છે. એટલું સુખ ભર્યું છે કે એ સુખની સન્મુખ થઈને જોવે ત્યાં પરિણામમાં સુખ વ્યાપી જાય છે. સુખાનુભવ, સુખામૃતનો અનુભવ થાય છે. એવું સુખ છે. જેની સન્મુખ થતાં. કેટલું સુખ છે એનો એક અંદાજ કારણશુદ્ધપર્યાય ઉપરથી (આવી શકે).

કારણશુદ્ધપર્યાય જે 'નિયમસાર'ની ૧૫મી ગાથાનો વિષય છે

એના ઉપરથી એકવાર 'ગુરુદેવે' એ વાત લીધી કે પર્યાય દ્રવ્યરૂપ થતી નથી. પર્યાય તો પર્યાયરૂપે રહે છે. તેમ પર્યાય દ્રવ્યમાં મળતી નથી, અંદર જતી નથી. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. બંને પોતપોતાના સ્થાનમાં એકબીજાને સ્પર્શ્યા વિના રહે છે. સ્પર્શે તો એક થઈ જાય. તો પછી આ જે આનંદ છે, એ આવે છે કેવી રીતે આત્મામાં ? કે એટલો બધો આનંદ અને એટલું બધું સુખ છે કે માત્ર એના વર્તમાનને જોતાં અહીંયાં પરમાનંદ અને વર્તમાનને જોતાં કેવળજ્ઞાન ઊપજે છે.

જોનાર એવી જે અવસ્થા છે એ સન્મુખ થાય છે. તો સન્મુખ થાય છે ત્યારે તો એના વર્તમાનને જોવે છે. વસ્તુ વર્તમાન જેટલી તો નથી, વસ્તુ તો ત્રિકાળ છે. પણ જ્યાં એના વર્તમાનને જોવે છે ત્યાં જ્ઞાન મતિ-શ્રુત પલટીને કેવળજ્ઞાન થાય છે અને આનંદ છે એ પરમાનંદરૂપે પરિણમી જાય છે.

એનો દૃષ્ટાંત એવી રીતે આપ્યો કે એની ઉપલી સપાટીને સ્પર્શે છે, જોવે છે. જેમ સાગરને-દરિયાને કોઈ જોવે તો દરિયો કેટલો ઊંડો છે એ તો એને ઊંડા જાવું પડે. એના ઊંડાણને માપવા માટે તો એના તળિયામાં જાવું પડે. પણ એ રીતે તો જોયા વિના, એટલે ઊંડે ગયા વિના, ત્રિકાળ સુધી અંદર ગયા વિના માત્ર ઉપલી સપાટીથી જે દશા સન્મુખ થાય એની આ હાલત થાય છે. શું કહેવુ છે ? કે વસ્તુનું સામર્થ્ય કેટલું ! વસ્તુનું સામર્થ્ય કેટલું !!

જેમ Electric ના Current ને સહેજ આંગળી અડી જાય. ઘણીવાર તો થોડો દૂર રહે ત્યાં એને Current લાગે. બહુ મોટો પ્રવાહ ચાલતો હોય તો ત્યાં Board મારવામાં આવે છે કે આટલા દૂર રહેવું. અહીંયાં આટલા Volt નો Current પ્રવાહ ચાલુ છે અને આટલું દૂર રહેવું. નહિતર તમે ખેંચાઈને અંદરમાં આવી જશો. તો એને પકડી તો કેવી રીતે શકાય ? દૂરથી પણ જો એ એને ઉડાડે તો એને પકડી કેવી રીતે શકાય ?

એમ આત્મામાં જે ત્રિકાળી સામર્થ્ય છે એ એટલું બધું જલદ છે કે એની અવસ્થા એની સન્મુખ થાય તો કેવળજ્ઞાન ફાટે. આટલું તો એના વર્તમાનને જોતા આ પરિસ્થિતિ છે. એનું તો ત્રિકાળ તો કેટલું બધું છે ! ઊપલી સપાટીને જોતા આમ થાય છે. એના ત્રિકાળીના ઊંડાણમાં

દ્રવ્યના સ્વભાવની ગંભીરતામાં જવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. એવી રીતે એનું માપ લીધું છે.

એવું એ સુખનું નિધાન છે એને જાણતો નથી અને સુખ માટે બહારમાં ભમે છે. '**જાણે તો તુરત સુખી થાય.**' પછી જાણે એટલે સુખનું ફળ અમુક કાળે આવે એમ નથી. આ રોકડિયો ધર્મ છે એમ કહેવું છે. ઉધારીનો ધર્મ નથી. આ વાયદાનો કોઈ વેપાર નથી. આજે ધર્મ કરે અને એનું આવતા ભવમાં ફળ મળે કે આજે ધર્મ કરે અને એને ભીડ પડે ત્યારે એને એ ધર્મ એનું ફળ કામમાં આવે એમ નથી. અત્યારે ને અત્યારે જે ક્ષણે એ પોતાના સ્વરૂપને જાણે, તે જ ક્ષણે એને સુખનો અનુભવ થાય. આત્મજ્ઞાનને અને સુખને અવિનાભાવીપણે એક કાળે ઉત્પન્ન થવાનો કાળ છે. કોઈ જુદો જુદો કાળ નથી. '**તુરત જ સુખી થાય.**'

'**જેમ બધા પુરુષની ગાંસડીમાં માણેક છે, (છતાં) તે બધાય ભ્રમથી ભૂલીને દુઃખી થઈ રહ્યા છે.**' દરિદ્રી માણસોને લ્યે છે. બધાને અંદર આ દેહરૂપી ગાંસડી છે, એમાં બધામાં ચિદાનંદ ભગવાન સુખનો સાગર ભરેલો છે. આમ તો શક્તિરૂપ તત્ત્વ છે પણ એનું સ્વરૂપ બતાવવા માટે એવી રીતે 'ગુરુદેવશ્રી'ના વચનો તો આવતા કે આ જ્ઞાનનો સાગર અને સુખનો સાગર તારામાં હીલોળા લ્યે છે. જ્ઞાનનો દરિયો ડોલે છે, સુખનો દરિયો ડોલે છે આખો. દરિયો ડોલે છે. કેમ તને દેખાતો નથી ? બતાવવા માટે એમ કરીને લે છે.

જેમ કોઈ દરિદ્રી માણસો બહારમાં લાચારી કરે પણ બધાની પાસે અંદરમાં પોતાની ગાંઠમાં માણેક છે. માણેક છે કે કિંમતી રત્ન છે. '**(છતાં) તે બધાય ભ્રમથી ભૂલીને દુઃખી થઈ રહ્યા છે.**' એ ભ્રમથી પોતાને દરિદ્રી માનીને દુઃખી થઈ રહ્યા છે. લાચારી કરે છે. '**જો ગાંસડી ખોલીને દેખે તો સુખી થાય.**' એમ જો પોતે પોતાના સ્વરૂપને અંતર્મુખ થઈને દેખે તો સુખી થાય. આટલી વાત છે. જે બાહ્યદૃષ્ટિ અને બહિર્મુખપણું સ્વરૂપના અજ્ઞાનને લઈને પ્રવર્તી રહ્યું છે, એ સ્થિતિ છોડી અને અંતર્મુખ થાય તો સુખી થાય.

'**આંધળો જો કૂવામાં પડે તો અચરજ નહિ, દેખતો પડે તો અચરજ.**' એમ કહેવું છે. કેવી વાત લીધી છે ! કોઈ અંધ મનુષ્ય

ચાલતા ચાલતા કૂવામાં પડી જાય. પાળ કૂવાને ન હોય તો ચાલતા ચાલતા એ કૂવામાં પડી જાય. પડી જાય, આંધળો છે, નથી જોતો તો બિચારો પડી જાય. પણ દેખતો માણસ પણ કૂવામાં પડે એ એક આશ્ચર્યવાળી વાત છે.

એમ જે અસંજ્ઞી જીવો છે એને તો કયા પરિણામ થાય તો પોતાના આત્માને નુકસાન છે, કયા પરિણામ થાય તો પોતાના આત્માને લાભ છે, એવો વિવેક વિચાર કરવાનો એને તો પ્રસંગ નથી. પોતાના જ્ઞાનસ્વભાવની વિરાધના કરતાં કરતાં એટલી હદે વિરાધના કરી કે એને મન પણ ચાલ્યું ગયું. તો એને પોતાનો વિવેક કરવાનો પ્રસંગ રહેતો નથી. પણ જ્યાં તું તારા સુખ-દુઃખનો અને હિત-અહિતનો વિચાર કરી શકે છો ત્યાં પણ તું તને અહિત થાય, સ્વભાવની વિરાધનાના પરિણામમાં તું ઉજમાળ થઈને ફરે, ... થઈને ફરે, એ વાત તો દેખતો કૂવામાં પડે એના જેવી છે. '**દેખતો પડે તો અચરજ.**' છે.

'**તેવી રીતે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે છતાં સંસારકૂવામાં પડે છે, એ ઘણું આશ્ચર્ય છે.**' .. કાળમાં ... આચાર્યે આ એક Point ઉપર લીધું છે. આખું 'સમયસાર' આ એક જ Point ઉપર લીધો છે. મૂળિયા તો બધા પરમાગમમાં છે ને. જીવ સ્વરૂપે જ્ઞાતા-દ્રષ્ટા હોવા છતાં એ પરપદાર્થનો અને રાગાદિનો કર્તા-હર્તા થાય છે. હું કરું છું અને એને મટાડી શકું છું. હરું છું. કરું છું અને હરું છું-બેય એમાં લે છે. ત્યાગુ છું અને ગ્રહુ છું. ગ્રહણ, ત્યાગ, કરવું, ભોગવવું બધું એમાં આવી ગયું. એ સંસાર છે.

'**તેવી રીતે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે...**' પ્રગટપણે જ્ઞાતા-દ્રષ્ટા છે. વિચાર એ કર્તવ્ય છે કે જો એમ કહેવામાં આવે છે કે તું જ્ઞાનસ્વભાવી હોવાથી માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છો. પણ તું રાગાદિ સ્વરૂપે અને દેહાદિ સ્વરૂપે નથી. તો રાગાદિ સ્વરૂપે અને દેહાદિ સ્વરૂપે છું, એવો અનુભવ મિથ્યા છે કે સાચો એ તપાસ કરવા તું કર. તપાસ કરીને એ સંમત કરે. માત્ર કહ્યું છે માટે સંમત કરવું, એ વાત તો અહીંયાં નથી. પણ કહેનારના વચનોની પરીક્ષા કરીને વસ્તુસ્થિતિની તપાસ કરે કે તું દેહાદિસ્વરૂપ હોય તો દેહનો ત્યાગ તું કેમ કરે છો ? જો આત્મા દેહ સ્વરૂપે હોય તો દેહ તો છૂટી જાય છે, જુદો પડે છે. આત્મા દેહસ્વરૂપે નથી, એ વાત તો

પ્રગટપણે બધાના અનુભવથી એ વાત સમજાય એવી વાત છે. હવે રાગાદિ સ્વરૂપે છું, તો રાગ મટતાં તો તારું સ્વરૂપ મટી જવું જોઈએ. તારી હયાતી મટી જાય છે ? અનેક પ્રકારના રાગ અને વિભાવ છૂટી જાય છે, એનો નાશ થાય છે, એ વખતે તારો નાશ થાય છે ? તારી હયાતી તો એમ ને એમ ઊભી રહે છે.

કહેનાર જ્ઞાની એમ કહે છે કે તું રાગસ્વરૂપે અને દેહસ્વરૂપે નથી અને તું જ્ઞાનસ્વરૂપે છો. તો જ્ઞાનસ્વરૂપે તો સદાય તું (રહ્યો છો). ક્યારેય જ્ઞાન મટે છે, જ્ઞાનનો નાશ થાય છે, જ્ઞાનનો અભાવ થાય છે એવું તો બનતું નથી. તપાસ કરે તો બરાબર એને પોતાથી એ વાત પ્રતીતિમાં આવે એવી છે કે ખરેખર જીવ જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપે પોતે છે અને રાગાદિ સ્વરૂપે કે દેહાદિ સ્વરૂપે નથી. એમ પોતે સમજી શકે એવું છે, દેખી શકે એવું છે. છતાં પણ એ સંસારના કૂવામાં પડે છે. રાગ-દ્વેષનો કર્તા થાય છે. શરીરની ક્રિયાનો કર્તા-હર્તા થાય છે. પરપદાર્થની ક્રિયાનો કર્તા-હર્તા થાય છે.

મુમુક્ષુ :- દેહાદિ સ્વરૂપે અને રાગાદિ સ્વરૂપે નથી, એમાં વિશેષ શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- દેહ સ્વરૂપે હોય તો કરી શકે. કર્તા-કર્મપણું એક પદાર્થમાં સંભવે છે. ભિન્ન પદાર્થમાં કર્તાકર્મપણું સંભવતું નથી. કેમ કે એના કારકો જુદા છે. કાર્ય કરનારી શક્તિઓ જુદી છે. ભિન્ન પદાર્થને પોતાપોતાની શક્તિઓ છે. એટલે તો રાગના કારકો જુદા અને જ્ઞાનના કારકો જુદા છે, એમ લેવામાં આવે છે.

**'સંસારકૂવામાં પડે છે, એ ઘણું આશ્ચર્ય છે. મોહરૂપી ઠગે એના માથે ભૂરકી નાખી,...'** છે. જેમ કોઈ બીજો માણસ ભૂરકી નાખે એવી રીતે. મોહ તો પોતાનો જ ભાવ છે. મોહ કોઈ બીજો નાખી દે છે એમ નથી. પણ દર્શનમોહનો એક દૃષ્ટાંત આપે છે. ઉદાહરણથી સમજાવે છે કે જેમ કોઈ બીજા ઉપર બીજા વશીકરણ કરે અને એને પોતાને ખ્યાલ ન રહે કે પોતે શું કરે છે અને પોતે શું નથી કરતો. એ પોતે પોતાનું ભાન ભૂલે છે. એમ દર્શનમોહ છે એ એવો છે.

**'તેથી પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે.'** મોહરૂપી ઠગે એના માથે ભૂરકી નાખી, એમ કહે છે. આ કહે છે ને કે ભાઈ !

તમને કોઈકે ભૂરકી નાખી લાગે છે. તમે એનું માનો છો. એનું એ માને અને બીજાનું ન માને તો એમ કહે કે તમને એણે ભૂરખી નાખી દીધી છે. એટલે તમે એની ખોટી વાત પણ સાચી માનો છે. અથવા ખોટી વાત તમને ખોટી દેખાતી નથી. આ તો પ્રસિદ્ધ(પણે) લોકો માને છે ને ? એમ અહીંયાં મોહને ઠગ બનાવ્યો છે. પોતે ઠગાઈ જાય છે ને એટલે. પોતાનો જ ભાવ છે આ તો.

મુમુક્ષુ :- પોતે જ ઠગ થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એ જ છે. પોતે જ પોતાનો દુશ્મન છે અને પોતે જ પોતાનો શત્રુ છે.

**'મોહરૂપી ઠગે એના માથે ભૂરકી નાખી તેથી પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે.'** રાગને પોતાનું ઘર માન્યું છે અને સંયોગને પોતાનું ઘર માન્યું છે. અને આત્મા જે જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાનું ઘર છે એને એ ભૂલ્યો છે. એટલા માટે તો જ્ઞાનીઓ એનું ઘર બતાવે છે ત્યારે એને વૈભવવાળું ઘર બતાવે છે. ભાઈ ! તારા ઘરમાં અનંતો વૈભવ પડ્યો છે. ગુણવૈભવ પણ અનંતો છે. અને એક એક ગુણ છે એનો વૈભવ પણ માપી શકાય એવો નથી. એક એક ગુણનો વૈભવ માપી શકાય એવો નથી. એવા આકાશના પ્રદેશોની સંખ્યા કરતા પણ અનંત અનંત ગુણ છે. આકાશના પ્રદેશોની સંખ્યા અનંત. એને અનંતે અનંત ગુણે એના કરતાં પણ તારા ગુણો અનંત. આટલો બધો વૈભવ તારામાં ભર્યો છે. એમ બતાવે છે.

મુમુક્ષુ :- આટલો બધો વૈભવ છે તો પણ વશીકરણ જેવું ...

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખે તો થાય. એવા વૈભવને ઓળખે તો એનું વશીકરણ થઈ જાય, એની આસક્તિ થઈ જાય. ગુણની આસક્તિ થાય. ગુણ પ્રત્યે આકર્ષણ થાય.

મોટી વાત તો સુખની છે. આ જીવને ગમે તેમ કરીને, જે તે કરીને પણ સુખ જ જોઈએ છે. આ તો નિર્વિવાદ વિષય છે. સુખ જોઈએ, બસ, ગમે તેમ કરીને. અપરાધ કરીને કે નિરપરાધ કરીને પણ સુખ જ જોઈએ. એમાં તો કાંઈ સવાલ નથી. હવે જો એ સ્વરૂપને જુએ તો એક સુખગુણ છે, એમાં એટલું બધું સુખ છે, કોઈ એટલું બધું સુખ છે કે એ સુખ જોવે તો એને એ સુખની પાછળ એનો ઉપયોગ અને એના સમગ્ર

પરિણામ એ બાજુ ખેંચાયા વિના રહે નહિ. એટલું સુખ ભર્યું છે. એક સુખસ્વરૂપે પોતાને ઓળખે.

પહેલા તો સાચા સુખની શોધમાં ઊપડે કે સુખ ક્યાંય થતું નથી. બધે જ જ્યાં જ્યાં સુખ માટે પરિણામ જાય છે, ત્યાંથી બધેથી અતૃપ્તિ લઈને એ પરિણામ પાછું ફરે છે. ક્યાંય સુખની તૃપ્તિ નથી. તો પછી સુખ છે ક્યાં ? આ સુખ પાછળ એક વાર સુખની શોધ સરખી ચલાવે ને તો એને અંતરમાં આવવું પડે એવું છે. સુખની શોધ પાછળ જાય તો એને સુખ માટે અંદરમાં આવવું પડે. અને અંદરમાં આવે તો એટલું બધું સુખ છે કે એના સમગ્ર પરિણામ, બધા જ ગુણના પરિણામ એ સુખના સાગરની અંદર ખેંચાયા વગર રહે નહિ. એટલું બધું સુખ છે. પણ ફક્ત સવાલ જે સમસ્યા છે, જે પ્રશ્ન છે એ ઓળખવાનો છે.

એટલે પોકારી પોકારીને જ્ઞાનીઓ કહે છે કે એકવાર આત્માને ઓળખો. ગમે તેમ કરીને એકવાર પણ તમે આત્માને ઓળખો. ગમે તેમ કરીને એટલે યથાર્થ પ્રકારે. પણ બધી જ પ્રતિકૂળતાને ગૌણ કરીને, બધી જ બીજી વાતોને ગૌણ કરીને, બધું જ ગૌણ કરીને, જગત આખાને ગૌણ કરીને એકવાર આત્માને ઓળખો, એમ કહેવામાં આવે છે. ફક્ત ઉપદેશાત્મક જે Tone છે એ તો બહુ ટૂંકો છે કે આત્માને ઓળખીને એકાગ્ર થાવ. પણ એકાગ્ર થાવ એ કહેવાની પણ જરૂર નથી. ઓળખે તો એકાગ્ર થયા વિના રહે નહિ. ઓળખ એવી ચીજ છે કે જો ઓળખે તો એમાં એકાગ્ર થયા વિના રહે નહિ. ઓળખે તો બસ છે. એટલી વાત છે.

તમામ શાસ્ત્રોનો વિસ્તાર છે, એ મુખ્ય વિસ્તાર તો આત્માને ઓળખાવવા માટે છે. પછી તો ઓળખ્યા છે એને કેટલોક બોધ છે, એ વિભાગ નાનો છે ખરેખર તો. ઉપદેશબોધનો સત્‌શાસ્ત્રની અંદર જે વિભાગ છે એમાં મોટો વિભાગ તો સ્વરૂપને ઓળખવા માટે છે. સ્વરૂપને ઓળખ્યું છે અને એમાં સ્થિરતા માટેનો જે બોધ છે, ઉપર ઉપરના ગુણસ્થાનવાળાને શ્રાવકોને, મુનિઓને જે બોધ છે એ વિભાગ તો બહુ થોડો છે. કેમ કે એને તો એ ઉપદેશ અંદર સ્વયંથી પણ મળવાનો છે. ચાવી તો એના હાથમાં આવી ગઈ છે. બોધસ્વરૂપ નિજ આત્મા તો એને હાથમાં આવી ગયો છે. એટલે એ તો આગળ વધતો

જ જાય છે. છતાં પણ ઉપદેશની પરંપરામાં એ વિષય બાદ નથી, એનો અભાવ નથી. પણ એ વિષયનો વિસ્તાર એટલો નથી જેટલો વિસ્તાર અનાદિથી અનંત કાળ સુધી રખડી રહ્યો છે એ જીવને સમજાવવાની જરૂર પડે છે, એટલી સમજેલાને સમજાવવાની જરૂર પડતી નથી. આમ છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ પછીની અવસ્થામાં વધારે જોઈએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછીની અવસ્થામાં પુરુષાર્થ વધારે આપોઆપ જ થાય છે. એને કરવો પડે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બોધ ઓછો અને પુરુષાર્થ વધારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ વધે છે ત્યાં.

મુમુક્ષુ :- ઓળખવાની ...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો એ જરૂર છે. જેને જે જરૂર છે એ વાત છે ને ? એને તો ઓળખવા માટે અનેક પડખેથી સમજાવવો પડે છે. કેમ કે અનેક પડખેથી ભૂલ્યો છે. મિથ્યાત્વના પણ અસંખ્ય પ્રકાર છે. અનેક પ્રકારે ભૂલ્યો છે. કોઈ આમથી... કોઈ આમથી... કોઈ આમથી. બધાના સમાધાન છે. બોધનો વિસ્તાર છે એમાં બધાના સમાધાન છે. કોઈ સમાધાન નથી એવું નથી. નાસ્તિકમાં નાસ્તિક જીવ હોય તો પણ એના માટેનો ખુલાસો છે. એ વિસ્તાર ઘણો છે. શું કહે છે ?

**'મોહરૂપી ઠગે એના માથે ભૂરખી નાખી તેથી પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે.'** આ જીવને એટલી બધી ઉદયભાવની અને ઉદયના પ્રસંગોની પક્કડ છે કે એમાં સ્વપણું માનીને એ પોતાના નિજઘરને ભૂલ્યો છે. આત્માને જ ભૂલ્યો છે. હું એક આત્મા છું એ વાત એ ભૂલે છે. હું મનુષ્ય છું અને આ બધું મારે સંભાળવું આવશ્યક છે, જરૂરી છે, એની પાછળ હું આત્મા છું એ વાત ભૂલ્યો છે. આત્મા છું એમ મૂળમાં પક્કડ રાખે તો બાકીનું બધું યથાર્થપણે ચાલવા લાગે. પછી પરિણમન થાય એમાં યથાર્થતા ચાલી જતી નથી.

એ વિચારણીય વિષય છે કે જ્ઞાનીને નીચેના ગુણસ્થાને પુણ્યના અને પાપના બંને પરિણામ આવે છે. મુનિપણામાં નથી. અત્યારે તો

આ બધા જે વેશધારી મુનિઓ છે એને તો પાપના પરિણામ થાય છે. પણ એ તો મુનિ નથી એટલે થાય, સ્વભાવિક છે.

મુમુક્ષુ :- ધર્મના સ્થાને છે.

પૂજ્ય ભાઈશ્રી : હા એટલે થાય પણ મુનિદશામાં તો પાપના પરિણામ થાય નહિ. ચોથે, પાંચમે ગુણસ્થાને જે પાપના પરિણામ થાય છે અને પુણ્યના પરિણામ થાય છે, એમાં ફેર શું ? કે પુણ્યના પરિણામ થાય છે એમાં હજી કેટલોક રસ આવે છે. કેટલોક રસ ઉત્પન્ન થઈ જાય છે. પણ પાપના પરિણામમાં જ્ઞાનીને રસ હોતો નથી. એટલે એનો દૃષ્ટાંત 'ગુરુદેવ'ની ભાષામાં એવો આવતો કે જ્ઞાની ભોગઉપભોગના પરિણામને તો કાળા નાગની જેમ જુએ છે. કાળા નાગની જેમ જુએ છે. એને અશુભ પરિણામ થાય છે પણ એને એ કાળો નાગ જોવે છે. એટલે એનાથી તો એ ભયાન્વિત થાય છે.

જેમ નાગને જોવે. કાળો એટલે ઝેરી. ઝેરી નાગ હોય. એની લેશ્યાના પ્રમાણે એની બહારમાં પણ એવી સ્થિતિ થાય છે. કૃષ્ણલેશ્યાના પરિણામથી એ નાગનો ભવ થયો અને એટલો જ ક્રોધ હોય છે અને એટલું ઝેર હોય છે. માણસ એને જોઈને ડરે. એવો તો એનો બહારનો દેખાવ હોય છે. જોર જોઈને ડરે. ત્યારે પુણ્યના પરિણામમાં એને થોડો રસ આવે છે. એને પુણ્યના પરિણામ મુખ્યપણે શું છે ? કે કાં તો એને સ્વરૂપો વિકલ્પ આવે છે. કાં તો એને સર્વજ્ઞદેવ પરમાત્માની ભક્તિનો વિકલ્પ આવે છે. સામે વીતરાગતા જોવે છે. એમાં કામ સાથે સાથે શું થાય છે ? કે જ્ઞાન વીતરાગતાને જોવે છે પણ ત્યાં પુરુષાર્થ ઓછો છે એટલે ભક્તિનો વિકલ્પ, બહુમાનનો વિકલ્પ-રાગ ઉત્પન્ન થઈ જાય છે. પુરુષાર્થ ત્યાં જ્ઞાનદશામાં મંદ છે. એમ દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મી-ધર્માયતનો અને પોતાનું સ્વરૂપ (એના વિકલ્પો હોય છે).

પુરુષાર્થ, મંદ પુરુષાર્થના કાળમાં રાગ સહિત, વિકલ્પ સહિત એના પરિણામ થાય ત્યારે તે તે નિમિત્તોમાં એને શુભરાગમાં રસ આવે છે પણ અશુભરાગમાં રસ ન આવે. બેમાં એ ફેર છે. એટલે એને અઘાતિની સ્થિતિ મોટી બંધાય છે. જેમાં રસ આવે (એની સ્થિતિ મોટી પડે છે). મિથ્યાદૃષ્ટિને અશુભમાં રસ આવે છે તો એને અઘાતિની

સ્થિતિ ત્યાં મોટી બંધાય છે. અશુભની. આયુષ્ય વગેરેની. અહીંયાં શુભના બંધનમાં અઘાતિની સ્થિતિ મોટી બંધાય છે. તે ત્યાં સુધી કે કોઈ મોક્ષમાર્ગી જીવને અશુભ ઉપયોગના અને અશુભ પરિણામના કાળમાં અઘાતિનો આયુષ્યનો બંધ ન પડે. સ્થિતિ તો પડવાનો પ્રશ્ન નથી, બંધ ન પડે એને. એટલો એના વિભાવ પરિણામમાં ફેર પડે છે.

હવે એને આવરણ સાથે લઈએ. કાલનું એક પ્રકરણ છે કે જીવને દર્શન-જ્ઞાનનો ઉઘાડ છે અને એ પરપદાર્થને ઉઘાડમાં જાણે છે. છતાં એ પોતાના સ્વરૂપને કેમ નથી જાણતો ? ઉઘાડરૂપ જ્ઞાન છે, જાણરૂપ જ્ઞાન છે. અને અનેક પ્રકારે આંટીઘૂંટી હોય તો પણ એના મતિ-શ્રુતજ્ઞાનનો ઉઘાડ કામ કરે છે કે નથી કરતો ? જગતના દુનિયાદારીના અનેક જાતના વિષયો છે. એ પણ બહુ મોટી દુનિયા છે. જેમ કે ભૌતિકવિજ્ઞાનની દુનિયા છે. તો કેટલી જાતની શોધખોળ અને કેટલા પ્રકારની એની અંદર વિવિધતા ચાલી છે ! બધું જ્ઞાન જાણે છે. આવું જાણરૂપ જ્ઞાન ઘણા ઉઘાડવાળુ હોવા છતાં પોતાને કેમ ન જાણે ? કે એનો અશુભરસ તીવ્ર છે. મિથ્યાત્વ સહિતના પરિણામ છે ને એટલે એમાં અશુભરસ તીવ્ર છે.

કોઈ જીવો અશુભભાવ ન કરતા હોય તો પણ એનો અશુભરસ તીવ્ર છે. કેટલાક જીવો ધર્મના ક્ષેત્રોમાં આવી જાય છે અને અશુભ પ્રવૃત્તિ, અશુભ પ્રસંગો અને અશુભ યોગોથી છૂટેલા હોય છે. બહારમાં બાહ્યત્યાગની દશામાં ઊભા હોય તો પણ એનો અશુભરસ તીવ્ર છે. મિથ્યાત્વનો રસ છે ને. એટલે એ અશુભ રસની તીવ્રતાને લઈને એને મોટું અશુભ શું છે ? કે રાગ અને પરમાં હુંપણું, એવું જે મિથ્યાત્વ, એ મોટો અશુભ છે. એ એને આવરણ કરે છે. પોતાના સ્વરૂપને દેખવા દેતું નથી.

જ્ઞાન-દર્શન ખુલ્લા છે અને છતાં પોતાના સ્વરૂપને કેમ ન જાણે ? કે એને આવરણ છે. શેનું આવરણ છે ? કે પરમાં હુંપણે અનુભવવું એ જ એનું મોટું આવરણ છે. એટલે સ્વમાં સ્વપણાનો અનુભવ ન થાય. એટલે એ જ્ઞાન પોતાના જ અનુભવને ન જાણે. પરમાં હુંપણાનો અનુભવ કરનારું જ્ઞાન પોતે પોતાને અનુભવે છે એ છૂટી જાય, એ એને ન પકડી શકે. એ એને આવરિત રહી જાય. એ એનું આવરણ છે

ખરેખર તો.

પરમાં સ્વપણાનો અનુભવ એ જ સ્વાનુભૂતિનું આવરણ છે. એ દશા પલટો મારે તો જ એને જે અનુભવ છે એ આવિર્ભૂત થઈ જાય. અનુભવ તો છે જ. અનુભૂતિસ્વરૂપ છે આત્મા તો. અનુભવ કરવો એ તો એનો સ્વભાવ ધર્મ છે. પણ જેમ કાપડની ઘડીવાળી અવસ્થામાં ખુલ્લા કાપડનું કોઈ કાર્ય ન થાય. રૂમાલ છે (એને) ખોલી નાખો તો એની અંદર ચીજ મૂકી શકો ને એને ઉપાડી શકો. પણ ઘડીવાળીને આટલું કર્યું હોય તો એની અંદર ચીજ ભરીને શું ઉપાડી શકો ? તો ત્યાં ચીજ ભરવી હોય તો એ કાપડને ખોલવું જ રહ્યું. અવસ્થા તો એક રીતે કામ કરશે કે બે રીતે કામ કરશે ?

જે અવસ્થા પરને સ્વપણે અનુભવવાનું કામ કરી રહી છે, એ સ્વને સ્વપણે ક્યાંથી અનુભવે ? એ તો અવસ્થા પલટ્યે જ છૂટકો છે. અનુભવવું તો એનું બેયમાં છે. અનુભવરૂપ કાર્ય તો બંનેમાં છે પણ સ્વનો અનુભવ પરના અનુભવને રાખીને કોઈ કાળમાં નહિ થઈ શકે. એટલે જ્યાં જ્યાં રાગ અને પર પદાર્થના અનુભવનો પ્રસંગ છે, ત્યાં જો આ જીવને રસ આવે છે, રાગનો રસ આવે, પછી શુભાશુભ કોઈ હોય, અને જો એને પરનો રસ આવે તો એનું મિથ્યાત્વ મટે નહિ.

જ્ઞાનીને શુભનો રસ પણ મર્યાદિત છે. આ જ્ઞાનની જાગૃતિમાં છે એટલે મર્યાદિત છે. પણ અશુભમાં તો આવે જ નહિ. શુભમાં કિંચિત આવે એટલે મર્યાદિત આવે. મિથ્યાદૃષ્ટિને તો જે એકમેકપણે રસ આવે છે એ એને સ્વનો અનુભવ થવા દે નહિ. નહિતર સંજ્ઞી પંચેન્દ્રિય જીવની અવસ્થામાં સ્વનો અનુભવ કરવાનું સામર્થ્ય છે. ક્યારે ? કે પરના અને રાગના અનુભવને છોડે તો. નહિતર નહિ. આ શરત છે.

મુમુક્ષુ :- પરમાં ઘરબાઈને પડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. ઘણો ઘરબાઈને પડ્યો છે.

મુમુક્ષુ :- શું કરવું એનું ?

પૂજ્ય ભાઈશ્રી :- એની ગંભીરતા સમજવી. એનું નુકસાન સમજવું. નુકસાન સમજે તો નુકસાનથી પાછો વળે. સીધી વાત છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ ..

પૂજ્ય ભાઈશ્રી :- જાય છે કષાયની મંદતાના કારણે.

મુમુક્ષુ :- પરિણતિ તો એની મિથ્યાત્વને કારણે વિપરીત...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે રોગ બે પ્રકારની સ્થિતિ ધારણ કરે છે. સામાન્ય રીતે જે ભયંકર રોગો હોય છે એમાં બે પ્રકારની સ્થિતિ થાય છે. કોઈવાર અંદરથી એની સ્થિતિ વધારે ખરાબ હોય અને બહારમાં ઠીક દેખાય. એવું બને કે ન બને ? એમ એનો મિથ્યાત્વનો રોગ એટલો બધો ભયંકર છે કે નવમી ગ્રૈવેયકથી પછી એકેન્દ્રિયમાં જવાનો. ક્યાં જવાનો ? નવમી ગ્રૈવેયકથી જાવાનો એકેન્દ્રિયમાં. હવે નવમી ગ્રૈવેયકે ગયો છે ત્યાં બાયડી, છોકરા, કારખાના કાંઈ નથી. ત્યાં ખાવું, પીવું, આહાર કાંઈ નથી. અહીં તો આહારનો અશુભભાવ છે. કુટુંબ પરિવારનો અશુભભાવ છે. દુકાન ધંધા-કારખાનાના અશુભભાવ છે. ત્યાં કાંઈ નથી. શું કરવા એકેન્દ્રિયમાં જાય છે ? વિચારવા જેવો વિષય છે.

એટલે કષાયની મંદતાથી ઉપર ઉપરથી સ્થિતિ સુધરેલી દેખાય છે. એનો રોગ અંદરથી ગયો નથી. રોગ તો બરાબર અંદરથી સરખાઈનો તીવ્ર થયો છે. એટલે અલ્પ કાળે... ૩૧ સાગરની સ્થિતિ છે. ૩૧ સાગરની પણ એ અલ્પકાળ છે. અનંત કાળમાં એ અલ્પ કાળ છે. અલ્પ કાળ એ સ્વર્ગમાં રહે છે (પછી) એકેન્દ્રિય આદિમાં ચાલ્યો જાય છે. અનંત કાળ સંસારમાં ભમે છે.

એટલે જૈનદર્શનનો કોઈ વિશિષ્ટ વિષય હોય તો એ જ છે. બાકી જગતમાં સ્વર્ગમાં મોકલવાનું કાર્ય તો ઘણા સંપ્રદાયો કરે જ છે. અહીં તો ચારે ગતિમાંથી છોડાવાનું કાર્ય (થાય છે). આ જુદી નિશાળ છે. એ જૈનદર્શનની અલૌકિકતા છે. બાકી તો લૌકિકમાં ચાલે છે એ બધું ચાલે જ છે. (અહીં સુધી રાખીએ...)

નિજ પરિણામોનું અવલોકન બે પ્રકારે હોય છે; રાગપ્રધાન અને જ્ઞાનપ્રધાન. રાગ પ્રધાનતામાં યથાર્થતા હોતી નથી. જ્ઞાન પ્રધાનતામાં યથાર્થતા હોય છે. (અનુભવસંજીવની - ૧૪૬૫)

**તા. ૬-૧૧-૧૯૮૫, પાના નં.૨૨, ૨૩ પ્રવચન નં. ૫૪**

(પાનું) ૨૨. '**આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે છતાં સંસારકૂવામાં પડે છે એ ઘણું આશ્ચર્ય છે.**' અથવા પોતે જ પોતાનું અહિત કરે છે. એ કેટલી ખરી વાત છે, કેટલી સાચી વાત છે કે પોતે પોતાનું અહિત કરે છે. '**મોહરૂપી ઠગે એના માથે ભૂરકી નાખી તેથી પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે.**' પોતાની અવસ્થામાં મોહનો પ્રકાર, મોહના પરિણામ એવા ઊપજે છે કે એને પર પદાર્થનો અત્યંત રસ ઉત્પન્ન થાય છે. જે પર પદાર્થ પર પદાર્થસ્વરૂપે છે. અને જે પર પદાર્થ સારા-નરસા નથી. જેવા છે એવા પોતે છે. જેવા છે એવા પોતે છે. માણસ નથી કહેતા ? કે અમે જેવા છીએ એવા અમારા ઘરે છીએ. તમારે અમને ભલાભૂંડા કહેવાની જરૂર નથી.

પર પદાર્થો એમ કહે છે કે અમે જેવા છીએ એવા અમારામાં છીએ-અમારા સ્વરૂપમાં છીએ. એને વાચા આપો તો એમ કહે કે અમે તો જેવા છીએ એવા અમારા સ્વરૂપમાં છીએ. તમને કાંઈ કરતા નથી, તમારા ઘરે આવતા નથી, તમારામાં પ્રવેશ કરતા નથી, તમને અડતા નથી, સ્પર્શતા નથી. તમે શા માટે અમને સારા-ખરાબ ઠરાવો છો ? અમે જેવા છીએ એવા અમારા સ્વરૂપમાં છીએ. છતાં મોહને વશ એને અન્યથા જાણે છે. સારાં-નરસાં જાણે છે. સારાં-નરસાંપણાનો એટલો બધો રસ મોહથી ઉત્પન્ન થાય છે કે તે પરપદાર્થોને વેદી નહિ શકાતા હોવા છતાં એને વેદતો હોવાનો રસ માણે છે, જાણે છે, અનુભવે છે.

એ પર પદાર્થનો પોતાને જે અનુભવ છે એ રસની દૃષ્ટિએ એમ સૂચવે છે કે અત્યંત રસે કરને જેમ અનુભવનો આભાસ થાય એવા અનુભવનો આભાસ, અનુભવ નથી પણ આભાસ છે, એવા અનુભવનો આભાસ તો અત્યંત રસે કરીને થાય. તીવ્ર રસ હોય તો

થાય, નહિતર એવો આભાસ થાય નહિ. તેથી પોતાને ભૂલવાનું બને છે અથવા એવા વિપરીત રસના અત્યંતપણામાં સ્વરૂપરસ, આત્મરસ, અવિપરીત રસ બિલકુલ ઉત્પન્ન થઈ શકતો નથી.

**'જ્ઞાનમંત્રથી મોહઠગોરીને ઊતારે ત્યારે નિજઘરને પામે.'** જુઓ ! આ રીત બતાવી-ઉપાય બતાવ્યો. એમ ન કહ્યું કે આ છોડી દે. જેને તું સારું નરસું કરે છો એને છોડી દે એમ નથી કહેતા. એ તો એના સ્વરૂપમાં જ પડ્યું છે. પણ એના છૂટાપણાનું જ્ઞાન કર. તારાથી એ જુદું છે એવું એનું જ્ઞાન કર. એ તો એના સ્વરૂપમાં જ છે. જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં એની અભેદતા રાખે અને બહારમાં સંયોગનો વિયોગ થાય એવી પરિસ્થિતિ ચાહે અને તેનું ફળ એમ ઇચ્છે કે હવે મને આનો મોહ નહિ થાય. પણ મોહ તો ઘરબાયેલો રાખીને બેઠો છો અને બહારમાં ક્ષેત્રથી થોડા કાળ માટે એનું આઘાપણું કર્યું. એ પણ તારો અધિકાર નથી. કોઈ પદાર્થનું ક્ષેત્રથી નજીક થવું, દૂર થવું એ તારા હાથની વાત નથી. તારા હાથની વાત તો મોહ થવા દેવો કે નહિ થવા દેવો (એ છે). એના જુદાપણાનું-જુદી વસ્તુનું જુદું જ્ઞાન કરવું, જુદી છે એવું જ્ઞાન કરવું, એવું વસ્તુના સ્વરૂપ અનુસાર સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન કરવું. એવા જ્ઞાનમંત્રથી અથવા પદાર્થ સારો પણ નથી અને ખરાબ પણ નથી, તેથી જ્ઞેયનિમગ્ન થવા જેવું નથી. જ્ઞાનમાં આનંદ ભર્યો છે. જ્ઞાનને અનુભવતા આનંદના ફૂવારા ફૂટે છે. તેથી જ્ઞાનનિમગ્ન થવા જેવું છે એમ જાણીને જ્ઞાનનિમગ્ન થાય તો નિજઘરને પામે અથવા નિજઘરમાં નિવાસ કરે. નિજઘરમાં ઉપયોગ સ્થિર થાય. એ સિવાય પરનું અભેદપણું માનવું અને સ્વસ્વરૂપમાં સ્થિર થવું, એ બે વાત બની શકે એવું નથી.

મુમુક્ષુ :- અહીંયાં જ્ઞાનમંત્ર લીધો, પહેલા જ્ઞાનરીતિ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- બધા શબ્દો જુદા જુદા છે, ભાવ તો એક જ છે.

મુમુક્ષુ :- જ્ઞાનથી કેમ ઉપાડ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્યપણે જ્ઞાન જ કામ કરે છે. મોક્ષમાર્ગની અંદર મુખ્ય કાર્ય જ્ઞાનનું છે. આમ તો બધે જ જ્ઞાન અગ્ર છે. આત્માનો જે ઊર્ધ્વતા સ્વભાવ છે એમાં જ્ઞાનની અગ્રતા છે. અગ્ર એટલે જેની

હયાતીમાં સ્વભાવ, વિભાવ અને વિભાવના નિમિત્તો પરદ્રવ્યો જણાય છે. એ હયાત છે. જ્ઞાન હયાત છે તો બીજા છે એમ નક્કી થાય છે. તેથી તેની અગ્રતા છે, ઊર્ધ્વતા છે, મુખ્યતા છે.

**'શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે.'** જ્ઞાનમંત્રથી વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે. સ્વરૂપનું શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એવો ઉપાય-મોક્ષમાર્ગ બતાવે તે શ્રીગુરુ છે. બીજું બીજું બતાવે તે શ્રીગુરુ નથી. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોય, બાકી કુળગુરુ કલ્પના આત્માર્થી નહિ જોય.' જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં ગુરુપણું માનવું. ગુરુપણું એટલે બોધ લેવાની વાત છે. નિર્ગ્રંથ ગુરુની વાત નથી. નિર્ગ્રંથ ગુરુ તો અત્યારે દુર્લભ થઈ પડ્યા છે. આત્માનો બોધ મળે એવા કોઈ હોય તો તે આત્મજ્ઞાન બોધ પામેલા છે. એ એક જ બતાવી શકે એવું છે.

અંતર્મુખી અરૂપી તત્ત્વને બતાવવાનું સામર્થ્ય જે એનાથી અજાણ્યા છે એ કેવી રીતે બતાવી શકે ? એ તો આનામાં જ સામર્થ્ય છે. આત્મજ્ઞાન ન હોય છતાં કુળ અપેક્ષાએ, સંપ્રદાય અપેક્ષાએ ગુરુપદે બેઠા હોય તો તે ગુરુ તો નથી પણ ગુરુ તરીકે માનતા, મનાવતા હોય તો આત્માર્થી પણ નથી. 'આત્માર્થી નહિ જોય' એવો શબ્દ લીધો છે. કુળગુરુની કલ્પનામાં એ ગુરુ તો નથી પણ આત્માર્થી પણ નથી. કેમ કે ગુરુ નહિ હોવા છતાં, આત્મજ્ઞાન નહિ હોવા છતાં ગૃહીત મિથ્યાત્વથી સ્વ-પરના ગૃહીત મિથ્યાત્વની દૃઢતામાં તે નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- એક આ જ્ઞાન અને બીજા શ્રગુરુ, બે વાત રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વારંવાર આવે છે. હમણાં ઉપરા ઉપરી આવ્યું.

**'શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે (કે) પોતાના અખંડિત ઉપયોગ નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર.'** અંદરમાં તારું અખંડિત ઉપયોગનું નિધાન છે. અનંત અનંત અનંત જ્ઞાનની ખાણ છે, જ્ઞાનનું નિધાન છે. તેને લઈને, તેનો અનુભવ કરીને જ્ઞાનવેદનમાં રહીને અવિનાશી રાજ્ય કર. જે રાજ્યમાં પછી નાશ પામવાનો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- ઉપયોગ નિધાન.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ નિધાન છે. આત્મા પોતે ઉપયોગનો ભંડાર છે. પોતે ઉપયોગનો ભંડાર છે.

એ '**ઉપયોગ નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર.**' એટલે અનંતકાળ પર્યંત સુખથી તારા સ્વરૂપના અનુભવમાં સુખે કરીને રહે. અહીંયાં કોઈના ઉપર રાજ કરવું નથી. પોતાની સત્તામાં પોતે રહે. બસ, રાજ્યમાં તો સત્તા ભોગવવાની છે ને ? રાજ્યમાં શું કરે છે ? સત્તા ભોગવે છે. શું કરે છે ? સત્તા ભોગવે છે. તો અહીંયાં તારી હયાતી અને તારી સત્તાને ભોગવ. અવિનાશી એવું તારું શાશ્વત અસ્તિત્વ છે એને ભોગવ. તારા અસ્તિત્વ ભોગવ. એ તારી સત્તા અને રાજને ભોગવવાનું છે. બીજા કોઈના અસ્તિત્વમાં તારો હસ્તક્ષેપ ચાલે એવું નથી.

'**તારી હરામજાદીથી પોતાનું રાજપદ ભૂલી કોડી કોડીનો માંગણ થઈ કંગાલ થયો છે.**' કઠોર શબ્દ વાપર્યો છે. હિન્દીમાં ઢૂંઢારીમાં આ મૂળ શબ્દ લાગે છે એટલે એનો એ શબ્દ રાખ્યો છે. ગુજરાતીમાં આ શબ્દ છે. એટલે કે પોતે પોતાની એવી ભૂલ કરે છે, જેને અહીંયાં માણસ સામાન્ય રીતે લુચ્ચાઈ કરે ત્યારે આ શબ્દ વાપરવામાં આવે છે, કે આ માણસ ખોટો છે, લુચ્ચાઈ કરી જાય છે. તો કહે છે કે એમાં તું જે તારા રાજપદને ભૂલ્યો છો, તારા અનંત ગુણનિધાનને ભૂલ્યો છો અને પાય પાયનો કોડી કોડીનો માગણ થઈને કંગાળ થઈને ફરે છો, એમાં તારું જ કારણ છે, બીજા કોઈનું કારણ નથી. કોઈના ઉપર તારે દોષ ઓઢાડવા જેવું નથી. તારો દોષ તારે લઈને છે અને એ દોષ એટલો કે તેં તારા જ મહાનપદનો અસ્વીકાર કર્યો-સ્વીકાર ન કર્યો અને જ્યાં તારું સુખ નથી એવા પરમાં સુખ ભાળ્યું. બસ ! આ તારો દોષ છે, બીજો કોઈ તારો દોષ નથી.

એટલા માટે એ શબ્દ વાપર્યો છે કે સર્વકાળે જ્ઞાનીઓ બતાવતા આવ્યા છે, કહેતા આવ્યા છે. એમનો ઉપદેશ પ્રસિદ્ધ છે તો પણ જીવ ગણકારતો નથી એટલે જરાક કડક શબ્દ પ્રયોગ કર્યો છે. '**તારું નિધાન (તારી) પાસે જ હતું,...**' આમ કહેવામાં કષાય નથી આવ્યો. કરુણા આવી છે, કરુણા આવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ્યો. રાજપદ ભૂલીને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ને પોતાને, કોઈને નથી કહેતા. પોતાને ને પોતાને. એ પ્રશસ્ત દ્વેષ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પોતાની પર્યાયમાં છે. દોષ તો પોતાની પર્યાયમાં છે. દ્રવ્યમાં દોષ નથી. એ તો પરમાત્મપદસ્વરૂપ છે. એને તો એમ કહ્યું કે ઉપયોગનું નિધાન થયો. રાજપદ છે, દ્રવ્ય તો રાજપદ છે.

કેટલું સામર્થ્ય છે દ્રવ્યમાં ! એકે એક ગુણનું કેટલું સામર્થ્ય છે એનો કોઈ હિસાબ થાય એવું નથી. કેવળજ્ઞાન ? તો કહે, એક જ્ઞાનગુણ પાસે અનંતમા ભાગે. જ્ઞાનગુણના દ્રવ્યના સામર્થ્ય પાસે અનંતમા ભાગે. પૂર્ણાનંદ પરમાનંદ ? કે એક આનંદગુણના અનંતમા ભાગે. સિદ્ધપદમાં રહેલો આનંદ, સિદ્ધપદમાં રહેલું કેવળજ્ઞાન.

અહીંયાં ચોથા ગુણસ્થાને પરમાનંદના અનંતમાં ભાગે આનંદ ઊપજે. તો કહે ઈન્દ્રાદિ સંપદા દુઃખરૂપ ભાસે. જેને જગતમાં સુખના સ્થાન કહેવાય એ દુઃખના સ્થાન ભાસે. એટલી તો સરખામણી જેના જઘન્ય આનંદ પાસે છે. એનો પરિપૂર્ણ આનંદ જેને કહેવાય એ પણ જેની પાસે અનંતમા ભાગે (છે). એવો તો એક જ્ઞાનની ગાંઠ છે આત્મામાં કે જેમાંથી એ ગાંઠમાંથી પરમાનંદ ઊપજ્યા જ કરે, ઊપજ્યા જ કરે. આ કેળની ગાંઠમાંથી કેળ થયા કરે છે ને ? એક ગાંઠ વાવે બાજુમાં... બાજુમાં.. બાજુમાં.. એમ ને એમ થયા જ કરે.

કેવળજ્ઞાન તો એની સામે જોતા પર્યાયમાં થઈ ગયું. પર્યાયે એની સામે જોયું ત્યાં સામે જોનારને કેવળજ્ઞાન થઈ ગયું. એટલું તો એનું બહારમાં સામર્થ્ય આવે છે. એના વર્તમાનને જોતાં માત્ર. ત્રિકાળની તો વાત શું થાય ?

એવા '**રાજપદને ભૂલી કોડી કોડીનો માંગણ થઈ કંગાલ થયો છે. તારું નિધાન (તારી) પાસે જ હતું, તેં ન સંભાળ્યું તેથી (તું) દુઃખી થયો.**' તારું આવું નિધાન અનંત ગુણનિધાન, તું એ સ્વરૂપે પોતે જ હતો, પોતે જ છો. તે ન સંભાળ્યું તેથી દુઃખી થયો. કર્મે તને દુઃખી

કર્યો, સંયોગોએ દુઃખી કર્યો, પ્રતિકૂળતાએ દુઃખી કર્યો, એવી કોઈ વાત આમાં નથી. તારા સુખનિધાનને ન સંભાળ્યું તેથી તું દુઃખી થયો. માત્ર દુઃખી થવાનું કારણ એટલું જ છે. તારો સુખગુણ ઊલટો પરિણમ્યો, એટલે અંદરમાં દુઃખ ઊપજ્યું. એ તારી જ ભૂલને લઈને છે, બીજું કોઈ કારણ નથી.

**'જેમ કે–ચાંપા નામનો ગોવાળ ધતુરો પીને ઉન્મત્ત થયો.'** અહીં દૃષ્ટાંત આપે છે. ગામડામાં દારૂ-બારૂ ન મળે પણ એવી વનસ્પતિને વાટીને પીએ. એનો રસ પીએ એટલે એનો કેફ ચડે. **'જેમકે ચાંપા નામનો ગોવાળ ધતુરો પીને ઉન્મત્ત થયો. (માનવા લાગ્યો કે) હું ચાંપો નહિ.'** ભૂલી ગયો, પોતાની જાતને ભૂલ્યો. હું ચાંપો નહિ. **'ચાંપાના ઘર પાછળ ઊભો રહી તેણે સાદ પાડ્યો...'** પોતાના જ ઘરની બહાર નીકળીને પાછળ જઈને સાદ પાડવા માંડ્યો **'કે ચાંપો ઘરે છે ?'** ચાંપાભાઈ ! પોતે ને પોતે પોતાને બૂમ પાડે. ગાંડપણ આનું નામ છે.

**'ત્યારે તની સ્ત્રીએ કહ્યું કે તું કોણ છે ?'** સ્ત્રી તો અવાજ ઓળખે. એને એમ થયું કે આ પોતે ને પોતે બહાર નીકળીને પોતાને સાદ પાડે છે, ઘરે ચાંપાભાઈ છે કે નહિ ? ઘુંટાણું હોય પહેલા એ ઘેનમાં આવે એટલે એનું એ પાછું ચાલુ થઈ જાય. એટલે એણે ઘરમાંથી પૂછ્યું તું કોણ છે ? તું કોણ છે એમ પૂછ્યું ત્યાં એને થોડી સાન આવી કે અરે...! હું ચાંપો છું ને ? આ હું કેમ સાદ પાડું છું ? **'ત્યારે ચેત થઈને (તેને ભાન થયું) કે હું ચાંપો છું.'**

**'તેમ શ્રી ગુરુએ આત્મા (નિજસ્વરૂપ) બતાવ્યો છે.'** 'ગુરુદેવ' એક ગોસળિયાનું દૃષ્ટાંત આપતા હતા. છોકરો નાનો બાળક ઓછી બુદ્ધિનો હતો. એની બાએ કીધું, જા બજારમાં જઈને આટલું જરાક લઈ આવ તું. આ ચીજ લઈ આવ. એ કહે, લેવા તો જાઉં. પણ બજારમાં હું ખોવાઈ જાવ તો મારે શું કરવું એ તું બતાવી દે. નહિતર હું મૂંઝાઈ જઈશ પાછો. શું કીધું એણે ? કે હું ખોવાઈ જઈશ તો ? હું ખોવાઈ જઈશ એટલે ગોસળિયો ત્યાં પોતે જ ગોતવા માંડે પોતાને. હું ક્યાં ? હું ક્યાં ? આ પોતે પોતાને ગોતે છે, એમ કહે છે.

અજ્ઞાનદશામાં પોતે હયાત હોવા છતાં પોતે પોતાને ગોતે છે કે હું

ક્યાં ? અને હું કેવો ? હું ક્યાં અને હું કેવો ? તો એને એક દોરો બાંધી દીધો. લાલ દોરો. આ જેના કાંડે દોરો બાંધ્યો એ ગોસળિયો. આ દોરા ઉપરથી તને જડી જશે. યુક્તિ કરી. તારે દોરા સામું જોવું. જ્યારે તને એમ લાગે કે ગોસળિયો ખોવાઈ ગયો છે, ત્યારે તારે તારા કાંડાનો દોરો પકડવો. જોઈ લેવો. હં ! છે ખરો. છે ગોસળિયો છે. એમ જ્ઞાયકદોરો પકડીને ચાલવું. પોતે ભૂલી ગયો હોય કે હું જ્ઞાયક છું, જ્ઞાનમાત્ર છું. આ એને શોધવાનો દોરો છે. ત્યાં પણ જ્ઞાન લીધું છે ને ? ત્યાં જ્ઞાન લીધું છે.

**'ત્યારે ચેત થઈ (તેને ભાન થયું) કે હું ચાંપો છું. તેમ શ્રીગુરુએ આત્મા બતાવ્યો છે.'** તેમ શ્રીગુરુએ, જ્ઞાનીએ આત્મા બતાવ્યો છે કે તું જ્ઞાયક છો. આ જાણે છે તે જ્ઞાન છે અને જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. ક્યાંય આત્મા વિના એકલું જ્ઞાન હોય એવું બનતું નથી. અને જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું, એવો દઢભાવ તે સમ્યક્ત્વ છે. બસ, અહીંયાં તારી શોધ થાય એવું છે. જ્ઞાનથી તારી શોધ થાય એવું છે.

**'તેમ શ્રી ગુરુએ આત્મા (નિજસ્વરૂપ) બતાવ્યો છે. પામે તે સુખી થાય.'** પામે એટલે અનુભવે તે સુખી થાય. છે તો છે જ. પણ અનુભવ પરનો કરે છે. પરનો સ્વમાં અભાવ હોવા છતાં અનુભવ પરનો કરે છે. પર સંબંધિત પરના લક્ષે અત્યંત રસ ઊપજે છે ત્યારે એ પરનો સ્વપણે અનુભવ કરે. નહિતર તો પરનો સ્વપણે અનુભવ થવાનો પ્રશ્ન રહેતો નથી. પર તો ભિન્ન જ્ઞેય છે. પર પદાર્થ તો જ્ઞાનમાં ભિન્નપણે જણાય એવું પરજ્ઞેય છે. પણ તેનો સ્વપણે અત્યંત રસ ઊપજાવીને એનો અનુભવ થતો હોય એવા આભાસમાં આવી જાય છે. તો એને એમ કહે છે કે તું છો ખરો પણ તારો અત્યંત સ્વરૂપનો રસ ઊપજતા તને તારો અનુભવ થશે. નહિતર તો જાણવા મળે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આત્મા ત્રિકાળ છે, એનામાં અનંત ગુણ છે. બધું જાણવા મળે છે પણ એનો રસ ન ઊપજે એનું શું ?

એનો અત્યંત રસ ઊપજે તો એનો અનુભવ થાય. એને પામ્યો એમ કહેવામાં આવે છે. એનો રસ ઊપજવો જોઈએ. જો સુખ ભાળે

તો રસ ઊપજ્યા વિના રહે નહિ. પરમાં સુખ નથી છતાં સુખ ભાળે છે એટલે રસ ઊપજે છે. ભલે ઝાંઝવામાં જળ નથી પણ જળ ભાળીને દોડે છે. એમ સુખ નથી છતાં સુખ ભાળીને દોડે છે. અને આ સુખ છે, છે એને વાસ્તવિક જોવું છે, વાસ્તવિક છે એને જોવું છે. પેલું નથી એને કલ્પના કરીને ઊભું કરે છે. એટલે તો 'ભૂરકી' શબ્દ નાખ્યો. છે નહિ ને તું કેમ જોવે છો ? ભૂરકી નાખી છે તારા માથે કાંઈ ? ત્યાં છે નહિ ને તને દેખાય છે, એમ કહેવું છે.

'**પામે તે સુખી થાય. ક્યાં સુધી કહીએ ?**' હવે પાછો આમને રસ આવે છે. ક્યાં સુધી કહીએ ? એમ કરીને કે '**આ મહિમાનિધાન-અમ્લાન-અનુપમપદ પોતે (જ) બન્યો છે,...**' પોતે જ બન્યો છે એટલે પોતે બનેલો જ છે. આત્માને કાંઈ નવો બનાવવો છે એમ છે નહિ. મહિમાનિધાન જેનામાં અનંત મહિમાવંતપણું છે, જેનું મહાનપણું અપરિમિત છે એવો મહિમાનિધાન. અમ્લાન એટલે જેમાં મેલપ નથી, જેમાં ભાવની મલિનતા નથી. દ્રવ્યની કે ભાવની કોઈ મલિનતા નથી.

અનુપમ છે. જેની ઉત્કૃષ્ટતાની કોઈ ઊપમા આપી શકાય એવું નથી. સર્વોત્કૃષ્ટ પદ છે. સર્વોત્કૃષ્ટ પરમોત્કૃષ્ટ શાંતરસમય સમરસ સ્વભાવી છે. પરમોત્કૃષ્ટ, સર્વોત્કૃષ્ટ એવા અભેદરૂપે પોતે જ છે. એ પાછો કો'ક છે એમ નથી. એવા અભેદ અનુભવસ્વરૂપે છે. અભેદરૂપે કો'ક છે એમ તો નથી પણ એવા અભેદ અનુભવસ્વરૂપે પોતે છે. એવો પોતે જ બન્યો છે. અનાદિથી છે એટલે બન્યો છે એમ કહ્યું.

'**સહજ સુખકંદ છે,...**' જેમાં સુખનો રસ, આનંદનો રસ પણ પાર વિનાનો છે, હદ વિનાનો છે. એવો સહજ સુખકંદ પોતે છે. '**અલખ અખંડિત છે,...**' જે ઇન્દ્રિયજ્ઞાન દ્વારા લક્ષગોચર થતો નથી, લક્ષમાં આવતો નથી તેથી અલખ છે. અલખ એટલે જ્ઞાનમાં ન આવે એમ ન લેવું. ઇન્દ્રિયજ્ઞાનથી લક્ષમાં, મનથી લક્ષમાં આવતો નથી. એવો અલખ અખંડિત છે. અમુક શબ્દો તો એવા છે કે વિચક્ષણતામાં એની જિજ્ઞાસા ઊભી કરે. અરે ! જે મન અને ઇન્દ્રિયો દ્વારા જગતના અનેક પદાર્થો જાણવામાં આવે છે, અનેક જાતના વૈજ્ઞાનિક સંશોધનો થાય છે, આ તે કેવો પદાર્થ કે એનાથી ન જણાય ? એથી પણ કાંઈક આગળ જવું પડે. કોઈ બીજી જાતનું જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જણાય.

અતીન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જણાય.

મુમુક્ષુ :- અલખ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અવ્યક્ત ઉત્પાદરૂપ નથી એટલે એને અવ્યક્ત કહીએ. જે પર્યાય વ્યક્ત થાય છે, ઉત્પાદરૂપ થાય છે એને વ્યક્ત કહીએ. અથવા ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય એ બધું વ્યક્ત કહીએ. પણ અહીંયાં તો ઇન્દ્રિયજ્ઞાન,... લખ એટલે લક્ષ. લખ એટલે જ્ઞાન એમ લેવું છે. તો કેવા જ્ઞાનમાં તે જણાતો નથી ? ઇન્દ્રિયજ્ઞાનમાં જણાતો નથી. પરલક્ષી જ્ઞાનમાં જણાતો નથી. જે જ્ઞાન બાહ્ય દિશામાં, બહારની દિશામાં પોતાનું મુખ ઉન્મુખ થઈને પરિણમે છે, એવી દશામાં એ જણાતો નથી. તેથી એને અલખ કહેવામાં આવે છે. બહુ પ્રસિદ્ધ શબ્દ છે ને ? અલખ નિરંજન. આ બાવાઓ બોલે છે. ચીપિયાવાળા. અલખનિરંજન કરીને બોલે છે કે નહિ ? ભલે સમજે કાંઈ નહિ, એનો કાંઈ સવાલ નથી. પ્રસિદ્ધ શબ્દ છે. નિરંજન એટલે દાગ વિનાનો અમ્લાન. અને અલખ એટલે લક્ષમાં ન આવે એવો. કેવા જ્ઞાનમાં ? કે બહિર્મુખ જ્ઞાનમાં લક્ષમાં ન આવે એવો.

મુમુક્ષુ :- પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન...

પૂજ્ય ભાઈશ્રી :- એનાથી ઉપયોગ બહાર જાય છે.

મુમુક્ષુ :- પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા કેમ જણાતો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ બહાર જાય છે.

મુમુક્ષુ :- ઊલટું જાણે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહારમાં આત્મા નથી ક્યાંય. જ્યાં બહાર જ્ઞાન જાય છે ત્યાં તો બહારમાં આત્મા નથી. આ આત્મા તો અંતઃતત્ત્વ સ્વરૂપ છે. આત્માનું એ અંતરંગ છે-અંદરનું અંગ છે. એના માટે અંતર્મુખ થઈને એને જોવું પડે. જ્ઞાનની આખી દિશા બદલાય ત્યારે જણાય એવો છે.

એવો **'અલખ અખંડિત છે, એમિત તેજધારી છે,...'** જેનું જ્ઞાન-દર્શનનું તેજ ન મટે એવું છે. શાશ્વત તેજધારી છે. અમિત તેજધારી છે. જેના તેજમાં સૂર્ય-ચંદ્રના તેજ કાંઈ નથી. ભગવાનને તો શરીરની કાંતિ એવી હોય છે, તીર્થંકરદેવને શરીરની કાંતિ એવી હોય છે કે જેની પાસે હજારો સૂર્ય, હજારો ચંદ્ર ટમટમીયા જેવા લાગે. એટલા

એમના પરમાણુઓ (તેજસ્વી હોય છે). અહીંયાં તો અંદરમાં કેવળજ્ઞાનનું તેજ છે અને આ પરમાણુનું તેજ છે. બેની જાત જુદી જુદી છે પણ નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. અહીંયાં કેવળજ્ઞાન પ્રગટે છે તો અહીંયાં પુણ્યનો અતિશય પણ એટલો છે. એને રોગ હોય એ પ્રકાર તો ત્યાં હોતો નથી. બહુ તેજસ્વી હોય છે.

ચક્ષુઇન્દ્રિયના ઉપયોગથી, ચક્ષુદર્શન ઉપયોગ જેને કહે છે, એનાથી સાક્ષાત પરમાત્માના તીર્થંકરદેવના સમવસરણમાં ભગવાનના દર્શન કરે તો ત્યાંથી એને ઉપયોગ ફેરવવો ગમે નહિ, ફાવે નહિ. એવું અત્યંત તેજસ્વી (હોય છે). પણ આંખને ભડકાવે કે આંખને આંજે એમ નહિ. એને પોતાને એમ થાય કે જોયા જ કરું, જોયા જ કરું. જોતા ધરાય નહિ. એટલું તો જેના ચક્ષુદર્શનના ઉપયોગનું આકર્ષણ થાય. ગમે એટલી તપશ્ચર્યા બહારમાં ઉપવાસાદિની કર્યા પછી કેવળજ્ઞાન થાય તો પણ આમ થાય. એમ નથી કે શરીર કૃશ થઈ જાય. પછી કેવળજ્ઞાન ઊપજ્યું હોય તો પછી કેવું દેખાય ? આ તો સમચતુરસ્રસંસ્થાન (હોય છે). ઓરસ, ચોરસ સરખું. એટલું તો શરીર સૌષ્ઠવ દેખાય.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનનો અતિશય. કેવળજ્ઞાન થાય પછી ..

પૂજ્ય ભાઈશ્રી :- સમચતુરસ્ર સંસ્થાન. એ સંસ્થાન જ એવું હોય છે. જે હુંડક ને કુંબજક અને સમચતુરસ્ર બધા નામ છે એમાં ઉત્કૃષ્ટ સંસ્થાન હોય છે. ઉત્કૃષ્ટ સંઘયણ, ઉત્કૃષ્ટ સંસ્થાન એ બધું ત્યાં હોય છે.

'**અમિત તેજધારી છે.**' આ તો આત્માના તેજની વાત છે, શરીરની નથી. '**અનાદિથી દુઃખદ્વંદ્વમાં પોતાપણું માની અતિ આનંદ માની રહ્યો છે.**' રાગ-દ્વેષના દુઃખના દ્વંદ્વ છે. દ્વંદ્વ એટલે બે પ્રકાર. શાતા-અશાતા, તીવ્ર-મંદ એ બધા દુઃખના દ્વંદ્વના પ્રકાર છે. રાગના, દ્વેષના. '**અનાદિથી દુઃખદ્વંદ્વમાં પોતાપણું માની અતિ આનંદ માની રહ્યો છે.**' ઘણું સુખ ત્યાં માની રહ્યો છે.

'**તે આ દુઃખની મૂળ ભૂલ ત્યારે જ મટે કે જ્યારે શ્રી ગુરુવચન સુધારસ પીએ.**' ફરી ફરીને હમણા તો લ્યે છે. '**તે આ દુઃખની મૂળ ભૂલ ત્યારે જ મટે...**' એવી ભૂલ પણ જટીલ થાય છે. છે રમત એના ને એના પરિણામમાં, પણ જ્યાં પરજ્ઞેયનું પ્રતિબિંબ પડે છે તો એને

એમાં અનેક પ્રકારની ભ્રમણા થાય છે કે આ ઠીક છે અને આ ઠીક નથી, આ ઠીક છે અને આ ઠીક નથી. અને દુઃખી થાય છે.

**'એ દુઃખની મૂળ ભૂલ ત્યારે જ મટે કે જ્યારે શ્રી ગુરુવચન સુધારસ પીએ.'** શ્રીગુરુના વચનને પણ કેટલી ઊપમા આપી છે ! શ્રીગુરુના વચનમાં રહેલા અમૃતરસને પીએ ત્યારે. એ વચનને કેટલા વહાલા કર્યા છે ! એમ કીધું અહીંયાં. એમ ને એમ સાંભળે રાખે છે, ઊપેક્ષાભાવે સાંભળે છે અથવા તો સાંભળવા ખાતર સાંભળે છે, શીખવા ખાતર સાંભળે છે, કોઈને કહેવા ખાતર સાંભળે છે, પોતાનો ક્ષયોપશમ વધારવા સાંભળે છે, એવું કાંઈ નહિ, એ કોઈ પ્રકાર નહિ. બધા પ્રકાર બાદ કરી નાખ્યા. એક આત્માના અમૃતરસને અંદરથી ઉછાળવાનું પ્રયોજન છે. બહારમાં એ વચનના રસને પણ સુધારસ કહેવામાં આવે છે. સુધા એટલે અમૃત. **'જ્યારે શ્રીગુરુવચન સુધારસ પીએ.'** ત્યારે એની ભૂલ મટે. ત્યાં સુધી ભૂલ મટે એવું નથી.

મુમુક્ષુ :- શ્રીગુરુના બધા વચનો સુધારસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના બધા વચન સુધારસ છે.

મુમુક્ષુ :- ઘણીવાર ઠપકો આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠપકો આપતા જ નથી. એ તારા હિતની વાત કરે છે. એને શું જરૂર છે કાંઈ ? પોતાને શું જરૂર છે ?

૨૩મા વર્ષમાં સમ્યગ્દર્શન થવાની તૈયારી છે ત્યારે એક વાત લખી (છે). કઈ સ્થિતિમાં ? કે સમ્યગ્દર્શન થવાની તૈયારી છે. ૨૪મા વર્ષના પ્રારંભમાં કારતક સુદ ચૌદશના પત્રમાં એમ લખે છે, પોતાનો કારતક સુદ પૂનમનો જન્મદિવસ છે. અને ચૌદશના પત્ર એટલે ૨૪મું વર્ષ બેસી ગયું છે. ચૌદશના પત્રમાં એમ લખે છે કે આ આત્મા જ્ઞાન પામ્યો છે એ નિઃશંક છે. **'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે.'** અમને ગ્રંથિભેદ થઈ ગયો, મોહની ગ્રંથી છેદાઈ ગઈ એ વાત નક્કી છે. **'સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે.'** છેવટની એટલે પૂર્ણ દશા. એ તો સુલભ છે. જુઓ ! હજી અહીંયાં જ્ઞાન થયું ત્યાં પૂર્ણતા સુલભ છે એમ કહે છે.

**'અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈપણ પ્રકારે**

**અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; તુંહિ તુંહિ વિના બીજી રટણા રહે નહીં;**' માયાનો ભય, મોહનો ભય, સંકલ્પ, વિકલ્પ કાંઈ રહે નહિ. પછી તો '**પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી.**' મસ્તી ચડી છે. આ જે લખે છે (એ) કારતક સુદ ૧૪નો પત્ર છે.

મુમુક્ષુ :- તુંહિ.. તુંહિ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમનની વાત છે. એકલું પોતાનું સ્વઆત્માશ્રિત પૂર્ણ પરિણમન. કારતક સુદ ૬નો પત્ર આવો છે.

'**સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યા છે, એ વાત કેમ હશે ?**' એની ગૂઢતા બતાવી. '**નીચેના વાક્યો પ્રત્યેક મુમુક્ષોઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યા છે.**' પાંચ વાક્યો લખ્યા છે.

'**૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.**' એટલે માયિક સુખ એટલે આ જે સુખની ભ્રાંતિ છે-સુખાભાસની ભ્રાંતિ, એ ભ્રાંતિ મટ્યા વિના છૂટકો થવાનો નથી. તો જ્યારથી એ વાત સમજવામાં આવી ત્યારથી એનો પ્રયોગ કરવો. અભ્યાસક્રમ એટલે પ્રયોગ કરવો એ યોગ્ય છે.

'**૨. કોઈ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી;...**' તન, મન, વચન અને આત્માથી અર્પણ બુદ્ધિ કરવી, (એમાં) શું બાકી રાખ્યું ? કે ગુણસ્થાન ઓછું છે એટલે થોડુંક માપ રાખવું. '**આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.**'

'**૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર**

**આચાર્યપણું પ્રાપ્ત થયું છે.'** પોતે મિથ્યાદૃષ્ટિ આચાર્યપદે ઉપદેશો આપ્યા છે. **'માત્ર, સત્ મળ્યા નથી,...'** આ સત્ મળ્યા નથી એને, સત્પુરુષ મળ્યા નથી. **'માત્ર સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી, અને સત્ શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.'** આત્માથી ભણકાર થશે.

**'૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.'** આ ચોથા વાક્યમાં નાખ્યું છે.

**'૫. બે અક્ષરમાં માર્ગ કહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.'** આમ કરીને એ વાક્યો પૂરા કર્યા છે. આપણે જે શોધવું છે એ તો બીજી વાત છે.

મુમુક્ષુ :- બે અક્ષરમાં માર્ગ, એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગ-બે અક્ષરમાં માર્ગ તો છે. હવે આટલી ટૂંકી વાત (છે). કો'ક બીજો બોમ્બિસ્ટિક શબ્દ નાખ્યો હોત તો કે બોલતા પણ ફાવે નહિ, તો એમ થાત કે આ બોલતા નથી આવડતું (તો) આનો અર્થ શું થતો હશે ? માર્ગ-આટલી જ વાત છે. આટલું બધું તેં કર્યું. અનંત વાર શાસ્ત્રશ્રવણ કર્યું, અનંત વાર વિદ્યાભ્યાસ કર્યો. વ્યાકરણ-બ્યાકરણ, ન્યાયશાસ્ત્ર બધું શીખ્યો, અનંત વાર જિનદીક્ષા અંગીકાર કરી, અનંત વાર આચાર્ય થયો. માર્ગ મળ્યો નહિ. આ તે શું છે કારણ ? બે અક્ષરનો માર્ગ ? ઊંડા ઊતરીને વિચાર કરો.

એક સત્પુરુષને શોધ અને તેના ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખ-એ વાક્ય હતું. ૧૪૩ છે. બીજા ભાદરવા વદ ૧૩. એટલે ૨૩મું વર્ષ પૂરું થવાની તૈયારી છે. કારતક સુદ ૧૫ જન્મદિવસ છે ને ? એટલે બીજો ભાદરવો. એમાં એક આસો રહ્યો. સવા મહિનાનો લગભગ આંતરો છે. સમ્યગ્દર્શન પહેલાનો સવા મહિનો.

**'નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો :-'** એમ કરીને પત્રનું મથાળું છે. **'નીચેનો અભ્યાસ તો રાખ્યા જ કરો.'** અભ્યાસ એટલે અંદર ફેરવણી, પ્રયોગ.

**'૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો.**

**'૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.'** આમ કરવું

છે... આમ કરવું છે... આમ કરવું છે.. આમ કરવું છે... એ ભવિષ્યની જે ચિંતવના છે એ અભિલાષા છે. સર્વ પ્રકારની. એકેય ન જોઈએ. એકદમ મીંડુ મૂકી દીધું. એની કોઈ વિચાર ચિંતા ન જોઈએ. ઉદયમાં આમ અને ઉદયમાં આવવા માટે આમ. એવી Line લીધી છે. માર્ગદર્શન ઘણું છે. પહેલા વર્તમાન લીધું, પછી ભવિષ્ય લીધું, હવે ભૂતકાળ લે છે. પાંચ જ વાત લખી છે આમાં. ત્રીજી તો આ છે.

'**૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો.**' એટલે એ બાજુ મીંડુ મૂક્યું. જે પહેલા કર્યું એ હવે કરવું છે, એ વાત પણ મૂકી દે. વર્તમાનમાં ઉદય આવતા હોય એમાં પણ શમાવવું છે, એને પણ શમાવવું છે, ઉપશમાવવું છે.

'**૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો,...**' અંદરમાં પૂર્ણ સુખ ભર્યું છે ને ! '**તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીના પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.**' એ ચોથું વાક્ય છે.

'**૫. કોઈ એક સત્પુરુષને શોધો, અને તેનાં ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખો.**' અત્યારે આમ કેમ કહ્યું ? તને ન સમજાય તો કાંઈ નહિ. સમજવાનો પ્રયત્ન કરજે. પણ શ્રદ્ધા ખોઈશ નહિ.

'**એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે,...**' ઠીક ! એ પાંચમામાં ચારે આવી જશે, એમ કહે છે. એક સત્પુરુષને, '**કોઈ એક સત્પુરુષને શોધો અને તેના ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખો.**' એમાં ઉપરના ચાર આવી જાય છે. આ યોગ્યતા કેળવવા માટેનો વિષય છે. '**એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી.**' 'દુનિયાનો છેડો ઘર' જેવી વાત કરી છે.

'**બાકીના ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે. પાંચમા અભ્યાસ સિવાયનો, તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણમાર્ગ મને સૂઝતો નથી.**' નિર્વાણ માર્ગ લઈ લીધો. '**અને બધાય મહાત્માઓને પણ એમ જ સૂઝયું હશે (-સૂઝયું છે.)**'

'**હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો.**' મેં તો કહેવું હતું એ કહી દીધું. '**એ બધાની તમારી ઇચ્છા છે, તોપણ અધિક ઇચ્છો; ઉતાવળ**

**ન કરો. જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ; આ અપેક્ષિત કથનનું સ્મરણ કરો.**' એ બધી એમની ગૂઢ ભાષા છે. કાંઈ આગળ પાછળ વાત ચાલતી હશે તેના ઉપર સૂચના કરી છે.

મુમુક્ષુ :- કોઈ એક સત્પુરુષ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈ એક સત્પુરુષ. જાજા તો મળવાનો પ્રશ્ન નથી, એમ કહે છે. એ કાળે તો એમને કોઈ સત્પુરુષ નહોતા મળતા. એની તો એમને મૂંઝવણ હતી. એ તો પોતાની મૂંઝવણ એમણે રોજનીશીમાં લખી છે. ત્યારપછીની રોજનીશી. આ વર્ષની જ રોજનીશી આમાં છાપી છે. એટલે જલ્દી ન મળ્યું. એમાં ક્યાંક ક્યાંક તારીખો નાખી છે. એટલી વાત છે. આ કાળમાં તો કોઈ એક આત્મજ્ઞાની અને સત્પુરુષ મળે તો પણ બહુ મોટી વાત છે. બહુ મોટી વાત છે. આ પૃથ્વી ઉપર એક મળે તો બહુ મોટી વાત છે એવો વિષય છે.

મુમુક્ષુ :- ગુરુના દરેક વચન સુધારસથી ભરેલા છે. એવા સુધારસને પીવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને પીવે. કેટલી રુચિથી પીવે. એમ છે.

મુમુક્ષુ :- શંકા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- શંકાનો તો પ્રશ્ન જ ક્યાં છે ? એને અમૃત જાણીને પીવે એને શંકાનો તો પ્રશ્ન રહેતો નથી.

'**ચેત (જાગૃત સ્વરૂપનું ભાન) થઈ...**' ચેત એટલે જાગૃત સ્વરૂપનું ભાન થઈ. '**પર તરફનું અવલોકન મટે.**' જ્યારે જાગૃત સ્વરૂપનું ભાન થાય ત્યારે એને પર તરફનું અવલોકન, પર તરફનું અનુભવન મટે. '**સ્વરૂપ સ્વપદને દેખતાં જ ત્રણલોકના નાથ (એવા) નિજપદને જાણે.**' ચેત થઈને-જાગૃત થઈને 'હું જ્ઞાનમાત્ર છું' એમ સ્વરૂપમાં જાગૃતિ લાવીને, પોતાના નિજપદની-જ્ઞાનપદની જાગૃતિમાં આવીને પર તરફનું અવલોકન મટે. અવલોકન એટલે અહીંયાં અનુભવન છે. પરને હું અનુભવું છું એવો મિથ્યા અનુભવ મટે.

'**સ્વરૂપસ્વપદને દેખતાં જ ત્રણલોકના નાથ (એવા) નિજપદને જાણે.**' સર્વોત્કૃષ્ટ એવા પોતાના મહાનપદને જાણે. જ્યાં સ્વપદને દેખે, એના ઉપર લક્ષ જાય ત્યાં એના પોતાના સર્વોત્કૃષ્ટ પદને એ જાણે.

મારાથી ઉત્કૃષ્ટ કોઈ જગતમાં નથી. આવું મારું નિજપદ છે એનાથી ઉત્કૃષ્ટ આ જગતમાં કોઈ પદ નથી. ચૌદ ગુણસ્થાનથી પાર એવું નિજપદ જોવામાં આવે છે. ચૌદ ગુણસ્થાનથી પાર. અરિહંતપદ, પછી સિદ્ધપદ તો ચૌદ ગુણસ્થાનથી પાર જ છે, એ સિદ્ધપદ જ જોવામાં આવે છે.

અરિહંત તો સદેહે છે ને ? દેહસહિત પરમાત્મપદ અને ચૌદમા ગુણસ્થાનનું દેહરહિત પરમાત્મપદ. દેહસહિત પરમાત્મપદ અને દેહરહિત પરમાત્મપદ. ઉપરના બંને ગુણસ્થાન પરમાત્મપદના છે. એનાથી ઉપરનું પદ જોવામાં આવે છે. '**(એમ) વિખ્યાત વેદ (શાસ્ત્ર) બતાવે છે.**' વેદ એટલે શાસ્ત્ર અહીંયાં. વેદ એટલે આ લોકોના જે રચેલા વેદ છે એ વેદની વાત નથી. વિખ્યાત વેદ એમ બતાવે છે. પ્રસિદ્ધ એવા જે ચારે અનુયોગ છે એ આમ બતાવે છે કે આત્મા સર્વોત્કૃષ્ટ મહાન પદે છે. આત્મા જ સર્વોત્કૃષ્ટ મહાન છે.

મુમુક્ષુ :- ચારે અનુયોગોમાં આ બતાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક જ બતાવે છે. પ્રસિદ્ધપણે આ જ બતાવે છે. આ એક જ પદ બતાવવા માટે બધી વાતો શરૂ કરી છે. એમ છે ખરેખર. ભૂલ્યો છે, આ એક જ પદને ભૂલ્યો છે. અને આખો સંસાર ઊભો કર્યો છે એ એને ભૂલતા ઊભો કર્યો છે.

'**નટ સ્વાંગ ધરી નાચે છે.**'

મુમુક્ષુ :- નીચે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિજપદને જાણે એમાં ફૂટનોટ છે. જ્ઞાનદર્પણનું ૪૩મું પદ લીધું છે. એમની પોતાની રચના છે.

**મેરો સરૂપ અનુપ બિરાજત,**
**મોહિ મૈં ઔર ન ભાસત આના;**
**જ્ઞાનકલા નિધિ ચેતનમૂર્તિ એક અખંડ મહાસુખ થાના.**
**પૂરન આપ પ્રતાપ લિયેં જહાં યોગ નહીં પર કે સબ નાના;**
**આપ લખૈ અનુભવ ભયૌ અતિ દેવ નિરંજનકો ઉર આના.**

મારું સ્વરૂપ છે એ અનુપમ છે. અનુપમ એવું મારું સ્વરૂપ મારામાં જ બિરાજમાન છે. હું એ અનુપમસ્વરૂપે હું પોતે જ બિરાજમાન છું. એમ લે છે. '**ઔર ન ભાસત આના.**' બીજું કાંઈ હવે મને મારામાં

ભાસતું નથી. આ શરીર મારું છે અને મારામાં છે ને શરીરની શાતા-અશાતા મારામાં છે, એમ ભાસતું નથી. આત્માનું-ભિન્ન આત્માનું જ્ઞાન થતાં શરીર તો પાડોશમાં રહેલું એક ખોખું જાણવામાં આવે છે. માળખું-ખોખું. જેમ આ લાકડાના ખોખામાં માલ ભર્યો હોય તો માલથી ખોખું બાજુમાં છે. એમ આ હાડકા, ચામડાનું ખોખું બાજુમાં છે. ચૈતન્યપિંડની પાડોશમાં, બાજુમાં એક ખોખું છે, બસ. બીજું આમાં ભાસતું નથી.

'**જ્ઞાનકલા નિધિ ચેતનમૂર્તિ એક અખંડ મહાસુખ થાના.**' થાના એટલે સ્થાન છે. જ્ઞાનકલાની નિધિથી ચૈતન્યમૂર્તિ અખંડ મહાસુખનું સ્થાન છે એમ જોવામાં આવે છે. કળ હાથમાં આવી જવી જોઈએ. જ્ઞાનની અને પુરુષાર્થની કળ હાથમાં આવી જવી જોઈએ. આ ખોલે છે ને ? અજાણી તીજોરી ખુલે તો એની કળ પકડાય તો ખુલી જાય. બાકી ખુલી શકે નહિ. બસ ! એ રીતે અંદરમાં એને કળ હાથમાં આવવી જોઈએ. ધર્મ કરવા માટે બહાર ધમાધમ કરે છે પણ અંદરમાં કળ ક્યાં છે એનો પત્તો એવી રીતે લાગતો નથી.

'**પૂરન આપ પ્રતાપ લિયેં...**' પોતાનો પ્રતાપ તો પરિપૂર્ણ છે. '**જહાં યોગ નહીં પર કે સબ નાના;**' અનેક પ્રકારના બહારના યોગ-સંયોગ મન, વચન, કાયાના યોગ એ ક્યાંય અંદર આત્મામાં નથી. '**આપ લખે અનુભાવ ભયો...**' પોતાને લક્ષમાં લે તો એને અનુભવ થાય છે. કોનો અનુભવ થાય છે ? '**અતિ દેવ નિરંજનકો ઉર આના.**' પોતાની અંદર જ નિરંજનદેવ બિરાજમાન છે, એવો એને અનુભવ થાય છે, લક્ષમાં લે તો. 'જ્ઞાનદર્પણ' નામનો ગ્રંથ છે. જ્ઞાનઅરીસો. જેમાં લોકાલોક પ્રતિભાસે એવું જ્ઞાનદર્પણ સ્વરૂપ આત્મા છે, દર્પણની અપેક્ષાએ.

મુમુક્ષુ :- બહુસરસ એ પદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અધ્યાત્મરસ તો એમનો ઘણો છે. 'દીપચંદજી'ની રચનામાં, કોઈપણ એમની જેટલી રચના છે એ બધામાં અધ્યાત્મરસને બહુ ઘૂંટ્યો છે એમણે. બહુ ઘૂટ્યોં છે. અનુભવરસને જ ઘૂંટ્યો છે એકલો.

મુમુક્ષુ :- એમની રચના છપાય તો બધાને લાભ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં આપણે ત્રણ તો પ્રસિદ્ધ છે. આપણે અહીંથી 'સોનગઢ'થી અને અહીંથી 'ભાવનગર'થી બેય જગ્યાએથી, બેય ટ્રસ્ટમાંથી વીતરાગ ટ્રસ્ટમાંથી પ્રસિદ્ધ (થયા) છે. 'અનુભપ્રકાશ', 'ચિદ્‌વિલાસ' અને 'આત્મઅવલોકન' એ ત્રણે તો થયા છે. બીજું તો 'ઢૂંઢારી'માં છે એનો અનુવાદ કરનાર કોઈ (મળે તો થાય). (અહીં સુધી રાખીએ...)

સમ્યક્‌બોધ શ્રવણ થયાં પછી, જીવે પોતામાં શું તપાસવું ? શું અવલોકવું ?

* સુખ-શાતામાં અપેક્ષાવૃત્તિ કેટલી રહે છે ? તે સૂક્ષ્મપણે અવલોકીને, ત્યાં ત્યાં ઉદાસીનતા અને મહા વૈરાગ્ય થવો ઘટે. એંઠમાં રાજી થવાય છે !!

* અન્ય જીવના દોષ મુખ્ય ન કરવા, જેથી તિરસ્કારવૃત્તિ થઈ આવે. પોતાના દોષ પ્રત્યે તિરસ્કાર કર્તવ્ય છે.

* સત્પુરુષના ચરણ - શરણ અર્થે શોધક-વૃત્તિ રહે છે કે નહિ ? તેની તીવ્રતા કેટલી ?

* માર્ગની અપ્રાપ્તિના કારણથી બેચેની-ખેદ રહે છે કે નહિ ?

* સંસારને કેવી રીતે ખોટો ધાર્યો ? સંસારમાં કેટલી પ્રીતિ વર્તે છે ? સારભૂત લાગે છે ?

* આપણા દોષ દેખાડનાર પ્રત્યે અણગમો થઈ આવે છે ? કે હિતબુદ્ધિએ ઉપકારી લાગે છે ?

ન બોધ મળ્યા પછી આત્માને તેનો કેટલો ગુણ થયો ? આત્મ જાગૃતિ કેટલી વર્તે છે ?

* જે પદાર્થોમાં પોતાપણું થાય છે, ત્યાં મૂઢતા થઈ છે, તેમ લાગે છે ? (અનુભવસંજીવની - ૧૧૪૧)

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હ્દય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હ્દય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હ્દય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહ્દય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |

| | | |
|---|---|---|
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ–૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ–૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ–૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ–૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ–૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ–૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ–૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર | |
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |

| | | |
|---|---|---|
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निभृंत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निभृंत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |

| | | |
|---|---|---|
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |

| | | |
|---|---|---|
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |

| | |
|---|---|
| ११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीनि सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४२ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |